શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# હરિલીલામૃત

## ૨

www.neelkanthvarni.com

# -: અનુક્રમણિકા :-

# ॥ શ્રી હરિલીલામૃતમ્ ॥

## ભાગ-૨



**કળશ : ૪**

***શ્રીહરિનાં અદ્‌ભુત ચરિત્રો,***
***મહાદીક્ષા તથા પટ્ટાભિષેકવિધિ***


| વિશ્રામ | લીલા | પેજ નં. |
| --- | --- | --- |
| ૧ | શ્રીહરિ-નીલકંઠવર્ણીનો લોજમાં મુક્તાનંદ મુનિ સાથે થયેલો મેળાપ તથા શ્રીજીએ પૂછેલા પાંચ પ્રશ્નોના મુનિએ આપેલા ઉત્તરો. | ૧ |
| ૨ | શ્રીહરિ-નીલકંઠવર્ણીને રામાનંદ સ્વામીનાં દર્શનની થયેલી પ્રબળ ઈચ્છા. જન્માષ્ટમીને દિવસે શ્રીહરિએ પારણામાં અને સભામાં બે રૂપે લોકોને આપેલાં અદ્‌ભુત દર્શન. ત્યાગીના ધર્મોનો ઉપદેશ કરીને મુક્ત મુનિ દ્વારા વર્ણીએ સ્ત્રી-પુરુષની સભા જુદી પડાવી તથા ગોખલો પુરાવ્યો તથા સ્ત્રી-પુરુષને જવાનો માર્ગ જુદો પડાવ્યો વગેરે ચરિત્ર. | ૧૩ |
| ૩ | વર્ણીનું લોજમાં આગમન તથા તેમને રામાનંદ સ્વામીનાં દર્શનની તીવ્ર ઈચ્છાની જાણ કરતો પત્ર મુક્ત મુનિએ રામાનંદ સ્વામીને લખ્યો તે તથા વર્ણીનો વિનંતિપત્ર. પત્ર વાંચી સભામાં રામાનંદ સ્વામીએ કરેલી વર્ણીની પ્રશંસા, રામાનંદ સ્વામીએ લખી આપેલો પત્ર લઈ મયારામ ભટ્ટનું પાછું લોજમાં આવવું વગેરે. | ૧૯ |
| ૪ | વર્ણી શીલગામથી લોજમાં સો મણ ચીભડાં લાવ્યા તથા સુખાનંદ સાથે સમુદ્ર સ્નાન કરતાં દેવા ભક્તને વર્ણીએ સમાધિમાં અક્ષરધામ બતાવ્યું. ધ્યાન કરતાં અન્યત્રમન થયેલા મુક્ત મુનિને વર્ણીએ બોધ આપ્યો તથા તેમની સાથે વનમાં જઈ અખંડ ધ્યાન કરવાનો વિચાર કર્યો. ગામની ભાગોળે છાણ મેળવતાં વર્ણીએ સ્ત્રીને પોદળા તળે બ્રહ્માંડ બતાવ્યું વગેરે ચરિત્રો. | ૨૪ |




અનુક્રમણિકા ॥ શ્રી હરિલીલામૃતમ્-૨ ॥ કળશ -૪

૫ લોજમાં શ્રીહરિ-નીલકંઠવર્ણીએ સાધુઓને શીખવેલી અષ્ટાંગ યોગની ક્રિયાઓનું વર્ણન. ૩૨

૬ પીપલાણામાં શ્રીજીને થયેલો રામાનંદ સ્વામીનો મેળાપ તથા પરસ્પર થયેલો સ્નેહાલાપ. સ્વામીએ શ્રીજીને આપેલી મહાદીક્ષા તથા પીપલાણાના મહિમાનું પદ વગેરે. ૩૯

૭ ઉદ્ધવ સંપ્રદાયનું મૂળ કહેતાં પ્રથમ શ્રીકૃષ્ણે સ્વધામગમન સમયે સ્વજ્ઞાન આપી બદ્રિકાશ્રમ મોકલેલા ઉદ્ધવજીએ પૃથ્વીના રાજાઓ વગેરેને બોધ આપી ધર્મ મર્યાદા સ્થાપી. તે સ્થાપેલી ધર્મમર્યાદાનો કાળક્રમે લોપ થતાં પીડા પામેલી પૃથ્વીએ પોકાર કરતાં નરનારાયણે કરેલી સાંત્વના. તે સમયે ઉદ્ધવ, ધર્મ, ભક્તિ, મરીચ્યાદિક મુનિઓનું બદ્રિકાશ્રમમાં આવવું વગેરે. ૫૨

૮ નરનારાયણની વાર્તા સાંભળવામાં તલ્લીન થતાં તે સમયે અકસ્માત આવેલા દુર્વાસાનું સન્માન નહિ થવાથી તેમણે સર્વને આપેલો શાપ તથા નરનારાયણે ૬૧





સર્વની કરેલી સાંત્વના તથા ઉદ્ધવજીનો અયોધ્યામાં રામ શર્મા નામથી જન્મ.

૯ રામ શર્માએ ગૃહત્યાગ કરી તીર્થયાત્રા કરતાં રૈવતાચળમાં આત્માનંદ મુનિ પાસે દીક્ષા પામી રામાનંદ નામ ધાર્યું. ગુરુને નિરાકારવાદી જાણી તેમનો ત્યાગ કરી સાકારવાદી સદ્‌ગુરૂની શોધ કરતાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી મહાદીક્ષા પામ્યા. ત્યાં ઉપદ્રવ થતાં વૃંદાવનમાં આવી શ્રીકૃષ્ણને આરાધી તે થકી મહાદીક્ષા મંત્ર પામી સોરઠ તરફ આગમન. ૬૭

૧૦ રસ્તે સારંગમાં એક મુમુક્ષુ પટેલને સાધુ કરી રામદાસ નામ ધરાવ્યું. સત્રાહામાં આત્માનંદ મુનિને મળીને અદ્વૈતમત ખંડન કરી વિશિષ્ટાદ્વૈતનું પ્રતિપાદન કરીને પછી આત્માનંદ મુનિ રામાનંદ સ્વામીને ધર્મધુરા સોંપી અંતર્ધાન થયા. ઉદ્ધવ સંપ્રદાયની પ્રવૃત્તિ માટે રામાનંદ સ્વામીનું પ્રતાપદર્શન સાથે વિચરણ વગેરે. ૭૨

૧૧ રામાનંદ સ્વામીનો નિષ્કામી મુક્તાનંદ મુનિને થયેલો ૭૮
૧૨ મેળાપ તથા તેમનું આખ્યાન. રામાનંદે સ્થાપેલા ૮૪

| | | |
|---|---|---|
| | સદાવ્રતો. સ્વામીએ રામગલોલા (આનંદાનંદ મુનિ) અને મૂળજી (મુકુંદાનંદ વર્ણી) ને નિષ્કામી કર્યાનું આખ્યાન. | |
| ૧૩ | શ્રોતાના પ્રશ્નથી વિશ્વંભર ભટ્ટ (આત્માનંદ મુનિ) નું | ૯૦ |
| ૧૪ | કહેલું ચમત્કારી જન્માખ્યાન. વાલબાઇને સાથે લઇને | ૯૫ |
| ૧૫ | કરેલો કાશી પ્રવાસ તથા તેમણે ત્યાં ત્યાં બતાવેલાં અલૌકિક ઐશ્વર્ય. | ૧૦૦ |
| ૧૬ | આત્માનંદનો રામાનંદને ધર્મધુરા સોંપીને થયેલો અક્ષરવાસ તથા રાણા વણઝારાનું આખ્યાન. | ૧૦૭ |
| ૧૭ | રામાનંદ સ્વામી થકી દીક્ષા પામ્યા પછી શ્રીહરિનું તેમની સાથે ગામોગામ વિચરણ તથા ત્યાં ત્યાં બતાવેલું ઐશ્વર્ય. | ૧૧૧ |
| ૧૮ | રામાનંદ સ્વામી સાથે શ્રીહરિનું સોરઠમાં વિચરણ તથા ઐશ્વર્ય પ્રદર્શન. | ૧૧૮ |
| ૧૯ | સ્વામીએ ધર્મધુરા સોંપવાના પ્રસંગે શ્રીહરિના વર્ણવેલા સત્ય સૌચાદિક પંચાવન ગુણો. | ૧૨૪ |







| | | |
|---|---|---|
| ૨૦, | સ્વામીએ જેતપુરમાં શ્રીહરિને કરેલા પટ્ટાભિષેકના | ૧૩૦ |
| ૩૦ | પ્રારંભનું વર્ણન તથા મંડપારંભનું વર્ણન તથા પટ્ટાભિષેક ઉપર આવેલા હરિજન સંઘનું વર્ણન. પટ્ટાભિષેકની ક્રિયાનું વર્ણન તથા તે ઉપર આવેલા બ્રહ્માદિ દેવતાઓએ કરેલી સ્તુતિ, તે સમયે દેવતાઓએ અર્પણ કરેલી ભેટ સામગ્રી તથા હરિજનોએ અર્પણ કરેલી ભેટ સામગ્રી. તથા પટ્ટાભિષેકમાં તન-મન-ધન સર્વસ્વની ભેટ અર્પણ કરનારા મોડા ગામના રજપૂત મોટાભાઇ - સચ્ચિદાનંદ મુનિના આખ્યાન પ્રસંગથી મુનિએ શ્રીજીની આજ્ઞા નહિ છતાં વૃષ્ટિ કરાવેલી તેની કથા. પટ્ટાભિષેકમાં થયેલા બ્રહ્મભોજનનું વર્ણન તથા તે ઉપર આવેલા સર્વ કોઇ જનોને કરાવેલા ભોજનનું વર્ણન વગેરે. | ૨૦૬ |
| ૩૧ | કૃતકૃત્ય થયેલા રામાનંદસ્વામીનું ફણેણીમાં અંતર્ધાન. | ૨૧૧ |

## કળશ : ૫

### વર્ણાશ્રમધર્મ વર્ણન, સોરઠમાં વિચરણ, મગનીરામનું આખ્યાન, જનોને ધામદર્શન, બ્રહ્મભોજન


| વિશ્રામ | લીલા | પેજ નં. |
|---|---|---|
| ૧ | શ્રીજીએ રામાનંદ સ્વામીની ઉત્તર ક્રિયા કર્યા પછી | ૨૧૮ |
| ૨ | ચૌદમાને દિવસે થયેલી મોટી સભામાં આશ્રિતોને કરેલું સોળ સંસ્કારોના વિવેચન સાથે વર્ણનના સામાન્ય અને વિશેષ ધર્મ તથા ચાર આશ્રમોના વિશેષ ધર્મોનો ઉપદેશ. | ૨૨૫ |
| ૩ | શીતળદાસ (વ્યાપકાનંદ મુનિ)નું આખ્યાન તથા પ્રસંગાત્ કહેલો સ્વામિનારાયણ નામનો મહિમા. | ૨૩૧ |
| ૪ | મુક્તાનંદ મુનિને રામાનંદ સ્વામીના વિરહી જનોને બોધ આપવા ભૂજનગર મોકલી શ્રીહરિએ ધોરાજી






| વિશ્રામ | લીલા | પેજ નં. |
|---|---|---|
| | પધારી સ્વૈશ્વર્યથી સ્વર્ગનરક બતાવી નાસ્તિકોનો કરેલો પરાજય. | |
| ૫ | રામાનંદના વિરહી જનોને ઉપદેશ કરવા સોરઠમાં સમાધિ વગેરે ઐશ્વર્ય બતાવતાં, વિચરણ કરતાં પીપલાણામાં આવી સંઘાઇના વડમાં રહેલાં અનેક ભૂતોનો સ્વનામ-શ્રવણથી કરેલો મોક્ષ. જૂનાગઢના જમાદારને કરાવેલી સમાધિ. | ૨૪૫ |
| ૬ | અગત્રાઈમાં શ્રીજીએ ભીમભાઇના સંકલ્પથી લાખો કીડીઓનો કરેલો મોક્ષ તથા શ્રીજીની આજ્ઞાથી ભૂમાપુરુષ પાસે ગયેલા વ્યાપકાનંદ મુનિનું તેમણે કરેલું સન્માન તથા ભીમભાઇની પ્રાર્થનાથી સ્વરૂપાનંદ મુનિને યમપુરીમાં મોકલી સ્વામિનારાયણ નામ સંભળાવી કરેલો નારકીનો ઉદ્ધાર. ત્યાંથી માંગરોળમાં પધારવું. | ૨૫૧ |
| ૭ | ત્યાંથી રાજાના ભાવથી માણાવદર પધારેલા શ્રીહરિએ કરેલો ફુલદોલનો ઉત્સવ, ઉપાધિખોર રઘુનાથદાસને યુક્તિથી ગુજરાતમાં મોકલવું, ત્યાંથી પીપલાણા થઇ | ૨૫૭ |

પાછા માંગરોળ પધારી વાવ્ય ખોદાવી તેના પૂર્તકર્મમાં વિપ્રોને આપેલાં વિષ્ણુરૂપે દર્શન તથા મતવાદીઓને તેમના તેમના ઈષ્ટદેવરૂપે આપેલા દર્શન વગેરે.

૮ ૯ રઘુનાથદાસે કરેલી ઉપાધિ શમાવવા રામદાસને ગુજરાત મોકલ્યા. માંગરોળમાં આવેલા દેવીના ભક્ત મગનીરામ (અદ્વૈતાનંદ મુનિ)નું આખ્યાન. ૨૬૩ ૨૬૯

૧૦ માંગરોળમાં તથા કાલવાણીમાં શ્રીજીએ બતાવેલો સમાધિ વગેરે ઐશ્વર્ય પ્રતાપ. ૨૭૬

૧૧ લોજમાં પધારેલા શ્રીહરિએ કરેલો અન્નકૂટનો ઉત્સવ તથા ત્યાં આવેલા દીવબંદરના વાણિયા (પ્રભાનંદ મુનિ) નો ઈતિહાસ, વાસનાથી સર્પનો કણો થયેલા શીતળદાસનું આખ્યાન. ૨૮૨

૧૨ કાલવાણીમાં શ્રીજીએ કરેલો પ્રબોધિનીનો ઉત્સવ તથા હરબાઈ વાલબાઈને બોધ નહિ માનવાથી વિમુખ કર્યા. ૨૮૮

૧૩ આખા, પીપલાણા બન્ને ગામોમાં એક સાથે જ સંત ૨૯૪





વગેરે સાથે બે રૂપ ધારી શ્રીજીએ કરેલું વિચરણ. ઓઝત નદી કાંઠે છ માસ સુધી બ્રહ્મભોજન સાથે કરેલા વિષ્ણુયાગનું વર્ણન.

૧૪ શ્રીહરિએ મેઘપુર પધારી ફરીથી સદાવ્રતની કરેલી પ્રવૃત્તિ તથા સદાવ્રત આપવા રહેલા સાધુઓ ઉપર ક્ષમા રાખવાનો લખેલો પત્ર. દેણદાર વિપ્રની કરેલી પીડાનિવૃત્તિ તથા માણાવદર થઈ ભાડેર પધારી ત્યાં કરેલા કપિલાછઠ, દીપોત્સવ, અન્નકૂટ વગેરે ઉત્સવો. ૩૦૦

૧૫ ત્યાંથી મોંડા થઈ અલૈયામાં પધારેલા શ્રીહરિની સમીપે અમદાવાદથી રામદાસભાઈએ રઘુનાથદાસની ઉપાધિનો પત્ર લઈ મોકલેલા હરિજનો સાથે મેળાપ. કચ્છ દેશમાં ન જતાં પાછા વળી બંધિયા આવી ત્યાં પરીક્ષા માટે સુંદરજી સુતાર તથા ડોસા વાણિયાને સાધુ થઈ કાશીએ જવાનું કહી તેમને પાછા બોલાવ્યા વગેરે. ૩૦૭

૧૬ પાંચતળાવ વગેરે ગામોમાં વિચરતાં કરિયાણામાં મીણબાઈને ત્યાં પધાર્યા વગેરે. ૩૧૪

| | | |
|---|---|---|
| ૧૭ | મુક્ત મીણબાઇનું આખ્યાન તથા શ્રીહરિનું દુર્ગપુરમાં પ્રથમ પધારવું. | ૩૧૯ |
| ૧૮ | ત્યાંથી કારિયાણીમાં માંચા ભક્તને કૃતાર્થ કરી કુંડળમાં રાઇબાઇને કૃતાર્થ કરી બોચાસણમાં કાશીદાસને કૃતાર્થ કર્યા. વરતાલના પાટીદારોને સંન્યાસીના વેષમાં મળેલા બદ્રિકાશ્રમના મુક્તે વર્ણવેલી બદરીની શોભા તથા વરદાન વગેરે. | ૩૨૭ |
| ૧૯ | વરતાલમાં કુબેરદાસને ત્યાં શ્રીજીનું પધારવું. જોબનપગીએ ઘોડાં ચોરવાનો કરેલો વ્યર્થ ગયેલો પ્રયત્ન. | ૩૩૪ |
| ૨૦ | લક્ષ્મીનારાયણના મંદિર સ્થળે પૂર્વે લક્ષ્મીએ કરેલી તપશ્ચર્યા તથા ભગવાને આપેલું વરદાન તથા મુક્તમુનિએ વરતાલ આવી કરાવેલો સત્સંગ. ત્યાંથી જેતલપુર થઇ અમદાવાદ આવી રામદાસને મળ્યા. વેરાગીઓ દ્વારા રઘુનાથદાસનું માનખંડન. | ૩૪૦ |
| ૨૧ | રઘુનાથદાસને વિમુખ કરી તે બાબતનો પત્ર લખ્યો. | |
| ૨૨ | મછિયાવમાં ફૈબા રાણીને કૃતાર્થ કરી મેંથાણ, હળવદ થઇ ભાદરામાં મૂળજી ભક્તને કૃતાર્થ કર્યા. શેખપાટમાં લાલજી સુતારને કૃતાર્થ કર્યા. તેમને જ સાથે લઇ માર્ગમાં ચોરનું વિઘ્ન ટાળી મહાપુરુષને જળપાન કરાવી ખારા સાગરમાં મીઠું પાણી બતાવી આધોઇમાં તેમને દીક્ષા આપી નિષ્કુળાનંદ નામ આપ્યું. ત્યાંથી શ્રીહરિએ ધમડકા, કંથકોટ, અંજાર થઇ ભૂજનગર પધારી હિંસામય યજ્ઞનું ખંડન કર્યું. પાછા વળતાં હાલારમાં થઇને કંડોરડામાં આવી બ્રાહ્મણોની ચોરાશી કરાવી. | ૩૪૭ ૩૫૩ |





| | | |
|---|---|---|
| ૨૩ | ફણેણી થઇ જૂનાગઢમાં પોંચીબાઇનો મનોરથ પૂરો કર્યો. વણથલી, પીપલાણા, આખા, અગત્રાઇ થઇ કાલવાણીમાં ભીમ એકાદશીના સમૈયા ઉપર આવેલા સંતોને દેશકાળના સમાચાર પૂછ્યા અને અપ્રસન્ન થઇને સદાવ્રત બંધ કરાવ્યા. લોજ માંગરોળ પંચાળા થઇ શ્રીહરિ ગણોદ પધાર્યા. | ૩૫૯ |
| ૨૪ | ત્યાંથી જાળિયા, ઉપલેટા, ધોરાજી, ફણેણી, ગુંદાળા, ગોંડળ, કોટડા થઇ સરધારમાં આવી જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. | ૩૬૫ |

| | | |
|---|---|---|
| ૨૫ | સરધારમાં આવેલા માંચાભક્ત શ્રીહરિનું કારિયાણી પધારવાનું વરદાન પામી પાછા વળતાં ગઢડામાં પોતાના મિત્ર સપરિવાર અભયરાજાને ઉપદેશ કરી શ્રીહરિનો નિશ્ચય કરાવી કારિયાણી આવ્યા તથા શ્રીહરિનું કારિયાણીમાં પધારવું. | ૩૭૨ |
| ૨૬ | શ્રીહરિએ સભામાં જ માંચો ભક્ત વગેરેને દિવ્ય રૂપે આપેલા દર્શન તથા તેમણે કરેલી સ્તુતિ તથા શ્રીજીને પૂછીને અભયરાજાને દુર્ગપુર લખેલો પત્ર. દુર્ગપુરીમાં અભયરાજાને સ્વપ્નમાં શ્રીજીએ આપેલા દર્શન વગેરે. | ૩૭૮ |
| ૨૭ | કારિયાણીમાં આવેલા સપરિવાર અભયરાજાને શ્રીજીનો મેળાપ તથા તેમણે કરેલી સ્તુતિ તથા દુર્ગપુર પધારવાની કરેલી પ્રાર્થના તથા વરદાન. શ્રીજીએ તળાવ ખોદાવવાનો કરેલો સમારંભ. | ૩૮૫ |
| ૨૮ | કારિયાણીમાં તળાવ ખોદાવી તેમનું પૂર્તકર્મ કરી ત્યાં વિષ્ણુયાગ તથા અતિરુદ્ર કરી શ્રીહરિ દુર્ગપુરમાં પધાર્યા. | ૩૯૨ |






## કળશ : ૬

### *દુર્ગપુરમાં નિવાસ. ગુજરાત, ભાલ, કાઠિયાવાડ, સોરઠ, હાલાર તથા કચ્છ વિચરણ.*


| વિશ્રામ | લીલા | પેજ નં. |
|---|---|---|
| ૧ | દુર્ગપુરમાં પ્રથમ જ સામૈયા સાથે પધારેલા શ્રીહરિની શોભાનું વર્ણન તથા ત્યાં રહી કરેલા ઉત્સવોનું વર્ણન. | ૩૯૮ |
| ૨ | શ્રીહરિએ દુર્ગપુરમાં શ્રીવાસુદેવનારાયણની પ્રતિમા સ્થાપવાનો કરેલો વિચાર તથા તેને અંગે કરેલો ગ્રહયજ્ઞ. | ૪૦૪ |
| ૩ | શ્રીહરિએ શ્રીવાસુદેવની પ્રતિષ્ઠાનો કરેલો મહોત્સવ તથા સેવાની કરેલી વ્યવસ્થા તથા સેવાના પ્રસંગથી સેવામાં થતા ભગવાનના અપરાધોનું તેનાં કુફળ સાથે નિરૂપણ. | ૪૧૦ |

૪ યથાઋતુ પૂજા કરવાનો ઉપદેશ તથા શ્રીહરિએ દેવદ્રવ્યનો અન્યથા ઉપયોગ નહિ કરવાના ઉપદેશ પ્રસંગથી નૃસિંહાનંદમુનિએ કહેલી કથાનો કરેલો પ્રકાશ. ૪૧૮

૫ પ્રસંગાત્ જન્માષ્ટમી, રામનવમી, પ્રબોધિની વગેરે વ્રતોત્સવોનો કહેલો સાંપ્રદાયિક નિર્ણય. ૪૨૪

૬ શ્રીજીએ શ્રીવાસુદેવનારાયણની મૂર્તિનો કહેલો મહિમા તથા મખકુંડનું કરેલુ રક્ષણ. ૪૨૯

૭ શ્રીહરિ દુર્ગપુરથી નીકળી બોચાસણ આવી ૪૩૨
૮ કાશીદાસને સાથે લઇ દાવોલ,સંજીવાડા,બાળંટા, દેવા, વસો,માતર,ઉત્તરસંડા,પીજ,ટુંડાવ્ય, બામણોલી વગેરે ચરોતરનાં ગામોમાં વિચરી વરતાલ પધાર્યા. ૪૩૯

૯ ત્યાંથી ઉમરેઠ,ઘોડાસર,જેતલપુર,મછિયાવ થઇ બુધેજમાં હરિતળાવ ખોદાવી તેને તીર્થરૂપ કરી કહેલો મહિમા. ૪૪૫

૧૦ ત્યાંથી ગોરાડ, કુંડળ, કારિયાણી થઇ ગઢડા પધાર્યા. સભામાં અલભ્ય અક્ષરધામાધિપતિ ભગવાન મનુષ્ય જન્મધારી સુલભ થાય છે તો પણ તેનો લાભ લેતા ૪૫૧







નથી તે ઉપર કહેલું એક સુલભ રાજાનું આખ્યાન. સદા અપરાધી જીવોની નિષ્કપટભાવે માફી માંગવાથી થયેલી ઇશ્વરકૃપાથી જ મુક્તિ. તે ઉપર બીજું રાજાનું કહેલું દૃષ્ટાંત. અગત્રાઇમાં જન્માષ્ટમી ઉત્સવ કરી પાછા આવ્યા વગેરે.

૧૧ ગઢડામાં રહી શ્રીહરિએ શુકાનંદ મુનિ પાસે હરિજનો ૪૫૮
૧૨ ઉપર ચૌદ લોકના વર્ણન સાથે ભૂદ્વીપનું ખંડાદિ વર્ણન કરીને ભરતખંડની શ્રેષ્ઠતા વર્ણવી. તેમાં મનુષ્ય જન્મની દુર્લભતા વર્ણવી તેનાથી મોક્ષ કાર્ય કરી લેવાનો લખાવેલો ઔપદેશિક પત્ર તથા તે પ્રસંગમાં જ વર્ણવેલું યુગોનું પરિમાણ તથા ચાર પ્રલયોનું નિરૂપણ. ૪૬૩

૧૩ અનેક દેશમાં ફરીને આવેલા સંતોએ પોતાને ધ્રાંગધ્રા વગેરે સ્થળે થયેલા ઉપદ્રવનું શ્રીજી આગળ કરેલું વર્ણન તથા શ્રીજીકૃત તેમની સાંત્વના. ૪૬૭

૧૪ ગઢડાથી પીપરડી, નડાળા થઇ સરધાર પધારી ત્યાંના વાણિયાની ડોસીને બતાવેલો માંકડના મોક્ષરૂપ ચમત્કાર. બોદા કમાનગરનું આખ્યાન. ત્યાંથી બંધિયા પધારી ત્યાં આત્માનંદે પૂછેલા પ્રશ્નોનો કરેલો ઉત્તર. ૪૭૧

૧૫ ત્યાંથી ગોંડળ થઇ મેવાસામાં બ્રહ્માનંદ મુનિ સાથે સત્સંગી થવાના પ્રશ્નોત્તરો કરી જેતપુરમાં પધારી ત્યાં બે વિપ્ર બાળકોને જનોઇ આપી ત્યાંથી ધોરાજી પધારી કરેલો પુષ્પદોલોત્સવ. ૪૭૭

૧૬ ત્યાંથી જૂનાગઢ પધારી ત્યાંના ભક્તોને આનંદ પામી હરિનવમીનો મહોત્સવ કર્યો. ત્યાં આવેલા ગોધર્વને સમાધિ કરાવી ઐશ્વર્ય બતાવી સાધુ કરી દેવાનંદ નામ પાડ્યું. ૪૮૩

૧૭ જૂનાગઢના રાજા હામદખાને દરબારમાં શ્રીજીની કરેલી ૪૮૯

૧૮ પધરામણી તથા સન્માન તથા દ્વેષીઓએ કરાવેલી સભામાં આવેલા વાદી નરસી પંડ્યાનો નિત્યાનંદ મુનિએ કરેલો પરાજય. અંબાશંકરની પત્નિ ભાઉબાઇને બતાવેલો ચમત્કાર તથા વાદીઓનો કરેલો પરાજય. જેતપરના જીવા જોશીની કરેલી સાંત્વના તથા ત્યાંના જેઠામેરને પોતાનો સંઘ નહિ લૂંટવાની કરેલી ભલામણ વગેરે. ૪૯૪

૧૯ ત્યાંથી સૌરાષ્ટ્ર દેશના ગામોમાં વિચરી દુર્ગપુર આવી કરેલા અક્ષયતૃતીયા, ભીમ એકાદશી વગેરે ઉત્સવો. ૫૦૦







૨૦ ત્યાંથી કરિયાણા પધારી જીવા ધાધલની પ્રાર્થનાથી કાળુભાર નદીને કાંઠે વાંસળી વાદન વગેરે કરેલી લીલાનું વર્ણન. કાળા મકવાણાને જળમાં તેના પ્રેત પૂર્વજો બતાવી તેની કરેલી મુક્તિ. ૫૦૭

૨૧ ત્યાંથી ફરતાં ફરતાં શ્રીજી ભૂજનગર પધાર્યા. સુંદરજીનું માન ઉતારવા એક પત્રથી જ મોટા મોટા શેઠ શાહુકાર રાજા વગેરેનું સાધુ થઇ ભૂજનગર આવવું તથા તેમનું શ્રીજીએ કરેલું સન્માન વગેરે. ૫૧૪

૨૨ કચ્છમાં વિચરતા માંડવીમાં પધારી શ્રીહરિએ ત્યાંના ૫૨૦

૨૩ વેદાંતી ખૈયા ખત્રીને વાદ વિવાદથી જીતીને તેને આશ્રિત કર્યો. સંતોને અમદાવાદ ફરવા મોકલી પોતે કચ્છ, હાલાર, સૌરાષ્ટ્રમાં વિચરી ગઢડા પધાર્યા. ૫૨૮

૨૪ રાજાની પ્રાર્થનાથી રાજકોટ પધારી ત્યાંથી બીજાં ગામોમાં વિચરી દુર્ગપુર પધારી શ્રીહરિનવમીનો ઉત્સવ કર્યો. ૫૩૪

૨૫ ગઢડાથી ઝીંઝાવદર પહોંચતાં સીમાડામાં મળેલા બાવાની અલૈયે ખુલ્લી કરેલી ઠગાઇના પ્રસંગે શ્રીહરિએ ૫૪૩

| | | |
|---|---|---|
| | કહેલું તૃષ્ણાનું પ્રાબલ્ય. દિલ્લીના પઠાણને શ્રીહરિએ બતાવેલો ચમત્કાર તથા ભક્તો સાથે કરેલી માનુષી લીલા વગેરે. | |
| ૨૬ | શ્રીહરિનું કારિયાણી, સારંગપુર, નાગડકા, લોયા, બોટાદ વગેરે કાઠિયાવાડનાં ગામોમાં વિચરીને પાછું ગઢડા પધારવું. | ૫૪૮ |
| ૨૭ | રથયાત્રા, જન્માષ્ટમી ગઢડામાં કરી ત્યાંથી પાડાસણના સરતાનજી, વડાળાના મેઘોભાઇ, ખાંભાના જેઠીભાઇ અને કાંકશિયાળીના હકાભાઇ આ ચાર મિત્રોને થયેલા સત્સંગનું વર્ણન. પીપળીયામાં પધારેલા શ્રીહરિની સમીપે આવેલા હળવદના આઠ વિપ્રોને થયેલા સત્સંગનું વર્ણન તથા શ્રીજીનું ત્યાંથી કુંડળ પધારવું. | ૫૫૫ |
| ૨૮ | શ્રીહરિએ કુંડળમાં કરેલાં દિવ્ય ચરિત્રોનું વર્ણન. | ૫૬૦ |
| ૨૯ | કુંડળમાં અમરા પટગરને ત્યાં પધારી કરેલી લીલા. ત્યાંથી સારંગપુર પધારી ભરવાડણ ભક્તોની કરેલી પરીક્ષા. ત્યાંથી બોટાદ થઇ ગઢપુર પધારી કરેલો પ્રબોધિનીનો ઉત્સવ વગેરે. | ૫૬૬ |

श्री स्वामिनारायणो विजयतेतराम्

# ॥ श्रीहरिलीलामृतम् ॥

**दीक्षानाम चतुर्थः कलशः ॥**

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

વંદૂ જે હરિ લોજ માંહી શિખવી અષ્ટાંગયોગી કળા,
રામાનંદ પ્રતિ સુપત્ર લખિયો તે પીપળાણે મળ્યા;
દેખાડ્યો ગુરુને પ્રતાપ નિજનો ને ત્યાં જ દીક્ષા લીધી,
સ્વામીયે ધુર સંપ્રદાય તણી તો જૈ જેતપૂરે દીધી. ૧

**પૂર્વછાયો :**

વર્ણી કહે નરપતિ સુણો, ધરી શ્રીહરિ વરણી વેશ;
ફરતા ફરતા લોજમાં, આવ્યા સુંદર સોરઠ દેશ. ૨

**ચોપાઈ :**

ગયાં સંવત શતક[૧] અઢાર, આષાઢાદિ છપન મોઝાર;
હતી શ્રાવણી છઠ્ઠ્ય અંધારી, પ્રભાતે આવ્યા લોજ મોરારી. ૩
ફર્યા સાત વરસ એક માસ, અગિયાર દિવસ વનવાસ;
લોજથી દિશા ઉત્તરમાંય, દીઠી વાવ તથા વડ ત્યાંય. ૪



૧.૧૮૫૬

કર્યું વાવ વિષે જઇ સ્નાન, વડ હેઠે ગયા ભગવાન;
ભલી એક શીલા મોટી ભાળી, બેઠાં તે પર શ્રીવનમાળી. ૫
જનમનને હરણ કરે જેવી, દિસે મૂર્તિ મનોહર એવી;
પશુ પક્ષી જોવા લલચાય, કેમ જનમન નહીં લોભાય. ૬
દષ્ટિ ચંદ્રે ચકોરની જાય, તે તો પાછી વાળી ન વળાય;
લોહને તો ચમક ખેંચે જેમ, જનમન હરિમાં જાય તેમ. ૭
જળ ભરવા આવે ઘણી નારી, રહે મૂર્તિ વિષે દષ્ટિ ધારી;
લીધા કોઇયે જળઘટ માથે, કોઇ માથે અને એક હાથે. ૮
મૂર્તિ દેખી રહી સ્થિર ઠરી, જાણે ચિત્રમાં હોય ચિતરી;
ધ્યાનમુદ્રાયે ધર્મકુમાર, બેઠા સ્થિર થઇ તેહ ઠાર. ૯
જોઇ બોલે પરસ્પર નારી, આ તે કોણ હશે બ્રહ્મચારી ?
એની કાયા દિસે સુકુમા[૧]ર, કોઇ ભાસે છે રાજકુમાર. ૧૦
કેમ લીધો હશે વૈરાગ ? એ તો અચરજ દિસે અથાગ;
પુત્રરત્ન ખોયું જેણે એવું, તેની માતાને દુઃખ હશે કેવું ? ૧૧
ક્યાંથી આવ્યા ને ક્યાં જશે એહ ? આવો પૂછિયે આપણે તેહ;
એમ સુંદરિયો સહુ મળી, બોલાવે હરિને વળી વળી. ૧૨

**જંગલ વસાવ્યું રે જોગીયે - એ રાગનું પદ :**

બોલો બોલો રે જોગી બાળુડા, ક્યાંથી આવિયા આપજી;
દેહ ધર્યો કિયા દેશમાં, કોણ માય ને બાપજી;
બોલો બોલો રે જોગી બાળુડા. ૧૩
બાળપણામાં બટુક તમે, કેમ લીધો વૈરાગજી;
સગાં સંબંધિ તણો તમે, કહો કેમ કર્યો ત્યાગજી..બોલો૦ ૧૪



૧.કોમળ



માતા પિતાયે પ્રેમે કરી, ન લડાવ્યાં શું લાડજી;
કે કાંઇ ભાઇ ભોજાઇથી, રીસાયા કરી રાડજી..બોલો૦ ૧૫
કાયા તમારી છે કોમળી, પાદુકા નથી પાયજી;
વાટે કાંટા અને કાંકરા, તમે કેમ ચલાયજી..બોલો૦ ૧૬
ટાઢ ને તડકો બહુ પડે, કેમ સહન કરાયજી;
ઝડિયો પડે વરસાદની, કહો કેમ ખમાયજી..બોલો૦ ૧૭
પૃથ્વી ઉપર પોઢતા હશો,પાથર્યો ન પલંગજી;
ખરેખરું ખુંચતું હશે, આવે કોમળે અંગજી..બોલો૦ ૧૮
કોણ સેવા સજતું હશે, સાચો રાખીને સ્નેહજી;
ભૂખ તરસ વેઠતા હશો, દિસે દુર્બળ દેહજી..બોલો૦ ૧૯
કમળ કે પુષ્પ ગુલાબનું, એવું શોભે શરીરજી;
દેખી દયા અમને ઉપજે, આવે નેણમાં નીરજી..બોલો૦ ૨૦
ચંદ્ર કે ઈંદ્ર દિનેશ છો, કે શંભુ સ્વરૂપજી;
કે શું અક્ષરપતિ આપ છો, કોટિ ભુવનના ભુપજી..બોલો૦ ૨૧
છત્ર ચામર યોગ્ય છો તમે, ભાગ્યવંત છો ભ્રાતજી;
તે જોગી થઇ જગમાં ફરો, એ તો અચરજ વાતજી..બોલો૦ ૨૨
હાથી ઘોડા રથ પાલખી, તમને વાહન હોયજી;
તે તમે વિચરો છો એકલા, કેમ કળી શકે કોયજી..બોલો૦ ૨૩
જે તન ઉપર જોઇયે, હીરા મોતીના હારજી;
તન તે ઢાંક્યુ મૃગચર્મથી, સજ્યા નથી શણગારજી..બોલો૦ ૨૪
જે શિર ઉપર જોઇયે, મણિજડિત મુકુટજી;
તે શિર ઉપર જણાય છે, જોતાં આજ જટાજૂટજી..બોલો૦ ૨૫

કાંચન ઝારી કટોરિયો, જળ પીવાને જોગજી;
તે તમે રાખ્યું છે તુંબડું, તજ્યા વૈભવ ભોગજી..બોલો૦ ૨૬
વર્ણી લાગો છો વાલા ઘણા, આવો અમારે ઘેરજી;
જુગતી કરીને જમાડિયે, રસોઇ રુડી પેરજી..બોલો૦ ૨૭
આશીષ આપને આપીયે, ધરી ઉરમાં વહાલજી;
નિત્ય તમારું રક્ષણ કરો, વિશ્વવિહારીલાલજી..બોલો૦ ૨૮

**ચોપાઈ :**

કહ્યું એ રીતે સર્વ સુંદરિયે, કાંઇ કાને ધર્યું નહિ હરિયે;
આખા નગરમાં વિસ્તરી વાત, મોટા સંત છે કોઈ સાક્ષાત. ૨૯
કાં તો ઈશ્વરનો અવતાર, થયો ભૂમિનો હરવાને ભાર;
આવ્યા છે તે તો આપણે ગામ, વડ પાસે કર્યો છે વિરામ. ૩૦
જોવા ઉલટ્યાં સકળ નર નારી, બાળ વૃદ્ધ તરુણ તનું ધારી;
ટોળે ટોળાં મળી જોવા જાય, છબી નિરખતાં તૃપ્ત ન થાય. ૩૧
રામાનંદજી સ્વામીના ચેલા, ભલાં શાસ્ત્ર પુરાણ ભણેલા;
સારું જેનું સુખાનંદ નામ, સ્નાન કાજ આવ્યા તેહ ઠામ. ૩૨
તેણે દીઠા મહારાજ કેવા, સુણો ભૂપ કહું છું હું એવા;
જોતાં એવું તો રૂપ જણાય, તેની તુલ્ય ન કોઈ ગણાય. ૩૩
દિસે શ્રીજીમાં સાધુતા કેવી, અન્ય જનમાં જણાય ન એવી;
જન જે વિષે સાધુતા દિસે, તેની રીત તો જુદી અતીશે. ૩૪

**શાલિનીવૃત્ત :**

સાધૂતાની ચાલ જુદી જ જાણો, સાધૂતાની વાણી જુદી પ્રમાણો;
સાધૂતાનું ડોળ જુદૂં જણાય, સાધૂતા તો આંખ્યમાં ઓળખાય. ૩૫





**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

માથે મંજુલ[૧] ચીકણા[૨] ચળકતા ભૂરા ભલા કેશ છે,
તેજસ્વી સુવિશાળ ભાલ વિલસે નેત્રો બહુ બેશ છે;
નાસાગ્રે ધરીદષ્ટિ તે નવ ચળે નાસા દિસે નિર્મળી,
શોભે છે મુખ ચંદ્રબિંબ[૩] સરખું તે મંદ હાસ્યે મળી. ૩૬
લોહી માંસ રહ્યું ન તીવ્ર તપથી અસ્થિ ત્વચા દેહ છે,
રાખે તો પણ પ્રીત નિત્ય તપમાં એવા મુનિ એહ છે;
ઉનાળે વરષા સમે શિશિર[૪]માં જે-જે તપો છે કર્યા,
તેનાં ચિહ્ન જુદાં જુદાં શરીરમાં ધર્માત્મજે છે ધર્યા. ૩૭
નાડી જાળ જણાય અંગ સઘળે કાયા દિસે દુર્બળી,
જીત્યાં ઈન્દ્રિય નિર્વિકાર મન છે તૃષ્ણા ગઇ છે ટળી;
ઓપે આપ અતર્ક્ય ઈશ્વરપણું જેમાં દિસે છે ઘણું,
ધારેલું મૃગચર્મ દંડ કરમાં શી તેની શોભા ભણું. ૩૮
કંઠી માળ કમંડળું વળી ધર્યો સચ્છાસ્ત્રનો ગૂટકો,
શાળગ્રામ તથા સુપાત્ર જમવા પાસે ન પૈસો ટકો;
પાણી ગાળણ વસ્ત્ર કોપિન તથા બીજું બહિર્વાસ[૫] છે,
કૂવેથી જળ કાઢવા સુતરની દોરી હરિ પાસ છે. ૩૯

**ઉપજાતિવૃત્ત :**

એવા તપસ્વી નિરખી હરીને, કહે સુખાનંદ સ્તુતિ કરીને;
કહો તપસ્વી નિજ સત્ય વાત, ક્યાં જન્મ ધાર્યો કુણ માત તાત ? ૪૦
ક્યાં સૌ તમારા સ્વજનો રહે છે ? તમારું શું નામ જનો કહે છે?
કેને ગણો છો ગુરુ કોણ દેવ ? બોલ્યા સુણી શ્રીહરિ તર્તખેવ. ૪૧



૧.સુંદર ૨.અતિ સુંવાળા ૩.ચંદ્રના મંડળ જેવું દેખાવડું ૪.પોષ-મહા માસની ઠંડી ઋતુ ૫.ધોતિ

ગુરૂ નહીં તે નહિ તે સ્વભ્રાતા, પિતા નહીં તે નહિ તેહ માતા;
ન દેવતા કે પતિ તે કહાવે,જે જન્મમૃત્યુ થકી ના મુકાવે. ૪૨
હુંછુંઅજન્મા અવિનાશી આપ,તો ક્યાંથી માતા વળી ક્યાંથી બાપ;
સદૈવ વ્યાપી સર્વત્ર હું છું, આત્મા તણા અંતરમાં રહું છું. ૪૩
તે સાધુને શ્રીહરિયે સ્વચિત્તે, વિદ્વાન જાણ્યા ઉચર્યાની રીતે;
ઇચ્છા થઇ કાંઇક પૂછવાની, બોલ્યા દયાળુ પ્રભુ સૌખ્યદાની[૧]. ૪૪
છો આપ વિદ્વાન જણાય એવું, માટે રુચે છે મુજને કહેવું;
જે પ્રશ્ન હું પાંચ વિચારી પૂછું, તમો થકી ઉત્તર તે ચહું છું. ૪૫
જીવો તથા ઈશ્વર રૂપ કેવું, માયા તથા બ્રહ્મ તણું કહેવું;
તથા બતાવો પરબ્રહ્મ રૂપ, એ પાંચ પ્રશ્નો અતિ છે અનુપ. ૪૬
હું પાંચ પ્રત્યક્ષ પ્રમાણ પેખું[૨],તે સર્વ હસ્તામલ તુલ્ય લેખું[૩];
વિચારીને ઉત્તર આપ આપો, શાસ્ત્ર પ્રમાણે કહી સત્ય થાપો. ૪૭
સુણી સુખાનંદ ચિત્તે વિચારે, આ છે મહાત્મા વિદવાન ભારે;
સુસ્નેહ આણી મન રાખી શાંત, કહે સુખાનંદ સુણો મહાંત. ૪૮

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

રામાનંદ ગુરૂજી જે અમ તણા છે કચ્છ માંહી સહી,
મુક્તાનંદ સુશિષ્ય તેહ ગુરુના છે લોજ માંહી અહીં;
ચાલો તેમની પાસ આપ મુનિજી એ ઉત્તરો આપશે,
પ્રશ્નો જે શુભ પૂછશો સુખ થકી તે સંશયો કાપશે. ૪૯
એવું સાંભળી સંતસાથ મુનિની પાસે પ્રભુજી ગયા,
પાંચે પ્રશ્ન પૂછ્યાં જઇ પ્રભુજીયે રાજી સુણીને થયા;
મુક્તાનંદ કહે યથાર્થ ઉચરે કચ્છે ગુરુ તે વસે,



૧.સુખ દેનાર ૨.દેખુ, જોઉં ૩.માનવું, ગણવું



આપું શાસ્ત્ર પ્રમાણ ઉત્તર સુણો મારાથી જેવા થશે. ૫૦

**અથ જીવાત્માસ્વરૂપકથનં : વસંતતિલકાવૃત્ત :**

જે જ્ઞાનશક્તિ ધરનાર જીવ પ્રમાણો,
દિસે ન જ્ઞાનલવ તે જડ વસ્તુ જાણો;
આત્મા અદર્શ્ય અણુથી અતિ છેક છોટો,
વ્યાપે સમગ્ર તન જો કદી દેહ મોટો. ૫૧
છે કાષ્ઠમાં અનળ તે નજરે ન ભાસે,
તે તુલ્ય જીવ તનમાં સઘળે પ્રકાશે;
જન્મ્યો નથી ન મરી જાય અનાદિ એ છે,
માયા વિષે પ્રલયકાળ સમે રહે છે. ૫૨
જે ઈંદ્રિયો મન વડે જ ક્રિયા કરે છે,
ભોક્તા કર્યા કરમનો પણ તે ઠરે છે;
છે તે અછેદ્ય[૧] અણભેદ્ય[૨] નિરંશ[૩] એવો,
સુકાય કે બળિ શકે ન સડે ન તેવો. ૫૩
છે ક્ષેત્ર આ શરીર તે નિજ જીવ જાણે,
ક્ષેત્રજ્ઞ નામ જીવનું શ્રુતિયો પ્રમાણે;
ચૈતન્યરૂપ હૃદયે રહિને સ્વદેહ,
વ્યાપે શિખાનખ સુધી સર્વત્ર તેહ. ૫૪
દેખાય વાયુ નહિ તે તરુને હલાવે,
તે દેખીને જન કહે તહિં વાયુ આવે;
દેખાય જીવ નહિ તેની ક્રિયા જણાય,
છે આત્મા એથી જનને મનમાં મનાય. ૫૫



૧.કાપી ન શકાય ૨.ભાગ ન પાડી શકાય,ચીરાઇ નહિ ૩.અખંડિત

એ છે અનાદિ વળી સંચિત કર્મવાળો,
છે જ્ઞાનરૂપ પણ તે પરિણામી ભાળો;
ઓછું વિશેષ જીવમાં કદી જ્ઞાન જાણો,
અલ્પજ્ઞ જીવ સર્વજ્ઞ પ્રભુ પ્રમાણો. ૫૬
આત્મા સદૈવ પરતંત્ર જુવો જણાય,
છે જે સ્વતંત્ર પરમાત્મ પ્રભુ ગણાય;
ભક્તિ કર્યાથી ભવબંધન છૂટી જાય,
આત્મા તથાપિ પરમાત્મ કદી ન થાય. ૫૭
આત્મા સદૈવ શુભ ઈશ્વરનું શરીર,
ચૈતન્યશક્તિ પ્રભુની પણ એ જ ધીર;
સર્વેન્દ્રિથી મન થકી પણ નિત્ય ન્યારો,
શાસ્ત્રાનુસાર ઈતિ આત્મસ્વરૂપ ધારો. ૫૮

**અથ ઈશ્વરસ્વરૂપ કથનં :શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

ભાખું ઈશ્વરનું સ્વરૂપ સુણજો દૈવત્વ કેવું દિસે,
ચૌદે લોક મળી વિરાટ મૂરતિ આ વિશ્વ તેમાં વસે;
તે તો સ્થૂળ શરીર ઈશ્વર તણું વેદાદિ શાસ્ત્રો કહે,
તેમાં સૂક્ષ્મ શરીરરૂપ સઘળે સૂત્રાત્મ વ્યાપી રહે. ૫૯
ત્રીજો કારણ દેહ ઈશ્વર તણો અવ્યાકૃતાખ્યા કહી,
ઉત્પત્તિ સ્થિતિ નાશ ઈશ્વર કરે તે મધ્ય વ્યાપી રહી;
આ બ્રહ્માંડ તણું સદૈવ ગણવું વૈરાટ તે નામ છે,
બ્રહ્મા વિષ્ણુ મહેશ આદિ સુરનાં તેમાં રુડાં ધામ છે. ૬૦
તે સર્વોપરી એકને ભજી ભજી એવા સમર્થો થયા,





એવા ઈશ્વરકોટિ તે સ્થિર થઈ બ્રહ્માંડ પ્રત્યે રહ્યા;
જાણે છે નિજ વિશ્વની ગતિ બધી સર્વજ્ઞ તે જાણિયે,
નીયંતા નિજ વિશ્વના પણ ખરા એવા ઉરે આણિયે. ૬૧

**અથ માયાસ્વરૂપ કથનં : માલિનીવૃત્ત :**

અકળ ત્રિગુણ આત્મા જાણવી એવિ માયા,
જડ ચિદમય છે તે છાય અજ્ઞાનછાયા;
નિગમ પણ કહે છે શક્તિ શ્રીકૃષ્ણ કેરી,
જનમ મરણ હેતૂ જીવની એ જ હેરી. ૬૨
નથી જનમ જ લેતી નામ એનું અજા છે,
મન સમજવી માયા જેહ અજ્ઞાનતા છે;
શરીર શરીરકેરાં સર્વ સંબંધિયોમાં,
અસત મમતકારી એ જ છે પ્રાણિયોમાં. ૬૩
સદ અસદ વિષે તો મોહ માયા કરે છે,
અમિતે[૧] તિમિરે[૨] રૂપી એ જ આપે ઠરે છે;
પ્રગટ સકળ માયા કાર્યહેતૂ જણાય,
ભજન વિઘન કારી એ જ આપે ગણાય. ૬૪
ઉપર ઉપર જોતાં સદ્ય દેખાય સારી,
ગ્રહણ કરી જુવે ત્યાં તે દિસે કષ્ટકારી;
ભ્રમિત મતિ કરે છે જીવની એ જ માયા,
સુર નર મુનિ મોટા હાર્ય પામ્યા ગણાયા. ૬૫
હરિ શરણ થકી તે મોહમાયા જીતાય,
જપ તપ વ્રત કીધે તેહ જીતી ન જાય;



૧.અપાર ૨.અંધકાર

નૃપપદ તજી કોઇ જંગલે જૈ વસે છે,
વડી[૧] સરપણિ માયા ત્યાં જઇને ડસે છે. ૬૬
જળ મહી દવ આદિ ભૂત છે પાંચ જેહ,
ત્રણવિધિ અહંકારો ને મહત્તત્વ તેહ;
સમળ સકળ માયા શાસ્ત્રનો એ જ સાર,
વળી વિવિધ પ્રકારે તે કરે છે વિકાર. ૬૭
સતત અચળ એ છે નાશ પ્રાપ્તિ ન તેને,
પરમપુરુષ પ્રેરી અક્ષરદ્વાર એને;
જગત જનની વાંછા ધેનુરૂપે પુરે છે,
સ્થિર ચરે[૨] ઉતપત્તી એ જ માયા કરે છે. ૬૮
રજ તમ સત રૂપે એ જ માયા રહે છે,
નહિ લવ હરિજ્ઞાની તે જીવો ભોગવે છે;
પછીથી અધિક પ્રાણી બંધને તે પડે છે,
વડી દુઃખમય માયા જીવને તે નડે છે. ૬૯
તજી હરિપદ માયા વશ્ય જે જીવ થાય,
પ્રભુ પણ તજી તેને દષ્ટિથી દૂર જાય;
દિનકર કરે[૩] દેખી જાય છે અંધકાર,
પ્રભુ પરમ નિહાળી તેમ માયા વિકાર. ૭૦

**અથ બ્રહ્મસ્વરૂપ કથનં : વૈતાલીયવૃત્ત :**

શુભ લક્ષણ બ્રહ્મનું કહું, શ્રુતિશાસ્ત્રો થકી સર્વ તે લહું;
ચિદ્ છે પરિપૂર્ણ સત્ય છે, અવિકારી સુઅનંત નિત્ય છે. ૭૧
મૂરતિ વીણ મૂર્તિમાન છે, હરિ કેરું વસવાનું સ્થાન છે;



૧.મોટી ૨.ફેરફાર ૩.કિરણ



અવિનાશક ને અખંડ છે, સઉ તેમાં સ્થિત બ્રહ્મઅંડ છે. ૭૨
મૂરતિ વીણ વ્યાપિને ઠરે, ધરી મૂર્તિ હરિસેવના કરે;
શુભ અક્ષરધામ નામ છે, નહિ સીમા સ્થિતિ સર્વ ઠામ છે. ૭૩
સહુ તે નિજ શક્તિથી ધરે, વળી માયાદિ પ્રકાશ તે કરે;
રવિકીર્ણ જણાય શું જહાં, શશિ અગ્નિ પણ શું કરે તહાં. ૭૪
શ્રુતિ બ્રહ્મપુરી સદા કહે, જઇ ત્યાં જન્મ જરા નહીં લહે;
અજરામર ધામ એવું તો, નથી જાણ્યું પુરબ્રહ્મ જેવું તો. ૭૫
નથી દુઃખ કે ક્ષુધા તૃષા, નથી ત્યાં સ્થૂળ તથા નથી કૃશા;
નથી ત્યાં વિષયાદિ વાસના, નથી ત્યાં પાપ તથા ન ત્રાસના. ૭૬
ગુણ માયિક ત્યાં નથી કશો, નથી ત્યાં ક્લેશ કદી જઇ વશ્યો;
નથી ત્યાં દિવસો તથા નિશા, નથી ત્યાં પૂર્વ તથોત્તરા દિશા. ૭૭
વળી તે કહું બ્રહ્મના ગુણો, સદ્ભાગી વરણીંદ્ર તે સુણો;
અતિ અદ્ભુત એનું કૃત્ય છે, નિજના સર્વ મનોર્થ સત્ય છે. ૭૮
પરમેશ્વરની રજા થકી, સઘળે ઠામ પ્રકાશ દે નકી;
પ્રભુની ચિરરૂપે[૧] શક્તિ તે, પ્રભુની નિત્ય કરે સુભક્તિ તે. ૭૯
નથી ત્યાં બળ કાળ કર્મનું, નથી ત્યાં કૃત્ય કશું અધર્મનું;
સુખ વૈભવ કૃષ્ણ તુલ્ય છે, મણિ માણિક્ય તહાં અમૂલ્ય છે. ૮૦

**અથ પરબ્રહ્મસ્વરૂપ કથનં : રથોદ્ધતાવૃત્ત :**

જે ગણાય પ્રભુ સર્વ ઊપરી, સર્વશક્તિ નિજમાં રહ્યા ધરી;
રૂપરાશિ[૨] ગુણ સર્વથી ઘણા, બ્રહ્મઆદિ સહુ દાસ તે તણા. ૮૧
મૂર્તિમાન પ્રભુ પૂર્ણ કામ છે, બ્રહ્મ એ જ નિજકેરું ધામ છે;
લેશમાત્ર નહિ કોઇની સ્પૃહા, છે સમર્થ પ્રભુ સર્વથી મહા. ૮૨



૧.કાયમ રહે તેવી ૨.રૂપનો ભંડાર, બહુજ રૂપવાન

બ્રહ્મઆદિ સહુના સુઆતમા, સેવનારી બહુ રાધિકા રમા;
જ્ઞાન તેજ બળે તો અનંત છે, જેહનો ન કદી આદિ અંત છે. ૮૩
સેવનાર બહુ મુક્ત સંત છે, કીર્તિ ગાય શ્રુતિયો અનંત છે;
કૃષ્ણદેવ કરુણાનિધાન છે, અક્ષરાદિ સહુના નિદાન છે. ૮૪
સર્વ સદ્ગુણ તણા નિધાન છે, કોઇ બીજું નહિ તે સમાન છે;
શેષનાગ ગુણપાર ના લહે, નેતિ નેતિ નિગમાગમો કહે. ૮૫
ધામ કેરું નર નામ જાણવું, નારે[1] તત્ર સ્થિતનું પ્રમાણવું;
તે વિષે વળી નિવાસ જે કરે, નાર ને અયને[2] નામ તે ઠરે. ૮૬
સર્વ ઠામ સ્થિત તે જ જેહનું, વાસુદેવ પણ નામ તેહનું;
સ્વપ્રકાશ વળી તે સ્વતંત્ર છે, એ જ નાથ સહુના નિયંતૃ છે. ૮૭
દિવ્ય મૂર્તિ પરબ્રહ્મ એ જ છે, કૃષ્ણદેવ પરમાત્મ તે જ છે;
અક્ષરેશ હરિ વિષ્ણુ નામ છે, શ્રીમુકુંદ પ્રભુ મેઘશામ છે. ૮૮
અચ્યુતાખ્ય વળી તે અનંત છે, માધવાખ્ય[3] બહુ શક્તિમંત છે;
જે પરેશ પુરુષોત્તમાખ્ય છે, સત્યસંકલ્પ અવ્યયાખ્ય[4] છે. ૮૯
સર્વજાણ[5] મુદરૂપ[6] છે સદા, કાળ કર્મ વળગે નહીં કદા;
સર્વકર્મફળદાયી એહ છે, આત્માનાય પણ આત્મ તેહ છે. ૯૦
મત્સ આદિ અવતાર જે ઘણા, એ જ કારણ ગણાય તે તણા;
જેહનો ઉપરી કોઇયે નથી, એ જ એક પ્રભુ શ્રેષ્ઠ સર્વથી. ૯૧
મંદ મંદ મુખ જેનું હાસ્ય છે, જીવ ઈશ સહુના ઉપાસ્ય છે;
કાળ જેની ભ્રકુટી થકી ડરે, સર્વ દેવ શિર આગન્યા ધરે. ૯૨
આદિ સૃષ્ટિ રચવા ઈચ્છા ધરે, કાળ કર્મ તણી પ્રેરણા કરે;
તેથી વિશ્વ કરતા ગણાય છે, કલ્પનાથી જગ કોટિ થાય છે. ૯૩



૧.સમુહ ૨.આશ્રય મેળવવાનું ઠેકાણું ૩.લક્ષ્મીના પતિ કૃષ્ણ ૪.વિનાશ કે ફેરફાર રહિત,અવિનાશી ૫.સર્વજ્ઞ ૬.આનંદરૂપ



કાળ કર્મ નિજભાવ ને અજા, તે વડે પ્રગટ તે કરે પ્રજા;
તોય નિત્ય નિરલેપ તે રહે, તે થકી અકરતા શ્રુતિ કહે. ૯૪
જેહના ડરથી વાયુ સંચરે, શેષનાગ શિર પૃથ્વીને ધરે;
સાગરો ન હદ છોડીને ખસે, સૂર્ય ચંદ્ર નભમાં સદા વસે. ૯૫
એ પ્રભુજી શુભ ધર્મ થાપવા, ભૂમિભાર હરિ કષ્ટ કાપવા;
દેહ ધારી જગમાં કદી ફરે, મુક્ત કોટિ જનને તદા કરે. ૯૬
રૂપ એમ પરબ્રહ્મનું કહ્યું, જેમ શાસ્ત્ર શ્રુતિયો વિષે રહ્યું;
લેશ સંશય કદાપિ જો હશે, કચ્છમાંથી ગુરુ આવે ટાળશે. ૯૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણ્ય નૃપ પરમેશ આપ જે છે, ધરી નરદેહ સુપ્રશ્ન તે પૂછે છે,
નથી નથી લવ માત્ર તે અજાણ, પણ સુચરિત્ર કરે જન પ્રમાણ. ૯૮

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે લોજનગરે શ્રીહરિ-મુક્તાનંદમુનિ પંચપ્રશ્નોત્તરકથનનામા પ્રથમો વિશ્રામઃ ॥૧॥***

**પૂર્વછાયો :**

પ્રશ્ન તણા ઉત્તર કર્યા, નિજ મતિયે મુક્તાનંદ;
તે સરવે સુણી પામિયા, વૃષનંદન ઉર આનંદ. ૧

**ચોપાઈ :**

બોલ્યા નીલકંઠ બ્રહ્મચારી, ધન્ય સાધુજી બુદ્ધિ તમારી;
ઘણા સંતોની મેં મતિ જોઇ, આવા ઉત્તર આપે ન કોઇ. ૨
તમે સદ્ગુરુ સેવ્યા જણાય, આવા ઉત્તર તે થકી થાય;
આંહી દિસે છે ઉત્તમ ધર્મ, અંશમાત્રે નથી જ અધર્મ. ૩

ગાંજા ભાંગ પીતા નથી કોઇ, સુંઘવાની તમાકુ ન જોઇ;
તમ પાસે રહે ઘણા સંત, દિસે સર્વે તે વૈરાગ્યવંત. ૪
સૌનાં નિર્મળ સ્વચ્છ છે ચિત્ત, નથી પંચ વિષય પર પ્રીત;
ઘણાં જોયાં અમે તીર્થ ધામ, નથી સંત આવા કોઇ ઠામ. ૫
શાણા સદ્ગુરુ જે છે તમારા, હશે પ્રૌઢ પ્રતાપી તે સારા;
નહિ તો શુદ્ધ આ સંપ્રદાય, કળિકાળમાં ક્યાંથી જણાય. ૬
સુણી બોલિયા મુક્તાનંદ, આપ છોજી મુનિવર ચંદ;
આવા પ્રશ્ન ભલા પૂછનાર, તમ જેવા નથી કોઇ ઠાર. ૭
ગુરુજી રામાનંદ છે જેહ, અવતાર ઈશ્વરનો છે તેહ;
તેને મળશો તમે વળી જ્યારે, થશે હર્ષ પરસ્પર ત્યારે. ૮
સુણી બોલિયા સુંદરશામ, રામાનંદનું જાણું છું નામ;
એ છે ઉદ્ધવનો અવતાર, નથી સંશય એમાં લગાર. ૯
ધર્મદેવ પિતા મુજ જેહ, રામાનંદ તણા શિષ્ય તેહ;
બાળાપણમાં મને સાક્ષાત, મુજ તાતે કહી હતી વાત. ૧૦
મને સ્મરણ થયું હવે એનું, માટે ઈચ્છું છું દર્શન તેનું;
મુક્તનાંદજી બોલ્યા હુલાસે, ગુરુ આવશે દર્શન થાશે. ૧૧
વસો આંહી કરીને વિરામ, ઈચ્છા પૂરશે પૂરણકામ;
સુણી હરિયે વિશ્રામ ઠરાવ્યો, ત્યાં તો જન્માષ્ટમી દિન આવ્યો. ૧૨
દેશદેશના હરિજન આવ્યા, ભલી ભેટ સામગરી લાવ્યા;
આવિ અષ્ટમી સૌ જન જાણે, કર્યો ઉત્સવ શાસ્ત્રપ્રમાણે. ૧૩
શણગારિયું મંદિર સારું, દિસે સૌને આનંદ દેનારું;
ધર્યા કળશ પતાકા તે દ્વાર, બાંધ્યા તોરણ શોભિત સાર. ૧૪





રોપ્યા થંભ તે કદળી કેરા, થાય વાજિંત્રનાદ ઘણેરા;
વાજે વીણા ને તાલ મૃદંગ, વાજે ઢોલ ને ચંગ ઉપંગ. ૧૫
વાજે ત્રાંસાં ત્રુઇ શરણાઇ, શોભા નિરખતાં લાગે નવાઇ;
તાળી પાડીને હરિજન ગાય, સૌના હૈયામાં હરખ ન માય. ૧૬
જેમ આવે પ્રજાપતિ પાળ, ત્યારે પ્રથમ જણાય મશાલ;
તેમ અરધી નિશાયે આકાશ, પૂર્વે ચંદ્રનો પ્રગટ્યો પ્રકાશ. ૧૭
રાશિ વૃષભ આકાર જણાયો, જાણે બળદ તે રથનો દેખાયો;
ચંદ્ર સાથે છે રોહિણી રાણી, જાણે આવ્યાં હરિજન્મ જાણી. ૧૮
મળી હરિજન સૌ નરનારી, કર્યો જન્મનો ઉત્સવ ભારી;
પારણામાં ઝૂલે પરમેશ, ખામી શોભા વિષે નથી લેશ. ૧૯
એવામાં થઈ અદ્ભુત વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
પારણામાં જુવે નરનારી, દીઠા નીલકંઠ બ્રહ્મચારી. ૨૦
નવ દેખાય બાળમુકુંદ, થાય વિસ્મિત સૌ જનવૃંદ;
વળી જોવા સભા માંહી જાય, વર્ણી ત્યાં પણ બેઠા જણાય. ૨૧
એવો મોટો ચમત્કાર જોઇ, જાણ્યા વર્ણી છે ઈશ્વર કોઇ;
સારો એમ સમૈયો તે કરી, નિજઘેર ગયા જન ફરી. ૨૨
જીવરાજજી શેઠનો ડેલો, હતો મંદિર પાસ ચણેલો;
મુક્તાનંદ મુનિ તહાં જઇ, કથા કરતા હતા રાજી થઇ. ૨૩
સુણતાં મળીને બાઇ ભાઇ, સભા ત્યાગી ગૃહસ્થ ભરાઇ;
દીઠી તે રીત શ્રીજીયે જ્યારે, બોલ્યા ઊંચે સ્વરે કરી ત્યારે. ૨૪
સંતો ચાલો મંદિર માંહી ફરી, સંભળાવીશ હું કથા કરી;
બાઇ ભાઇ મળે એક ઠાર, નહિ ત્યાગીનો ધર્મ લગાર. ૨૫

એમ કહી ગયા મંદિરમાંય, સર્વે સાધુ ઉઠી ગયા ત્યાંય;
મુક્તાનંદ બોલ્યા તેહ ઠામ, બાઈયો છેલા હવે રામ રામ. ૨૬
એ જ વરણી કહેશે જેમ, કરવું પડશે હવે તેમ;
ગયા મંદિરમાં એમ કહી, વર્ણિરાજ બોલ્યા વેણ તહીં. ૨૭

**ત્યાગીએ સ્ત્રીનો પ્રસંગ તજવા વિષે : ઉપજાતિવૃત્ત :**

સંતો કરો ચિત્ત વિષે વિચાર, આ રીત સારી નથી રે લગાર;
સ્ત્રીયો તણો કાંઇ પ્રસંગ જે છે, ત્યાગીજનોને ભયકારી તે છે. ૨૮
જે સ્કંધ એકાદશમાં કહ્યું છે, તેમાં ખરું તત્ત્વ ઘણું રહ્યું છે;
ત્યાગી કરે નારી તણો પ્રસંગ, જરૂર તેનું વ્રત થાય ભંગ. ૨૯
પ્રત્યક્ષ છે કામિની દેવમાયા, જોનાર તો વશ્ય થયા જણાયા;
દીવે પડે અંધ પતંગ જેમ, સ્ત્રીમાં નરોની મનવૃત્તિ તેમ. ૩૦
સુરા પિવાથી મદ થાય ચિત્તે, સ્ત્રીને નિહાળ્યા થકી એ જ રીતે;
તે માટે નારી થકી દૂર થાવું, સ્ત્રી પાસ ત્યાગીજનને ન જાવું. ૩૧
જુવે નહી ચિત્રની કામિનીને, અડે નહી પૂતલી કાષ્ઠનીને;
ત્યાગી તણો છે શુભ એ જ ધર્મ, સંતો વિચારો સુણી શાસ્ત્રમર્મ. ૩૨
છે અષ્ટધા ઉત્તમ બ્રહ્મચર્ય, જાણો તમે તે સહુ સાધુવર્ય;
નારીની સાથે સુણતાં કથાય, તે બ્રહ્મચર્યવ્રત ભંગ થાય. ૩૩
સ્ત્રીદેહ છે પાવક હોય જેવો, ઘીનો ઘડો છે નરદેહ એવો;
પાસે રહ્યાથી પિગળી જ જાય, ત્યાગી તણો ધર્મ વિનાશ થાય. ૩૪
રહે મળીને દવ[1]-દારુ કેમ ? રહે ન નારી નર ધર્મ તેમ;
લોઢું ચળે ચુંબક લોહ સંગે, ત્યાગી ચળે નારી તણે પ્રસંગે. ૩૫
મયૂર જાગે સુણી મેઘનાદ, મનોજ[2] જાગે સુણી નારી સાદ;



૧અગ્નિ ૨.કામદેવ



[1]ભીત્યંતરે નારી તણો નિવાસ, ત્યાગી વસે તો વ્રતનો વિનાશ. ૩૬
નારી તણો દેહ અરણ્ય જાણો, મનોજ ત્યાં સિંહસમ પ્રમાણે;
તે તો નરોને મૃગ તુલ્ય જાણે, જરૂર મારે નિજનેત્ર બાણે. ૩૭
વિશ્વાસ નારીતનનો ન થાય, ખત્તા[2] ઘણા તે કરનાર ખાય;
જેણે વગોવ્યા અજ ચંદ્ર ઈંદ્ર, નચાવિયા નારદજી મુનીંદ્ર. ૩૮
જીત્યા નહી જો ત્રિપુરારિ જેવા, જીતું કહે તે જન મૂર્ખ કેવા;
દારા થકી દૂર રહે ડરીને, તે ઊગરે જૈ શરણે હરીને. ૩૯
તપસ્વિને તે તપમાંથી પાડે, સમાધિમાંથી સિદ્ધને જગાડે;
છે કામિની તો અતિ કષ્ટકારી, શરીરનું શોણિત શોષનારી. ૪૦
છે નારી તો નિર્લજ એમ જાણો, તે પાપમૂર્તિ પ્રગટ પ્રમાણો;
છેદાવિયું નાક સુવર્ણકાજ, તેને પછી શી રહી લોકલાજ. ૪૧
છે ચોટલો કે શિર સાપ કાળો, છે રાક્ષસીના સમ નેત્રચાળો;
જો જીવવાની ઉર આશ હોય, તો કામિની પાસ જશો ન કોય. ૪૨
જેને પગે નેવળ[3] નાખિયાં છે, બે હાથમાં બંધન રાખિયાં છે;
છે નાકમાં તો દઢ નાથ ઘાલી, તથાપિ તે જાય સ્વતંત્ર ચાલી. ૪૩
જ્યાં સુંદરીના શબને બળાવ્યું, તે સ્થાનમાં ત્યાગિજને ન જાવું;
જો રાખ ઊડી નિજ અંગ લાગે, તેથી કદી મન્મથ[4] ઝાળ જાગે. ૪૪
હાથી જતાં ઘંટધ્વની સુણાય,નારી જતાં નેપુર નાદ થાય;
ચેતાવવાની જુગતી પ્રકાશી, અરે જજો સૌ જન દૂર નાશી. ૪૫
સમુદ્રમાં ચુંબક શૈલ જ્યાં છે, સિકંદરે પૂતળી રાખી ત્યાં છે;
તેના થકી દૂર જવું ડરીને, શ્યામા થકી તેમજ સંચરીને. ૪૬
બલિષ્ઠ છે ને અબળા ગણાય, જેના કટાક્ષે નર વશ્ય થાય;



૧.ત્યાગીના અને સ્ત્રીના આવાસસ્થાન વચ્ચે એક દિવાલનું અંતર ૨.નુકશાની,પસ્તાવો થવો ૩.બેડી ૪.કામ

છે લાજહીણી પણ લાજ તાણે, જો થાય ભૂંડી હરી જાય પ્રાણે. ૪૭
જે ઊંદરોથી ડરી દૂર ચાલે, તે કેસરીના પણ કાન ઝાલે;
જે દોરડો દેખી દિલે ડરે છે, ભોરીંગ[1] માથે પગ તે ધરે છે. ૪૮
કોદાળિ ઝાલી કદી ના જણાય, તે છાટે[2] તોડી ધન ચોરી જાય;
દીઠું નહીં ભોંયરું કોઇ દા'ડે, પાતાળમાં એ જ સળંગ પાડે. ૪૯
જીવે કદી જે સરપે ડશેલા, જીવે કદી જે દવમાં ધસેલા;
જેને સ્ત્રીયે અંતર ડંશ દીધા, તેને કરી ચર્વણ[3] ચૂર્ણ કીધા. ૫૦
જે બ્રહ્મચર્ય વ્રત શુદ્ધ પાળે,તે શાસ્ત્રનો માર્ગ સદૈવ ઝાલે;
હરિકથા કીર્તન થાતું હોય, સ્ત્રીની સભામાં નવ જાય તોય. ૫૧
હરિકથા કીર્તન ગાય બાવા, જો ચાહીને સુંદરીને સુણાવા;
તો ત્યાગીનો તત્ક્ષણ ધર્મ જાય, તેને પ્રભુ કેમ પ્રસન્ન થાય. ૫૨

**ચોપાઈ :**

એવી વાત બહુવિધિ કરી, સંતે સર્વે લીધી મન ધરી;
કહ્યું બેઠી હશે સ્ત્રીયો જ્યાંય, નહિ સુણીયે કથા જઇ ત્યાંય. ૫૩
એવા માંહી બની બીજી વાત, કહું તે તમે સાંભળો ભ્રાત;
દીઠો ગોખલો ત્યાં એક ઠામ, રહે પાછળ ગૃહસ્થ હજામ. ૫૪
દીવો દેવતા લેવા ને દેવા, રાખ્યો ગોખલો કારણે એવા;
જોઇ શ્રીહરિયે કહ્યો મર્મ, આથી ત્યાગીનો નવ રહે ધર્મ. ૫૫
વળી એમ બોલ્યા વરણીંદ્ર, આ તો ધર્મમાં જાણવું છિદ્ર;
સુણ્યો મિયાંનો ગોખલો જેવો, જાણો આ પણ ગોખલો એવો. ૫૬
એમ ભેદ શ્રીહરિયે ભાખ્યો, ગોખલાને પુરાવી જ નાંખ્યો;
જુવો કૃષ્ણ તણી રીત કેવી, સાધુજન સહુયે જાણી લેવી. ૫૭



૧.સાપ ૨.પાથરણાની જેમ મેડી પર જડેલા પાટીયા ૩.ચાવીને



હોય ધર્મમાં છિદ્ર જણાતું, તે તો દેખી સહન નથી થાતું;
વળી દીઠો તે જગ્યાની માંય, એક રસ્તો જ્યાં જુવતીયો જાય. ૫૮
પછી તે પણ બંધ કરાવ્યો, સ્ત્રીનો મારગ જુદો ઠરાવ્યો;
કહે સાધુઓ પ્રત્યે શ્રીહરિ, કહું વાત તે લ્યો મન ધરી. ૫૯
સંતે એકલા ક્યાંઇ ન જાવું, ફાટી આંખ્યવાળા નવ થાવું;
સભા ભિક્ષા વિના કોઇ પેર, નવ જાવું ગૃહસ્થને ઘેર. ૬૦
દ્રવ્ય-નારીથી દૂર રહેશો, તો જ સાધનની સિદ્ધિ લેશો;
એવો દીધો ઘણો ઉપદેશ, કહ્યો તેમાં થકી કાંઇ લેશ. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિવર ઉપદેશ એમ દે છે, સુણી સહુ સંત દિલે ઉતારી લે છે;
પ્રતિદિન ઉપજે વિશેષ પ્રેમ, પ્રગટ કર્યો પ્રભુયે પ્રતાપ તેમ. ૬૨

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે શ્રીહરિશ્રીમુખે સ્ત્રીનિંદાકથનનામા દ્વિતીયો વિશ્રામઃ ॥૨॥***

**પૂર્વછાયો :**

લોજ વિષે હરિએ કર્યો, કેટલાક માસ નિવાસ;
એક સમયમાં ઉચ્ચર્યા, પોતે મુક્તાનંદમુનિ પાસ. ૧

**ચોપાઈ :**

નવ આવ્યા રામાનંદસ્વામી, રહ્યાં તે ગુરુ ત્યાં જ વિરામી;
ગયું ચોમાસું ને શીતકાળ, ગયો ફાગણ નાવ્યા દયાળ. ૨
મન મળવાને આતુર થાય, હવે વિરહથી નવ રહેવાય;
અમે કચ્છ જવાને વિચરશું, ગુરુનાં જઇ દર્શન કરશું. ૩

ત્યારે બોલિયા મુક્તાનંદ, રહો આંહી ધરીને આનંદ;
કચ્છમાં તો તમે ન જવાય, વાટમાં ઘણાં વિઘ્ન જણાય. ૪
આડી આવે સમુદ્રની ખાડી, નડે રસ્તામાં અસુર અનાડી[1];
માટે આંહી રહો કરી વાસ, પત્ર મોકલિયે ગુરુ પાસ. ૫
કરશે ગુરુ આજ્ઞા તે જેમ, પછી આપણે કરશું એમ;
એમ કહી મુનિ મુક્તાનંદે, લખ્યો પત્ર અધિક આનંદે. ૬
બીજો પત્ર લખ્યો મહારાજે, તે તો કચ્છ મોકલવાને કાજે;
તેમાં સરવે લખ્યું વૃત્તાંત, જેથી લેશ રહે નહિ ભ્રાંત. ૭
પત્ર લઈને મયારામ ભટ, કચ્છ દેશ વિષે ગયા ઝટ;
ભુજ માંહી મલ્લ ગંગારામ, રામાનંદજી છે તેને ધામ. ૮
ભટે સ્વામીને નિરખ્યા કેવા, સુણો ભૂપ કહું છું હું તેવા;
સભા માંહી શોભે સુખકંદ, જેમ તારામંડળ વચે ચંદ. ૯
શોભે ગૌર ને પુષ્ટ શરીર, ગુણે સુરગુરુ[2]સમ ગંભીર;
પડે ત્રિવળી ઉદર પર એવી, જાણે હોય ત્રિવેણી તે જેવી. ૧૦
શોભે સુંદર ભાલ વિશાળ, તેમાં તિલક ને કંઠે છે માળ;
સ્વર ગંભીર મેઘ સમાન, દિસે જ્ઞાન વિજ્ઞાન નિધાન. ૧૧
દયાસાગર શાંત સ્વભાવ, પદ ભવજળતારણ નાવ;
મયારામ ભટે તેહ ઠામ, આપ્યા પત્ર કરીને પ્રણામ. ૧૨
મુખે સર્વે કહ્યા સમાચાર, કહ્યું વર્ણીનું વૃત્તાંત સાર;
રામાનંદને તે પત્ર ભાવ્યા, ચાંપી છાતિયે શીશ ચડાવ્યા. ૧૩
મુક્તાનંદે લખ્યો પત્ર જેહ, વાંચ્યો પ્રથમ ઉખાળીને તેહ;
પત્ર વાંચીને બોલિયા વળી, હવે ચિંતા અમારે તો ટળી. ૧૪



૧.ખરાબ, લુચ્ચા ૨.બૃહસ્પતિ



બાંધ્યા સદાવ્રતો જેને માટ, જેની જોતા હતા અમે વાટ;
આવ્યા તે સતસંગના ધણી, આજ ધન્ય ઘડી અમે ગણી. ૧૫
એ તો પ્રત્યક્ષ પુરુષ છે મોટા, એની આગળ અન્ય છે છોટા;
સુણી હરિજને પૂછી વાત, એ છે કેવા મોટા સાક્ષાત ? ૧૬
છે શું પર્વતભાઈ સમાન ? ના ના એથી અધિક જ્ઞાનવાન;
સુખાનંદ જેવા હશે સારા ? જ્ઞાન એથી અધિક ધરનારા. ૧૭
મુક્તાનંદ જેવા હશે મોટા ? એની આગળ તે પણ છોટા;
હશે શું સમરથ તમ જેવા ? અમે પણ સમરથ નથી એવા. ૧૮
પ્રભુતાઈ જણાવશે જ્યારે, તમે જાણશો સર્વ તે ત્યારે;
એમ વાત કરી જનજોગ, સ્વામી હરખ્યા જે ટળશે વિયોગ. ૧૯

**શાલિનીવૃત્ત :**

રામાનંદે[1] જેમ સ્વામીવિયોગ[2], રામાનંદે[3] તેમ સ્વામીવિયોગ[4];
રામાનંદે[5] જેમ રીઝે જ કામી, રામાનંદે[6] તેમ રીઝ્યા અકામી[7]. ૨૦

**ચોપાઈ :**

પછી ઉખેળ્યો વર્ણીનો પત્ર, થયું અચરજ અદ્‌ભુત તત્ર;
પત્રમાંથી પ્રગટ્યો પ્રકાશ, વ્યાપ્યો તે તો પાતાળ આકાશ. ૨૧
જન સર્વને થૈ ત્યાં સમાધિ, વીસરી ગઈ તનની ઉપાધિ;
અવલોકિયું અક્ષરધામ, દીઠી ત્યાં મૂરતિ ઘનશામ. ૨૨
કોટિ મુક્ત મળી સ્તુતિ કરે, કોટિ શક્તિયો આગન્યા ધરે;
પછી જાગ્યા સમાધિથી જ્યારે, અતિ અચરજ પામિયા ત્યારે. ૨૩
રામાનંદને પૂછી તે વાત, ત્યારે બોલ્યા ગુરુ સાક્ષાત;
દીઠી ધામમાં મૂરતિ જેહ, એ તો આવ્યા છે વર્ણીંદ્ર તેહ. ૨૪



૧.વર્ણી ૨.રામાનંદસ્વામી ૩.રામાનંદસ્વામી ૪.વર્ણી ૫.સ્ત્રી ૬.વર્ણી ૭.રામાનંદસ્વામી

હું છું ઉદ્ધવનો અવતાર, એ છે અખિલબ્રહ્માંડ આધાર;
એના પદનું હું ધ્યાન ધરું છું, એનું ભજન હું નિત્ય કરું છું. ૨૫
એવી સાંભળીને શુભ વાત, જનહૃદય થયાં રળિયાત;
પછી પત્રના ઉત્તર જેહ, લખ્યા સ્વામીએ સુંદર તેહ. ૨૬
મુક્તાનંદને લખિયું એમ, રાખો વર્ણી રાજી રહે જેમ;
વળી વર્ણી પ્રત્યે લખ્યો પત્ર, ભલે આપ પધારિયા તત્ર. ૨૭
હવે તપ નવ કરશો ભારે, ઘણાં કરવાં છે કામ તમારે;
ઘણાં ઉદ્ધારવાં નરનાર, દેહરક્ષણ કરજો ઉદાર. ૨૮
રૂડી અષ્ટાંગ જોગની રીત, સૌને શીખવજો ધરી પ્રીત;
મુક્તાનંદ કહે તેમ કરજો, એની આજ્ઞા વિષે અનુસરજો. ૨૯
તમે આવશો નહિ અમ પાસે, અમે આવશું વૈશાખ માસે;
આપ્યા કાગળ ભટને તે વાર, વળી મુખથી કહ્યા સમાચાર. ૩૦
ભટ જાઓ તમે જે જે ગામ, સર્વ હરિજનને કહો આમ;
લોજ નગરમાં સર્વે વિચરજો, જૈને વર્ણીનાં દર્શન કરજો. ૩૧
એમ કહિ કર્યા ભટને વિદાય, જે જે ગામ ગયા દ્વિજરાય;
કહ્યું હરિજન સર્વ સમાજ, જજો વર્ણીનાં દર્શન કાજ. ૩૨
રામાનંદની આજ્ઞા છે એવી, સર્વે હરિજને શિર ધરી લેવી;
એમ કહીને ગયા લોજ ગામ, આપ્યા પત્ર કરીને પ્રણામ. ૩૩
પત્ર વાંચીને થયો આનંદ, જાણ્યું આવશે શ્રીરામાનંદ;
ગામોગામથી જનના સમાજ, આવે વર્ણીનાં દર્શન કાજ. ૩૪
દેશોદેશમાં ફેલાઈ વાત, વર્ણી ઈશ્વર છે સાક્ષાત;
શેખપાટ નામે એક ગામ, ત્યાંના લાલજી સૂતાર નામ. ૩૫





પછી છોડ્યો હતો જેણે ફંદ, નામ ધાર્યું'તું નિષ્કુળાનંદ;
રામાનંદ ઉપર ઘણી પ્રીત, તેણે એમ વિચારિયું ચિત્ત. ૩૬
રામાનંદના કરતાં વિશેષ, વધ્યો વર્ણીનો મહિમા આ દેશ;
વાત સ્વામીની પાસ ઉચ્ચારું, કરે કાંઈ ઉપાય તો સારું. ૩૭
એવું જાણી લાલજી સુતાર, ગયા તે ભુજનગર મોઝાર;
રામાનંદને કીધો પ્રણામ, ત્યારે સ્વામી બોલ્યા સુખધામ. ૩૮
કહો ભક્ત આવ્યા કેમ આજ? આવ્યો આપનાં દર્શન કાજ;
સુણી સ્વામી બોલ્યા ધરી દયા, તમે લોજમાં કેમ ન ગયા? ૩૯
મયારામ ભટે શું ન કહ્યું ? કે શું વચન તે વીસરી ગયું ?
આવ્યા છે ત્યાં મોટા મુનિરાજ, ઈચ્છે દર્શન દેવસમાજ. ૪૦
કહે લાલજી મોટા તે કેવા ? દત્તાત્રી કે ઋષભદેવ જેવા;
કે શું છે રામચંદ્ર સમાન ? રામાનંદ કહે સુણો કાન. ૪૧
જેમ કૃષ્ણ મોટા સરવેથી, તેમ આ છે મોટા વળી એથી;
આ છે અવતારના અવતારી, ઘણું શું કહિયે વિસ્તારી. ૪૨
જેનું ધ્યાન મહામુનિ ધરે, જેનો જશ શેષનાગ ઉચ્ચરે;
એવા મોટાનાં દર્શન મૂકી, કેમ આવ્યા છો કચ્છમાં ચૂકી ? ૪૩
જાઓ લોજનગરમાં વિચરો, એવા વર્ણીનાં દર્શન કરો;
સુણી લાલજી ત્યાંથી સિધાવ્યા, લોજમાં હરિદર્શને આવ્યા. ૪૪
સાંભળ્યા હતા વર્ણીને જેવા, દીઠા દષ્ટિયે સાક્ષાત તેવા;
દંડવત કર્યા છે પ્રણામ, આવ્યાં પ્રેમનાં આંસુ તે ઠામ. ૪૫
આપ્યો હરિયે આશીર્વાદ એવો, પામો વૈરાગ્ય શુકજી જેવો;
લાલજીને આશીર્વાદ ભાવ્યો, ઘણાં સ્નેહથી શીશ ચડાવ્યો. ૪૬

પછી ભુજમાં બનેલી વાત, તે તો લાલજીયે ભલી ભાત;
મુક્તાનંદની પાસે ઉચ્ચારી, સુણી ઉપજ્યું અચરજ ભારી. ૪૭
ભાવે નિત્યપ્રતિ ભગવાન, મીંઢીઆવળનું કરે પાન;
જમે રોટલો બાજરા કેરો, સાથે મરચાંનો ભુકો ઘણેરો. ૪૮
અભિપ્રાય અંતરમાં એહ, કરવો નિજ દુર્બળ દેહ;
દિશા પશ્ચિમમાં ગામ બહાર, બીજી વાવ છે ત્યાં એક ઠાર. ૪૯
ઘણી વાર ત્યાં આસન કરે, પછી મંદિરમાં પરવરે;
એમ રેચક[1]ની ક્રિયા કરી, કર્યો દેહને દુર્બળ હરી. ૫૦
લોજથી પશ્ચિમે શીલ ગામ, તહાં કાવડ ફેરવે શામ;
વચમાં નદી છે તેને તીર, સાધે જોગકળા નરવીર. ૫૧
એક દેવો અને જુઠો નામ, વાણિયા બેય સદ્‌ગુણધામ;
મુક્તાનંદે મુક્યા હરિ પાસ, સેવા કરવા સારા હરિદાસ. ૫૨
કરે વર્ણી મનુષ્યચરિત્ર, ક્યારે દિવ્ય ચરિત્ર વિચિત્ર;
તેને કેમ કળી શકે કોઇ, બહુ મોહ પામે જન જોઇ. ૫૩

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અકળિત હરિની કળા અનેક, કળી ન શકાય કદાપિ કાંઇ એક;
સુર અજ ભવ ઈંદ્ર ભૂલી જાય, કશી ગણતી જનજાતિ ત્યાં ગણાય. ૫૪

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે રામાનંદસ્વામીપ્રતિ પત્રલેખનનામા તૃતીયો વિશ્રામઃ ॥૩॥***

**પૂર્વછાયો :**

શ્રીહરિયે લોજપુરમાં, કર્યા દિવ્ય ચરિત્ર વિચિત્ર;



૧.પ્રાણાયામના ત્રણ પ્રકારમાંનો એક પ્રકાર-શ્વાસ બહાર કાઢવો.



વર્ણી કહે નૃપ સાંભળો, કહું આખ્યાન એહ પવિત્ર. ૧

**ચોપાઈ :**

લોજગામ થકી ગાઉ[1]બેય, શીલ નામ તે ગામનું છેય;
આવ્યા ત્યાં થકી બે હરિજન, કહ્યાં મુક્તમુનિને વચન. ૨
મારા વાઢ વિષે તો આ વાર, થયાં ચીભડાં અપરમપાર;
કોઈ સાધુને મોકલો લેવા, ગાડું ભરી હું આવિશ દેવા. ૩
રામાનંદજી આવશે જ્યારે, થશે સારો સમૈયો તે વારે;
ચીભડાંનું જો થાય અથાણું, મારા અંતરમાં હર્ષ આણું. ૪
મુક્તાનંદે એવી વાત જાણી, સુખાનંદ પ્રત્યે કહી વાણી;
હરિભક્તને ગામ સિધાવો, જૈને ત્યાં થકી ચીભડાં લાવો. ૫
સુણી બોલિયા શ્રીમહારાજ, લેવા ચીભડાં હું જૈશ આજ;
સાથે આવશે સેવક દેવો, બીજો કોઇ સાથે નથી લેવો. ૬
બોલ્યા મુક્તમુનિ ધરી નેહ, તમે દુર્બળ કીધો છે દેહ;
માટે તમ થકી ત્યાં ન જવાય, નહિ ચીભડાં તમથી લવાય. ૭
એવી વાણી ઘણી જ ઉચ્ચરી, તોય દેવાને લૈ ગયા હરી;
જ્યારે વાઢમાં તે બેય આવ્યા, ગાડું એક હરિભક્ત લાવ્યા. ૮
ત્યારે બોલિયા સુંદરશામ, નથી ગાડાનું કાંઈયે કામ;
લાંબો પોળો ચોફાળ મંગાવો, તેમાં ગાંસડો એક બંધાવો. ૯
બોલ્યા હરિજન શ્રીહરિ પાસે, મોટો ગાંસડો કેમ બંધાશે ?
હઠ જોગીનો જોઇ તે વાર, બીજા બોલાવિયા જણ બાર. ૧૦
મોટો ચોફાળ ત્યાં એક લાવ્યા, ચીભડાં મણ સોળ ભરાવ્યાં;
તેનો ગાંસડો એક બંધાવ્યો, જણ બારે મળી ઉપડાવ્યો. ૧૧



૧.બે ગાઉ=૬ કી.મી.

હેઠે હરિયે ધર્યો હાથ જ્યારે, રહ્યો ગાંસડો અદ્ધર ત્યારે;
તોળ્યો હતો ગોવરધન જેમ, રહ્યો ગાંસડો અદ્ધર તેમ. ૧૨
પામ્યા અચરજ સૌ જન જોઇ, આવું તો ન કરી શકે કોઇ;
વધ્યાં બે મણ ચીભડાં જેહ, બીજી ગાંસડીમાં બાંધ્યાં તેહ. ૧૩
મૂકી તે તો દેવા ભક્ત માથે, લઇ ચાલિયા તે બેય સાથે;
દેવો ભક્ત તો પાછળ ચાલે, મોટો ગાંસડો અધર નિહાળે. ૧૪
ગાઉ એક ગયા જેહ વાર, દેવા ભક્તને તો લાગ્યો ભાર;
ત્યારે બોલ્યા પ્રભુ અલબેલો, ગાંસડા પર ગાંસડી મેલો. ૧૫
પછી ઊંચી જગ્યાપર ચડી, મૂકી ગાંસડા પર ગાંસડી;
શોભે ગિરિ પર શીખર જેમ, શોભે ગાંસડી તે પણ તેમ. ૧૬
એમ આવિયા લોજપુરીમાં, પેઠા મંદિરની ખડકીમાં;
પડ્યો ગાંસડો ખડકી બહાર, ગયા મંદિર માંહી મુરાર. ૧૭
કહ્યું મુક્ત મુનિને તે વાર, ચીભડાં પડ્યાં ખડકી બહાર;
કહો સાધુને તે લેવા જાય, મુજથી ચીભડાં ન લવાય. ૧૮
મુક્તાનંદજી તો જોવા ગયા, જોઇ ગાંસડો વિસ્મિત થયા;
કોણ લાવિયું ગાંસડો એહ, એમ પૂછ્યું ધરીને સંદેહ. ૧૯
દેવે ભક્તે કહી બધી વાત, થયા વિસ્મિત સૌ જનજાત;
જાણ્યું વર્ણીનું દિવ્ય ચરિત્ર, એની લીલા છે પરમ પવિત્ર. ૨૦
પછી સાધુઓ સોળ બોલાવ્યા, છોડી ગાંસડો ચીભડાં લાવ્યા;
જોગીરાજને જગદીશ જાણ્યા, પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ્યા. ૨૧

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, વળી કહું અવર આખ્યાન;





દિવ્ય ચરિત્ર દયાળનાં, લાગે સુણતાં પીયૂષ સમાન. ૨૨

**ચોપાઇ :**

એક અવસરે શ્રીમુનિનાથ, દેવા ભક્ત સુખાનંદ સાથ;
મળીને ગયા સાગર તીરે, કર્યું સ્નાન તે સુંદર નીરે. ૨૩
સખા ભાવ કરી તેહ સ્થાને, જળકેળી કરી ભગવાને;
અન્યોઅન્યને જળમાં ડુબાવે, મારે જળમાં ધકા જેમ ફાવે. ૨૪
માર્યો હરિયે ધકો બહુ બળમાં, નાખ્યો દેવાને ત્યાં ઉંડા જળમાં;
એ તો બૂડી ગયો એ જ ઠાર, ક્યાંઇ દીઠો નહી બીજી વાર. ૨૫
ખૂબ ખોળ કરી જળમાંઇ, પણ દેવો જડ્યો નહિ ક્યાંઇ;
જ્યારે મળવાની નવ રહી આશ, સુખાનંદ થયા તે ઉદાસ. ૨૬
પછી નીસરીયા જળ બાહાર, ચાલ્યા પુરભણી થૈને તૈયાર;
સુખાનંદે ત્યાં વાણી ઉચ્ચારી, તમે સાંભળો શ્રીબ્રહ્મચારી. ૨૭
કેવું મુખ લઇ ગામમાં જાશું ? વાત કરતાં વિશેષ લજાશું;
હત્યા બેઠી આ આપણે શીશ, કેમ છૂટશું તે વરણીશ ? ૨૮
લોકો સંશય બહુધા કરશે, માર્યો કેમ એવું તે ઉચ્ચરશે;
ભલો ભક્ત હતો તેહ દેવો, બીજો ભક્ત ભલો નથી એવો. ૨૯
સગાં વાલાં એનાં શું કહેશે ? દોષ આપણે શીર તે દેશે;
એમ કહેતાં નેણે આવ્યાં નીર, હોઠ ફરકે ને ધ્રુજે શરીર. ૩૦
ત્યારે દેવાને હરિયે બોલાવ્યો, જળમાંથી તે નીસરી આવ્યો;
સુખાનંદે પૂછ્યું તેને ત્યાંય, દેવાભક્ત હતા તમે ક્યાંય ? ૩૧
દેવોભક્ત બોલ્યા તેહ ઠામ, મેં તો જૈ જોયું અક્ષરધામ;
દીઠા ત્યાં આ જ વર્ણી સ્વછંદ, ઉભા ચમર કરે રામાનંદ. ૩૨

બ્રહ્મા ભવ ને ઈંદ્રાદિક ઘણા, ગુણ ગાય આ વર્ણીંદ્ર તણા;
હું તો આનંદમાં હતો મગ્ન, મન પ્રભુપદમાં હતું લગ્ન. ૩૩
મહારાજે મને તો બોલાવ્યો, ત્યારે ધામમાંથી ઝટ આવ્યો;
એવી અદ્‌ભુત સાંભળી વાત, સુખાનંદ થયા રળિયાત. ૩૪
મુક્તાનંદ આદિકની પાસ, કરી વાત તે જૈને પ્રકાશ;
સૌયે જાણ્યું જે આ વરણીશ, ધામ અક્ષરના છે અધીશ. ૩૫
એવી નિત્ય નવી લીલા કરે, પ્રભુ હરિજનનાં મન હરે;
પ્રભુ પ્રૌઢ પ્રતાપ જણાવે, ગુણ શારદ નારદ ગાવે. ૩૬

**પૂર્વછાયો :**

ભૂપ અભેસિંહજી સુણો, કહે વર્ણી અચિંત્યાનંદ;
લોજ વિષે વૃષલાલજી, રહી લીલા કરે છે સ્વછંદ. ૩૭

**ચોપાઈ :**

જાય મુક્તમુનિ જે જે ગામ, ત્યારે સાથે જતા ઘનશામ;
એક દિન કાળવાણીયે ગયા, સાધુની ઓરડી માંહી રયા. ૩૮
રાજોભાઈને પરવતભાઇ, બીજા સત્સંગી બહુ ભાઈ બાઈ;
જથાજોગ સેવા સઉ કરે, ઉપદેશ અંતર માંહી ધરે. ૩૯
પાણી પીવાની તુંબડી સારી, મુક્તાનંદ મુનીએ સુધારી;
રુડા રંગથી તેને રંગેલી, તડકે તે સુકાવાને મેલી. ૪૦
પછીથી પદમાસન કરી, બેઠા મુક્તમુનિ ધ્યાન ધરી;
તેની જોડે જ એવે આકાર, બેઠા ધ્યાનમાં ધર્મકુમાર. ૪૧
શ્વાસ પૂરક કુંભક જેહ, કરે રેચકની ક્રિયા તેહ;
નિજ દષ્ટિને નાસાગ્ર ધરી, ધરે ધ્યાન એક સ્થળ ઠરી. ૪૨





મુક્તાનંદે ઘડ્યો મન ઘાટ, થયો તુંબડી કેરો ઉચ્ચાટ;
રખે કોઇ જનાવર આવે, સારી તુંબડીને અભડાવે. ૪૩
જાણી અંતરજામીયે વાત, ત્યારે સદ્ય બોલ્યા સાક્ષાત;
સ્વામી શ્રીહરિમાં ધ્યાન રાખો, તુંબડીની ફિકર તજી નાંખો. ૪૪
માલ છે હરિધ્યાનમાં જેવો, નથી તુંબડીમાં માલ તેવો;
મુક્તાનંદ એવું સુણી જાગ્યા, પ્રેમે શ્રીહરિને પાય લાગ્યા. ૪૫
કહ્યું છો તમે અંતરજામી, મનઘાટ જાણ્યો બહુનામી;
પછી સાધુ સર્વેને બોલાવી, શામે તુંબડી સૌની મગાવી. ૪૬
રંગદાર રજોગુણી લાગી, તે તો બોખી કરી કાંઠા ભાંગી;
સંતો પ્રત્યે બોલ્યા સુખકારી, જેણે સંસાર મેલ્યો વિસારી. ૪૭
તે તો વસ્તુ રજોગુણવાળી, પાસે રાખે ન જાણી રુપાળી;
એમ શ્રીહરિ શર્મ ન રાખે, ભૂલ સર્વના મન તણી ભાખે. ૪૮
કહે જ્યાં મન સંતનું જાય,જતાં તે મારી નજરે જણાય;
ધ્યાન ધરતાં ઉંઘે સંત કોઇ, ત્યારે શ્રીજી કહે તેને જોઇ. ૪૯
રામાનંદરૂપે ભગવાન, તેનું પામ્યા છો દર્શનદાન;
તોય તે વિષે વૃત્તિ તમારી, કેમ શકતા નથી તમે ધારી ? ૫૦
અને ઉંઘ આવે છે તે કેમ ? મને આશ્ચર્ય લાગે છે એમ;
રામાનંદ મેં તો નથી ભાળ્યા, તેણે મારા ત્રિગુણ નથી ટાળ્યા. ૫૧
તોય કાળનો ત્રાસ તપાસી, અતિ અંતર રહે છે ઉદાસી;
રાતે શયન કરું છું જે વાર, નથી આવતી ઉંઘ લગાર. ૫૨
રખે આવે અચાનક કાળ, પડે છે એવી પેટમાં ફાળ;
ધ્યાન ધરતાં આવે ઉંઘ તમને, એ તો અદ્‌ભુત લાગે છે અમને. ૫૩

એમ સંતોને ઉપદેશ દેતા, મોટા મુક્ત પ્રમાણે રહેતા;
પોતે છે પરબ્રહ્મ સ્વરૂપ, સર્વના ગુરુ સર્વના ભૂપ. ૫૪
પણ સૌને શીખવવાને કાજ, રાખે વૈરાગ્ય ઉર મહારાજ;
મુક્તાનંદ સાથે કોઇ વાર, મળીને એમ કરતા વિચાર. ૫૫
રામાનંદ સ્વામી તણી જ્યારે, મને ભેટ કરાવશો ત્યારે;
આજ્ઞા આપણે સ્વામીની લૈને, ધરશું ધ્યાન વન વિષે જૈને. ૫૬
જ્યારે ધ્યાનમાં બેસીએ અમે, મારો દેહ સંભાળજો તમે;
તમે ધ્યાનમાં બેસશો જ્યારે, તમને હું સંભાળીશ ત્યારે. ૫૭
વળી તે મુક્તાનંદજી પાસ, ઉચ્ચર્યા મુખથી અવિનાશ;
વાસ કરવા મહાવન કેરો, મારે તો છે અભ્યાસ ઘણેરો. ૫૮
ઝાઝી જ્યાં હતી વૃક્ષની ઝાડી, હતા ત્યાં બહુ હાથી અનાડી;
વરુ વાઘ ને રીંછનાં વૃંદ, ફરતા પાડા અરણા સ્વછંદ. ૫૯
જનને જવાના નહીં રસ્તા, રાતદિન અમે એવામાં વસ્તા;
વનમાં વસવું મને ભાવે, વસ્તીમાં અકળામણ આવે. ૬૦
એવી એવી ઘણી ઘણી વાત, કરતા શ્રીહરિ સાક્ષાત;
મુક્તાનંદ સુણી એ પ્રસંગ, પામ્યા ઉત્તમ વૈરાગ્ય અંગ. ૬૧
એથી ઈચ્છા કરે એવી મનમાં, વસીયે શ્રીજી સાથે જ વનમાં;
એમ કરતાં દિવસ કાંઇ થયા, કાળવાણીથી લોજમાં ગયા. ૬૨
રહી ત્યાં પણ જ્ઞાન અત્યંત, હરિમુખથી સુણે સહુ સંત;
એક દિન હરિ એમ ઉચરિયા, અમે દેશ અનેકમાં ફરિયા. ૬૩
મોટાં મોટાં જોયાં જઇ રાજ, જોયા સંન્યાસી સાધુ સમાજ;
જોયા બ્રાહ્મણ ને બ્રહ્મચારી, જોયા ત્યાગી તથા તપધારી. ૬૪





જોયા સર્વ તે માયામાં મોહ્યા, સાચા સંત તો આ સ્થળે જોયા;
મિથ્યાવાદી બીજા અભિમાની, દિસે ધૂર્ત પુરા બકધ્યાની. ૬૫
કાં તો વ્યસની કાં તો વ્યભિચારી, જોયા ઉદરભરણ અધિકારી;
રામાનંદ તણો સંપ્રદાય, તે વિના બીજે શાંતિ ન થાય. ૬૬
દૈવી જન જગમાં હતા જેહ, આ ઠેકાણે આવી વસ્યા એહ;
વળી જે જે દૈવી જન થાશે, મન તેનાં તો આંહિ તણાશે. ૬૭
માટે હું પણ આંહી રહીશ,ટેલ નીચામાં નીચી કરીશ;
એમ બોલતા શ્રીઘનશામ, કહેતા સરજુદાસ નામ. ૬૮
સંત જાણે જે પારખું લેવું, તેથી કામ ભળાવિયું કેવું;
નિત્ય ગામને ગોંદરે જઈને, છાણા થાપો ઝાઝું છાણ લઈને. ૬૯
એવી આજ્ઞા ચડાવીને માથે, મેળવ્યું છાણ જઇ મુનિનાથે;
ગાયો પાદર જ્યાં ભેગી થાય, નિત્ય ત્યાં જગજીવન જાય. ૭૦
બહુ બાઇયો પણ હોડેહોડે, દેખે છાણ ત્યાં લેવાને દોડે;
ધર્મપુત્ર જઇ ધમકાવે, લેતાં છાણ એને અટકાવે. ૭૧
પડ્યો પોદળો લે કોઇ નાર, હેઠે બ્રહ્માંડ દેખે તે ઠાર;
શૈલ સાગર સરિતાઓ ભાળે,ચૌદ લોકની રચના નિહાળે. ૭૨
દેખે સુર નર નાગની સૃષ્ટિ, દેખે વાદળાં વિદ્યુત[1] વૃષ્ટિ[2];
મેલે પોદળો પાછો ઠેકાણે, સર્જુદાસનું જાદુ તે જાણે. ૭૩
તેથી તરુણિયો કૃષ્ણથી ત્રાસે, હરિને દૂરથી દેખી નાસે;
છબીલો છાણ લૈ જ્યારે જાય, ત્યારે ત્યાં નારિયો ભેળી થાય. ૭૪
વળી એક બીજીને ડરાવે, કહે ઓ સરજુદાસ આવે;
એવી રીતે પોતાને પ્રતાપે, પ્રભુ છાણ લેઇ છાણાં થાપે. ૭૫



૧.વિજળી ૨.વરસાદ

મુક્તાનંદ કહે ધન્ય ધન્ય, છતાં નિઃસ્પૃહી પાળ્યું વચન;
તજાવ્યું પછી તો તેહ કામ, કરે સૌ સંત પ્રેમે પ્રણામ. ૭૬
ક્યારે ક્યારે અલૌકિકપણું, દેખે શ્રીઘનશામમાં ઘણું;
વળી એક સમે અવિનાશ, બોલ્યા મુક્તમુનિ તણી પાસ. ૭૭
રામાનંદની મૂર્તિ છે જેવી, તમે ધ્યાન વિષે ધરો તેવી;
તમ દ્વારાયે હું નિરખીશ, જેવાં ચિહ્ન હશે તે કહીશ. ૭૮
પછી બેય બેઠા ધ્યાન કરી, મુક્તાનંદે છબી મન ધરી;
પ્રભુયે કર્યો મનમાં પ્રવેશ, નખશિખ છબી નિરખી વિશેષ. ૭૯
પછી ધ્યાન થકી બેય જાગ્યા, કેવી છે છબી કહેવા લાગ્યા;
મુક્તાનંદે કહ્યાં ચિહ્ન મોટાં, હરિયે કહ્યાં મોટાં ને છોટાં. ૮૦
સુણી સૌ જન વિસ્મિત થાય, લીલા કોઇ થકી ન કળાય;
કરે એવાં ચરિત્ર ઉદાર, નવ આવે ઉચરતાં તે પાર. ૮૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રતિદિન પ્રભુજી ચરિત્ર એવાં, નવ નવભાતિ કરે અપૂર્વ જેવાં;
કહી કહી કદી કોટિ કલ્પ જાય, તદપિ સમગ્ર નહીં કહી શકાય. ૮૨

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે શ્રીલોજપુરે શ્રીહરિ-અદ્‌ભુતલીલાકથનનામા ચતુર્થો વિશ્રામઃ ॥૪॥***

**પૂર્વછાયો :**

વર્ણી કહે અભેસિંહજી, સુણો કૃષ્ણકથા ધરી પ્રીત;
સાધુઓને હરિ શીખવે,રુડી અષ્ટાંગ યોગની રીત. ૧
યોગ તણાં આઠ અંગ છે, તેનાં લક્ષણ કહે વૃષલાલ;





અભ્યાસ તેનો આદરી, શીખે સાધુજનો તેહ કાળ. ૨
યમ નિયમ આસન તથા, પ્રાણાયામ ને પ્રત્યાહાર,
ધારણા ધ્યાન સમાધિ છે, અંગ આઠ છે એહ પ્રકાર. ૩

**ચોપાઈ :**

યોગ સાધન કરવાનું ધારે, તેને પાપ કરમથી નિવારે;
યોગમાં સ્થિર વૃત્તિ રહે છે, યમ તો તેનું નામ કહે છે. ૪
યમના કહું બાર પ્રકાર, સુણો સંતો પૂરો ધરી પ્યાર;
અહિંસા તથા સત્ય અસ્તેય[1], વળી અસંગને લજ્જા છેય. ૫
અસંચય[2] અને આસ્તિકપણું, બ્રહ્મચર્ય મુનિવ્રત ગણું;
સ્થિરતા ક્ષમા નિર્ભય જેહ, યમ બાર પ્રકારના તેહ. ૬
કામ્યધર્મથી વૃત્તિ ઉથાપે, મોક્ષધર્મ વિષે સ્થિર થાપે;
તેનું નામ નિયમ નિરધાર, કહું તેનાય બાર પ્રકાર. ૭
એક તો બાહ્ય જે શૌચાચાર, બીજો અંતર શૌચ[3] પ્રકાર;
જપ તપ હોમ ને શ્રદ્ધા જાણો, અતિથિ તણી પૂજા પ્રમાણો. ૮
પ્રભુપૂજા ને તીર્થઅટન[4], વળી પરઉપકાર પાવન;
સદા સંતોષ ને ગુરુસેવા, ભેદ બાર નિયમના છે એવા. ૯
જોગી જોગની સિદ્ધિને કાજે,જેવી રીતે સુખેથી બિરાજે;
એનું નામ તો આસન જાણો, અંગ જોગનું ત્રીજું પ્રમાણો. ૧૦
જાણે આસન બહુ જોગાભ્યાસી, તેમાં મુખ્ય ગણાય ચોરાશી;
તેમાં પણ મુખ્ય ત્રીશ પ્રકાર, તે વિષે ચૌદ સારમાં સાર. ૧૧
નામ સ્વસ્તિક ગોમુખ એહ, વીરયોગ ને પદ્મ છે તેહ;
વળી કુર્કટ કૂર્મ ને ચાપ, મયૂરાસન તે જાણો આપ. ૧૨



૧.ચોરી ન કરવી ૨.અસંગ્રહી ૩.સ્વચ્છતા,પવિત્રતા ૪.પ્રવાસ,ભ્રમણ

પછી પશ્ચિમતાનકાસન, શબ સિદ્ધ અને સિંહાસન;
ભદ્રાસન ભલું નામ ભણાય, એ તો આસન ચૌદે ગણાય. ૧૩
રુડી તેની કહું હવે રીત, શીખો સંતો તે સ્નેહે સહીત;
બન્ને પગનાં જે તળિયાં જાણો, બન્ને જાનુ સાથળ વચ્ચે આણો. ૧૪
પછી સરલ થઈ બેસો જ્યારે, સ્વસ્તિકાસન તો થાય ત્યારે;
ડાબા પગની ઘુંટી કહેવાય, ધરો જમણા તે પડખામાંય. ૧૫
ઘુંટી જમણા ચરણની છે જેહ, ડાબા પડખા વિષે ધરો તેહ;
ગોમુખાસન તેહ ગણાય,મોટા સિદ્ધ મુખે એમ ગાય. ૧૬
એક સાથળ પર પગ કરીયે, બીજા પગ પર સાથળ ધરીયે;
તેનું નામ વીરાસન જાણો, તેની રીત અંતરમાં આણો. ૧૭
બેય ચરણની ઘૂંટીયો મળી, રાખો જોડીને અવળા સવળી;
તેણે રોકીને ગુદા બેસે છે, યોગાસન નામ તેનું કહે છે. ૧૮
પગ જમણો ધરે ઉરુ ડાબે, ઉરુ જમણું ડાબે પગે દાબે;
વાંસે બે હાથની આંટી ઘાલે, બેય પગના અંગુઠાને ઝાલે. ૧૯
પછી સરલપણે બેસે જ્યારે, પદ્માસન તે થાય ત્યારે;
પદમાસન એ રીતે કરી, ઉરુ જાનુ વચ્ચે હસ્તો ધરી. ૨૦
બેય હાથ ભૂમિપર ધારે, રાખે કાયા અધર પછી જ્યારે;
કુર્કટાસન તે કહેવાય, યોગશાસ્ત્ર વિષે એમ ગણાય. ૨૧
કુર્કટાસન એમ બનાવી, કંઠ ઉપર બે કર લાવી;
વાળે આંકડા તે જોગી જન, સૂવે ચીતો તે કૂરમાસન. ૨૨
ડાબા સાથળના મૂળમાંઇ, પગ જમણો તે મૂકવો ભાઈ;
બેય જાનુને બાહેર પાસે, જમણો કર વીટ્યો જણાશે. ૨૩





એ જ હાથે જ કરીને જ્યારે, પગ જમણાનો અંગુઠો ધારે;
ડાબે હાથે ઝાલે ડાબો કાન, ધનુરાસન તે ગુણવાન. ૨૪
બેય હાથ ધરા પર ધરે, નાભિ પડખે બે કોણિયો કરે;
દંડ સમ દેહ અધર રાખે, મયૂરાસન તે મુનિ ભાખે. ૨૫
બેસે બે પગને લાંબા કરી, બેય હાથે બે અંગુઠા ધરી;
ધરે શિર જાનું પર મુનિજન, તે તો પશ્ચિમતાનકાસન. ૨૬
ચીતો થૈ પૃથવી પર સુવે, નવ હાલે ચાલે નવ જુવે;
ઉપાડે તો દિસે શબાકાર, શબાસન નામ તે નિરધાર. ૨૭
લિંગ નીચે છે નાડિકા જેહ, શિવની નામ સૌ કહે તેહ;
ડાબી પાનીયે તેને દબાવે, ઘુંટી પર જમણી ઘૂંટી લાવે. ૨૮
એવી રીત્યે સિદ્ધાસન થાય, સારા સિદ્ધ તે કરવા ચહાય;
શીવનીને ડાબે પાસે જ્યારે, ઘુંટી જમણી દબાવે તે ત્યારે. ૨૯
ડાબી ઘુંટી બીજે પાસે લાવે, નાડી શીવની તેથી ડબાવે;
જાનુ ઉપર હથેળીયો ધારે, રાખે લાંબી આંગળિયો તે વારે. ૩૦
જુવે નાસાગ્રને મુખ ફાડે, સિંહઆસન એમ દેખાડે;
શીવની નાડીને બેય ભાગે, ઘુંટી પગની અનુક્રમે લાગે. ૩૧
પછવાડે બન્ને હાથ ધરી, ઝાલે બે પગ બે હાથે કરી;
તેનું નામ ભદ્રાસન ભાઈ, કહ્યાં ચૌદ આસન સુખદાઈ. ૩૨

**પૂર્વછાયો :**

નાડી શોધનની જે ક્રિયા, હવે કહું છું રુડી રીત;
પ્રાણાયામની સિદ્ધિ તે, જેથી થાય છે પરમ પુનીત. ૩૩

**ચોપાઈ :**

ધોતી બસ્તી ને નેતી છે નામ, વળી ત્રાટક નોળિ તે ઠામ;
ક્રિયા છઠ્ઠી છે કપાળભાતી, જુદાં લક્ષણે જુદી જણાતી. ૩૪
ચાર આંગળ વસ્ત્ર પહોળું, હાથ પંદર લાંબું ને ધોળું;
ધીરે ધીરે ગળીને કઢાય, ધોતી નામની તે છે ક્રિયાય. ૩૫
એ તો જોગીને રાખે આરોગ્ય, ટાળે ઉધરસ આદિક રોગ;
નાભિમાત્ર ઉંડે જળે જઇ, ગુદાયે જળને ખેંચી લઇ. ૩૬
પેડુનો ભાગ ક્ષાલન[1] કરે, પાછું જળ ગુદાયે પરહરે;
જાણો બસ્તી ક્રિયા એનું નામ, તે તો ટાળે છે રોગ તમામ. ૩૭
લિંગે ખેંચીને લિંગે કઢાય, અથવા તે ગુદાયે તજાય;
બસ્તી બીજા પ્રકારની એ છે, તે તો રોગ હરેકે[2] હરે છે. ૩૮
મુખે ખૂબ કરી જળપાન, પાછું કાઢે તે તો ગુદાસ્થાન;
તે તો શંખપ્રક્ષાલન નામ, ત્રીજો ભેદ છે બસ્તીનો આમ. ૩૯
નાકે પીને મુખેથી કઢાય, ગજકરણી તે બસ્તી ગણાય;
દોરો કોમળ નાકે ઘલાય, મુખમાંથી તે ખેંચી કઢાય. ૪૦
નકી નેતી ક્રિયા નામ તે છે, શિર નેત્રનો રોગ હરે છે;
સુક્ષ્મ વસ્તુ સામું જોઇ રહે, જ્યાં સુધી આંસું આંખ્યોથી વહે. ૪૧
ક્રિયા ત્રાટક નામની તે છે, તે તો નેત્રનો રોગ હરે છે;
નળને જમણે ડાબે ભાગે, અતિ વેગે ફેરવવા લાગે. ૪૨
તે તો નોળિ ક્રિયા કહેવાય, વાત પિત્ત ને કફ દુઃખ જાય;
મંદઅગ્નિપણું તે મટાડે, ઘણાં રોગનાં મૂળ ઘટાડે. ૪૩
અતિ વેગે કરી શ્વાસ તાણે, અતિ વેગે તજે તેહ ટાણે;



૧.ધોવું, સાફ કરવું ૨.દરેક, બધાજ



કહું તે ક્રિયા કપાળભાતી, કફ આદિ પીડા જેથી જાતી. ૪૪
નાડિશોધન એ રીતે કરે, પ્રાણાયામ પછીથી આદરે;
તેની રીત કહું છું વિચારી, સંતો લ્યો સુણી અંતરે ધારી. ૪૫
દેહમાં જેહ વાયુ રહે છે, જોગી નિગ્રહ[1] તેનો કરે છે;
પ્રાણાયામ તેને કહે વેદ, ગર્ભ સહિત રહિત બે ભેદ. ૪૬
જપ ધ્યાન સહિત તે સગર્ભ, જપ ધ્યાન રહિત તે અગર્ભ;
અતિ ઉત્તમ તો ગણો એમાં, જપ ધ્યાન રહ્યું હોય જેમાં. ૪૭
નાસા ડાબીમાં શ્વાસ વહે છે, ઈડા નાડીમાં તે તો રહે છે;
જમણી માંહી પિંગળા જાણો, મધ્ય ભાગે સુષુમણા પ્રમાણો. ૪૮
શશિ સૂર્ય હુતાશન[2] જે છે, ક્રમે નાડીના દેવતા તે છે;
વામ ભાગે વાયુ ઉંચો આણો, તેનું નામ તો પૂરક પ્રમાણો. ૪૯
પ્રાણવાયુને રુંધી રખાય, ક્રિયા કુંભક તે કહેવાય;
નાસા જમણીયે વાયુ ઉતારે, થાય રેચકની ક્રિયા ત્યારે. ૫૦
નહીં લેવો કે મૂકવો શ્વાસ, તેનું શૂન્યક નામ પ્રકાશ;
અતિ ઉત્તમ એ તો ગણાય, મોટા સિદ્ધ થકી તે સધાય. ૫૧
જ્યારે જ્યારે પ્રાણયામ થાય, ઘાટ સંકલ્પ સૌ મટી જાય;
મન ચંચળતા નવ ધરે, એક ઈશ્વરમાં સ્થિર ઠરે. ૫૨
ઈંદ્રિયોને વિષય થકી વારે, સ્થિર અંતઃકરણમાં ધારે;
પ્રત્યાહાર તો તે કહેવાય, તેથી ઈંદ્રિને વશ ન થવાય. ૫૩
હવે ધારણાની કહુ રીત, સંતો સાંભળો સ્નેહ સહિત;
આધારાદિક ચક્ર છે જ્યાંય, મન પ્રાણ કરે સ્થિર ત્યાંય. ૫૪
અથવા છે હૃદય મોઝાર, કૃષ્ણમૂર્તિ મહાસુખકાર;



૧.રોકવું ૨.અગ્નિ

મન પ્રાણ તેમાં સ્થિર રાખે, ભલું નામ તે ધારણા ભાખે. ૫૫
ષટ્ચક્રનાં નામ ને સ્થાન, સુણો સંતો થઈ સાવધાન;
ગુદા સ્થાન વિષે જે રહે છે, મુળાધાર તે ચક્ર કહે છે. ૫૬
બીજું ચક્ર ઉપસ્થ સ્થાન, તેનું નામ છે સ્વાધિષ્ઠાન;
ત્રીજું નાભીપ્રદેશે પ્રમાણો, તેનું નામ મણીપુર જાણો. ૫૭
ચોથું ચક્ર હૃદયમાં બિરાજે, તેનું નામ અનાહત છાજે;
ચક્ર પાંચમું કંઠે છે ભ્રાત, તેનું નામ વિશુદ્ધિ વિખ્યાત. ૫૮
આજ્ઞાચક્ર તે છઠ્ઠું ગણાય, બેય ભમરોની વચ્ચે મનાય;
એ તો ધારણાની કહી રીત, કહું ધ્યાનની રીત ખચીત. ૫૯
યમ આદિ કહ્યાં ષટ અંગ, તેનો પામીને પૂરો પ્રસંગ;
મન શુદ્ધ તે જોગીનું થાય, મોક્ષબાધક સંચિત જાય. ૬૦
પછી પ્રભુપદ પ્રેમ વધારે, એવું ધ્યાન જોગીજન ધારે;
કિયે સ્થાને કૃષ્ણને ધારી, ધરે ધ્યાન તે કહું છું વિચારી. ૬૧

**સ્રગ્ધરાવૃત્ત :**

નાભિસ્થાને રહેલું, અમળ[1] કમળ છે પત્ર તો અષ્ટવાળું,
જે રંભા[2]કોશ જેવું, રવિસુત[3]સમની નાળવાળું રુપાળું;
હેઠું છે આસ્ય[4] એનું, પ્રણવ સ્વર થકી ઉર્ધ્વ આસ્યે ફુલેલું,
ધ્યાની ત્યાં ધ્યાન ધારે,ધરી રૂપ હરિનું જ્યોતિ મધ્યે રહેલું. ૬૨
પૃથ્વીમાં જે પ્રભુયે, અમિત[5] તનું ધરી તેનું પ્રત્યંગ યાન[6],
તેનાં વસ્ત્રાદિકોનું, રચિત છબી તણું ધ્યાન તે તે સમાન;
કે પ્રત્યક્ષ પ્રભુનાં, કર પદ મુખનું ધ્યાન તે યોગી ધારે,
ભેદી આવર્ણ અષ્ટે, ભવજળ તરીને બ્રહ્મધામે પધારે. ૬૩



૧.સ્વચ્છ ૨.કેળનો ડોડો ૩.કમળ ૪.મુખ ૫.અપાર ૬.વાહન



**ચોપાઈ :**

હરિમૂર્તિ અખંડ સંભારે, અંગ જુદાં જુદાં નહિ ધારે;
એને અંગી સમાધિ કહે છે, તેના પણ સાંભળો ભેદ બે છે. ૬૪
ધ્યાન ધરવાને યોગ્ય સદાય, એવા કૃષ્ણની મૂરતિમાંય;
મન તૈલધારા સમ રાખે, સમાધિ તે સંપ્રજ્ઞાત ભાખે. ૬૫
ચિત્તની સર્વ વૃત્તિયો જેહ, થાય મૂર્તિ વિષે મગ્ન તેહ;
અસંપ્રજ્ઞાત એ છે સમાધી, સિદ્ધ થાય મહાયોગી સાધી. ૬૬
એમ અષ્ટાંગ યોગ સધાય, તે તો જોગી સ્વતંત્ર ગણાય;
રહે બ્રહ્માંડમાં વસ્તુ કાંઈ, નાડી દ્વારે દેખે દિલમાંઈ. ૬૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વૃષસુત હરિ એમ યોગ અંગ, મુનિજનને શિખવે ધરી ઉમંગ;
કૃત મુનિજન કૈંક સિદ્ધ સાધી, સુખથી કરે જ સ્વતંત્ર થૈ સમાધી. ૬૮

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે અષ્ટાંગયોગ-પ્રકરણનામા પંચમો વિશ્રામઃ ॥૫॥***

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો ભૂપ અભેસિંહ આપ;
રામાનંદને હરિ તણો, હવે વર્ણવી કહું છું મેળાપ. ૧

**ચોપાઈ :**

કરી લોજનગરમાં વિરામ, ઘણી લીલા કરી ઘનશ્યામ;
કર્યા દિવ્ય ચરિત્ર અનેક, નવ આવે ઉચરતાં છેક. ૨
જળઝીલણી દસરા દિવાળી, એ જ રીતે પ્રબોધિની ભાળી;

વળી વસંતની જે પંચમી, ફુલદોળ ને રામનવમી. ૩
ભીમ એકાદશી કહેવાય,કર્યા એટલા ઉત્સવ ત્યાંય;
રામાનંદ સ્વામી નવ આવ્યા, ભુજમાં હરિભક્તે રોકાવ્યા. ૪
થયા શ્રીહરિ તેથી ઉદાસ, બોલ્યા મુક્તાનંદ મુનિ પાસ;
વઈશાખનો વાયદો ગયો, સ્વામી કેરો મેળાપ ન થયો. ૫
રામાનંદજી આવશે ક્યારે ? ક્યારે મેળાપ થાશે અમારે ?
સુણી બોલિયા મુક્તાનંદ, રહો ઉરમાં ધરી આનંદ. ૬
સ્વામી આવશે આજ કે કાલ, ધરો ધીરજ દિલમાં દયાળ;
પછી સંવત શતક અઢારે, સાલ છપ્પનમી હતી ત્યારે. ૭
જેઠ કૃષ્ણ દશમ દિન ટાણે, રામાનંદ આવ્યા પીપળાણે;
જ્યારે આકાશે ઉગ્યો દિનેશ, ત્યારે ગામમાં કીધો પ્રવેશ. ૮
મેતા નરસિંહ દ્વિજ ઉનેવાળ, ઉતર્યા તેને ઘેર દયાળ;
એક વિપ્ર કુંવરજી નામ, તેને મોકલિયો લોજ ગામ. ૯
કહ્યું સંતનો સર્વ સમાજ, મળી આવજો દર્શન કાજ;
જૈને વિપ્રે સમાચાર કહ્યા, સુણી સંત સરવ રાજી થયા. ૧૦
ઉગ્યો ચંદ્રમા પાછલી રાતે, ચાલ્યા સંત સરવ ભલી ભાતે;
મળવાની આતુરતા ધરી, સૌએ ઉતાવળી ગતિ કરી. ૧૧
વર્ણીંદ્રનો દુર્બળ દેહ, તેથી થાકી ગયા અતિ તેહ;
કહે સંત દ્યો આજ્ઞા અમને, અમે તેડીને ચાલિયે તમને. ૧૨
સુણી બોલિયા સુંદરશામ, તેડી ચાલવાનું નથી કામ;
હરિ ચાલિયા ધરીને ધ્યાન, વેગે ચાલતા તીર સમાન. ૧૩
વળી વાયુ તણો વેગ જેવો, કર્યો શ્રીહરિયે વેગ તેવો;





સર્વે સંત તો પાછળ રહ્યા, હરિ ઓઝતને તટ ગયા. ૧૪
તેમાં આવિયું પાણીનું પૂર, દેખી હાથિયો પણ ડરે ઉર;
ઘણી વારીની વૃષ્ટિ થયેલી, સરિતા થઈ તે થકી ઘેલી. ૧૫
જળ જોરે કરે ઘુઘવાટ, જવા ક્યાંઈ જડે નહિ વાટ;
પ્રભુયે કર્યો જળમાં પ્રવેશ, અંગે આંચ આવી નહી લેશ. ૧૬
જળ ઉપર કમળ રહે જેમ, ચાલે શ્રીહરિ જળ પર તેમ;
સિધા તીરની પેઠે ઉતરિયા, સામે કાંઠે જઈ હરિ ઠરિયા. ૧૭
થયો તે સમે પ્રાતસકાળ, દિન એકાદશીનો વિશાળ;
સાધુ સર્વે તે પાછળ આવ્યા, તટે આવીને ત્રાપા મંગાવ્યા. ૧૮
મહા કષ્ટે સામે પાર ગયા, હરિને જોઈ વિસ્મિત થયા;
કરી નિત્યક્રિયા સંતે ત્યાંય, પછી સર્વે ગયા ગામમાંય. ૧૯
રામાનંદ પાસે ઘનશ્યામ, દંડવત થઈ કીધો પ્રણામ;
રામાનંદે તરત ઉભા થઈ, ચાંપ્યા છાતિયે ઉપાડી લઈ. ૨૦
વાણી ગદ્ગદ કંઠે ઉચારી, વહ્યાં બેયના નેત્રથી વારી;
આવે મળવા ગમે તેવો હોય, ચાંપી છાતિયે મળતા ન તોય. ૨૧
તેણે એવું મોટું માન દીધું, મન સર્વેનું વિસ્મિત કીધું;
સર્વ સંત નમ્યા પુરી પ્રીતે, બેઠા જેમ ઘટે તેવી રીતે. ૨૨
પાટ ઉપર તો ગુરુ બેઠા, હરિ બેઠા આસન પર હેઠા;
અન્યોઅન્ય જોડી દષ્ટિ પ્રીતે, તે તો ચંદ્ર ચકોરની રીતે. ૨૩
રામાનંદે પછી રુડી રીતે, પૂછી સૌની કુશળતા સુપ્રીતે;
મુક્તાનંદને પૂછીયું ત્યારે, બ્રહ્મચારી આ આવ્યા છે ક્યારે ? ૨૪
મુક્તાનંદ બોલ્યા તેહ વારે, આવ્યા શ્રાવણ વદ છઠ જ્યારે;

વળી સ્વામી બોલ્યા તેહ ઠામ, સદાવ્રત આપણે ઘણે ગામ. ૨૫
કરી રાખ્યાં હતાં જેને કાજ, એ તો આવિયા આ મહારાજ;
થયા એમ કહીને પ્રસન્ન, મોદ માય નહી નિજ મન. ૨૬
પછી પૂછ્યું પ્રભુ પ્રત્યે ધારી, કહો ક્યાંથી આવ્યા બ્રહ્મચારી ?
જગન્નાથ આદિ તીર્થ કરતા, અહીં આવ્યા છૈયે અમે ફરતા. ૨૭
રામાનંદ કહે જશો ક્યાંય ? ત્યારે બોલિયા શ્રીહરિ ત્યાંય;
આપના સતસંગમાં રહેશું, બીજે ક્યાંઇ જવાનું ન કહેશું. ૨૮
રામાનંદ કહે સુણો વાત, જે જે છે જગમાં જનજાત;
વસે છે સારું જાણી ઠેકાણું, સારું તે જેને જ્યાં સમજાણું. ૨૯
કેને શહેર કે ગામડું ગમે, વનમાં મન કોઇનું ભમે;
જન જનની છે સમજણ ન્યારી, સમજીને વસે નરનારી. ૩૦
તમે શું સમજી આંહી રહેશો ? સાધુને સંગે શું સુખ લેશો ?
તપ કરવું પડે સાધુ સંગે, સુખ અલ્પે ન ઇચ્છાય અંગે. ૩૧
વરતાય ન સ્વેચ્છા પ્રમાણે, મિતાહાર મળે કોઈ ટાણે;
વળી કરવી પડે નીચી ટેલ, સંતમાં વસવું નથી સેલ. ૩૨
માન અપમાન સાંખવું પડે, મન નાશી જવા ઘાટ ઘડે;
રહેવું સર્વના શિષ્ય થૈને, પ્રકૃતિ તનની તજી દૈને. ૩૩
તમે શું સમજી મુનિરાજ ? અહીં રહેવાને ઇચ્છો છો આજ;
સુણી બોલિયા શ્રીઘનશામ, દિસે કલ્યાણ તો આજ ઠામ. ૩૪
બહુ હું ફર્યો દેશ વિદેશ, ક્યાંઇ કલ્યાણ દીઠું ન લેશ;
નથી દૈહિક સુખ જોતું મારે, નથી માનને ઇચ્છતો ક્યારે. ૩૫
કહેશો તમે તેમ કરીશ, રાખશો આપ તેમ રહીશ;





મોટા શહેરના ચૌટા મોઝાર, કહો તો બેસું જૈ વર્ષ બાર. ૩૬
કહો તો વસુ જૈ ઘોર વનમાં, સુખ આજ્ઞામાં માનીશ મનમાં;
નથી અંતરમાં અન્ય આશ, ઇચ્છું કલ્યાણ આપની પાસ. ૩૭
બોલ્યા શ્રીહરિ એવાં વચનને, તે તો સમજાવાને દૈવી જનને;
પોતે છે સઉના પરમેશ, નથી સાધન સાધવું લેશ. ૩૮
રામાનંદ કહે મુનિરાજ, નકી કલ્યાણનું હોય કાજ;
કરો તીરથ દ્વારિકા કેરું, તેથી પામશો પુણ્ય ઘણેરું. ૩૯
સુણી બોલ્યા શ્રીજી વેણ સારાં, થયાં દર્શન આજ તમારાં;
તીર્થજાત્રાઓ સૌ થઇ પૂરી, નથી એ વિષે એકે અધૂરી. ૪૦

**તીર્થયાત્રા વિષે : ઉપજાતિવૃત્ત :**

તીર્થે જવું તે સતસંગ કામ, જ્યારે મળે સદ્‌ગુરુ જેહ ઠામ;
ત્યારે થયાં તીરથ સર્વ પૂરાં, જ્ઞાની જનો તો ન ગણે અધૂરાં. ૪૧
ચિંતામણીની થઇ પ્રાપ્તિ જેને, બદામ[1]ની ગર્જ રહે ન તેને;
જેને મળે સદ્‌ગુરુજી સમર્થ, કલ્યાણનાં સાધન સર્વ વ્યર્થ. ૪૨
ગંગા તણા જ્યાં જળના તરંગ, પામે જ તેનો જન જે પ્રસંગ;
કૂવો તટે ત્યાં ખણવા ચહાય, ગમાર પૂરો જન તે ગણાય. ૪૩
સત્સંગથી જો નહિ શાંતિ થાય, કલ્યાણમાં સંશય જો જણાય;
કાં તો નહીં સદ્‌ગુરુ તેહ સાચો, કાં શિષ્ય જ્ઞાની કહિયે જ કાચો. ૪૪
કાઢી લીધા તાંદુળ[2] શાળ[3]માંથી, શરીર પામે સુખ જે જમ્યાથી;
ખાંડે પછી ફોગટ ફોતરાંને, તેને મહા મૂરખ સર્વ માને. ૪૫
જો સદ્‌ગુરુ ઇશ્વર આપ હોય, જે જે કહે તે કરવું જ તોય;
અધર્મ કે ધર્મ ગણે ન છેક, આજ્ઞા ગુરુની શુભ ધર્મ એક. ૪૬



૧.પૈસો,હિસાબમાં વપરાતું હલકું ચલણ ૨.ચોખા ૩.ફોતરા

દહીં વલોવી નવનીત[1] લીધું, હતું કર્યાનું કૃત તેહ કીધું;
વલોવશે છાશ વિશેષ તોય, જાણું મહા મૂરખ તેહ હોય. ૪૭
સત્સંગી થૈ ભાવ ભલો જ ભાખે, જે અન્ય આસ્તા ઉર માંહી રાખે;
તો મર્મ તે તો સમજ્યો ન કાંઇ, ભલે પડ્યો તે સતસંગમાંઇ. ૪૮

**ચોપાઇ :**

આજ્ઞા આપની શીશ ધરીશ, કહેશો આપ તેમ કરીશ;
એવાં સાંભળી વચન રસાળ, રામાનંદ રીઝ્યા તતકાળ. ૪૯
રામાનંદ બોલ્યા વળી વાણી, મુક્તાનંદ સુણો મુદ આણી;
બીજા જુગમાં પ્રભુ એમ કરતા, ભક્તરક્ષણ ચક્રને ધરતા. ૫૦
કળીજુગ માંહી ચક્ર તે આજ, નથી મુક્તા કેમ મહારાજ?
આજ ભક્ત નહીં હોય એવા, બીજા જુગમાં હતા ભલા જેવા. ૫૧
કે શું કૃષ્ણે કૃપા ઓછી કરી, ચિંતા ભક્તની નહિ આજ ધરી;
એનો ઉત્તર સમજીને આપો, કેમ કોઇનો સંશય કાપો. ૫૨
મુક્તાનંદ કહે ગુરુરાય, નહિ મુજથી તે ઉત્તર થાય;
આજ આવ્યા છે આ બ્રહ્મચારી, આપે ઉત્તર એહ વિચારી. ૫૩
પછી પૂછીયું વર્ણીને જ્યારે, બોલ્યા તે બ્રહ્મચારીજી ત્યારે;
બીજા જુગમાં હતા ભક્ત જેહ, અંબરીષ આદિક નૃપ તેહ. ૫૪
એથી ઉત્તમ આજના જન, રક્ષા દૈહિક ઇચ્છે ન મન;
કામ ક્રોધ લોભાદિક દુષ્ટ, તેથી રક્ષા થકી રહે તુષ્ટ[2]. ૫૫
હોય હથિયારબંધ હજાર, તોય રક્ષા ન તેથી થનાર;
ચક્ર જ્ઞાનરૂપી બળવાન, તેજ આદિત્ય[3] અયુત[4] સમાન. ૫૬
તેને મૂકે છે શ્રીમહારાજ, નિજ ભક્તના રક્ષણ કાજ;



૧.માખણ ૨.અંતરપૂર્ણ,શાંત ૩.સૂર્ય ૪.દસ હજાર



મોટો અજ્ઞાનનો અંધકાર, જ્ઞાનચક્ર થકી જ જનાર. ૫૭
એવું ચક્ર પ્રભુ જો ન મૂકે, કોઇ ધર્મ પાળી નવ શકે;
કામ ક્રોધ થકી ન ઉગાર્યા, હર બ્રહ્મા ને નારદ હાર્યા. ૫૮
બીજા જુગ કરતાં પણ આજ, દયા અધિક ધરે મહારાજ;
ભક્તો માગે છે રક્ષણ જેવું, કરે છે પ્રભુ તરત જ તેવું. ૫૯
એવી વાતો વિવિધ પ્રકાર, રામાનંદે કરી એહ વાર;
જેમ ચંદ્ર ઉદય જ્યારે થાય, અતિ સાગર જળ ઉભરાય. ૬૦
સ્નેહસાગર ત્યાં ઉભરાયો, મર્મ કોઇ થકી ન કળાયો;
પછી વરણીને પૂછી વાત, કોણ માત તાત કોણ જાત ? ૬૧
કયા દેશમાં ધર્યો છે દેહ ? વર્ણિરાજ કહો સર્વ તેહ;
સુણી બોલિયા સુંદર શામ, ધર્યો દેહ તો છપૈયા ગામ. ૬૨
ધર્મ ભક્તિ પિતા અને માત, વિપ્ર સરવરિયા વિખ્યાત;
રામાનંદ કહે તે તમારાં, માત તાત છે શિષ્ય અમારાં. ૬૩
મોટું તીર્થ પ્રયાગ છે જ્યાંય, અમે આપ્યો છે ઉપદેશ ત્યાંય;
તેના પુત્ર તમે છો પાવન, દિસો સદ્‌ગુણ કેરા સદન[1]. ૬૪
તપ તીવ્ર કરો છોજી તમે, સાધ્યો અષ્ટાંગયોગ આ સમે;
ભલે આવ્યા તમે મહારાજ,અતિ રાજી થયા અમે આજ. ૬૫
કહે વર્ણી[2] સુણો હે રાય, હરિ સમરથ સૌથી ગણાય;
ગણે સ્વામીને નિજથી વિશેષ, શિષ્યભાવે રહ્યા પરમેશ. ૬૬
જે જે પ્રશ્ન તે વર્ણી પૂછે છે, રામાનંદજી ઉત્તર દે છે;
એ જ અવસરે શ્રીઅવિનાશ, પૂછ્યું પ્રશ્ન રામાનંદ પાસ. ૬૭
તમે ઇશ્વર છો સનાતન, કે શું આજ્ઞાકારી ભગવન ?



૧.ઘર, સ્થાન ૨.અચિંત્યાનંદ બ્રહ્મચારી

સુણી સ્વામી બેઠા મુખ ફરી, બીજા ભક્ત સાથે વાત કરી. ૬૮
વળી વર્ણી સામું જોયું જ્યારે, ફરી પૂછિયું તે પ્રશ્ન ત્યારે;
નવ ઉત્તર દીધો લગાર, ત્યારે પૂછિયું ત્યાં ત્રીજી વાર. ૬૯
કાંઇ મીષ લઇ ઉઠી ગયા, ફરી આવી વિરાજિત થયા;
બેઠો એક જમાદાર આવી, સ્વામીયે ત્યાં સમાધિ કરાવી. ૭૦
એને દેખાડ્યું અક્ષરધામ, અલ્લારૂપે દીઠા ઘનશામ;
ઘણા ઉભા છે અલ્લાના દાસ, રામાનંદ ઉભા એક પાસ. ૭૧
આવ્યો તે પછી દેહમાં જ્યારે, ઉંચે સ્વર થકી ઉચ્ચર્યો ત્યારે;
આ શી હિંદુની ઉલટ રીત ? ઘણી લાગે છે તે અઘટીત. ૭૨
મુરશદ[1] ઉંચે આસને બેઠા, અને અલ્લા તો બેઠા છે હેઠા;
રામાનંદે ત્યાં વાણી ઉચ્ચારી, એ છે રીત અસલની અમારી. ૭૩
ઉંચા બેસતા વિપ્ર વસિષ્ઠ, નીચે બેસતા રામ વરિષ્ઠ;
એવાં વચન સુણી વૃષલાલ, મંદ મંદ હસ્યા તતકાળ. ૭૪
પગે લાગી ગયો જમાદાર, થયું અચરજ સૌને અપાર;
રામાનંદજી બોલ્યા વચન, સુણો સૌ સંત ને હરિજન. ૭૫
આજ આવ્યા રુડા યોગીરાજ, યોગિની છે એકાદશી આજ;
કરી ઉત્સવ હરખિત થઇયે, નદી ઓઝતે ન્હાવાને જઇયે. ૭૬
વાજાં વિધવિધ કેરાં મંગાવો, સંતો તાલ મૃદંગ બજાવો;
પગે ચાલતા ચાલતા જૈયે, ઘણા જજ્ઞ તણું ફળ લૈયે. ૭૭
આજ ઉત્તમ દિવસ છે એવો, મહા તપફળ પામિયે તેવો;
આજ સૂર્ય આ કેવો પ્રકાશે, નહીં તીવ્ર ને નિર્મળ ભાસે. ૭૮
વાયુ ત્રિવિધ પ્રકારનો વાય, મંદ શીતલ સુગંધ જણાય;



૧.ઓલિયો, ધર્મ ઉપદેશક



હર્ષ ઉભરાય છે આજ ટાણે, તેનું કારણ તો હરિ જાણે. ૭૯
ન્હાવા જાવાને તત્પર થયા, વાજતે ગાજતે સહુ ગયા;
જેમ યજ્ઞ પુરો થાય જ્યારે, કરે સ્નાન અવભ્રથ[1] ત્યારે. ૮૦
મળ્યા પ્રત્યક્ષ સારંગપાણી, જોગયજ્ઞ પૂરો થયો જાણી;
નદી ઓઝતમાં રામાનંદે, સ્નાન અવભ્રથ કીધું આનંદે. ૮૧
હરિ સામું જુએ વારે વારે, મૂરતિ મન માંહી ઉતારે;
જાણે આજ સુકૃત ફળ ફળિયું, કોટિ જજ્ઞ તણું ફળ મળિયું. ૮૨
આવે પૂર્વથી જળનો પ્રવાહ, રામાનંદ બેઠા એહ રાહ;
બેઠા પશ્ચિમ દિશ તેની પાસ, મુક્તાનંદ ને શ્રીઅવિનાશ. ૮૩
કરે સ્નાન ને કીર્તન ગાય, જળ છાતી સમાણું જણાય;
થયું કીર્તન તે પુરું જ્યારે, ઘનશામે પૂછ્યું પ્રશ્ન ત્યારે. ૮૪
કહો ઇશ્વર છો તમે કેવા ? જદુનાથ કે રામજી જેવા;
રામજીયે તો રાવણ માર્યો, ગાદીયે વિભીષણને બેસાર્યો. ૮૫
રામે કામ કર્યા એવાં એવાં, તમે શાં કામ કીધાં છે તેવાં ?
ત્યારે બોલ્યા રામાનંદ તેહ, કહું કામ કર્યા અમે જેહ. ૮૬
રાજા જનક તે મનને જ જાણો, મનવૃત્તિ તે સીતા પ્રમાણો;
વાસના જે વિષયની સજોર, કહું ધનુષ તે શિવનું કઠોર. ૮૭
અન્ય તોડી શકે નહીં એને, અમે તરત તોડી નાંખ્યું તેને;
જાણો આત્મા અમારો તે રામ, તેને સીતા વરાવી તે ઠામ. ૮૮
કહું રાવણ તે અહંકાર, થયો સીતાને હરવા તૈયાર;
દેહરૂપી લંકાનો તે રાય, જેને કોઇ થકી ન જીતાય. ૮૯
મહાપાપી તે પોતાના પુરમાં, ઇચ્છે સીતાને રાખવા ઉરમાં;



૧.યજ્ઞ પૂર્ણાહુતિનું સ્નાન, શુદ્ધિ માટેનું સ્નાન

અમે જ્ઞાનાગ્નિ પ્રગટ કરીને, બાળી નાખી લંકા નગરીને. ૯૦
વિભીષણ તે તો જાણો વૈરાગ, તેને વૈર રાવણશું અથાગ;
અમે રાવણ રાક્ષસ માર્યો, વિભીષણ રાજપાટે બેસાર્યો. ૯૧
વાત એહ જે જે જન જાણે, એ તો ઈશ્વર અમને પ્રમાણે;
સ્વામીનાં એવાં સુણીને વચન, હરખ્યા સંત અને હરિજન. ૯૨
પછી નીરથી નીસરી બહાર, કોરાં વસ્ત્ર ધર્યાં તેહ વાર;
દિધાં વિપ્ર સુપાત્રને દાન, ગણી દિન મહાપર્વ સમાન. ૯૩
દીઠો વડ એક ઘેરગંભીર, બેઠા ત્યાં જઇને થઇ સ્થીર;
વડ સંઘાઈનો તેનું નામ, ઠંડી છાયા ભલી તેહ ઠામ. ૯૪
સભા સંતને સત્સંગી કેરી, સજી ત્યાં તે તો શોભે ઘણેરી;
જાણે એ અવસર એહ ઠામ, આવીને વસ્યું અક્ષરધામ. ૯૫
સ્વામી બોલ્યા વળી શુભ વાણી, સુણો સૌ ઉર ઉત્સાહ આણી;
આજ આ જોગી આવ્યા છે જેવા, નથી બ્રહ્માંડમાં અન્ય એવા. ૯૬
માટે આજનો દિન ગણો એવો, જન્માષ્ટમીનો દિન જેવો;
જ્યારે વર્ષમાં આ દિન આવે, મહા પાવન પર્વ કહાવે. ૯૭
થયો યોગીનો યોગ આ ઠામ, યોગીની આ એકાદશી નામ;
આવી સત્સંગી સૌએ આ સ્થાન, કરવું નદી ઓઝતે સ્નાન. ૯૮
દાન વિપ્ર સુપાત્રને દેવું, હોય જે જનને ધન જેવું;
વળી સંતોને પૂજવા પ્રીતે, તેથી રીઝે પ્રભુ રુડી રીતે. ૯૯
પછી આવ્યા સહુ પુરમાંય, વાજાં વાજે ને કીર્તન ગાય;
એવી રીતે ઉતારામાં આવ્યા, કરી ઉત્સવ મુદ ઉપજાવ્યા. ૧૦૦
બીજે દિન પારણું કર્યું પ્રીતે, વાસ ત્યાં જ વશા રુડી રીતે;





સતાવનમી પછી સાલ આવી, દેવપોઢણી જનમન ભાવી. ૧૦૧

**પૂર્વછાયો :**

આવી હરિજન્માષ્ટમી, કર્યો ઉત્સવ રૂડી રીત;
આવી ગણેશ ચતુર્થિકા, પૂજ્યા ગણપતિ ધરી પ્રીત. ૧૦૨

**ચોપાઈ :**

જળઝીલણી તો આવી જ્યારે, થયો સારો સમૈયો તે વારે;
દેશદેશના હરિજન આવ્યા, ભલી ભેટ સામગ્રિયો લાવ્યા. ૧૦૩
રામાનંદે પૂજ્યા ગણપતિ, થયું અચરજ એ સમે અતિ;
સૌએ દીઠા ગણેશને ઠામ, ધર્મપુત્ર પ્રભુ ઘનશામ. ૧૦૪
કોટિ સૂર્ય શશી સમ તેજ, દીઠું શીતલ સુંદર એ જ;
ઘણી વાર તે તેજ જણાયું, પછી વર્ણીના તનમાં સમાયું. ૧૦૫
સૌને અચરજ લાગ્યું અતીશે, વરણીનો પ્રતાપ તે દિસે;
ગયા ઠાકોર જળ ઝીલવાને, ગણનાથને પધરાવવાને. ૧૦૬
વરઘોડો ચડ્યો ઘણો સારો, મળ્યા જોવાને લોક હજારો;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, તેથી અવની ને આકાશ ગાજે. ૧૦૭
વાજે ત્રાંસા ને તાલ મૃદંગ, શરણાઇ ઉપંગ[૧] ને ચંગ[૨];
કોઇ ગાય બજાવીને તાળી, રચના થઈ રૂડી રુપાળી. ૧૦૮
બહુ ઉડે અબીર ગુલાલ,થયો આકાશ એ થકી લાલ;
વળી ત્યાં બહુ બંદૂકો છૂટે, જેમ ધાણી કડાઈમાં ફૂટે. ૧૦૯
નદી ઓઝત તીર વિચરી, જળ ઝીલવાની ક્રિયા કરી;
ગણનાથને ત્યાં પધરાવ્યા, પછી સૌ મળી પુરમાં આવ્યા. ૧૧૦
સમૈયો કરીને શુભ પેર, જન સર્વ ગયા નિજ ઘેર;



૧.દેશી વાજુ ૨.ઘંટ, ટોકરો

દસરાનો દિવસ પછી આવ્યો, ત્યારે ઉત્સવ સારો કરાવ્યો. ૧૧૧
એ જ રીતે શોભાવી દિવાળી, અન્નકૂટ દિને હદ વાળી;
એમ કરતાં પ્રબોધિની આવી, હરિભક્તના મનમાં તે ભાવી. ૧૧૨
દેશ દેશ થકી સંઘ આવ્યા, ઘણી ભેટ ભલી વિધ લાવ્યાં;
એ જ દિવસે રામાનંદ પાસ, કર જોડી કહે અવિનાશ. ૧૧૩
તમે વિજ્ઞાનવાન વિભૂ છો, મારા માતાપિતાના ગુરૂ છો;
મહાદીક્ષા મને આજ આપો,મારે માથે તમે હાથ થાપો. ૧૧૪
સારી સાંભળીને તેવી વાત, રામાનંદ થયા રળીયાત;
બોલ્યા દીક્ષા તે દેવાનું ધારી, ધન્ય ધન્ય તમે બ્રહ્મચારી. ૧૧૫
તીવ્ર વૈરાગ્ય ધન્ય તમારો,તમે સંસાર જાણ્યો છે ખારો;
તમે જન્મથી છો ઊર્ધ્વરેતા, તમતુલ્ય નથી બ્રહ્મવેત્તા. ૧૧૬
તમે દીક્ષા લીધા વિના આપ, કોટિ જનને કરો નિષ્પાપ;
એવા સમરથ છો શ્રીહરિ, કરો ઉદ્ધાર સકંલ્પે કરી. ૧૧૭
તમે સ્થાપ્યો છે વેદનો ધર્મ, તેનો મૂળ વિચારીને મર્મ;
સૌને શિખવવાને જ કાજ, દીક્ષા લેવા ઇચ્છો મહારાજ. ૧૧૮
એમ કિધી પ્રશંસા તે સારી, દીક્ષા દેવા સમય નિરધારી;
હરિજન મળી ઉત્સવ કર્યો, ઉરમાં અતિ આનંદ ભર્યો. ૧૧૯
પછી શાસ્ત્ર તણો કરી વિધિ, મહામંત્રની દીક્ષા તે દીધી;
ધાર્યું નામ શ્રીસહજાનંદ, નારાયણમુનિ નામ સ્વછંદ. ૧૨૦
આપી વેદોક્ત વૈષ્ણવી દીક્ષા, આપી સદ્‌ગુરુ થૈ વળી શિક્ષા;
ધર્મ પાળજો રહી નિષ્કામી, વળી સૌને પળાવજો સ્વામી. ૧૨૧
જેમ હીરાને ઓપ ચડાવ્યો, એમ ધર્મીને ધર્મ બતાવ્યો;





જે જે ધર્મ ને નિયમ બતાવ્યા, મહારાજે તે મનમાં ઠરાવ્યા. ૧૨૨

**દોહરો :**

હતું સરોવર તે થયું, સાગરનું સરદાર;
મેરુને મસ્તક જુઓ, મુક્યો હાથ ગિરનાર. ૧૨૩

**પીપળાણાના મહિમાની ગરબી :**

**"નારાયણ નામ લે ને તું પ્રાણી રે" એ રાગ, પદ : ૧**

પરમ શુભ ધામ છે પીપળાણું રે, મોટો મહિમા મુખે શું વખાણું.
પરમ શુભ ધામ છે પીપળાણું રે;
રામાનંદ ને શ્રીહરિ આપરે, તેનો પ્રથમ થયો ત્યાં મેળાપ રે;
પૂરો દેખાડ્યો પ્રગટ પ્રતાપ, પરમ૦ ૧૨૪
જેમાં ભક્તિતનુજ ભગવાને રે, દેહે ધારી મહાદીક્ષાને રે;
તેથી તીર્થ થયું તેહ સ્થાને, પરમ૦ ૧૨૫
આપ અક્ષરધામના ધામી રે, પીપળાણામાં દીક્ષા પામી રે;
થયા શ્રીસહજાનંદ સ્વામી, પરમ૦ ૧૨૬
ધર્યો જન્મ છપૈયામાં જેમ રે, પીપળાણે દીક્ષા ધરી તેમ રે;
બેમાં ઓછું અધિક કહું કેમ, પરમ૦ ૧૨૭
દિસે સોરઠ દેશમાં સારું રે, પુરું પ્રગટ પ્રભુને છે પ્યારું રે;
બડાં તીર્થ તેના પર વારું, પરમ૦ ૧૨૮
મે'તા નરસિંહને ધન્ય ધન્ય રે, એ તો ભક્ત પ્રભુના અનન્ય રે;
એના જેવા જોયા નહિ અન્ય, પરમ૦ ૧૨૯
જેને ઘેર રહ્યા ઘનશામ રે, કર્યાં કોટિક જીવનાં કામ રે;
ધારો તે જેવું ધર્મનું ધામ, પરમ૦ ૧૩૦

દયાસાગરે દિલ દયા લાવી રે, કૈંક જનને સમાધિ કરાવી રે;
દીધા બહુ નિજધામ બતાવી, પરમ૦ ૧૩૧
નદી ઓઝત છે એહ ઠામ રે, ઘણી વાર નાહ્યા ઘનશામ રે;
તેથી ત્યાં વસે તીર્થ તમામ, પરમ૦ ૧૩૨
દ્વારિકા મથુરા હરદ્વાર રે, એવાં તીર્થ તો ત્યાં છે અપાર રે;
કોણ માત્ર કાશી ને કેદાર, પરમ૦ ૧૩૩
જન જનમીને જગત મોઝાર રે, ત્યાં ન તીર્થે ગયો એક વાર રે;
એનો એળે ગયો અવતાર, પરમ૦ ૧૩૪
તીર્થશ્રાદ્ધ ત્યાં જૈ જન કરશે રે, એના પૂર્વજ નિશ્ચે ઉદ્ધરશે રે;
સ્થિર અક્ષરમાં જઈ ઠરશે, પરમ૦ ૧૩૫
કરે ત્યાં જપ તપ વ્રત દાનરે, સંતાનાર્થી પામે સંતાન રે;
ધનઅર્થી પામે ધન ધાન, પરમ૦ ૧૩૬
પામે જેવું જે ચિત્તે ચહે છે રે, મોક્ષઅર્થી તો મોક્ષ લહે છે રે;
રઘુવીરસુતસુત[1] કહે છે, પરમ૦ ૧૩૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અતિ મતિ ગતવંત નાથ જે છે, સકળ ગુરૂ સકળેશ આપ એ છે;
નરતનું ધરિને ચરિત્ર કેવાં, અકળ કરે વળી તીર્થ થાન તેવાં. ૧૩૮

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે પિપ્પલગ્રામે શ્રીહરિ-વૈષ્ણવીમહાદીક્ષાગ્રહણનામા ષષ્ઠો વિશ્રામઃ ॥૬॥***

**પૂર્વછાયો :**

ભૂપ કહે વર્ણી સુણો, તમે કથા સુણાવી સાર;



૧.વિહારીલાલજી મહારાજ



રામાનંદ તમે કહ્યા જે, ઉદ્ધવનો અવતાર. ૧

**ચોપાઈ :**

ધર્મ સ્થાપવા ભૂમિ મોઝાર, ક્યારે આજ્ઞા કરી કરતાર;
ઉદ્ધવી સંપ્રદાય ચલાવ્યો, તેનું મૂળ મને સમઝાવો. ૨
જૂના શાસ્ત્રમાં જો હોય વાત, સંભળાવો મને સાક્ષાત;
વળી ઉદ્ધવે ક્યાં દેહ ધર્યો ? અને કેને તેણે ગુરુ કર્યો ? ૩
જન્મ ધરવાનું કારણ શુંય ? તે તો જાણવા ઈચ્છું છું હુંય;
દયાસિંધુ દયા દિલ લાવો, મને તે કથા સર્વ સુણાવો. ૪
સુણી એવું બોલ્યા બ્રહ્મચારી, કથા તે સાંભળો મન ધારી;
સ્થાપ્યો જે ઉદ્ધવી સંપ્રદાય, મૂળ શ્રીમદ ભાગવતમાંય. ૫
અઠાવીશમા દ્વાપર અંતે, બહુ પૃથ્વીને પીડી અસંતે;
ભૂપરૂપે થયા ભૂમિભાર, તેણે કીધા અધર્મ અપાર. ૬
ધરા[1] ધેનુ[2]તણું રૂપ ધરી, ઈંદ્ર બ્રહ્મા પાસે પરવરી;
કર્યો પીડાનો બહુ પોકાર, સર્વ દેવે સુણ્યો તેહ વાર. ૭
સૌએ કૃષ્ણની પ્રાર્થના કરી, દયાસાગરે દીલમાં ધરી;
આપે ઈચ્છ્યા લેવા અવતાર, ભારે ભૂમિનો હરવાને ભાર. ૮

**ઉપજાતિવૃત્ત :**

ભૂમિ તણો ભાર ઉતારવાને, ધરા વિષે ધર્મ પ્રસારવાને;
ધર્યાં વસુદેવ થકી શરીર, શ્રીકૃષ્ણને શ્રીબળદેવ વીર. ૯
શ્રીઅર્જુને તો કુરુ કુળમાંય, ધર્યો ધરામાં નરદેહ ત્યાંય;
તે ત્રણ્ય વીરે અસુરો વિદાર્યા, ભૂમિ તણા ભાર ઘણા ઉતાર્યા. ૧૦
સ્વધામ જાવા હરિયે વિચાર્યું, ત્યારે વળી અંતર એમ ધાર્યું;



૧.પૃથ્વી ૨.ગાય

રહ્યો હજી જાદવ વંશ શેષ, તે ભારને સંહરવો અશેષ. ૧૧
ઋષી તણા શાપ મિષે વિચારી, સંહાર તેનો કરવાનું ધારી;
જાણ્યું સ્વઇછીત પુરું કરીશ, સ્વધામ પ્રત્યે પછી સંચરીશ. ૧૨
વળી વિચાર્યું ઉર માંહી ત્યારે, વિનાશ થાશે જદુ વંશ જ્યારે;
સ્વધામ હું દેહ તજી પધારું, આપીશ કેને અહિં જ્ઞાન મારું. ૧૩
સુધર્મ કેરો શુભ સંપ્રદાય, કેના વડે ભૂતળમાં સ્થપાય;
ભાસે ગુણોથી મુજ તુલ્ય જેહ, કરી શકે જ્ઞાન પ્રસાર તેહ. ૧૪
જેથી ઘણા માણસ મોક્ષ પામે, જરા તથા મૃત્યુનું કષ્ટ વામે;
એવા ઘણા ઊર વિચાર આણ્યા, સ્વતુલ્ય તો ઉદ્ધવને જ જાણ્યા. ૧૫
જાણે અભિપ્રાય સમગ્ર મારા, છે આત્મજ્ઞાની મુજ ભક્ત સારા;
પ્રસારશે તે મુજ સંપ્રદાય, માટે રહે ઉદ્ધવ પૃથ્વીમાંય. ૧૬
તે વાત તો સ્કંધ ત્રીજા વિષે છે, સત્સંગનું મૂળ તહાં દિસે છે;
પછી પ્રભુયે નિજજ્ઞાન દીધ, તે સ્કંધ એકાદશમાં પ્રસિદ્ધ. ૧૭
વળી કહ્યું ઉદ્ધવને ઉમંગે, રહો તમે જૈ બદરીશે[1] સંગે;
દ્વારાવતીમાં થઈ વાત તેહ, જાણે ભણેલા જન હોય જેહ. ૧૮

**ચોપાઈ :**

પછી સર્વ જાદવ સંગે લૈને, કર્યો નાશ પ્રભાસમાં જઇને;
કર્યું પીપળા પાસ આસન, નિજધામ જાવાનું છે મન. ૧૯
આવ્યા મૈત્રેય જ્ઞાનનિવાસ, નમી બેઠા શ્રીકૃષ્ણની પાસ;
કૃષ્ણ કહેતા હતા જ્ઞાન જ્યાંય, આવ્યા ઉદ્ધવજી પણ ત્યાંય. ૨૦
વળી સાંભળ્યું તે જ્ઞાન તેણે, મીઠા અમૃત સરખાં વેણે;
કૃષ્ણે ઉદ્ધવને દાસ માની, તેને પાદુકા આપી પોતાની. ૨૧



૧.નરનારાયણ



વળી જ્ઞાનના આચાર્ય કર્યા, તેના અંતરમાં પોતે ઠર્યા;
ગયા કૃષ્ણ સ્વધામ તે સમે, ગયા ઉદ્ધવ બદ્રિકાશ્રમે. ૨૨
મળ્યા વિદુર જમનાને આરે, કહ્યા કૃષ્ણના ત્યાં સમાચારે;
પછી ત્યાં થકી ઉદ્ધવ ગયા, બદરિકાશ્રમે જઇ રહ્યા. ૨૩
જે જે મુક્ત છે ત્યાંના નિવાસી, ગુણાતીતને જગથી ઉદાસી;
ધરી ધરી હરિવરનું ધ્યાન, પામ્યા સારી સ્થિતિ જ્ઞાનવાન. ૨૪
વળી ઉદ્ધવ તેઓની પાસ, કરે કૃષ્ણનું જ્ઞાનપ્રકાશ;
યોગસાધના સાધી સમાધિ, પામ્યા સિદ્ધગતી નિરુપાધિ. ૨૫
પછી ભરતની ભૂમિ મોજાર, કૃષ્ણચંદ્રની આજ્ઞાનુસાર;
સ્થાપવા ઉદ્ધવી સંપ્રદાય, સમો આવ્યો તે કહું છું કથાય. ૨૬
હરિનો દિગવિજય[1] પ્રબંધ, તેમાં છે આ કથાનો સંબંધ;
નિત્યાનંદમુનિ રચનાર, જાણે જે સર્વ શાસ્ત્રનો સાર. ૨૭
ફરી ભરત ભૂમિમાં વિશેષ, કર્યો ઉદ્ધવે બહુ ઉપદેશ;
પ્રભુપાદુકા મસ્તકે ધરી, દેશોદેશ વિષે જ વિચરી. ૨૮
ધરી અંતરે કૃષ્ણનું ધ્યાન, ચારે વરણને આપિયું જ્ઞાન;
થયા આશ્રિત જે જે ભૂપાળ, તેની સંખ્યા કહું છું આ કાળ. ૨૯
જે જે ઉદ્ધવ આશ્રિત થયા, ભવપાર તે ઉતરી ગયા;
ભૂપ ઈક્ષ્વાકુવંશના વીશ, વીશ હયહયવંશી મહીશ. ૩૦
ચોવી પંચાળ દેશના રાજ, શક દેશના પણ એટલાજ;
ભૂપ કલિંગના એકત્રીશ, વીતિહોત્ર ગોત્રી નૃપ વીશ. ૩૧
શુરસેનના બાવિશ જાણો, સત્યાવિશ તો મિથિલ પ્રમાણો;
કુરુકુળના પાંત્રીશ પુરા, થયા આશ્રિત ક્ષત્રિય શૂરા. ૩૨



૧.શ્રીહરિ દિગ્વિજય ગ્રંથ

તેઓ મુક્તપણાને જ પામ્યા, ભવભ્રમણ થકી તે વિરામ્યા;
પછી બદરીપતિની પાસ, કર્યો ઉદ્ધવે જઇને નિવાસ. ૩૩
પછી ભરતખંડે થયા ભૂપ, અતિ કામાંધ પાપસ્વરૂપ;
મોટા સંતોની મશ્કરી કરે, શાસ્ત્ર ઉપર આસ્તા ન ધરે. ૩૪
મહાપદ્મ થયો રાય એક, તેણે મારિયા ભૂપ અનેક;
થયો તે પણ અંત્યે અધર્મી, થયા બ્રાહ્મણો કુટિલ કુકર્મી. ૩૫
મહાપદ્મ પછી થયા રાય, નંદ નામે તે આઠ ગણાય;
દશ મૌરી નામે નૃપ થયા, દશ શૃંગનામે થઇ ગયા. ૩૬
ત્રીશ અંધ્રરાજા તે પ્રખ્યાત, પછી આભીર નૃપ થયા સાત;
પછી દશ થયા ગર્દભીરાય, સોળ કંક નામે કહેવાય. ૩૭
થયા ત્રેવીશ યવન નરેશ, એ તો ધર્મવિરોધી વિશેષ;
મહાપદ્મ પછી જે જે થયા, કોઇ ધર્મી ને અધર્મી રહ્યા. ૩૮
કોઇ ઉદ્ધવના શિષ્ય ડાહ્યા, કોઇ શિષ્યના શિષ્ય ગણાયા;
રહ્યા ઉદ્ધવજી જઇ જેહ, બદરીસ્થળમાં વળી તેહ. ૩૯
તનુઋષિ ને દલુજીરાય, ગામ કલાપના કહેવાય;
એહ આદિક જે ગુણવાન, એને આપિયું ઉદ્ધવે જ્ઞાન. ૪૦
કળિયુગ તણાં વર્ષ સુમારે, સડતાળીશસેં ગયાં જ્યારે;
અતિ ઘોર કળીજુગ વ્યાપ્યો, અસુરે મળી અધરમ થાપ્યો. ૪૧
વેદમારગને તો વિદાર્યો, વામમારગ[1]ને વિસ્તાર્યો;
ગુરૂરૂપે થયા દૈત્ય આવી, તેણે પાપની રીત ચલાવી. ૪૨
નૃપ પણ તેઓના શિષ્ય થયા, તેના દિલમાં મળે નહિ દયા;
ગુરુ આપે ઉંધો ઉપદેશ, જેમાં ધર્મ નહિ લવલેશ. ૪૩



૧.શક્તિપૂજાનો માર્ગ,શૈવનો ફાંટો



કરે પાપીયો પાપ અપાર, થયો ભૂમિ ઉપર બહુ ભાર;
વારેવારે પડે દુષ્કાળ, શેષ વદનથી નીકળે ઝાળ. ૪૪
વારેવારે ભૂમિકંપ થાય, પ્રજા પૃથ્વી ઉપર પીડાય;
વધ્યો ઝાઝો કુસંપ કલેશ, સગા માંહી વિરોધ વિશેષ. ૪૫
ભારે પૃથ્વિ આકુળ અતિ થઇ, મરીચ્યાદિ મુનિ પાસે ગઇ;
ઈંદ્ર બ્રહ્મા અને વાસુદેવ, તેની પાસે ગઇ તતખેવ. ૪૬
સુણી સર્વે બોલ્યા સુખદાઇ, બદરિકાશ્રમે જા તું બાઇ;
નારાયણને તું વિનંતિ કરજે, તારું કષ્ટ સકળ ઉચરજે. ૪૭
અમે પણ સઉ આવશું ત્યાંય, ધરજે તું ધીરજ મનમાંય;
પછી પૃથ્વી વિશાળા[1]માં ગઇ, પ્રણમી પ્રભુને દીન થઇ. ૪૮
નરનારાયણ બેઉ ભ્રાત, હતા ધ્યાનમાં તે સાક્ષાત;
કર્યો પૃથ્વીયે કષ્ટ પોકાર, કરી ગદગદ કંઠે ઉચ્ચાર. ૪૯

**અષ્ટપદી :**

પૃથવી કહે પરમેશ્વર, સ્વજનેશ્વર એ,
ભારત વર્ષ ભૂપાળ, હરિવર કષ્ટ હરો;
સાંભળી લ્યો મુજ સંકટ, અતિ વીકટ એ,
દુ:ખહર દીનદયાળ, હરિવર કષ્ટ હરો. ૫૦
અવતરિયા છે અસુરજન, દુષ્ટ દુર્જન એ,
ગુરુ થઇ વિચરે ગમાર, હરિવર કષ્ટ હરો;
કીધો છે શ્રુતિમત ખંડન, કૌળમંડન[2] એ,
સહિ ન શકું બહુ ભાર, હરિવર કષ્ટ હરો. ૫૧
આત્મા પરમાત્મા એક છે, ન અનેક છે એ,



૧.બદ્રિકાશ્રમ ૨.શક્તિપંથ

એવો આપે ઉપદેશ, હરિવર કષ્ટ હરો;
પાપ કે પુણ્ય કશું નથી, તું કે હું નથી એ,
નથી સ્વર્ગ નરક પ્રવેશ, હરિવર કષ્ટ હરો. ૫૨

કળિયુગ કેરા ગુરુજન હરે છે ધન એ,
વળી કરે છે વ્યભિચાર, હરિવર કષ્ટ હરો;
જ્ઞાન વૈરાગ્ય ગયા મરી, શું કહું હરિ એ,
ભ્રષ્ટ થયાં નરનાર, હરિવર કષ્ટ હરો. ૫૩

વૈરાગી ઘરબારી થયા, ત્યાગથી ગયા એ,
વળી થયા વ્યસની વિશેષ હરિવર કષ્ટ હરો;
ભાંગ્ય અફિણ ગાંજા પિયે, ધૂતિ ધન લીયે એ,
લાજ નહિ લવલેશ, હરિવર કષ્ટ હરો. ૫૪

નરનારિયો થયાં નાસ્તિક, નથી આસ્તિક એ,
પ્રસર્યું છે પાપ અપાર, હરિવર કષ્ટ હરો;
વિપ્ર કરે સુતાવિક્રય[1] લે છે નિષ્ક્રય[2] એ,
મદ્ય ને માંસ આહાર, હરિવર કષ્ટ હરો. ૫૫

ન્યાય કરે નહિ નરપતિ, અધર્મી અતિ એ,
બ્રાહ્મણ સંત પિડાય, હરિવર કષ્ટ હરો;
ન કરે પ્રજા તણું રક્ષણ, કરે ભક્ષણ એ,
ખેતરને વાડ્ય ખાય, હરિવર કષ્ટ હરો. ૫૬

ભૂપ પડાવે છે ખાતર, રાખે પાતર્ય[3] એ,
રાણી તણો કરે ત્યાગ, હરિવર કષ્ટ હરો;
રાજબીજક[4] નથી રાજન, અઘભાજન[5] એ,







એ ઉતપાત અથાગ, હરિવર કષ્ટ હરો. ૫૭

વૈશ્ય સુવિશ્વાસ ઘાતક, થયા આતંક[1] એ,
કપટ કરે વેપાર, હરિવર કષ્ટ હરો;
આપેલી ઓળવે થાપણ, તજી શાહપણ[2] એ,
સત્ય તણા તજનાર, હરિવર કષ્ટ હરો. ૫૮

શુદ્ર ત્રિવર્ણ સેવા તજી, કુમતિ સજી એ,
ચોરી તણું કરે કામ, હરિવર કષ્ટ હરો;
ચારે વર્ણ એમ ચૂકીયા, ધર્મ મૂકીયા એ,
અધર્મ વ્યાપ્યો છે આમ, હરિવર કષ્ટ હરો. ૫૯

હે પ્રભુ વિશ્વવિલાસન[3], ગરૂડાસન એ,
કળિયુગ કૃષ્ણ કૃપાળ હરિવર કષ્ટ હરો;
છોજી પ્રણત જન પાળક, દુઃખ ટાળક એ,
બળ કળ બુદ્ધિ વિશાળ, હરિવર કષ્ટ હરો. ૬૦

ભાર હર્યો જદુનંદન, ખળદંડન એ,
તોય રહ્યો અવશેષ, હરિવર કષ્ટ હરો;
ભાર થયો મુજ ઉપર, ક્યાં કહું પર એ,
સહન કરે નહિ શેષ, હરિવર કષ્ટ હરો. ૬૧

કેને કહું કષ્ટ ક્યાં જઉં, ક્યાં સુખી થઉં એ ?
તમ વિના કોણ સહાય, હરિવર કષ્ટ હરો;
આ દુઃખથી અકળાઉં છું, સુખ ચાહું છું એ,
દિલ ધરો નાથ દયાય, હરિવર કષ્ટ હરો. ૬૨

રુદન સુણી પૃથ્વી તણું, દુઃખનું ઘણું એ,

ડોલિયા દશ દિગપાળ[1], હરિવર કષ્ટ હરો;
સાગર સાતે ઉછળ્યા, ગિરિયો ચળ્યા એ,
ખળભળ્યાં સાત પાતાળ, હરિવર કષ્ટ હરો. ૬૩
રવિ શશિના રથ અટકિયા, વાયુ વટકિયા[2] એ,
અટકિયાં દેવવિમાન, હરિવર કષ્ટ હરો;
શેષ સરપપતિ સળકિયો, મેરુ ઢળકિયો એ,
ધૂર્જટિ[3]નું છુટ્યું ધ્યાન, હરિવર કષ્ટ હરો. ૬૪
જાણ્યું જે જગત પ્રલે થશે, તે થકી દિસે એ,
સુર નર સર્વ ઉદાસ, હરિવર કષ્ટ હરો;
જાગિયા નરનારાયણ, સુકૃપાયતન[4] એ,
જગપતિ જગત નિવાસ, હરિવર કષ્ટ હરો. ૬૫

**ઉપજાતિવૃત્ત :**

વિપત્તિ પૃથ્વી તણી સુણી લીધી, નારાયણે સદ્ય સુશાંત કીધી;
સુણાવી સદ્વાક્ય સુધાસમાન, દીધું ભલું નિર્ભય વાક્યદાન. ૬૬
મુનિ મરીચ્યાદિક જે સુહાવ્યા, સમસ્ત અઠ્યાશિ સહસ્ર આવ્યા;
બે ભાઇને સૌ નિજશીર નામી, બેઠા સમીપે સુખશાંતિ પામી. ૬૭
ત્યાં ધર્મ ભક્તિ મળી બેય આવ્યાં, ભલાં સહુના મન માંહિ ભાવ્યાં;
તે ધર્મનો દુર્બળ દેહ દિસે, જાણે પીડેલા અસુરે અતીશે. ૬૮
બેઠા દિસે છે બહુ ગાલ બેય, નાડી બધી ખુલ્લી જણાય છેય;
ન માંસ કે શોણિત દેહમાંય, ત્વચા મઢ્યું પિંજર તો જણાય. ૬૯
દેખાય છે ધર્મ શરીરમાત્ર, શિથિલ દિસે વળી સર્વ ગાત્ર;
ભક્તિ દિસે તેથી દિલે ઉદાસી, જાણે થઇ છે જગથી નિરાશી. ૭૦



૧.દશે દિશાઓનું રક્ષણ કરનાર દેવો ૨.અકી જવું ૩.શંકર ૪.દયાનો ભંડાર



નારાયણે પૂછ્યું મુની જનોને, ક્યાંથી પધાર્યા મુજને કહોને ?
મુનિ કહે ભારત વર્ષમાંથી, આવ્યા ફરીને બહુ તીર્થ ત્યાંથી. ૭૧
પાપી તણાં વૃંદ બધે ઠર્યાં છે, મલીન તીર્થો સઘળાં કર્યાં છે;
સર્વત્ર ત્યાં તો કળિકાળ વ્યાપ્યો, પાખંડિયોયે શ્રુતિપંથ[1] કાપ્યો. ૭૨
વામી વધ્યા છે બહુ આજ ટાણે, તે તો સુતા કે ભગિની ન જાણે;
જે જે પ્રકારે તહિં પાપ થાય, તે તો અમે સર્વ કહ્યાં ન જાય. ૭૩
ધર્મે કહ્યું હે પ્રભુ સત્ય એહ, તેથી જ છે દુર્બળ મુજ દેહ;
પીડા કરે પાપી જનો મને તો, ત્યાં તો હવે હું નથી શાંતિ લેતો. ૭૪
બોલ્યા સુણીને બદરીશ નાથ, સુણો મુની સૌ વૃષ ભક્તિ સાથ;
કર્યો ધરાયે અતિશે વિલાપ, સહી શકે કેમ બિચારી પાપ. ૭૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કળિજુગ અતિ દુષ્ટ કષ્ટકારી, સુધરમ માર્ગ હણ્યો મળી સુરારી;
સહી નથી શકતી જ ભૂમિ ભાર, રુદન કરે અકળાઇને અપાર. ૭૬

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે મરીચ્યાદિમુનિબદ્રિકાશ્રમે મિલન પૃથ્વીવિલાપકરણનામા સપ્તમો વિશ્રામઃ ॥૭॥***

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, વળી કહું વિશાળાની વાત;
દુર્વાસાયે શાપિયા મુનિ, તેહ કહું સાક્ષાત. ૧

**ચોપાઈ :**

નારાયણમુનિ ઉચ્ચરે વાત, મરીચ્યાદિ સુણે સાક્ષાત;
થયા વાતમાં સઉ લેલીન, ધર્મ ભક્તિયે વાત આધીન. ૨



૧.વેદમાર્ગ

દશા ઉપશમ સહુની થઇ, તનની શુદ્ધિ વિસરી ગઇ;
ગિરિ કૈલાસથી એ જ ટાણે, દુરવાસા આવ્યા તે ઠેકાણે. ૩
આપે રુદ્રનો અંશ ગણાય, જેનો ક્રોધ વરણવ્યો ન જાય;
આવી ઉભા તે સભાની પાસ, દીઠા નહિ કોઇયે દુરવાસ. ૪
મુનિ ઉભા રહ્યા ઘડીવાર, ન કર્યો કોઇયે સતકાર;
ત્યારે જાણિયું એમ નિદાન, આ તો કીધું મારું અપમાન. ૫
તેથી કારમો ક્રોધ ચડાવ્યો, જાણે રુદ્ર પ્રલે કાજ આવ્યો;
દિસે ક્રોધે ભર્યા લાલ ડોળા, ધિખતા જેવા લોઢાના ગોળા. ૬
ભ્રકુટી ભયંકર અથાક, જાણે શંભુનું હોય પિનાક[1];
ડંસે[2] હોઠ દિસે વિકરાળ, જાણે કોપિયો સાક્ષાત કાળ. ૭
ક્રોધે થરથર ધ્રુજે શરીર, જાણે ઉછળે સાગરનીર;
રોમ ઉભા થયા અંગે એવા, હોય લોહના ગરજા[3] જેવા. ૮
જાણે જગતનો કરશે વિનાશ, કાં તો દેશે ત્રિલોકીને ત્રાસ;
પછી બોલ્યા ઉંચો કરી સાદ, જેવો પ્રલયના મેઘનો નાદ. ૯
તમે સાંભળો મુનિજન સર્વ, તપ વિદ્યાનો તમને છે ગર્વ;
ધર્મપણ થયા આજ અધર્મ, મારા મનમાં હું સમજ્યો છું મર્મ. ૧૦
હું તો ઉભો રહ્યો ઘણી વાર, ન કર્યો કોઇયે સતકાર;
ઘણું તમને ચડ્યું અભિમાન, તેથી મારું કર્યું અપમાન. ૧૧
જ્યા ત્યાં પામો છો સતકાર ઘણો, હવે મુજને તમે શીદ ગણો;
મેલી શાસ્ત્ર તણી મરજાદ, વધ્યો પંડમા પૂરો પ્રમાદ. ૧૨

**યથાયોગ્ય સનમાન દેવા વિષે : ઉપજાતિવૃત્ત :**

શાસ્ત્રો વિષે સાફ લખેલ એવું, સૌને યથાયોગ્ય સુમાન દેવું;



૧.એ નામનું ધનુષ્ય ૨.દાંતે દબાવેલા ૩.અંકુર, ફણગા



આવેલને આદર જે ન આપે, તે તો પછી આપ પિડાય પાપે. ૧૩
વૈકુંઠથી પાર્ષદ વિષ્ણુ કેરા, પડ્યા પિડાયા વળી તે ઘણેરા;
જો શાપ પામ્યા સનકાદિકોનો, ગર્વે થયો ગંજન ગર્વિયોનો. ૧૪
સન્માન દુર્યોધનને ન દીધું, ભીમે હસીને અપમાન કીધું;
તેથી થયું સંકટ શ્રેષ્ઠ કેવું ? માટે સહુને સનમાન દેવું. ૧૫
શંભુનું દક્ષે અપમાન કીધું, તો યજ્ઞ કેરું ફળ કેવું લીધું ?
માટે યથાયોગ્ય સુમાન દેવું, વિવેકીયે એમ વિચારી લેવું. ૧૬
પશુ તથા પક્ષી સમસ્ત પ્રાણી, ક્રોધે ચડે છે અપમાન જાણી;
ક્રોધી વિરોધી બહુ જે જણાય, સન્માન કીધા થકી શાંત થાય. ૧૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વિપરિત સમયે વિવેક જાય, સુજન તણી પણ બુદ્ધિ ભ્રષ્ટ થાય;
અઘટિત ઘટિતાદિનો વિચાર, વિપરિત માંહિ રહે નહીં લગાર. ૧૮
પ્રસરિત કળિકાળ કેરી સેના, મુનિ તમનેય ઉડ્યા શું બિંદુ એના ?
શુભમતિ તજીને કર્યું અકાજ, મુજ અપમાન કર્યું વિશેષ આજ. ૧૯
મુનિજન વળી ધર્મભક્તિ આપ, સહુ સુણજો તમને દઉં છું શાપ;
અવનિ ઉપર સર્વ દેહ ધારો, અસુર મળી અપમાન દે હજારો. ૨૦
સુણી ઋષિમુખચાપ[1] વાક્યબાણ, વૃષ મુનિ સર્વ ઉભા થયા સુજાણ;
કરી અતિ વિનંતિ વળી ઉચાર્યું, નથી અપમાન અમે કર્યું તમારું. ૨૧
પ્રભુમુખ તણી વાતમધ્ય ધ્યાન, ઋષિ અમને વિસર્યું શરીરભાન;
ખબર ન પડી જે તમે પધારો, નહિ સતકાર અમે થયો તમારો. ૨૨
અનુગ્રહ કરિયે ઋષીજી આપ, વીણ અપરાધ દીધો તમે જ શાપ;
સુણી ઋષિ ઉચર્યા સુસત્ય માનો, નહિં મુજ શાપ કદી વૃથા થવાનો. ૨૩



૧.ચોટ

નહિ નહિ ઋષિ અંગિરા હું થાઉં, નહિ નહિ ગૌતમ તુલ્ય હું ગણાઉં;
પ્રલયકરણ રુદ્રઅંશ હું છું, સુર નર ગર્વ સદૈવ હું હરું છું. ૨૪
ફરી નવ કરશો અયોગ્ય આમ, તજી મરજાદ કદાપિ આવું કામ;
અનુગ્રહ બદરીશથી કરાશે, મુનિ વૃષ તો મુજશાપથી મુકાશે. ૨૫
પછી ઋષિ વિચર્યા મહેશવાસ[૧], વૃષ મરીચ્યાદિ થયા ઘણા ઉદાસ;
પછી પ્રભુ બદરીશ જ્ઞાનવાન, ધર્યું નિજ મૂળસ્વરૂપ કેરું ધ્યાન. ૨૬
વચન સુપુરુષોત્તમે ઉચાર્યું, જનમ ધર્યાનું અમે જ આજ ધાર્યું;
મિષ ઋષિવર શાપનો પ્રમાણો, મુજરુચિ હેતુ જરૂર સર્વ જાણો. ૨૭
બહુ મુજ કળઅંશ જન્મ લીધા, નહિ બહુ જીવ અનન્ય મુક્ત કીધા;
અતિ કળિબળ આજ ટાળી દૈશ, સકળ કળા ધરી હું જ જન્મ લૈશ. ૨૮
વૃષ મુનિ સહુને સુધૈર્ય આપો, કહી મુજવાત ઉદાસી સર્વ કાપો;
વળી વૃષપ્રતિ બોલજો વિશેષે, તવ ગૃહ કૃષ્ણ અનાદિ જન્મ લેશે. ૨૯
બદરિશ પછી ધ્યાનમાંથી જાગ્યા, મુનિમન કષ્ટ મટાડવા જ લાગ્યા;
ઉદિત[૨] વચન અક્ષરેશ જેહ, સકળ કથા સહુને સુણાવી તેહ. ૩૦
તદપિ ન મુનિ પામિયા જ શાંતિ, રહી મન માંહી અનેક વાત ભ્રાંતિ;
ક્ષીરનિધિ થકી મુક્ત યુક્ત એવા, બદરિશ પાસ મળ્યા સુવાસુદેવા. ૩૧
અજ સુર રવિ ચંદ્ર ઈંદ્ર આવ્યા, નિજનિજ પત્નિ સમેત તે સુહાવ્યા;
સહુ નિજનિજ વાહને ચડીને, વિચરી નમ્યા પ્રભુપાવમાં પડીને. ૩૨
શિવ પણ વૃષપીઠ સ્વાર થૈને, ગિરિતનયા ગણનાથ સાથ લૈને;
અતિ ઉર હરખી તહાં જ આવ્યાં, સહચર ભૂત પિશાચ વૃંદ લાવ્યા. ૩૩
ગગન અવનિ વીરહાક[૩] ગાજે, ડમરુ વિશેષ વિષાણ[૪] ડાક વાજે;
ત્રિનયન[૫] ગળધારી રુંડમાળા[૬], તનપર તેમ ધર્યા ભુજંગ[૭] કાળા. ૩૪



૧.કૈલાસ પર્વત ૨.કહેલું ૩.મોટી ગર્જના ૪.શીંગડી ૫.શંકર ૬.ખોપરીની માળા ૭.નાગ



બદરીશપદને નમ્યા પુરારી[૧], સકળ સભાસદને નમો ઉચારી;
બહુ મુદ ધરિને તહાં બિરાજ્યા, જયજયકાર કહે સહુ સમાજા. ૩૫
પછી બદરિશ બોલિયા વિચારી, બની હતી વાત બધીય તે ઉચારી;
નરતનું ધરશે જ અક્ષરેશ, સુણી સહુ દેવ ખૂશી થયા વિશેષ. ૩૬
વળી ગિરે[૨] કહે શ્વેતદ્વીપવાસી[૩], મુનિજન સર્વ સહસ્ર છો અઠ્યાશી;
વૃષ વૃષપતની સુણો સુએહ, જઈ મુદ ધારી ધરો મનુષ્યદેહ. ૩૭
પરમપુરુષ અક્ષરેશ આપ, તનુ ધરી પૂર્ણ જણાવશે પ્રતાપ;
વૃષઘર હરિ એ જ જન્મ લેશે, તમ સહુને સુખ તે અનંત દેશે. ૩૮
તમકર કરી કૈંક કામ સારાં, પ્રભુ કરશે બહુ લાડ ત્યાં તમારા;
હૃદય અધિક એથી રાજી થાવું, નહિ મનમાં લવમાત્રયે મુંઝાવું. ૩૯
જનતન ધરશે અનેક મુક્ત,જય કરશોજી તમો સમસ્ત યુક્ત;
મુગત[૪] કંઈક તો ગૃહસ્થ થાશે, કંઈ થઈ ત્યાગી રહી પ્રભુની પાસે. ૪૦
મુનિજન સરવે તમેય તેમ, પ્રભુપદ સેવન પામશો જ એમ;
પ્રથમ મનુજે[૫] ઉદ્ધવે થઈને, નિજમત શુદ્ધ પ્રસારવો જઈને. ૪૧
સુણી પ્રભુમુખ કેરી વાત આમ, સુર મુનિ સર્વ સિધાવિયા સ્વધામ;
ધરી નરતનું ઉદ્ધવે મહીશ, પુનિત કથા તુજને હું તે કહીશ. ૪૨
વૃષ વૃષપતની તથા હરિ છે, જનમ લીધાની કથા તને કહી છે;
નરતનું ધરી જેમ ઉદ્ધવે તો, સુણ નૃપ એહ કથા કહું હવે તો. ૪૩
અવધનગર ગોત્ર કાશ્યપેય, સરવરિયા ઋગવેદિ વિપ્ર તેય;
અજય સુમતિ તાત માત નામ, પરમ પવિત્ર ઉદાર ધર્મધામ. ૪૪
સતર[૬] શતક નેઉ પાંચ જ્યારે, વરષ હતું નૃપ વિક્રમાર્ક ત્યારે;
તિથિ પણ શુભ કૃષ્ણજન્મની છે, રવિ ઉદયે તનુ ઉદ્ધવે ધરી છે. ૪૫



૧.શંકર ૨.વાણી ૩.વાસુદેવ ભગવાન ૪.મુક્ત ૫.મનુષ્ય ૬.વિ.સં.૧૭૯૫

કૃત નિજજનકે સુજાતકર્મ, ધૃત શુભ નામ વિચારી રામશર્મ;
વય વસુ[1] વરષે જનોઇ દીધી, વરણી થઇ પછી તીર્થવાટ લીધી. ૪૬
મુનિજન વૃષઆદિ જન્મ લેશે, કળિ તણું જોર બધું મટાડી દેશે;
કળિજુગ પણ એવી વાત જાણી, નિજ ઉર બીક અપાર એથી આણી. ૪૭
પછી નિજપરિવારને કહે છે, મુજ મન બીક બહુ બહુ રહે છે;
હરિ મુનિ હરશે તમારું રાજ, પ્રથમ વિચારી કરો ઉપાય આજ. ૪૮
સુણી પછી ઉચર્યો અનંગ[2] આપે, કરીશ પ્રવેશ હું આપને પ્રતાપે;
સુર નર મુનિ કોઇયે લગાર, નથી મુજને જગ માંહિ જીતનાર. ૪૯
પછી વળી ઉચર્યો વિચારી ક્રોધ, કદી હઠશે રણમાંથી કામ જોધ;
પણ કરી બળબુદ્ધિ હું હરીશ, મુનિજનનાં વ્રત ભંગ હું કરીશ. ૫૦
સુણી મુખ ઉચર્યો પછીથી લોભ, હઠી ધરશે કદી કામ ક્રોધ ક્ષોભ;
પણ મહિતળ માંહિ કોઇ વાર, નથી નથી કોઇ મને જ જીતનાર. ૫૧
શુધ બુધ સઘળી વિનાશકારી, નથી મુજતુલ્ય બીજો સુણ્યો સુરારી;
સ્વજન સ્વજનમાં કરું કુસંપ, જરઅરર્થે ન થવા દઉંજ જંપ. ૫૨
કુરુકુળ પણ મેં વિનાશ કીધું, પણ ધન કાંઇ જ હાથમાં ન દીધું;
મૃગજળવત[3] દૂરથી બતાવું, કરી મતિહીણ સગાં સગાં લડાવું. ૫૩
સુણી વળી ઉચર્યો મુખેથી માન, નથી મુજતુલ્ય શૂરો સુણ્યો જ કાન;
જદુકુળ પણ મેં વિનાશ કીધું, સકળ સુજાણપણું ભૂલાડી દીધું. ૫૪
તન ધન ઘરબાર લાજ જાય, અતિ અપકીર્તિ જનો વિષે જણાય;
તન તજી યમલોકમાં જવાય, તદપિ કદી મુજને નહી મુકાય. ૫૫
તજુ તન અભિમાન એમ બોલે, પણ તજતાં ગિરિ મેરુશૃંગ[4] ડોલે;
અવર સરવને સુબોધ આપે, પણ અભિમાન નિજાંતરે જ વ્યાપે. ૫૬



૧.આઠ વર્ષ ૨.કામ ૩.ઝાંઝવાના પાણી જેવું ૪.શિખર,ટોચ



રજ તમ ગુણને રસાસવાદ, પરઇરષા મદ મોહ ને પ્રમાદ;
નિજનિજ બળનાં વખાણ કીધાં, કળિજુગ તેહ સુણી સમસ્ત લીધાં. ૫૭
જદુપતિ હરિયે હણેલ જેહ, અસુર અનેક સવાસનીક તેહ;
સકળ અસુર તેહ વેર લેવા, જનમ ધર્યા દુઃખ સંતને જ દેવા. ૫૮
મુનિજન વૃષ ભક્તિ ધારી કાય, પ્રથમ કથા તમને સુણાવીરાય;
મહિતળ મત ઉદ્ધવે ચલાવ્યો, પુનિત પ્રસંગ કહીશ ચિત્ત ભાવ્યો. ૫૯

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે ઉદ્ધવજન્મકથનબદ્રિકાશ્રમે દુર્વાસઃશાપકથનનામા અષ્ટમો વિશ્રામઃ ॥૮॥***

**પૂર્વછાયો :**

વર્ણી કહે વસુધાપતિ, કહું રામાનંદની વાત;
તીરથ કરવા સંચર્યા, દ્વારાવતિ[1] વિષે વિખ્યાત. ૧

**ચોપાઇ :**

રુડા નિરખીને રણછોડરાય, થયા ત્યાં થકી તેહ વિદાય;
ગયા જ્યાં ગિરિ છે ગિરનાર, કરી જાત્રા તેની સુખકાર. ૨
વળી સાંભળી ત્યાં એવી વાત, એક સદ્ગુરુ છે સાક્ષાત;
આતમાનંદ તે ગુરુરાજ, ત્રંબા ગામમાં છે એ તો આજ. ૩
પછી ત્યાં જઇ તેઓને મળિયા, કાંઇ મનના મનોરથ ફળિયા;
મુક્તાનંદ તથા જુક્તાનંદ, તેના શિષ્ય હતા જનવૃંદ. ૪
હરબાઇ અને વાલબાઇ, સતસંગી હતી બહુ ડાઇ;
આતમાનંદે વાણી ઉચ્ચારી, તમે ક્યાંથી આવ્યા બ્રહ્મચારી ? ૫
રામશર્મા કહે મહારાજ, આવ્યો દ્વારાવતિ થઇ આજ;



૧.દ્વારકા

ઘણા તીરથ માંહિ હું ફર્યો, ક્યાંઇ જીવ મારો નવ્ય ઠર્યો. ૬
ધારી પ્રભુ મળવાની આશ, થયો સર્વ સ્થળે હું નિરાશ;
ક્યાંઇ સદ્‌ગુરુ દીઠા ન કોઇ, ઠર્યું અંતર તમને જ જોઇ. ૭
રુડી દીઠી તમારી મેં રીત, જ્ઞાની ધ્યાની છો પરમ પુનીત;
આત્માનંદે મુમુક્ષુ તે જાણી, સતકાર કર્યો ભાવ આણી. ૮
રામશર્માને રાખિયા ત્યાંય, મુદ પામ્યા સહુ મનમાંય;
પછી દીક્ષા દીધી સુખકંદ, ધર્યું નામ તેનું રામાનંદ. ૯
રામાનંદે કહ્યું ગુરુપાસ, મને હરિદર્શનની છે આશ;
આત્માનંદ બોલ્યા ગુણવાન, મારી સાથે બેસી ધરો ધ્યાન. ૧૦
બેઠા બેય તે ધ્યાન મોઝાર, દીઠું ધ્યાનમાં તેજ અપાર;
પછી ધ્યાનથી જાગિયા જ્યારે, રામાનંદે કહ્યું વળી ત્યારે. ૧૧
દીઠું ધ્યાનમાં તેજ તો ઘણું, રૂપ દીઠું નહિ હરિ તણું;
આત્માનંદ કહે સુણો સંત, તમે દીઠું જે તેજ અત્યંત. ૧૨
નિરાકાર નિરંજન જાણો, પ્રભુ પ્રત્યક્ષ એ જ પ્રમાણો;
નથી ઈશ્વરને તો આકાર, એ તો વ્યાપક છે સર્વ ઠાર. ૧૩
એવી વાત સુણી દુઃખદાઇ, રામાનંદ ગયા ગભરાઇ;
ગભરાટથી મુરછા થઇ, તનની શુદ્ધિ વીસરી ગઇ. ૧૪
પાછું ભાન આવ્યું જેહ વાર, ત્યારે ચિત્તમાં કીધો વિચાર;
જેનું વેદ તો સ્તવન કરે છે, તે તો શ્રીહરિ કાન ધરે છે. ૧૫
વળી મુક્ત જે અક્ષર જેવા, જેના ચરણ તણી કરે સેવા;
એવા ઈશ્વરના જે આકાર, વેદમાં લખ્યા વારમવાર. ૧૬
તેને કોણ કહે નિરાકાર, એ તો વેદવિરુદ્ધ વિચાર;





તેજ દીઠું મેં ધ્યાનમાં જેહ, પુરુષોત્તમ તો નહિ તેહ. ૧૭
જ્યાં સુધી નથી મૂર્તિ જણાતી, ત્યાં સુધી નથી શાંતિ જ થાતી;
આવા ગુરુથી નહિ સરે અર્થ, મેં તો આવા ગુરુ કર્યા વ્યર્થ. ૧૮

**અજ્ઞાની ગુરુને તજવા વિષે : ઉપજાતિવૃત્ત :**

જે જ્ઞાન શાસ્ત્રોથી વિરુદ્ધ આપે, આકાર જે ઈશ્વરના ઉથાપે;
જેથી હરિનું નહિ જ્ઞાન થાય, તેવા ગુરૂને તજીયે સદાય. ૧૯
તે બ્રહ્મવૈવર્તપુરાણમાં છે, શ્રીવિષ્ણુધર્મોત્તરમાં તથા છે;
તેની સ્મૃતિ તો મુજને થઇ છે, તો કોણ એવા ગુરુને જ ઇચ્છે? ૨૦
સદ્ધર્મથી જે ગુરુ ભ્રષ્ટ થાય, કુબોધ તો તે કરતા જણાય;
જો ઇચ્છિયે આપનું શ્રેય ઊર,તેવા ગુરૂને તજીયે જરૂર. ૨૧
જાણે નહિ કાર્ય અકાર્ય જેહ, કાં તો દિસે જો ગર્વિષ્ઠ તેહ;
કુમાર્ગમાં કાંઇ જણાય રાગ, તેવા ગુરૂનો કરિયે જ ત્યાગ. ૨૨
જે જ્ઞાન ભક્તિ થકી હોય હીન, તે તો ગુરૂ યોગ્ય ન કોઇ દિન;
તેને તજ્યામાં નહિ કાંઇ પાપ, કહે સુકાત્યાયન[૧] એમ આપ. ૨૩
પિતા ગુરૂ પુત્ર સખા નરેશ, ભ્રાતા ભલે તે ખપના ન લેશ;
પ્રભુ વિષે પ્રેમ નહિ કરાવે, તે તો સગા સર્વ વૃથા કહાવે. ૨૪
વિશ્વાસ શિષ્યો ગુરુનો ધરાવે, કુમાર્ગમાં તે ગુરુ તો ચડાવે;
તે કુંભિપાકે ગુરુ જૈ વસે છે, જ્યાં સુધી ભાનુ[૨] શશિ તે દિસે છે. ૨૫
કામી ગુરૂ વૈષ્ણવ વેશ રાખે, શિષ્યાંગના[૩]નો પણ સ્વાદ ચાખે;
પાપિષ્ઠ બુદ્ધિ વિષયાનુરાગ, તેવા ગુરૂનો કરિયે જ ત્યાગ. ૨૬
છે પાપ ઝાઝું વ્યભિચાર કેરું, શિષ્યાંગનાનું અતિશે ઘણેરું;
ગુરુસ્ત્રી સંગે અતિ પાપ જેવું, શિષ્યાંગનાનું પણ પાપ તેવું. ૨૭



૧.સ્મૃતિકાર ઋષિ ૨.સૂર્ય ૩.શરણે આવેલ સ્ત્રી

સ્વધર્મ છોડી મુખજ્ઞાન ભાખે, ભક્તિ ભલે તે નવધાય રાખે;
સ્ત્રીવશ્ય આત્મા વળી હોય જેનો, કરે સુશિષ્યો પરિત્યાગ તેનો. ૨૮
આસક્ત નારીતન માંહિ જે છે, એવા ગુરૂને ગુરૂ જે કરે છે;
તો જ્ઞાન ભક્તિ નહિ રે પમાય, નપુંસકે જેમ પ્રજા ન થાય. ૨૯
તપસ્વી કામી વળી ક્રોધી હોય, લોભી અધર્મી ગુરુ હોય કોય;
આકાર ખંડે હરિનો હંમેશ, તેવા ગુરૂને તજીયે વિશેષ. ૩૦

**ચોપાઈ :**

આત્માનંદમાં સૌ ગુણસાર, પણ ખંડે હરિનો આકાર;
રામાનંદે વિચારીને વાત, તેનો ત્યાગ કર્યો સાક્ષાત. ૩૧
ચાલ્યા સદગુરુની ખોળ કરવા, દિશ દક્ષિણમાં તીર્થ ફરવા;
ગયા તોતાદ્રિ પર્વત પાસ, બેઠા ધ્યાનમાં પામી હુલાસ. ૩૨
સર્વ વૈષ્ણવાચાર્ય ગણાય, રામાનુજ નિજનામ ભણાય;
તેણે પ્રત્યક્ષ દર્શન દીધું, રામાનંદનું કારજ સીધું. ૩૩
કરુણાનિધિ કરુણા કીધી, વૈષ્ણવી મહાદીક્ષા તે દીધી;
રામાનંદે કહ્યું દયા લાવો, કૃષ્ણદર્શન મુજને કરાવો. ૩૪
તમે છો શેષનો અવતાર, ગીતાભાષ્ય તમે કરનાર;
વ્યાસસૂત્રનું ભાષ્ય ઉચાર્યું, વિશિષ્ટાદ્વૈત મત વિસ્તાર્યું. ૩૫
માર્ગ ઉપાસનાનો જેહ, જ્યારે નાશ થયો હતો તેહ;
ફરીથી તમે સ્થાપન કર્યો, મતવાદી તણો મદ હર્યો. ૩૬
એવા સદગુણ છે જી તમારા, કરો પૂર્ણ મનોરથ મારા;
સુણી બોલ્યા રામાનુજ વાણી, તમે તો નથી પ્રાકૃત[1] પ્રાણી[2]. ૩૭
કૃષ્ણના છો એકાંતિક ભક્ત, નામે ઉદ્ધવ પરમ વિરક્ત;



૧.મનુષ્ય ૨.જીવ



તેથી પામ્યા મારું દરશન, નવ પામે તે પ્રાકૃત જન. ૩૮
કૃષ્ણમંત્ર બે તમને દીધા, મુજપાસ થકી તમે લીધા;
તેનો કરજો જથાવિધિ જાપ, દેશે દર્શન શ્રીહરિ આપ. ૩૯
મારા આશ્રિત મુખ્ય છો તમે, માટે આપિયે આગન્યા અમે;
મુમુક્ષુને કરો ઉપદેશ, વિચરો વળી દેશ વિદેશ. ૪૦
મારા સંપ્રદાયી જન જેહ, બહુ કરશે અદેખાઇ એહ;
જોશે પ્રૌઢ પ્રતાપ તે જ્યારે, તમને દુઃખ દેશે તે ત્યારે. ૪૧
સંપ્રદાય જુદો તમે કરજો, ઊર્ધ્વપુંડ્ર ચારે અંગે ધરજ્યો;
વચ્ચે કુંકુમ ચંદ્રક[1] સારો, ગળે તુળસીની માળ બે ધારો. ૪૨
કૃષ્ણે આપ્યું છે તમને જ્ઞાન, પ્રસરાવજો સઘળે સ્થાન;
એટલી કરજો નવી રીત, મારી આજ્ઞા તે ધારીને ચિત્ત. ૪૩
સંપ્રદાય તમારો સ્થપાય, ઉદ્ધવી સંપ્રદાય ગણાય;
એમ કહી થયા અંતરધાન, રામાનંદ થયા ગુલતાન. ૪૪
પછી ત્યાં કરી પોતે નિવાસ, કર્યો શાસ્ત્રવિદ્યાનો અભ્યાસ;
વળી દેવા લાગ્યા ઉપદેશ, થયા તે થકી શિષ્ય વિશેષ. ૪૫
જન વૈષ્ણવ જે જે ગણાય, તેને પૂજવા જોગ્ય જણાય;
ઘણો પ્રૌઢ પ્રતાપ નિહાળી, જૂના સાધુ શક્યા નહિ ભાળી. ૪૬
કહે છે મત જુદું તમારું, તજો કંઠી ને તિલક અમારું;
તમે સાધુની નિંદા કરો છો, ગાંજા ભાંગ્યને દેખી ડરો છો. ૪૭
એવું પાખંડ ચલવો છો તમે, માટે તમને ન માનિયે અમે;
લેશું બાળમુકુંદ ઝૂંટાવી, સિંહાસન ભાંગી નાંખશું આવી. ૪૮
એવા એવા ઉપદ્રવ કીધા, વળી મારવાના ડર દીધા;



૧.ગોળ ચાંદલો

સર્વ સહન કર્યું ક્ષમા આણી, પણ કેડે પડ્યા પાપી પ્રાણી. ૪૯
ત્યારે ત્યાં થકી વિચર્યા વિદેશ, ધર્યો કોઈ ન જાણે તે વેશ;
વૃંદાવનમાં કર્યો જઇ વાસ, મંત્રજપ તણો કીધો અધ્યાસ. ૫૦
ધરી બેઠા સમાધિમાં ધ્યાન, દીધું કૃષ્ણે ત્યાં દર્શનદાન;
બોલ્યા શ્રીકૃષ્ણ કરીને પ્યાર, તમે ઉદ્ધવનો અવતાર. ૫૧
દુરવાસાનો પામિયા શાપ, તેથી નરતનું ધાર્યું છે આપ;
તમે ભક્ત એકાંતિક મારા, વળી છો મુજને બહુ પ્યારા. ૫૨
રામાનુજ થકી દીક્ષા લીધી, પણ પાપીએ બહુ પીડા કીધી;
માટે મારગ જુદો ચલાવો, ઉદ્ધવી સંપ્રદાય ફેલાવો. ૫૩
દિલે ડર નવ ધરશો લેશ, નાશ પામશે દુઃખ વિશેષ;
મહામંત્ર નવા આપું બેય, રામાનુજનાથી તે જુદા છેય. ૫૪
દૈવી જીવને તે મંત્ર દેજો, નિજશિષ્ય તેને ગણી લેજો;
એમ કહી મંત્ર બેય બતાવ્યા, રામાનુજના હતા તે તજાવ્યા. ૫૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હિત ધરી હરિયે સુમંત્ર દીધા, વળી સતસંગ વિષે પ્રમુખ કીધા;
કહી શુભ તુજને કથા મહીશ, વળી અવશેષ કથા હવે કહીશ. ૫૬

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વૃંદાવને શ્રીકૃષ્ણાત્ રામાનંદમહામંત્રપ્રાપ્તિનામા નવમો વિશ્રામઃ ॥૯॥***

**પૂર્વછાયો :**

કૃષ્ણે મહામંત્ર આપીને, વળી ઉદ્ધવને કહ્યું એમ;
ભક્તિ ભલી પ્રવર્તાવજો, તે ધર્મ સહિત હોય જેમ. ૧





**ચોપાઈ :**

કરો સોરઠમાં જૈ નિવાસ, ઘણા ત્યાં આવશે દૈવી પાસ;
ઋષિ શાપથી મુનિયો જેહ, ધરામાં ધર્યા છે નરદેહ. ૨
તેઓ પણ ત્યાંજ આવીને મળશે, તમારા સંપ્રદાયમાં ભળશે;
વળી હું નરદેહ ધરીશ, આવી સોરઠ માંહિ મળીશ. ૩
ઘણાં કરજો વળી અન્નસત્ર, આવી મળશે મુમુક્ષુ તે તત્ર;
મારી ભક્તિ કર્યાનો હંમેશ, તેને આપજો સદ ઉપદેશ. ૪
એમ કહી થયા અંતરધાન, રામાનંદ થયા સાવધાન;
પછી આનંદથી એક માસ, વૃંદાવન માંહી કીધો નિવાસ. ૫
આપે મુમુક્ષુને ઉપદેશ, કૃષ્ણભક્તિ કરાવે વિશેષ;
જ્યારે ધરે શ્રીકૃષ્ણનું ધ્યાન, હરિ આપે છે દર્શનદાન. ૬
ફળ પુષ્પ આદિક જે ધરે, તે તો કૃષ્ણ અંગિકાર કરે;
પોતે ઉદ્ધવ છે સાક્ષાત, હરિઈચ્છાથી તે જાણી વાત. ૭
ભગવાનનાં વચન સંભારી, સતશાસ્ત્રના મત અનુસારી;
ઉદ્ધવી સંપ્રદાય ચલાવ્યો, દેશદેશમાં તે પ્રસરાવ્યો. ૮
પછી તીર્થ પ્રયાગમાં ગયા, એક પક્ષ તહાં સ્થિર થયા;
કરુણાનિધિ કરુણા કીધી, કૈંક દૈવીને દીક્ષા તે દીધી. ૯
ધર્મ ભક્તિ આવી ચડ્યાં ત્યાંય, જાત્રા કરવાને તીરથ માંય;
રામાનંદતણી સુણી શિક્ષા, લીધી ભાગવતી ભલી દીક્ષા. ૧૦
ઉદ્ધવી સંપ્રદાયનો સાર, ગુરુયે સમઝાવ્યો તે વાર;
કહ્યું દૈવીઓને દીક્ષા દેજો, કૃષ્ણભક્તિ કર્યાનું કહેજો. ૧૧
ત્યાંથી ચાલિયા શ્રીરામાનંદ,જવા સોરઠ દેશ સ્વચ્છંદ;

મહીકાંઠે છે કાનમ દેશ, આવી તે વિષે કીધો પ્રવેશ. ૧૨
ગામ સારંગની સીમમાંય, હળ હાંકતો કણબી ત્યાંય;
તેને ઉત્તમ ઉપદેશ દીધો, ઘણો વૈરાગ્ય ઉત્પન્ન કીધો. ૧૩
વળી કીધો ગુરુયે ઉચ્ચાર, ભાઈ સંસાર જાણો અસાર;
માટે મોક્ષનું સાધન કરવા, ચાલો અમારી સાથે વિચરવા. ૧૪
પછી બળદ ને હળ તજી તેહ, રામાનંદ સાથે ચાલ્યા એહ;
રાખ્યા સાધુ કરી નિજ પાસ, રૂડું નામ ધર્યું રામદાસ. ૧૫
ત્યાંથી આવ્યા તે તળાજે ગામ, થોડા દિવસ કર્યો ત્યાં વિરામ;
રામાનુજ તણી જગ્યા મોઝાર, ઉતર્યા સદગુણ ભંડાર. ૧૬
ત્યાંથી ગામ સત્રાહે તે ગયા, આત્માનંદસ્વામી ભેળા થયા;
કર્યો તે સાથે વાદવિવાદ, સુણી સંતને ઉપજે સ્વાદ. ૧૭
વિશિષ્ટાદ્વૈત મત શુભ જેહ, કર્યું શાસ્ત્રથી સ્થાપન તેહ;
મત અદ્વૈતખંડન કર્યું, સૌના અંતર માંહિ ઉતર્યું. ૧૮
આત્માનંદે સૌ શિષ્ય તેડાવ્યા, ગુરુઆજ્ઞાથી તત્ક્ષણ આવ્યા;
લખુચારણ લોઢવા કેરી, તેની વાત મેં કહી છે ઘણેરી. ૧૯
તેને પણ સતરાહે તેડાવી, અતિ આનંદે એ પણ આવી;
આત્માનંદે કહ્યું સૌને એમ, કરજો રામાનંદ કહે તેમ. ૨૦
એ છે ઈશ્વર કેરો જ અંશ, પાપ પંથનો કરશે વિધ્વંશ;
તમો સર્વે તણા ગુરુ એ છે, વેદશાસ્ત્રનો સાર જાણે છે. ૨૧
વિશિષ્ટાદ્વૈત માનજો સત્ય, બીજા સર્વ છે વાદ અસત્ય;
વાત સૌએ ગણિ સુખદાની, લખુચારણે પણ નવ માની. ૨૨
આત્માનંદે રામપરે ગામ, જઈ દેહ તજ્યો તેહ ઠામ;





રામાનંદ તો સત્રાહે હતા, કથા વારતા ત્યાં રહી કરતા. ૨૩
બેઠા ગાદિયે શ્રીરામાનંદ, પામ્યા હરિજન સર્વ આનંદ;
વિશિષ્ટાદ્વૈતનો ઉપદેશ, દીધો સ્વામીયે સૌને વિશેષ. ૨૪

**પૂર્વછાયો :**

પછી રામાનંદ સ્વામીયે, ચલાવ્યો ઉદ્ધવી સંપ્રદાય;
કેવો પ્રતાપ પ્રગટ કર્યો, હવે કહું છું તેહ કથાય. ૨૫

**ચોપાઈ :**

આત્માનંદના જ્યાં શિષ્ય હતા, સ્વામી ત્યાં ફરવા સારુ જતા;
કર્યો અદ્વૈતમત ખંડન, કર્યું વિશિષ્ટાદ્વૈત મંડન. ૨૬
વળી દેશ વિદેશ પધાર્યા, ઘણા પોતાના શિષ્ય વધાર્યા;
પણ સોરઠ ને કચ્છદેશ, વસતા જઈ ત્યાં તો વિશેષ. ૨૭
ગામ લોજ તથા પીપળાણું, મુખ્ય સ્થાનક સ્વામીનાં જાણું;
ફરવાને જતા ગુજરાતે,ઝાલાવાડ વિષે ભલી ભાતે. ૨૮
કાઠિયાવાડમાં એ જ કામે, સ્વામી ફરવા જતા ગામોગામે;
દૈવી જીવ હતા તેહ સ્થાન, તેને ભગવતનું દેતા જ્ઞાન. ૨૯
કરી કૈંકની વાસના નાશ, કરી સાધુ રાખે નિજપાસ;
મહાદીક્ષા તે વૈષ્ણવી આપે, વળી સંશય સર્વ તે કાપે. ૩૦
જે જે સ્વામીના આશ્રિત થાય, ઘણી તેને કરે કરુણાય;
તેને પ્રૌઢ પ્રતાપ દેખાડી, નાંખે કામાદિ મૂળ ઉખાડી. ૩૧
નિષકામી કર્યા દઈ જ્ઞાન, કહું જો તેહનાં આખ્યાન;
વડો ગ્રંથનો વિસ્તાર થાય, માટે સંક્ષેપમાં કહેવાય. ૩૨
તેમાં પ્રથમ કરું પ્રખ્યાત, ભટજી મયારામની વાત;

ગામ માણાવદર મોઝાર, રામાનંદ હતા એક વાર. ૩૩
ત્યાં તો આવ્યું બળેવનું પર્વ, બાંધે રાખડિયો દ્વિજ સર્વ;
મયારામે ઋષીને આરાધી, રામાનંદને રાખડી બાંધી. ૩૪
વાણી બોલ્યા રામાનંદ એવી, આપું દક્ષિણા તમને હું કેવી;
દ્રવ્ય આપું નહિ નાશવંત, આપું જે રહે કાળ અનંત. ૩૫
દીધું એમ કહી વરદાન, કામ શત્રુ મહાબળવાન;
તેનો આજ થકી તજો ત્રાસ, તુજ કામરિપુ થશે નાશ. ૩૬
જેવા નર ને નારાયણસ્વામી, એવા કોઇ નથી નિષકામી;
તેમ તમને નડે ન અનંગ[૧], કદી જો કરો નારી પ્રસંગ. ૩૭
સુણી રાજી થયા મયારામ, કર્યો સ્વામીને સ્નેહે પ્રણામ;
એ જ દિવસ થકી એના મનની, મટી વાસના સર્વે મદનની[૨]. ૩૮
ફરી પરણવાની રુચિ હતી, તે તો તે દિનથી રહી જતી;
નાની વયમાં નારી થઇ નાશ, તોય પરણવાની તજી આશ. ૩૯
બોલે ચાલે તે નારીયો સંગે, કદી વ્યાપે નહિ કામ અંગે;
એમ અંતરમાં જાણે આપ, રામાનંદનો એ છે પ્રતાપ. ૪૦
રામાનંદનો સુણી મહિમાય, ઘણા લોકોને અચરજ થાય;
સુણો સ્નેહે અભેસિંહ ભ્રાત, વળી એવી કહું એક વાત. ૪૧
હતો વેરાગી મોહનરામ, તે તો જીતવા ઈચ્છતો કામ;
તેણે વાંચિયું ગીતા મોઝાર, કામ ક્રોધ નરકનાં છે દ્વાર. ૪૨
કામવાસના છેક ન ત્રૂટે, જન્મ મૃત્યુ ન ત્યાંસુધિ છૂટે;
ઉપવાસ કરે લુખું ખાય, જાણે તે થકી કામ જીતાય. ૪૩
તપથી કર્યું દુર્બલ તન, તોય મનથી મટ્યો ન મદન;



૧,૨.કામ



ઘણાં સેવિયાં તીરથ સ્થાન, ઘણું કીધું ગંગાજળ પાન. ૪૪
ઘણાં વર્ષ કર્યો વનવાસ, તોય નવ થયો કામ વિનાશ;
ત્યારે અંતરે ધારિયું એવું, મોટા સદ્ગુરુ શોધીને સેવુ. ૪૫
મળે આ અવનિની મોઝાર, ક્યાંઇ ઈશ્વરનો અવતાર;
રાજી થૈને તે વરદાન આપે, કામ જીતાય તેને પ્રતાપે. ૪૬
પછી સદ્ગુરુ શોધવા કામ, બહુ સ્થળ ફર્યો મોહનરામ;
મોટા મોટા તે સિદ્ધને મળ્યો, પણ મનમાંથી કામ ન ટળ્યો. ૪૭
પૂછે પ્રશ્ન કરીને પ્રણામ, મનમાંથી મટે કેમ કામ ?
એનો ઉત્તર આપે ન કોઇ, ઘણા દેશ ફરી વળ્યો જોઇ. ૪૮
આવ્યો સોરઠમાં લોજ ગામે, રામાનંદ હતા તેહ ઠામે;
પ્રેમે પ્રણમીને પૂછીયું આમ, કહો સ્વામી ટળે કેમ કામ ? ૪૯
કામ ટાળવા હું બહુ ફર્યો, ઘણા સદ્ગુરુનો સંગ કર્યો;
પ્રશ્ન પૂછી વળ્યો બહુ ઠાર, એનો ઉત્તર ન મળ્યો લગાર. ૫૦
કૃપાનાથ કરો કરુણાય, કહો કામ મટ્યાનો ઉપાય ?
સુણી સ્વામી બોલ્યા તેહ સમે, જીવ દૈવી જણાઓ છો તમે. ૫૧
છોજી કલ્યાણના પખવાળા, દિસે બુદ્ધિ તમારી વિશાળા;
માટે દઉં તમને વરદાન, નાશ પામશે કામ નિદાન. ૫૨
વરદાન સફળ તે થયું, તેની કામનાનું મૂળ ગયું;
થયા બંધ સંકલ્પ વિકલ્પ, પડ્યો તેમાં પ્રયાસ ન અલ્પ. ૫૩
જાણ્યા સ્વામીને શ્રીભગવાન, તેની પાસે લીધું દીક્ષા દાન;
રહ્યા સેવામાં સ્વામીની પાસે, આપ કેરા કલ્યાણની આશે. ૫૪
એવા સ્વામીના પરચા અનેક, કહ્યે પાર ન પામિયે છેક;

કહે સાંભળે જે કોઇ જન, થાય પાવન તેહનું મન. ૫૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રભુ ભજીભજી સિદ્ધિ એવી પામ્યા, વચન વડે જ વિકાર સર્વ વામ્યા;
અતિ સમરથ કૃષ્ણભક્ત એવા, પ્રભુ હરિકૃષ્ણ કહું સમર્થ કેવા. ૫૬

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે રામાનંદસ્વામી-પ્રતાપવર્ણનનામા દશમો વિશ્રામઃ ॥૧૦॥***

**પૂર્વછાયો :**

રામાનંદ પ્રતાપથી, મુક્તાનંદમુનિ ગુણવાન;
નિશ્ચળ નિષ્કામી થયા, હવે એનું કહું આખ્યાન. ૧

**ચોપાઈ :**

અમરાપર નામે છે ગામ, દેશ સોરઠમાં સુખધામ;
વસે ત્યાં હરિજન મુળદાસ, સાધુતાગુણ શુભ જેની પાસ. ૨
તેની બાળકી જે રાધાબાઇ, બહુ રૂપે ગુણે વખણાઇ;
પિતાયે એમ મનમાં વિચાર્યું, મળે વર વિદ્વાન તો સારું. ૩
એક વિપ્ર જે આનંદરામ, અમરેલી માંહી તેનું ધામ;
જોઇ વિદ્વાન ને ગુણવાન, મૂળદાસે દીધું કન્યાદાન. ૪
પછી તેને થયો એક પુત્ર, તેથી તેનું શોભ્યું ઘરસૂત્ર;
બહુ બુદ્ધિ ને રૂપ પ્રકાશ, ધર્યું નામ તો મુકુંદદાસ. ૫
મહામુક્ત છે તેહ નિદાન, હરિ ઇચ્છાયે ભૂલ્યા છે જ્ઞાન;
તેર વર્ષના તે થયા જ્યારે, પરણાવ્યા પિતાજીયે ત્યારે. ૬
ભણ્યા શાસ્ત્ર ભલાં રુડી રીત, એથી વૈરાગ્ય ઉપજ્યો ખચીત;





ધારી ત્યાગી થવા તણી વાત, થવા દે કેમ માત ને તાત. ૭
તેનો કરવાને ઉપાય કાંઇ, ફર્યા ગાંડા થઇ ગામમાંઇ;
જાણી જોઇ ભૂલ્યા તનભાન, કરાવે તો કરે ખાન પાન. ૮
જ્યાં ત્યાં રખડે દિવસ ને રાત, ઘેર ખોળી લાવે માત તાત;
રાતે શેરીયે શેરીયે જાય, જઇ કોઇના આંગણમાંય. ૯
ખાટલો પાટલો પડ્યો હોય, વસ્તુ હલકી કે ભારે તોય;
તે તો ત્યાંથી ઉપાડી લઇને, મુકે અન્યને આંગણે જૈને. ૧૦
કરે એવી ઘણી તે રંજાડ, લાવે લોક તણી બહુ રાડ;
વસ્તુ નિજ ઘરની લેઇ કાંઇ, નાંખી આવે જઇ ગામમાંઇ. ૧૧
માત તાતને કાયર કીધાં, મેણાં નારીને લોકોયે દીધાં;
ત્યારે સૌયે એવું મન ધાર્યું, જાય પરદેશ તો ઘણું સારું. ૧૨
જાણ્યું હેત ગયું મનમાંથી, ત્યારે ચાલીને નિકળ્યા ત્યાંથી;
પણ સંકલ્પ વિકલ્પ થાય, કામવાસના તે ન જીતાય. ૧૩
જાણ્યું જો મોટા સદ્ગુરુ મળે, કામવાસના તો સર્વ ટળે;
મળે તેને પૂછે પ્રશ્ન આવો, તમે સદ્ગુરુ ક્યાંઇ બતાવો. ૧૪
દીધો કોઇયે ઉત્તર ત્યારે, જાવું ધ્રાંગધરામાં તમારે;
ત્યાં છે વેરાગી દ્વારકાદાસ, કામવાસના કરશે વિનાશ. ૧૫
એવું સાંભળી દાસ મુકુંદ, ગયા ત્યાં ઉર ધારી આનંદ;
કીધો વેરાગી ને તે પ્રણામ, પૂછ્યું કેમ ટળે કહો કામ ? ૧૬
બોલ્યો વેરાગી તે એવી પેર,મચ્છુકાંઠે જે છે વાંકાનેર;
ત્યાં છે વૈરાગી કલ્યાણદાસ, તમે જૈને નમો તેની પાસ. ૧૭
જો તે દિલમાં દયા કાંઇ ધરશે, કામવાસનાનો નાશ કરશે;

ગયા ત્યાંથી તે મુકુંદદાસ, વાંકાનેરના વૈરાગી પાસ. ૧૮

**પૂર્વછાયો :**

મુકુંદદાસે ત્યાં જઇ, કેવો દીઠો વૈરાગીનો વેષ;
કાંઇક તે તમને કહું, સુણો નિર્મળચિત્ત નરેશ. ૧૯

**ચોપાઇ :**

કેડે પીતળ સાંકળ પેહેરી, કીધી લંગોટી પીતળ કેરી;
ત્યાં તો વાશેલું લોઢાનું તાળું, દિસે પુષ્ટ શરીર રુપાળું. ૨૦
આખે અંગે ભભુત લગાવી, જટા બાંધેલી માથે બનાવી;
મોટા મણિકાની માળા ધરેલી, હતી પાવડી પાસે પડેલી. ૨૧
ગોપીચંદને તિલક કરેલું, માથે મોરનું પીછું ધરેલું;
હાથે ચીપીયો લૈને હલાવે, બેઠો બેઠો હોકા ગગડાવે. ૨૨
ઉડે ધૂમાડાના ગોટેગોટા, દિસે બાવાના નિતંબ મોટા;
વાઘમર્ચનું આસન કર્યું, દિસે કયારેક તો ધ્યાન ધર્યું. ૨૩
બાવો દેખાડે બહુ સિદ્ધાઇ, વધી લોકમાં તેથી વડાઇ;
ચાલી વાત એવી ઠામ ઠામ, બાવે કબજે કરેલો છે કામ. ૨૪
દાસ મુકુંદે કીધો પ્રણામ, પૂછ્યું જે કેમ જીતાય કામ ?
પછી બાવે બોલાવી એકાંત, ભાંગી તેહના મનની ભ્રાંત. ૨૫
કળિજુગ માંહિ કામ જીતાય, એવી વાત કદી ન મનાય;
કાશિજાત્રાનો કરવા પ્રવાસ, ગયો હું જ્યારે ઉજ્જૈન પાસ. ૨૬
એક બાઇને રસ્તો પૂછાવ્યો, કર લટકું કરીને બતાવ્યો;
પેહું લટકું તે અંતરમાંઇ, હજી વીસરતું નથી ભાઇ. ૨૭
વર્ષ પાંત્રિશ પાંચ વિશેષ, વીત્યાં તોય ન વીસરે લેશ;





વર્ષ એંશીની ઉંમર થાય, કામવાસના તોય ન જાય. ૨૮
મળે ભગવાનનો અવતાર, કાં તો તેની પાસે રહેનાર;
એવા સદ્‌ગુરુ સાંપડે જ્યારે, કામવાસના તો ટળે ત્યારે. ૨૯
ગામ સરધારમાં તમે જાઓ, એક સાધુ છે તે ભેળા થાઓ;
તેનું નામ છે તુળસીદાસ, કામવાસના કીધી છે નાશ. ૩૦
એવા સાંભળી તેના ઉચ્ચાર, ગયા ત્યાંથી પછી સરધાર;
ગયા તુળસીદાસની પાસ, સારા જાણીને ત્યાં કર્યો વાસ. ૩૧
ગુણ રૂપ અલૌકિક દેખી, બાવો વશ્ય થયો મુક્ત લેખી;
નિજ જગ્યાના કીધા મહાંત, સોંપ્યું સર્વ રહી નહીં ભ્રાંત. ૩૨
હતા ત્યાંજ સ્વામી રામાનંદ, તથા તેમના સાધુનું વૃંદ;
જગ્યા બાંધી રુડી ત્યાં રહેતા, અન્નકેરું સદાવ્રત દેતા. ૩૩
કથા વારતા ત્યાં નિત્ય થાય, જન સર્વના સંશય જાય;
વાત સાંભળી મુકુંદદાસે, બેસે નિત્ય જઇ સ્વામી પાસે. ૩૪
ચિત્તે વિચારે દાસ મુકુંદ, સાચા સદ્‌ગરુ છે રામાનંદ;
જેવા સદ્‌ગુરુ શોધવા માટે, ફર્યો હું બહુ વાટે ને ઘાટે. ૩૫
એવા તો મોટા સદ્‌ગુરુ એ છે, જ્ઞાનદાન તે ઉત્તમ દે છે;
માટે રાખે જો મુજને પાસ, રહું થૈ એનો દાસાનુદાસ. ૩૬
સ્વામી આગળ વિનંતિ ઉચારી, મને સેવામાં રાખો તમારી;
કહે સ્વામી સુણો સંત તમે, પાસે રાખિયે તમને જો અમે. ૩૭
તુલસીદાસને દુઃખ લાગે, તેથી દ્વેષ કદી નહિ ત્યાગે;
કથા સાંભળવા તણી આશે, કદી આવશો નહિ અમ પાસે. ૩૮
એમ કહી કર્યા ત્યાંથી વિદાય, તોય ગુપ્ત રીતે નિત્ય જાય;

બેસે વાડા વિષે તે સંતાઇ, કથા વાત સુણે હરખાઇ. ૩૯
મધ્યરાત સુધી કથા થાય, રહી ત્યાં સુધી જગ્યાયે જાય;
દીઠા એક સમે ચોકીવાળે, ચોર જાણીને પકડ્યા તે કાળે. ૪૦
તેનો શોરે[1] સુણી ગયા સ્વામી, જાણ્યું કારણ અંતરજામી;
પછી સ્વામીયે કીધો વિચાર, બાવો ઇરષા કરશે અપાર. ૪૧
માટે તરત તજીને આ ઠામ, જાવું આપણે બંધિયે ગામ;
એવો નિશ્ચય અંતર ધારી, જવા કીધી પ્રભાતે તૈયારી. ૪૨
વાત જાણી તે મુકુંદદાસે, પોતે આવિયા સ્વામીની પાસે;
હેતે વિનતિ કરી જોડી હાથ, હું તો આવીશ આપની સાથ. ૪૩
કહે સ્વામી સિધાવશું અમે, ગામ બંધિયે આવજો તમે;
રજા આપે જો ગુરૂ તમારો, કોઇ વાંક ન કાઢે અમારો. ૪૪
તેનો પત્ર લખાવી લવાય, તો ત્યાં રાખિયે તમને સદાય;
એમ કહીને ગયા રામાનંદ, ગયા સ્વસ્થાન દાસ મુકુંદ. ૪૫
દાસ તુળસીને કાયર કરવા, માંડ્યું દ્રવ્ય વિશેષ વાવરવા;
ઝુંડ વેરાગીનું કોઇ આવે, તેને શીધાં તો પાકાં અપાવે. ૪૬
કોઇ આવે ભિક્ષા માંગનાર, તેને દેતાં ન રાખે વિચાર;
કહ્યું ત્યારે તો તુળસીદાસે, આવી રીતે પુરું કેમ થાશે ? ૪૭
કહે દાસ મુકુંદ થશે શું ? દાન દેવાશે ત્યાં સુધી દેશું;
જ્યારે ભંડાર થૈ જાશે નરવા, ત્યારે તો જશું તીરથ કરવા. ૪૮
બોલ્યા ત્યાં તુળસીદાસ બાવો, એવું ધારો તો આજ સિધાવો;
ત્યારે બોલ્યા મુકુંદ તે તત્ર, લખી આપો મને એક પત્ર. ૪૯
મળે કોઇ મને રાખનાર, તે ઉપર નહિ દાવો લગાર;



૧.કોલાહલ, ઘોંઘાટ



પછી પત્ર એવો લખી દીધો, લૈને બંધિયાનો પંથ લીધો. ૫૦
રામાનંદજી આગળ જૈને, કર્યું વંદન કાગળ દૈને;
પત્ર વાંચીને આનંદ પામી, બોલ્યા એમ રામાનંદસ્વામી. ૫૧
મારી આજ્ઞા જો અંતરે ધારો, ખરો જાણું વૈરાગ્ય તમારો;
વેષ કણબીનો કાયાયે[1] લઇ, હાંકો હળ મુળુભાઇનું જઇ. ૫૨
સુણી બોલ્યા પદે શિર નામી, કહો તેમ કરીશ હું સ્વામી;
પછી ખેડુનાં વસ્ત્ર મંગાવ્યાં, દાસ મુકુંદને પહેરાવ્યાં. ૫૩
હળ આપ્યું તે લૈ જ્યારે ચાલ્યા, પાછા સ્વામીયે તરત જ વાળ્યા;
જાણ્યું આતો અનન્ય છે દાસ, પછી રાખ્યા પોતા તણી પાસ. ૫૪
દીક્ષા વૈષ્ણવી દીધી તે ઠામ, મુક્તાનંદજી ધારિયું નામ;
નિત્યે સ્વામીની વાત સાંભળી, કામવાસના તે ગઇ ટળી. ૫૫
જાણ્યા સ્વામીને શ્રીભગવાન, તેને પૂજે તેનું ધરે ધ્યાન;
એમ કૈંકને નિષ્કામી કર્યા, એવા સ્વામી તે સમરથ ખરા. ૫૬
વધ્યો દિનદિન પ્રબળ પ્રતાપ, તોય ઈશ્વરને ભજે આપ;
જે છે અક્ષરધામના ધામી, તેનું ધ્યાન ધરે મુદ પામી. ૫૭
ઘડે અંતરમાં શુભ ઘાટ, પ્રભુ આવવાની જુવે વાટ;
આવશે તીર્થવાસીને રૂપે, એવું જાણિયું તે મુનિભૂપે. ૫૮
તે માટે કેવાં સાધન સાધ્યાં, ઠામઠામ સદાવ્રત બાંધ્યાં;
કર્યું કામ એવું જે જે ગામ, તેનાં તમને કહીશ હું નામ. ૫૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કહી શુભ મુનિ મુક્તકેરી વાત, સુણી મન શુદ્ધ થશે મનુષ્ય જાત;
અતી મતિ ધરી ચિત્તમાં વિચારે, વિવિધ પ્રકાર કુવાસના વિદારે. ૬૦



૧.શરીરે

*ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે મુક્તાનંદાખ્યાન-કથનનામા એકાદશો વિશ્રામઃ ॥૧૧॥*

**પૂર્વછાયો :**

કહું કથા રામાનંદની, વળી તેણે કર્યા જે કામ;
બાંધ્યાં સદાવ્રત બહુ ભલાં, ગણી કહું તે ગામનાં નામ. ૧

**ચોપાઈ :**

ગામ લોજ તથા માંગરોળ, આપે ત્યાં લોટ દાળ ઘી ગોળ;
માણાવદર ને અગત્રાઈ, મેઘપર ને ધોરાજી માંઈ. ૨
ગામ સાંકળી ને પીપળાણું, જામવાળી ને ભાડેર જાણું;
ફણેણી જેતપર સરધાર, સદાવ્રત નવાનગર[૧] મોઝાર. ૩
કોટડું ગઢડું કારિયાણી, આપે પુષ્કળ ત્યાં અન્ન પાણી;
ગામ માણકવાડા મેથાણ, ગુજરાતે જેતલપુર જાણ. ૪
અમદાવાદમાં કર્યું જેમ, બીજાં પણ બહું ગામમાં તેમ;
રાખ્યા સાધુઓને અન્ન દેવા, આવે તીરથવાસીયો લેવા. ૫
આપી અન્નને દે ઉપદેશ, દૈવીને દિલ થાય પ્રવેશ;
વસ્તુ નિત્ય અનિત્યનું જ્ઞાન, પામી થાય તે વૈરાગ્યવાન. ૬
સુણી સ્વામીનો મહિમા વિશેષ, રહે કૈંક તો ત્યાં જ હંમેશ;
દીક્ષા વૈષ્ણવી લેવા ચહે છે, સાધુ થૈ સ્વામીપાસ રહે છે. ૭
અયોધ્યામાં અખાડો છે જેહ, નામે રામગલોલાનો તેહ;
રહે વેરાગી તેમાં અનેક, ઉપરી તો મહાંત છે એક. ૮
મુખ્ય શિષ્યતો લક્ષ્મણદાસ, તેને દ્વારિકા જાવાની આશ;



૧.જામનગર



સાથે વૈરાગી પચાશ લીધા, ઊંટ ઘોડા ગુરુજીયે દીધા. ૯
સૌયે હથિયાર પકડ્યાં હાથે, બીજો સામાન બહુ લીધો સાથે;
ચાલ્યા દ્વારિકા જાત્રાને કામ, સુણ્યું રસ્તે રામાનંદ નામ. ૧૦
જ્યાં છે સુંદર સોરઠ દેશ, લોજમાં તે વસે છે વિશેષ;
એ છે ઈશ્વરનો અવતાર, તેના સામર્થ્યનો નથી પાર. ૧૧
પર અંતરની વાત જાણે, મન ચંચળ તે સ્થિર આણે;
એનો આશ્રય જેને મળે છે, કામવાસના તેની ટળે છે. ૧૨
એનું પૂરણ તેજ પ્રકાશે, ભાળતાં ભલું ઐશ્વર્ય ભાસે;
મહિમા એવો સાંભળ્યો જ્યારે, ઈચ્છા દર્શનની થઈ ત્યારે. ૧૩
પછી તેહનાં દર્શન કાજ, લોજ ગામે ગયો તે સમાજ;
રામાનંદનું દેખી સ્વરૂપ, થયો આધીન વેરાગી ભૂપ. ૧૪
પાંચ દિવસ કર્યો ત્યાં નિવાસ, કથા સાંભળી સ્વામીની પાસ;
ઉરમાં ઉપજ્યો વૈરાગ, થઈ મનથી તો વાસના ત્યાગ. ૧૫
જવા સોબતી આકળા થાય, ચોટ્યું ચિત્ત તે કેમ જવાય;
કહે ચાલશું સાંઝે પ્રભાત, એમ કરતાં વિત્યા દિન સાત. ૧૬
જવા બીજાયે બહુ હઠ લીધો, તેને છેલ્લો ઉત્તર એવો દીધો;
જાઓ જો જવું હોય તમારે, અઠે દ્વારિકા[૧] છેજી અમારે. ૧૭

**જેનો જીવ જેમાં જોડાયા વિષે : ઉપજાતિવૃત્ત :**

જોડાય જેનું મન જેની જોડે, છોડાવતાં તે કદીયે ન છોડે;
લે કાષ્ઠ જે હાલર[૨] હાથમાંય, છોડાવતાં પ્રાણ છુટે જ ત્યાંય. ૧૮
પ્રીતિ કરે દીપકમાં પતંગ[૩], બળે તથાપિ અરપે જ અંગ;
જો ચંદ્રમાં પ્રીતિ કરે ચકોર, પ્રીતિ કરે છે ઘન માંહિ મોર. ૧૯



૧.અહીંજ દ્વારકા છે એમ ધારી નિચિંતપણે પડી રહેવું ૨.હાલરપક્ષી ૩.પતંગિયું

વૈરાગ્ય સાચો ઉપજે જ જેને, સંસારનો સંગ ગમે ન તેને;
જો તુંબડીને જળમાં દબાવે, તથાપિ તે ઊપર પાછી આવે. ૨૦
જો વ્યાઘ્ર બચ્ચું ઉછરે અજામાં[1], તે વૃંદમધ્યે વિચરે મજામાં;
સ્વજાતિની સંગત થાય જ્યારે, જતું રહે જાતિ વિષે જ ત્યારે. ૨૧
જો આસુરીમાં જન દૈવી કોય, મળી રહેલો બહુ કાળ હોય;
જો તેહને સદ્‌ગુરુ સંગ થાય, ન આસુરી સાથે રહી શકાય. ૨૨
જો યેળ પામે ભ્રમરી પ્રસંગ, તો ઉડવા પાંખ પમાય અંગ;
સ્વયં સ્વરૂપે ભ્રમરી જ થાય, તે યેળ મધ્યે વસવા ન જાય. ૨૩
તેવી રીતે જો સતસંગ થાય, કુસંગમાં કેમ રહી શકાય;
સત્સંગીને સત્ય સગા પ્રમાણે, કુસંગીને નિત્ય વિજાતી જાણે. ૨૪
સ્વજાતિ મધ્યે વસવું ગમે છે, વિજાતિમાંથી ખસવું ગમે છે;
જો શ્વાનને તો ભસવું ગમે છે, મનુષ્યને તો હસવું ગમે છે. ૨૫

**ચોપાઈ :**

જુદી જાતિના જુદા સ્વભાવ, રહી ભેળા ન થાય નિભાવ;
જેને સદ્‌ગુરુનો રંગ લાગે, તે તો સંસારીનો સંગ ત્યાગે. ૨૬
એવું જાણીને લક્ષ્મણદાસે, કહ્યું પોતાના સોબતી પાસે;
હું તો આંહિ રહીશ હંમેશ, તમે જાત્રા કરી જાઓ દેશ. ૨૭
હું તો દ્વારિકા ને હરદ્વાર, ગયો પુષ્કર કાશી કેદાર;
વડાં અડસઠ તીર્થ વખાણું, રામાનંદના ચરણમાં જાણું. ૨૮
બીજા તીર્થે તો તન ધોવાય, મનનો મળ આ સ્થળે જાય;
એમ કહી શણગાર ઉતાર્યો, ખરા વૈરાગ્યનો વેષ ધાર્યો. ૨૯
હતી કંઠમાં કનકની માળા, કડાં વીંટી ને વેઢ રુપાળા;



૧.બકરી



લ્યો આ જૈને ગુરુજીને દેજો, મારા છેલ્લા પ્રણામ કહેજો. ૩૦
એવાં વાક્ય વિશેષ સુણાવ્યાં, સુણી સર્વને આંસુડાં આવ્યાં;
હતા દૈવી તે તો ત્યાં જ રહ્યા, બીજા દ્વારિકા તીરથે ગયા. ૩૧
રામાનંદ ગુરુજીની પાસે, લીધી દીક્ષા તે લક્ષ્મણદાસે;
નામ ધાર્યુ તે આનંદાનંદ, મહામુક્ત થયા જગવંદ. ૩૨
બીજા પણ જન ઉત્તમ એવા, સ્વામી પાસે રહ્યા આવી કેવા;
તેની વાત કહું છું વિશેષ, સુણો સ્નેહ સહિત નરેશ. ૩૩
ગુજરાતમાં મછિયાવ ગામ, વસે ઔદીચ વિપ્ર તે ઠામ;
નામે તે મધ્ય મૂળજી એક, જેમાં સદ્‌ગુણ શોભે અનેક. ૩૪
બાળપણથી પ્રભુભક્તિ ગમે, નહિ રમત રમે કોઈ સમે;
જન જોઈને કરતાં વિચાર, આ છે મુક્ત તણો અવતાર. ૩૫
આઠ વરષે તો ઉપવીત દીધું, તાતે પરણાવવાનું મન કીધું;
તાત આગળ બોલ્યા તે આમ, મેં તો સંસાર કીધો હરામ. ૩૬
હું તો નૈષ્ઠિકવ્રત દઢ ધારી, રહું અંત સુધી બ્રહ્મચારી;
મને ક્યાંઈ મળે જગદીશ, ખાંતે ખૂબ તે ખોળ કરીશ. ૩૭
એવું સાંભળીને કહે તાત, સુત સાંભળો સ્નેહની વાત;
જ્યારે જગતમાં કળિજુગ હોય, નહિ રહી શકે નૈષ્ઠિક કોય. ૩૮
જુવાની વયમાં જ્યારે થાશો, પછી પુત્ર પુરા પસતાશો;
માટે આગળથી જ વિચારો, શુભ ધર્મ ગૃહસ્થનો ધારો. ૩૯
કહે મૂળજી સાંભળો તાત, તમે જે કહી તે સત્ય વાત;
પણ વૈરાગ્ય જો હોય સાચો, તે તો કદીયે પડે નહિ કાચો. ૪૦
દઢ વૈરાગ્ય એમ દેખાડી, પોતે પરણવાની ના પાડી;

ખરા સદ્‌ગુરુની ખોળ કરવા, ચાલ્યા દ્વારિકા તીર્થ વિચરવા. ૪૧
સુણ્યું રસ્તે રામાનંદ નામ, ગયા તેથી પોતે લોજ ગામ;
નમ્યા સ્વામીને જૈ સાક્ષાત, વળી સાંભળી જ્ઞાનની વાત. ૪૨
ગળે દૂધમાં સાકર જેમ, ગળ્યું જ્ઞાન વિષે મન તેમ;
કરુણા ઘણી સ્વામીયે કીધી, મહાદીક્ષા તે વૈષ્ણવી દીધી. ૪૩
રાખ્યા વર્ણીરૂપે જગવંદ, નામ ધાર્યુ શ્રીમુકુંદાનંદ;
અંત સુધી રહ્યા ઊર્ધ્વરેતા, વખણાયા વળી બ્રહ્મવેત્તા. ૪૪
એવા કેટલાકની કહું વાત, કે'તા પાર ન પામિયે ભ્રાત;
અતિ એવા સમર્થ તે સ્વામી, જેની કીર્તિ દશે દિશ જામી. ૪૫
દેખી દાઝે અદેખા વેરાગી, એના અંતરમાં લાય લાગી;
પછી લાગ્યા તે હરકત કરવા, રામાનંદ તણું માન હરવા. ૪૬
જાણ્યું આ જે સદાવ્રત દે છે, તેનું માન તો તેથી વધે છે;
માટે આપણે સૌ કરો એમ, તેનાં તુટે સદાવ્રત તેમ. ૪૭
એવો નિશ્ચય કરી નિરધાર, પીડા કરવાને માંડી અપાર;
ઝુંડ વેરાગીનાં બહુ આવે, આપનારને તે અકળાવે. ૪૮
રહે સાધુ સદાવ્રત દેવા, તેને લાગે તે તો જમ જેવા;
કોઈ ગાળો ઉચ્ચારે ગમાર, મારે ચીપિયાનો કોઈ માર. ૪૯
કોઈ માંગે તમાકું અફીણ, માંગે ગાંજો કોઈ મતિહીણ;
કોઈ તો માંગે સાકર ખાંડ, ન મળે તો બોલે જેમ ભાંડ. ૫૦
કહે કોઈ વળી અહંકારી, એક ગામમાં છે મઠધારી;
તેનો દંડ અમે લીધો જેમ, લેશું દંડ તમારોય તેમ. ૫૧
નહી આપો તો મારશું માર, લૂંટી લેશું ભરેલો ભંડાર;





સંતોયે એવા સંકટ સહી, સ્વામી આગળ જૈ વાત કહી. ૫૨
બાંધ્યો સ્વામીયે એવો પ્રબંધ, કર્યા સર્વે સદાવ્રત બંધ;
પછી પ્રકરણ તપનું ચલાવ્યું, તેનું કારણ તમને સુણાવું. ૫૩

**પૂર્વછાયો :**

એક સમે યુથ[1] સંતનું, આવ્યું ફરીને સોરઠ દેશ;
સ્વામીયે તેમા એકનું, દીઠું શરીર પુષ્ટ વિશેષ. ૫૪

**ચોપાઈ :**

સ્વામી તેહ પ્રત્યે કહે ત્યાંય, તમે જૈ આવ્યા સોરઠમાંય;
ત્યાંના ભક્ત છે ભાવિક સહુ, લાડુ તમને જમાડિયા બહુ. ૫૫
જમી પુષ્ટ શરીર જણાય, આમ ઈંદ્રિયો કેમ જીતાય;
કામ આદિકનાં બીજ જેહ, સદા દેહ વિષે રહે તેહ. ૫૬
જેમ અવનિ ઉપર ઉષ્ણકાળે[2], બીજ ઘાસનાં કોઇ ન ભાળે;
પણ વૃષ્ટિ ભલી થાય એક, ઉગી નીકળે ઘાસ અનેક. ૫૭
તેમ રસ કસ ભોજન થાય, ત્યારે ઈંદ્રિયો પુષ્ટ જણાય;
તેથી ત્યાગીનો નવ રહે ધર્મ, એ તો સમઝો ખરેખરો મર્મ. ૫૮
માટે આજથી સંતો અમારા, થાઓ પાશેર અન્ન લેનારા;
એથી કદીયે ન જમવું વિશેષ, રસકસ નવ ચાખવો લેશ. ૫૯
એવું વ્રત જ્યારે સંતોયે ધાર્યું, હરિભક્તોયે એમ વિચાર્યું;
જ્યારે સંતે લીધું વ્રત એવું, ત્યારે આપણે તે વ્રત લેવું. ૬૦
હરિભક્તે લીધું વ્રત જ્યારે, આવી સ્વામીને ઉર દયા ત્યારે;
વ્રત સંતોને તે તો તજાવ્યું, ત્યારે ભક્તોને પણ અન્ન ભાવ્યું. ૬૧
ધન્ય સંત ને હરિજન ધન્ય, એવા હોય નહીં સ્થળ અન્ય;



૧.ટોળું, મંડળ ૨.ઉનાળે, ગરમીના સમયે

સુણો ભૂપ ક્ષત્રીકુળચંદ, સ્વામી પૂજતા બાળમુકુંદ. ૬૨
મોડા ગામ પાસે એક ગામ, ગંગાજળિયું છે તેહનું નામ;
નાતે રાવળ ત્યાં બાઈ પાલી, તેને મૂર્તિ તે સ્વામીયે આલી. ૬૩
જલો ભક્ત તે પાલીનો પુત્ર, તેના ઘરમાં તે મૂર્તિ છે તત્ર;
પાલી બાઇને તે પછી જ્યારે, મળ્યા શ્રીસહજાનંદ ત્યારે. ૬૪
જલાભક્તને કરવાને ત્યાગી, સોંપ્યા શ્રીહરિને પગે લાગી;
ધન્ય ધન્ય તે ભક્તની માતા, થઇ પુત્રને કલ્યાણદાતા. ૬૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રથમ પ્રગટ સંપ્રદાય કીધો, સદ્‌ગુરુ થૈ ઉપદેશ શુદ્ધ દીધો;
નહી કદી વિસરે જ નામ જેનું, નૃપ તુજ પાસ કહ્યું ચરિત્ર તેનું. ૬૬

*ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે સદ્‌ગુરુશ્રીરામાનન્દ-સ્વામીઆખ્યાનકથનનામા દ્વાદશો વિશ્રામઃ ||૧૨||*

**પૂર્વછાયો :**

ભૂપ કહે બ્રહ્મચારીને, આત્માનંદનું કહો આખ્યાન;
દેહ ધર્યો કિયા દેશમાં, કેણે દીક્ષાનું દીધું દાન. ૧

**ચોપાઈ :**

સુણી બોલ્યા અચિંત્યાનંદ, સુણ ભૂપ ધરીને આનંદ;
આત્માનંદનું કહું આખ્યાન, સુણતાં થાય પાવન કાન. ૨
ગોપનાથ મહાદેવ જે છે, મૂળ સ્થાનક તેમનું એ છે;
માટે ઉત્પત્તિ એની બતાવું, સારો મહિમા કહી સંભાળાવું. ૩
શહેર સૂરતમાં શેઠ એક, હતો ધર્મી ને પરમ વિવેક;





સંત વિપ્રની સેવા તે કરતો, મહિમા મનમાં ઘણો ધરતો. ૪
એક દિવસ તેને ઘેર ધારી, આવ્યા તૈલંગના બ્રહ્મચારી;
તેનું નામ તે ગોવિદાનંદ, દેવઅંશી તે વિચરે સ્વચ્છંદ. ૫
શેઠે તેની સજી સારી સેવા, જાણ્યું અન્ય જોગી નથી એવા;
તેને ઘેર હતી એક ગાય, નિત્ય ધણમાં તે ચરવાને જાય. ૬
હતી પુષ્ટ તને રુડી પેર, દેતી દૂધ પ્રથમ દશ શેર;
પછી તો ઓછું કાઢવા લાગી, દો’વા જાય ત્યાં તો જાય ભાગી. ૭
પૂછ્યું ગોવાળને શેઠે એમ, હવે દો’વા દેતી નથી કેમ ?
કાં તો કોઇ તેને દોહી લે છે, એવો સંશય અમને રહે છે. ૮
પાકી સંભાળ રાખજો ભાઇ, નહીં તો નહીં દૈયે ચરાઇ[1];
સુણી બોલિયો તેહ ગોવાળ, હવે રાખીશ હું એ સંભાળ. ૯
પછી ગોવાળે રાખી તપાસ, જતી દીઠી તે સાગર પાસ;
ઉંડા જળમાં ઘણે દૂર જઇ, પાછી ધણમાં આવી મળી ગઇ. ૧૦
ગોવાળે કહી શેઠને વાત, એ તો અચરજ લાગ્યું અઘાત[2];
શેઠે ગોવિંદવરણી પાસ, કર્યું વૃત્તાંત તેહ પ્રકાશ. ૧૧
કાંઇ તેનું અજાણ્યું તો નથી, તોય બોલિયા પોતે મુખથી;
ચાલો આપણે જોઇયે જઇ, ગાય જાય આવે કિયાં થઇ. ૧૨
બન્ને મછવા[3]માં બેસીને ગયા, ગાય ચાલી તેને કેડે થયા;
હોય છબછબિયાં જળ જેમ, ગાય ચાલે સમુદ્રમાં તેમ. ૧૩
આવિ ટેકરી વેગળે તહી, તેના ઊપર જૈ ઉભી રહી;
ચારે સ્તનમાંથી દૂધની ધાર, તે ઠેકાણે વહી તેહ વાર. ૧૪
દૂધ સર્વ શ્રવી રહ્યું જ્યારે, ગાય પાછી વળી ઘેર ત્યારે;



૧.ગાયને ચારવા જવા બદલનું ભાડું ૨.અપાર,ઘણું ૩.એક જાતનું નાનું વહાણ,હોડકું

વણિકે કહ્યું મસ્તક નામી, આનું કારણ શું હશે સ્વામી ? ૧૫
સુણી બોલ્યા ગોવિંદ સુજાણ, આંહી શંકરનું હશે બાણ[1];
પછી ખોદીને જોઇયું જ્યારે, દીઠું શંકરનું બાણ ત્યારે. ૧૬
કહે વર્ણી ભલો ધરી ભાવ, રુડું મંદિર આંહી ચણાવ્ય;
શેઠે આજ્ઞા કરી અંગિકાર, ગયા બન્ને તે સુરત મોઝાર. ૧૭
પછી શેઠે શિવાલય કીધું, એજ વર્ણીના તાબામાં દીધું;
ગોપનાથ ધર્યું શિવનામ, ઘણો મહિમા વધ્યો તેહ ઠામ. ૧૮
શિષ્ય ગોવિંદ જોગિના જાણો, એક આનંદાનંદ પ્રમાણો;
બીજા શિષ્ય જૂનેગઢ રહેતા, નાતે નાગર નરસિંહમેતા. ૧૯
આનંદાનંદના શિષ્ય જેહ, ગોપાળાનંદજી થયા તેહ;
ગોપાળાનંદના આત્માનંદ, થયા વેદાંતવાદિ સ્વચ્છંદ. ૨૦
કહું તેનું જનમ વૃતાંત, સુણો ભૂપ ધરી ખૂબ ખાંત;
કથા તે છે સાંભળવા જેવી, સર્વ સાંભળી સમઝી લેવી. ૨૧

**પૂર્વછાયો :**

દેશ ભલા હાલારમાં, ધૂંવાવ નામે શુભ ગામ;
રૂપારેલ નદી વહે છે, નિર્મળ જળ તે ઠામ. ૨૨
ચાતુરવેદી મોઢ ત્યાં, એક વિપ્ર વસે વિદવાન;
નામ તેનું કલ્યાણજી, જગજીવનસુત સુખદાન. ૨૩
નારી જગજીવન તણી, તેનું નામ કહું નાનબાઇ;
વિશ્વંભરભટ સુત થયા, તેની પ્રૌઢ દિસે પ્રભુતાઇ. ૨૪
સંવત્ સત્તરસેં પછી, જ્યારે ત્રિશ તણી થઇ સાલ;
દસરાને દિન જનમિયા, ગુરુવારે તે સાયંકાળ. ૨૫



૧.શિવલીંગ



કાંઇક સમય ગયા પછી, તેના તાતનું થયું તન નાશ;
મા દિકરે કંક[1] દેશમાં, કર્યો ગારિયાધાર નિવાસ. ૨૬
આઠમે વરસે આપિયું, વિશ્વંભરને ત્યાં ઉપવીત;
દ્વિજ આત્મારામ આગળે, ભણ્યા વેદ તે અર્થસહિત. ૨૭
વીશ વરસનું વય થતાં, ગૃહસ્થાશ્રમ ચાહી ચિત્ત;
એક આણંદજી વિપ્ર કેરી, પરણ્યા પુત્રી પુનીત. ૨૮
વળી રુડા કંકદેશમાં, શુભ આંસોદર એક ગામ;
વશ્યા વિશ્વંભર ત્યાં જઇ, ઘણા શિષ્ય કર્યા તે ઠામ. ૨૯
ગોપીભટ ભાનુભટ તથા, જયદેવને આત્મારામ;
સદ્‌ગુણી ચારે સુત થયા, એક સુતા આણદી નામ. ૩૦

**ચોપાઇ :**

વળી પાલીતાણામાં રહ્યા'તા, ગોપનાથને પૂજવા જાતા;
વર્ણી ગોપાળનો ઉપદેશ, સ્નેહે સાંભળ્યો ત્યાં તો વિશેષ. ૩૧
તેથી તેહ તણા શિષ્ય થયા, તોય વિપ્રને વેષે તે રહ્યાં;
આંસોદરમાં હતા જજમાન[2], તેણે તેડાવ્યા દઇને માન. ૩૨
તેથી ત્યાં જઇ કીધો નિવાસ, રહે સંસારથી તો ઉદાસ;
દૈવી જીવને દે ઉપદેશ, હરિભક્તિ કરાવે હંમેશ. ૩૩
કોઇ ગામ જતાં એકવાર, રસ્તે કાઠી મળ્યા ત્રણ ચાર;
મુખ્ય તેમાં તો ઓઢો ખુમાણ, શૂરવીર ને પરમ સુજાણ. ૩૪
સાથે સાથે તે ચાલિયા સહુ, જતાં દીઠા ત્યાં વીંછિયો બહુ;
ત્યારે કાઠી કહે મહારાજ, આ શું દેખાય છે કહો આજ ? ૩૫
બોલ્યા વિશ્વંભર દ્વિજજન, એક શેઠનું જાય છે ધન;



૧.કાઠિયાવાડ ૨.આશ્રયદાતા

ખપ હોય તો ગાંઠે તે બાંધો, એમાં કાંઇ નહી પડે વાંધો. ૩૬
હસી બોલિયા કાઠીયો એહ, તમે રાખો મહારાજ તેહ;
ભટે પાવરા[1]માં ભરી લીધા, પછી પંથે સિધાવિયા સીધા. ૩૭
વળી જ્યાં જઇ કીધો વિરામ, ઠલવ્યો પાવરો તેહ ઠામ;
સોનામોરે[2]નો ઢગલો થયો, ત્યારે સંશય કાઠીનો ગયો. ૩૮
કરી વહેંચી લેવા તકરાર, ત્યારે ચાલી વિંછી તણી હાર;
મહાપુરુષ તે વિપ્રને જાણ્યા, શિષ્ય થઇને ગુરુજી પ્રમાણ્યા. ૩૯
વળી ત્યાંથી આંસોદર આવ્યા, હરિભક્તના મનમાં ભાવ્યા;
તેના જજમાનની સુતા એક, વાલબાઇ જે જાણે વિવેક. ૪૦
તેની જાણજો કણબી જાત, ખોળતી હરિને સાક્ષાત;
ભેખમાં મળશે ભગવાન, એમ જાણતી તે અનુમાન. ૪૧
માનગર એક ગોસાંઇ જેહ, હતો શિષ્ય તે ભટનો તેહ;
તેને સાધુ જાણી સુખદાઇ, કોઇ દિવસ જમાડતી બાઇ. ૪૨
એક દિવસ તે બાઇ કહે છે, ભેખમાં ભગવાન રહે છે;
એવું જાણી જમાડું છું તમને, કહો ક્યાં મળશે હરિ અમને ? ૪૩
સુણી બોલિયા તેહ ગોસાંઇ, કહું સત્ય તે સાંભળો બાઇ;
વિશ્વંભરભટ ગોર તમારા, એ જ ઇશ્વરઅંશ છે સારા. ૪૪
વાત બાઇયે માની તે સાચી, તલમાત્ર તેમાં નહીં કાચી;
માનગરજીનો વિશ્વાસ આવ્યો, ભટ ઊપર ભાવ ધરાવ્યો. ૪૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

જનમથી જન દૈવી જે જણાય, ધરમની વાત સુ તેહથી મનાય;
પણ જન અતિ આસુરી જ જેહ, પ્રતિત ધરે નહિ સંત કેરી તેહ. ૪૬



૧.વસ્તુ ભરવાની કોથળી ૨.સોનાનો સિક્કો



*ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વિશ્વંભરભટ્ટ-જન્મકથનનામા ત્રયોદશો વિશ્રામઃ ॥૧૩॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, આત્માનંદનું કહું આખ્યાન;
વિશ્વંભર ભટ નામ છે, કરે પ્રભુ તણાં ગુણગાન. ૧

**ચોપાઈ :**

વાલબાઇયે તે ઘણા વહાલે, વિશ્વંભર ભટને એક કાળે,
નોતરું દેઇ જમવા તેડાવ્યા, પછી તે જ્યારે જમવા આવ્યા. ૨
તમે ઈશ્વર છો એમ કહી, બાઇ ગુરુપદ પકડી રહી;
બોલ્યા વિશ્વંભરભટ તૈંયે, અમે વિપ્ર તે ઈશ્વર છૈયે. ૩
નથી એમાં તો કાંઇ નવાઇ, મૂકો મૂકો મારા પગ બાઇ;
તોયે પગ નવ મૂકિયા જ્યારે, ભટે ચરણ ઉંચો કર્યો ત્યારે. ૪
ચાંપ્યો અંગુઠો એને કપાળે, થઇ તેને સમાધિ તે કાળે;
ખટ ચક્ર ભેદી જીવ ચડિયો, બ્રહ્મરંધ્ર ઉપર જઇ અડિયો. ૫
ભુલી ગઇ નિજ દેહનું ભાન, સૂતિ થૈને તે શબની સમાન;
ભટે પૂછી જોયું તેની માને, આવું થાય છે કે કદી આને. ૬
ત્યારે માતાયે જોઇને કહ્યું, આવું તો આને આજ જ થયું;
કહે ભટ એની ચિંતા વિસારી, એને એકાંતે મૂકો સુવારી. ૭
પછી માતાયે એકાંતે ધરી, ગયા ભટજી તો ભોજન કરી;
ગયા વાસરે[1] બે એમ વહી, સમાધિ તોય ઊતરી નહી. ૮
માયે ભટજીને જમવા તેડાવ્યા, જ્યારે તે વળી જમવાને આવ્યા;



૧.દિવસ

માયે આંખમાંથી આંસુ પાડી, સ્થિતિ પુત્રીની તેને દેખાડી. ૯
ચાંપી ચરણનો અંગુઠો ભાલે, તેને તરત જગાડી તે કાળે;
અતિ જોઇ ચમત્કાર એવા, જાણ્યા ભટજીને ઈશ્વર જેવા. ૧૦
વાલબાઇ તે વૈરાગ્યવાળી, તેણે તૃષ્ણા સંસારની ટાળી;
દિનદિન નિજદેહને દમે, રસ કસવિણ ભોજન જમે. ૧૧
બાળાપણમાં હતી પરણેલી, પાછી સાસરે તો ન ગયેલી;
તેડું આવશે સાસરા તણું, સુણી એવું દાઝે દિલ ઘણું. ૧૨
કરી એવી પ્રતિજ્ઞા આપ, નર સર્વે મારે ભાઇબાપ;
વિશ્વંભરભટને કહી વાત, ગોર છો જી તમે મારા તાત. ૧૩
દીલમાં દયા મુજ પર લાવો, મને કાશીની જાત્રા કરાવો;
ગોરે આપ્યું એને વાક્યદાન, કરાવીશ તને ગંગાસ્નાન. ૧૪
ગોપનાથ પછી ગોર ગયા, મંત્ર લૈ મહાદીક્ષિત થયા;
દીક્ષા ગોપાળજોગિયે દીધી, આતમાનંદ સંજ્ઞા કીધી. ૧૫
ભેખ ભગવો ધરી તેહ ઠામ, પાછા આવ્યા આંસોદર ગામ;
ચાલ્યા કાશિયે ધારી ઉમંગ, વાલબાઇ એ ચાલિયાં સંગ. ૧૬
માત તાતની આજ્ઞા લઇને, શાણી બાઇ ચાલ્યાં સજ્જ થઇને;
લાઠી ગામમાં આવિયાં જ્યારે, ભગવાં કર્યાં બાઇયે ત્યારે. ૧૭
ધીમે ધીમે તે કાશિયે ગયાં, ધર્મશાળા વિષે જઇ રહ્યાં;
મળી ત્યાં તો બીજી એક બાઇ, નામ ઠામ તેનું કહું ભાઇ. ૧૮
દેશ નાઘેરની હતી નારી, તેનો ત્યાગ વૈરાગ્ય છે ભારી;
હરબાઇ છે તેહનું નામ, જાતે કુંભાર પણ ગુણધામ. ૧૯
મળી બે બાઇયો તેહ જ્યારે, નામ ઠામ પૂછી લીધાં ત્યારે;





ગિરનારની છાયામાં ગામ, જાણ્યાં બેય તણાં તેહ ઠામ. ૨૦
થયો સ્નેહ તે સ્વદેશી જાણી, વાલબાઇ બોલ્યાં મુખ વાણી;
કેમ આવ્યાં તમે તજી દેશ ? તેનું કારણ તો કહો લેશ. ૨૧
ત્યારે બોલિયાં તે હરબાઇ, હરિ મળવાની ઈચ્છાયે ધાઇ;
જાણ્યું ભેખમાં છે ભગવાન, કાં તો છે જહાં તીરથ સ્થાન. ૨૨
પણ જોયા કાશીના નિવાસી, દીઠા ભ્રષ્ટ ઘણાક સંન્યાસી;
કામી ક્રોધી લોભી થયા સંત, દેખી ઉપજે છે દુઃખ અત્યંત. ૨૩
ઘણાં તીર્થ વિષે જ હું ફરી, મનવૃત્તિ તો ક્યાંઇ ન ઠરી;
મને ઈશ્વર પ્રાપ્ત ન થયા, દીનબંધુયે નવ કરી દયા. ૨૪
વાલબાઇ બોલ્યાં ધરી નેહ, આતમાનંદસ્વામી છે જેહ;
એ છે ઈશ્વરનો અવતાર, નથી સંશય એમાં લગાર. ૨૫
જ્યારે તેનો સમાગમ કરશો, ત્યારે શાંતિ અંતરમાં ધરશો;
પછી તેણે સમાગમ કર્યો, થઇ ધારણા ને જીવ ઠર્યો. ૨૬
વળી પેખિને પ્રૌઢ પ્રતાપ, એને જાણિયા ઈશ્વર આપ;
તેની પાસે લીધો ઉપદેશ, ધર્યો તન પર ભગવો વેશ. ૨૭

**પૂર્વછાયો :**

ત્રણ્યે મળી ત્યાંથી ચાલિયાં, આવ્યાં વ્રજમાં ગોકુળગામ;
અભ્યાગતની જાયગા, હતી તેમાં કર્યો વિશ્રામ. ૨૮
વેરાગી બહુ ત્યાં વસે, સૌનો ઉપરી એક મહંત;
જાત્રાળુ જન આવે ઘણા, આપે રસોઇ જમે સૌ સંત. ૨૯
વારો રસોઇ દીધા તણો, મળે નહિ દિવસ બહુ જાય;
ત્યારે સામાન રસોઇનો, દઇ પોતાને પંથ પળાય[1]. ૩૦



૧.ચાલ્યા જાય

સીધાં લઈ સાકર તણાં, ભરે કોઠારી કોઠાર માંય;
ભેખને પિરસે ભાખરા, પુણ્ય પાપ ગણે નહિ કાંય. ૩૧
સારું સારું પોતે જમે, નિજ સેવકને પણ દેય;
હોય ગવાન્નીક[1] ગાયનું, જેમ પાડા ભક્ષ કરેય. ૩૨
તે થકી તે કોઠારીની, બહુ નિંદા જગતમાં થાય;
મુખોમુખ નહિ કહી શકે, પણ પાછળ અપજશ ગાય. ૩૩
ઘરડા માંદા સંતને, જેની પાસે ન દેખે દામ;
કાઢી મૂકે જગ્યા થકી, કહે રહો બીજે જૈ ઠામ. ૩૪
કરવા પરીક્ષા તેહની, આત્માનંદે કીધો વિચાર;
બેય પગે પાટા બાંધિયા, મધ ચોપડી તેહ ઠાર. ૩૫
માખિયો બહુ બહુ બણબણે, કોઇ ઉભું રહે નહિ પાસ;
સૂગ ચડે જન સર્વને, વસવા ન દે કોઇ વાસ. ૩૬
કાચું સિધું કોઠારિયે, આપી કહ્યું તજો આ સ્થાન;
વળી બીજા વેરાગીયે, આવી કર્યું ઘણું અપમાન. ૩૭
ધમકી દઇ ધકા મારિયા, કાઢી મુકવા કીધો ઉપાય;
આત્માનંદ કહે આજ તો, મુજ માંદા થકી ન જવાય. ૩૮
મહાંતનાં મનમાં દયા, કાંઇ ઉપજી એણી વાર;
આજની રાત રહો ભલે, એવો એણે કર્યો ઉચ્ચાર. ૩૯
મંદિરના જનકારણે, કર્યા માલપુવા દૂધપાક;
ભજીયાં પણ ભાતભાતનાં, ઘણાં સુંદર સ્વાદુ શાક. ૪૦
પંગતે પીરશું જે સમે, ત્યારે પાત્ર પુરાવી મહંત;
અરપ્યું આત્માનંદને, કહ્યું જમો તમે શુચિ સંત. ૪૧



૧.ગૌ ગ્રાસ, ગાય માટે કાઢેલું



દૃષ્ટિ કરી દૂધપાકમાં, બોલ્યાં આત્માનંદજી એમ;
આમાં તો જીવ અસંખ્ય છે, કહો કરાય ભોજન કેમ ? ૪૨
પછી દીઠા સૌ સાધુયે, બધા ભોજનમાં બહુ જંત;
ખાડો ખોદાવીને દાટિયું, રહ્યા ભૂખ્યા નિશા પર્યંત. ૪૩

**ચોપાઇ :**

આતમાનંદ ત્યાં રહિ રાત, ચાલ્યા મારગે ઉઠી પ્રભાત;
સર્વે સાધુયે કીધો વિચાર, એ તો ઈશ્વરનો અવતાર. ૪૪
સાધુઓને શિખામણ દેવા, એ તો આવ્યા હતા થઇ એવા;
હોય ભોજનમાં ક્યાંથી જંત, એનું ઐશ્વર્ય એ તો અનંત. ૪૫
પછી ખોળવા તેને નિકળીયા, પણ કોઇને તે નવ મળિયા;
આત્માનંદ આવ્યા ગુજરાત, અમદાવાદ છે જ્યાં વિખ્યાત. ૪૬
શિષ્ય નાગર દશ બાર થયા, પછી વિસનગરમાં ગયા;
વડનગર ગયા એહ વાર, ઘણા શિષ્ય કર્યા બેય ઠાર. ૪૭
વળતાં આવિયા મછિયાવ, રાણી ફઇબાનો ભાળ્યો ભાવ;
બાપુસિંહજી ઠાકોર તણી, એહ માતા વિવેકી ઘણી. ૪૮
તેને પોતાની આશ્રિત કરી, કૈંક ભરવાડે શિષ્યતા ધરી;
રાજકોટ ગયા મહારાજ, કૈંક જીવનાં ત્યાં કર્યા કાજ. ૪૯
દૈવી જીવ જે ડોસો કુંભાર, વૈશ્ય માવજી સમઝે સાર;
તેઓને ભલા ઉપદેશ દીધા, સારા શિષ્ય તે પોતાના કીધા. ૫૦
આસપાસના ગામોમાં ફર્યા, ઘણા દૈવીને આશ્રિત કર્યા;
આત્માનંદે કર્યું એવું કામ, કીધું શિષ્ય કોઠારિયું ગામ. ૫૧
ત્રંબાગામ બધું શિષ્ય થયું, તેમા કોઇ અશિષ્ય ન રહ્યું;

જુગતાનંદ મુક્તાનંદ, બેય સાધુ કર્યા જગવંદ. ૫૨
જુગતાનંદ સમાધિ કરે, અનુવૃત્તિ મુક્તાનંદ ધરે;
નિજમત પ્રસરાવવા કાજ, ચાલ્યો પાંચે જણાનો સમાજ. ૫૩
સરધારમાં જૈ શિષ્યો કર્યા, કોટડામાં પછી પરવર્યા;
નામે ઉકરડો રાજગર, થયો શિષ્ય તે એ અવસર. ૫૪
ગામ છત્રાસાના સર્વ જન, શિષ્ય થૈ કરે નિત્યે ભજન;
પછી ત્યાંથી આવ્યા પીપળાણે, મે'તા નરસી રહે તે ઠેકાણે. ૫૫
તેને શિષ્ય કર્યા તેહ ઠામ, કર્યું શિષ્ય આખા આખું ગામ;
લોઢવામાં થઈ શિષ્ય બાઈ, લખુચારણ નામે ગણાઈ. ૫૬
મેખાટીંબી નામે એક ગામ, રહે આહિર બહુ તેહ ઠામ;
આત્માનંદ તહાં પરવર્યા, ઘણા આહિરને શિષ્ય કર્યા. ૫૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નરતનું ધરી ઈશ્વરાંશ આપ, સદ ઉપદેશ દઇ હર્યા ત્રિતાપ;
પરમત કરી વાદ જીતિ લીધા, બહુ જનને સમઝાવી શિષ્ય કીધા. ૫૮

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે આત્માનંદસ્વામી-પ્રવાસવિચરણનામા ચતુર્દશો વિશ્રામઃ ॥૧૪॥***

**પૂર્વછાયો :**

ભૂપ અભેસિંહ સાંભળો, ચારુ કથા ધરીને ચિત્ત;
ઐશ્વર્ય આત્માનંદનું, સંભળાવું સ્નેહ સહિત. ૧

**ચોપાઈ :**

ગામ મેખાટીંબી મોઝાર, આત્માનંદ રહે કરી પ્યાર;





થયા આહિર શિષ્ય અનેક, રહે આજ્ઞા વિષે ધરી ટેક. ૨
ગામ ધ્રાફા વિષે એક કાળે, કર્યો મેળો મોટા પંથવાળે[૧];
લખી કંકોતરી ગામોગામ, તેમાં આહિર તેડ્યા તમામ. ૩
વળી એમ લખ્યું તેહમાંય, સગા સ્નેહીને લાવજો ત્યાંય;
ત્યારે આહિરોયે મળી આવી, આત્માનંદને વાત સુણાવી. ૪
સ્નેહી સહિત તેડાવ્યા છે અમને, સાચા સ્નેહી તો ગણિયે તમને;
તમે આવશો સહિત સમાજ, મેળે તોજ જશું અમે આજ. ૫
ગુરુજી કહે આવશું અમે, જવા તત્પર થાઓજી તમે;
સુણી આહિર સર્વ સિધાવ્યા, આત્માનંદજીને સાથે લાવ્યા. ૬
વાલબાઈ અને હરબાઈ, મેળો જોવા ચાલ્યાં હરખાઈ;
મુક્તાનંદ અને જુક્તાનંદ, બેયને કહે આત્માનંદ. ૭
મતવાદી જગતમાં જેહ, કરે છે દ્વેષ આપણો એહ;
મેળામાં જાશું આપણે જ્યારે, અતિ કરશે અવિદ્યા તે ત્યારે. ૮
માટે આપણે વેશ છુપાવો, સારો ક્ષત્રિનો વેશ બનાવો;
કોઈ ઓળખે નહિ એમ કરવું, પછી આહિર સાથે વિચરવું. ૯
એવાં વચન કહી મરમાળાં, પે'ર્યા ધોતિયાં લાંબાં પનાળાં;
રુડી રેશમની કોર રાજે, અંગે અંગરખાં મોટાં છાજે. ૧૦
જામનગરનાં જરિયાનવાળાં, માથે ધોતિયાં બાંધ્યાં રુપાળાં;
ઢાલો તલવારો પણ ધરી લીધિ, ધારી બરછિયો પણ ભલી વીધિ. ૧૧
જુગતાનંદ ને મુક્તાનંદ, આતમાનંદ સ્વામી સ્વછંદ;
થયા ઘોડલે તે અસવાર, મળી ચાલ્યા આહિર મોઝાર. ૧૨
આવ્યા એવી રીતે ધ્રાફા ગામ, દીઠી મંડળિયો ઠામેઠામ;



૧.પછાત કોમમાં પ્રસરેલો સંપ્રદાય-તેમાં અશ્લીલ વિધિઓ હોય છે

ખડતાળ મૃદંગ બજાવે, નરનારી મળીને ત્યાં ગાવે. ૧૩
કોઇ તો સખી થઇને નાચે, નરનારિયો નિર્ખીને રાચે;
કોઇ તો એકતારો બજાવે, સ્વર ઉંચેથી સાવળ્યો ગાવે. ૧૪
જનમાં જન્મ સાહેબ લેશે, બાવો કાંકરિયે દેરા દેશે;
એવી વાત ભવિષ્યની ગાય, તેનો મર્મ નહીં સમઝાય. ૧૫
ગામ પાદર તંબુ છે તાણ્યા, મળ્યા લોક હજારો અજાણ્યા;
કોઇ પાઠ પૂજા આદરે છે, કોઇ તો જ્યોત પ્રગટ કરે છે. ૧૬
એક પંગતે બેસીને ખાય, જાતિભેદ જુદો ન જણાય;
નર નારીની ભીડ ભરાય, કૈંકનાં અંગ તો કચરાય. ૧૭
અડકે પરપુરુષનાં અંગ, તેથી થાય પતિવ્રત ભંગ;
દિસે બાવાના ક્યાંઇ અખાડા, ગાંજા ભાંગ્યના ઊડે ધુમાડા. ૧૮
તેના જેવા તે તો ભળી જાય, ધર્મવાળાથી તો ન ભળાય;
સ્વામી ઉતર્યા જોઇ એકાંત, પડી તે થકી લોકોને ભ્રાંત. ૧૯
કહે કોઇ આવ્યો બ્રહ્મી બાવો, નોય તેહ વિના ધર્મ આવો;
બોલી ચાલી અને રીત ભાત, બ્રહ્મી[૧] બાવાની છે સાક્ષાત. ૨૦
ગાંજો ભાંગ્ય કશું નથી પીતા, રહે નારીના તન થકી બીતા;
આખા વિશ્વ વિષે એવો કોય, બ્રહ્મી બાવા વિના નવ હોય. ૨૧
માટે કાંઇ ઉપાય કરાવો, એને આંહિથી કાઢી મુકાવો;
નાખશે ભૂરકી એ જરૂર, કૈંકને કરશે ગાંડાતૂર. ૨૨

**અસંતમાં સંત છાના ન રહે તે વિષે : ઉપજાતિવૃત્ત :**

જો હંસ બેઠા બગમધ્ય હોય, છુપાવતાં છુપી રહે ન તોય;
આહાર જુદા થકી ઓળખાય, મોતી મરાળો[૨] બગ મત્સ ખાય. ૨૩



૧.એક ભગવાનમાં જ બધુ છે એમ માનનારો ૨.હંસ



બેસે કદી કોકિલ કાગ સંગે, જણાય જોતાં સરખાં જ અંગે;
ઉચ્ચાર જ્યારે મુખથી કરાય, કોકીલ ને કાગ જુદાં જણાય. ૨૪
જો કાચકેરા કડકા અનેક, તે માંહી હીરો કદી હોય એક;
પડે પછી તે નજરે ઘણાની, હીરા તણી જોત રહે ન છાની. ૨૫
તપસ્વિનો વેષ નરેશ ધારે, જો ચોળીને ખાખ જટા વધારે;
ભલે કદી કોપિન હોય વાળી, જણાય તોયે જન ભાગ્યશાળી. ૨૬
અસંતના મંડળ માંહી સંત, બેસે જઇને કદી જ્ઞાનવંત;
જુદા જ તે આચરણે જણાય, છાના રહે તો પણ ઓળખાય. ૨૭

**ચોપાઇ :**

આત્માનંદે છુપાવ્યો છે વેશ, પણ ધર્મ છુપે કેમ લેશ;
આચરણ જુદાં જોઇને એહ, લોકે જાણ્યા બ્રહ્મી બાવો તેહ. ૨૮
ગભરાટ ઉઠ્યો મેળે આખે, રખે નરને ગાંડા કરી નાંખે;
પછી મેળાના ધણિયે વિચારી, આત્માનંદને વાત ઉચ્ચારી. ૨૯
સંપ્રદાયથી છો તમે ન્યારા, તમે સૌની નિંદા કરનારા;
ગાંજો ભાંગ્ય પિતા નથી તમે, વળી રીત અમારી ન ગમે. ૩૦
અમે તમને નથી જ તેડાવ્યા, વણ તેડ્યા તમે કેમ આવ્યા ?
હવે સામે મોઢે પાછા જાઓ, વણઅર્થે ફજેત ન થાઓ. ૩૧
આત્માનંદ કહે સુણો તમે, વણ તેડ્યા આવ્યા નથી અમે;
આ છે આહિર શિષ્ય અમારા, આવ્યા તે પર પત્ર તમારા. ૩૨
સગા સ્નેહિને લાવજો સાથે, તમે એવું લખ્યું હતું હાથે;
સાચા સ્નેહિ તો અમને ઠરાવ્યા, તેથી સાથે તેઓ તેડી લાવ્યા. ૩૩
મેળો વેરાશે[૧] ત્યારે જ જાશું, શીધું નહિ દ્યો તો ગાંઠનું ખાશું;



૧.પુરો થશે.

હવે ઝાઝું ન બોલશો તમે, નહિ માનિયે કાંઇયે અમે. ૩૪
એવું સાંભળીને ઉઠી ગયા, ગુરુ શિષ્ય ઘણા ભેળા થયા;
ઘણી ધૂળની ફાંટો ભરાવી, સ્વામી ઊપર આવી નંખાવી. ૩૫
કોઇ દૂરથી કાંકરા મારે, કોઇ તો હુરેહુરે ઉચ્ચારે;
આહિરોયે ત્યાં તરવારો તાણી, બોલ્યા આતમાનંદજી વાણી. ૩૬
કોઇ ઉપર ઘાવ જે કરશે, ગુરુદ્રોહી વચનદ્રોહી ઠરશે;
આપણે સહેવું અપમાન, ભાળી રીઝે તેથી ભગવાન. ૩૭
કહે વર્ણી અભેસિંહરાવ, હતો આહિરોને ઉર ભાવ;
મોટા પંથિને જાણતા સારા, તેને દેખાડવાને નઠારા. ૩૮
મેળે આવ્યા હતા મહારાજ, ગુણ દોષ દેખાડવા કાજ;
ચાલ્યા આહિરો રીસાઇ જ્યારે, આત્માનંદ ચાલ્યા સંગ ત્યારે. ૩૯
અધ ગાઉ ગયો તેહ વ્રાત[1], થયો મેળા વિષે ઉતપાત;
આવ્યો વંટોળિયો ચડી એક, ઉડે ધૂળ ને પથરા અનેક. ૪૦
વાય વાયુ મહા વિકરાળ, જાણે આવ્યો પ્રલયનો કાળ;
દેરા તંબુ તે ઉડ્યા આકાશ, જાણે ઉડી પડાઇ[2] ચોપાસ. ૪૧
ઘણા પથરા આકાશથી પડે, ભાંગ્યાં કૈંકનાં માથાં તે વડે;
વળી ભાંગિયાં કૈંકનાં અંગ, ખડતાળ ને ભાંગ્યાં મૃદંગ. ૪૨
ભાંગ્યા મંજિરા ને એકતારા, બુમો પાડે ત્યાં બાવા બિચારા;
કૈંક બાવાના ભાંગિયા કૂલા, પગ ભાંગ્યાથી કૈં થયા લૂલા. ૪૩
કૈંની આંખ્યમાં ધૂળ ભરાઇ, રામકીને કે' કહાં ગઇ માઇ ?
હિંદુસ્તાની બોલે કોઇ આમ, એસા ક્યા હુવા ઓ મેરે રામ ? ૪૪
કૈંક રામકિયો રડ વડે, કૈંક બાવાનાં છોકરાં રડે;



૧.ટોળું, સમુહ ૨.પતાકા, નાની ધજા



નરનારી કરે નાસાનાસ, સૌને અંતરે ઉપજ્યો ત્રાસ. ૪૫
જ્યોત જ્યોતને ઠેકાણે રહી, પાટપૂજા પૂરી થઇ નહી;
રાંધ્યાં ધાન થયાં ધૂળધાણી, પીવા નવ મળ્યું કૈંકને પાણી. ૪૬
ભૂખ્યા તરશ્યા ગયા લોક ભાગી, વળી બોલિયા કૈંક વૈરાગી;
બ્રહ્મીબાવો જાણે જાદુ વિદ્યા, માટે એણે કરી આ અવિદ્યા. ૪૭
આત્માનંદજી ત્યાંથી સિધાવ્યા, દેશ બાબરિયાવાડે આવ્યા;
કર્યો રામપરામાં વિરામ, ઘણા શિષ્ય કર્યા તેહ ઠામ. ૪૮

**પૂર્વછાયો :**

વિચરી નાઘેર દેશમાં, આતમાનંદે ઠામોઠામ;
પોતાના શિષ્ય ઘણા કર્યા, જઇ જઇને ગામોગામ. ૪૯
રહેવાસી રાજકોટના, શેઠ માવજી ડોસો કુંભાર;
આત્માનંદને તેડવા, ગયા નાઘેર દેશ મોઝાર. ૫૦
તેડીને વળતા આવિયા, નાના મોટા માંડવા ગામ;
સાથે હરબાઇ વાલબાઇ, જુક્તાનંદ મુક્તાનંદ નામ. ૫૧
શેલડીના એક વાઢમાં, જઇ બેઠો સર્વ સમાજ;
વાઢના ધણિયે જાણિયું, આ તો બ્રહ્મી બાવો આવ્યો આજ. ૫૨
બીક લાગી એને બહુ, નાંખી ભૂરકી હરશે ભાન;
જાઓ અમારા વાઢથી, એમ કહી કર્યું અપમાન. ૫૩
આત્માનંદજી ઉચ્ચર્યા, આ છે વિશ્વપતિનો વાઢ;
બેઠા મુસાફર છે બીજા, કેમ અમને અહીંથી કાઢ્ય ? ૫૪
વળી વદે ધણી વાઢનો, તમે જાદુગરા છો જરુર;
ગાંડા કરો છો લોકને, માટે આંહિ થકી જાઓ દૂર. ૫૫

આત્માનંદ ઉઠી ચાલિયા, સાથે લઈ પોતાના જન;
નીરનું નેહેરું[૧] આવિયું, ત્યાં કરવા રહ્યા મજ્જન[૨]. ૫૬
જે વાઢમાંથી નીસર્યા, તેમાં ફરતો હતો એક કો'લ;
વાઢધણી જાણતો હતો જે, સારો ઉતરશે ગોળ. ૫૭
રસ રેલાઈ ચાલિયો, જેમ કોસનો ચાલે પ્રવાહ;
કાંઈ ન ઉતરે કુંડીમાં, કરી જોયા ઉપાય અથાહ. ૫૮
આવિયો એક અતીત ત્યાં, જંત્રમંત્ર તણો જાણનાર;
જીભનું શોણિત[૩] છાંટિયું, કર્યા ધૂપ ને ધ્યાન અપાર. ૫૯
તો પણ અર્થ સર્યો નહીં, ત્યારે અતીત બોલ્યો એહ;
જેનો તમે અપરાધ કર્યો, કોઈ મોટા પુરુષ તો તેહ. ૬૦
માંગો અનુગ્રહ એહનો, જઈ પ્રેમે કરીને પ્રણામ;
તે કરશે કરુણા ઘણી, તોજ થશે તમારું કામ. ૬૧
વાઢ તણા તે કણબિયે, પછી જઈ આત્માનંદ પાસ;
કર જોડી વિનતિ કરી, કહ્યું ટાળો અમારો ત્રાસ. ૬૨
અમે ન તમને ઓળખ્યા, આપ મોટા પુરુષ છો આજ;
જે અપરાધ અમે કર્યો, તે માફ કરો મહારાજ. ૬૩
કુંડીમાં રસ પડતો નથી, કરી જોતાં કોટિ ઉપાય;
કૃપા કરો કરુણાનિધિ, રસ કુંડી વિષે તો ભરાય. ૬૪
અવર માંગું એટલું, મારે ઘેર રહો ચાર માસ;
કલ્યાણ કરવા આવિયા, અને હું છું તમારો દાસ. ૬૫
આગ્રહ અતિ જોઈ એહનો, એક માસ વસ્યા તેને ઘેર;
રસ કુંડીમાં ઉતર્યો, થઈ અધિક લીલા લેર. ૬૬



૧.નદી, વોંકળું ૨.સ્નાન ૩.લોહી



આતમાનંદને ઉતરવા, તેણે જગ્યા કરાવી ત્યાંય;
કોઈક અવસરે આવીને, સ્વામી ઉતરતા તેમાંય. ૬૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

મહતપુરુષ અત્ર દેહધારી, વિવિધ પ્રકાર વિવેકથી વિચારી;
દુરમતિ હરિ આત્મજ્ઞાન દે છે, ભવજળ પાર મુમુક્ષુને કરે છે. ૬૮

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે આત્માનંદસ્વામી-ઐશ્વર્યકથનનામા પંચદશો વિશ્રામઃ ॥૧૫॥***

**પૂર્વછાયો :**

ચાલ્યા માંડવા ગામથી, આતમાનંદ સહિતસમાજ;
રહ્યા જઈ રાજકોટમાં, નિજ આશ્રિતના હિતકાજ. ૧

**ચોપાઈ :**

પછી ત્યાં થકી ચાલિયા ફરવા, કૈંક જીવનાં કલ્યાણ કરવા;
ગયા ફરતા તે ગામ છત્રાસે, ઘણા ભક્ત વસે ત્યાં નિવાસે. ૨
રામાનંદસ્વામી આવી મળિયા, કરી ચર્ચાને સંશય ટળિયા;
વિશિષ્ટાદ્વૈત મત કર્યું સાચું, મત અદ્વૈત તો ઠર્યું કાચું. ૩
બ્રહ્મચારી કહે હે રાય, તે તો તમને કહી છે કથાય;
રહી શેષ તે વાત કહું છું, મારા મનમાં હુલાસ લહું છું. ૪
આતમાનંદ ધારી આનંદ, કહે સાંભળો હે રામાનંદ !
મારો વૃદ્ધ થયો છે જ દેહ, માટે તજવાને જૈસ હું તેહ. ૫
રામાનુજગુરુથી તમે દીક્ષા, લીધી છે વળી સારી શિક્ષા;
વૃંદાવનમાં શ્રીકૃષ્ણથી જેમ, મંત્રદીક્ષા લીધી છે તેમ. ૬

વિશિષ્ટાદ્વૈત મતનું જ્ઞાન, મારા શિષ્યોને દેજો નિદાન;
મત અદ્વૈત ખંડન કરજો, મારા શિષ્યોના સંશય હરજો. ૭
રામાનંદ બોલ્યા શબ્દ સારા, રામાનુજ છે પરમ ગુરુ મારા;
તેનો પ્રતાપ અંતરે આણી, વળી કૃષ્ણપ્રતાપ તે જાણી. ૮
હૈયે રાખીને પૂરણ હામ, કહો છો તે કરીશ હું કામ;
જે જે છે જન શિષ્ય તમારા, તેને શિષ્ય કરીશ હું મારા. ૯
બીજા પણ બહુ શિષ્ય કરીશ, વિશિષ્ટાદ્વૈત હું મનાવીશ;
કૃષ્ણઆજ્ઞાથી આવ્યો છું હુંય, માટે કામ તે કરવા ઇચ્છુંય. ૧૦
પછી હરબાઇ ને વાલબાઇ, તેને ગુરુયે કહ્યું હરખાઇ;
રામાનંદ કહે તેમ કરજો, એની આજ્ઞા અંતરમાં ધરજો. ૧૧
જુક્તાનંદ મુક્તાનંદ જેહ, હવે હું સૂધાં ત્રણ જણ તેહ;
જશું નાઘેર દેશ મોઝાર, તન ત્યાગશું જૈ તેહ ઠાર. ૧૨
રહે કે પડે જો તનુ ત્યાંય, તોય ખોળ ન કરશો ક્યાંય;
ખોળશે તે ગુરુદ્રોહી થાશે, અંતે ઘોર નરકમાં જાશે. ૧૩
એમ કહી જણ ત્રણ સિધાવ્યા, લોઢવે લખુને ઘેર આવ્યા;
ત્યાંથી પચીશ ગાઉ ઊપર, ગામ નામ રુડું રામપર. ૧૪
ઘણા શિષ્ય રહે નિજ ત્યાંય, કહ્યું એકને સ્વપનામાંય;
ગાડું લઇ તેડવા આવ્ય તુંય, તારી સાથે ત્યાં આવિશ હુંય. ૧૫
રાણો વણઝર શિષ્યનું નામ, જાતે આહિર સદ્‌ગુણધામ;
હતો તે તો સમાધિનિષ્ઠ, વળી શિષ્ય ગણાતો વરિષ્ઠ. ૧૬
કહે વર્ણી સુણો હે નરેશ ! એની વરણવું વાત વિશેષ;
આત્માનંદે તજ્યો જ્યારે દેહ, રામાનંદે કર્યો શિષ્ય તેહ. ૧૭





મેલ્યો અદ્વૈતમતને વિસારી, વિશિષ્ટાદ્વૈતની ટેક ધારી;
નામે કુંભો તેનો સુત થયો, તાતના મતમાં તેહ રહ્યો. ૧૮
કર્યું એવું તો ભક્તિનું કાજ, તેને રીઝ્યા શ્રીજી મહારાજ;
ભોજો પુત્ર ભલો થયો તેનો, અતિ ઉત્તમ સત્સંગ એનો. ૧૯
કાંઇ કારણથી રામપર, તજી કીધું સમઢિયાળે ઘર;
ભોજાભક્તનું સમઢિયાળું, પડ્યું નામ તો તેથી રુપાળું. ૨૦
ભોજો ભક્ત ભારે સતસંગી, એની પ્રભુપદ પ્રીત અભંગી;
રઘુવીરજીને રુડીપેર, ઘણીવાર તેડ્યા નિજ ઘેર. ૨૧
ભાળી ભક્તિ ભલી તેહ તણી, આચારજની કૃપા થઇ ઘણી;
નિત્યાનંદ ને ગોપાળાનંદ, તેને ઘેર પધાર્યા સ્વછંદ. ૨૨
ગુણાતીત મુનિ કેહવાય, તેના તો મુખ્ય શિષ્ય ગણાય;
ઘણાં રાખતા નિજઘેર ઘોડાં, બીજાં વાહન પણ નહિ થોડા. ૨૩
ઘણાં ઘોડાં તો દેવને દીધાં, આચારજજીને અર્પણ કીધાં;
ઘરે ભેંશો રાખે ઘણી એવી, ભલી હોય હાથણિયો જેવી. ૨૪
જુનાગઢના મંદિરમાંય, દેવ રાધારમણ છે ત્યાંય;
ભારે ભેંશો તહાં ભેટ ધરી, સાજી તાજી તને પુષ્ટ કરી. ૨૫
દેવને દહીં દૂધ ધરાય, તેનું પુણ્ય ગણ્યું ન ગણાય;
ધાતુપાત્ર ને પ્રૌઢ પલંગ, કરી વસ્તુઓ ભેટ અભંગ. ૨૬
કરી ઈશ્વરે લીલા લહેર, ઘણી રિદ્ધિસિદ્ધિ દીધી ઘેર;
પામ્યા સતસંગ માંહિ પ્રખ્યાતી, ધન્ય ધન્ય કહે જનજાતી. ૨૭
એ તો વંશ કહ્યો જ વિસ્તાર, એનો જાણી પ્રસંગ આ ઠાર;
રાણા વણઝરની કહું વાત, સુણો ભૂપ થઇ રળિયાત. ૨૮

ગાડું લૈ રાણો લોઢવે આવ્યા, આત્માનંદને અંતરે ભાવ્યા;
જુક્તાનંદ મુક્તાનંદ પાસ, ગુરુયે કર્યું વચન પ્રકાશ. ૨૯
લખુબાઈ પાસે તમે રહો, થોડા દિન પછી સદગતિ લહો;
એમ કહિને રામપરે આવ્યા, આસપાસના શિષ્યો તેડાવ્યા. ૩૦
પછી વીતી ગઈ જ્યારે રાત, બીજા દિવસનું પ્રગટ્યું પ્રભાત;
નદી ધાતરવડીયે ના'વા, સર્વ શિષ્ય સમેત સિધાવ્યા. ૩૧
હતું તમરતરૂ[1] પાવન, બેઠા નાહીને ત્યાં સઉ જન;
આતમાનંદ ઉચર્યા ત્યારે, મારો દેહ છુટી જાય જ્યારે. ૩૨
લાવી મૂકજો આ સ્થળ એહ, નવ બાળશો દાટશો તેહ;
એમ કહી નિજચરણ ઝલાવ્યા, પછી સૌ મળી ગામમાં આવ્યા. ૩૩

**પૂર્વછાયો :**

પછી આત્માનંદસ્વામીયે, જ્યારે ત્યાગ કર્યો નિજદેહ;
કહ્યા પ્રમાણે મૂકિયા, જઈ તમરતરૂ તળ તેહ. ૩૪
જુક્તા ને મુક્તાનંદ જે, રહ્યા હતા લોઢવે ગામ;
તેમણે પણ સૌ શિષ્યને, તહાં આપી પ્રતિજ્ઞા આમ. ૩૫
તજીયે તન અમે જે સમે, ત્યારે તમે અમારા દેહ;
વન વિષે જૈ મૂકજો, નવ બાળશો દાટશો તેહ. ૩૬
આતમાનંદને વીતિયા, જ્યારે મરણ પછી દિન સાત;
તારે તે બેય સાધુઓના, પિંડ[2] તણો થયો પાત[3]. ૩૭
શિષ્ય મળી તે શરીરને, મુકી આવ્યા વન મોઝાર;
વર્ણી અચિંત્યાનંદ કહે, સુણો ભાવિક ભૂભરતાર[4]. ૩૮
આત્માનંદ તણી કથા, તમને સુણાવી જેહ;



૧.એક જાતનું ઝાડ ૨.શરીર ૩.મૃત્યું ૪.રાજા(અભેસિંહ)



સદ્‌ગુરુ પરમાનંદમુખ, મેં સાંભળી હતી તેહ. ૩૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નૃપતિ સમીપ સર્વ સૌખ્યદાની, કહી શુભ વાત ગુરુપરંપરાની;
દૃઢ મન ધરી જે સુણે સુણાવે, થઈ હરિભક્ત વિરાગ જ્ઞાન લાવે. ૪૦

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે આત્માનંદસ્વામી-દેહત્યાગકરણનામા ષોડશો વિશ્રામઃ ॥૧૬॥***

**પૂર્વછાયો :**

ભૂપ કહે વરણીંદ્રને, તમે કથા સુણાવી સાર;
હવે હું પૂછું તે કહો, અનુકંપા કરીને અપાર. ૧
સ્વામી રામાનંદ આગળે, મહાદીક્ષા લીધી મહારાજ;
ત્યાર પછીની જે કથા, મુજને સુણાવો આજ. ૨

**વસંતતિલકાવૃત્ત :**

વર્ણી કહે રુચિ ધરી સુણ સુજ્ઞ રાય,
શ્રીધર્મનંદન તણી કહું છું કથાય;
દીક્ષા લીધી ગુરુ થકી પુર પીપળાણે,
સારે પ્રબોધિની દિને જન સર્વ જાણે. ૩
આવ્યા હતા દરશને જનસંઘ જેહ,
સૌ પૂર્ણમાસિ સુધી ત્યાં ઠરિયા જ તેહ;
આનંદ ઉત્સવ ધરે ગુણગાન ગાય,
વર્ણીંદ્રનાં દરશને નહિ તૃપ્ત થાય. ૪
મૂર્તિ વિષે નિરખી અદ્‌ભુતતા અપાર,

દીઠાં વળી ચરણ ષોડશ ચિહ્ન સાર;
જાણે ઘણાક જન અક્ષરધામવાસી,
પ્રત્યક્ષ એજ પુરુષોત્તમ સુપ્રકાશી. ૫
કોઈકનાં નજરથી ચિત્ત ચોરી લીધાં,
કોઈકને સહજ દર્શન દિવ્ય દીધાં;
દેખાડયિું કંઈકને નિજકેરું ધામ,
વાધ્યો પ્રતાપ જનમધ્ય વિષે જ આમ. ૬
વીતી ગઈ પુનિત પૂનમ એહ જ્યારે,
પોતા તણે પુર ગયા જનસંઘ ત્યારે;
વર્ણીંદ્રનાં અધિક દર્શન આપવાને,
કીધો વિચાર ગુરુયે ફરવા જવાને. ૭
બેઠા રથે વૃષજ ઉદ્ધવ ધર્મવંત,
ગાડી વિષે વિદિત મુક્ત મુનીશ સંત;
ઘોડે ચડ્યા ઘરધણી વળી સાંખ્યયોગી,
પાળા વિશેષ વિચરે વિષયે વિયોગી. ૮
વાજે મૃદંગ વળી તાલ ઉપંગ ચંગ,
ગાવે ગુણો હરિજનો ધરીને ઉમંગ;
નારી નરો મળી ઘણાં વિચર્યા વળાવા,
નિર્ખી હરિમૂરતિને મનમાં ઠરાવા. ૯
તે માંહી મુખ્યજન તો નરસિંહ મે'તા,
કલ્યાણજી તનુજ તે પણ બ્રહ્મવેત્તા;
જૈ ગામ બાર ગુરુયે કરિયો ઉચાર,





પાછા વળો પુરજનો કરશો ન વાર. ૧૦

**ચોપાઈ :**

પછી પાછા વળ્યા પુરવાશી, આખા ગામે ગયા સુખરાશી;
ગંગાધર વિપ્રનું ત્યાં ઘર, પશ્ચિમાભિમુખે તે સુંદર. ૧૧
ફળિયા માંહી પીપળો સારો, રામાનંદે કર્યો ત્યાં ઉતારો;
સજી ત્યાં સભા સંતસમાજે, આવ્યા હરિજન દર્શન કાજે. ૧૨
રામાનંદે ત્યાં વાણી ઉચ્ચારી, મહાપુરુષ છે આ બ્રહ્મચારી;
એવે અવસરે જાસુલ નામ, આવ્યો મેમણ[૧] એક તે ઠામ. ૧૩
તેણે જોયા શ્રીહરિને જ્યારે, થઈ તરત સમાધિ ત્યારે;
જોઈ મૂરતિને ધામમાં જેવી, જોઈ જાગીને એવી ને એવી. ૧૪
જોયું શ્રીવત્સનું ચિન્હ જેવું, દીઠું પ્રત્યક્ષ તે પણ તેવું;
કર જોડી બોલ્યો ગુણવાન, સહજાનંદ છો ભગવાન. ૧૫
એમ કહીને તે ચાલ્યો ગયો, સૌના મનમાં અચંબો થયો;
ગંગાધર નામે વિપ્રને ઘેર, જમ્યા સર્વે તહાં સારી પેર. ૧૬
અગત્રાઈના હરિજન જેહ, આવ્યા સ્વામીને તેડવા તેહ;
સ્વામીયે વિનતિ સુણી લીધી, મુક્તાનંદજીને આજ્ઞા દીધી. ૧૭
આજ જાઓ અગત્રાઈ તમે, કાલે આવશું ત્યાં પછી અમે;
સાથે લઈને શ્રીહરિ સુખદાઈ, મુક્તાનંદ ચાલ્યા અગત્રાઈ. ૧૮
હરિભક્તો વળાવવા ગયા, હરિને જોઈ વિસ્મિત થયા;
દીઠું અકળ ને અદ્‌ભૂત તેજ, મૂરતિ માંહિ સમાયું એજ. ૧૯
તેથી મૂર્તિમાં ચોટિયું ચિત્ત, કોઈ પાછા વળે ન ખચીત;
મુક્તાનંદ કહે હરિદાસ, તમે શા માટે થાઓ ઉદાસ ? ૨૦



૧.સુન્ની મુસલમાનોની જાતિ

રામાનંદ છે ઈશ્વરમૂરતિ, જઈ જોડો તેને વિષે સુરતી;
ઘણા આગ્રહથી પાછા વાળ્યા, પ્રભુ સંતો તણી સાથે ચાલ્યા. ૨૧
ભક્ત આવ્યા રામાનંદ પાસ, કરી પરચાની વાત પ્રકાશ;
સ્વામી બોલિયા વાત વિચારી, મહાપુરુષ છે એ અવતારી. ૨૨
બીજે દિવસે તો તત્પર થયા, રામાનંદ અગત્રાઈ ગયા;
રહે પટેલ ત્યાં ભીમભાઈ, તેને ઘેર રહ્યા સુખદાઈ. ૨૩
મળ્યા ત્યાં મુનિ મુક્તાનંદ, મળ્યા શ્રીહરિ આનંદકંદ;
ભીમભાઈ ને પર્વતભાઈ, પાસે બોલ્યા ગુરુ સુખદાઈ. ૨૪
આ છે વર્ણીને વેષે સુજાણ, પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ;
સુણી વાત તે પર્વતભાઈ, કર્યો નિશ્ચય મન હરખાઈ. ૨૫
સ્વામી ધોળિયે આંબે તે જઈ, બેસતા સભામાં સજ્જ થઈ;
રામાનંદ ગુરુ તો ગણાતા, સૌનાં મન તો હરિમાં તણાતાં. ૨૬
કૈંક જીવના અર્થ સુધાર્યા, પછી ત્યાં થકી મઢડે પધાર્યા;
ઊતર્યા જેઠામેરને ઘેર, તેને વાત કહી રુડી પેર. ૨૭
વળી હરિયે અનુગ્રહ કર્યો, ચમત્કાર દેખાડિયો ખરો;
તેથી નિશ્ચય તેહને થયો, સર્વ સંશય મન તણો ગયો. ૨૮
રામાનંદ ને શામશરીર, નાવા જાય નદી તણે તીર;
યોગ અષ્ટાંગ ત્યાં તે આચરે, ધ્યાન ધારણા સમાધિ કરે. ૨૯
ત્યાંથી પરવર્યા જનપ્રતિપાળ, કાળવાણીયે આવ્યા કૃપાળ;
ત્યાં તો ધર્મશાળા શુભ અતી, રામાનંદે કરાવેલી હતી. ૩૦
કર્યો બે માસ તેમાં નિવાસ, નિજજનની પુરી કરી આશ;
શામને તન સ્વેદ[1] વળાવા, પાટા આવળકેરા બંધાવ્યા. ૩૧



૧.પરસેવો



**પૂર્વછાયો :**

સત્તાવન તણી સાલની, શુભ વસંતપંચમી જેહ;
કર્યો ઉત્સવ કાળવાણિયે, થયો સારો સમૈયો તેહ. ૩૨
તાલ મૃદંગ વજાવીને, રામાનંદસ્વામી પદ ગાય;
રચેલ મુક્તાનંદનાં, સુણી સૌ જન રાજી થાય. ૩૩
કેસરકેસુ પતંગનાં, રુડા રચાવી જુદા રંગ;
રામાનંદે છાંટિયાં, તે રંગ હરિજન અંગ. ૩૪
તે ઉપર વળી તે સમે, મુઠી મુઠીયે નાખ્યો ગુલાલ;
સુંદર શોભે તે થકી, આકાશ અવની લાલ. ૩૫
સુંદર છબી ઘનશામની, જન નિરખીને હરખાય;
જોઈ રહે દિન જામની, પણ લોચન તૃપ્ત ન થાય. ૩૬
એ છબી અંતરમાં ધરી, જન ગયા નિજનિજ દેશ;
કૃષ્ણસહિત કાળવાણીમાં, રહ્યા રામાનંદ વિશેષ. ૩૭
તપે કરી તન હરિ તણું, હતું કાંઈક વક્ર વળેલ;
માટે ગુરુ ચોળાવતા, તન ઉપર મીણનું તેલ. ૩૮
કસ્તુરી પણ ખવરાવતા, વળી કરતા અનેક ઉપાય;
પૌષ્ટિક પાક કરાવતા, જેથી શરીરે પુષ્ટી થાય. ૩૯
કરી અનાદર દેહનો, સોનામુખી[1] પીયે હરિરાય;
બહુ મરચાં ને રોટલો, લઈ ખુશી થઈ હરિ ખાય. ૪૦
વિચરીને કાળવાણીથી, ગયું મંડળ તે માંગરોળ;
આણંદજી સંઘાડિયાને, ઘેર કર્યો કલ્લોલ. ૪૧
ત્યાં ગોવરધન ભક્તજન, સહુ જાણે સમાધિવાન;



૧.એક પ્રકારની રેચક વનસ્પતિ(મીંઢી આવળ)

ધ્યાન ધરે ધર્મપુત્રનું, નિશ્ચે જાણી તેને ભગવાન. ૪૨
આણંદજી સંઘાડિયે, કહ્યું રામાનંદની પાસ;
તમને તજી ધર્મપુત્રનું, ધરે ધ્યાન ગોરધનદાસ. ૪૩
સુણી રામાનંદ બોલિયા, ધ્યાન યોગ્ય છે ધર્મકુમાર;
તે તમે જન સૌ જાણશો, જ્યારે જોશો પ્રતાપ અપાર. ૪૪
એવી રીતે માંગરોળમાં, વસ્યા પંદર દિવસ નિવાસ;
સ્નાન કર્યું સાગર વિષે, સાથે લઈ સકળ નિજદાસ. ૪૫

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

પેઠા શ્રીવૃષપુત્ર પ્રેમ ધરિને ના'વા નિધિને[૧] જળે,
આવે નીરતરંગ અંગ ઉપરે છોળ્યો ઘણી ઉછળે;
એ આકાર દિસે ફણી[૨] તણી ફણા વારિધિ[૩] વારી વિષે,
સૂતા ક્ષીરસમુદ્રમાં સુખ ધરી શું શેષશાયી દિસે. ૪૬

**ચોપાઈ :**

પછી ત્યાં થકી સર્વ સિધાવ્યા, અતિ આનંદે લોજમાં આવ્યા;
આસપાસના ગામમાં વાસ, એ તો દર્શને આવિયા દાસ. ૪૭
રામાનંદ હરખ મન ધરે, કથા વારતા તે નિત્ય કરે;
બહુ આવળપાન મંગાવે, વરણીને શરીરે બંધાવે. ૪૮
જીવ આસુરી રઘુનાથદાસ, બોલ્યો તે સહુ હરિજનપાસ;
સ્વામી કર્મ ખોટું આચરે છે, લીલાં ઝાડનો નાશ કરે છે. ૪૯
માંદો વર્ણી છે તે મરી જાશે, સાજો થાશે તો ક્યાંઇ પળાશે[૪];
ત્યારે પાપ આ શા માટે કરવું ? ઝાડ કાપતાં દોષથી ડરવું. ૫૦
સ્વામી વર્ણીને વશ્ય થયા છે, દયાધર્મ તો ભૂલી ગયા છે;



૧.સમુદ્ર ૨.નાગ ૩.સમુદ્ર ૪.ચાલ્યો જશે



રામાનંદે તે સાંભળી વાત, દુઃખ પામ્યા પોતે સાક્ષાત. ૫૧
પછી હરિજન સૌને બોલાવી, સ્વામીયે મુખવાત સુણાવી;
એ તો વર્ણી છે અક્ષરાતીત, એનો મહિમા છે અકળ અમીત. ૫૨
કોટિ બ્રહ્માંડના પ્રાણ હરિયે, એને અર્થે જો લોપરી કરીયે;
તોય પાપ ન લાગે લગાર, ઉલટું થાય પુણ્ય અપાર. ૫૩
દૈત્ય અંશ છે રઘુનાથદાસ, એના અવગુણ થાશે પ્રકાશ;
વરણીમાં છે ઐશ્વર્ય કેવું, તમે જાણશો આગળ એવું. ૫૪
સુણી સૌ જને તે સાચું માન્યું, સાચ જૂઠ રહે નહિ છાનું;
એક અવસરે ધર્મકુમાર, સાથે સાધુ લઈ ત્રણ ચાર. ૫૫
નદી છે ગામથી પૂર્વદીશ, ગયા ના'વાને ત્યાં જગદીશ;
યોગસાધન ત્યાં બહુ કરી, પાછા મંદિરમાં આવ્યા હરિ. ૫૬
જમવા સંત પંગતી થઈ, રામાનંદ બેઠા તેમાં જઈ;
ચણા પીરસવા રહ્યા હરી, રામાનંદે ત્યાં વારતા કરી. ૫૭
આજ પીરસે છે ભગવાન, જમો સંતો થઈ સાવધાન;
એમ કરતા વિનોદ વિલાસ, કર્યો પંદર દિન ત્યાં નિવાસ. ૫૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

મનુષ્યસ્વરૂપ શ્રીહરિ જણાય, તરત ન વાત મનુષ્યથી મનાય;
ગુરુ નિજમન એ રીતે વિચારી, મરમ વિષે સમજાવવાની ધારી. ૫૯

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિરામાનંદસ્વામી-લોજપુરવિચરણનામા સપ્તદશો વિશ્રામઃ ॥૧૭॥***

**પૂર્વછાયો :**

ગમન કરી લોજગામથી, ગયા માણાવદર મહારાજ;
ભોજન ભટ મયારામને, ઘેર કરતા સહિત સમાજ. ૧
સત્તાવનની સાલની, કરી હુતાશની તે ગામ;
હરિજનો ગામો ગામના, બહુ આવી મળ્યા એ ઠામ. ૨
માણાવદરના મહીપતિ, જેનું નામ ગજનફરખાન;
બાંટવામાં રહેતા હતા, ગુણજાણ હતા ગુણવાન. ૩
કોઇ જને જઇને કહ્યું, આવ્યા છે એક પુરુષ પ્રખ્યાત;
પોતે ખુદા કહેવાય છે, અતિ અચરજની એ વાત. ૪
નવાબસાહેબ તે સુણી, જોવા મોકલિયા નિજજન;
આવીને રામાનંદને, કહ્યાં તેઓયે મુખવચન. ૫
ખુદા તમે કહેવાઓ છો, એ તે ખરી કે ખોટી વાત;
સુણી રામાનંદ બોલિયા, અમે ફકીરે[૧] છૈયે ભ્રાત. ૬
ગાદીની ઈચ્છા સૌ કરે, રાજગાદી ખાલી ન જણાય;
ખાલી ગાદી ખુદા તણી, જોઇ અમે થયા અલ્લાય. ૭
અલ્લા આવ્યા છે આ અવસરે, એની ઈચ્છા થશે જે વાર;
એની ગાદી પાછી આપશું, અમે એમ કર્યો છે વિચાર. ૮
એમ કહી વળી તેહને, ચમત્કાર દેખાડ્યો કાંઇ;
અચરજ પામ્યા અતિ ઘણું, મહીનાથના જન મનમાંઇ. ૯
નવાબસાહેબ પાસ જઇ, કહી વાત હૈયે હરખાઇ;
આવિયા છે જે પુરુષ તે, ખરેખાત છે જ ખુદાઇ. ૧૦



૧.સાધુ,વૈરાગી



**ચોપાઇ :**

કહે વર્ણી સુણો નરનાથ, ગયો મેઘપુરે સંતસાથ;
હરિભક્ત સોની જીવરાજ, નારાયણ તથા જસરાજ. ૧૧
ચોથા ભક્ત જેનું નામ રામ, તેણે ઉતાર્યા પોતાને ધામ;
એજ જગ્યા ઉપર હે રાજ, હરિમંદિર છે શુભ આજ. ૧૨
રંગપંચમીનો દિન આવ્યો, રંગ ઉત્સવ સારો કરાવ્યો;
હરિભક્ત મળેલા અપાર, રામાનંદે કર્યો ત્યાં ઉચ્ચાર. ૧૩
જુઓ આ વરણી અતિ મોટા,એની આગળ છે સહુ છોટા;
એમ કહીને પ્રશંસા કરી, હરિભક્તે સુણી મન ધરી. ૧૪
રહે ત્યાં બેય લાડકીબાઇ, સમાધિનિષ્ઠ બેય ગણાઇ;
એક ભાટ ને બ્રાહ્મણી એક, ઘરે સત્સંગની ઘણી ટેક. ૧૫
બંને બાઇ તે સમાધિનિષ્ઠ, જ્ઞાન વૈરાગ્યવાળી વરિષ્ઠ;
રામાનંદ ને શ્રીહરિરાય, જમવા તેઓને ઘેર જાય. ૧૬
જમે ભાટને ઘેર તે જ્યારે, કરે હાથે રસોઇ તે ત્યારે;
કાં તો બ્રાહ્મણ પાસે કરાવે, થાળ ઠાકોરજીને ધરાવે. ૧૭
નારાણજીની સ્ત્રી રુકમાઇ, જેની માતા છે લાડકીબાઇ;
તેણે કહી નિજમાતને વાત, જે આ વર્ણીરૂપે સાક્ષાત. ૧૮
જ્યારે હું જ સમાધિમાં જતી, આને વન માંહી દેખતી હતી;
એમ કહેતાં સમાધિ થઇ, રુકમાઇ ગોલોકમાં ગઇ. ૧૯
રાધાકૃષ્ણનાં દર્શન કરી, આવી દેહમાં તે પાછી ફરી;
નિજ માતને તે કહી વાત, જાણ્યા વર્ણી પ્રભુ સાક્ષાત. ૨૦
સ્વામી ત્યાંથી ચાલ્યા શુભપેર, ભલી રીતે ગયા તે ભાડેર;

જમનાવડ ત્યાંથી સિધાવ્યા, ત્યાંથી ધોરાજીયે હરિ આવ્યા. ૨૧
રાજા ગોંડળના ભાયાત, હઠીભાઇ ભલા પ્રખ્યાત;
તેણે હરિને જથારથ જાણ્યા, પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ્યા. ૨૨
સનમાન કર્યું ઘણું સારું, જાણ્યું કલ્યાણ થાશે અમારું;
મતવાદી ઘણા મળી આવ્યા, તેને વાદમાં હરિયે હરાવ્યા. ૨૩
રામાનંદની આજ્ઞા ધરી, નાવા નદિયે પધારિયા હરી;
આવ્યા સાધુ કબિરિયા બેય, છરા હાથમાં લીધેલા છેય. ૨૪
મારવાને હરિને તે ધાયા, ત્યારે શ્રીહરિયે રચી માયા;
રૂપ દેખાડિયું વિકરાળ, કોપવાન જેવો હોય કાળ. ૨૫
દેખી થરથર ધ્રુજિયાં અંગ, ભયથી થઇ ધીરજ ભંગ;
છરા હાથમાંથી છૂટી પડિયા, ગયા નાશીને ક્યાંઇ રખડિયા. ૨૬
હરિ આવ્યા રામાનંદ પાસ, કરી વાત તે સર્વ પ્રકાશ;
સ્વામી સાંભળી દિલગીર થયા, ચાલી કબિરને મંદિર ગયા. ૨૭
કહ્યું આ તો ખોટું કર્યું કામ, મહાપુરુષને દુઃખવ્યા આમ;
એ તો વર્ણી સમર્થ છે કેવા, તમે આગળ જાણશો એવા. ૨૮
ખરી લેશે ખબર તમ કેરી, લેશે ઘોડાંની ઘુમરે ઘેરી;
એમ કહી નિજ આશ્રમે આવ્યા, સમાચાર તે સૌને સુણાવ્યા. ૨૯
સુણો ભૂપ અભેસિંહ ભ્રાત, સત્ય કરવાને સ્વામીની વાત;
બેઠા ગાદિયે શ્રીહરિ જ્યારે, શત અસ્વાર લૈ સંગ ત્યારે. ૩૦
ગઢડાથી કરીને વિહાર, ધોરાજી ગયા ધર્મકુમાર;
સુરાખાચર આદિક જેહ, ગયા ધામ કબીરને તેહ. ૩૧
કહ્યું ચર્ચા ચલાવા તો આવો, જોર હોય તો આજ બતાવો;





રામાનંદે કહ્યું હતું જેહ, સાચું કરવા આવ્યા અમે એહ. ૩૨
નવ ઉત્તર આપ્યો લગાર, ત્યારે ચાલ્યા ગયા અસવાર;
કહે વર્ણી અભેસિંહ રાય, રામાનંદની કહું છું કથાય. ૩૩
ધોરાજી થકી સ્વામી સિધાવ્યા, ફણેણી દુધિવદર આવ્યા;
ગયા ત્યાંથી કંડોરડે ગામ, ત્યાંથી ગોંડળ સુંદરશામ. ૩૪
બંધિયે થઇ ખોખરી આવ્યા, સાંકળિ જેતપર સિધાવ્યા;
ભીમ એકાદશી કરી ત્યાંય, રીઝ્યા હરિજન સૌ મનમાંય. ૩૫
જેઠી પૂનમ જે કહેવાય, જળયાત્રાનો ઉત્સવ થાય;
કર્યો ઉત્સવ તે તહાં ઠરી, સત્તાવન તણી સાલ ઉતરી. ૩૬
અઠ્ઠાવનની લીલા ઉચ્ચારૂં, ધર્મપુત્રને ધ્યાનમાં ધારું;
હરિ સહિત રામાનંદસ્વામી, ગામોગામ ફરે બહુનામી. ૩૭
દેવ પોઢણી જે એકાદશી, કરી તે તો ભાડેરમાં વસી;
પાછાં ત્યાંથી ધોરાજીયે આવ્યા, થોડા દિવસ રહીને સિધાવ્યા. ૩૮
ગયા ગિરધર ગામ ફણેણી, તહાં વસીયા દિવસ અને રેણી[૧];
જેતપુર થઇ સાંકળી ગામ, ગયા ભાડેર શ્રીઘનશ્યામ. ૩૯
પીપળાણે થઇ આખે આવ્યા, અગત્રાઇયે શામ સિધાવ્યા;
કાળવાણી થઇ માંગરોળ, એવા આનંદ ધારી અતોળ. ૪૦
જન્માષ્ટમી ઉત્સવ જેહ, અઠ્ઠાવનની સાલનો એહ;
માંગરોળમાં એ તો આદર્યો, ત્યાંજ ગણપતિ ઉત્સવ કર્યો. ૪૧
પછી ત્યાંથકી લોજમાં ગયા, શ્રાદ્ધપક્ષ સુધી તહાં રહ્યાં;
રામાનંદજી બોલતા આપ, ભક્તો છે આ તો છેલ્લો મેળાપ. ૪૨
તેનો મર્મ ન ઉર કોઇ આણે, એક પર્વતભાઇ જ જાણે;



૧.રાત્રી

તેઓ જો કોઇ આગળ કહે, કોઈ માને ન સંશય રહે. ૪૩
સ્વામી ત્યાં થકી આવ્યા પંચાળે, છબી શ્યામની લોકો નિહાળે;
ગામથી પૂર્વ માંહિ છે વાવ્ય, બેઠા ત્યાંજ કરીને ટકાવ. ૪૪

**પૂર્વછાયો :**

રાજા મનુભા ત્યાં રહે, ભલા કુંવર ઝીણાભાઈ;
બીજા કુંવર ગગાભાઈ તે, પણ સામા આવ્યા હરખાઈ. ૪૫
સારી રીતે સનમાનથી, તેડી ગયા ગામ મોઝાર;
આપ્યો ઉતારો અતિ ભલો, હૈયે ધારીને હેત અપાર. ૪૬
પૂજા કરી રામાનંદની, તથા શ્રીહરિની શુભ રીત;
ભોજન દઇ ભાતભાતનાં, પરિપૂર્ણ જણાવી પ્રીત. ૪૭
રામાનંદે નૃપને કહ્યું, બેય કુંવર તમારા જેહ;
અતિ ચમતકારી થશે, કામ ઉત્તમ કરશે તેહ. ૪૮
એમ કહિને મુકિયા, બેય કુંવરને શિર હાથ;
શ્રીહરિ કહે સાચું કહો છો, સંતમંડળના નાથ. ૪૯
શ્રીહરિયે ઝીણાભાઈનાં, વળી કીધાં વખાણ અત્યંત;
થાશે એમના હાથથી, સતસંગમાં કામ અનંત. ૫૦
રામાનંદ નૃપને કહે, મેં તમને કહ્યું હતું જેહ;
સર્વોપરી પ્રભુ આવશે, આજ આવ્યા છે વરણી એહ. ૫૧
તે સુણીને શ્રીહરિ તણી, ધરી મૂરતિ જનમન માંય;
રટણ રાત દિવસ કરે, પળ એક વ્યરથ નવ જાય. ૫૨
બે દિન રહીને ત્યાં થકી, રામાનંદ સમાજ સહીત;
માણાવદર માંહી ગયા, રહ્યા ભટને ઘેર રુડી રીત. ૫૩





ત્યાંથી ચાલ્યા ત્યારે હરિજને, કહ્યું વેલા આવજો સંતસાથ;
સ્વામી કહે ફરી આવવું, હવે તે તો છે હરિને હાથ. ૫૪

**દેહનો નિરાધાર નહીં તે વિષે : ઉપજાતિવૃત્ત :**

લાંબા વિચારો મનુષ્યો કરે છે, તૃષ્ણા ઘણી અંતર તે ધરે છે;
તે જોઇને કાળ હસ્યો રહે છે, આવી અજાણ્યો જીવને ગ્રહે છે. ૫૫
જાણે બીજું કામ કરીશ કાલ, જોતો નથી જે શિર કાળઝાળ;
મનોરથો સૌ મનમાં રહે છે, આ દેહ છોડી રસતો લહે છે. ૫૬
પંખી તણો જેમ ભરાય મેળો, સૂર્યાસ્તકાળે સઉ થાય ભેળો;
જુદાં જુદાં તે પછી ઉડી જાય, એવો જ મેળો જનનો જણાય. ૫૭
કાલે કર્યાનું શુભ જેહ કાજ,તે તો ત્વરાથી કરવું જ આજ;
આ દેહ કેરો નહિ નીરધાર, ન થાય પૂરા મનના વિચાર. ૫૮
ગયા બધા પાંડવ કૌરવોયે, જો જાદવો શ્રેષ્ઠ રહ્યા ન કોયે;
આ પિંડ બ્રહ્માંડ વિનાશ થાય, કોઇ ચિરંજીવી નહિ જણાય. ૫૯
શ્રીરામકૃષ્ણાદિક દેહ ધારે,સ્વધામમાં તે પણ સૌ પધારે;
કર્યો પ્રભુયે જ ઠરાવ એવો, દેખાય તે દશ્ય નહીં રહેવો. ૬૦
નહીં રહે સાગર શૈલ કોય, ધરા ચળા છે અચળા ન હોય;
નહીં રહે સૂર્ય શશાંક તારા, અંતે સહુ નાશ નકી થનારા. ૬૧
સદા ન જીવે સુર કે સુરેશ, હૈયાત બ્રહ્મા ન રહે હંમેશ;
ઘણું જીવ્યાનાં વરદાન હોય, તે જાય અંતે તન ત્યાગી તોય. ૬૨

**પૂર્વછાયો :**

દર્શન કરીલ્યો દષ્ટિયે, લેવો હોય તે લઇ લો લાવ;
ગયો દિવસ આવે નહિ, કોણ જાણે ભવિષ્ય બનાવ. ૬૩

માણાવદરથી ચાલિયા, ગયા પીપળાણે તે ગામ;
નાવડે થઇ મેઘપુર જઇ, પછી ભાડેર કીધો વિરામ. ૬૪
દસરાનો ઉચ્છવ કરી, ગયા ધોરાજીયે ગુરુ ધીર;
ત્યાંથી ગયા કંડોરડે, પછી બંધિયે ગુણગંભીર. ૬૫
રાજા ઉન્નડ જેતપુર તણા, તેણે પત્ર લખી રુડી પેર;
રામાનંદને તેડાવિયા, અતિ આગ્રહથી નિજઘેર. ૬૬
મોવઈયે થઇ જેતપુર, ગયા રામાનંદ ગુરુરાય;
આશ્વિન[1] શુક્લ ચતુર્દશી, અઠાવનની તે કહેવાય. ૬૭
ભાણા કાપડિયા કણબીને, ઘેર રહ્યા તે રુડીપેર;
ઉગમણે બાર ઓરડામાં, ઉતર્યા કરીને મહેર. ૬૮
આથમણી બારી પડે છે, ઓરડામાં જે ઠામ;
ત્યાં બેસીને ભોજન કર્યું, રામાનંદ ને શ્રીઘનશામ. ૬૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિશ દિન હરિને ન દૂર રાખે, સદગુરુ એમ ઘણો સનેહ દાખે;
હરિજન સમિપે સદા વખાણે, નિજજન જેમ જથાર્થ વાત જાણે. ૭૦

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિરામાનંદસ્વામી-સહવિચરણનામા અષ્ટાદશો વિશ્રામઃ ॥૧૮॥***

**પૂર્વછાયો :**

વાળા તણા જેતપુર વિષે, રામાનંદ સ્વામીયે જેહ;
સોંપી ગાદી જે શ્રીહરિને, કથા કહું હવે તેહ. ૧



૧.આસો માસ



**ચોપાઈ :**

રામાનંદનાં દર્શન કરવા, હરિને જોઇ હૈયામાં ઠરવા;
આવ્યા હરખથી ઉન્નડરાય, નમ્યા પ્રેમથી બેયને પાય. ૨
રામાનંદે તે રાયની પાસ, કર્યા ગુણ શ્રીહરિના પ્રકાશ;
વળી વિવિધ પ્રકારે વખાણ્યા, તોયે રાયે જથાર્થ ન જાણ્યા. ૩
બેઠો હતો ત્યાં રઘુનાથદાસ, સુણતાં થયો તે તો ઉદાસ;
રામજશ સુણી રાવણ જેમ, દાઝ્યો હતો તે દાઝ્યો તેમ. ૪
કાંઇ માર્મિક શબ્દ ઉચાર્યો, ત્યારે સ્વામીયે બહુ તેને વાર્યો;
કહ્યું સૂર્ય સામી ધૂળ નાંખે, એ તો આવી પડે નિજ આંખે. ૫

**સાચું કદી જૂઠું થાય નહિ તે વિષે : ઉપજાતિવૃત્ત :**

કરે હીરાની અપકીર્તિ કોય, તો મૂલ ઓછું કદીયે ન હોય;
અજ્ઞાનતા તેહ તણી જણાય, મનુષ્યમાં મૂરખ તે ગણાય. ૬
જો વિશ્વ માંહિ ઘનવૃષ્ટિ થાય, વનસ્પતિ સર્વ સુખી જણાય;
જોતાં જવાસા પ્રજળી જ જાય, વૃષ્ટિ તણો દોષ નહીં ગણાય. ૭
જે શર્કરાને કડવી કહે છે, તો જાણવું જે જન રોગી તે છે;
મનુષ્ય કોઇ કડવી ન માને, નિંદા કરે નિંદકની નિંદાને. ૮
દેખી રવી થાય ઉલૂક[1] અંધ, ભાવે નહીં ભાનુ[2] તણો સબંધ;
નિંદે રવીને થઇ બુદ્ધિ હીનો, ઘટે ન તેથી મહિમા રવીનો. ૯
જે સત્ય તે સત્ય સદા જણાશે, અસત્ય તે અંત્યે અસત્ય થાશે;
છુપાવી રાખે કદી કોય છાનું, પ્રસિદ્ધ અંત્યે પળમાં થવાનું. ૧૦
જો રામ ને કૃષ્ણ પ્રભુ હતા તો, ઐશ્વર્યથી આપ થયા છતા તો;
વળી મુવા રાવણ કંસ જેવા, ઘટ્યા ન તેનાથી પ્રતાપ તેવા. ૧૧



૧.ઘૂવડ ૨.સૂર્ય

સાચો રુપૈયો જગમધ્ય ચાલે, જૂઠો કહેવા જન હામ ઘાલે;
તે મૂર્ખ મોટો જગમાં જણાય, જે સત્ય તે સત્ય સદા ગણાય. ૧૨
જો કોઇને પારસ પ્રાપ્ત થાય, તેને તજીને અવગુણ ગાય;
અકર્મિ તે હોય મનુષ્ય માંઇ, તે પાર્શ્વનું[1] મૂલ ઘટે ન કાંઇ. ૧૩
જો દુષ્ટમાં લક્ષણ શુદ્ધ દીસે, ભણી ગણી વાદ વદે અતીશે;
તથાપિ તેથી નહિ મોક્ષ થાય, પાષાણને નાવ નહીં તરાય. ૧૪
સુલક્ષણો જે જન ધૂર્ત હોય, વેશ્યા ધરે લાજ વિશેષ કોય;
દિસે ભલાં નિર્મળ નીર ખારાં, તથાપિ જાણો ત્રણ તે નઠારાં. ૧૫

**પૂર્વછાયો :**

એ રીત્યે રઘુનાથદાસને, દીધો ઠપકો રામાનંદ;
પથ્થર પર પાણી પડ્યું, પલળ્યો ન તે મતિમંદ. ૧૬
શરદ પુનમ બીજે દિન થઇ, ત્યારે પોઢી ઉઠીને પ્રભાત;
ભાદરમાં નાવા ગયા, સંતમંડળ લઇ સંઘાત. ૧૭
વાજિંત્ર વાજે વિધવિધે, સંતમંડળ કીર્તન ગાય;
નાવા જતાં રસ્તા વિષે, અતિ આનંદ ઉત્સવ થાય. ૧૮
ઉત્તારમાં ઉંડો ધરો, તેમાં નિર્મળ સુંદર નીર;
સ્નાન કર્યું જનસાથ જઇ, રામાનંદ ને શામશરીર. ૧૯
ત્યાંના ઉન્નડ રાયને, સ્નાન કરતાં જળમોઝાર;
દર્શન શ્રીશેષશાયીનાં, દીધાં દયા કરી તે વાર. ૨૦
જેવી છબી જોઇ જળ વિષે, તેવું દીઠું શ્રીહરિનું રૂપ;
તેથી હરિને જાણિયા, કોટિ બ્રહ્માંડ કેરા ભૂપ. ૨૧
તે પછી વાજતે ગાજતે, આવ્યો ગામમાં સર્વ સમાજ;



[1] પારસમણિ



પોતાના દરબારમાં, તેડી ગયા ઉન્નડરાજ. ૨૨
વિપ્ર પાસે રંધાવીને, સૌને કરાવિયાં ભોજન;
સાંજે શરદ પૂનમ તણો, કર્યો ઉત્સવ મળી સૌ જન. ૨૩

**ચોપાઈ :**

બીજે દિવસે રામાનંદસ્વામી, પોતાને મન આનંદ પામી;
સંત હરિજન મુખ્ય બોલાવ્યા, મુક્તાનંદ આદિક સૌ આવ્યા. ૨૪
રામદાસજીભાઇ વિરક્ત, કારિયાણી તણા માંચો ભક્ત;
ભીમભાઇ ને પરવતભાઇ, આવ્યા ભટ મયારામ ત્યાંઇ. ૨૫
મે'તા નરસિંહ જે હરિજન, માંગરોળના ગોવરધન;
ઇત્યાદિકને કહે ગુરુ એહ, હવે વૃદ્ધ થયો મુજ દેહ. ૨૬
માટે સતસંગની ધુર સારી, કેને સોંપું કહો તે વિચારી;
બોલ્યા સૌ તે કરીને વિચાર, ધુરયોગ્ય છે ધર્મકુમાર. ૨૭
રામાનંદ બોલ્યા ગુરુરાય, મારો પણ એ જ છે અભિપ્રાય;
મારા હૃદય વિષે જે રહ્યું, તમો સર્વેયે પણ તે કહ્યું. ૨૮
પંચાવન ગુણ હરિના જે છે, સહજાનંદસ્વામીમાં તે છે;
તેની વિગત સુણાવું તમને, જેમ અંતર ભાસે છે અમને. ૨૯
સર્વ પ્રાણિતણું હિત થાય, એવું સત્ય સદા ઉચરાય;
ગુણ સત્ય છે જેહનું નામ, તે તો હરિમાં રહે કરી ધામ. ૩૦
શૌચ ગુણ તે બીજો ગણાય, એનો અર્થ એવો સમઝાય;
રાખે અંતઃકરણને શુદ્ધ, દેહાદિકને રાખે શુદ્ધ બુદ્ધ[1]. ૩૧
પારકું દુઃખ સહન ન થાય, તેનું નામ દયા કહેવાય;
દુઃખ ટાળવાને દિલ ધરે, તન મન ધનથી દુઃખ હરે. ૩૨



[1] જાગ્રત

ક્રોધ ચડવાનું કારણ હોય, ચિત્ત ક્રોધ ચડે નહિ તોય;
ક્ષાંતિ નામતો તેનું લખાય, ભગવાનમાં તે તો જણાય. ૩૩
વસ્તુ માયિકનો અનાદર, પૂરણકામપણું અંતર;
તેનું નામ તો કહિયે ત્યાગ, રાખે ભાવિક જન બડભાગ. ૩૪
નિજ આનંદે પૂર્ણતા રાખે, તેનું નામ તો સંતોષ દાખે;
તન મન વાણી પરને નમે, ગુણ આર્જવ સંતને ગમે. ૩૫
મન પ્રાકૃત વિષયથી વાળે, એ તો શમ ગુણ સંત સંભાળે;
દેહે પ્રાકૃત વિષય ન ઇચ્છે, દમ ગુણ પ્રભુના જન પ્રીછે. ૩૬
કૃચ્છ્ર વ્રત આદિ સહેજે કરે, તેનું નામ તો તપ ઉચ્ચરે;
હોય વિષય જે સાર અસાર, પણ માયિકનો તિરસ્કાર. ૩૭
ગુણ સામ્ય તેને કહે સંત, એને ઇચ્છે છે મોટા મહંત;
સુખ દુઃખ સહન જો થાય, તિતિક્ષા ગુણ તે કહેવાય. ૩૮
પ્રયોજન વિના કાંઇ ન કરે, નામ ઉપરતિ તેનું ધરે;
સર્વ શાસ્ત્રનું જ્ઞાન યથાર્થ, શ્રુત ગુણ તણો એજ છે અર્થ. ૩૯
જીવ ઇશ્વરનાં રૂપ જાણે, જ્ઞાન નામ તો તેનું પ્રમાણે;
વિના કૃષ્ણ ન ક્યાંઇ આસક્તિ, તેને વેદ વદે છે વિરક્તિ. ૪૦
જેને વશ સઉ લોક રહે છે, ગુણ ઐશ્વર્ય એજ કહે છે;
નિજકેરા સ્વભાવને જીતે, ગુણ શૌર્ય કહો રુડી રીતે. ૪૧
કોઇથી ન પરાભવ પામે, ગુણ તે તો કહું તેજ નામે;
સર્વ પ્રાણીને નિયમમાં રાખે, ડાહ્યા પુરુષો તેને બળ દાખે. ૪૨
યોગ્ય કામનું અનુસંધાન, સ્મૃતિ નામ કહે વિદવાન;
જેને કોઇની ગરજ ન હોય, ગુણ કહિયે સ્વતંત્રતા સોય. ૪૩





કોઇ સર્વક્રિયા કરી જાણે, નામ કૌશલ્ય તેનું પ્રમાણે;
સૌના મન હરે એવું સ્વરૂપ, તેને કાંતિ કહે કવિભૂપ. ૪૪
વેળા વિષમમાં પણ દઢ રહે, ધૈર્ય નામ તેનું કવિ કહે;
જેનું કોમળ ચિત્ત જણાય, ગુણ માર્દવ તે મુનિ ગાય. ૪૫
દિસે સારી વચન ચતુરાઇ, ગુણ પ્રાગલ્ભ્ય તે કહે ભાઇ;
મોટા આગળ વિનયતા રાખે, ગુણ પ્રશ્રય પંડિત ભાખે. ૪૬
સદા દિસે સ્વભાવ જે સારો, શીલ ગુણ એનું નામ ઉચારો;
જુવો મન તણું ડહાપણ જેહ, સહગુણ કહે છે સઉ તેહ. ૪૭
જ્ઞાન ઈંદ્રિયોનું ડહાપણ, એને ઓજ કહો તે આપણ;
કર્મ ઈંદ્રિયોની ચતુરાઇ, બલ ગુણ કહિયે તેને ભાઇ. ૪૮
જ્ઞાનાદિકથી અધિકપણું જેહ, ભગ ગુણ કહે છે મુનિ તેહ;
જેનો મરમ ન જાણે કોય, ગુણ ગાંભીર્યતા તે તો હોય. ૪૯
જેમાં ચંચળતા ન જણાય, ગુણ સ્થૈર્ય એ તો વખણાય;
સતશાસ્ત્ર તણો વિશ્વાસ, એ તો આસ્તિક ગુણનો પ્રકાશ. ૫૦
જેનો જશ જગમાં વિખ્યાત, ગુણ કીર્તિ એ તો સાક્ષાત;
હરિ વિના વદે નહિ વાણી, ગુણ મૌન લેજો એ તો જાણી. ૫૧
ગુણનું અભિમાન ન આણે, ગુણ એ તો અગર્વતા જાણે;
દુરહંકાર નહિ એકે આની, એ તો ગુણ કહિયે નિરમાની. ૫૨
કોઇને કદી નહિ ઠગનાર, નિરદંભી તે તો નરનાર;
મિતાહાર તે અલ્પ આહાર, દક્ષ[1] હિતઉપદેશ દેનાર. ૫૩
સૌને વિશ્વાસલાયક થાય, એ તો મૈત્રી સુગુણ કહેવાય;
જેહ સર્વનો ઉપકાર કરે, તે તો સર્વોપકારીજ ઠરે. ૫૪



૧.પ્રવિણ, હોંશિયાર

અનાયાસે વિષય પ્રાપ્ત થાય, તોય તેમાં તે નહિ બંધાય;
અક્ષોભિતતા કહે છે તેને, ધન્ય ધન્ય એવા ગુણ જેને. ૫૫
તન મનથી કે વાણીએ કરી, કોઇને પીડા નવ કરે જરી;
એનું નામ તો અદ્રોહ જાણો, ગુણ ઉત્તમ તે ઉર આણો. ૫૬
યથાયોગ્ય જે સન્માન દેય, માનદત્વ એ તો ગુણ છેય;
ષટઊર્મિ વિજય ગુણ સારો, તેની વિગત કહું તે વિચારો. ૫૭
ખાન પાન શોક મોહ થાય, જરા મૃત્યુ છ ઊર્મી ગણાય;
દેવની પેઠે વિપ્રને જાણે, ગુણ બ્રહ્મણ્ય એ તો પ્રમાણે. ૫૮
આવે શરણ તેને સુખ દે છે, શરણત્વ તો તેને કહે છે;
કશા ફળની ન ઇચ્છા જેને, ગુણ કહિયે અનીહતો તેને. ૫૯
ધનાદિકનો ન સંગ્રહ કરે, અપરિગ્રહ એને ઉચ્ચરે;
નવધા હરિભક્ત છે જેહ, ભક્તિ નામે ભલો ગુણ તેહ. ૬૦
છેલ્લો ગુણ છે ગુરૂની સેવા, ગુણ જાણો પંચાવન એવા;
બીજા છે ગુણ અપરમપાર, સહજાનંદસ્વામી મોઝાર. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સકળ સુગુણવંત સંત એવા, નથી જગમાં નિલકંઠવર્ણી જેવા;
પરમ ધરમ ધુંર્ધરે[1] સદાય, ગુણ ગુણતાં અતિ યોગ્ય એ જણાય. ૬૨

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરેઃપંચપંચાશદ્‌ગુણ-વર્ણનનામા એકોનવિંશો વિશ્રામઃ ॥૧૯॥***

**પૂર્વછાયો :**

સ્વામી રામાનંદ વળી કહે, સુણો હરિજન સંત સુજાણ;



૧.ધૂંસરી ધારે



પ્રથમ હું કહેતો હતો, તમ આગળ એવી વાણ્ય. ૧

**ચોપાઈ :**

હું તો લાવ્યો ગણેશનો વેષ, ખેલ કરનાર છે જે વિશેષ;
તે તો પાછળ છે આવનાર, એ જ જાણો આ ધર્મકુમાર. ૨
એ તો પુરુષ છે અકળ અનાદી, માટે એને જ સોંપવી ગાદી;
મુક્તાનંદ આદિક સહુ સંત, સુણી રાજી થયા તે અત્યંત. ૩
વળી બોલ્યા રામાનંદસ્વામી, તમે સાંભળો સૌ નિષ્કામી;
અભિમાની આ રઘુનાથદાસ, ઘણી કરશે ઉપાધિ પ્રકાશ. ૪
અમે જાશું સ્વધામમાં જ્યારે, ઉપદ્રવ કરશે અતિ ત્યારે;
તમે સઉ રહેજો સાવચેત, તેની સાથે ન થાશો ફજેત. ૫
નથી સત્સંગમાં રહેનાર, રાખજો રહે તેટલી વાર;
પછી સાંજ સમો થયો જ્યારે, સભા સંત તણી થઇ ત્યારે. ૬
મળ્યા મોટા મોટા મુનિજન, સભામાં બેઠા ધર્મનંદન;
રામાનંદ બોલ્યા સાક્ષાત, નારાયણમુનિ સાંભળો વાત. ૭
હરિજન જે ગૃહસ્થ કે ત્યાગી, નર નારી દૈવી બડભાગી;
સૌને સદ્ધર્મ નિયમ પળાવા, તમે સમરથ છો ગુરુ થાવા. ૮
માટે માનીને મારું વચન, મારે સ્થાન બેસો ભગવન;
મારી ગાદીલાયક લીધા જોઇ, બીજા તમ વિના દિઠા ન કોઇ. ૯
થયું દર્શન જ્યાંથી તમારું, ત્યારથી મન માન્યું છે મારું;
વિનંતિ મારી અંતર ધરો, પરિપૂર્ણ ઇચ્છા મારી કરો. ૧૦
સુણી બોલ્યા નારાયણસ્વામી, નિજશિર ગુરુને પદ નામી;
ધનસ્ત્રીનો પ્રસંગ છે જેહ, અતિ બંધનકારી છે એહ. ૧૧

એમ શાસ્ત્ર સકળ ઉચરે છે, માટે મન મારું તેથી ડરે છે;
રામાનંદ કહે બડભાગી, તમે છો અતિ તીવ્ર વૈરાગી. ૧૨
તે તો હું મારા મનમાં જાણું છું, પણ એવો વિચાર આણું છું;
મારા ધર્મની ધુર શકે રાખી, એવો કોઈ નથી તમ પાખી[1]. ૧૩
હોય સુવર્ણના જો અંબાર, હોય નારી હજારો હજાર;
તોયે તમને ન બંધન થાય, તમે તો નિરલેપ સદાય. ૧૪
જેમ છે પંચભૂતનો વાસ, તોય નિર્લેપ છે આકાશ;
જેમ જળધિમાં વડવાનળ, નિરલેપ રહે છે સબળ. ૧૫
તમે છો પ્રભુ નિર્લેપ તેવા, તમને અમે જાણીયે એવા;
સર્વે ત્યાગિયોનું હિત ધારી, ધર્યું નૈષ્ઠિક વ્રત બ્રહ્મચારી. ૧૬
નારાયણ તમે છો નિરધાર, તમને તો નડે ન વિકાર;
સ્વામીના શબ્દ સાંભળી એવા, કહી હા હરિયે ધુર લેવા. ૧૭
રામાનંદ સુણી થયા રાજી, બોલાવ્યા મોટા જોશી બાવાજી;
સારું મૂહુર્ત ત્યાં જોવરાવ્યું, પ્રબોધિનીને દિવસે તે આવ્યું. ૧૮
કંકોતરિયો લખી દેશદેશ, તેડાવ્યા હરિજનને અશેષ[2];
કેવી રીતે લખ્યું તે લખાણ, કહું સાંભળો સર્વ સુજાણ. ૧૯

**કંકોતરીનું ધોળ :**

કંકુ ઘોળી લખાવી કંકોતરી,
વસે હરિજન દેશ વિદેશ...અવસર રૂડો આવિયો.
નામ ઠામ ને ગામ લખાવીયાં,
વળી ઉપમા લખાવી વિશેષ...અવસર૦ ૨૦
હરિભક્ત ભલાં ભાઈ બાઈયો,



૧.વિના,સિવાય ૨.બધાને



બાળ તરૂણ વળી વૃદ્ધ જેહ...અવસર૦
જેની લગની લાગી છે શ્રી કૃષ્ણમાં,
તમે સહુ જન જાણજો તેહ...અવસર૦ ૨૧
જેતપરથી લખે રામાનંદજી,
વાંચો અચળ અમારી આશીષ...અવસર૦
એક સારા સમાચાર જાણજો,
આજ ત્રૂઠિયા[1] અક્ષર ઈશ...અવસર૦ ૨૨
નારાયણમુનિ જેહનું નામ છે,
જેમાં ઉત્તમ ગુણ છે અપાર...અવસર૦
તેને સત્સંગની શુભ ગાદીનો,
અમે આપશું સૌ અધિકાર...અવસર૦ ૨૩
ગયાં વિક્રમ વરસ અઢારસેં,
અઠ્ઠાવનની છે સાલ વિખ્યાત...અવસર૦
તિથિ કાર્તિક શુક્લ એકાદશી,
આવ્યું મુહુરત અતિ અવદાતે[2]...અવસર૦ ૨૪
સહ કુટુંબ તમે સર્વ આવજો,
સગા સ્નેહિને લાવજો સંગ...અવસર૦
એ છે ઉત્સવ ઉત્તમ સર્વથી,
એ છે ઉત્તમ સૌથી ઉમંગ...અવસર૦ ૨૫
સ્વર્ગલોકથી સુર સર્વ આવશે,
વળી ઈંદ્ર ઈંદ્રાણી સહિત...અવસર૦
બ્રહ્મા સાવિત્રી પણ સત્યલોકથી,



૧.રીઝ્યા, પ્રસન્ન ૨.શુભ,સુંદર

આવશે ધરી પૂરણ પ્રીત...અવસર૦ ૨૬
શૈલ[1] કૈલાસથી શંભુ આવશે,
સાથે લાવશે ગૌરી[2] ગણેશ...અવસર૦
નિજપત્નિયો સહિત પધારશે,
શશી શેષ ધનેશ[3] દિનેશ[4]...અવસર૦ ૨૭
સનકાદિક મુનિવર સૌ મળી,
આવશે ધરી હૈયામાં હેત...અવસર૦
મહામુક્ત જે અક્ષરધામના,
આવશે સર્વ શક્તિ સમેત...અવસર૦ ૨૮
નિધિ નવ અને અષ્ટ મહાસિદ્ધિ,
તે તો આવશે પ્રગટ પ્રમાણ...અવસર૦
મૂર્તિમાન ચારે વેદ આવીને,
અતિ કરશે ઉત્સવનાં વખાણ...અવસર૦ ૨૯
પત્ર વાંચી તમે તરત આવજો,
ઘડી એકની કરશો ન વાર...અવસર૦
તમો આવ્યે મંડપ સારો શોભશે,
તમો આવ્યે આનંદ અપાર...અવસર૦ ૩૦
લખ્યું થોડું ઘણું કરી માનજો,
તમે છો સર્વ બુદ્ધિ વિશાળ...અવસર૦
તમો ઊપર હૃદયમાં રીઝશે,
વા'લો વિશ્વવિહારીલાલ...અવસર૦ ૩૧



૧.પર્વત ૨.પાર્વતી ૩.કુબેર ૪.સૂર્ય



**ચોપાઈ :**

લખી કંકોતરી એવી રીતે, શિરનામ લખ્યાં પુરી પ્રીતે;
જીવા જોશી રહે જેતપર, બીજા તો ભટ અજરામર;
ત્રીજા વામન ગોર બોલાવી, કંકોતરીયો તો તેને અપાવી. ૩૨

**શ્લોક :**

રામાનંદ કહે વિપ્રો, જરા હામ ધરી જજો;
બધે જૈ ઝટ આવ્યાની, હા કહીને પથે થજો. ૩૩

**એક વિપ્ર બોલ્યો સર્વતોભદ્ર :**

**ઉત્તર** ॥ જ રા હા મ મ હા રા જ ॥
॥ રા ખ શું જ જ શું ખ રા ॥
॥ હા શું મ હા હા મ શું હા ॥
॥ મ જ હા મ મ હા જ મ ॥ ૩૪

**ચોપાઈ :**

ગયા વિપ્ર કહી મુખે એમ, ચાલ્યા વેગે પવન ચાલે જેમ;
ઘણો પંથ કરી દાડી દાડી, કંકોતરિયો બધે પહોંચાડી. ૩૫
રામાનંદે રુદેમાં વિચાર્યું, મોટામોટાને પૂછવા ધાર્યું;
પૂછી મોટાને કામ કરાય, તે તો સર્વોપરી શુભ થાય. ૩૬

**પંચને પૂછીને કામ કરવા વિષે : ઉપજાતિવૃત્ત :**

જો ધારિયે કારજ કોઈ ઊર, ડાહ્યા જનોને પૂછિયે જરૂર;
મળે ઘણાની મતિ જેહ ઠામ, તો થાય છે ઉત્તમ તેહ કામ. ૩૭
વહે જહાં એક જ કોસ પાણી, બે કોસનું તેથી વિશેષ જાણી;
વિશેષ કોસે વધતું જણાય, વારી વધ્યે કામ વિશેષ થાય. ૩૮

વિચાર ઝાઝા જનના જણાય, તે સૌ મળે તો શુભ કામ થાય;
તે રાજનીતિતણું છે પ્રમાણ, જડો[1] ન જાણે સમઝે સુજાણ. ૩૯
વિભીષણાદિક રુડા પ્રધાન, વજ્રાંગ[2] ને અંગદ[3] બુદ્ધિમાન;
ઈત્યાદિની રામ સલાહ લેતા, પોતે હતા તો બહુ નીતિવેત્તા. ૪૦
જે વૃદ્ધ જાતે વળી ધર્મવાળા, જેની વળી બુદ્ધિ બહુ વિશાળા;
સ્વભાવ ગંભીર જણાય જેનો, લૈયે સદા પૂછી વિચાર તેનો. ૪૧
પૂછી કરેલું કદી ખોટું થાય, તો દોષ સૌને શિર તે ગણાય;
તે એકની ભૂલ જનો ન ભાખે, ઈચ્છા હરિની ગણિ શાંતિ રાખે. ૪૨
પોતાની બુદ્ધિનું ધરી ગુમાન, પૂછ્યા વિના કામ કરે નિદાન;
પસ્તાય પૂરો પછી કોઇ કાળે, સમૃદ્ધિ સર્વે નિજકેરી ટાળે. ૪૩
ડાહ્યા ઘણાના મત પૂછી લીજે, થોડા કહે તે મત છોડી દીજે;
ઘણા કહે તે કરિયે જ કામ, છે રાજનીતિનું પ્રમાણ આમ. ૪૪
જે કામમાં જેહ નહી સુજાણ, તેને પૂછ્યું તે ન પૂછ્યા પ્રમાણ;
ત્યાગી ન જાણે વ્યવહારનીતિ, ગૃહસ્થ જાણે નહિ ત્યાગીરીતિ. ૪૫
જે રાખવા આપણને જ રાજી, કહે સુણીને મુખ હાજીહાજી;
સુજે જ તેવું ઉચરે ન સામું, તેને પૂછ્યું તે સરવે નકામું. ૪૬
નીતિ વિષે નાગર તો પ્રવીણ, સર્વે કળામાં નહિ એક હીણ;
મળે ભલો નાગર જો પ્રધાન, તો કામ તેનું સુધરે નિદાન. ૪૭

**ચોપાઈ :**

એવા નાગર ભટ મયારામ, કરી જાણે મોટાં મોટાં કામ;
કદી હોય ત્રીલોકનું રાજ, કરી જાણે તેનું રાજકાજ. ૪૮
માટે તેને બોલાવું હું પાસ, કરું કારજ સર્વ પ્રકાશ;



૧.મંદબુદ્ધિ ૨.હનુમાનજી ૩.વાલીનો પુત્ર



ભક્ત પર્વતભાઇ છે એવા, જાતે કણબી છે પૂછવા જેવા. ૪૯
કણબી વડે રાજાનું રાજ, કરી જાણે મોટાં મોટાં કાજ;
કૈંક તો એમાં હોય છે એવા, મોટા ભૂપ ઇચ્છે મત લેવા. ૫૦
આપે મોટામોટા અધિકાર, કોઇ દેસાઇ[1] કે પાટીદાર;
કોઇ તો એમાં હોય અમીન[2], રહે અધિપતિ એને આધીન. ૫૧
મોટામોટા થયા પાદશાહ,તે તો લેતા એવાની સલાહ;
તેડું પર્વતભાઇને આજ, પૂછી જોઉં આ કરવાનું કાજ. ૫૨
ભલા ભક્ત એવા ભીમભાઇ, તેની સમઝણની સરસાઇ;
શેઠ ગોવરધન જે વણીક, માંગરોળના વાસી છે ઠીક. ૫૩
વાત પૂછવા યોગ્ય છે તેહ, તેમાં લેશ નથી જ સંદેહ;
વાણિયામાં વિશેષ વિવેક, કળા વાણિયા માંહી અનેક. ૫૪
વાણિયા વિદ્યા જે નવ ભણ્યો, તે તો ભણ્યો તથાપિ ન ગણ્યો;
હોય વણિકમાં આગમ[3]બુદ્ધિ, તંત[4] તાણે નહિ અંત સુધી. ૫૫
દેશકાળને ઓળખી જાણે, ચાલે સમજીને સમય પ્રમાણે;
એક સમય નીચી મૂછ કરે, દાવ આવ્યે શિરે પગ ધરે. ૫૬
વાણિયે ન કર્યું રાજકાજ, ગયું રાવણનું તેથી રાજ;
હીરજીભાઇ ભુજના સુતાર, એ છે રાજકાજ કરનાર. ૫૭
કળાકુશળ છે સદ્ગુણવાન, મોટા ભૂપ કરે સનમાન;
એ છે ડા'પણનો દરિયાવ, એને પૂછે સલાહ શ્રીરાવ. ૫૮
જે જે હરિજનનાં લીધાં નામ, અહીં આવ્યા છે દર્શન કામ;
સાધુમાં રામદાસજીભાઇ, મુક્તાનંદ મુનિ સુખદાઇ. ૫૯
સાતે બુદ્ધિના સાગર કેવા, સાત સાગર જગતમાં જેવા;



૧.જાગીરદાર,જમીનદાર ૨.ગામનો અમલદાર ૩.ભવિષ્યનું વિચારી શકે તેવી બુદ્ધિ ૪.મમત,જીદ

સ્વામીયે નિજપાસે તેડાવ્યા, સુણી આજ્ઞા તે તરત જ આવ્યા. ૬૦
સ્વામી બોલ્યા ધરીને વિવેક, હરિને થશે પટ્ટાભિષેક;
પાંડવે રાજસૂ યજ્ઞ જેવો, કર્યો આ જજ્ઞ પણ થશે એવો. ૬૧
કરવો શતયજ્ઞ[1] સમાન, છૂટે ઈંદ્રનું પણ અભિમાન;
આવશે જનસંઘ અથાહ, માટે તમને પૂછું છું સલાહ. ૬૨
શો શો જોશે તે માંહી સામાન ? કેમ થાશે બધું સમાધાન ?
હવે મુરત ઢુંકડું આવ્યું, નથી સીધું તૈયાર કરાવ્યું. ૬૩
લાખે[2] લેખાં તો લોક ભરાશે, સૌની ચાકરી શી રીતે થાશે ?
નિરવિધ્ન પુરૂં કામ થાય, એવા એવા બતાવો ઉપાય. ૬૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણી ગુરુમુખકેરી સારી વાત, ભલી વિધિ તેહ વિચારી ભક્ત સાત;
નિજમુખ ઉચર્યા અહો મહીશ, વિગત સહીત હવે તને કહીશ. ૬૫

***ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિપટ્ટાભિષેક-પ્રારંભનામા વિંશતિતમો વિશ્રામઃ ॥૨૦॥***

**પૂર્વછાયો :**

સાત શાણા સતસંગીને, રામાનંદે પૂછી જે વાત;
ઉત્તર આપ્યા અનુક્રમે, તે સુણો અભેસિંહ ભ્રાત. ૧

**ચોપાઈ :**

બોલ્યા પ્રથમ તો ભટ મયારામ, જહાં આદરિયે મોટું કામ;
ત્યાંના રાજાની લઈયે સહાય, સારો પ્રથમ તો એજ ઉપાય. ૨
નૃપનું મન હોય જો ખોટું, તો ત્યાં કામ આદરિયે ન મોટું;



૧.સો યજ્ઞ ૨.અગણિત



ચોકી પેરા તણો બંદોબસ્ત, તે તો રાજાનું કામ સમસ્ત. ૩
જગ્યા જોઈએ વાવરવાને ઘણી, તે તો આપે તે ગામનો ઘણી;
તંબુ રાવટિયો અને દેરા, આપે એવા એ બાબ[1] ઘણેરા. ૪
હોય અધિપતિ જો અનુકૂળ, મહાસુખનું તે જાણવું મૂળ;
પુરપાળને પ્રથમ બોલાવો, આગેવાન તો એને ઠરાવો. ૫
કર્મકાંડી દ્વિજોને તેડાવો, માંડવાનું મુહૂર્ત કરાવો;
વિપ્ર વરુણ કરીને બેસારો, જપે જપ જેમ શાસ્ત્રનો ધારો. ૬
સતસંગી સારાસારા જેહ, તેડાવો ને આગળથી જ તેહ;
તેને માટે કરાવા રસોઈ, તેડાવો વળી બાઈયો કોઈ. ૭
મને જે જે ભળાવશો કાજ, તે હું તરત કરું મહારાજ;
તન તમ અરથે જ છે ધર્યું, કદી આળસ અલ્પે ન કરું. ૮
મયારામજીની સુણી વાત, રામાનંદ થયા રળિયાત;
કહ્યું ભટ છો તમે ધન્ય ધન્ય, તમે તો સતસંગી અનન્ય. ૯
પછી બોલિયા પર્વતભાઈ, સુણો વાત અહો સુખદાઈ;
ઘણા સામાનના ગંજ હોશે, ઘણાં ગાડાં ને બુંગણ જોશે. ૧૦
આસપાસના ગામમાં જૈને, કહો તો લાવું તત્પર થૈને;
બધા સંઘ જમાડવા સારુ, ઘૃત લાવિયે જઈને ઘરારુ[2]. ૧૧
મારું તન મન ધન છે જેહ, તમને અરપણ કર્યું તેહ;
સ્વામી ચિંતા ન ધરશો ચિત્ત, ખરી વાત કહું છું ખચીત. ૧૨
રામાનંદ કહે હરખાઈ, ધન્ય ધન્ય છો પર્વતભાઈ;
જેમ પર્વત અચળ ગણાય, તેમ અચળ તમે ભક્તરાય. ૧૩
ભીમભાઈ બોલ્યા ધરી ભાવ, કરો આપણે એવો ઠરાવ;



૧.કિંમતી વસ્તુ, દાગીના ૨.ખાત્રીબંધ ઘરઘરથી

હરિજન જે રહે છે આ ગામ, તેને સોંપો જુદાં જુદાં કામ. ૧૪
પોતપોતાના કામમાં ચિત્ત, તેથી રાખશે સર્વ ખચીત[૧];
ગાદલાં ગોદડાં ને પલંગ, જોશે એવાં તો અગણિત નંગ. ૧૫
ગામોગામથી લાવવાં પડશે, જઇ લાવિયે તો ઘણાં જડશે;
સતસંગી સરવ છે એવા, અતિશે જ વખાણવા જેવા. ૧૬
આપ જે જે બતાવશો કામ, તે તો કરશે તરત તે ઠામ;
અમે પણ રહી આપની પાસ, કામમાં નહિ કરિયે કચાશ. ૧૭
તમ અર્થે ધર્યો છે આ દેહ, એમાં લેશ નથી જ સંદેહ;
સુણી સ્વામી બોલ્યા કરી હાસ, ભીમભાઇ તમોને સાબાશ. ૧૮
તમે છો અતિ ઉત્તમ ભક્ત, દેહ ગેહ[૨] થકી છો વિરક્ત;
આવા ઉત્સવમાં ઠામઠામ, તમ જેવાનું પડશે જ કામ. ૧૯
બોલ્યા શેઠ ત્યાં ગોવરધન, ભાતભાતનાં લાવિયે અન્ન;
લાવી ભરિયે મોટા કોઠાર, નવ ખરચતાં ખૂટે લગાર. ૨૦
ખાંડ સાકર ને ઘૃત ગોળ, ખૂબ લાવિયે તે કરી ખોળ;
આપ મોકલો ત્યાં મારે જાવું, જૈને લંકા થકી માલ લાવું. ૨૧
સસ્તો ને સારો લાવીશ માલ, નહીં કરું કોઇને દલાલ;
માલ વધશે તે તો વેચી દેશું, ઘણો લાભ તેમાંથીયે લેશું. ૨૨
અમે વાણિયા એવું આદરિયે, મળે લાભ તેવું કામ કરિયે;
કરકસરથી કરિયે કામ, સારું દિસે ને ઉગરે દામ. ૨૩
માલ બગડે નહીં તલભાર, એવી રાખીશ ખબર અપાર;
લખી રાખવા ખર્ચ પેદાશ, લખનારા રાખીશ મુજ પાસ. ૨૪
રામાનંદજી બોલ્યા વચન, શેઠ ગોવરધન તમે ધન્ય;



૧.અચૂક,અવશ્ય ૨.ઘર



ધન્ય ધન્ય છે બુદ્ધિ તમારી, તમે આપી સલાહ છે સારી. ૨૫
પછી બોલિયા હીરજીભાઇ, સુણો સદ્‌ગુરુજી સુખદાઇ;
રાજરીતિ તો હું કાંઇ જાણું, આવ્યું ઉપયોગ કરવાનું ટાણું. ૨૬
જન આવશે આબરુદાર, તેની સરભરા હું કરનાર;
સારાસારા ઉતારા શોધાવો, કેને ક્યાં દેવો તેહ ઠરાવો. ૨૭
કેમ કરવું કેનું સનમાન, તેનું છે મને પૂરણ જ્ઞાન;
રાખી જાણું છું હું સૌને રાજી, તજો ચિંતા તે માતપિતાજી. ૨૮
ભૂખ તરશનું ભૂલીને ભાન, એજ કામમાં રાખીશ ધ્યાન;
સુણી બોલ્યા ગુરુ સુખદાઇ, ધન્ય ધન્ય છો હીરજીભાઇ. ૨૯
ભલે બુદ્ધિ દયાળુયે દીધી, તમે આજ સુફળ સર્વ કીધી;
રામદાસજી બોલિયા વાણી, મારી વાત સુણો સ્નેહ આણી. ૩૦
ઘણો આવશે સંત સમાજ, કૈંક કરશે તે મન ધરી કાજ;
સદગુરુઓ દેશે ઉપદેશ, તેથી સતસંગ વધશે વિશેષ. ૩૧
થશે આસન તે કિયે ઠાર, કરી રાખવો તે નિરધાર;
કહો ભંડાર તે ક્યાં કરાશે ? મોટી પંગતો તે ક્યાં સમાશે ? ૩૨
દિસે શ્રદ્ધા જે સાધુની સારી, કરો એવા ભલાને ભંડારી;
મતવાદીયો પૂછશે આવી, દેશું તેને અમે સમજાવી. ૩૩
વળી આપની આજ્ઞા પ્રમાણે, કરશું અમે કામ તે ટાણે;
તજ્યો છે અમે સંસાર જેહ, તમને રાજી કરવાને તેહ. ૩૪
રામાનંદ બોલ્યા કરી હાસ, ધન્ય ધન્ય તમે રામદાસ;
તમે અક્ષરધામના મુક્ત, તમે છો મહા ઐશ્વર્ય યુક્ત. ૩૫
મુક્તાનંદ કહે મહારાજ, મારી વાત સુણો હવે આજ;

મોટા મોટા હરિભક્ત જેહ, રાખો પ્રથમ તેડાવીને તેહ. ૩૬

**અંગના માણસો વિષે : ઉપજાતિવૃત્ત :**

જે કામમાં હોય મનુષ્ય સારાં, તે કામ તો સિદ્ધ સદા થનારાં;
ખામી જણાવા કશિયે ન દેય, સારા જનો ઢાંકણરૂપ છેય. ૩૭
સ્વદેહને તોડી કપાસ જેમ, સદૈવ ઢાંકે પરકાય તેમ;
સારા જનો સંકટ આપ પામી, ઢાંકે સદાકાળ પરાઇ ખામી. ૩૮
સામાન જો હોય કદી અમાપે, તથાપિ નાદાન[1] અકીર્તિ આપે;
સામાનની જો કદી ખોટ આવે, સારા જનો સારું કરી બતાવે. ૩૯
સ્વઅંગનાં માણસ જો ન હોય, ન કીર્તિ આવે ધન હોય તોય;
ભલે ઘણેરાં ખરચે જ દામ, ન થૈ શકે મોટું કદાપિ કામ. ૪૦
નાણાં વડે શત્રુ નહીં જીતાય, નાણાં વડે રાજ્ય નહીં રખાય;
કરી શકે યજ્ઞ નહીં જ કોય, સ્વઅંગનાં માણસ જો ન હોય. ૪૧
બીજા જનો ભોજનકાજ આવે, જમી રમીને સુખથી સિધાવે;
તેના થકી કામ નહીં કરાય, સ્વઅંગના માણસથી જ થાય. ૪૨
વિવાહકાળે સમશાન કાળે, મોટે વરે કે રિપુ વેર વાળે;
થૈ અંગપીડા અતિ જેહ ઠામ, ત્યાં અંગના માણસનું જ કામ. ૪૩

**ચોપાઈ :**

માટે સત્સંગી જે સારા સારા, પ્રીતિ તમમાં પુરી રાખનારા;
ધર્મવાળા ને વિશ્વાસયોગ, જેને આળસનો ન સંયોગ. ૪૪
વ્યવહારમાં ધર્મમાં ડાહ્યા, હોય આબરુદાર ગણાયા;
એવા એવાની ખોળ કરાવો, તેને આગળથી જ તેડાવો. ૪૫
મુક્તાનંદની સાંભળી વાણી, રામાનંદ બોલ્યા હેત આણી;



૧.અણસમજુ, મૂર્ખ, અજ્ઞાની



સ્વામી બુદ્ધિ તમારી છે ધન્ય, તમ જેવા ડાયા નહિં અન્ય. ૪૬
સર્વ સંતમાં મુખ્ય છો તમે, એવું અંતરે જાણિયે અમે;
વળી બોલ્યા ગોવર્ધનભાઇ, કહું નામ વણિકનાં હું ગાઇ. ૪૭
એટલા સતસંગી જો આવે, સીધું સામાન તો સદ્ય લાવે;
માંગરોળમાં કેવળરામ, માવજી તથા વાસણ નામ. ૪૮
દેવકરણ તથા રામચંદ્ર, મૂળચંદ નથુ સૂરચંદ;
દામોદર હરજી ને મેઘજી, કુરજી તથા જાણો રતનજી. ૪૯
માણાવદરના શેઠ ભાણો, બીજા જાદવજી એક જાણો;
પરશોતમ પોરબંદરના, બીજા તો બાલાગામ અંદરના. ૫૦
જેનું આણંદજી એવું નામ, નાંયો શેઠ છે અજાવ્ય ગામ;
ઝાંઝમેરમાં ખીમજી જેઠો, પાડોદરમાં ઓધવજી છે બેઠો. ૫૧
કાળવાણીમાં જેઠો ને ઘેલો, જીવરાજ વળી છે રહેલો;
જુનાગઢમાં છે વીરજી જેહ, ચાંપશી ને મંગળજી તેહ. ૫૨
જાળીયાના અમરશી જાણો, ડેરડીના લાધો પરમાણો;
વળી ખીમો ને રૂપશી ત્યાં છે, શેઠ રાઘવ ગોંડળમાં છે. ૫૩
ધારીમાં ઘનો ઉદ્ધવ રહે, નાથો વસતો જીરામાં કહે;
ગુંદાળાના આણંદજીભાઇ, બીજા કર્મશીની છે ભલાઇ. ૫૪
જૂઠો ડોસો તથા હંસરાજ, ગામ બંધિયામાં વસે આજ;
કહ્યાં બીજાનાં પણ બહુ નામ, આવે એટલા તો સરે કામ. ૫૫
વસ્તુ વેચાતી તે લાવી જાણે, તેને વેપારી સર્વે વખાણે;
એ તો મોટા છે આબરુદાર, વળી સત્ય ધરમ ધરનાર. ૫૬
પછી તેઓને તેડવા કામ, મુક્યાં માણસ તે ગામોગામ;

પછી બોલિયા પર્વતભાઇ, રામાનંદ સુણો સુખદાઇ. ૫૭
કણબી વિના પૈડું ન રડે, કામ કણબી વડે પાર પડે;
બીજા હારીને બેસે જે ઠામ, કણબી તે કરી શકે કામ. ૫૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણ નરપતિ રાજનીતિવેત્તા, કણબી પવિત્ર જહાં જહાં રહેતા;
પરવત ઉચર્યા સુનામ જેહ, પુનિત કથા તુજને કહીશ તેહ. ૫૯

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિપટ્ટાભિષેક આરંભનામા એકવિંશતિતમો વિશ્રામઃ ॥૨૧॥***

**પૂર્વછાયો :**

પવિત્ર પર્વતભાઇયે, કહ્યાં કણબીનાં મુખ્ય નામ;
વર્ણી કહે નૃપ સાંભળો, કહું તેહ તણાં નામ ઠામ. ૧

**ચોપાઈ :**

રુડું ગોરવિયાળી છે ગામ, રહે હીરો પટેલ તે ઠામ;
ભગો નામે છે તેના ભાણેજ, તહાં મૂળો ને હરજી રહેજ. ૨
ભાયો રુડો ખીમો ને જેરામ, રહે રાજો પટેલ તે ઠામ;
એક આહિર ભક્ત છે સારો, એ જ ગામ વિષે રહેનારો. ૩
નાગજી માણાવદર વસે, ખીમજી શવજી તે ત્યાં હશે;
આંબો રાજો અને જેરામ, મૂળજી અને કલ્યાણ નામ. ૪
નાથો નરસી ને રાઘવ જાણો, માવો મેઘો ને કુરજી પ્રમાણો;
ભલા કાનજી કેશવ કહું, વળી વસ્તો ને શામજી લહું. ૫
જીવો અરજણ છે એજ ગામ, પીપળાણામાં કણબી છે રામ;





બીજા પણ જે જે કણબી ગણાવ્યા, સૌને સ્વામીયે તર્ત તેડાવ્યા. ૬
વળી સ્વામીયે કીધો ઉચ્ચાર, સુણો હીરજીભાઇ સુતાર;
તમે મંડપ આરંભ કરો, તેમાં શોભા સરસ ઘણી ધરો. ૭
આજથી જો આરંભ કરાય, સુધિ આઠમે પૂરણ થાય;
જનનો બહુ થાશે ભરાવો, માટે મંડપ મોટો કરાવો. ૮
સુણી બોલિયા હીરજીભાઇ, કરશું મંડપની સરસાઇ;
તેને માટે સામાન મંગાવો, બીજા પણ કારીગરને તેડાવો. ૯
કુંડસિદ્ધિ ને મંડપસિદ્ધિ, ભણી જાણે જેઓ ભલીવિધિ;
રાજવલ્લભ આદિક ગ્રંથ, પૂરો જાણે તેનો પણ પંથ. ૧૦
ધારીને ધ્રુવતારાની ગમથી, પ્રાચીસાધન કરશું પ્રથમથી;
ભૂમિશોધન પણ ભલી ભાતે, પાસે રહીને કરાવશું જાતે. ૧૧
નારાયણજી સારા છે સુતાર, વિશ્વકર્માનો તે અવતાર;
જેની જન્મભૂમિ ભુજમાં છે, આજ તો જુનાગઢમાં રહ્યા છે. ૧૨
પૂરો તમમાં છે તેહનો પ્રેમ, અમે સૌ જન જાણિયે એમ;
દેવરામ ને અજરામર, કહ્યા તે છે ત્રણે સહોદર. ૧૩
મારો ભાઇ સુંદરજી જે છે, આંહી આવેલો દર્શન તે છે;
ગામ જાળિયાના વિશરામ, કહું બીજા છે ફણેણી ગામ. ૧૪
એક કૃષ્ણજી વીરજી બીજા, તથા રામજી સુતાર ત્રીજા;
હરજી વીરજી વણથળિયે, વસે કરસન ગામ સાંકળિયે. ૧૫
બીજા સુતારનાં કહ્યાં નામ, સૌને તેડાવિયા તેહ ઠામ;
પછી બોલિયા ભટ મયારામ, કોણ કરશે રસોઇનું કામ. ૧૬
જ્યારે મંડપ આરંભ થાશે, થોડે થોડે મનુષ્ય ભરાશે;

નિત્ય કરવી રસોઇ બે ટાણે, ભલી બાઇયો તે કરી જાણે. ૧૭
રામાનંદ બોલ્યા સાક્ષાત, જાણે બાઇયો રસોઇની વાત;
ગંગાબાઇ જેતલપુરવાળાં, રાંધી જાણે છે અન્ન રસાળાં. ૧૮
પાકશાસ્ત્રે પ્રવિણ છે પૂરાં, નથી તે કામમાં તે અધૂરાં;
જમ્યા છૈયે તેઓની રસોઇ, એવી તો ન કરી શકે કોઇ. ૧૯
એ છે નાગર વીસળનગરાં, બહુપાક બનાવવામાં જબરાં;
કરે છે તો રસોઇ બધાય, પણ નાગરની વખણાય. ૨૦
કેમ કરવી ઘટે પાકશાળા, કેમ કરવા વિવિધ મશાલા;
ભીમપાક તથા નળપાક, તેમાં છે તેની રીત અથાક. ૨૧

**રસોઈ કરવા વિષે : ઉપજાતિવૃત્ત :**

વરો કરે તે ઘણી તો વિચારી, સામગ્રિ આપે સહુ સારીસારી;
રસોઇ સારી કરનાર નોય, વરો વખાણે નહિ લોક કોય. ૨૨
ધનાઢ્ય ઝાઝું ધન વાવરે છે, આશા ઉરે તો જશની ધરે છે;
સારી રસોઇ નહિ જો કરાય, તો વાવરેલું જર[1] વ્યર્થ જાય. ૨૩
કોઈક તો ધાન સુધારી જાણે, કોઇ બગાડે ફિકરે ન આણે;
કુધાનનું કોઇ કરે સુધાન, સુધાનનું કોઇ કરે કુધાન. ૨૪
છે પાકવિદ્યા પણ એક મોટી, જરૂર જાણો નહિ છેક છોટી;
અભ્યાસ કીધા થકી આવડે છે, અભ્યાસ છોડ્યે વિસરી પડે છે. ૨૫
અભ્યાસ કીધો નહિ કોય દાડે, તે કાચું રાખે અથવા દઝાડે;
કાં ઢોળી નાખે નિજ અંગ દાઝે, રુઝાય તે તો તન કાળ ઝાઝે. ૨૬
જો ડાઘ અંગે લખતાં કરાય, તો રાંધતાં દેહ કદી દઝાય;
અશ્વાર જે અશ્વ થકી પડેલા, તે જાણવા પૂર્ણ નહીં શિખેલા. ૨૭



૧.ધન



મીઠું મશાલા વધતા નખાય, કાં અલ્પ કે મુદલ ભૂલી જાય;
કાં આકરો તાપ કરે અતીશે, કાં તો ચૂલામાં અગની ન દિસે. ૨૮

**ચોપાઈ :**

ગંગાબાને પછી કે'વરાવ્યું, ત્યારે તેમણે પાછું કહાવ્યું;
થોડાં માણસને હું દેખીશ, ત્યાં સુધી તો રસોઇ કરીશ. ૨૯
જન વધતા જશે જેમ જેમ, પડે બાઇયોનો ખપ તેમ તેમ;
સીધું તૈયાર કરવું તમામ, ઘણી બાઇયો તણું તે છે કામ. ૩૦
સતસંગી છે સ્ત્રીના સમાજ, માટે તેઓને તેડાવો આજ;
શાણી બાઇ રહે જે જે ગામ, ગંગાબાયે કહ્યાં નામ ઠામ. ૩૧
આખા નામે છે ઉત્તમ ગામ, નારાયણ દવે છે તેહ ઠામ;
તેની પત્ની છે દેવકીબાઇ, સુતા તેની મીઠી ને જીબાઇ. ૩૨
પીપળાણામાં છે લાડુબાઇ, મેતા નરસીની પુત્રી ગણાઇ;
નારાયણ દવે છે આખા ગામે, તેના પુત્ર છે નરસિંહ નામે. ૩૩
લાડુબાઇ તેને પરણી છે, પીપળાણામાં જેહ ગણી છે;
માનુબાઇ તો બહેન છે તેની, સારી સમઝણ છે ઘણી તેની. ૩૪
નારાયણમેતા નરસીના ભાઇ, તેની પત્ની રુડી રુકમાઇ;
લાડકી તેની માતાનું નામ, જાણે સારું રસોઇનું કામ. ૩૫
મેતા નરસિંહનું અધવારું, મેઘપરમાં છે એમ હું ધારું;
માટે ત્યાં પણ ખબર કઢાવો, બાઇ જ્યાં હોય ત્યાંથી તેડાવો. ૩૬
સુત નરસીનો કલ્યાણજી છે, બાઇ કુંવર તેની પુત્રી છે;
વળી બીજી જે બાઇયો ગણાવી, પછી તેઓને તરત તેડાવી. ૩૭
વળી બોલિયા ભટ મયારામ, પડશે ઘણા વિપ્રોનું કામ;

જન મળશે હજારો હજારો, વિપ્ર જોશે ઘણા રાંધનાર. ૩૮
ઝાઝાં માણસો જ્યાં ભેળાં થાય, ત્યારે બાઇયોથી કેમ રંધાય;
ઘણું રાંધે ને પિરસે તમામ, ઘણા પુરુષો તણું તે તો કામ. ૩૯
નારાયણ દવે આખા ગામે, તેના પુત્ર છે કૂરજી નામે;
ગંગાધર તથા અંબારામ, રહે ગોવિંદજી તેહ ઠામ. ૪૦
દવે નરસિંહ ને લાધો જોશી, મેતા ઈંદરજી છે પાડોશી;
મૂળજી તથા જૂઠો છે નામ, તેનો પુત્ર છે ભલો જેરામ. ૪૧
દવે દેવજી પરમાણંદ, ભાઇ બે સતસંગી સ્વચ્છંદ;
પીપળાણે મેતા નરસી છે, સુત કલ્યાણજી વાલજી છે. ૪૨
રઘુનાથ ને રવજી જેહ, મેતા નરસિંહના સુત તેહ;
નારાયણમેતા તેહના ભાઇ, તેના ચિત્તમાં બહુ ચતુરાઇ. ૪૩
જેઠો ભાણજી રવજી જેહ, મેઘપુરમાં રહે છે તેહ;
બીજા પણ બહુ વિપ્ર ગણાવ્યા, સ્વામીયે તેને તર્ત તેડાવ્યા. ૪૪
રામદાસજી વાણી કહે છે, જેતપુરમાં જે ભક્તો રહે છે;
સ્વામી તેઓને પાસે બોલાવો, કાંઇ કાંઇક કામ ભળાવો. ૪૫
સુણી સ્વામીયે તેને તેડાવ્યા, આજ્ઞા સાંભળી તે સહુ આવ્યા;
સુણો ભૂપ તેનાં કહું નામ, મોટા મુક્ત તે સદગુણધામ. ૪૬
રાજા ઉન્નડ જે ગુણવાન, તેને પ્રગટ પ્રભુનું છે જ્ઞાન;
મુળૂવાળા તથા દેવાવાળા, ઘણા સમઝુ સારા કરમાળા. ૪૭
ભગવાન કાપડિયો ને હરજી, ભાણો પટેલ અને લાલજી;
ભલા ભક્ત ઠાકરશી લુવાર, નથુ ત્રિકમ આંબો ઉદાર. ૪૮
વેલો જેઠો ને પૂતળીબાઇ, જીવા જોશીની પત્ની ગણાઇ;





રામબાઇ આદિક હરિજન, સૌને બોલાવી કહ્યું વચન. ૪૯
વરણીને થશે અભિષેક, ત્યારે આવશે સંઘ અનેક;
સૌની ચાકરી કરજો સારી, કરો સીધાની સર્વે તૈયારી. ૫૦
જે જે જોઇએ તે વસ્તુ મંગાવો, વડી પાપડ શેવો કરાવો;
રાવટી તથા તંબુ ને દેરા, જ્યાંથી ત્યાંથી મંગાવો ઘણેરા. ૫૧
મૂળુવાળા ને ઉન્નડરાય, સુણી બોલીયા તે સમે ત્યાંય;
દેરા રાવટી તંબુઓ સારા, ઘણા દરબારમાં છે અમારા. ૫૨
કેટલોએક બીજો સામાન, તે તો તૈયાર છે આ સ્થાન;
તન મન ધન જે છે અમારાં, તે તો જાણજો સર્વે તમારાં. ૫૩
એમ કહીને ગયા સૌ ઘેર, સ્વામી રાજી થયા શુભપેર;
વૈશ્ય કણબી ને સુતાર જેહ, વિપ્ર તરત તેડાવેલા તેહ. ૫૪
સહુ આવી મળ્યા તેહ ઠાર, ચાલ્યું કામ ત્યાં ધમધોકાર;
કોઇ સામાન જઇ લઇ આવે, કોઇ સારી રીતે સચવાવે. ૫૫
ભાણા પટેલના ઓરડા છે, ઉત્તરાભિમુખે જે રુડા છે;
કર્યો મંડપ આરંભ ત્યાંય, સૌને હરખ ઘણો મનમાંય. ૫૬
જેને જેહ ભળાવેલું કામ, જન તે તે કરે છે તમામ;
કરે મંડપનું કામ કોઇ, કરે વિપ્ર મળીને રસોઇ. ૫૭
વડી પાપડ બાઇયો કરે છે, જીભે હરિકીરતન ઉચ્ચરે છે;
રહ્યાં ગીત તે ગગનમાં ગાજી, સુણી દેવ થયા સહુ રાજી. ૫૮
ચાલે મંડપકામ જે ઠાર, જાય જોવા સ્વામી ત્રણ વાર;
જે જે સામાન જોઈયે જેને, સ્વામી તરત અપાવે છે તેને. ૫૯
હીરજી આદિ જે સૂત્રધાર, સ્વામી તેને કહે છે તે ઠાર;

જેવી કારીગરી કરી જાણો, તેવી કરવામાં કસુરે[1] ન આણો. ૬૦
સુણી બોલિયાં હીરજીભાઇ, રામાનંદ સુણો સુખદાઇ;
સારું કામકરે ધન માટે, આ તો છે મુક્તિલાભને માટે. ૬૧
વળી અક્ષરધામનિવાસી, નરદેહ ધર્યો સુખરાશી;
તેને કરવા છે પૂર્ણ પ્રસન્ન, તેના ધામમાં જાવાનું મન. ૬૨
આશા એવી મોટી છે સ્વામી, કેમ કરવામાં રાખશું ખામી;
એવા સ્નેહના સુણી ઉચ્ચાર, આપ્યા સ્વામીયે હૈયેથી હાર. ૬૩
હોંશે હોંશે કરે સહુ કામ, જાણે રીઝશે શ્રીઘનશામ;
સ્વામીને જો નજરમાં ન આવે, આખા દિનનું ચણેલું પડાવે. ૬૪
આપે ધીરે રહીને સુબોધ, પણ ન કરે લગારેય ક્રોધ;
એવા સ્વામી છે દિલના દયાળ, નિજદાસ તણા પ્રતિપાળ. ૬૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણ નૃપ હરિનાં રુડાં ચરિત્ર, પરમ પવિત્ર વિશાળ છે વિચિત્ર;
સુર નર મુનિ મુક્ત નિત્ય ગાય, તદપિ કદાપિ ન તૃપ્ત તેહ થાય. ૬૬

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિપટ્ટાભિષેકે મંડપારંભનામા દ્વાવિંશતિતમો વિશ્રામઃ ॥૨૨॥***

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો ભૂપ અભેસિંહભાઇ;
લીલા કહું જેતપર તણી, સુણતાં અધિક સુખદાઇ. ૧

**ચોપાઈ :**

હરિભક્ત મળી ઘણા નર, કર્યો મંડપનો તે આદર;



૧.ખામી,ખોટ



સૂત્રધાર સામાન મંગાવે, હરિભક્તો ઉમંગથી લાવે. ૨
ઘણી ઝડપથી ધમધમ ચાલે, જાણે ઉન્મત્ત મેંગળ[1] મહાલે;
સિંધુપર સેતુ રચવાને જેમ, કપિવૃંદ મચ્યાં હતાં તેમ. ૩
એકએકથી આગળ ધાય, લાવી આપે છે વસ્તુઓ ત્યાંય;
એક બીજાથી અધિક તે ઠામ, કામ કરવાને રાખે છે હામ. ૪
જુવે લોકો જે રસ્તે જનાર, જોઇ અચરજ પામે અપાર;
જુવે ટોળે ટોળાં જન મળી, તે તો ઝડપ વખાણે છે વળી. ૫
બીજે ઠેકાણે જોવાને જાય, પાકશાળાનો આદર થાય;
લૈને પાવડા કોશ કોદાળી, મજુરો મંડ્યા કાછડા વાળી. ૬
જાણે સંચિત કર્મ કોઠાર, તે તો ખોદીને કાઢે છે બહાર;
કોઇ ખોદે છે ચૂલ કે ક્યારી, કોઇ કોઠિયો ડાટે છે ભારી. ૭
શીરો ભરવા અવાડા કરે છે, ઘૃત ભરવાના કુંડ ધરે છે;
કરે સીધું સામાન તૈયાર, કર્યો છે બળતણનો અંબાર. ૮
છાયા કરવાને થાંભલા રોપે, જાણે મોક્ષ નિસરણિયો ઓપે[2];
ઉંચા બાંધે છે બુંગણ લાવી,જાણે શરદની વાદળી આવી. ૯
ચરુ[3] રંગાડાંને[4] દેગ[5] મોટા, લાવી મુક્યા તેના નથી તોટા;
કથરોટ કુંડા ને કડાયો, ઝારા ડોયા તથા કડછાઓ[6]. ૧૦
એવાં વાસણ અપરમપાર, લાવી મૂક્યાં તે જગ્યા મોઝાર;
કામ ચાલે છે ધમધોકાર, એમ વિતિયા દિન દશ બાર. ૧૧
એવામાં કાળીચૌદશ આવી, હનુમાન પૂજ્યા હેત લાવી;
ઘણા સંત હરિજન આવ્યા, જોઈ આરંભ મનમુદ લાવ્યા. ૧૨



૧.હાથી ૨.શોભે ૩.રાંધવા તથા પાણી ભરવાનું પહોળા મોઢાનું પાત્ર ૪.તાંબાનું મોટું વાસણ
૫.મોટો દેગડો,હાંડો ૬.પીરસવા માટેનું સાધન

**ઉપજાતિવૃત્ત :**

આનંદ છે જ્યાં અભિષેક કેરો, દીવાળી આવ્યાથી વધ્યો ઘણેરો;
પ્રવાહ ગંગાજી તણો સુ જેમ, મળ્યાથી કાલિંદિ વધે જ તેમ. ૧૩
દિસે ઘણા દીપક ઠામઠામ, શું દેવ આવ્યા તજી સ્વર્ગધામ;
નિહાળવા શું વૃષવંશિરાજ, ધર્યાં ધરાયે બહુ નેત્ર આજ. ૧૪
દીપોત્સવી તો બહુ આવી જાય, આવો કદી ઉત્સવ તો ન થાય;
કહે જનોને જન એક કોઇ, આવી દિવાળી કદીયે ન જોઇ. ૧૫
આવ્યા નથી ને નથી આવનાર, છે જે પ્રભુ અક્ષરબ્રહ્મ પાર;
તે આવિયા છે નરદેહ ધારી, તેથી દિસે આજ દિવાળી સારી. ૧૬
આનંદ છે અક્ષર માંહિ જેવો, ભૂલોકમાં આજ જણાય એવો;
જે દેહ પામ્યા જન આજ ટાણે, સુભાગ્ય તેનાં વિબુધો વખાણે. ૧૭
ભલો કર્યો ઉત્સવ અન્નકૂટ, પકવાન્ન ને શાક કર્યાં અખૂટ;
ઠાકોરજી આગળ તે ધરાવી, પંક્તિ પછી સંત તણી કરાવી. ૧૮
પોતે ગુરૂ પીરસવા રહે છે, મહાપ્રભુજી પણ પીરસે છે;
જે હાથમાંથી કણિકા પડે છે, પ્રસાદિ બ્રહ્માદિ સુરો ચહે છે. ૧૯

**ચોપાઈ :**

અન્નકૂટ્ટ તણો દિન ગયો, શુદિ બીજ તણો દિન થયો;
જેતપરના જનોને તેડાવી, સ્વામીયે એવી વાત સુણાવી. ૨૦
સમૈયો હવે ઢુંકડો આવ્યો, કેટલોક સામાન કરાવ્યો;
બીજું તો બધું તૈયાર થાશે, પણ ઉતારા ક્યાં ક્યાં કરાશે. ૨૧
કૈંક આવશે રાણા ને રાય, આવશે જ ગૃહસ્થ ઘણાય;
સતસંગી તો આવશે સહુ, બીજા પણ જન આવશે બહુ. ૨૨





રાખવી સહુની બરદાશ, તેમાં કરવી ન કાંઇ કચાશ;
મૂળુવાળા બોલ્યા પછી ત્યાંય, દેવાવાળા ને ઉન્નડરાય. ૨૩
મોટા મોટા છે મોલ અમારા, તે તો જાણજો સર્વ તમારા;
ઉતારા તો ઠરાવશું અમે, તેની ચિંતા ન રાખશો તમે. ૨૪
યથાયોગ્ય પલંગ તળાઇ, વળી સેવામાં દેશું સિપાઇ;
જેતપરના બીજા હરિજન, કહે છે જે અમારાં ભવન. ૨૫
હરિજનને ઉતરવાને દેશું, વળી સેવામાં તત્પર રે'શું;
એમ કહી જન સર્વ સિધાવ્યા, દેરા તંબુઓ ઊભા કરાવ્યા. ૨૬
રુડી રાવટીયો અને પાલ, બાંધી ચંદનિઓ ત્યાં વિશાળ;
તંબુ ઉપર કળશ સોનાના, ચળકે સરખા ચંદ્રમાના. ૨૭
માંહી જાજમો શુભ પથરાવી, મૂકી ખુરશીયો વિધવિધ લાવી;
ગાદી તકિયો પલંગ તળાઇ, ગાલ મસુરિયાં ને રજાઇ. ૨૮
જે જે જોઈયે તે રાખ્યાં તૈયાર, જેમ આપતાં લાગે ન વાર;
આવ્યો અષ્ટમીનો દિન જ્યારે, થયો મંડપ તૈયાર ત્યારે. ૨૯
સ્વામીને કહે હીરજીભાઇ, જુઓ મંડપની સરસાઇ;
પછી મંડપ જોવા પધાર્યા, સાથે જન લૈને સારાસારા. ૩૦

**વૈતાલીયવૃત્ત :**

છબી મંડપકેરી શી કહું, ભભકાદર બની ભલી બહુ;
સજિયા શુભ હેમથાંભલા, તખ્તા[૧] શ્રેષ્ઠ ધર્યા તહાં ભલા. ૩૧
હદ બેહદ કાચહાંડિયો, કરવા દીપક કાજ માંડિયો;
બહુભાત ઉલેચે[૨] બાંધિયા, શુભ તેમાં જરિતાર સાંધિયા. ૩૨
બહુ ઝૂમર ત્યાં ઝૂમી રહ્યાં, સુવિમાનોની સમાન તે કહ્યાં;



૧.કાચનો લાંબો પહોળો કટકો ૨.છત, ચંદરવો

છબીલા ગલિચા બિછાવિયા, ચિતરોમાં સુર ચીતરાવિયા. ૩૩
મણિ મોતિ તણાં સુતોરણો, બહુ બાંધ્યાં જનચિત્ત ચોરણો;
શુક સારિક શબ્દ ઉચ્ચરે, મુનિકેરા મનનેય તે હરે. ૩૪
ધરિયા પંચરંગી વાવટા, અતિ છાજે શુભ તેહની છટા;
નભમાં કૃત જેમ મેહનાં, ધનુસાદશ્ય સુરૂપ તેહનાં. ૩૫
શુભ કુંડ તહાં કરાવિયો, કરવા હોમ ભલો જ ભાવિયો;
કદળી સદળી વળી લહી, સ્થિર ત્યાં સ્થંભ રુડા રચ્યા સહી. ૩૬

**ચોપાઈ :**

સ્વામી નિરખીને શોભા અથાહ, વારેવારે કહ્યું વાહવાહ;
અમે ધાર્યો હતો જેવો કરવા, તેથી સરસ થયો મન હરવા. ૩૭
ધન્ય ધન્ય નારાયણ ભ્રાત, વિશ્વકર્મા તમે સાક્ષાત;
તમે પ્રત્યક્ષ છો રચનાર, કેમ ખામી રહે ત્યાં લગાર. ૩૮
એમ રાજી થઇને અપાર, આપ્યા ઉરથી પ્રસાદીના હાર;
પછી જોવા ગયા પાકશાળા, ત્યાં તો વિપ્રો વિશેષ નિહાળ્યા. ૩૯
પીપળાણાના નરસિંહમેતા,પાકશાળાના ઊપરી હતા;
પુત્ર કલ્યાણજી આદિ જેહ, મંડ્યા કરવા રસોઇ તેહ. ૪૦
કોઇયે કાછડા લીધા છે વાળી, કોઇયે વાળી બોકાની રુપાળી;
કોઇયે કડછા લીધા છે કરમાં, કોઇ ભીંજાયા પરશેવા ભરમાં. ૪૧
કોઇયે પાતળાં ને કોઇયે જાડાં, લાડુ ખાંડવા લીધાં છે આડાં;
હળદીવાળા કોઇના હાથ, તેનો રંગ લાગ્યો અંગસાથ. ૪૨
જાણે ખેલીને આવ્યા વસંત, તેનો રંગ લાગ્યો છે અત્યંત;
ચુલ્યો ઉપર દેગો ચડાવી, ઘણી ઘીની અવાડી[૧] ભરાવી. ૪૩



૧.હોજ, ચણેલ ટાંકી



લાડુ ખાંડે કરે બળ ભારે, રામાનંદની જય ઉચ્ચારે;
કોઇ પાડે ભલાં પકવાન, તેનું લાગી રહ્યું તેમાં ધ્યાન. ૪૪
રામાનંદ બોલ્યા ગુણવાન, કરી રાખો રુડાં પકવાન;
દ્વાદશી દિને જમવાનું ધરજો, દાળ ભાત તો તે દિન કરજો. ૪૫
કરો નાગરને ખપે એવી, જુદી દૂધની રસોઇ તેવી;
બોલ્યા વિપ્રો અમે તેમ કરશું, આપ આજ્ઞા સુણી અનુસરશું. ૪૬
જોઇ બ્રાહ્મણનો શ્રમ ભારી, રામાનંદ રીઝયા મુદ ધારી;
ભુજસમ[૧]શા કરી ભલી વિધી, સર્વ વિપ્રોને આશીષ દીધી. ૪૭
પછી સ્વામીજી ત્યાંથી પધાર્યા, જોયા જઇને સમસ્ત ઉતારા;
બંદોબસ્ત નિહાળીને સાર, સ્વામી રીઝ્યા રુદેમાં અપાર. ૪૮
કર્યું આશ્રમે જઇને આસન, વળી વાત વિચારીને મન;
મુક્તાનંદ તથા રામદાસ, રામાનંદે તેડ્યા નિજપાસ. ૪૯
કહ્યું સાંભળો સદગુણી સંત, હું છું તમ વડે આજ નચિંત;
મારે યજ્ઞમાં બેસવું પડશે, આજ સંઘ ઘણા આવી ચડશે. ૫૦
રાખજો સહુની બરદાસ, કશી વાતે ન રાખો કચાશ;
વળી જ્ઞાન તણો ઉપદેશ, તમે સર્વને કરજો વિશેષ. ૫૧
સંતમંડળ આવે આ કાળ, તેની લેજો તમે સંભાળ;
સુણી બોલિયા તે સંત બેય, તે તો કામ અમારું જ છેય. ૫૨
વળી સ્વામીયે વાણી ઉચારી, સુણો સ્નેહે મુકુંદ બ્રહ્મચારી;
વરણી નીલકંઠની પાસ, રહો થઇને નિરંતર દાસ. ૫૩
એની આજ્ઞા સદા અનુસરજો, જે જે સેવા બતાવે તે કરજો;
બોલ્યા તે સમે તે બ્રહ્મચારી, સદા વર્તિશ આજ્ઞાનુસારી. ૫૪



૧.હાથનો ઈશારો

એજ અષ્ટમીને દિન રાય, સંત મંડળ આવિયાં ત્યાંય;
નવમી દિન આવિયો જ્યારે, આવ્યા સંઘ અનેક તે વારે. ૫૫
દેશ સોરઠ કાઠિયાવાડ, ભાલ ગુજરાત ને ઝાલાવાડ;
કચ્છદેશ આદિક અપાર, આવ્યાં હરિજન નર અને નાર. ૫૬
સંઘ ઊતર્યો બાગમાં કોઇ, કોઇ તંબુ દેરા રુડા જોઇ;
કોઇ ગામમાં હરિજન ઘેર, ઉતર્યા જોઇને રુડી પેર. ૫૭
મળ્યા લોક હજારો હજાર, ચાલવાનો ન માગ લગાર;
આવ્યા છત્રપતિ કૈંક વંકા[૧], તેના વાજે છે નોબતે ડંકા. ૫૮
ઢળે ચમર ને ફરકે નિશાન, છડીદાર બોલે ગુણવાન;
ઘોડા હણહણે ચિઃકારે હાથી, ગામ ગાજી રહ્યું ગર્જનાથી. ૫૯
આપ્યાં ઉતરવા શુભ સ્થાન, પછી આપિયાં ભોજન પાન;
બહુ કરી સહુની બરદાશ, તેમાં કાંઇ ન રાખી કચાસ. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પુરપુરથકી સંઘ શ્રેષ્ઠ આવે, મુનિવર મુક્ત હરિકથા સુણાવે;
દરશન કરી કૃષ્ણનાં ગુરૂનાં, મન મુદવંત થયાં જનો સહુનાં. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિપટ્ટાભિષેકે હરિજનસંઘાગમનનામા ત્રયોવિંશતિતમો વિશ્રામઃ ॥૨૩॥***

**પૂર્વછાયો :**

કાર્તિક શુદી નવમી તણી, રહી પાછલી છ ઘડી રાત;
રામાનંદજી જાગિયા, રુદયે થયા રળિયાત. ૧
શૌચક્રિયા ને સ્નાનવિધિ, કરી નિત્યક્રિયા નિજ જેહ;



૧.શૂરવીર,પરાક્રમી



સંધ્યા પૂજા પાઠ જપ, સહુ તરત કીધું તેહ. ૨

**ચોપાઈ :**

સભામાં પછી જૈ બેઠા સ્વામી, અતિ અંતરે આનંદ પામી;
દેશાંતર થકી તેડાવેલા, હતા વેદિયા જેહ આવેલા. ૩
તેઓ પ્રત્યે બોલ્યા તતખેવ, તમે સાંભળો સહુ ભુદેવ;
નીલકંઠ છે આ બ્રહ્મચારી, તેને આપશું ગાદી અમારી. ૪
વિધિ વેદોક્ત મંત્ર જે જાણે, ક્રિયા કરવી છે શાસ્ત્ર પ્રમાણે;
સુણી બોલિયા દ્વિજ શિર નામી, ચારે વેદના વિપ્ર છે સ્વામી. ૫
માટે વેદવિધાન છે જેમ, કામ સર્વ કરાવશું તેમ;
નિરવિઘ્ન પુરું થવા કાજ, પૂજો ગણપતિને મહારાજ. ૬
અતિ છે શુભ લગ્ન[૧] અત્યારે, યજ્ઞશાળામાં વર્ણી પધારે;
વળી આપ પધારો જ ત્યાંય, મોટો હર્ષ ધરી મનમાંય. ૭
પછી સ્વામી તે શાળામાં આવ્યા, સાથે શ્રીઘનશામને લાવ્યા;
યજ્ઞકાર્યમાં પ્રેરેલા જેહ, મુકુન્દાનંદ વરણી તેહ. ૮
વળી આવિયા ભટ મયારામ, વિપ્ર વેદિયા સહિત તે ઠામ;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, વસુધાતળે[૨] ને વ્યોમે[૩] ગાજે. ૯
પછી વેદોક્ત મંત્ર ઉચારી, પૂજ્યા ગણપતિને પૂજ્ય ધારી;
કર્યું માતૃકપૂજન પ્રીતે, નાંદિશ્રાદ્ધ કર્યું રુડી રીતે. ૧૦
સ્વસ્તિવાચન વિપ્રોએ કીધું, તેના કળશ તણું જળ લીધું;
ચારે વેદની ભણી આશીષ, છાંટ્યું તે યજમાનને શીશ. ૧૧
દ્વિજને પછી દક્ષિણા દીધી, વિપ્રની વરુણી પછી કીધી;
પૂજ્યા આચાર્ય ને બ્રહ્માય, કરી ઋત્વિજની ત્યાં પૂજાય. ૧૨



૧.રાશિ ૨.પૃથ્વી ૩.આકાશ

બેઠા વિપ્રો કરે અનુષ્ઠાન, સ્વામી શિષ્ય ગયા સ્વસ્થાન;
વીત્યો વાસર ને વીતી રાત, થયું ઉજ્જળ ઉદય પ્રભાત. ૧૩
વ્રત દિવસ એકાદશી જાણી, ભદ્રાનાવા જવા ઈચ્છા આણી;
રામાનંદ ને શ્રીઘનશામ, સંઘ સહિત તો ભટ્ટ મયારામ. ૧૪
સંત સહુ સાથે મુક્તાનંદ, વર્ણી સૌ સાથે વર્ણી મુકુંદ;
ભદ્રા તીર્થમાં નાવા સિધાવ્યા, સાથે રાય રાણા બહુ આવ્યા. ૧૫
હાથી ઘોડા ને રથ છે અપાર, વાજે વાજિંત્ર વિવિધ પ્રકાર;
કોઈ તાલ મૃદંગ બજાવે, સંતમંડળ કીર્તન ગાવે. ૧૬
જેજેકાર બોલે છડીદાર, જોવા ટોળે મળ્યાં નરનાર;
કર્યું ભદ્રા વિષે જઈ સ્નાન, કરી નિત્યક્રિયા દીધાં દાન. ૧૭
જેવી શોભાથી નદિયે સિધાવ્યા, તેવી શોભાથી મંદિરે આવ્યા;
યજ્ઞશાળામાં આસન કરી, પૂજ્યા વિપ્રને ગણપતિ ફરી. ૧૮
એક વેદી ઉપર એજ ઠાર, સ્થાપ્યાં રાધા ને કૃષ્ણ તેવાર;
કરી સ્નેહે ષોડશ ઉપચાર, પૂજ્યા મંત્ર કરીને ઉચ્ચાર. ૧૯
પછી કુંડમાં પાવક[1] ધર્યો, કૃષ્ણમંત્ર વડે હોમ કર્યો;
જવ તિલ મધ ને ફળ ફૂલ, હોમ્યાં ચંદનકાષ્ઠ અતુલ્ય. ૨૦
ઘૃત હોમ્યાં ઘણાં પરનાળે, ભક્ત ભાવિક ભાવથી ભાળે;
એમ દેખાડિયો વેદધર્મ, મોટા મુનિજન જાણે તે મર્મ. ૨૧

**ઉપજાતિવૃત્ત :**

તે કુંડથી દક્ષિણ દીશ પાસે, પવિત્ર બ્રહ્માસન કેવું ભાસે;
શ્રીજી તણી નાભિ સમીપ જેવું, પવિત્ર દિસે તિલચિન્હ તેવું. ૨૨
શોભીત સિંહાસન સૌથી સારું, જેનું નહી મૂલ્ય અમૂલ્ય ધારુ;



૧.અગ્નિ



તે વિશ્વકર્મા વિધિયે ઘડેલું, હીરા તથા માણેકથી જડેલું. ૨૩
શું આપ છે અક્ષર બ્રહ્મ એહ, સ્વેચ્છાથી એવો ધરિયો સ્વદેહ;
સર્વત્ર વ્યાપી શુભ જેનું તેજ, શોભીત સિંહાસનરૂપ એજ. ૨૪
ત્યાં વેદના મંત્ર દ્વિજો ઉચારે, સ્વામી હરીનો કર હાથ ધારે;
સિંહાસને શ્રીહરિ તો બિરાજ્યાં, જે જે તણા શબ્દ વિશેષ ગાજ્યા. ૨૫
આનંદ આનંદ વધ્યો અતિશે, આકાશ તો નિર્મળ સ્વચ્છ દિસે;
નદી તળાવે પણ સ્વચ્છ નીર, સુગંધ ને શીત વહે સમીર. ૨૬
જ્યાં કુંડમાં પાવક તો બિરાજે, ત્યાં તે ભલો ધૂમ્ર રહીત છાજે;
સંતો તણાં નિર્મળ ચિત્ત ભાસે, ભાનુ ભલો વ્યોમ વિષે પ્રકાશે. ૨૭
આકાશમાં દેવવિમાન છાયાં, ગાંધર્વવૃન્દે ગુણગીત ગાયાં;
નાચે મળીને નભ દેવનારી, થૈ પુષ્પ ને ચંદન વૃષ્ટિ સારી. ૨૮
વાજિંત્ર વાજે વિવિધ પ્રકાર, બ્રહ્માંડમાં હર્ષ વધ્યો અપાર;
ત્રિનેત્ર તો તાંડવ[1] ત્યાં કરે છે, કીર્તિ કથા નારદ ઉચ્ચરે છે. ૨૯
વૈરી સદા સિંહ અજાદિ જેહ, પ્રાણી થયાં સૌ નિરવૈર તેહ;
ધર્મી જનો તો હરખ્યા વિશેષ, અધર્મીને તો ઉપજ્યો કલેશ. ૩૦
આચાર્ય બ્રહ્માદિક વિપ્ર જેહ, કરે હરિને અભિષેક તેહ;
મંત્રો શ્રુતિ ચાર તણા ઉચ્ચારે, સ્વહસ્ત તીર્થોદક દર્ભ ધારે. ૩૧
એવે સમે અક્ષરમુક્ત આવ્યા, અમૂલ્ય ને અદ્‌ભુત ભેટ લાવ્યા;
પ્રભુપદે મસ્તકને નમાવી, સ્નેહે સુકાવ્યોથી સ્તુતિ સુણાવી. ૩૨
સુનંદ ને નંદ ગરૂડ આવ્યા, સાથે વળી વિશ્વકસેન લાવ્યા;
ધર્યા સહુએ શુભ દિવ્ય દેહ, દેખે જનો લોચન દિવ્ય જેહ. ૩૩
બ્રહ્મા તથા વિષ્ણુ મહેશ શેષ, ગણેશ ને સૂર્ય શશી સુરેશ;



૧.નૃત્યનો પ્રકાર

પધારિયા સર્વ સ્વપત્નિ સાથ, નમ્યા હરીને નિજ જોડી હાથ. ૩૪
દશે દિશાના[1] પતિ જેહ દેવ, ત્યાં આવિયા સૌ મળી તર્તખેવ;
સમગ્ર દેવો વળી સ્વર્ગવાસી, આવ્યા લઈને નિજદાસ દાસી. ૩૫
ગંગા તથા પુષ્કરરાજ આદી, કાલિંદિ સિંધુ ગંડકી ગયાદી;
તે સર્વ તીર્થો અભિષેક નીરે, રહ્યાં મળી દિવ્ય શુચી શરીરે. ૩૬
છ શાસ્ત્ર ને વેદ ગણાય ચાર, પ્રત્યક્ષ આવ્યા મળી એહ ઠાર;
નારીસ્વરૂપે પૃથિવી પધારી, નિહાળવા શ્રીહરિ બ્રહ્મચારી. ૩૭
દેશાંતરોના જનસંઘ જેહ, નિહાળીને શ્રીહરિ રૂપ તેહ;
તથા રુડા મંડપને નિહાળી, આનંદની તો અતિ હદ્ય વાળી. ૩૮
સજી શરીરે શણગાર સાર, એકત્ર બેઠી અબળા અપાર;
આનંદ એના ઉરમાં ન માય, ગૌરી મળી મંગળ ગીત ગાય. ૩૯

**મંડપનું વર્ણન : પ્રભુની પૂજા માનસી રે, એ રાગ છે.**

મોટા મંડપની શોભા તે શી વરણવું રે,
જોવા ઈંદ્રાદિક દેવો લલચાય રે, રંગમંડપ છાયો મોતીયે રે;
જેવો પાંડવોનો ઈંદ્રપ્રસ્થ ઓપતો રે,
એવી મંડપને ઉપમા અપાય રે...રંગમંડપ૦ ૪૦
ઉપર કનકના કળશ ચડાવીયા રે,
ધ્વજા પતાકા ચડાવી ચારે પાસ રે...રંગમંડપ૦
બાંધ્યાં તોરણ મનોહર મણિ મોતિનાં રે,
તેનો ચારે દીશે પ્રસરે પ્રકાશ રે...રંગમંડપ૦ ૪૧
ઉંચા ઉલેચ બંધાવ્યા જાદરે[2] ચીરના[3] રે,
ઝાઝાં ઝૂમર લટકાવ્યાં હારોહાર રે...રંગમંડપ૦



૧.પૂર્વ-ઈન્દ્ર, દક્ષિણ-યમ, પશ્ચિમ-વરુણ, ઉત્તર-કુબેર, અગ્નિ-અગ્નિ, ઈશાન-ઈશ, વાયવ્ય-વાયુ, નૈરુત્ય-નૈઋતી, ઉપરના બ્રહ્મા, નીચેના અનંત ૨.ધોળા આછા વણાટનું રેશમી કાપડ ૩.વસ્ત્ર



હેમસાંકળે લટકાવી ઘણી હાંડીયો રે,
માંડ્યા કાચ તણા તખતા અપાર રે...રંગમંડપ૦ ૪૨
ભીંતે ચતુર ચિતારે ચિત્ર ચીતર્યા રે,
તેમાં ચિત્ર્યા ચારુ ચોવી અવતાર રે...રંગમંડપ૦
સંતો સાથે શ્રીહરિની સભા ચીતરી રે,
ઠરી રહે જન જોવા ઠારોઠાર રે...રંગમંડપ૦ ૪૩
નીચે જાજમો ગાલીચા પથરાવીયારે,
માંડી ખૂરશીયો સુંદર શોભીત રે...રંગમંડપ૦
ગાદીતકિયા રુડા કોઈ ઠામે ગોઠવ્યા રે,
પોપટ પાંજરાં લટકાવ્યાં રુડી રીત રે...રંગમંડપ૦ ૪૪
ત્યાં તો આવીને બિરાજ્યા રાણા રાજવી રે,
રામાનંદ સાથે શોભે ઘનશામ રે...રંગમંડપ૦
વાજાં વજાડીને સંત ગુણ ગાય છે રે,
જોવા ઉલટ્યું છે ત્યાં તો આખું ગામ રે...રંગમંડપ૦ ૪૫
હવે હોમ તણી શોભા હેતે હું કહું રે,
કર્યો કુંડ તેમાં કસર ન કાંય રે...રંગમંડપ૦
ત્યાં તો રંભાકેરા થંભ રુડા રોપિયા રે,
વેદવિધિ કરે વિપ્રો બેઠા ત્યાંય રે...રંગમંડપ૦ ૪૬
પછી સિંહાસને શામને પધરાવિયા રે,
વેદમંત્ર વડે કીધો અભિષેક રે...રંગમંડપ૦
મુક્તો અક્ષરના નિરખવા આવિયા રે,
આવ્યા ઈંદ્રાદિક અમર અનેક રે...રંગમંડપ૦ ૪૭

સખી આજ તો સોનાના સૂરજ ઉગિયા રે,
આજ મોતીડાના વરસે છે મેહ રે...રંગમંડપ૦
સખી ધન્ય ધન્ય ભાગ્ય છે જો આપણાં રે,
આવે અવસરે આવ્યો જનદેહ રે...રંગમંડપ૦ ૪૮
જેનાં દરશન દુર્લભ છે દેવને રે,
તેને નિરખીને થઈયે નિહાલ રે...રંગમંડપ૦
સખી સભામાં શોભે છે ઘનશામજી રે,
વાલો વૃષવંશી વિશ્વવિહારીલાલ રે...રંગમંડપ૦ ૪૯

**ચોપાઈ :**

એવી રીતે રામા ગાય ગીત, ધરી પ્રભુપદ પૂરણ પ્રીત;
રામાનંદસ્વામી છે સુજાણ, પ્રભુને જાણે પ્રગટ પ્રમાણ. ૫૦
સર્વના ગુરુ સર્વના ઈષ્ટ, સહજાનંદ સૌથી વરિષ્ઠ;
ભજે જેને અક્ષરમુક્ત જેવા, રામાનંદજી જાણે છે એવા. ૫૧
તોય રાખવાને લોકાચાર, ઉપદેશ દિધો તેણી વાર;
વર્ણીરાજ સુણો શુભ મર્મ, તમે પાળજો વેદનો ધર્મ. ૫૨
શોભાવો ઉદ્ધવીસંપ્રદાય, જેથી જીવોનાં કલ્યાણ થાય;
સર્વે શિષ્યોને ધર્મ પળાવો, જ્ઞાન વૈરાગ્ય ઉર ઉપજાવો. ૫૩
કરો કરાવો વૈષ્ણવયાગ, ઘણું ખરચીને દ્રવ્ય અથાગ;
વળી મંદિર મોટાં કરાવો, રાધાકૃષ્ણાદિ મૂર્તિ સ્થપાવો. ૫૪
બાઈ ભાઈ ગૃહસ્થ કે ત્યાગી, ભક્ત થાવા ઇચ્છે બડભાગી;
તેને તો તેવી દીક્ષા ધરાવો, ધર્મસહિત સુભક્તિ કરાવો. ૫૫
જન દિસે કુપાત્ર જરૂર, કરજો સંપ્રદાયથી દૂર;





સંપ્રદાયના ગ્રંથ રચાવો, ઉંડા પાયા તો એજ નંખાવો. ૫૬
કદી મંદિર તો પડી જાય, દેશ પણ કદી ઉજ્જડ થાય;
પણ ગ્રંથ સદૈવ દેખાય, એથી અચળ રહે સંપ્રદાય. ૫૭
શિષ્ય અર્પે વસન અલંકાર, સુખે કરજો તે તો અંગિકાર;
નહીં તમને કરી શકે બાધ, દિસે શક્તિ તમારી અગાધ. ૫૮
એવો ઉપદેશ સાંભળી સાર, ઉચર્યા શ્રીહરિ હકાર[૧];
રામાનંદે ઉમંગ ધરીને, વસ્ત્રાભરણ ધરાવ્યાં હરીને. ૫૯
કડાં વેઢ વીંટીયો કુંડળ, હીરા મોતીના હાર નવલ;
ધૂપ દીપક આગળ ધારી, પછી આરતિ ગુરુયે ઉતારી. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કરી હરિ તણું પૂજનાદિ પ્રીતે, ગુરુજી રહ્યા નિજ આસને સુરીતે;
પછી વૃષસૂર[૨] સર્વ સ્નેહ ધારી, કરી અરચા હરિ આરતી ઉતારી. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિપટ્ટાભિષેક-ક્રિયાવર્ણનનામા ચતુર્વિંશતિતમો વિશ્રામઃ ॥૨૪॥***

**પૂર્વછાયો :**

મંડપ મધ્યે મહાપ્રભુ, કેવા શોભે છે તે શુભ રીત;
વિગતથી તે વરણવી, ગાય રામા મધુરાં ગીત. ૧

**"મોહનજીયે મોકલ્યું રે મોસાળું" એ રાગ છે :**

શ્રીજીસ્વામી માંડવામાં બિરાજે, છબીલાની છબી ભલી છાજે;
શ્રીજી સ્વામી માંડવામાં બિરાજે. ટેક.
સખી જોને આ શ્રીઘનશ્યામ,



૧.હા... હા... એમ બોલવું ૨.ધાર્મિક જનો

પુરુષોત્તમ પૂરણકામ....શ્રીજી સ્વામી.
એના ચરણકમળ મને ગમે,
મારું મન ત્યાં ભ્રમર થઇ ભમે...શ્રીજી સ્વામી. ૨
જંઘા જુગલ રંભાથંભ જેવી,
એ તો ગરુડ ઉપર શોભે એવી...શ્રીજી સ્વામી.
પેર્યું પીળું પીતાંબર અંગે,
હું તો નિરખું અધિક ઉમંગે...શ્રીજી સ્વામી. ૩
ઓપે અતિ ભલું અંગે અંગરખું,
હું તો જોઇ જોઇને હૈયે હરખું...શ્રીજી સ્વામી.
ધર્યા વેઢ ને વીંટી આંગળિયે,
જોતા જરુર આ જગનાં તો ટળિયે...શ્રીજી સ્વામી. ૪
પેર્યા હેમ કડાં બેઉ હાથે,
પેરી પોંચિયો નટવર નાથે...શ્રીજી સ્વામી.
બાંહે બાંધિયાં બહુ રુડા બાજુ,
કાન માંહિ કુંડળિયાં છે કાજું...શ્રીજી સ્વામી. ૫
હૈયે હીરા ને મોતીના હાર,
ભાળી ભાસે સંસાર અસાર...શ્રીજી સ્વામી.
મુખચંદ્ર દિસે ચિત્તાચોર,
જુવે મુનીજન જેમ ચકોર...શ્રીજી સ્વામી. ૬
નેણ કમળ પાંખડલી પ્રમાણ
વારું તે પર તન મન પ્રાણ...શ્રીજી સ્વામી.
ભાસે ભમર્યો ચારુ ઈંદ્ર ચાપે[1],



૧.મેઘ ધનુષ્ય



ટળે નિરખતાં ત્રિવિધના તાપ...શ્રીજી સ્વામી. ૭
જોઇ તિલક તણી સરસાઇ,
છુટે સંસારી સાથે સગાઇ...શ્રીજી સ્વામી.
પાઘપર રુડાં છોગલાં ધરિયાં,
આવી ઉડાં અંતરમાં ઉતરિયાં...શ્રીજી સ્વામી. ૮
મળ્યા અક્ષરધામના વાસી,
કોણ જાય કેદાર ને કાશી...શ્રીજી સ્વામી.
ઘેર બેઠાં મહાપ્રભુ મળિયા,
મારા મનના મનોરથ ફળિયા...શ્રીજી સ્વામી. ૯
મનહરણ કરી લીધું હરિયે,
હવે સંસારને તે શું કરિયે...શ્રીજી સ્વામી.
હરિવર મારા હૈયાનો હાર,
મારા પ્રાણનો એ જ આધાર...શ્રીજી સ્વામી. ૧૦
કર્યો નિશ્ચે વિચારીને બાઇ,
નથી ભોળપણાથી ભ્રમાઇ...શ્રીજી સ્વામી.
સદા ધ્યાનમાં રાખશું ધારી,
વાલો વૃષસુત વિશ્વવિહારી...શ્રીજી સ્વામી. ૧૧

**પૂર્વછાયો :**

વર્ણી અચિંત્યાનંદજી, કહે સુણો ભૂમિ ભરતાર[1];
સુર મુનિ મળીને સ્તુતિ કરી, હવે તેનો કહું વિસ્તાર. ૧૨

**વસંતતિલકાવૃત્ત :**

રાખી સનેહ ઉચરે ઋષિનો સમાજ,



૧.સ્વામી, પાલક, ધણી

હે રાજરાજ ઋષિપાળ કૃપા જહાજ;
શ્રીધર્મપુત્ર ધરતીપર દેહ ધારી,
રક્ષા અધર્મકુળથી કરશો અમારી. ૧૩
જે કામ આદિ રિપુ અંતરમાં ઠરે છે,
તે ભંગ આવિ ઋષિના તપનો કરે છે;
એ છે અજીત અતિશે જ કરે અનર્થ,
તેને સ્વવશ્ય કરવા હરિ છો સમર્થ. ૧૪
સાક્ષાત આપ પ્રભુ અક્ષરના નિવાસી,
સર્વાવતારપણું કારણ સૌખ્યરાશી;
કીર્તિ તમારી નિગમાગમ નિત્ય ગાય,
એવા દયાળુ તમને નમિયે સદાય. ૧૫
નામી સ્વશીશ મુનિ નારદજી કહે છે,
મેં પંચરાત્રકૃતિમાં કહી ભક્તિ જે છે;
તેવી પ્રવર્તન વિષે ન સમર્થ કોય,
તે કામ અક્ષરપતિ તમથી જ હોય. ૧૬
છે સર્વકાળ મહિમા અવિતર્ક્ય જેનો,
એવા તમે મહત સેવક હું છું તેનો;
મૂર્તિ તમારી મન ધારિ સદા ભમું છું,
પ્રત્યક્ષરૂપ પ્રભુ હું તમને નમું છું. ૧૭
ઈંદ્રે કહ્યું અખિલ વિશ્વ તણા અધીશ,
હું તો થયો તમ પ્રતાપથી સ્વર્ગઈશ;
આજ્ઞા તમારી ધરી વૃષ્ટિ વળી કરું છું,





પ્રેમે પ્રભુજી પદ મસ્તકને ધરું છું. ૧૮
નાથેલ બેલ ધણીને વશ હોય જેવા,
બ્રહ્માદિ દેવ સરવે તમવશ્ય તેવા;
હિંસાદિ યજ્ઞ કરવા ખળઅંશ ગોરે[1],
કે'તા હતા જ કરતા જન જે કઠોર. ૧૯
તેથી સુકાઈ કૃશ દેહ થયા અમારા,
પામ્યા હવે પ્રભુ અમે ચરણો તમારા;
હિંસારહીત બહુ યજ્ઞ કરી કૃપાળ,
દેશો વિશેષ સુખ હે વૃષભક્તિલાલ. ૨૦
બ્રહ્મા કહે ભુતળમાં અસુરાંશિયોયે,
કીધો પ્રવર્તન અધર્મ ગુરૂજીયોયે;
તે ટાળવા સુગુરુને કરશસ્ત્ર આપી,
પાપિષ્ઠ કૂળ કરશો નિરમૂળ કાપી. ૨૧
દ્યો સંત હાથ નિગમાગમરૂપ ચાપ,
સુજ્ઞાનખડ્ગ પણ તીક્ષણ જે અમાપ;
નિષ્કામઆદિ નિયમો બહુ તીવ્ર બાણ,
આજ્ઞા તમારી વિજયધ્વજને પ્રમાણ. ૨૨
માહાત્મ્ય આપતણું અક્ષય વજ્ર[2] જેવું,
સંગ્રામમાં વિચરતાં મુનિહાથ દેવું;
તે સંતમંડળ ઘણાં નિજસંગ લૈને,
દેશો હરાવી ખળ દેશ વિદેશ જૈને. ૨૩
ત્યારે અધર્મિ ગુરુઓ અતિ પામી ત્રાસ,



૧.યજ્ઞ કરનાર બ્રાહ્મણ ૨.કોઈનાથી તોડી ન શકાય,નિષ્ફળ ન જાય તેવું હથિયાર

સંતાઇ ગુપ્ત થળમાં કરશે નિવાસ;
આપ પ્રતાપથકી જે યતિ આપકેરા,
પાખંડ પંથ હણશે હિંમતે ઘણેરા. ૨૪
સૌ પ્રાણીનું હિત ધરી તવ ભક્તિ જેહ,
વિસ્તારશે અધિક ધર્મસહીત તેહ;
જે જે જણાય અસુરાંશ ગુરુ થયેલા,
બીજા કુપાત્ર મદ મત્સરના ભરેલા. ૨૫
સૌને સુસંત તમ જોરથી જીતિ લેશે,
સુજ્ઞાનદાન જનને શુકતુલ્ય[૨] દેશે;
પ્રૌઢ પ્રતાપ અવલોકી પ્રભુ તમારો,
આશ્ચર્યવંત સુરસાથ થયો અમારો. ૨૬
આ કાળમાં અવનિમાં નરનાટ્ય ધારી,
છોજી અનેક જનના પ્રભુ મોક્ષકારી;
સર્વેશ પૂર્ણ પુરુષોત્તમ પ્રાણદાતા,
વંદુ સમસ્ત વિધિ વિશ્વ તણા વિધાતા. ૨૭
સાવિત્રિ દેવિ ઉચર્યા ઉર સ્નેહ આણી,
હે પ્રાણનાથ પુરુષોત્તમ પદ્મપાણી;
વિદ્યા વિહીન વનિતા વળી નીચ દેહ,
થાશે સમાધિધર આપ પ્રતાપ તેહ. ૨૮
એવા પ્રતાપી પ્રભુ છો અવતારી આપ,
સર્વાવતારથી વિલક્ષણ છે પ્રતાપ;
માહાત્મ્ય આપ તણું અંતરમાં ધરું છું,



૧.શુકદેવ



બેહાથ જોડી વળિ વંદન હું કરું છું. ૨૯
પ્રત્યેક વિશ્વપતિ છે અજ વિષ્ણુ ઈશ,
સંખ્યા ગણી નવ શકે મનમાં મુનીશ;
તે ઈશ્વરો હરિ તણી સ્તુતિ ઉચ્ચરે છે,
પોતા તણાં શિર પ્રભુપદમાં ધરે છે. ૩૦
વિષ્ણુ કહે અખિલના અવતારી આપ,
જે થાય અન્ય અવતાર અહીં અમાપ;
તે તો કળા તમ તણી અથવા સુઅંશ,
તેણે કર્યો ન કદી છેક અધર્મ ધ્વંશ. ૩૧
થોડાક માંહી શ્રુતિઉક્ત સુધર્મ થાપ્યો,
કે રાવણાદિ ખળનો વળી વંશ કાપ્યો;
હે નાથ આપ ધરી પ્રૌઢ પ્રતાપ બુદ્ધી,
ધર્મ પ્રવૃત્તિ કરશો જ દિગંત[૧] સુધી. ૩૨

**પ્રહર્ષિણીવૃત્ત :**

જે જીવો ભવવનમાં[૨] સદા ભમે છે,
મૃત્યુ ને જનમ તણાં દુઃખો ખમે છે;
તેઓની તરત તમે જ સાર લેશો,
હે સ્વામી નિજપદ પાસ વાસ દેશો. ૩૩
બ્રહ્માંડાધિપતિ અનેક ઈશ જે છે,
આજ્ઞામાં તમ તણી નિત્યપ્રત્ય તે છે;
પામીને તમ થકી વિશ્વપોષ્ય શક્તિ,
પોષું છું જગત સુજાણી દાસ્ય ભક્તિ. ૩૪



૧.દિશાઓનો અંત ૨.સંસારરૂપી જંગલમાં, જન્મ-મરણમાં

સર્વેના હરિ અવતારી દિવ્યધામ,
સ્વચ્છંદ પ્રભુ પરમાત્મ પૂર્ણકામ;
પોતામાં સહુ અવતાર દર્શ દેશો,
સર્વેનાં મન નિજમાં ધરાવી લેશો. ૩૫

ગોલાકાદિક નિજધામમાં બિરાજે,
તે મૂર્તિ સહુ તમમાં જણાય આજે;
ઐશ્વર્યો નિજજનને જણાવશો જી,
કામાદી પ્રબળ રીપુ હણાવશો જી. ૩૬

જે જીવો જગત વિષે જ અલ્પ જેવા,
અજ્ઞાની જપતપહીન હોય એવાં;
તેઓને નિજ નજરે કરી સમાધિ,
દેખાડો અખિલ તજાવીને ઉપાધિ. ૩૭

મુક્તિનો પથ ધરી દેહ ઈશ્વરોયે,
દેખાડ્યો નિજજનને જ જેહ હોયે;
તે ઈશે દરશિત છે સમાધિ જેહ,
દાસોના કરથી કરાવશોજી તેહ. ૩૮

જે શક્તિ દરશિત શ્રેષ્ઠ ઈશ્વરોમાં,
તે શક્તિ જન તવ પામશે જનોમાં;
આવો તો જનમ થયો નથી ન થાશે,
તે માટે સરવથી શ્રેષ્ઠતા ગણાશે. ૩૯

તેજસ્વી અમિત[1] મણિ જડીત જેહ,
સિંહાખ્યા સુભગ સુઆસનસ્થ તેહ;



૧.અપાર



સેવેલા અગણિત મુક્તના સમાજે,
દેખાડો નિજજનને સુધામ આજે. ૪૦

કોઈ તો તવ પટ[1] માળ[2] સોટી જોઈ,
તેમાંથી તરત સમાધિનિષ્ઠ હોઈ;
જૈ જોશે પ્રભુ તવ અક્ષરાદિ ધામ,
ઐશ્વર્યો અતિ નિરખે જ એ જ ઠામ. ૪૧

તે ભક્તો મહિતળ વિશ્વવંદ્ય થાશે,
સૌથી તે પરમ સુખી સદા જણાશે,
કોઈ તો ચરિત તમારું સાંભળીને,
મુક્તિમાં તરત જશે તજી કળીને. ૪૨

**વસંતતિલકાવૃત્ત :**

પૂર્વે થયા પ્રભુ તણા અવતાર જેહ,
પામ્યા તમારી છબીમાં સઉ લીન તેહ;
કોઈ વિષે તવ છબી નહિ લીન થાય,
તેથી તમે જ સઉના અવતારી રાય. ૪૩

સર્પાધિનાથ[3] શ્રુતિ અક્ષરમુક્ત સર્વ,
કીર્તિ તમારી ઉચરે તજી સર્વ ગર્વ;
પૂર્ણ પ્રતાપ પ્રભુનો મનમાં ધરું છું,
સર્વેશ્વરા સુખકરા તમને નમું છું. ૪૪

**માલિનીવૃત્ત :**

વળતી લલિત લક્ષ્મી હેતથી જોડી હાથ,
સ્તુતિ હરિની કરે છે હે કૃપાસિંધુ નાથ;



૧.કપડું ૨.માળા ૩.શેષનાગ

અખિલ સુખદ એવા દાસને મોક્ષદાતા,
તમ શરણથી પામે પ્રાણિયો સુખશાતા. ૪૫
તવ ચરણ તજીને જે મને તો ભજે છે,
જડ જન નિજ સાચા સ્વાર્થને તે તજે છે;
તવ વિમુખની પાસે હું કદીયે ન જાઉં,
તમથકી જુદી થાતાં ઝાઝી હુંતો મુઝાઉં. ૪૬
ભગવત તજી ભક્તિ અન્યની આદરે છે,
વિભવ[1]સુખની આશા અંતરે તે ધરે છે;
જળ મથન[2] થકી તો તત્વ કાંઇ ન જામે,
તમથી વિમુખ પ્રાણી તેમ કાંઇ ન પામે. ૪૭
તવ પદરત જે છે સર્વ તે સુખ લે છે,
અમિત કલપ વિત્યે કાળથી ક્યાં ડરે છે;
તવ જન જગમધ્યે દેવને વંદ્ય થાય,
જન તન તજી અંતે ધામમાં સદ્ય જાય. ૪૮
અચળ સુખ મળે છે તે ભલા ભાગ્યશાળી,
વિબુધ પણ વખાણે કીર્તિ તેની વિશાળી;
અવર સુર થકી તો એવી પ્રાપ્તિ ન થાય,
મૃગજળ સમ તેના વૈભવો ઊડી જાય. ૪૯
મરમ સકળ જાણી અંતરે શુદ્ધ એવો,
તવ પદરતિ રાખી ત્યાગિને અન્ય દેવો;
જનહિત અવતારી આદિ છો ઈશ એક,
પ્રભુ તવ પદ મારી વંદના છે અનેક. ૫૦



૧.ધન-દોલતનું સુખ ૨.વલોવવું



**શાલિનીવૃત્ત :**

શંભુ બોલ્યા આણિને ઊર સ્નેહ, પામ્યો શક્તિ આપ આપેલી જેહ;
જે આજ્ઞા દ્યો મસ્તકે તે ધરું છું, આજ્ઞાથી આ સૃષ્ટિને સંહરું છું. ૫૧
સૌ સંપત્તી આપ પાયે રહે છે, લક્ષ્મી આદિ શક્તિ જેને ચહે છે;
જેનું નિત્યે ધ્યાન હું તો ધરું છું, વારેવારે વંદનાઓ કરું છું. ૫૨
ગૌરી બોલ્યાં હે ગુણાતીત દેવ, જે નારીયો સજ્જશે આપ સેવ;
તેને દેશો ધામમાં વાસ તેહ, દેવોને છે દુર્લભા પ્રાપ્તિ જેહ. ૫૩
જે નારીયે વાસના સર્વ છોડી, પ્રીતિ પૂરી આપને પાવ જોડી;
મોટા મુક્તો જે સમાધિ ન પામે, તે નારીયો તે સ્થિતિમાં વિરામે. ૫૪
એવી રીતે જન્મ બીજાથી ભારે, ઐશ્વર્યો તો આપમાં છે વધારે;
દે આનંદો ચિત્તને કાનને તે, મોટા મુક્તો આદરે ગાનને તે. ૫૫
સૌથી સારાં આપનાં છે ચરિત્ર, શ્રોતા વક્તાને કરે તે પવિત્ર;
સર્વસ્વામી આપને જાણી એવા, વંદુ છું હું દાસી દેવાધિદેવા. ૫૬

**રથોદ્ધતાવૃત્ત :**

પૃથ્વી બોલી પ્રભુ હે કૃપાનિધિ, આજ આપ અતિશે કૃપા કીધી;
ભાવ લાવી મુજ સામું ભાળશો, કિંકરીનું બહુ કષ્ટ ટાળશો. ૫૭
ધર્મભંગ કરીને અધર્મિયે, પાપપંથ પ્રગટ્યા કુકર્મિયે;
ખૂબ ભાર નહિ તે ખમી શકું, શેષશીશ સ્થિર શી રીતે ટકું ? ૫૮
ક્રોધી કામી ગુરુઓ ઘણા મળી, વામમાર્ગ પ્રસરાવિયો વળી;
મદ્યપાન કરી માંસ ખાય છે, તેથી પંડ મુજનો પિડાય છે. ૫૯
દૈત્યઅંશી થઇ શિષ્ય તે તણા, ભારરૂપ મુજને નડે ઘણા;
દેવ રક્ષણ કરો દયા કરી, ભાંગશોજી ભય ભારને હરી. ૬૦

દાસ ત્રાસ ઝટ નાશકારી છો, ધર્મપુત્ર દઢ ધર્મધારી છો;
દુષ્ટઅંશી ગુરુ શિષ્ય સર્વને, જીતશો તરત તોડી ગર્વને. ૬૧
જે અધર્મ મુજ શીશ થાય છે, જેથી પંડ મુજનો પીડાય છે;
મૂળમાંથી ખણી ખોદી નાંખશો, ધર્મ થાપી સુખ માંહી રાખશો. ૬૨
સ્વાશ્રિતોની સઘળી વિપત્તિયો, તોડી નાથ કરશો નિવૃત્તિયો;
સંતવૃંદ લઇ સાથ સંચરો, મેલ ટાળી મુજ નિર્મળી કરો. ૬૩
સંતવૃંદ મળી ચંદને કરી, ચર્ચિતાંઘ્રિ મુજ ઊપરે ધરી;
ચિહ્ન અંકિત કરો કૃપાનિધિ, માની લૈશ મુજને નિધિ દિધી. ૬૪
લૈ સમાજ ફરશોજી જાહરે, હું સનાથ શુભ થૈશ તાહરે;
શ્રેષ્ઠ સર્વ ગુણ મુજમાં થશે, તીર્થભૂમિ ગણિ સર્વ ઇચ્છશે. ૬૫
નાથ યોગ તવ પાવનો થશે, વિશ્વમધ્ય મુજ કીર્તિ વાધશે;
વાસવાદિ[૧] વસતા વિચારશે, ધન્ય ભાગ્ય મુજનાં જ ધારશે. ૬૬
નાથ મુજ મહિમા ઘણો થશે, સત્યલોકપતિ આદિ વંદશે;
વિશ્વદેવ મુજને વખાણશે, સર્વ લોકથકી શ્રેષ્ઠ જાણશે. ૬૭
દિવ્યધામપતિ આપ જે સમે, આવિયાજી કપિલાશ્રમે તમે;
આપ દાસીતણી પ્રાર્થના સુણી, હે કૃપાળુ કરુણા કરી ઘણી. ૬૮
પ્રાણનાથ અખિલેશ આપ છો, વાસુદેવ વળી વિશ્વવ્યાપ છો;
આપમૂર્તિ દઢ ચિત્તમાં ધરું, વારંવાર પદવંદના કરું. ૬૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સ્તુતિ અજ ભવ આદિકે કરી તે, નૃપ તુજ પાસ કથા સુઉચ્ચરી તે;
પછી યમ વરુણાદિકે ઉચારી, સુણ નૃપ એહ કથા કહીશ સારી. ૭૦

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે***



૧.ઈન્દ્ર



***અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિપટ્ટાભિષેકે બ્રહ્માદિકકૃતસ્તુતિનામા પંચવિંશતિતમો વિશ્રામઃ ॥૨૫॥***

**પૂર્વછાયો :**

સ્તુતિ કરી બ્રહ્માદિકે, તમને સુણાવી તેહ;
હે નરનાથ હવે કહું, યમ આદિક કૃત સ્તુતિ જેહ. ૧

**ઉપજાતિવૃત્ત :**

વળી વદે છે યમરાજ વાણી, અહો કૃપાળુ પ્રભુ પદ્મપાણી;
કલ્યાણકારી શુચિ જે તમારું, શ્રીસ્વામિનારાયણ નામ સારું. ૨
ભાવે કુભાવે હસવા પ્રમાણે, તે નામ લેશે સુણશે અજાણે;
હશે મહાપાપી તથાપિ તેહ, નહીં જ પામે મુજ ત્રાસ એહ. ૩
તે તો વળી મુક્તિપદે જનાર, એવો તમારો મહિમા અપાર;
ગિરા[૧] બિચારી નહિ પાર પામે, તો શું કહું હું હરિ એહ ઠામે. ૪
ધર્મપ્રવૃત્તિ કરશો જ જ્યારે, ઘણાક પાપી ઘટશે જ ત્યારે;
હે નાથ હું ને વળી દૂત મારા, નિરાંત પામી નવરા થનારા. ૫
ભક્તિ કર્યાને અવકાશ ધારી, વિશેષ ભક્તિ કરશું તમારી;
જેથી જશે આ કળિકાળ કેરું, સંકષ્ટ શુદ્ધત્વ થશે ઘણેરું. ૬

**પ્રમિતાક્ષરાવૃત્ત :**

પછી લોકપાળ વરુણાદિક જે, અલકાનિવાસી ધનદાદિક[૨] જે;
સ્તુતિ હાથ જોડી હરિની ઉચરે, પુલકીત[૩] દેહ દગ નીર ઝરે. ૭
અમને દયાળુ બળદત્ત તમે, તમથી સદૈવ ડરિયેજ અમે;
મરજી તમારી મનમાં ધરિયે, દિશ પાળવાની[૪] કરણી[૫] કરિયે. ૮
સકળેશ આપ વશ સર્વ અમે, લોકપાળ જનજૂથ નમે;



૧.સરસ્વતી ૨.કુબેર વગેરે યક્ષો ૩.હર્ષિત,આનંદીત ૪.રક્ષણ કરવાનું ૫.કાર્ય

સુખના નિધાન નિધિ કીર્તિ તણા, તમને પ્રણામ કરિયેજ ઘણા. ૯

**શિખરિણીવૃત્ત :**

વદે સર્વે દેવો નથી જ તમ જેવો અધિપતિ,
તમે સર્વાતીત પ્રબળ તમ કેરી ગતિ અતિ;
તમારી મોટાઇ અમથકી કળાઇ નહિ હરી,
બહુનામી સ્વામી નમું અચળધામી સ્તુતિ કરી. ૧૦
તમારી માયાયે હરણ કરિયું જ્ઞાન સકળે,
અમો દેવો એવા તવ પદ તણું જ્ઞાન ન મળે;
તથાપી હે નાથ સ્તુતિ સુણીસુણી અંતર ધરો,
સ્વદાસો જાણીને તન ધરિ તમે રક્ષણ કરો. ૧૧

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

તત્વો સર્વ મળી વળી સ્તુતિ કરે હે કૃષ્ણ! હે માધવા!
સૃષ્ટી પૂર્વ સમે અમે ન શકિયાં વૈરાટને સર્જવા;
ત્યારે અંતરયામીતાથી અમમાં પ્રેરી સ્વશક્તિ તમે,
એવા અક્ષરધામના અધિપતિને વંદિયે સૌ અમે. ૧૨

**વસંતતિલકાવૃત્ત :**

વૈરાજપુરુષ કહે પ્રભુ વિશ્વપાળ,
સંકષ્ટ સર્વ હરનાર હરે દયાળ;
સામર્થ્યદત્ત તવ વિશ્વ બધું ધરું છું,
હે શક્તિમાન પદવંદન હું કરુ છું. ૧૩
બોલ્યા પ્રધાનપુરુષ પ્રભુ પાય લાગી,
આજ્ઞા તમારી વશ હું ચરણાનુરાગી;





આપેલી શક્તિ પ્રભુ આપ તણી ધરું છું,
બ્રહ્માંડ એક ઉતપન્ન સુખે કરું છું. ૧૪
સર્વાવતારી સકળેશ સ્વતંત્ર સ્વામી,
આનંદકંદ વૃષનંદ અનંતનામી;
વંદે સદા સુર નરો મુનિયો સમસ્તે,
છો સંતસાથ મુનિનાથ નમો નમસ્તે. ૧૫

**મંદાક્રાંતાવૃત્ત :**

પ્રેમે બોલ્યા પ્રભુપદ નમી મૂળપુરુષ વાણી,
હે સર્વેશા સુખનિધિ મને આપનો દાસ જાણી;
પોતે શક્તિ લવમિત[1] મને જે દયા લાવી દીધી,
તેથી તો મેં અમિત[2] ભુવનો કેરી ઉત્પત્તિ કીધી. ૧૬
આજ્ઞા માની પ્રભુ તમ તણી કાર્ય મોટાં કરૂં છું,
જાણી મોટો અમિત મહિમા ધ્યાન નિત્યે ધરૂં છું;
હું તો સ્વામી ચરણરજની તુલ્ય છું સ્વલ્પમાત્ર,
પ્રેમે વંદુ પ્રણમી પ્રણમી હે કૃપાના સુપાત્ર. ૧૭

**વસંતતિલકાવૃત્ત :**

મુક્તો વિશેષ મળી અક્ષરધામ કેરા,
પ્રેમે કરે પ્રભુ તણી સ્તુતિયો ઘણેરા;
હે નાથ સદ્ગુણ દયાદિકના સમુદ્ર,
છો કાળના પ્રલયકારકરૂપ રુદ્ર. ૧૮
પામ્યા અમે કરી ઉપાસન આપ કેરું,
થૈને નિરાકરણ જાણપણું ઘણેરું;



૧.સીમીત, થોડી ૨.અપાર, અનંત

સેવા સજે ધરમ આદિ ગુણો અમારી,
જાણી શકાય નહિ તોય ગતિ તમારી. ૧૯
જાણે ન જેમ જળજંતુ સમુદ્રપાર,
લૈયે ન તેમ તવ અંત અમે લગાર;
સર્વાવતાર અવતારી તમે પ્રભુ છો,
અત્યંત શ્રેય કરવા જનમ્યા વિભૂ છો. ૨૦
જે જીવ આપ પદ આશ્રય થૈ રહે છે,
તે તો અમારી તુલની પદવી લહે છે;
દેખાય એવી દીનબંધુ દયા તમારી,
ઉચ્ચારવા સકળ શક્તિ નથી અમારી. ૨૧
વાક્યો કૃતાદિષુ પ્રજા ઈતિ આદિ એહ,
છે જે મુનીશ કરભાજનનાં જ જેહ;
તે વેણ સત્ય કરવા કળિમધ્ય ચાહી,
ધાર્યો સુદેહ પ્રભુ ભારત ભૂમિ માંહી. ૨૨
જે ધર્મ ઉત્તમ ઘણા દિનથી વિનાશ,
પામ્યો પ્રભુજી ફરીથી કરશો પ્રકાશ;
હે સર્વસદ્ગુણનિધિ અવતારી આપ,
સર્વે થકી અધિક આપ તણો પ્રતાપ. ૨૩
સંતો મળી સતત પ્રાર્થિત[1] હે મુરારી,
આણી કૃપા અધિક છો નરનાટ્ય ધારી;
સર્વાવતાર તમ સાથ ગતિ કરે છે,
શ્રીચક્રવર્તિ સહ જેમ નૃપો ફરે છે. ૨૪



૧.પ્રાર્થના કરેલ



તે ધન્ય ધન્ય ધરણી પદચિહ્નવાળી,
સ્વર્ગાદિ લોકથકી તે ભલી ભાગ્યશાળી;
જે સ્થાનમાં વળી થશે જ લીલા તમારી,
લેશે તહાંની રજ સૌ સુર શીશ ધારી. ૨૫
દેવો નરો તવ કૃપા વિણ તો કદાપી,
પામે ન દર્શન કરી તપ જાપ જાપી;
તેવા તમો નિરખશે નરનારી જેહ,
છે ધન્યધન્ય અતિધન્ય સમસ્ત તેહ. ૨૬
વૈરાગ્યવાન મુનિયો તવ ભક્તિમાન,
તે મુક્તિ ચાર ગણશે તરણા સમાન;
માયીક વસ્તુ સુખને કદી કેમ ઈચ્છે,
તે તો સમસ્ત સુખ આપ સમીપ પ્રીછે. ૨૭
પૃથ્વી વિષે સકળ જીવ તણા હિતાર્થે,
ધાર્યો સુદેહ પરમાત્મ પ્રભુ પરાર્થે;
છોજી પરાત્પર તમે નિજદાસ પાળ,
પામો સદૈવ જયકાર અહો કૃપાળ. ૨૮
સાધુ સમસ્ત મૂરતિ મનમાં ધરે છે,
કલ્યાણકારી ગુણકીર્તન તે કરે છે;
હે ભૂમિના પરમ મંગળકારી શામ,
પામો સદૈવ જયકાર સમસ્ત ઠામ. ૨૯
નિર્વાસનીક મુનિયો પદ નિત્ય સેવે,
સેવેલ તેમ શિવતુલ્ય તપસ્વી જેવે;

દેવો ગણે અધિક દુર્લભ દર્શ જેનું,
તેવા તમે બહુ થજોજી જયત્વ તેનું. ૩૦
જે જીવ આવી પ્રણમે પ્રભુ એકવાર,
તો પાપ સર્વ ભવ મૃત્યુ મટી જનાર;
છોજી તમે અતિદયાળુ સમર્થ એવા,
વંદુ સદૈવ તમને દીનબંધુ દેવા. ૩૧
જે આ સમગ્ર ઉપનીષદના સમૂહ,
બ્રહ્મા શિવાદિ કરી તત્વ તણા જ ઊહે[1];
એવા તથા અવર અક્ષરમુક્ત જેહ,
બોલે સદૈવ તવ સદ્‌ગુણકીર્તિ તેહ. ૩૨
પામે ન નાશ કદી એવી મહા અવિદ્યા,
છે પ્રાણિના મન વિષે જડતા અછિદ્યા[2];
તે તો છૂટે પ્રભુ તમારી ઉપાસનાથી,
તેવા તમે જય કરો નિજની પ્રભાથી. ૩૩
મૂર્તિ તમારી તણું ધ્યાન કરે જ જેહ,
તો પ્રાણીવૃંદ સુખી થાય સદૈવ તેહ;
લૌકીક સુખ વળી જે પરલોક કેરાં,
દેનાર દેવ જયકાર્ય કરો ઘણેરાં. ૩૪
સંતાપ નાશકર દર્શન છે તમારું,
જેથી વિશેષ મન શાંત થયું અમારું;
છે દિવ્ય આપ તણું ચારુ ચરિત્ર જેહ,
કલ્યાણકારી કરજો જયકાર તેહ. ૩૫



૧.તર્ક,અનુમાન ૨.છેદી ન શકાય તેવી



**ઉપજાતિવૃત્ત :**

વર્ણી કહે સાંભળ હે નરેશ ! એવી રીત્યે સૌ મળિને વિશેષ;
દેવો મુનીયો વળી મુક્તરાય, સ્તુતિ કરી શ્રીહરિની તહાંય. ૩૬
સિંહાસને શામ વિરાજમાન, તારા વિષે પૂર્ણ શશી સમાન;
જો શારદા[1] શેષ સદૈવ ગાય, તથાપિ તે વર્ણન તો ન થાય. ૩૭
શ્રીધર્મભક્તિ ધરી દિવ્યદેહ, સદા વસે કૃષ્ણસમીપ તેહ;
સ્તુતિ સુણીને નિજસર્ગ સોતાં, રાજી થયાં ઉત્સવ એહ જોતાં. ૩૮
અમૂલ્ય વસ્તુ લઇ સારી સારી, સૌયે પ્રભુ આગળ ભેટ ધારી;
નિહાળીને ભક્તિ તણા કુમાર, રાજી થયા સૌ હૃદયે અપાર. ૩૯
મુક્તાદિકે અંચળે[2] દિવ્ય દીધાં, કૃપાનિધાને કરુણાથી લીધાં;
અપૂર્વ એ ઉત્સવ જોઇ ભારી, રાજી થયા સૌ નરદેવ[3] નારી. ૪૦
નક્ષત્રમાળા અતિ સારી લાવી, મુક્તો મળી શ્રીહરિને ધરાવી;
મોતી તણી એક અમૂલ્ય માળ, ધરાવી તે મૂળ[4] નરે વિશાળ. ૪૧
પ્રધાનના નાથ પુરુષ જેહ, માળા દીધી લાલ મણીની તેહ;
તત્વાભિમાની સુર વૈજયંતી, માળા ધરાવી લઇ ગુણવંતી. ૪૨
વૈરાજપુરુષ કિરીટ એક, જેમાં હિરા મોતી જડ્યા અનેક;
મહાપ્રભુને શિર તે ચડાવ્યો, ભક્તો તણા તે મન માંહી ભાવ્યો. ૪૩
સોનાતણું સુંદર ઊપવીત, બ્રહ્માજીયે તો કરી પૂર્ણ પ્રીત;
તે ધર્મના નંદનને ધરાવ્યું, જાણે સ્વહસ્તે વિધિયે બનાવ્યું. ૪૪
દિધો રુડો કૌસ્તુભ તે રમેશે[5], માળા દીધી સ્ફાટિકની ઉમેશે[6];
સુવર્ણ સિંહાસન તો કુબેરે, કર્યું ભલું અર્પણ રૂડી પેરે. ૪૫
ગંગા તથા શેષસમાન સીત[7], સુવર્ણના દંડ રુડા સહીત;



૧.સરસ્વતી દેવી ૨.વસ્ત્રો ૩.રાજા ૪.મૂળ પુરુષ ૫.વિષ્ણુ ૬.શંકર ૭.સફેદ

સુછત્ર એવું વરુણે ધરાવ્યું, શું હોય ગોલોક વિષે ઘડાવ્યું. ૪૬
વાયુ સુરે ચામર સદ્વિશાળ, ધર્મે ધરાવી શુભ મોતિમાળ;
ઈંદ્રે ધરાવ્યાં અતિશે રુપાળાં, સુવર્ણનાં કુંડળ નંગવાળાં. ૪૭
ઐશ્વર્ય જે નાસ કદી ન થાયે, આપ્યું ઘણું શ્રીહરિને રમાયે[1];
આપ્યો શિવા[2] એક સુવર્ણ હાર, અમૂલ્ય તેજસ્વી દિસે અપાર. ૪૮
મણી તણી માળ અમૂલ્ય આગે, ધરી હરિ આગળ શેષનાગે;
ધર્યા ધરાયે[3] રસ મિષ્ટમિષ્ટ, પ્રત્યક્ષ જાણી પ્રભુ આપ ઈષ્ટ. ૪૯
દીધી મળીને સઊ દેવ દેવી, સુપદ્મમાળા ન સુકાય એવી;
સુવર્ણનો કુંભ સુધા ભરેલો, દિસે હરિને શશિયે ધરેલો. ૫૦
શિક્ષા કર્યાનો શુભ લોહદંડ, યમે સમર્પ્યો પ્રભુને અખંડ;
નંગે જડેલા રથ જે બનાવ્યા, તે વિશ્વકર્મા પ્રભુપાસ લાવ્યા. ૫૧
શ્રીસૂર્યદેવે જરિયાન વાળાં, વસ્ત્રો દીધાં મૂલ્ય ઘણે રુપાળાં;
તહાં ઋતુરાજ વસંત આવ્યો, નાનાવિધિના ફૂલહાર લાવ્યો. ૫૨
મુની મળી આશિરવાદ દે છે, થજો પ્રતાપી પ્રભુને કહે છે;
ઋષીશે[4] દિવ્યાભરણો ધરાવે, છબી નિહાળી મનમોદ લાવે. ૫૩
સમસ્ત મુક્તાદિક જે મળેલા, આનંદમાં મગ્ન અતી થયેલા;
તે સર્વ સામી ધરિ સૌમ્ય દષ્ટિ, કરી પ્રભુયે કરુણાની વૃષ્ટી. ૫૪
મુક્તાદિ ઊભા નિજહાથ જોડી, મૂર્તિ વિષે નિશ્ચળ ચિત્ત ચોડી;
કૃતાર્થ તે તો સરવે થયેલા, સુખાર્ણવે[5] મગ્ન થઇ રહેલા. ૫૫
આનંદ એ સર્વ કહ્યો ન જાય, જો શારદા શેષ મહેશ ગાય;
બ્રહ્માંડ આખે અતિ હર્ષ વ્યાપ્યો, અપૂર્વ આનંદ દયાળુ આપ્યો. ૫૬
જન્મોત્સવે હર્ષ જણાય જેવો, પટ્ટાભિષેકે પણ હોય એવો;



૧.લક્ષ્મી ૨.પાર્વતી ૩.પૃથ્વી ૪.શ્રેષ્ઠ, સમર્થ ૫.સુખ સમુદ્રમાં



પુરાતની એવી જણાય રીતી, નરેશની છે પણ એજ નીતી. ૫૭
આનંદ આનંદ દિસે અતીશે, ન કોઇને લેસ કલેશ દીસે;
દશે દિશા નિર્મળ ઉજળી છે, છયે ઋતુ ફૂલી તથા ફળી છે. ૫૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કૃત હરિવરને પટ્ટાભિષેક, સુરવર ભેટ ધરી ભલી અનેક;
નરપતિ તમને કહી કથાય, સુણી જન પાપી મટી પવિત્ર થાય. ૫૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિપટ્ટાભિષેકે બ્રહ્માદિદેવઉપાયન[1]નાર્પણનામા ષડ્‌વિંશતિતમો વિશ્રામઃ ॥૨૬॥*

**ઉપજાતિવૃત્ત :**

હે ભૂપતિ સાંભળ ભાવ આણી, શ્રીધર્મના પુત્ર ચરિત્ર વાણી;
પૂજ્યા સહુ સંત મળી મુરારી, આનંદથી આરતિ તો ઉતારી. ૧
સ્તુતિ કરી તે પછી પૂર્ણ પ્રીતે, તે હું સુણાવું સુણ રૂડી રીતે;
મુખેથી બોલ્યા મુનિ રામદાસ, તે હું કરું છું પ્રથમ પ્રકાશ. ૨

**રથોદ્ધતાવૃત્ત :**

રામદાસ મુનિ ભાઇ જેહ છે, શ્રીહરિની સ્તુતિ ગાય તેહ છે;
હે કૃપાળુ કળિજોર ટાળશો, પાપપંથ પળમાં પ્રજાળશો. ૩
પાપી દંભી ગુરુઓ થઇ ફરે, જે ઠગાઇ ઠગવા ઘણી કરે;
ક્રોધી કામી અતિલોભી હોય છે, તત્ત્વજ્ઞાન અભિમાની તોય છે. ૪
કુટ તર્ક કરી વાદ તે વદે, મોહ માન ભરિયું ઘણું રુદે;
એક બ્રહ્મતણી વાત ઉચ્ચરે, જીવ ઈશ જડ એકતા કરે. ૫
તે ગુરૂની જડવાણી સાંભળી, વેદમાર્ગ થકી જે ગયા ટળી;



૧.ભેટ

તે જનોની ઉપરે કૃપા કરી, નાથ આજ અગનાનતા હરી. ૬
લક્ષકોટિ જન એમ તારશો, શબ્દજાળ થકી તો ઉગારશો;
છો દયાળુ અતિ એ રીતે તમે, શીશ નામિ પદ વંદિયે અમે. ૭
તે પછીથી મુનિ મુક્ત ઉચ્ચરે, હે પ્રભુજી કરુણા કરો અરે!
ધર્મભ્રષ્ટ જન ભેખ ધારિયો, વેદમાર્ગ મળીને વિદારિયો. ૮
દંભ વેષ ધરી લોકને ઠગે, દ્રવ્ય નારી હરિ લે ઘણે દગે;
એહ દુષ્ટ થકી રક્ષણ પ્રભો, સર્વકાળ કરશો અહો વિભો. ૯
આપ વાણી સરિતા સુધા ભરી, જ્ઞાનનીર ભરી શુદ્ધ સંચરી;
કેવળાત્વતણું[1] જ્ઞાન ઊર્મિયો, તેનું પાન ન કરે કુકર્મિયો. ૧૦
સંશયાદિ તરુ તોડનારી છે, મંગળાદિ ગુણ તીર ભારી છે;
પદ્મરૂપ વિરતી[2] વસે જહાં, હંસ છે પરમ મુક્ત તે તહાં. ૧૧
સેવતાં ત્રિવિધિ તાપને હરે, સર્વ કાળ સુખ શાંતિ તે કરે;
એવી વાણી વદનાર છો તમે, નાથ પાવ નમિયે સદા અમે. ૧૨

**ઉપજાતિવૃત્ત :**

કહે શતાનંદ અહો મુનીશ, પ્રકાશ રાશીમય છો અધીશ;
બ્રહ્માદિ છે ઈશ્વર સર્વ જેહ, પૂજે તમોને વિધિપૂર્વ તેહ. ૧૩
જે ધામમાં અક્ષરતુલ્ય મુક્ત, તેઓ પૂજે પ્રેમ પુરા પ્રયુક્ત;
રાધાદિ સેવે વળી આદરીને, એવા તમોને નમિયે હરિને. ૧૪
કહે સુખાનંદ કૃપાનિધાન, દેનારી ભક્તિ તવ મુક્તિદાન;
તેને તજી જે જન શુષ્કજ્ઞાન, નિર્ભાગી ઈચ્છે મૂરખા સમાન. ૧૫
તે દૂઝણી ગાય સદા તજે છે, વરોળનું[3] સેવન તો સજે છે;
તેના થકી સુખ કદી ન થાય, સદૈવ તેનો શ્રમ વ્યર્થ જાય. ૧૬



૧.સંપૂર્ણ અને સર્વશ્રેષ્ઠ જ્ઞાન ૨.વિરામ, શાંતિ ૩.વાંઝણી, વિયાય નહિ તેવું



તમે જ સર્વે સુખના નિધિ છો, તમે જ સદ્ધર્મ તણા વિધિ છો;
હું તો તમારા પદમાં રમું છું, મહાપ્રભુ હું તમને નમું છું. ૧૭
મુકુંદવર્ણી વચનો કહે છે,જે પાર ત્રણ્યે ગુણથી રહે છે;
એવા મહામુક્ત સજે જ સેવા, તમે જ સર્વેશ્વર છોજી એવા. ૧૮
ઉત્પત્તિ બ્રહ્માંડ અનેક કેરી, સ્થિતિ પ્રલેના નિયમે ઘણેરી;
તે તો લીલામાત્ર તમે કરો છો, સર્વે તણા વંદ્ય તમે ઠરો છો. ૧૯
કથે સુકીર્તિ ઉપનિષદાદી, તમે જ સર્વેશ્વર સર્વઆદિ;
તમે પુરૂષોત્તમ સર્વવ્યાપ, સર્વે તણા છો અવતારી આપ. ૨૦
વેદો તમારો નહિ પાર પામે, થાકી રહી નેતિ કહી વિરામે;
તમે જુદા અક્ષરથી સદાય, એવા પ્રભુને પ્રણમુંજ પાય. ૨૧

**શિખરિણીવૃત્ત :**

સ્વરૂપાનંદાખ્ય પ્રભુપદ નમીને સ્તુતિ કરે,
ઠગારા જ્ઞાનીનો ધરી અધિક આડંબર અરે;
શ્રુતિકેરા અર્થો વિપરિત કરી ખ્યાપને[1] કર્યા,
અમે એવા ઝેરી મતથી તમ યોગે જ ઉગર્યા. ૨૨
તમારી જે વાણી અમૃતસમ જાણી મન ધરી,
અમે તેથી જીવ્યા નહિતર ન આશા હતી જરી;
અનંગ ક્રોધાદિ દહનથી દિલે દાહન થતા,
તમે શાંતિ કીધી તવ પદ નમીયે જગપિતા. ૨૩

**સ્રગ્ધરાવૃત્ત :**

માયાથી પાર છે જે રુચિરે[2] રુચિર શ્રીઅક્ષરાદિક ધામ,
ત્યાં જે જે મૂર્તિયો છે વિવિધ તમ તણી પાર્ષદો તેહ ઠામ;



૧.પ્રસ્થાપન, પ્રવર્તાવ્યા ૨.મનોહર,સુંદર,સુશોભિત

તે ઐશ્વર્યાદિ સુદ્ધાં અહિં નિજજનને આપ દેખાડનારા,
એવા સામર્થ્યવાળા સકળ સુખદ છો પાવ વંદૂ તમારા. ૨૪
આનંદાનંદસ્વામી વિનતિ વળી કરે શામ સર્વજ્ઞ આપ,
છે આધારે તમારે જડચિદ સરવે સર્વના આપ બાપ;
જીવોના શ્રેય માટે નરતન ધરિયું મુક્ત લૈ સર્વ સાથ,
એવા ઐશ્વર્યવાળા પ્રભુ તવ પદને વંદિયે જોડી હાથ. ૨૫

**ઉપજાતિવૃત્ત :**

સંતો તણાં મંડળ સૌ મળીને, મહાપ્રભુના પદમાં ઢળીને;
ઉચ્ચારી હેતે સ્તુતિ હાથ જોડી, સંસારથી સ્નેહ સમસ્ત છોડી. ૨૬
પુષ્પો તણા હાર લઈ ધરાવે, ગુંજાની માળા હરિ કોઇ લાવે;
કોઇક વૃન્દાદળ[1] કેરી માળા, કોઇ મુની ગુચ્છ ધરે રુપાળા. ૨૭
કોઇ ધરાવે ફળની બનાવી, કોઇ કરે માળ કપુર લાવી;
કોઇ રચે હાર રતાંજળીના, કોઇ કરે છે ફુલની કળીના. ૨૮
કોઇ પછેડી ફુલની બનાવે, તોરા બનાવી વળી કોઇ લાવે;
કોઇ ધરાવે ગજરા બનાવી, પુષ્પો તણાં કુંડળ કોઇ લાવી. ૨૯

**પ્રમાણિકાવૃત્ત :**

હવે હરી જનો મળી, સ્તુતિ ઘણી કરે વળી;
સુણો નૃપાળ તે કહું, સનેહથી વદે સહું. ૩૦
નમો નમો દયાનિધી, તમે કૃપા ઘણી કિધી;
અનંત જીવ તારવા, અધર્મને વિદારવા. ૩૧
નૃદેહ ધારિયો તમે, પદાબ્જે[2] વંદિયે અમે;
બ્રહ્માંડ કોટિના ધણી, અનંત શક્તિ જે તણી. ૩૨



૧.તુલસીના પાન ૨.ચરણકમળ



તમામ વશ્ય તે રહે, સદૈવ દાસ છું કહે;
સુબ્રહ્મધામમાં વળી, અનંત મુક્ત મંડળી. ૩૩
અનાદિ દિવ્ય દેહ છે, સહુથી શ્રેષ્ઠ તેહ છે;
મનોહર સ્વરૂપ છે, અનેક ભૂપ ભૂપ છે. ૩૪
તમારી ભક્તિ તે કરે, દિલે તમો થકી ડરે;
ન પાર આપનો લહે, અપાર છો સદા કહે. ૩૫
નમો પતિતતારણં, સમસ્ત જન્મકારણં;
વિપત્તિના વિદારણં, અનંત શક્તિધારણં. ૩૬
સદૈવ દિવ્ય દેહ છો, અજન્મવાન એહ છો;
દયાદિ સદ્ગુણાબ્ધિ[1] છો, સદા મહાસુખાબ્ધિ છો. ૩૭
મનુષ્યના સમાજમાં, ચરિત્ર દિવ્ય આજમાં,
તમે કર્યાં જ જે રીતે, બીજે ભવે ન તે રીતે. ૩૮
અધિક સર્વથી તમે, ઉચારિયે સહુ અમે;
તમો થકી વિશેષતા, બીજે નથી જ લેશતા. ૩૯
અનંત વિશ્વવાસ છો, તમે જ સ્વપ્રકાશ છો;
શરણ્ય સર્વના તમે, ગણી ઉપાસિયે અમે. ૪૦
કલ્યાણ ઠામ એક છો, ધરી કળા અનેક છો;
વિનાશકારી પાપનું, અતુલ્ય નામ આપનું. ૪૧
અનંત છે પરાક્રમો, ગણી ન જાણિયે અમો;
અનંતવીર્ય શક્તિ છે, કરે ભવાદિ ભક્તિ છે. ૪૨
સ્વભક્તના મનોરથો, પુરા કરો કૃતારથો;
સમર્થ એમ છો તમે, વિભૂજી વંદિયે અમે. ૪૩



૧.ગુણના સાગર

શ્રુતિ તણા અભ્યાસકો, અદ્વૈતના ઉપાસકો;
અદ્વૈત આપને ભણે, ન તુલ્ય અન્યને ગણે. ૪૪
તમારી જે અજા થકી, વિમોહ પામિયા નકી;
અતર્ક્ય એ થકી તમે, પ્રભુજી વંદિયે અમે. ૪૫
સમસ્ત જીવ અંતરે, રહ્યા તમે સ્વતંતરે;
નિયંતૃ[1] નિર્વિકારી છો, અખંડ જ્ઞાનધારી છો. ૪૬
શરણ્ય સર્વના હરિ, અધર્મ સર્ગના અરિ;
કરે સૂરાદિ વંદનમ્, નમામિ ભક્તિનંદનમ્. ૪૭
કદાપિ કાળ કે અજા, કરી શકે નહી કજા;
સ્વરૂપ એવું આપનું, તજાવનાર તાપનું. ૪૮
અનંત જીવ તારવા, સુધર્મને વધારવા;
નૃદેહ ધારિયો તમે, પ્રણામ કીજીયે અમે. ૪૯

**વસંતતિલકાવૃત્ત :**

હે નાથ જાણી ન શકું તવ રૂપ કેવું,
છે કેટલા ગુણ નકી ન કળાય એવું;
ઐશ્વર્ય નામ તવ ભૂતિ[2] ચરિત્ર જેહ,
મોટા મુનીશ્વર સુસિદ્ધ અજાણ એહ. ૫૦
તે જાણવા પ્રભુ અમે જ સમર્થ ક્યાંથી,
આશ્ચર્ય પામી રહિયે નિજ ચિત્તમાંથી;
એવા સમર્થ હરિ અદ્‌ભુતતાનિધાન,
બે હાથ જોડી નમિયે બહુ શક્તિમાન. ૫૧
બ્રહ્મા વિષે જ તવ શક્તિ કરી પ્રવેશ,



૧.નિયંતા, નિયમન કરનાર ૨.અમાનુષિક શક્તિવાળા



બ્રહ્માંડકેરી ઉતપત્તિ કરે હંમેશ;
વિષ્ણુ વિષે વસિજ તેની સ્થિતિ કરે છે,
શંભુ વિષે વસિ વળી જગ સંહરે છે. ૫૨
સ્નેહે કરી અમિત પાર્ષદ પાવ સેવે,
છો સર્વ વ્યાપક રહી નિજધામ એવે;
આવ્યા તમે જ નરદેહ ભલો ધરીને,
પ્રેમે પ્રણામ કરિયે સ્તુતિ ઉચ્ચરીને. ૫૩
ઐશ્વર્ય શૌર્ય[1] વિદવાનપણું સુશીલ,
સૌભાગ્ય ચાતુરપણું સુગુણો અખીલ;
તેના સમુદ્ર વળી આભરણો[2] અનંત,
લીલા વિચિત્ર કરનાર માહાત્મ્યવંત. ૫૪
હે દેવદેવ હરિકૃષ્ણ મહાકૃપાળ,
માયાધિનાથ વૃષનંદન કાળકાળ;
રાજાધિરાજ મુનિરાજ વિરાજમાન,
સ્નેહે સદા પ્રણમિયે સુખના નિધાન. ૫૫
હે પ્રાણના પતિ પુરાણપુરુષ એક,
સેવા સજે સતત મુક્ત મળી અનેક;
સર્વજ્ઞ સર્વભવ કારણરૂપ આપ,
દિવ્યાકૃતિ પ્રભુ તમે જ ધરો અમાપ. ૫૬
પીડા સમગ્ર શરણાગતની હરો છો,
સાક્ષી સ્વરૂપ થઇ અંતરમાં ઠરો છો;
મુક્તો વિષે મળી સદૈવ કરો વિહાર,



૧.શૂરવીરતા ૨.શોભા

છોજી ઉદાર નમિયે પદ વારવાર. ૫૭
કીધા તમે સ્વજન સ્વાંતર શત્રુ નાશ,
સંસારરૂપ કૃત નાશ દુરંત[૧] પાશ;
[૨]નીરે સહીત ઘનશામ સદા સ્વરૂપ,
પામો સદા વિજય હે હરિ ભૂપભૂપ. ૫૮
ગર્વિષ્ઠ કાળ મદ સર્વ તમે હરો છો,
પૂર્ણ પ્રકાશ વળી મોક્ષ પથે રહો છો;
પાષંડમાર્ગ હણનાર પુરો પ્રતાપ,
જોગી જનેશ જપિયે તવ નામ જાપ. ૫૯
બે હાથમાં પ્રભુ વરાભય ધારનારા,
ભક્તોની છાતિ પર અર્પિત પાવ સારા;
સ્નેહે સહિત મુખથી કરી મંદહાસ,
પીડા કરી સ્વજનના મનની વિનાશ. ૬૦
હે ભક્તિપુત્ર ભગવાન ભવાબ્ધિનાવ[૩],
છો ભક્તવત્સલ દયાળુ પવિત્ર પાવ;
શાથી વખાણ કરિયે નથી શબ્દ ઝાઝા,
ધારી ગુણો પ્રણમિયે વૃષવંશરાજા. ૬૧

**પૂર્વછાયો :**

એવી રીતે સ્તુતિ ઉચ્ચર્યા, હરિભક્ત ભલો ધરી પ્યાર;
ભેટ ધરી ભગવાનને, પછી જેનો જેવો વ્યવહાર. ૬૨

**ચોપાઈ :**

જેતપરના જે ઉન્નડરાય, મૂળુવાળા તથા કહેવાય;



૧.મુશ્કેલીથી પાર પડે એવા ૨.ઓજસ,તેજ ૩.સંસાર સાગરની નાવ સમાન



ઇત્યાદિક મળીને મોટા જન, આપ્યાં ઉત્તમ જાતિ વસન. ૬૩
મહામૂલ્યની મોતિની માળ, ધરી શ્રીહરિને તતકાળ;
પછી બેઠા તે સજ્જન સભામાં, મન ધારી પ્રભુની પ્રભામાં. ૬૪
પછી ગોંડળના નરપાળ, નામ દેવોજી બુદ્ધિ વિશાળ;
તેની તરફથી આવેલા ત્યાંઇ, જેનું નામ ભલું હઠીભાઇ. ૬૫
એણે અશ્વ સમર્પિયો એક, સજી ભૂષણ અંગે અનેક;
માણાવદરના નૃપ ગુણવાન,જેનું નામ ગજનફરખાન. ૬૬
તેણે અંતરમાં હેત લાવી, પૂજા મંત્રીની પાસે કરાવી;
દીધું ઉત્તમ પૃથ્વીનું દાન, બીજું દાન ન એહ સમાન. ૬૭
માંગરોળ છે જેને આધીન, એવા નરપતિ વજરૂદીન;
તેણે રથ એક આપ્યો રુપાળો, જરિયાનના પડદાવાળો. ૬૮
રુડા સોનાના કળશ બિરાજે, શણગારેલા બળદો છાજે;
માણાવદરમાં જેનું ઠામ, ભલા બ્રાહ્મણ ભટ મયારામ. ૬૯
તેના ગોવિંદરામજી ભાઇ, બેની ભક્તપણામાં ભલાઇ;
કરે નિત્ય તે વૈદિક કર્મ, ધરે સરસ એકાંતિક ધર્મ. ૭૦
વેદમંત્ર ઉચ્ચાર કરીને, તેણે પૂજીયા પ્રેમે હરિને;
ચારે વેદનાં લલિત લખેલાં, લાવી પુસ્તક આગળ મેલ્યાં. ૭૧
વેદધર્મનો કરવા ઉદ્ધાર, જાણે સૂચના તે કીધી સાર;
રુદે રાજી થયા મહારાજ, કરવું છે પોતાને તે કાજ. ૭૨
પીપળાણાના નરસિંહ મહેતા, નારાયણજી આખાગામ રહેતા;
તેણે આપ્યાં પીતાંબર સારાં, પાત્ર પૂજાનાં મન હરનારાં. ૭૩
પંચપાત્ર આચમની ત્રભાણું, દીવી આરતિ ધૂપિયું જાણું;

અગત્રાઈના પરવતભાઈ, ભીમભાઈ હૈયે હરખાઈ. ૭૪
પ્રેમે પૂજા પ્રભુજીની કીધી, વસ્ત્ર બળદ તથા ગાયો દીધી;
ભુજના હીરજી સૂત્રધાર[1], બીજા સુંદરજી રથકાર. ૭૫
નારાયણજી તથા દેવરામ, અજરામર પાંચમું નામ;
તેઓયે ઉર ધારી ઉમંગ, આપી ખુરશિયો ને પલંગ. ૭૬
આપી પેટીયો આપ્યા પટારા, જેના ઘાટ ઘણા દિસે સારા;
ગંગારામ પ્રમુખ મળી મલ્લ, કરી મલ્લક્રિયા ત્યાં પ્રબળ. ૭૭
એને આપ્યા પ્રસાદિના હાર, આપી પાઘ અને શેલાં સાર;
કારિયાણીના ખાચર માંચો, જેને અંતરે સંતસંગ સાચો. ૭૮
કિનખાબની આપી તળાઈ, આપ્યાં ઓશીકાં રૂડી રજાઈ;
તોંગોજી સરધારના રાય, વેરોજી ત્યાંના વાસી ગણાય. ૭૯
તેણે આપ્યું સારું એક ઘર, કરવાને હરિનું મંદિર;
અમદાવાદના નથુભટ, દામોદર સાથે આવિયા ઝટ. ૮૦
હીરાભાઈ ગોરા લાલદાસ, ચોકશી આવ્યા શ્રીપ્રભુ પાસ;
ઘણી કિંમતનો કીનખાબ[2], તેના વસ્ત્ર તણી ભરી છાબ. ૮૧
સુરવાળ ને ડગલી સારી, ધર્મનંદનને ભેટ ધારી;
રાયધણજી ધમણકાના ધણી, આપી ભેટ એણે અશ્વ તણી. ૮૨
મૂળજી દ્વિજ જે ભાદરાના, તેના સુંદરજી ભાઈ નાના;
બન્ને લાગ્યા પ્રભુજીને પાય, ભલી ભેટ કરી એક ગાય. ૮૩
રામાનંદ લાગ્યા ત્યાં કહેવા, છે આ વિપ્ર મોટા મુક્ત જેવા;
સુણી હશિયા હરિ સાક્ષાત, ઉર આણી ભવિષ્યની વાત. ૮૪
એક થાશે ગુણાતીતાનંદ, શિવાનંદ બીજા જગવંદ;



૧.સુથાર ૨.રેશમી કપડા ઉપર કસબ અને તારા-ટીપકી વગેરેનું કરેલ ભરતકામ



કથા સાંભળીને એવી સારી, અભેસિંહે ત્યાં વાણી ઉચ્ચારી. ૮૫
ગુણાતીતાનંદ ગુરુ મારા, ઉપદેશ મને આપનારા;
એની સાંભળીને આવી વાત, મને ઉપજ્યો આનંદ અઘાત. ૮૬
અચિંત્યાનંદજી બ્રહ્મચારી, અતિ મિષ્ટ છે વાણી તમારી;
આવા બોલો છો બોલ અમુલ્ય, મને લાગે છે અમૃતતુલ્ય. ૮૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

મયુર અધિક વાણી આપ કેરી, મુજ મન ચાહ ધરી સુણું ઘણેરી;
સુણી સુણી લવ તૃપ્તિ તો ન થાય, સુર નહિ જેમ સુધા પીતાં ધરાય. ૮૮

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે શ્રીહરિપટ્ટાભિષેકે હરિજનકૃતઉપાયનાર્પણનામા સપ્તવિંશતિતમો વિશ્રામઃ ॥૨૭॥***

**ચોપાઈ :**

સુણો ભૂપ કહે બ્રહ્મચારી, સાંભળાવું વળી કથા સારી;
ગામ પંચાળાના ઝીણાભાઈ, જેની સત્સંગમાં સરસાઈ. ૧
તેણે પૂજા પ્રભુજીની કરી, અતિ અંતરે આનંદ ધરી;
સારી બંધાવી સોનેરી પાગ, જેની કિંમત કહિયે અથાગ. ૨
શિરપેચ[1] સોનાનો ઘડેલ, હીરા માણેક મોતી જડેલ;
પાગ ઊપર પ્રીતે બંધાવ્યો, તોરો મોતીનો ત્યાં લટકાવ્યો. ૩
શેખપાટના ભક્ત સુતાર, નામે લાલજી સમજે સાર;
તેણે પ્રગટ પ્રભુ પાસે આવી, ભેટ ભારે મજૂસ[2] ધરાવી. ૪
આપ્યો ઉત્તમ એક ડામચિયો, દિસે બહુ ચતુરાઈથી રચિયો;
કર્યા ભક્તનાં ગુરુયે વખાણ, સુણી સમજીયા શામ સુજાણ. ૫



૧.કિંમતી છોગુ, ફેંટા પરની કલંગી ૨.મોટી પેટી, પટારો

જાણ્યું જે આ તો સાધુ જ થાશે, નામ નિષ્કુલાનંદ ધરાશે;
ગામ મેથાણના રહેનારા, ભક્ત કાકુજી પુંજોજી સારા. ૬
તેણે રૂપાનો થાળ ભરીને, કર્યા ભેટ રૂપૈયા હરિને;
તે પછી મછિયાવના રાય, બાપુભાઇ જે નામ ગણાય. ૭
તેણે હેમજડિત હિંડોળો,સારો ઉંચો ને લાંબો પહોળો;
જોતાં વિશ્વના લોક વખાણે, તેવો ભેટ કર્યો તેહ ટાણે. ૮
ગામ બંધિયાના મુળુભાઇ, તથા સુરોજી આવિયા ધાઇ;
તેણે લાયક વસ્તુઓ લાવી, ધર્મપુત્રને ભેટ ધરાવી. ૯
હીરોભાઇ તે જાળિયા કેરા, આપ્યા અન્નના ગંજ ઘણેરા;
ઘાંચી માણાવદરના જેહ, આલશી ને અલારખ તેહ. ૧૦
એણે અત્તર અર્ક ફુલેલ, ભરી શીશીયો ભેટ ધરેલ;
પછી પઠાણ શેખજી નામે,રહે તે સદા ગોંડળ ગામે. ૧૧
તેણે પોતા તણાં ઘરબાર, કર્યા અર્પણ સર્વ પ્રકાર;
નવ રાખ્યું કશું લવલેશ, હરિપાસે રહ્યા તે હમેશ. ૧૨
ધન્ય ધન્ય એનો અવતાર, ધન્ય માતા ઉદર ધરનાર;
ગામ કુંડળના પટગર, કાઠી ત્રણે સગા સહોદર. ૧૩
નામ હાથીયો મામૈયો રામ, ધરી ભેટ કરીને પ્રણામ;
રામપરના રાણો વણઝાર, તેણે ભેટ કર્યું ઘણું જર. ૧૪
કાઠી ધારૈનો રામ માંઝરીયો, અશ્વ તેણે તો અર્પણ કરિયો;
મોદી ભક્ત જે દ્વારિકાદાસ, ઝિંઝુડા માંહિ તેનો નિવાસ. ૧૫
નામે લાકડીયું એક ગામ, ત્યાંના ઠક્કર પ્રેમજી નામ;
એ બેયે શેલાં પાઘ લાવી, ભગવાનને ભેટ ધરાવી. ૧૬





અજો સોની મોડા ગામ વાળા, આપ્યા એણે તો વેઢ રુપાળા;
વ્યાસ ઇન્દ્રજી મેવાસા વાળા, તેણે પે'રાવી પુષ્પની માળા. ૧૭

**પૂર્વછાયો :**

સુંદર સોરઠ દેશમાં, ગુણવંત છે મોડાગામ;
ત્યાં રજપુત ગરાશિયા, વસે મોટાભાઇ શુભ નામ. ૧૮
તેણે પ્રભુને તે સમે, કર્યા અર્પણ તન મન ધન;
વૈરાગ્યવંત અત્યંત તે, જેને જાણે સકળ મુનિજન. ૧૯
થોડાંક વર્ષ વિતે થયાં, સાધુ સચ્ચિદાનંદજી નામ;
પર્ચા તેના પ્રખ્યાત છે, પૃથિવી ઊપર ઠામોઠામ. ૨૦
વર્ણી કહે નૃપ સાંભળો, શુભ જાણી કથાનો પ્રસંગ;
પર્ચો સચ્ચિદાનંદનો, એક કહું ધરીને ઉમંગ. ૨૧

**ચોપાઈ :**

એક અવસરે સંત સમાજ, ચાલ્યો જનને પ્રબોધવા કાજ;
દુષ્ટ વેરાગી મારવા આવ્યા, પણ કોઇયે જૈ ન મુકાવ્યા. ૨૨
એવો નિરખી મહા અન્યાય, કોપ્યો સૃષ્ટિ ઉપર સુરરાય[૧];
ત્યારે મેઘને આગન્યા કરી, ઓણ જળ નવ વરસશો જરી. ૨૩
ગયો અષાડ શ્રાવણ આવ્યો, તોય વરસાદ નવ વરસાવ્યો;
નડ્યું પાપીનું સર્વને પાપ, થયો પ્રાણિયોને પરિતાપ. ૨૪
સુકા સાથે લીલું બળી જાય, પાપી સાથે અપાપી પીડાય;
એનો કરવાને કાંઇ ઉપાય, મળ્યા ભક્તો દુરગપુર માંય. ૨૫
સોમલો અને ખાચર સુરો, દાદોખાચર પ્રેમમાં પૂરો;
વળી અલૈયો ખાચર આવ્યા, સાથે માતરો ધાધલ લાવ્યા. ૨૬



૧.ઇન્દ્ર

લાધો ઠક્કર ઠક્કર હરજી, પુંજા ઠક્કર કરવાને અરજી;
આવ્યા અક્ષર ઓરડી માંય, મહારાજ બિરાજતા ત્યાંય. ૨૭
પ્રેમે પ્રભુપદ કરીને પ્રણામ, પછી સૌ મળી ઉચ્ચર્યા આમ;
નથી વૃષ્ટિ થતી મહારાજ, એથી પ્રાણી પીડાય છે આજ. ૨૮
ઘાસ વગર મરે છે ઢોર, ચોરી કરવાને મંડિયા ચોર;
કોઈ પાપીનાં પ્રગટિયાં પાપ, સારા જન પણ પામે સંતાપ. ૨૯
ચાલે મંદિર ચણવાનું કામ, એમાંપણ ઘણી અડચણ આમ;
પાણા દૂરથી લાવવા કાજ, ગાડાં બળદ મળે ક્યાંથી આજ. ૩૦
કોસ જોડવા કણબિયો લાગ્યા, કોણ આપે બળદ ભાડે માગ્યા;
વિશ્વમાં વૃષ્ટિ જો નહીં થાય, પ્રાણી પામશે સર્વ પીડાય. ૩૧
સુણી બોલિયા શ્રીમહારાજ, ઈન્દ્રને ક્રોધ ચડિયો છે આજ;
માટે વૃષ્ટિ નહીં કરે ભાઈ, ખોટી આશા ન રાખશો કાંઈ. ૩૨
સુણી બોલ્યા જનો થઈ દીન, ઈન્દ્ર છે આપનેજ આધીન;
બ્રહ્મા, વિષ્ણુ ને શેષ મહેશ, ગૌરી ગંગા ને દેવ ગણેશ. ૩૩
આજ્ઞા આપની કોઈ ન તોડે, આપ આગળ સૌ કર જોડે;
આપ આજ્ઞાથી વાયુ વહે છે, મરજાદામાં સિંધુ રહે છે. ૩૪
માટે દિલમાં દયા કાંઈ લાવો, થવા વૃષ્ટિ હુકમ ફરમાવો;
સુણી બોલિયા સુંદર શામ, સોંપ્યા છે મેં જુદાં જુદાં કામ. ૩૫
સુરોની મતિ છે ઘણી સારી, કરતા હશે કામ વિચારી;
જે જે કરતા હશે તે ઠીક, નથી કહેવાનું કાંઈ અધીક. ૩૬
ફરી બોલશો નહિ હવે બોલ, બોલશો તો ગુમાવશો તોલ;
પછી ભક્તોયે નવ કરી અરજી, જાણ્યું જે પ્રભુની નથી મરજી. ૩૭





ઉઠ્યા સૌ ત્યાંથી થૈને નિરાશ, ગયા ગોપાળાનંદજી પાસ;
વરસાદ વિના દુઃખ જેહ, સંભળાવ્યાં બહુ બહુ તેહ. ૩૮
વળી બોલ્યા નમી સહુ પાય, વરસાદ કરો મુનિરાય;
ચક્રવર્તિનો હોય પ્રધાન, તેની આજ્ઞા કરે સહુ માન્ય. ૩૯
તમે છો પ્રભુના કારભારી, ઈન્દ્ર માનશે આજ્ઞા તમારી;
મુની બોલ્યા મુખે કરી હાસ, કરો વિનતિ મહાપ્રભુ પાસ. ૪૦
કહે ભક્તો અમે કરી અરજી, પણ નવ દીઠી શ્રીજીની મરજી;
સુણી વચન બોલ્યા મુનિ આવું, આજ્ઞા વગર જો વૃષ્ટિ કરાવું. ૪૧
મારા ઉપર મહાપ્રભુ ખીજે, માટે કામ એવું કેમ કીજે ?
ઉઠ્યા ભક્ત થઈને નિરાશ, ગયા સચ્ચિદાનંદની પાસ. ૪૨
જેના દિલમાં ઘણી છે દયાય, પરદુઃખ દેખી ન ખમાય;
તેના ચરણમાં મસ્તક ધારી, નિજકષ્ટની વાત ઉચ્ચારી. ૪૩
સચ્ચિદાનંદ બોલ્યા વચન, તમે સાંભળો સૌ હરિજન;
જૈને ઈન્દ્રને હું ધમકાવું, આખા વિશ્વમાં વૃષ્ટિ કરાવું. ૪૪
પણ શ્રીજી જો રીસ ચડાવે, કોણ જૈ સમાધાન કરાવે ?
કહે હરિજન આપ સિધાવો, કહી ઈન્દ્રને વૃષ્ટિ કરાવો. ૪૫
ક્રોધ કરશે કદી ભગવાન, અમે જૈને કરશું સમાધાન;
કરી સચ્ચિદાનંદ સમાધિ, ગયા સ્વર્ગમાં છાંડી ઉપાધિ. ૪૬
જઈ સુરપતિને મારી લાત, પછી વરસાતની કહી વાત;
કેમ વરસાવતો નથી વારી ? હરિભક્ત પીડાય છે ભારી. ૪૭
કહે ઈન્દ્ર ક્ષમા કરો દેવ, વરસાવું વારી તતખેવ;
પછી મેઘને આજ્ઞા તે દીધી, મેઘે જૈ વિશ્વમાં વૃષ્ટિ કીધી. ૪૮

ગઢપુરની ઊપર મેઘ ચડિયો, ઘણા જોર થકી ગડગડિયો;
થાય વીજળીના ચમકારા, વરસે મેઘ મુશળધારા[1]. ૪૯
ત્યારે અક્ષર ઓરડી માંય, પ્રભુ પોઢી રહ્યા હતા ત્યાંય;
જાગ્યા ઝબકી તે દાસને પૂછે, જુઓ ફળિયામાં તોફાન શું છે ? ૫૦
બ્રહ્મચારી મુકુંદ કહે છે, વરસાદ એ તો વરસે છે;
ચઢ્યો શ્રીજીને ક્રોધ અપાર, ઉઠી બોલ્યા કરીને હોંકાર. ૫૧
વરસાદ આ વરસાવ્યો કેણે ? અતિ ઉદ્ધતતા કરી એણે;
મારી તોડી એણે મરજાદ, રજા વગર કર્યો વરસાદ. ૫૨
હતા તે સમે ઈન્દ્ર આવાસ[2], સચ્ચિદાનંદ ઈન્દ્રની પાસ;
શબ્દ સાંભળ્યો શ્રીજીનો જ્યારે, આવી જાગ્યા સમાધિથી ત્યારે. ૫૩
મોટીબાના વંડા માંહી જઈ, બેઠા છાનામાના ચૂપ થઈ;
પછી વરસાદ પણ બંધ થયા, શ્રીજી સંત સભા માંહી ગયા. ૫૪
ઓરડા છે ઉગમણે બાર, સભા સજી બિરાજ્યા તે ઠાર;
ગોપાલાનંદ આદિક સંત, બેઠા હરિજન આવી અનંત. ૫૫
પછી મહાપ્રભુયે તેડાવ્યા, સચ્ચિદાનંદ તે થકી આવ્યા;
તેને બહુ બહુ ખીજિયા હરિ, કેમ વૃષ્ટિ રજા વિના કરી ? ૫૬
દાદાખાચર આદિક જેહ, હાથ જોડીને બોલિયા તેહ;
ક્ષમા કરોજી પ્રાણ આધાર, નથી સાધુનો વાંક લગાર. ૫૭
અમે કહી નિજ કષ્ટ કહાણી, એથી ઉરમાં દયા એણે આણી;
પછી સુરપતિ પાસ સિધાવી, આખા વિશ્વમાં વૃષ્ટિ કરાવી. ૫૮
એ છે સર્વે અમારો જ વાંક, એનો વાંક નથી એક ટાંક;
ખીજો તો પ્રભુ અમને જ ખીજો, સચ્ચિદાનંદ ઉપર રીઝો. ૫૯



૧.સાંબેલાની ધારે,ધોધમાર ૨.ઈન્દ્રના સ્થાને, સ્વર્ગમાં



અમે બાળક છૈયે તમારા, કરો અવગુણ માફ અમારા;
સુણી શાંત થયા મહારાજ, વળી બોલ્યા શિખામણ કાજ. ૬૦
મારી આજ્ઞા વિના આવું કામ, કોઈ કરશો નહીં કોઈ ઠામ;
સુણી બોલિયો સંતસમાજ, નહિ કરિયે કદી મહારાજ. ૬૧
બ્રહ્મચારી કહે સુણ ભૂપ, એવી અદભુત વાતો અનૂપ;
સચ્ચિદાનંદની છે અનેક, એમાંથી સંભળાવી મેં એક. ૬૨
સુણી ભૂપ કહે શિર નામી, અહો નિર્મળમન નિષકામી;
સુધા સરખી કથા સંભળાવી, સુણતાં મુજને ભલી ભાવી. ૬૩

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિ હરિજન કેરી જે કથાય, કહી સુણી કોણ કદાપિ તૃપ્ત થાય;
અહિપતિ[1] ઉચરે અનંત કાળ, મુનિવર મુક્ત સુણે ધરી વહાલ. ૬૪

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે સચ્ચિદાનંદમુનિકૃત-વૃષ્ટિકથનનામા અષ્ટાવિંશતિતમો વિશ્રામઃ ॥૨૮॥***

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
સોરઠમાં મોડા ગામના, ભક્ત પુંજાજીની કહું વાત. ૧

**ચોપાઈ :**

રહે રુડા મોડા ગામમાંઇ, દાજીભાઈ અને પુંજાભાઈ;
રજપૂત ગરાશિયા નાતે, ભજે ભગવાનને ભલી ભાતે. ૨
તેણે ખેતરને ઘરબાર, ભેટ કીધાં હરિને તે વાર;
કેટલાંક વત્સર વીતી ગયાં, એક તો અક્ષરાનંદ થયા. ૩



૧.શેષનાગ

કર્યા વરતાલના તે મહાંત, સારી બુદ્ધિ સ્વભાવમાં શાંત;
ધન્ય ધન્ય તેનાં માત તાત, રહી વિશ્વમાં વિખ્યાત વાત. ૪
પુંજોજી પણ ગઢપુર જઇ, રહ્યા સેવામાં પાર્ષદ થઇ;
મોટીબા તણો વંડો છે જેહ, કહેવાતો પુંજાજીનો તેહ. ૫
પુંજાજીયે રુડી જગ્યા જોઇ, આપી ત્યાં સંત હરિને રસોઇ;
જલેબી સાટા લાડુ કરાવ્યા, થાળ મેશુબ કેરા ભરાવ્યા. ૬
શાક પાક ભલાં દાળ ભાત, રાઇતાંની જુદી જુદી જાત;
તિથિ નરસિંહ ચૌદશ હતી, સૌને અંતરે આનંદ અતી. ૭

**ઉપજાતિવૃત્ત :**

પછી થયો કાળ પ્રદોષે[1] જ્યારે, નૃસિંહજન્મોત્સવ થાય ત્યારે;
પુંજાજિયે કેસર ચંદનેથી, પૂજ્યા પ્રભુ પ્રેમ અતી ઘણેથી. ૮
નૃસિંહનું અંગ જણાય જેવું, ચર્ચ્યું ભલું ચંદન અંગ એવું;
ચોફાળ અર્પ્યો વળી બોરીકેરો[2], નૃસિંહ આકાર બન્યો ઘણેરો. ૯
શ્રીજી તણું ત્યાં નરસિંહરૂપ, સભા બધીયે નિરખ્યું અનૂપ;
તે રૂપ તો બે ઘડી ત્યાં જણાયું, પછી પ્રભુના તનમાં સમાયું. ૧૦
પછીથી ગોપાળમુનિ કહે છે, પ્રહ્લાદજી તો જીવતા રહે છે;
નૃસિંહના ભક્ત પ્રમુખ્ય એ છે, પુરાણમાં એવી કથા લખે છે. ૧૧
આખ્યાન રાજા બળિનું જહાં છે, એવી વળી વાત લખી તહાં છે;
છોડાવવાને નૃપતિ બળીય, આવ્યા હતા ત્યાં પ્રહ્લાદજીય. ૧૨
તો તેહનું દર્શન આજ કોઇ, પામે જનો કે ન શકે જ જોઇ;
અહો કૃપાળુ કરીને કૃપાય, કહો તમે સંશય જેમ જાય. ૧૩
શ્રીજી કહે જે તમતુલ્ય સંત, અષ્ટાંગયોગે પરિપૂર્ણવંત;



૧.સંધ્યાકાળ ૨.એકજાતનું કાપડ



સ્વેચ્છાથી જૈ તેહ સમાધિમાંય, પ્રહ્લાદજીને નિરખે સદાય. ૧૪
ગોપાળસ્વામી વળતી વદે છે, સમાધિમાં તો સઘળું દિસે છે;
પ્રત્યક્ષમૂર્તિ નજરે જણાય, તો સર્વનાં પૂર્ણ મનોર્થ થાય. ૧૫
એવી જ ઇચ્છા સરવેની જાણી, કૃપા પ્રભુયે અતિ ઊર આણી;
હસ્તાંગુળીયે ચપટી બજાવી, પ્રત્યક્ષ ચારે તહિં મૂર્તિ આવી. ૧૬
નૃસિંહ પ્રહ્લાદ બળી નૃપાળ, ચોથા વળી વામનજી દયાળ;
પ્રેમે કરી શ્રીહરિને પ્રણામ, ઉભા કરે છે સ્તુતિ એહ ઠામ. ૧૭
નૃસિંહ ને વામન એમ ગાય, સર્વે તણા સ્વામી તમે સદાય;
તમારી આજ્ઞાવશવર્તિ છૈયે, જે કામ સોંપો કરી તેહ દૈયે. ૧૮
પ્રસિદ્ધ છે જે પુરુષપ્રધાન, સેવે સદા સેવકની સમાન;
બીજાની તો શી ગણતી ગણાય, તમે જ સર્વેશ્વર છો સદાય. ૧૯
જે જે બીજા સૌ અવતાર થાય, તમો વિષે લીન થતા જણાય;
તમે બીજામાં નહિ લીન થાઓ, સર્વાવતારી જ તમે ગણાઓ. ૨૦
સુણી સ્તુતિ શામ થયા પ્રસન્ન, રીઝ્યા મહારાજ વિશેષ મન;
ત્યાં સચ્ચિદાનંદ મુનીંદ્ર આવ્યા, રંભાદળે[1] દાડમ બીજ લાવ્યા. ૨૧
જમી હરિયે પછી મુષ્ટિ ચાર, તે ચારને આપિ થઇ ઉદાર;
મહા પ્રભુજીની પ્રસાદી જાણી, ચારે જમ્યાં તે ઉર પ્રેમ આણી. ૨૨

**વૈતાલીયવૃત્ત :**

પ્રભુને પદ વંદના કરી, છબી ચિત્તે છબીલા તણી ધરી;
પ્રભુમાં પ્રભુ લીન બે થયા, બળિ પ્રહ્લાદ નિજસ્થળે ગયા. ૨૩
જન વિસ્મિત જોઇ સૌ થયાં, ગૃહિ સંતો લલિતા તથા જયા;
સરવોપરી શામ જાણિયા, મહિમા શ્રીહરિના વખાણિયા. ૨૪



૧.કેળના પાંદડામાં

જનમોત્સવ દેવનો કરી, જમીયા હેત ઘણું ધરી હરી;
પછી સંતની પંક્તિ તો થઇ, પિરસે શ્રીપ્રભુ પંક્તિમાં જઇ. ૨૫
જમીને જન તૃપ્ત સૌ થયા, હરિ સંતો નિજ આસને ગયા;
સઘળે સ્થળ વાત સંચરી, દઢ પ્રીતી પ્રભુમાં જને કરી. ૨૬

**પૂર્વછાયો :**

આ આખ્યાન પુંજાજીનું, એ તો પાવન પરમ ગણાય;
સ્નેહે સુણાવે સાંભળે, એનું અંતર પાવન થાય. ૨૭

**ચોપાઇ :**

કહે વર્ણી સુણો સ્નેહ લાવી, એમ ભક્તોયે ભેટ ધરાવી;
રામાનંદ રુદે મુદ આણી, તાળી પાડીને બોલિયા વાણી. ૨૮
સુણો સર્વ ગૃહસ્થને સંત, આ છે વર્ણી સમર્થ અત્યંત;
કહેતો હતો તમને હું જેહ, આવનાર છે ઈશ્વર તેહ. ૨૯
એજ આ સહજાનંદ આવ્યા, સંપ્રદાયના સ્વામી ઠરાવ્યા;
એની આજ્ઞા સહુ અનુસરજો, સેવા સર્વ પ્રકારની કરજો. ૩૦
આપ એ છે અધમઉદ્ધાર, એ છે કલ્યાણના જ દાતાર;
મારે સ્થાને બેસાર્યા છે તેને, ગુણે મુજથી અધિક ગણો એને. ૩૧
મુક્તાનંદ આદિક મુનિરાય, કરી તેને એવી આજ્ઞાય;
તમે કીર્તન ગ્રંથ જે કરજો, તેમાં એમનો મહિમા ઉચરજો. ૩૨
સુણો સ્નેહે મુકુંદ બ્રહ્મચારી, તમે માનો આ આજ્ઞા અમારી;
નીલકંઠ છે વૈરાગ્યવાન, દેહાદિકનું નથી એને ભાન. ૩૩
જેમ સેવો છો અમને સદાય, તેમ સેવજો વૃષકુળરાય;
સદાકાળ સમીપમાં વસજો, કોઇ દિન પણ દૂર ન ખસજો. ૩૪





**અક્ષરચિંતામણી વૈતાલીયવૃત્ત :**

ભગવાન હંમેશ ભાવથી, ભજતાં રોજ નવીન લાવથી;
ગુરુ દેવપતિ વિભૂ મુદા, સહજાનંદ ગુરુ ભજો સદા. ૩૫
શીલથી પામો તેવા.

**ચોપાઇ :**

બોલ્યા હરિજન સંતસમાજ, આપે આજ્ઞા કરી જેમ આજ;
ભક્તિપુત્રને ભગવાન જાણી, અમે ભજશું ભલો ભાવ આણી. ૩૬
રામાનંદ થયા સુણી રાજી, જે જેકાર રહ્યો શબ્દ ગાજી;
આપી આજ્ઞા ધરી ઉર દયા, સર્વે નિજ નિજ આસને ગયા. ૩૭
કથા કીર્તન કરી ઉપવાસ, કર્યું જાગ્રણ શ્રીહરિપાસ;
તાળ મૃદંગ આદિ બજાવી, કર્યો ઉત્સવ આનંદ લાવી. ૩૮
થયું દ્વાદશી દિનનું પ્રભાત, કરી નિત્યક્રિયા ભલી ભાત;
રામાનંદ તથા હરિરાય, પછી યજ્ઞમંડપમાં જાય. ૩૯
કૃષ્ણની પૂજા ઉત્તર કીધી, દ્વિજવૃંદને દક્ષિણા દીધી;
આપ્યાં કૈંકને અક્ષયદાન[૧], કોણ આપી શકે એ સમાન. ૪૦
આપ્યાં વસ્ત્ર ને ભૂષણ ભલાં, આપ્યાં પાત્ર અધિક ઊજળાં;
પાકશાળાના ઊપરી જેહ, મેતા નરસિંહ આદિક તેહ. ૪૧
કહ્યું સ્વામીયે સાદ પડાવો, હવે પારણાં સૌને કરાવો;
સાદ સાંભળી બ્રાહ્મણો આવ્યા, મોટા પડિયા ને પત્રાળાં લાવ્યા. ૪૨
ગોળે[૨] લડવાને સજ્જ થઇને, જાણે આવ્યા છે ઢાલો થઇને;
જઇ ભાદરમાં સ્નાન કર્યાં, દ્વિજે અંગે અબોટિયાં ધર્યાં. ૪૩
ધોયા પછી ન બોટેલું હોય, કહેવાતું અબોટિયું સોય;



૧.મોક્ષદાન ૨.લાડવારૂપી ગોળા

પણ એ તો અસલ વાત ગઇ, આજ તો રીત ઉલટી થઇ. ૪૪
હોયે ગ્રહણને દિન ધોયેલું, ઘણું ગંધાતું મેલું થયેલું;
નહિ બોટવા જોગ્ય જણાય, એવું અબોટિયું તે ગણાય. ૪૫
જેમ અખાદ્ય એમ અપેય, એવાં અબોટિયાં એ તો છેય;
વિપ્ર એવા અબોટિયાંવાળા, ચોળી ભસ્મ કરે બહુ ચાળા. ૪૬
એ તો આળસુ અભણ અધૂરા, બીજા વિપ્ર પવિત્ર છે પૂરાં;
સારો પાળે આચાર વિચાર, એવા પણ દિસે અપરંપાર. ૪૭
કૈંક લાલચુ ભોજન કેરા, એવા પણ દ્વિજ દિસે ઘણેરા;
તે તો પડતા આખડતા ધાય, રખે લાડવા લૂંટાઇ જાય. ૪૮
બોલે કૈંક ઊંચે બહુ ઘાટે, કૈંક તો લડે આસન માટે;
દ્વિજની થઇ પંક્તિયો ઘણી, ગણનાર શકે નહિ ગણી. ૪૯
વાક્ય સ્વામીયે ઉચ્ચાર્યું એવું, હરિભક્તે પીરસવા રહેવું;
બીજા સર્વને જમવા બેસારો, જેથી માલ ન બગડે અમારો. ૫૦
ભર્યાં ગાડામાં અન્ન વિચિત્ર, તાણે ગાડાં તે વિપ્ર પવિત્ર;
પકવાન ઘણાં પીરસાય, દોડાદોડ કરે દ્વિજરાય. ૫૧
વાળી કાછડા કેડ કશેલી, કરમાં કથરોટ લીધેલી;
બહુ ઝડપથી પીરસે છે સોય, શાક પાક ભુલે નહિ કોય. ૫૨
પિરસાઇ રહ્યું બધે જ્યારે, આપી જમવાની આગન્યા ત્યારે;
રામાનંદની જય ઉચ્ચરી, સહજાનંદની કરે ફરી. ૫૩
ફરે સાટા જલેબી ને લાડુ, જમે વિપ્ર જુવે નહિ આડું;
એવામાં ઘૃત માગે છે કોઇ, પીરસે લાવીને વટલોઇ[1]. ૫૪
શાક ભજિયાં ને રાઇતાં રુડાં, પીરસે ભરી લાવીને કુંડાં;



૧.તાંબડી, મોટા પેટવાળો લોટો



લાડુ પીરસે કહે શબ્દ એવો, કાંજી લાડુ તમારે ભૂદેવો. ૫૫
વિપ્ર જમતાં રસોઇ વખાણે, જમવાની ઉલટ[1] ઉર આણે;
પૂછે અન્યોઅન્યે હરખાઇ, પહોંચ્યા કેટલા ગાઉ ભાઇ. ૫૬
ગાઉ પહોંચ્યા કહે દસબાર, કોઇ તો કહે સત્તર અઢાર;
શાક દાળમાં દેવો ન હાથ, લડવું તો એક જ ઘણી સાથ. ૫૭
જળપાન કરે બહુ કોઇ, બીજો વારે છે તેહને જોઇ;
જળપાન કરીને ધરાશો, પછી લાડુ તે શી પેરે ખાશો? ૫૮
જમતાં જમતાં જીવ જાય, ખરો વીર તે વિપ્ર ગણાય;
દેહ ખોટો જાણીને ખચિત, જમો લાડું કરી બહુ પ્રીત. ૫૯
કોઇ તો સ્મૃતિવચન ઉચ્ચારે, ઘણું જમવું નહીં એમ વારે;
ધર્મશાસ્ત્રે કહ્યું છે તે કરવું, અર્ધ ઉદર તો અન્નથી ભરવું;
એક ભાગમાં નીર સમાય, ચોથા ભાગમાં શ્વાસ લેવાય. ૬૦

**શ્લોક :** તુંદસ્ય પુરયેદ્ ભાગૌ દ્વાવન્નેનૈકમંબુના ।
શેષયેદેકમેવં હિ મિતભુગ્ બ્રાહ્મણો ભવેત્ ॥૧॥

**ચોપાઇ :**

એવું સાંભળી બીજો કહે છે, શ્લોક સાંભળો હું કહું જે છે;
હાંહા હું હું કહે તો પીરસવું, આંગળી હલાવે નવ ખસવું. ૬૧
માથું ધુણાવે વારંવાર, તોય પીરસવું તેહ ઠાર;
ગર્જના કરે સિંહ સમાન, નવ પીરસવું પકવાન. ૬૨

**આધુનિક શ્લોક :**

હાં હાં દદ્યાત્ હું હું દદ્યાત્, દદ્યાત્તર્જનિતર્જને ।
શિરઃકંપે પુનર્દદ્યાન્, ન દદ્યાત્ સિંહગર્જને ॥૨॥



૧.ઉંધુ વાળવાની ક્રિયા

**ચોપાઈ :**

સારી પેઠે જમી રહ્યા જ્યારે, થયા વિપ્ર પ્રસન્ન તે વારે;
કરવા લાગ્યા શ્લોક ઉચ્ચાર, કહે શ્રીજીનો જયજયકાર. ૬૩
જમ્યા ભૂદેવ ભાત ને દાળ, કર્યું તે પછી મુખ પ્રક્ષાળ[1];
કૈંક તો અતિશે જમવાથી, ઉભા થૈ શકતા નથી ત્યાંથી. ૬૪
બીજા જણને ખભે ધરી હાથ, ઉભા થૈને ચાલે તેની સાથ;
કર ઉદર ઉપર ફેરવે છે, ઓડકાર વારે વારે લે છે. ૬૫
અન્યો અન્ય પૂછે હરખાઇ, લાડુ કેટલા જમિયા ભાઇ;
મેં તો રાતે કર્યો ફળાહાર, તેથી આજ જમાયું લગાર. ૬૬
એમ જમવાની વાત ઉચ્ચારે, પહોંચ્યા માંડમાંડ ઉતારે;
વારેવારે કરે જળપાન, વખાણે જમેલાં પકવાન. ૬૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

દ્વિજવર જમીને થયા પ્રસન્ન, વિવિધ પ્રકાર વખાણતા સુઅન્ન;
સુરવર ખુશી આહુતીથી જેમ, દ્વિજવર તૃપ્ત થયાથી રાજી તેમ. ૬૮

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિપટ્ટાભિષેકે બ્રાહ્મણભોજનવર્ણનનામા એકોનત્રિંશત્તમો વિશ્રામઃ ॥૨૯॥***

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, ભાવે સુણો અભેસિંહ ભ્રાત;
પાર્ષદ સંતની પંક્તિ થઇ, જમવા તે વર્ણવું વાત. ૧

**ચોપાઈ :**

સંતો પંક્તિ સજી બેઠા જ્યારે, નારાયણ ધુન્ય ઉચર્યા ત્યારે;



[1] મુખ શુદ્ધિ કરવી, ધોવું



રામાનંદ શ્રીજીમહારાજ, આવ્યા તે તો પિરસવા કાજ. ૨
શાક પાક તથા પકવાન, ભાવથી પીરસે ભગવાન;
સંત એક જ પાત્રમાં લે છે, બધુ ચોળીને ભેળું કરે છે. ૩
ત્રણ અંજળી નાખે છે નીર, એવા નિઃસ્વાદી ગુણગંભીર;
મુખે પ્રત્યેક કોળિયો ધારે, સ્વામિનારાયણ તે ઉચ્ચારે. ૪
પ્રભુ તાણ્ય કરી પીરસે છે, મુનિ તો મિતાહાર ચહે છે;
જમે જાણી પ્રભુનો પ્રસાદ, નથી ઈચ્છતા અંતરે સ્વાદ. ૫

**સંતના ગુણ વિષે : ઉપજાતિવૃત્ત :**

ખાવું પીવું બેસવું સૂવું જોવું, ચાલ્યા જવું કે વળી નાવું ધોવું;
સંતોની એવી સઘળી ક્રિયાય, કુસંગી દેખી સતસંગી થાય. ૬
સંતો તણા ચંચળ નોય નેણ, સંતો તણા વિહ્વળ નોય વેણ;
સંતોની વૃત્તિ સ્થિર તો જણાય, કુસંગી દેખી સતસંગી થાય. ૭
રજો તમો ગુણ જરી ન ભાસે, ન કામ કે ક્રોધ કદી વિકાસે;
માનાપમાને સમતા સદાય, કુસંગી દેખી સતસંગી થાય. ૮
જો સંત ચિત્તે અભિમાન ભાસે, કે કામ ક્રોધાદિ કદી વિકાસે;
જિહ્વા તણો સ્વાદ જરી જણાય, તે સંતનો શો મહિમા મનાય. ૯
જેવા સુસંતો શુક નારદાદિ, એવા જ સંતો મુનિ મુક્ત આદિ;
પ્રત્યક્ષરૂપે પ્રભુ હોય જ્યાંય, ત્યાં સંત એવા નહિ અન્ય ક્યાંય. ૧૦

**ચોપાઈ :**

જોઇ સંતોની જમવાની રીત, જનનાં થયાં નિર્મળ ચિત્ત;
દીઠી વૈરાગ્યમાં નહિ મણા, સતસંગી થયા જન ઘણા. ૧૧
જમી ઉઠ્યા સાધુ પાળા જ્યારે, વહેંચી વરિયાળી તે વારે;

સંત સૌ નિજ આસને ગયા, કથા વાર્તામાં તત્પર થયા. ૧૨
એક વિપ્રે રસોઇ કરેલી, તાજી સુંદર થાળે ઘરેલી;
જમાડીને તે બાળ મુકુંદ, જમ્યા શ્રીહરિ ને રામાનંદ. ૧૩
દેશોદેશથી આવેલા જેહ, હરિભક્ત કે કુસંગી તેહ;
સૌને સ્નેહ સહિત જમાડ્યા, પરિપૂર્ણ સંતોષ પમાડ્યા. ૧૪
નોતર્યું હતું સઘળું ગામ, હિંદુ મુસલમાન તમામ;
બાળ વૃદ્ધ સકળ નર નારી, હોય રાય કે હોય ભિખારી. ૧૫
જમાડ્યા જન એમ અપાર, બોલે જન સઉ જયજયકાર;
અન્ન માંડ્યું પ્રભાતથી દેવા, રાત અરધી સુધી આવ્યા ૧૬
લેવા.
માગે અન્નારથી અન્ન આવી, એને આપે છે હેતે બોલાવી; ૧૭
હોય હિંદુ કે મુસલમાન, તોય દે છે તેને અન્નદાન.
આપો આપો ને લ્યો લ્યો પોકારે, નહિ કોઇ નકાર ઉચ્ચારે; ૧૮
કરે ચિત્તમાં લોક વિચાર, ન ભણ્યા કે ભુલ્યા શું નકાર?

**અનુષ્ટુપ :**

માગે અન્નારથી આવી, લ્યો લ્યો દે અક્ષરો કથી; ૧૯
કેમ નાકાર જાકાર, અક્ષરો આપતા નથી.
જાકાર સહજાનંદે, ના નારાયણમાં રહે; ૨૦
કેમ તે અક્ષરો બન્ને, કોઇને આપવા ચહે.

**ચોપાઇ :**

મે'માનોની કરી બરદાસ, તેમાં કાંઇ ન રાખી કચાશ; ૨૧
સૌની દેખી ભલી સર્ભરાય, રાજા રાણાયે[1] વિસ્મિત થાય.



૧.મોટો કુળવાન રાજા



જન સર્વ કહે છે તે જોઇ, આવું તો ન કરી શકે કોઇ; ૨૨
ઘણા દેતાં પગારના દામ, નોકરો ન કરે આમ કામ.
આતો લેતા નથી જ પગાર, તોય આળસ ન કરે લગાર; ૨૩
નથી ભૂખ તરશ તણું ભાન, સદા સેવા વિષે સાવધાન.
ભાસે પરચો ભલો એ તો ભાઇ, રામાનંદની ઇશ્વરતાઇ; ૨૪
એમ જાણીને આશ્રિત થયા, ભગવાને કરી તેને દયા.
એમ નિર્વિઘ્ન ઉત્સવ થયો, સંઘ સર્વે પુનમ સુધી રહ્યો; ૨૫
જેતપુરના હરિજને આવી, રામાનંદને વિનતિ સુણાવી.
ગામમાં અતિવૃદ્ધ રહે છે, તેઓ દર્શન કરવા ચહે છે; ૨૬
આંહી આવી શકે નહિ એને, દયાથી આપો દર્શન તેને.
સ્વામીયે ઊર અરજી ધારી, પૂર્ણિમાને પ્રભાતે વિચારી; ૨૭
સજી શોભે એવી અસવારી, ભદ્રા નાવા જવા નિરધારી.
હાથી ઊપર બન્ને બિરાજ્યા, છડીદાર બોલે અધિરાજા; ૨૮
બન્નેને શિર ચમ્મર ઢળે, રવિશશિસમ મુખ ઝળમળે.
મોટા સંત મેનામાં વિરાજે, વાજાં વિવિધ પ્રકારનાં વાજે; ૨૯
રથ અશ્વ તણો નહીં પાર, પાળા ચાલે હજારો હજાર.
આખા ગામમાં ફરી અસવારી, કરે દરશન સૌ નરનારી; ૩૦
નદી ભદ્રામાં જૈ કર્યું સ્નાન, આવ્યાં તીર્થ સરવે તે સ્થાન.
સ્તુતિ શ્રીહરિની ત્યાં ઉચ્ચારી, કહ્યો ભદ્રાનો મહિમા ભારી; ૩૧
કરી સ્નાન મંદિરમાં આવ્યા, નિજનિજને ઉતારે સિધાવ્યા.
રામાનંદ બેઠા એક ઠામ, હતા પાસે તો ભટ્ટ મયારામ; ૩૨
નિજ ધોતિયું જીરણ જાણી, બીજું ધારવાની રુચિ આણી.

કહ્યું કોઠારીને તમે આવો, બીજું ધોતિયું બદલવા લાવો; ૩૩
લાવ્યા કોઠારી ધોતિયું એવું, ખૂબ જાડું તે ખાદીના જેવું.
બોલ્યા ભટજી માનો કહ્યું મારું, એને બદલે બીજું લાવો સારું; ૩૪
વળી બોલ્યા ભટ મયારામ, આવા કોઠારી છે સઉ ઠામ.
કરે કસર અનેક પ્રકાર, નવ સમઝે વિવેક લગાર; ૩૫
કહું દૃષ્ટાંત તેનું વિચારી, કેવો છે શિવજીનો કોઠારી.

**સ્રગ્ધરાવૃત્ત :**

આ લોકે સ્વર્ગલોકે સકળ થળ જુઓ સર્વ કોઠારી એવા,
કીધો કોઠારી ઈશે અલકપુરપતિ સોંપી ભંડાર કેવા;
તે ભંડારે ભરેલા સકળનિધિ છતાં લોભ કેવો કરે છે, ૩૬
શંભુને વસ્ત્ર વાસ્તે વપુપર ગજનું વાઘનું ચર્મ દે છે.

**ચોપાઈ :**

વળી વર્ણી કહે સુણ રાય, કહું ચાલતી જેહ કથાય; ૩૭
સાંજ સમયે રુડી સભા ભરી, રામાનંદ તથા બેઠા હરિ.
તેથી મંડપ બહુ ભલો શોભે, ઈન્દ્ર આદિકનું મન લોભે; ૩૮
કોઇ હાર ચડાવાને આવે, કોઇ પૂજાનો સામાન લાવે.
કોઇ વસ્ત્ર ને ભૂષણ ધરે, હરિની કોઇ આરતી કરે; ૩૯
સભામાં બેઠા છે બહુ સંત, તથા બેઠા ગૃહસ્થ અનંત.
સ્ત્રિયોની થઇ દૂર સભાય, જેમ સ્વામીની વાત સુણાય; ૪૦
તાળી પાડી બોલ્યા રામાનંદ, તમે સાંભળો સૌ જનવૃંદ.
કહી એમ જેતપુર કેરો, કહ્યો સ્વામીયે મહિમા ઘણેરો; ૪૧
હવે તે તમને હું કહીશ, મન રાખીને સુણજો મહીશ.





**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ગુરુપદ હરિને દીધું ગુરુયે, શુભપદ ધારી લીધું મહાપ્રભુયે; ૪૨
સકળ મનુષ ત્યાં જમ્યાં જ આવી, નરપતિ તેહ કથા તને સુણાવી.

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે શ્રીહરિપટ્ટાભિષેકે સકળજનકૃતભોજનવર્ણનનામા ત્રિંશત્તમો વિશ્રામઃ ॥૩૦॥*

**પૂર્વછાયો :** ૧

સ્વામી રામાનંદે કહ્યો, જેતપુરનો મહિમા જેહ;
ભૂપ અભેસિંહ સાંભળો, તમને સુણાવું તેહ.

**ચોપાઈ :** ૨

સભામધ્યે રામાનંદ સ્વામી, કહે સૌ જનને મુદ પામી;
મહિમા જેતપુરનો જેહ, તમે સાંભળો સૌ ધરી સ્નેહ. ૩
છપૈયા વિષે જનમ્યા હરિ, પીપળાણા માંહી દીક્ષા ધરી;
જેતપુરમાં પામ્યા પટ્ટદાન[1], માટે ત્રણેનો મહિમા સમાન. ૪
જ્યારે જનમ્યા છપૈયે ગામ, પડ્યું નામ તહાં ઘનશામ;
પીપળાણામાં દીક્ષા લીધી, સહજાનંદ સંજ્ઞા તે કીધી. ૫
સ્વામીપદ પ્રભુ પામિયા આહીં, મોટો મર્મ ધરો મન માંહી;
જેતપુર મોટું તીરથ જેવું, નહિ કાશી કે કેદાર તેવું. ૬
કરે તીરથ જો ધરી પ્યાર, થાય અધમનો આંહી ઉદ્ધાર;
સતસંગી વસે જેહ દૂર, એક વાર તો આવે જરૂર. ૭
કરી તીર્થ આ લીલા સંભારે, તે તો ઉતરે ભવજળ પારે;

[1] ગાદીએ બેસાડવાની ક્રિયા

ભદ્રા ગંગાનો મહિમા મોટો, ગંગા ગોમતિનો તેથી છોટો.
જેમાં નાયા જગત આધાર, અમે નાયા એમાં ઘણી વાર; ૮
નાયા હરિજન સંતસમાજ, થયું તેથી આ તો તીર્થરાજ.
આંહી શ્રદ્ધાથી શ્રાદ્ધ જે કરશે, ઘણા પૂર્વજ એના ઉદ્ધરશે; ૯
કરી સ્નાન ને કરશે દાન, તેનું ફળ થશે મેરુ સમાન.
જમાડે આંહિ બ્રાહ્મણ સંત, ફળ તેનું તો થાય અનંત; ૧૦
જપ તપ વ્રત આંહી કરાય, તેના સિદ્ધ મનોરથ થાય.
કરે એક તીરથ ઉપવાસ, ફળ તો ઉપવાસ પચાસ; ૧૧
સંપ્રદાયનું મૂળ આ સ્થાન, એમ સમજે જે જન મતિમાન.
મહિમા ઉચ્ચરી એવી રીતે, પછી શ્રીજી પ્રત્યે બોલ્યા પ્રીતે; ૧૨
મને વાલો છે સોરઠ દેશ, તેમાં હું વિચર્યો છું વિશેષ.
માટે પ્રીતી તેના પર ધરજો, સતસંગ વધે તેમ કરજો; ૧૩
એનો મહિમા વધારજો આપ, મોટો પ્રગટ જણાવી પ્રતાપ.
ઘણાં તીર્થ સ્થળો આંહી કરજો, ઝાઝી વાર તે સ્થાને વિચરજો; ૧૪
એવી વાત કરી જે ઉચ્ચાર, કરી શ્રીહરિયે અંગિકાર.
રામાનંદે કરી ઘણી વાત, કહ્યું સંઘ સિધાવો પ્રભાત; ૧૫
પછી સભા વિસર્જન થઇ, સૂતા નિજનિજ આસને જઇ.

**પૂર્વછાયો :**

પડવે દિન પરભાતમાં, ઉઠી નિત્ય ક્રિયા કરી ત્યાંય; ૧૬
મંડપ માંહિ બિરાજીયા, રામાનંદ અને હરિરાય.
સંઘના જન દર્શન કરી, થયા સ્વદેશ પંથ વિદાય; ૧૭
લીલા સંભારી શામની, કહે સાંભળે ને હરખાય.





હતા તેડાવ્યા જેહને, કરવા ઉત્સવનું કામ; ૧૮
હીરજી ગોવરધન તથા, પરવત ને ભટ્ટ મયારામ.
ઈત્યાદિકને ભેટિયા, રામાનંદ ભલો ધરી ભાવ; ૧૯
ભૂષણ વસ્ત્ર પ્રસાદિનાં, દઇ ઉરમાં આપ્યા પાવ.
માથે કર કોઈને મુક્યો, કહ્યાં કોઈને મિષ્ટ વચન; ૨૦
હરિયે કરુણા દષ્ટિથી, કર્યાં સૌ જનમન રંજન.
ગંગા આદિક બાઈને, પ્રસાદિના અપાવ્યા હાર; ૨૧
વખાણ કોઇનાં વિધવિધે, રામાનંદે કર્યા તે વાર.
આજ્ઞા આપી સર્વને, જવા પોત પોતાને ગામ; ૨૨
કર જોડી નરનારિયો, કરે વારંવાર પ્રણામ.
મૂરતિ મનોહર માવની, ક્ષણ માત્ર મૂકી ન જવાય; ૨૩
તે મૂકી ઘર ભણી જતાં, કેમ ઉપડે જનના પાય.
પ્રેમી જન એવા આગળે, જ્યારે ચાલ્યું હરિનું સ્વરૂપ; ૨૪
પાછળ તે જન પરવર્યા, એ તો અદ્ભુત વાત અનૂપ.
આ ઉત્સવ કેરી કથા, સ્નેહે સુણે સુણાવે જેહ; ૨૫
ભૂતળમાં સુખ ભોગવે, પામે અંત્યે અક્ષરપદ એહ.

**જેતપુરના મહિમાની ગરબી**

**"વંદું દુર્ગપુર ધામ સુંદર શોભે ઘનશામનું જો" એ રાગ છે :**

ધન્ય જેતપુર ધામ ગામ કાઠિવાળા તણું જો; ૨૬
નદી વહે છે તે ઠામ નામ ભદ્રા ભલી ભણું જો.
ભક્તિપુત્ર ભગવાન સ્નાન તેમાં કર્યું સહી જો; ૨૭
તેથી તીર્થ તે સમાન સ્થાન બીજે નહીં કહીં જો.

પ્રભુની છપૈયા જેમ જન્મભૂમી તે જાણવી જો; ૨૮
પીપળાણામાં તેમ દીક્ષા ભૂમી પ્રમાણવી જો.
થયો પટ્ટાભિષેક જેતપુર માંહિ જે થકી જો; ૨૯
ધામ ત્રણે પ્રત્યેક તુલ્ય જાણો જ તે થકી જો.
શુક સનકાદિ સંત મુનિ નારદદિ નેહથી જો; ૩૦
આવે તીર્થે અનંત દેવ દેવી દિવ્ય દેહથી જો.
એવો મોટો મહિમાય જેતપુર તણો જાણવો જો; ૩૧
જીભે વરણ્યો ન જાય એ તો અંતરમાં આણવો જો.
ધન્ય ત્યાંના ભૂપાળ ધન્ય ત્યાંના નિવાસીયો જો; ૩૨
ભદ્રા નાય સદાકાળ ધન્ય દાસ તથા દાસીયો જો.
સજી અસ્વારી સારી ફર્યા શામ આખા શેહેરમાં જો; ૩૩
નેહ ધારી નરનારી લાલ નિરખ્યા લેહેરમાં જો.
ધન્ય ધન્ય નરદેહ તેણે ધાર્યો ધરાતળે જો; ૩૪
ટાણું તો અમૂલ્ય તેહ મૂલ્યે ખર્ચે ક્યાંથી મળે જો.
સારો સત્સંગી હોય વાસ હોય દેશ દૂરમાં જો; ૩૫
આવી એક વાર તોય જાત્રા કરે જેતપુરમાં જો.
ધરી દેહ નરનાર અહિં જાત્રા કરે નહીં જો; ૩૬
ગયો વ્યર્થ અવતાર એમ જાણો જનો સહી જો.
એવું અતિ અદ્‌ભુત મન માહાત્મ્ય ધારીને જો; ૩૭
રઘુવિરસુતસુત વદે વાણી વિચારીને જો.

**પૂર્વછાયો :**

વર્ણી કહે વસુધાપતિ, રામાનંદની કહું છું કથાય; ૩૮





જે જન સુણશે સ્નેહથી, તેનાં જન્મમરણ દુઃખ જાય.

**ચોપાઈ :**

સ્વામી બેસીને એકાંત ઠાર, કરી ધ્યાનને કીધો વિચાર; ૩૯
પુરુષોત્તમ તણી ઈચ્છાથી, દુરવાસાનો શાપ થયાથી.
જેહ કરવા મેં જનતન ધર્યું, તે તો કામ મેં પૂરણ કર્યું; ૪૦
પુરુષોત્તમ પ્રગટ પધાર્યા, મારી ગાદિયે તેને બેસાર્યા.
દુરવાસાનો પામિને શાપ, જે જે જનમિયા છે મુનિ આપ; ૪૧
તેનાં સંકટ શ્રીહરિ હરશે, શાપથી મુક્ત સર્વને કરશે.
એવો અંતરમાં ઉહ[1] આણી, કૃતકૃત્ય પોતાને તે જાણી; ૪૨
તન તજવાનો કીધો વિચાર, કર્યો કાંઈક તાવ સ્વીકાર.
વળી ધારિયો એવો સિદ્ધાંત,નથી આ સ્થળ માંહી એકાંત; ૪૩
માટે ગામ ફણેણીમાં જાવું, તન ત્યાં તજીને દિવ્ય થાવું.
પછી વાત જવાની પ્રકાશી, થયા સત્સંગી સર્વ ઉદાસી; ૪૪
સૌની સાંતવના સારી કીધી, પછી વાટ ફણેણીની લીધી.
એક રથમાં બિરાજીયા સ્વામી, સાથે શ્રીહરિ અંતરજામી; ૪૫
મુક્તાનંદ આદિક મુનિરાજા, યથાયોગ્ય વાહનમાં બિરાજ્યા.
ઘણા પાર્ષદ ને હરિભક્ત, સંગે ચાલિયા પરમ વિરક્ત; ૪૬
ફણેણીમાં ખબર થઈ જ્યારે, ત્યાંના ભક્ત સામા આવ્યા ત્યારે.
ગોવો વેલો ને કાનજી જાણો, ચોથો રામજી સોની પ્રમાણો; ૪૭
એક આહિર નામ છે લૂણો, હવે સુતારનાં નામ સૂણો.
કૃષ્ણજી વિરજી તથા રામ, વેરાગી હરિદાસજી નામ; ૪૮
અમૂલા ને કેસર જીવીબાઈ, ભલી તે હરિભક્ત ગણાઈ.



૧.અનુમાન, સંભાવના

ઈત્યાદિક હરિજન સામા આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા; ૪૯
વાજે છે બહુ તાલ મૃદંગ, સૌના મનમાં છે મોટો ઉમંગ.
કોઈ તો વળી આગળ જાય, તાળી પાડીને કીર્તન ગાય; ૫૦
પ્રેમથી કરે દંડપ્રણામ, જેજેકાર કરે લઈ નામ.
પેઠા ગામ વિષે રુડી પેર, ઉતર્યા સોની રામને ઘેર; ૫૧
વિપ્ર પાસે રસોઈ કરાવી, પછી ઠાકોરજીને ધરાવી.
રામાનંદ ને શ્રીઘનશામ, જમ્યા સાધુ ને પાળા તમામ; ૫૨
ગામ પરગામના હરિજન, કર્યું ભાવથી સૌયે ભોજન.
વળી સાંજે સભા સજી સારી, રામાનંદે ત્યાં વાત ઉચ્ચારી; ૫૩
યુધિષ્ઠિર ને અર્જુન આદિ, વસુદેવ અને અક્રૂરાદિ.
જેણે જેણે ધર્યો નરદેહ, અંતે દેહ તજી ગયા તેહ; ૫૪
નાશવંત છે આ દેહ જાણો, એનો હર્ષ કે શોક ન આણો.
અમે દેહ ધર્યો છે જે કામ, તે તો પુરું થયુંછે તમામ; ૫૫
નીલકંઠ આ છે બ્રહ્મચારી, ધર્મધુર તેને સોંપી અમારી.
તમારું તે તો રક્ષણ કરશે, કષ્ટ સર્વ પ્રકારનાં હરશે; ૫૬
માટે ચિંતા ન રાખશો લેશ, એ છે સમરથ મુજથી વિશેષ.
મારી પાછળ શોક ન કરશો, આત્માઘાત કરી નવ મરશો; ૫૭
મારી આજ્ઞા અંતરમાં વિચારી, રહેજો સહુ ધીરજ ધારી.
ઈત્યાદિક ઘણો મર્મ સુણાવ્યો, દિનદિન તાવ વધતો જણાવ્યો; ૫૮
મંદવાડ તણા સમાચાર, સુણી આવ્યાં ઘણાં નરનાર.
ભટજી અને પર્વતભાઈ, આવ્યા દર્શન કરવાને ધાઈ; ૫૯
રાજા વિક્રમના જેહ વાર, વિત્યાં સંવત્ શતક અઢાર.





અઠ્ઠાવનના વરસની ગણાવી, માગશર શુદી તેરશ આવી; ૬૦
રામાનંદે ઉઠીને પ્રભાતે, કરી નિત્યક્રિયા નિજજાતે.
શુચિ આસન ઉપર બેઠા, ધ્યાનમુદ્રાયે ધ્યાનમા પેઠા; ૬૧
જાણી સ્વામીનો અવસર અંત, આવ્યા સર્વ હરિજન સંત.
ગાય કીર્તન ભજન કરે, છબી સ્વામીની અંતરે ધરે; ૬૨
ધર્યું એવે સમે મુનિ ભૂપ, તજી દેહ ને દિવ્ય સ્વરૂપ.
ઋષીશાપ થકી મુક્ત થયા, બદ્રિકાશ્રમમાં પાછા ગયા; ૬૩
પછી માંડવી શુભ શણગારી, તેમાં સ્વામીનો દેહ બેસારી.
હાર ચંદન આદિ ચડાવી, અબીલ ને ગુલાલ છંટાવી; ૬૪
રામદાસ ને શ્રીઘનશામ, મુક્તાનંદ ને ભટ્ટ મયારામ.
મળીને માંડવી તે ઉપાડી, કરે ઉત્સવ સંત અગાડી[1]; ૬૫
ભદ્રા તીરે જઈ તેહ વાર, કર્યો શાસ્ત્રવિધિ સંસ્કાર.
પછી સૌ મળી મંદિર આવ્યા, સૌને ધૈર્યના શબ્દ સુણાવ્યા; ૬૬
ગયા પુરજન નિજનિજ ઘેર, ગુણ સંભારતા બહુ પેર.

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ગુરુવર કૃત દેહ ત્યાગ જેહ, નૃપ તુજ પાસ કથા ઉચારી તેહ; ૬૭
કરી પછી હરિયે ક્રિયા વિશેષ, સુણ લવમાત્ર કહીશ હે નરેશ.


*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ચતુર્થકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે રામાનંદસ્વામી - ભૌતિકદેહત્યાગકરણનામા એકત્રિંશતિતમો વિશ્રામઃ ॥૩૧॥*

**ઈતિ શ્રીહરિલીલામૃતે દીક્ષાનામા ચતુર્થકલશઃ સંપૂર્ણઃ ॥**



૧.આગળ, સન્મુખ

श्री स्वामिनारायणो विजयतेतराम्




# ॥ श्रीहरिलीलामृतम् ॥

**सौराष्ट्रनाम पंचमकलशप्रारंभः ॥**

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

વંદૂ જે હરિયે પ્રતાપ નિજનો સૌરાષ્ટ્ર દેશે ઘણો,
દેખાડ્યો કરી મગ્નિરામ જનને આશ્રિત પોતા તણો;
ધામો શુદ્ધ સમાધિમાં સુજનને દેખાડિયાં દૃષ્ટિયે,
લાખો વિપ્ર જમાડિયા જન સુખી કીધા કૃપા દૃષ્ટિયે. ૧

**પૂર્વછાયો :**

દેહ તજ્યો રામાનંદજી, થઇ ત્યાર પછી જે વાત;
તેહ કથા તમને કહું, ભાવે સુણો અભેસિંહ ભ્રાત. ૨

**ચોપાઈ :**

દશ દિવસ સુધી દિલ લાવી, કથા ગીતાની નિત્ય કરાવી;
દેશદેશના જનને તેડાવ્યા, કાર્ય ઉપર તે સહુ આવ્યા. ૩
દશાહાદિ[૧] એકાદશા જેહ, ભદ્રાતટ હરિયે કર્યા તેહ;
દ્વાદશાહ ને શ્રવણીશ્રાદ્ધ, કર્યા શાસ્ત્ર પ્રમાણે અબાધ. ૪
દીધાં દ્વિજને નાનાવિધ દાન, દીધાં ભાવતાં ભોજનપાન;



૧.મરણ પછી દસમાં દિવસે કરાતી ક્રિયા

*2nd Proof* (E:\PageMaker Files\Extra Fails\book\HARI LILAMRUT\Extra\part_2\Kalash-5)

ધર્મ સ્થાપવા તનુધરી હરિ, માટે વેદવિહિત ક્રિયા કરી. ૫
સર્વ જનને શિખવવાને કાજે, કરી સર્વ ક્રિયા મહારાજે;
એમ તેરમો દિવસ ગયો, દિન ચૌદમો તે જ્યારે થયો. ૬
સભા સજી બેઠા ઘનશામ, બેઠા હરિજન સંત તમામ;
સભામધ્યે સિંહાસન એક, જેનું મૂલ છે મહોર અનેક. ૭
બેઠા તે પર શ્રીમહારાજ, બેઠો આગળ સંત સમાજ;
ધર્મ આદિક સદ્‌ગુણ ધારી, સતશાસ્ત્રના અભ્યાસકારી. ૮
મુક્તાનંદ આદિક મુનિ જેવા, બેઠા આગળ આગળ એવા;
ભલા બ્રાહ્મણ શાસ્ત્ર ભણેલા, સભા મોટીમાં માન પામેલાં. ૯
એક પડખે સિંહાસન પાસે, બેઠા ઉત્તમ પદવીની આશે;
મોટામોટા ગૃહસ્થ ને રાજા, યથાયોગ્ય સભામાં બિરાજ્યા. ૧૦
દેશદેશથી આવેલા જેહ, બેઠા સંઘના જન સઉ તેહ;
લાડકીબાઇ આદિક નારી, સજી તેણે સભા જુદી સારી. ૧૧
નરોથી એક ધનુષ પ્રમાણ, સજી દૂર સભા તે સુજાણ;
ક્ષત્રિમાં મુખ્ય તો રાજોભાઇ, જેની સમઝણ છે અધિકાઇ. ૧૨
તેણે હરિશિર છત્ર ધરેલું, દિસે સો સળિયોનું કરેલું;
છત્ર શ્વેત તે ચંદ્રમાં જેવું, ઈન્દ્રભુવનમાં નવ મળે એવું. ૧૩
ધર્યું ચામર ગોવિંદરામે, ધર્યું બીજું કુંવરજી નામે;
મોટા સંત રુડા રામદાસ, ઝાલી રૂમાલ ઉભા છે પાસ. ૧૪
ભલા ભક્ત વેરોભાઇ જેહ, ધરી વીંઝણો ઉભા છે તેહ;
હરિભક્તો ઘણા ઘણા આવે, વસ્ત્ર ભૂષણ હરિને ચડાવે. ૧૫
કરી પૂજા ઘણી ધરી પ્રીત, ચિત્ત રાખી ચકોરની રીત;





સર્વે બેઠા સભા માંહિ જઇ, હરિ મૂર્તિમાં એકાગ્ર થઇ. ૧૬
એવા હરિજન પ્રત્યે શ્રીહરિ, બોલ્યા કરુણા નિધિ કૃપા કરી;
રામાનંદના શિષ્ય છો સારા, તમે ધર્મ ભલો પાળનારા. ૧૭
પણ સ્વામીયે પોતાને ઠામ, મને બેસાર્યો કરવાને કામ;
ગુરુ તેથી તમારો હું છું, માટે હિતનાં સુવાક્ય કહું છું. ૧૮
ગુરુ શિષ્ય તણા જેહ ધર્મ, તેનો જાણે ગુણી જન મર્મ;
ગુરુયે હિતવચન કહેવાં, શિષ્યે તે મનમાં ધરી લેવાં. ૧૯

**ઉપજાતિવૃત્ત :**

પાળો સુશ્રદ્ધા ધરી ધર્મ સારો, તેથી બધો અર્થ સરે તમારો;
તે ધર્મ સામાન્ય તથા વિશેષ, પ્રકાર તેનો કહું કાંઇ લેશ. ૨૦
પુરુષ કે જે પ્રમદા ગણાય, જે ધર્મ સૌના સરખા જણાય;
સામાન્ય ધર્મો શ્રુતિમાં કહ્યાં છે, વિશેષ વર્ણાશ્રમ આદિના છે. ૨૧
સામાન્ય ધર્મો તમને સુણાવું, કહી ગયા નારદ તે બતાવું;
મુમુક્ષુ પ્રાણી જગ માંહી જે છે, સદ્ધર્મ તેના હિતકારી તે છે. ૨૨
સત્ય દયા ને તપ શૌચ જાણો, ઈક્ષા તિતીક્ષા શમતા પ્રમાણો;
તથા અહિંસા દમ બ્રહ્મચર્ય, સ્વાધ્યાય ને આર્જવ ત્યાગવર્ય. ૨૩
સંતોષ ને સત્પુરુષોની સેવા, ઈંદ્રિયના વિષય જીતી લેવા;
માનેલ દુઃખે સુખ તે વિચારે, આત્માતણુ ચિંતન મૌન ધારે. ૨૪

**ચોપાઈ :**

આપે અન્નાદિ દાન સુરીતે, કથા કૃષ્ણની સાંભળે નિત્યે;
વળી કૃષ્ણનાં કીર્તન કરે, ધ્યાન શ્રીહરિનું ઉર ધરે. ૨૫
પદસેવા સજે શુભ રીતે, કરે પૂજન વંદન પ્રીતે;

કરે દાસ્ય સખાપણું જેમ, તથા આત્માસમર્પણ તેમ. ૨૬
મદ્ય માંસનો ન કરે આહાર, આત્માઘાત નહી કરનાર;
પારકી ચીજ ચોરી ન લાવે, કોઇને ન કલંક ચડાવે. ૨૭
કોઇ દેવની નિંદા ન થાય, અણખપતું ન પિયે ન ખાય;
હરિવિમુખ મુખની કથાય, કદી સાંભળવા ન ચહાય. ૨૮
જાતિ સર્વ મનુષ્ય છે જેહ, સાધારણ ધર્મ સર્વનો તેહ;
વિપ્ર ક્ષત્રિને વૈશ્ય ગણાય, શુદ્રસહિત વરણ ચાર થાય. ૨૯
બ્રહ્મચારી તથા જે ગૃહસ્થ, ત્રીજું આશ્રમ તો વાનપ્રસ્થ;
ચોથા સંન્યાસી સંસાર પાર, કહ્યાં આશ્રમ એ રીતે ચાર. ૩૦
ત્રણ વર્ણને છે સંસ્કાર, બીજો જન્મ એ તો નિરધાર;
તેથી ત્રણે દ્વિજાતિ ગણાય, શુદ્ર તો એકજાતિ જણાય. ૩૧
ચાર વર્ણ વિના બીજા જેહ, વર્ણસંકર જાતિના તેહ;
ઘટે વિપ્રને આશ્રમ ચાર, વૈશ્ય ક્ષત્રિને ત્રણ નિરધાર. ૩૨
તેણે ધરવો ન સંન્યાસધર્મ, એવો કોઇ મુનિ કહે મર્મ;
વળી કોઇ લખી ગયા આવું, વૈશ્ય ક્ષત્રિયે સંન્યાસી થાવું. ૩૩
એવો બેય પક્ષનો છે ધર્મ, શુદ્રને તો ગૃહસ્થ આશ્રમ;
બીજા સંકરજાતિ છે જેહ, ગૃહસ્થાશ્રમમાં રહે તેહ. ૩૪
સધવા વિધવા સ્ત્રી જાત, ભજે ભગવાનને દિન રાત;
નર જે અતિ હોય વૈરાગી, પ્રભુને ભજે સંસાર ત્યાગી. ૩૫
તે તો સાધુજનો કહેવાય, નિજ પરનું સદા હિત ચહાય;
જે જે વર્ણ ને આશ્રમ કહ્યા, તેના પૃથક પૃથક ધર્મ રહ્યા. ૩૬
તેનું ધર્મ વિશેષ છે નામ, તેની વિગતી સુણાવું આ ઠામ;





વેદ શાસ્ત્ર તણું મત લૈને, કહું છું તે સુણો ચિત્ત દૈને. ૩૭
શમ દમ તપ શૌચ સંતોષ, શાંતિ આર્જવ યજ્ઞ અદોષ;
હિંસારહિત જે યજ્ઞ કરાય, યજ્ઞ તે નિરદોષ ગણાય. ૩૮
કોઇ સાથે ન મત્સર રાખે, મનમાં મિત્રતા અભિલાખે;
પાળે ધર્મ તજે અદેખાઇ, દાન અન્નાદિ દે સુખદાઇ. ૩૯
કરે કૃષ્ણની પૂજા હમેશ, મન કોમળ રાખે વિશેષ;
લજ્જા જ્ઞાન વિજ્ઞાન ગણાય, રાખે આસ્તિકતા સ્વાધ્યાય. ૪૦
સમદષ્ટિપણું સર્વમાંય, ધર્મ વિપ્રના તે કહેવાય;
હવે ક્ષત્રિના ધર્મ વિશેષ, કહું સાંભળો તે ઉપદેશ. ૪૧
વીર્ય તેજ તથા શૌર્ય ધૈર્ય, ધરે ઉદ્યમ ઔદાર્ય સ્થૈર્ય;
આત્માજય અને ઉત્સાહ આણે, વિપ્રને પાળવા જોગ્ય જાણે. ૪૨
ધરી ઐશ્વર્ય રક્ષણ કરે, જીતે શત્રુને દિલ નવ ડરે;
રાખે ડહાપણ ને મોજ દેય, યુદ્ધમાં નહિ પાછો હઠેય. ૪૩
શસ્ત્ર વાહનપર ઘણો સ્નેહ, દાન દેવામાં વખણાય જેહ;
જેમાં દ્રવ્ય ઘણું ખરચાય, એવા યજ્ઞ કર્યાની ઇચ્છાય. ૪૪
પૂજે વિપ્રને પૂજે પ્રભુને, સુત સમ પાળે વસ્તી સહુને;
શરણાગત રક્ષણ કરે, ક્ષત્રિધર્મ તે મુનિ ઉચ્ચરે. ૪૫
હવે વૈશ્ય તણા જેહ ધર્મ, કહું સાંભળો તેહનો મર્મ;
રાખે આસ્તિકતા અતિ ઊર, કરે ઊદ્યમ નિત્ય જરૂર. ૪૬
દિલે દંભ કદાપિ ન દિસે, સેવે વિપ્રને સ્નેહે અતીશે;
ત્રણ વર્ણનું પોષણ કરે, ગુરુદેવની ભક્તિ આદરે. ૪૭
ખેડ કરવા ઉરે અભિલાખે, ગાયો પાળવાની રુચિ રાખે;

દાનનિષ્ઠા ને ડહાપણ જાણું, એ તો વૈશ્યનો ધર્મ વખાણું. ૪૮
હવે શુદ્રના ધર્મ છે જેહ, તમને સંભળાવું છું તેહ;
દેવતાની દ્વિજાતિની સેવા, સેવે સાધુને પણ સુખ લેવા. ૪૯
સેવા ગાયોની સજવાનું ધારે, સદા સર્વથા કપટ વિસારે;
એવું કામ કરી ધન લાવે, તે વડે નિરવાહ ચલાવે. ૫૦
રાખે તેથી સંતોષ હંમેશ, એ તો શુદ્રનો ધર્મ વિશેષ;
એ રીતે ચારે વર્ણના ધર્મ, કહ્યા સર્વ સહિત સુકર્મ. ૫૧

**પૂર્વછાયો :**

સુણો સહુ જન સ્નેહથી, ગર્ભાધાન આદિક સંસ્કાર;
સોળ પ્રકારે શાસ્ત્રમાં, કહ્યા છે તે કરું ઉચ્ચાર. ૫૨
પ્રથમ ગરભાધાન છે, પછી પુંસવન સંસ્કાર;
પુત્ર થવાની આશીષ છે, પછી ઈશ્વર પર આધાર. ૫૩
ત્રીજો સીમંત સંસ્કાર છે, જેમાં સેંથો સાફ કરાય;
ગર્ભવતીને આનંદ ઊપજે,ગર્ભ પ્રફુલ્લિત થાય. ૫૪
જાતકરમ સંસ્કાર છે, બાળજન્મ સમે કરે જેહ;
બાળકની શુદ્ધિ તથા, દાન દેવા આદિક છે તેહ. ૫૫
નામકરણ સંસ્કાર તે, પાડે બાળક કેરું નામ;
નિષ્ક્રમણ તે ચંદ્રદર્શન, એ છે ક્રિયા અભિરામ. ૫૬
અન્ન જમાડવું પ્રથમ તે, અન્નપ્રાશન છે સંસ્કાર;
પ્રથમ વાળ ઉતારવા, ચૌળકર્મ તણો તે વિચાર. ૫૭
કાન વિંધે બાળક તણા, કર્ણવેધ તે તો કહેવાય;
જનોઈ દઈ વ્રત ગુરુ કહે, તે વ્રતાદેશ ગણાય. ૫૮





વેદ ભણે બ્રહ્મચારી થઈ, વેદારંભ કહે ગુણવાન;
નાય જટા ઉતારીને, તેને કહે કેશાંતસ્નાન. ૫૯
ભણી ગણી વળે ઘરભણી, સમાવર્તન તેહનું નામ;
તે સંસ્કાર છે તેરમો, શ્રુતિ સ્મૃતિ કહે છે આમ. ૬૦
ચૌદમો જે સંસ્કાર છે, વદે તેનું નામ વિવાહ;
વરે કન્યા નિજ જાતિની, જેમ વેદ બતાવે રાહ. ૬૧
આખી ઉંમર સુધી પૂજવા, અગ્નિ ચોરીમાંથી લે જેહ;
વિવાહાગ્નીસંગ્રહ નામે, છે શુભ સંસ્કાર તેહ. ૬૨
ગારહપત્ય આહવનીય, દક્ષિણાગ્નિ ત્રીજો કહેવાય;
અગ્નિ રાખે ત્રણ વેદના, તે ત્રેતાગ્નિગ્રહણ ગણાય. ૬૩
સોળ કહ્યા સંસ્કાર તે, ત્રણે વર્ણ કરે ધરી પ્રીત;
વેદે કહ્યા છે તે ભણી ભણીને, વેદના મંત્ર સહિત. ૬૪
કન્યાને સંસ્કાર નવ, કર્ણવેધ સુધી જ કરાય;
વિવાહ પણ ત્રણ વર્ણને, વેદમંત્ર ભણીને થાય. ૬૫
શુદ્રને પણ સંસ્કાર નવ, પછી છે દસમો ઉદ્વાહ[1];
વેદના મંત્ર વિના કરે, એવો છે શ્રુતિ સ્મૃતિનો રાહ. ૬૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વરણધરમ મેં કહ્યા વિચારી, શ્રુતિ વળી શાસ્ત્ર તણા મતાનુસારી;
ધરમ પૃથક આશ્રમો તણા છે, અલપ કહીશ વિશેષ તો ઘણા છે. ૬૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ-ચતુર્વર્ણધર્મકથનનામા પ્રથમો વિશ્રામઃ ॥૧॥*



૧.વિવાહ

**પૂર્વછાયો :**

સભાજનોને શ્રીહરિ, કહે સાંભળો સ્નેહ સહિત;
ધર્મ વિશેષ હવે કહું, ચારે આશ્રમના રુડી રીત. ૧

**ચોપાઈ :**

બ્રહ્મચારી તણા ધર્મ ભાઇ, કહું પ્રથમ સુણો સુખદાઇ;
કરે સંધ્યાવંદન ત્રણ કાળ, પૂજે નિત્ય તે કૃષ્ણ કૃપાળ. ૨
ગુરુને સેવે અલ્પ આહારી, નખ રોમ તો રાખે વધારી;
કેશ કાંસકીયે ન સમારે, મૌંજી[1] દંડ કમંડલું ધારે. ૩
મૃગચર્મ રાખે નિજ પાસ, જોડ કોપિન બે બહિર્વાસ;
કોટમાં રાખે કંઠી જનોઇ, સર્વ ભોગની ઇચ્છા તે ખોઇ. ૪
સ્ત્રીની વાત તો કાને ન ધરે, પોતે મુખથી કદાપી ન કરે;
સ્ત્રીનો સ્પર્શ કરે નહિ અંગે, કદી બોલે નહી નારી સંગે. ૫
સ્ત્રીનું રૂપ જુવે ન કદાપિ, તજે સંકલ્પ તેનો તથાપિ;
હોય જ્યાં સ્ત્રિયોનું ક્રીડાસ્થાન, ત્યાં ન જાય કદી વ્રતવાન. ૬
કાષ્ઠાદિકની કે ચિત્રની નારી, અડે નિરખે નહીં બ્રહ્મચારી;
પણ દેવીની મૂર્તિ જો હોય, નહીં બાધ જુવે અડે તોય. ૭
કરે નારી સ્નાનાદિક જ્યાંય, બ્રહ્મચારી તજે ક્રિયા ત્યાંય;
મદ્ય માંસ આદિક સંસર્ગ, ન કરે કદી વર્ણીનો વર્ગ. ૮
રોગ વિણ દિને સુવું ન ભાવે, ધન રાખે નહીં ન રખાવે;
તજે લોભ ને ક્રોધ ન કરે, તજે સ્વાદ ને માન ન ધરે. ૯
કામ ક્રોધ લોભ રસ માન, તજે તે પાંચ છે વ્રતમાન;
કહ્યું એવું અચળ વ્રત ધારી, ભાવે વેદ ભણે બ્રહ્મચારી. ૧૦



૧.મુંજની દોરીનો કંદોરો



ભણી વેદ તે શક્તિ પ્રમાણે, પછી મનને સકામી જો જાણે;
તો તે થાય ગૃહસ્થ તે કાળે, નહિ તો વ્રત નૈષ્ઠિક પાળે. ૧૧
આખી ઉમર રહે ઊર્ધ્વરેતા, કહે નૈષ્ઠિક તે બ્રહ્મવેત્તા;
પાળે વ્રત કાંઇ અવધિ પ્રમાણ, બ્રહ્મચારી તે ઉપકુર્વાણ[1]. ૧૨
થવા ઇચ્છે ગૃહસ્થ તે જ્યારે, ગુરુને આપે દક્ષિણા ત્યારે;
સમાવર્તન તે પછી કરે, પછી કન્યા સ્વજાતિની વરે. ૧૩
અગ્નિ બ્રાહ્મણકેરી સમીપ, વેદવિધિયે વરે કુળદીપ;
બ્રહ્મચારીના તે કહ્યા ધર્મ, હવે કહું છું ગૃહસ્થનું કર્મ. ૧૪

**પૂર્વછાયો :**

કહું ગૃહસ્થના ધર્મ તે, સહું સુણો થઇ સાવધાન;
સ્નાન સંધ્યા જપ હોમ કરી, કરે સ્વાધ્યાય સદગુણવાન. ૧૫
પૂજન કરે નિત્ય વિષ્ણુનું, તથા તર્પણ ને વૈશ્વદેવ;
અતિથિ આવે આંગણે, કરે શક્તિ પ્રમાણે સેવ. ૧૬
ધર્મ સહિત શુભ ન્યાયથી, કરી ઉદ્યમ દ્રવ્ય કમાય;
પોષણ કરવા યોગ્યનું,કરે પોષણ તેણે સદાય. ૧૭
શરીરમાં સંબંધિમાં, અતિ આસક્ત તે નવ થાય;
કરે ન કષ્ટ કુટુંબીને, નિત્ય સંત સમાગમ ચ્હાય. ૧૮
સંગ કરે ન કુસંગીનો, કામ ભાવે ન જુવે પરનાર;
શ્રાદ્ધ કે પર્વણી વ્રતદિને, નિજનારીથી તજે સંસાર. ૧૯
સ્પર્શ ન કરે વિધવા તણો, અને આપતકાળ વિનાય;
માત સુતા ભગિનીની સાથે, એકાંતે ન વસાય. ૨૦
વ્રત ઉદ્યાપન આદરે, તજે ચોરીને ન રમે જુગાર;



૧.અભ્યાસ પૂર્ણ કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનાર બ્રહ્મચારી

આહાર મદ્ય ને માંસનો, તજે તે પણ સર્વ પ્રકાર. ૨૧
આપતકાળ પડ્યા વિના, કદી કરજ કરે નહિ લેશ;
સેવા સજે માત તાતની, એની આજ્ઞામાં વરતે હમેશ. ૨૨
હોય ગૃહસ્થ શ્રીમંત તે, કરે વિત્તથી વૈષ્ણવ યાગ;
ઉત્સવ મોટા આદરે, હરિમંદિરમાં બડભાગ. ૨૩
પર્વણીમાં તથા તીર્થમાં, સાધુ વિપ્ર જમાડે સપ્રીત;
નાનાપ્રકારનાં દાન દે, દ્વિજને તે રૂડી રીત. ૨૪
ન્યાય થકી ધન મેળવે, અંશ દશ કે વિશમો જેહ;
ધર્મનિમિત્ત તે વાવરે, થાય દ્રવ્યની શુદ્ધિ તેહ. ૨૫
દેવ ગુરુ ને સાધુની, સજે સેવા શક્તિપ્રમાણ;
કપટ કદીયે નવ કરે, તેઓ આગળ ગૃહસ્થ સુજાણ. ૨૬
દેવ ગુરુ કે સંતનો, થાય જે થકી દ્રોહ લગાર;
એવું વચન ઉચરે નહિ, જાણે કલ્યાણના દાતાર. ૨૭
સંક્ષેપે ધર્મ ગૃહસ્થના, તમને સુણાવ્યા આજ;
હૃદયમાં ધરી રાખજો, તમે સૌ સત્સંગી સમાજ. ૨૮
હોય જે શુદ્ર ગૃહસ્થ તે, ધરે એ જ રીતે શુભ ધર્મ;
વષટ્કાર સ્વાહા સ્વધાદિક, મંત્ર વિના કરે કર્મ. ૨૯
યજ્ઞાદિક ક્રિયા શુદ્રને, સારા વિપ્ર કરાવે જેહ;
મંત્ર ભણીને પુરાણના, વિધિવત કરાવે તેહ. ૩૦
ભારત ને વળી ભાગવત, તેની કથા સુણે ધરી સ્નેહ;
ભક્ત બ્રાહ્મણ ભગવાનનો, હોય તેના મુખથી તેહ. ૩૧





**ચોપાઈ :**

હવે નારિયોના કહું ધર્મ, તમે સાંભળો સૌ તેનો મર્મ;
હોય સત્સંગી સધવા નારી, સ્વામીને તે ઈશ્વરસમ ધારી. ૩૨
તન મન વચને સજે સેવા, લોક ઉભયતણું સુખ લેવા;
વૃદ્ધ રોગી કે નિર્ધન હોય, અપમાન કરે નહિ તોય. ૩૩
ઘર વાસણ આદિ સુધારી, રાખે નિર્મળ તે સતિ નારી;
પાપીનો સંગ નવ કરે ક્યારે, હિત સત્ય વચન ઉચ્ચારે. ૩૪
કરે તીરથ કે વ્રતદાન, તે તો સ્વામીની આજ્ઞા સમાન;
નવ રાખે ઉદ્ધતપણું અંગ, સદા પરનરનો તજે સંગ. ૩૫
વળી હોય જે વિધવા નારી, સેવે કૃષ્ણને નિજપતિ ધારી;
કામભાવની તો કદી વાત, ન કહે ન સુણે સાક્ષાત. ૩૬
નર સાથે ન ભાષણ કરે, સ્પર્શ પણ તેહનો પરહરે;
પડે આપતકાળ જો માથે, અડે બોલે સગા નર સાથે. ૩૭
પિતા પુત્રની આગન્યા ધરવી, કદીયે ન સ્વતંત્રતા કરવી;
ઉપવાસ ને વ્રત આચરવું, દેહદમન નિરંતર કરવું. ૩૮
જમે એક જ વાર તે નારી, કરે રોગ વિના તો પથારી;
તજે અત્તર તેલ સુગંધી, તેને તાંબુળ ખાવાની બંધી. ૩૯
વળી કુમકુમ કાજળ તજે, શરીરે શણગાર ન સજે;
વસ્ત્ર ઝીણાં તથા તારવાળાં, ન ધરે અંગે રુડાં રુપાળા. ૪૦
દિવસે નવ નિદ્રા તે કરે, સંગ વેશ્યાદિનો પરહરે;
કૃષ્ણભક્તિમા નિશદિન રહે, વિધવાના ધરમ એવા કહે. ૪૧
કોળી વાઘરી ઢેઢ ચમાર, એવી સંકરજાતિ અપાર;

તે જો કલ્યાણનો ખપ કરે, પાપકર્મ સફળ પરહરે. ૪૨
નિજ કુળને ઘટિત કરે કામ, હિંસા તો ન કરે કોઇ ઠામ;
મદ્ય માંસ ચોરી વ્યભિચાર, તજે સત્સંગી સર્વ પ્રકાર. ૪૩
કળિજુગમાં હરિકીર્તન, શ્રેષ્ઠ ધર્મ પતિતપાવન;
તે માટે હરિકીર્તન કરે, સદા સર્વદા અંતરે ધરે. ૪૪
એ છે સંકરજાતિનો ધર્મ, વાનપ્રસ્થનાં કહું હવે કર્મ;
પતિ પત્નિ તજી ઘરબાર, વસે તીર્થે કે વન મોઝાર. ૪૫
તજે વિષય રહે નિષ્કામ, વાનપ્રસ્થ તો તેહનું નામ;
રહે આયુષ્યનો ત્રીજો ભાગ, પતિ પત્નિ તે પામે વિરાગ. ૪૬
વાનપ્રસ્થ તણો ધર્મ ધરે, વનમાં જઇને તપ કરે;
એવી સ્ત્રી નવ હોય વૈરાગી, જાય એકલો નર બડભાગી. ૪૭
શીત તાપ ને વૃષ્ટિની ધાર, કરે સહન શરીર અપાર;
પર્ણકૂટીમાં કુંડ તે કરે, અગ્નિહોત્રનો અગની ધરે. ૪૮
પર્ણકૂટી થકી તો બહાર, રહે નિર્ભય થઇ નરનાર;
કરે તીર્થમાં ત્રિકાળ સ્નાન, કરે હોમ થઇ સાવધાન. ૪૯
નખ કેશ શરીરે વધારે, ફળાહાર કરી રહે ક્યારે;
અન્ન ખેડ્યા વગરનું ખાય, સામો મણછો ને થેક[1] ગણાય. ૫૦
તીવ્ર વૈરાગી જો તે જણાય, તજી સર્વ તે સંન્યાસી થાય;
હવે સંન્યાસીના ધર્મ કહું, સ્નેહ રાખીને સાંભળો સહુ. ૫૧

**પૂર્વછાયો :**

બહિર્વાસ એક જ ધરે, રાખે કોપિન બે સંન્યાસ;
જળગરણું કંથા[2] તથા, રાખે દંડ કમંડળુ પાસ. ૫૨



૧.એકજાતના છોડના મૂળમાંથી મળતા જુવાર જેવા દાણા ૨.ગોદડી



ઈન્દ્રિયો સર્વ જીતે સદા, નારાયણપરાયણ થાય;
અષ્ટાક્ષરનો મંત્ર તે, જપે ૐનમો નારાયણાય. ૫૩
જ્ઞાન વિજ્ઞાન વડે સદા, જેનો આત્મા તૃપ્ત જણાય;
ભાવસહિત ભજે વિષ્ણુને, જમે પવિત્ર દ્વિજ ભિક્ષાય. ૫૪
અંતર શુદ્ધ સદા રહી, બ્રહ્મચર્ય પાળે ધરી પ્રીત;
એવી ઘણી સ્મૃતિયો વિષે છે, સંન્યાસ ધર્મની રીત. ૫૫
વાનપ્રસ્થ ને સંન્યાસિના, અતિ દુષ્કર કર્મ ગણાય;
માટે લખ્યું છે શાસ્ત્રમાં, નવ થાવું કળિયુગમાંય. ૫૬
સાધુના ધર્મ હવે કહું, જેને પરમહંસ ગણાય;
અચ્યુત ગોત્ર છે એહનું, એને વૈષ્ણવ પણ કહેવાય. ૫૭
એક પરમહંસ ભાગવત, બીજા કેવળ પરમસુહંસ;
ભાગવતાદિક શાસ્ત્રમાં, ભેદ છે તેહના નિઃસંશ. ૫૮
કેવળ તે પરિવ્રાટ છે, યતિ ભિક્ષુક પણ કહેવાય;
જે છે પરમહંસ ભાગવત, મુનિ ભિક્ષુક ત્યાગી ગણાય. ૫૯
અચ્યુતગોત્રી એ જ છે, ભાગવત પરમહંસ દાસ;
મહામુનિ વૈષ્ણવ તથા, એવાં શાસ્ત્રમાં નામ પ્રકાશ. ૬૦
ભક્તિ હરિની નવધા કરે, ક્ષણ વ્યર્થ ન કાઢે કાળ;
અષ્ટ પ્રકારે સ્ત્રી તજે, જીવ્યા સુધી બુદ્ધિ વિશાળ. ૬૧
સ્ત્રૈણ પુરુષનો સંગ નહિ, વળી નરે ધર્યો સ્ત્રીવેશ;
ચિત્રાદિકની નારીને, પણ જુવેઅડે નહિ લેશ. ૬૨
રાખેરખાવે ધન નહીં, તજે રસાસ્વાદ ને માન;
જીતે અંતર શત્રુને, સદા ધરે શ્રીકૃષ્ણનું ધ્યાન. ૬૩

સત્ય દયા શમ દમ ક્ષમા, તપ શૌચ વિજ્ઞાન ને જ્ઞાન;
વૈરાગ્ય ધીરજ આદિ ગુણ, સજી કરે હરિગુણ ગાન. ૬૪
મુદ્રા તિલક ને મંત્ર વળી, નિજ દેહે વેષ ધરાય;
ભોજનનો વ્યવહાર તે, સંપ્રદાય પ્રમાણે થાય. ૬૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ધરમ કરમ સર્વ આશ્રમોનાં, લવ લવમાત્ર કહ્યાં સહું જનોનાં;
સુણી નિજ નિજ ધર્મ પાળશે તે, મુજ મનમાં પ્રિય સર્વથા થશે તે. ૬૬

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે આશ્રમધર્મ-કથનનામા દ્વિતીયો વિશ્રામઃ ॥૨॥***

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો ભૂપતિ સદગુણવાન;
શીતળદાસ તણું કહું, પામી પ્રસંગ શુભ આખ્યાન. ૧

**ચોપાઈ :**

ઝરણાપરણાના નિવાસી, એક વિપ્ર જગતથી ઉદાસી;
ઋષિ એકલશૃંગીના વંશી, જેવા ઈશ્વરના હોય અંશી. ૨
અંગે ધારી વેરાગીનો વેશ, ચાલ્યા ફરવાને દેશ વિદેશ;
જાણે જોઉં તીરથનાં સ્થાન, મળે ક્યાંઇ પ્રગટ ભગવાન. ૩
જોયા તીર્થમાં સ્થાન અપાર, આવ્યા પશ્ચિમ દેશ મોઝાર;
વાત સાંભળી ત્યાં એવી કાન, રામાનંદ છે શ્રીભગવાન. ૪
તેનાં દર્શન કરવાને કામ, ચાલી આવ્યા તે ફણેણી ગામ;
કહી ત્યાં કોઇયે વાત એહ, રામાનંદ તજી ગયા દેહ. ૫





તેને તેર દિવસ જ થયા, ગાદી વર્ણીને સોંપીને ગયા;
પછી કરવાને કાંઇ તપાસ, સાધુ આવ્યા તે શ્રીહરિપાસ. ૬
સાધુ શીતળદાસ છે નામ, કર્યો જઇ પ્રભુપદને પ્રણામ;
શ્રીજીયે જાણ્યું સાધુ છે સારો, એને આપ્યો એકાંતે ઉતારો. ૭
સાધુ એવા વિચાર તે લાવ્યા, રામાનંદ સ્વધામ સિધાવ્યા;
પણ સાધુ છે તેહના ધન્ય, કરું તેને તો પ્રથમ પ્રસન્ન. ૮
પછીથી પ્રભુ ખોળવા કામ, જાઉં જૈ ફરીને ચારે ધામ;
મહારાજ મને ક્યાંઇ મળશે, મારા ચિત્તની ચિંતા તો ટળશે. ૯
એમ કરતાં વીતી ગઇ રાત, થયું ચૌદમા દિનનું પ્રભાત;
શ્રીજી બેઠા સભા સજી જ્યારે, આવ્યા શીતળદાસ ત્યાં ત્યારે. ૧૦
સભામાં બેશી સાંભળી વાત, જાણ્યા મોટા પુરુષ સાક્ષાત;
ચિત્ત ચાલવા કીધો વિચાર, બોલ્યા અંતરજામી તે વાર. ૧૧
કરો ચાલવાનું ચિત્ત કેમ ? કરો કેમ ઉતાવળ એમ ?
સાધુ બોલિયા જોડીને હાથ, મારી વિનતિ સુણો મુનિનાથ. ૧૨
રામાનંદનાં દર્શન કાજ, અહિં આવ્યો હતો હું તો આજ;
હતી આશા તે નિષ્ફળ થઇ, પ્રભુ ખોળું બીજે સ્થળ જઇ. ૧૩
સુણી બોલ્યા શ્રીજીમહારાજ, રામાનંદને મેળવું આજ;
કરો આજ અહિં સ્થિર વાસ, થશે પૂર્ણ તમારી તે આશ. ૧૪
કહે સાધુ મળે રામાનંદ, ત્યારે તો અતિ ઉપજે આનંદ;
સુણી બોલિયા સુંદરશામ, રટો સ્વામિનારાયણ નામ. ૧૫
લાગ્યા નામ તે રટવાને જ્યારે, થઇ તેને સમાધિ તે વારે;
સમાધિ વિષે શીતળદાસ, ગયા અક્ષરધામ નિવાસ. ૧૬

**પૂર્વછાયો :**

કોટિકોટી શશી સૂર્ય સમ, અતિ શીતળ સુખદ અનંત;
એવા તેજોમય ધામમાં, દીઠા પુરુષોત્તમ ભગવંત. ૧૭
જે છબી જોઈ ફણેણીમાં, દીઠી એ જ પ્રત્યક્ષ પ્રમાણ;
અનંત અક્ષરમુક્ત મળી, સજે સેવા પરમ સુજાણ. ૧૮
ઉભા સ્તુતિ કરે આગળે, મત્સ્યાદિક ચોવિશ અવતાર;
ઉભા સ્વામી રામાનંદ પણ, કરે એહના ગુણ ઉચ્ચાર. ૧૯
શીતળદાસે શ્રીજીની, કરી પૂજા ધરીને પ્રેમ;
અનંત મુક્તને પૂજવા, કરી ઈચ્છા પૂજે પણ કેમ ? ૨૦
શ્યામે શીતળદાસને, કહ્યું ધરો અનંત સ્વરૂપ;
અનંત મુક્તને એક ક્ષણમાં, પૂજા કરો મુનિભૂપ. ૨૧
ત્યારે તેણે કર જોડીને, કહ્યું મુજથી તે કેમ થાય ?
શ્રીજી કહે નિજ અંતરે, તમે એવી કરો ઈચ્છાય. ૨૨
આ રામાનંદસ્વામી તે, હોય પુરુષોત્તમ ભગવંત;
તો તેહના જ પ્રતાપથી, મારાં દેખાય રૂપ અનંત. ૨૩
શીતળદાસે ધારિયું, પણ સિદ્ધ થયું ન લગાર;
ત્યારે વળી શ્રીજી કહે, જુઓ ચોવીશ આ અવતાર. ૨૪
તે પ્રત્યેક વિષે તમે, ચિત્તો કરો એમ વિચાર;
તે પુરુષોત્તમ હોય તો, મારાં થાય સ્વરૂપ અપાર. ૨૫
કર્યો એવો સંકલ્પ તે, જ્યારે સુફળ ન થયો લેશ;
ચિંતવન એવું મુજ વિષે, હવે કરો કહે પરમેશ. ૨૬
શીતળદાસે ધારિયું, સ્વામી આ છે સહજાનંદ;





તે પુરુષોત્તમ હોય તો, મારાં થાય સ્વરૂપનાં વૃંદ. ૨૭
તે સમે શીતળદાસનાં, ત્યાં તો રૂપ થયાં અગણિત;
અનંત મુક્તની એક ક્ષણમાં, પૂજા કરી ધરી પ્રીત. ૨૮

**ચોપાઈ :**

રામાનંદજીની પૂજા કરી, કરી વિનતિ ભલો ભાવ ધરી;
તમે ભગવાન છો મહારાજ, હું તો આવ્યો'તો તમારે કાજ. ૨૯
સુણી બોલ્યા રામાનંદસ્વામી, ભગવાન તો અક્ષરધામી;
તમે જોયા ફણેણીમાં જેહ, જુઓ આ દિસે પ્રત્યક્ષ એહ. ૩૦
સર્વ અવતારના અવતારી, સરવોપરી વિશ્વવિહારી;
હું તો છું એના દાસનો દાસ, સજું સેવા રહી પ્રભુ પાસ. ૩૧
જાણો ઉદ્ધવ છે મારું નામ, કહે શ્રીહરિ તે કરું કામ;
સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય. ૩૨
એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર;
સરિતાઓ મળે તે સાગરમાં, મળ્યા અવતાર સૌ હરિવરમાં. ૩૩
દીઠા અક્ષરપુરુષ અનેક, સૌના નિયંતા શ્રીહરિ એક;
એવા સમરથ શ્રીભગવાન, કોણ માત્ર તે પુરુષપ્રધાન. ૩૪
એવું આશ્ચર્ય નજરે નિહાળી, જાણ્યા પ્રત્યક્ષ શ્રીવનમાળી;
ભક્તિપુત્ર જાણ્યા ભગવાન, બીજો નહિં કોઈ તેહ સમાન. ૩૫
પછી સંતે શરીરમાં આવી, સભામાં બધી વાત સુણાવી;
રામાનંદ તણા શિષ્ય તોય, વાત માની શક્યા નહીં કોય. ૩૬
રામાનંદ જ છે ભગવાન, એવા નિશ્ચળ નિશ્ચયવાન;
કેમ માને તે તો બીજી વાત, બોલ્યા હાથ જોડી સાક્ષાત. ૩૭

અમને પણ ધામ દેખાડો, મન સંશય સર્વ મટાડો;
સુણી બોલિયા સુંદરશામ, રટો સ્વામિનારાયણ નામ. ૩૮
સભા સર્વ લાગી ધુન્ય કરવા, મન સંશય સૌ પરહરવા;
સમાધિ સર્વ ભક્તને થઇ, જોયું અક્ષરધામ તે જઇ. ૩૯
ત્યાં તો અક્ષરધામના ધામી, દીઠા શ્રી સહજાનંદ સ્વામી;
ઉભા સેવામાં શ્રીરામાનંદ, તથા અક્ષરમુક્તનાં વૃંદ. ૪૦
સર્વ શ્રીહરિને જ આધીન, થયા સૌ હરિરૂપમાં લીન;
આવું અચરજ દેખી અપાર, જાણ્યા સર્વેશ ધર્મકુમાર. ૪૧
પછી સર્વ સમાધિથી જાગ્યા, પ્રભુ પ્રત્યક્ષને પગે લાગ્યા;
વિનતિ કરી મસ્તક નામી, સરવોપરી છો આપ સ્વામી. ૪૨
પછી સાધુ તે શીતળદાસે, લીધી દીક્ષા મહાપ્રભુ પાસે;
નામ વ્યાપકાનંદ વરિષ્ઠ, થયા પરમ સમાધિનિષ્ઠ. ૪૩
એના પરચાની વાતો અનેક, તે તો જાણે છે સંત પ્રત્યેક;
પછી સ્વામિનારાયણ નામ, તેનો મહિમા કહ્યો ઘનશામ. ૪૪

**ઉપજાતિવૃત્ત :**

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક. ૪૫
જો સ્વામિનારાયણ એકવાર, રટે બીજાં નામ રટ્યા હજાર;
જપ્યા થકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું ? ૪૬
ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે. ૪૭
ગાયત્રીથી લક્ષ ગુણો વિશેષ, જાણે જ જેનો મહિમા મહેશ;





જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય, આ કાળમાં તો જપ એજ થાય. ૪૮
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદબુદ્ધિ જાગે. ૪૯
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાશી જાય;
શ્રીસ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે. ૫૦
ષડક્ષરો છે ષટ શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે. ૫૧
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે;
જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય. ૫૨
જેણે મહાપાપ કર્યા અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનું સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં. ૫૩
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર[1];
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહેજ તેનું ? ૫૪

**ચોપાઇ :**

એમ નામનો મહિમા ઉચાર્યો, સંત હરિજને હૈયામાં ધાર્યો;
કહે વર્ણી સુણો હે રાય, એવું ભજન તે દિવસથી થાય. ૫૫
તેના પહેલું ભજન એમ થાતું, રામ કૃષ્ણ ગોવિંદ ભજાતું;
હરે નારાયણની ઉચ્ચારી, સઉ કરતા ભજન નરનારી. ૫૬
ચૌદમાંથી નવી રીત કરી, સૌના અંતર માંહી ઊતરી;
પરગામથી આવેલા જન, પ્રભુ તે પ્રત્યે બોલ્યા વચન. ૫૭
જાઓ પોત પોતાને પ્રદેશ, ભગવાનને ભજો હંમેશ;
રામાનંદસ્વામી નથી ગયા, સદા છે સતસંતમાં રહ્યા. ૫૮



૧.બાળી દેનાર

કદીયે નહિ દિલગિરી કરવી, ધર્મમાં રહી ધીરજ ધરવી;
એમ કહી કર્યા સૌને વિદાય, ચાલ્યા સૌ પ્રભુને નમી પાય. ૫૯
વ્યાપકાનંદનું આખ્યાન, કોઇ કહેશે કે સુણશે કાન;
તેના સિદ્ધ મનોરથ થાશે, અંતે અક્ષરધામમાં જાશે. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિ હરિજનની કથા પવિત્ર, શ્રવણ કર્યાથી મટે ભ્રમો વિચિત્ર;
તન મન પણ શુદ્ધ સદ્ય થાય, શુક સનકાદિ સદૈવ તેથી ગાય. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વ્યાપકાનંદાખ્યાને સ્વામિનારાયણનામમહિમાકથનનામા તૃતીયો વિશ્રામઃ ॥૩॥***

**પૂર્વછાયો :**

સ્વામીનું કાર્ય ગયા પછી, મુક્તાનંદને કહે મહારાજ;
સંતનું મંડળ સંગ લઇ, તમે ભુજ પધારો આજ. ૧

**ચોપાઈ :**

ત્યાંના જાણે છે ભક્ત સુજાણ, રામાનંદને જીવન પ્રાણ;
સ્વામી જાતાં તે થૈને નિરાશી, હશે અંતરે અધિક ઉદાસી. ૨
માટે જૈ તમે ધીરજ આપો, કષ્ટ વિરહવિજોગનું કાપો;
મુક્તાનંદે તે આગન્યા ધારી, હાથ જોડીને વિનતિ ઉચ્ચારી. ૩
આજ્ઞા આપની શીશ ધરીશ, ભુજ જૈ કહ્યું તેમ કરીશ;
પણ વાત કહું એક જેહ, લેજો અંતરમાં ધરી તેહ. ૪
અભિમાની આ રઘુનાથદાસ, રહે એવી મને નથી આશ;
અંતે સત્સંગમાંથી તો જાશે, પૂરેપૂરો વળી દ્રોહી થાશે. ૫





એને ગમતાં વચન ઉચરીને, રાખજો જેમ તેમ કરીને;
જે જે બોલે તે બોલ સાંભળજો, અમદાબાદ એને મોકલજો. ૬
એવી વાત વદીને વિશેષ, મુનિ મુક્ત ગયા કચ્છ દેશ;
ઘણા સાધુ રહ્યા પ્રભુ પાસ, તેમાં મોટેરા તો રામદાસ. ૭
જે જે કામ શ્રીહરિ આદરે, તે તો તેહને પૂછીને કરે;
ભાવે સુણો અભેસિંહ ભ્રાત, હવે શ્રીહરિની કહું વાત. ૮

**પૂર્વછાયો :**

વિપ્ર મહાભક્ત માવજી, જેનું ધોરાજીમાં ધામ;
રામાનંદના કાર્યમાં, આવ્યા હતા ફણેણી ગામ. ૯

**ચોપાઈ :**

તેણે પ્રેમથી શ્રીહરિ પાસ, કર્યા વિનતિનાં વચન પ્રકાશ;
દયાસિંધુ દયા દિલ ધારો, ધર્મપુત્ર ધોરાજી પધારો. ૧૦
રામાનંદના શિષ્ય છે જેહ, ઈચ્છે દર્શન આપનું એહ;
ઘણા નાસ્તિક જન ત્યાં રહે છે, સ્વર્ગ નરકને મિથ્યા કહે છે. ૧૧
તેને જીતી કરો જેજેકાર, વેદધર્મનો થાય પ્રસાર;
ધર્મ સ્થાપવાને ધર્યો દેહ, માટે કામ કરો પ્રભુ તેહ. ૧૨
એવી અરજી સુણી થયા રાજી, ધર્મપુત્ર પધાર્યા ધોરાજી;
વિપ્ર માવજી કેરે નિવાસ, કર્યો ઉતારો શ્રીઅવિનાશ. ૧૩
આંગણામાં સભા ભલી ભરી, સિંહાસનમાં બિરાજ્યા શ્રીહરિ;
દૈવી જીવ જે ત્યાંના નિવાસી, આવ્યા દર્શન કરવા હુલ્લાશી. ૧૪
નાથે નજર તેઓ સામી સાંધી, થઈ સૌ જનને ત્યાં સમાધિ;
જોયો કોઇયે વૈકુંઠવાસ, જોયો કોઇયે ગિરિ કૈલાશ. ૧૫

કોઈ ગોલોક ધામમાં ગયા, કોઈ બ્રહ્મસદન સ્થિર થયા;
કોઈયે શ્વેતદ્વિપ નિહાળ્યો, કોઈયે નિજ આત્માને ભાળ્યો. ૧૬
જન જાગ્યા સમાધિથી જ્યારે, જે જે જોયું તે તે કહ્યું ત્યારે;
પેખી પ્રગટ પ્રભુનો પ્રતાપ, સતસંગી થયા તજી પાપ. ૧૭
આખા પુર વિષે પ્રસરી વાત, એ તો અદ્‌ભુત જાણ્યું અઘાતે[1];
કૈંક જોગી મરે જોગ સાધી, તોય થાય ન તેને સમાધી. ૧૮
જોગ સાધ્યા વિના આ તો થાય, નિશ્ચે શ્રીપ્રભુ પ્રગટ્યા જણાય;
જન ટોળે ટોળાં મળી આવે, કરી દર્શન મન મુદ[2] લાવે. ૧૯
જેવો નાસ્તિક મત ચાર્વાક[3], એવા મતના જે લોક ઘણાક;
વેદ બ્રાહ્મણને સાધુ સારા, સદા તેની નિંદા કરનારા. ૨૦
વેદ શાસ્ત્રને કલ્પિત જાણે, સ્વર્ગ નરક અસત્ય પ્રમાણે;
કદી ન કરે તીરથ વ્રત દાન, નહીં ગોવિંદના ગુણગાન. ૨૧
શિષ્નોદરના[4] જ સ્વાદને ઇચ્છે, પાપપુણ્ય કશામાં ન પ્રીછે;
વાદ વદવા કરી નીરધાર, આવ્યા શ્રીપ્રભુ પાસ અપાર. ૨૨
તેની આગળ હરિ સાક્ષાત, કહી વેદના ધર્મની વાત;
વરણાશ્રમના ધર્મ પાળે, યજ્ઞ યાગ કરે અઘ ટાળે. ૨૩
તે તો સ્વર્ગ તણાં સુખ લે છે, વેદ તો એવાં વાક્ય વદે છે;
થાય ઈશ્વરનો અવતાર, થાપે ધર્મ શ્રુતિ અનુસાર. ૨૪
કરે આજ્ઞા તે જે સમે જેવી, પાળે જે જન તે સમે તેવી;
તે તો મોક્ષ ગતીયે જ જાય, ફરી જન્મમરણ નવ થાય. ૨૫
જન જે પાપ પંથે ચડે છે, તે તો નરકના કુંડે પડે છે;
જમના દુત મારે છે માર, પીડા પામે છે અપરમપાર. ૨૬



૧.અપાર ૨.હર્ષ,આનંદ ૩.અનિશ્વરવાદી,નાસ્તિક ૪.સ્ત્રી અને રસ



માટે પાપ કદાપિ ન કરવું, સદાચરણ સદૈવ આચરવું;
વદ્યા એવાં વચન ભગવાન, બોલ્યા નાસ્તિક ધરી અભિમાન. ૨૭
કેવી સારી શોધી કાઢી જુક્તિ, મળે ધર્મે મુવા પછી મુક્તિ;
પેલા ભવનો તે વાયદો સારો, કોણ જાણે તે કોણ જોનારો. ૨૮
કરે સંસારનાં સુખ ત્યાગ, અમે જાણિયે એનાં અભાગ્ય;
ખાવું પીવું ખુશી થવું જેહ, જન્મનું ફળ જાણિયે તેહ. ૨૯
કોણે દીઠાં છે પુણ્ય ને પાપ, સમજાવોજી અમને આપ;
સુણી બોલિયા શ્રીગિરધારી, જુઓ ચિત્તમાં ઉંડું વિચારી. ૩૦

**ઉપજાતિવૃત્ત :**

જો પુણ્ય ને પાપ ખરું ન હોય, તો દુઃખી સુખી ન જણાય કોય;
રાજા તથા રંક જનો જણાય, તે પુણ્ય ને પાપ થકી જ થાય. ૩૧
જો એક આરોગ્ય દિસે અતિશે, જો એક જન્માંધ દરિદ્ર દિસે;
જો પુણ્ય ને પાપ ન હોય ભાઈ, જણાય એવી નહીં રે જુદાઈ. ૩૨
જો એક મિષ્ટાન્ન સદા જમે છે, જો એક ભીક્ષા કરવા ભમે છે;
તથાપિ તે પેટ નહીં ભરાય, તો પુણ્ય ને પાપ ખરું જણાય. ૩૩
જો એકને વાહન અશ્વ હાથી, જો એક જીવે જન કાસદાથી[1];
જો એકને છત્ર શિરે ધરાય, જો એક તાપે રણમધ્ય જાય. ૩૪
જો કૈંક છે પાલખી બેસનારા, બીજા ઉપાડી વિચરે બિચારા;
એવું ઘણુંયે નજરે નિહાળે, તથાપિ પાપી નહિં ધર્મ પાળે. ૩૫
જે પૂર્વ જન્મે સુકૃતો કરેલાં, તે આ ભવે ભોગવવા ઠરેલાં;
આ જન્મમાં જે કરશો કમાઈ, બીજે ભવે ભોગવશો જ ભાઈ. ૩૬
ઉન્મત્તતામાં નહિ પાપ ભાસે, ઉન્મત્તતા દુઃખ પડે વિનાસે;



૧.ચાકરી કરી

તેવે સમે તો પ્રભુ સત્ય જાણી, પસ્તાય છે પાપ તપાસી પ્રાણી. ૩૭
યથાતથા વાદ વૃથા વિસારી, કથા તથા કીર્તનને ઉચ્ચારી;
ભજો રથારૂઢ[1] રથાંગધારી[2], અથાહ[3] સંસારવ્યથા નિવારી. ૩૮
અરે ઉરે સાર વિચાર આણી, શ્રુત્યાદિ સચ્છાસ્ત્ર સુસત્ય જાણી;
ચિત્તે કરો ચિંતન નિત્ય ચેતિ, ગોવિંદ દામોદર માધવેતિ. ૩૯

**પૂર્વછાયો :**

તે સુણીને નાસ્તિક કહે, ક્યાં છે કૃષ્ણ જગતકરતાર ?
દિઠા વિના કેમ માનિયે ? માનવાનો તે શો આધાર ? ૪૦

**જગત્કર્તા પરમેશ્વર છે તે વિષે :**

**ચોપાઈ :**

સુણી બોલિયા સુંદરશામ, પરમેશ્વરનાં જુઓ કામ;
જેણે પૃથવી બનાવી આ છે, જેણે સાગર શૈલ કર્યા છે. ૪૧
પશુ પક્ષી વનસ્પતિ પ્રાણી, રચ્યાં જેણે ઘણી જુક્તિ આણી;
કાયા માણસની રુડી કીધી, તેમાં જુક્તિ કેવી કરી દીધી. ૪૨
અંગોઅંગ તપાસીને ભાઇ, જુવો ઈશ્વરની ચતુરાઇ;
આંખ્યમાં જળ ઉતરે ન જેમ, કરી ભમર્યો છજા જેવી તેમ. ૪૩
તાજું દૂધ બાળકને કાજે, માના સ્તનમાં કર્યું મહારાજે;
કેમ રુધિરનું દૂધ તે થયું ? કેમ કામ મટ્યે મટી ગયું ? ૪૪
એવી જુક્તિ જણાય અપાર, કેમ થાય વિના કરનાર ?
કર્યા સૂર્ય શશિ ગ્રહ તારા, યથાયોગ્ય પ્રકાશ દેનારા. ૪૫
તેનો નિયંતા જો નવ ઠરે, કેમ નિયમ પ્રમાણે તે ફરે?
વાયુ નિયમ પ્રમાણે જ વાય, વૃષ્ટિ નિયમ પ્રમાણે જ થાય. ૪૬



૧.રથે બીરાજેલા ૨.રથનું પૈડું ધારણ કરેલ કૃષ્ણ ૩.પાર વિનાનું



જુવો સાગરને નથી પાળ્ય, તોય હદ ન તજે કોઇ કાળ;
એવી રચના નિહાળી અપાર, નિશ્ચે જાણો છે જગ કરનાર. ૪૭
શ્વેત રંગે રંગ્યા જુવો હંસ, કર્યો કાળો કોકિલનો વંશ;
જુવો પોપટ લીલો જણાય, કરતાર વિના કેમ થાય ? ૪૮
જુવો પવન તો નજરે ન પડે, પણ તરુવર ડોલે તેવડે;
દેખી દૂરથી નિશ્ચય થાય, કહે પવન ઘણો ત્યાં વાય. ૪૯
વીશ કોશ ઉપર થાય વૃષ્ટિ, દેખે દૂરથી નહીં જનદષ્ટિ;
પણ આવે નદી માંહી પૂર, જાણે વૃષ્ટિ થઇ તે જરૂર. ૫૦
તેમ રચના આ સૃષ્ટિની જોઇ,જાણો નિશ્ચે છે કરનાર કોઇ;
એવા સાંભળી હરિનાં વચન, માન્યું નાસ્તિકનું નહિ મન. ૫૧
કહે નાસ્તિક કોણ બનાવે, સૃષ્ટિ થાય ને જાય સ્વભાવે;
કર્યા વગર જો કંઇ ન થાય, કહો ઈશ્વરનો કર્તાય. ૫૨
અતિ ચતુર તે ઈશ્વર ઠર્યો, એવો એને કહો કેણે કર્યો?
સુણી બોલિયા સુંદરશામ, તમે સાંભળો વાદી તમામ. ૫૩
નભમાં બહુ ઉપજે સમાય, પણ આકાશ સિદ્ધ સદાય;
એમ ઈશ્વર શાશ્વત એ છે, એની ઇચ્છાયે જગ ઉપજે છે. ૫૪
કહો તો વેદવાક્ય બતાવું, કહો તો શાસ્ત્રથી સમઝાવું;
સુણી બોલિયા નાસ્તિક વાણી, વેદવાણી તો કલ્પિત જાણી. ૫૫
શાસ્ત્રની અમને ન પ્રતીત, અમે માનીયે જુક્તિની રીત;
કહે કૃષ્ણ જો શાસ્ત્ર તજાશે, ત્યારે વિશ્વની શી ગતિ થાશે? ૫૬

**શાસ્ત્રના વિશ્વાસ વિષે : ઉપજાતિવૃત્ત :**

સદ્ધર્મ તો શાસ્ત્ર થકી જણાય, સદ્ધર્મથી સર્વ સુખી સદાય;

જો ધર્મ કેરો ન રહે પ્રવેશ, તો પાપથી સર્વ પિડાય દેશ. ૫૭
જેવી સ્થિતિ જાણ જનાવરોની, જેવી સ્થિતિ નારી તથા નરોની;
ડરે ન ચોરી વ્યભિચાર દોષે, લૈ પારકાં પ્રાણ સ્વપંડ પોષે. ૫૮
શાસ્ત્ર પ્રમાણે જ વિવાહ થાય, શાસ્ત્રો સુણી માત પિતા પૂજાય;
વિશ્વાસ જો શાસ્ત્ર તણો ન હોય, તો રીતિ સારી ન ધરે જ કોય. ૫૯
ગરીબને તો બળવાન મારે, દયા ન ધારે દિલમાં લગારે;
ન સ્વર્ગ આશા જમનો ન ત્રાસ, કુકર્મમાં કેમ કરે કચાશ ? ૬૦
માતા સુતા કે ભગિની સગાઇ, છે સર્વ સચ્છાસ્ત્ર થકી જ ભાઇ;
પક્ષી પશુ શાસ્ત્ર ન જાણનારાં, સગાઈમાં શું સમજે બિચારાં. ૬૧
મનુષ્યકેરી મન જુક્તિ કેવી, જે દીશ ચાલે વહિ જાય તેવી;
આકાશમાં જાય હવાઇ જેમ, જોરે ભરેલી અટકે ન એમ. ૬૨
જો કલ્પના[૧] શુદ્ધપથે સિધાવે, સંસારસિંધુ તરી પાર લાવે;
જો કલ્પના કુત્સિત માર્ગ જાય, તો વિપ્રનો પુત્ર કસાઇ થાય. ૬૩
જે શાસ્ત્ર વાંચી દ્વિજ તો રળે છે, જે શાસ્ત્રથી મોદક તો મળે છે;
તે શાસ્ત્રને કલ્પિત જે ગણો છો, બેઠા તણી ડાળ તમે હણો છો. ૬૪
જે શાસ્ત્ર સત્તા દ્વિજની વધારે, પૂજાય વિપ્રો પણ શાસ્ત્રદ્વારે;
તે શાસ્ત્ર મિથ્યા કરવા જ લાગ્યા, જૂવો દ્વિજો આજ સપૂત જાગ્યા. ૬૫
વશ્યા ઋષી જેહ અરણ્ય વાસે, ન જાણતા નાસ્તિક પુત્ર થાશે;
વ્યાપ્યો કળીકાળ અશેષ અંશે, પુત્રો થયા નાસ્તિક વિપ્રવંશે. ૬૬
ધિક્કાર માતા ધિક તાત તેનો, જોતાં દિસે નાસ્તિક પુત્ર જેનો;
તે તાતનો વંશ ડુબાવનારો, છે દૈત્ય કે રાક્ષસ છે નઠારો. ૬૭



૧.બુદ્ધિ, મનોભાવના



**ચોપાઇ :**

એવા શબ્દ સુણી સુણી સાચા, થઇ નાસ્તિકની બંધ વાચા;
ડરે થરથર ધ્રુજ્યાં શરીર, વહ્યાં નેણ થકી ઘણાં નીર. ૬૮
શિશ નામી બોલ્યા તતખેવ, પ્રભુ છો તમે દેવના દેવ;
સ્વર્ગ નરક તો અમને દેખાડો, મન સંશય સર્વ મટાડો. ૬૯
દયાસિંધુયે દિલ દયા લાવી, નાસ્તિકોને સમાધિ કરાવી;
સૌને દેખાડ્યા નરકના કુંડ, જોયાં ત્યાં જમદૂતના ઝૂંડ. ૭૦
પાપી જાણી પકડવાને આવ્યા, ડશી હોઠને ખૂબ ડરાવ્યા;
લીધું સ્વામિનારાયણ નામ, ત્યારે તે રહ્યા દૂર તમામ. ૭૧
દેવ એવે સમે એક આવ્યો, લેઇ નાસ્તિક સ્વર્ગે સિધાવ્યો;
દેવ દેવીનાં દેખાડ્યાં સ્થાન, ઘણા વૈભવ વિવિધ વિમાન. ૭૨
જેણે જેવો સાધ્યો તપ જોગ, તેવા ભોગવે વૈભવ ભોગ;
એવું જોઇ સમાધિથી જાગ્યા, પ્રભુને પગે પ્રેમથી લાગ્યા. ૭૩
ભક્તિપુત્ર જાણ્યા ભગવાન, થયા શિષ્ય તજી અભિમાન;
એમ નાસ્તિક મત જીતી લીધો, ધોરાજીમાં જેજેકાર કીધો. ૭૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણ નરપતિ એમ નાસ્તિકોને, જગપતિ જીતી ખુશી કર્યા જનોને;
શ્રુતિ મત શુદ્ધ તેહ થાપ્યો, અધરમરૂપ અશાસ્ત્ર વાદ કાપ્યો. ૭૫

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિનાસ્તિક-મતપરાજયકરનામા ચતુર્થો વિશ્રામઃ ॥૪॥***

**પૂર્વછાયો :**

શ્રીહરિ સોરઠ દેશમાં, ગયા તે પછી જે જે ગામ;
તેહ કથા તમને કહું, સુણો નૃપ અભેસિંહનામ. ૧

**ચોપાઈ :**

ચાલ્યા સોરઠમાં હરિ ફરવા, કૈંક જનને કૃતારથ કરવા;
રામાનંદના વિરહી જન, શાંત કરવાને તેહનાં મન. ૨
સંતમંડળ પાર્ષદ સાથ, ચાલ્યા ધોરાજીથી મુનિનાથ;
સત્રાસે થઈ ભાડેર ગયા, તહાં પાદરમાં સ્થિર થયા. ૩
સતસંગી મળી સામા આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા;
ગણું મુખ્ય તો ગોકુળદાસ, ભક્ત વાઘજીનો ત્યાં નિવાસ. ૪
તેના પુત્ર દેહળજી નામ, ભક્ત વિપ્ર રુડા દેવરામ;
તેણે પૂજા કરી ધરી ભાવ, રીઝ્યા તે થકી નટવર નાવ. ૫
ત્યાંથી માણાવદર ગયા શામ, સામા આવ્યા ત્યાં ભટ મયારામ;
ભૂપ વાં[૧]બી ગજેફરખાન, સામા આવી કર્યું સનમાન. ૬
કર્યો ઉતારો ભટજીને ઘેર, સભા નિત્ય સજે શુભપેર;
રામાનંદની ગાદીની આશે, માંડ્યો પાખંડ રઘુનાથદાસે. ૭
ગુરુડોળ બનાવીને બેશી, કાઢે શ્રીરામનંદની દેશી;
ઘનશામનું બોલે ઘસાતું, સુણી સંતે સહન નથી થાતું. ૮
કહે ગાદીનો વારસ હું છું, શ્રેષ્ઠ શિષ્ય તો હું જ ઠરુ છું;
માટે મેં ગુરુનું પદ લીધું, રામાનંદે દૈવત મને દીધું. ૯
એવાં સાંભળી વચન પ્રકાશ, ખીજ્યા સાધુ રામચર્ણદાસ;
સાધુ તે રામાનંદના શિષ્ય, વાત ભાંખતા તે તો ભવિષ્ય. ૧૦



૧.મુસ્લીમ રાજાનો એક પ્રકાર



ચાલ્યા ત્યાં થકી તે તો રિસાઇ, કહે કેમ કરે તે ઠગાઇ ?
એનું મન છે મલીન અપાર, નથી સત્સંગમાં રહેનાર. ૧૧
એમ કહીને ગયા સાધુ જ્યારે, મહારાજ ને ભટજી ત્યારે;
ગયા બેય મળીને મનાવા, કહ્યા સાધુયે ત્યાં શબ્દ આવા. ૧૨
એ છે કાનો ગરાશિયો નાતે, પણ હું તો છું વાઘેલો જાતે;
એનું બોલ્યું સહન કેમ કરું ? કેટલીક ક્ષમા ઉર ધરું. ૧૩
એને મોકલશો ક્યાંઇ જ્યારે, તમ પાસ હું આવીશ ત્યારે;
ત્યાં સુધી બીજે ગામ ફરીશ, સતસંગમાં વાતો કરીશ. ૧૪
તમ ઊપર છે મારે પ્રીત, રુડી તમારી જાણું છું રીત;
એમ બોલીને સંત સિધાવ્યા, ભટજી ને શ્રીજી પાછા આવ્યા. ૧૫
પછી સંતનાં મંડળ લૈને,પીપળાણે રહ્યા પ્રભુ જૈને;
નરસિંહ મે'તા તણે ઘેર, ઉતર્યા પ્રભુજી રુડી પેર. ૧૬
પધરામણી ઘેરઘેર થાય, હરિભક્ત ઘણા હરખાય;
સભામાં ઘનશામ બિરાજે, જેમ ઉડુગણમાં શશિ છાજે. ૧૭
હરિજનને સમાધિ કરાવી, દઉં તેનાં તે નામ ગણાવી;
મે'તા નરસિંહ દ્વિજ ઉનેવાળ, શોભે જેનું કુટુંબ વિશાળ. ૧૮
તેની પત્નીનું લાડુ છે નામ, પુત્ર ચાર તેના અભિરામ;
નામે કલ્યાણજી વાલજીય, રઘુનાથ તથા રવજીય. ૧૯
લાડુબાઇ તથા માનુબાઇ, મે'તા નરસિંની પુત્રી ગણાઇ;
નારાયણદવે હરિના ઉપાસી, આખા ગામ તણા રહેવાસી. ૨૦
તેના પુત્ર પવિત્ર છે જેહ, કુંવરજી ગોવિંદજી તેહ;
ત્રીજા નરસિદવે કહેવાય, જીબા મીઠી બેપુત્રી ગણાય. ૨૧

ઉકો ડાઉ આહીરની જાતી, જેને સહજે સમાધિ થાતી;
આવરણ જેણે આડું ન આવે, ધારે ત્યાં તે સ્વતંત્ર સિધાવે. ૨૨
જોશી લાધા આદિક બેઠા આવી, સૌને હરિએ સમાધિ કરાવી;
જઇ જુવે જુદાં જુદાં ધામ, કહે જાગીને વાત તમામ. ૨૩
લોકો અચરજ પામે ઘણાય, તેથી શ્રીજીના આશ્રિત થાય;
એવી લીલા ઘણી ઘણી કરી, પછી જમવા પધારિયા હરિ. ૨૪
મે'તા નરસિંના ભાઇ પ્રમાણો, જેનું નારણજી નામ જાણો;
તેની પત્નિ નામે રુકમાઇ, જેની માતા છે લાડકીબાઇ. ૨૫
તેણે સારી રસોઇ કરીને, હેત લાવિ જમાડ્યા હરીને;
સાધુ પાળાની પંગતિ થઇ, જમાડ્યા જગજીવને જઇ. ૨૬
પછી સાંજ સમે મહારાજ, લૈને પાર્ષદ સંતસમાજ;
એક અશ્વે થઇ અસવાર, ગયા પશ્ચિમમાં પુરબાર. ૨૭
દીઠો સંધાઇનો વડ એક, હતાં તે વિષે ભૂત અનેક;
તેને મુક્તિ દેવા રુચિ કરી, બેઠા ત્યાં જ સભા સજી હરી. ૨૮
નારાયણધૂન્ય ત્યાં તો કરાવી, ભૂતો ઉભાં રહ્યાં સર્વ આવી;
બહુ રૂવે અને રાડ્યો પાડે, અતિ દુઃખનાં ચિહ્ન દેખાડે. ૨૯
દયાસિંધુ દયા કરી તેને, બદ્રીકાશ્રમે મોકલ્યાં એને;
પછી પ્રશ્ન ઉત્તર બહુ કર્યા, નદી ઓઝતે નાવા સંચર્યા. ૩૦
સંત હરિજન કીર્તન ગાય, તેની શોભા ન વરણવી જાય;
પાણી ભરવાનો આરો છે જ્યાંય, તેથી પશ્ચિમમાં હ્રદ[૧] ત્યાંય. ૩૧
નાહ્યા તે હ્રદમાં મુનિનાથ, નાહ્યા સંત ને હરિજન સાથ;
મે'તા નરસિંના સુતને બોલાવી, તેને શામે સમાધિ કરાવી. ૩૨



૧.નદીમાં રહેલ ઊંડા પાણીનો ધરો



રઘુનાથ નામે કહેવાતો, નદીમાં તેને મેલ્યો તણાતો;
હરિભક્તો કહે મહારાજ, વિપ્ર બૂડી મરી જશે આજ. ૩૩
ત્યારે તેને શ્રીહરિયે બોલાવ્યો, ઉઠી તરત પ્રભુ પાસે આવ્યો;
બોલ્યા સહુ સુણતાં તેહ ઠામ, મેં તો જૈ જોયું અક્ષરધામ. ૩૪
દીઠા ત્યાં સહજાનંદસ્વામી, એ જ અક્ષરધામના ધામી;
સેવામાં ઉભા મુક્ત અનંત, જેના ઐશ્વર્યનો નહિ અંત. ૩૫
એવી વાત સુણી તેહવાર, પામ્યા અચરજ સૌ નરનાર;
પછી અશ્વે સજી અસવારી, આવ્યા ગામમાં શ્રીગિરધારી. ૩૬
વાજતે ગાજતે રુડી પેર, આવ્યા નરસિંહ મે'તાને ઘેર;
બેઠા સાંઝે સભા ભરી લાલ, લાવ્યો વશરામ નાઇ મશાલ. ૩૭
સભામાં આરતી ધૂન્ય કરી, વાળુ કરવા પધાર્યા શ્રીહરિ;
કર્યો લાડકીબાઇયે થાળ, જમ્યા પ્રીતથી જનપ્રતિપાળ. ૩૮
પ્રભુ પોઢ્યા પલંગમાં રાતે, પછી જાગિયા થાતે પ્રભાતે;
પછી નિત્યક્રિયા સર્વ કરી, એક અશ્વ ઉપર ચડ્યા હરી. ૩૯
જરિયાનનાં પટ ધરી અંગે, સંત હરિજનને લઇ સંગે;
શામ આવ્યા સંધાઇને વડે, ઢોલ ત્રાંસાં નોબત ગડગડે. ૪૦
હરિભક્તે હિંડોળો બંધાવ્યો, ભાળી શ્રીહરિને મન ભાવ્યો;
ઝૂલ્યા હિંડોળે શ્રીભગવાન, કર્યું સંતોયે કીર્તનગાન. ૪૧
લાધા જોશીને શ્રીમહારાજે, છડી આપી સમાધિને કાજે;
તેનું ઠેબું જેને અડાડાય, તેને તરત સમાધિ થાય. ૪૨
બીજું ઠેબું અડાડે તે જ્યારે,જાગે તે સમાધિમાંથી ત્યારે;
એમ બહુને સમાધિ કરાવી, થાય જન બહુ આશ્રિત આવી. ૪૩

હિંદુસ્થાની ત્યાં વેરાગી કોઇ, બોલ્યો તેહ સમાધિને જોઇ;
સુણો સ્વામિનારાયણ વાત, ન જુવો તમે જાત કુજાત. ૪૪
જેને તેને સમાધિ કરાવો, તેનું કારણ મુજને બતાવો;
સુણી બોલિયા શ્રીઅવિનાશી, એ છે અક્ષરધામના વાસી. ૪૫
તેણે ભૂતળમાં તનું ધારી, એનું કારણ ઇચ્છા અમારી;
તેનો મર્મ તમે નવ જાણો, એથી અંતરે સંશય આણો. ૪૬
સુણી પામ્યો અચરજ એહ, થયો આશ્રિત તત્ક્ષણ તેહ;
એમ પીપળાણા પુર વિષે, જે જે કાર કર્યો જગદીશે. ૪૭
એમ જ્યાં વિચર્યા ભગવાન, કર્યા તે સ્થળ તીરથ સ્થાન;
તેનો મહિમા કહ્યો નવ જાય, મોટા જોગી કરે જાત્રાય. ૪૮
પિપળાણેથી શામ સિધાવ્યા, અગત્રાઈને પાદર આવ્યા;
દીઠો ગામથી દક્ષિણ ભાગ, જળાશય તટ સુંદર બાગ. ૪૯
સતસંગી ત્યાં સામૈયું લાવ્યા, બાગમાં હરિને ઉતરાવ્યા;
ભીમભાઇ ને પર્વતભાઇ, સારી સેવા સજે સુખદાઇ. ૫૦

**પૂર્વછાયો :**

અધવારું[૧] એ બે ભક્તનું, હતું તેવે સમે ત્રણ ગામ;
સ્નેહ સહિત નૃપ સાંભળો, કહું તે ત્રણ ગામનાં નામ. ૫૧

**ચોપાઈ :**

માણાવદર ને અગત્રાઇ, કાળવાણી ભલું ત્રીજું ભાઈ;
માટે જે ગામ શ્રીહરિ જાય, ત્યાં તે સેવામાં હાજર થાય. ૫૨
સભામાં બેઠા શ્રીઘનશામ, આવ્યો બ્રાહ્મણ એક તે ઠામ;
નામ તેનું ઉમિયાશંકર, એક શ્લોક બોલ્યો દ્વિજવર. ૫૩



૧.બીજે ગામ કે બીજા ઘેર અર્ધો વાસ કરવો, અર્ધો ભાગ રાખવો



હરિમૂર્તિનું વર્ણન તેમાં, મહિમા પણ અદભુત એમાં;
તે તો શ્લોક સ્નેહે સુણી લઇ, એક જનને સમાધિ થઇ. ૫૪
દ્વિજને કહે ધર્મદુલારો, તમે શ્લોક બોલ્યા બહુ સારો;
હરિનો મહિમા સુણી લઇ, હરિજનને સમાધિ થઇ. ૫૫
સુણી વિપ્ર બોલ્યો શિર નામી, મુજ શક્તિ નથી એવી સ્વામી;
કથા કરતાં ઉંમર ગઇ બાધી, પણ કોઇને થઇ ન સમાધિ. ૫૬
એવા માંહી બની બીજી વાત, કહું તે સાંભળો તમે ભ્રાત;
જુનાગઢનો કોઇ જમાદાર, બેઠો હતો તે સભા મોઝાર. ૫૭
તેને પણ સમાધિ થઇ ત્યાંય, જોયું ધામ ખુદા રહે જ્યાંય;
ખુદારૂપે દીઠા શ્રીહરિને, ઉભા પાસે સલામ કરીને. ૫૮
એક લાખ ને એંશી હજાર, ઓલિયા કરે અરજ ઉચ્ચાર;
જોયા ત્યાં ઘણા પીરાન પીર, કરે સ્તુતિ નમાવીને શીર. ૫૯
એવું જોઇને જાગિયો જ્યારે, ઉમિયાશંકરે કહ્યું ત્યારે;
થયા આગળ હરિ અવતાર, આવું તો ન કર્યું કોઇ વાર. ૬૦
આ તો જાદુ જેવું મને લાગે, ભાઇ કેમ આ ભ્રાંતિ તે ભાંગે ?
સુણી બોલિયો તે જમાદાર, આ તો નિશ્ચે ખુદા અવતાર. ૬૧
એને બેહેસ્ત[૧]માં મેં દીઠા એવા, સજે સર્વ પેગાંબર સેવા;
મેં તો જાણી હરિની ખુદાઇ, કહો તો કહું સોગન ખાઇ. ૬૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણી થઈ અતિ ચિત્ત માંહી શાંતિ,ઉભય તણી મનમાંથી ભાંગી ભ્રાંતિ;
તજી નિજ મત ગર્વ સર્વ છોડી,સરસ થયા સતસંગી સ્નેહ જોડી. ૬૩

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે***



૧.સ્વર્ગ

*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ સૌરાષ્ટ્રદેશવિચરણનામા પંચમો વિશ્રામઃ ॥૫॥*

**પૂર્વછાયો :**

વાસ વસે અગત્રાઈમાં, હરિભક્ત ભલા ભીમભાઈ;
વાત કહું એક એહની, અભેસિંહ સુણો હરખાઈ. ૧

**ચોપાઈ :**

એક અવસરે શ્રીહરિ પાસ, બેઠા સંત તથા હરિદાસ;
તેમાં બેઠા હતા ભીમભાઈ, કથા કૃષ્ણલીલાની વંચાઈ. ૨
પુરુષોત્તમનો મહિમાય, સુણી હૈયામાં હરખ ન માય;
હરિભક્તનો મહિમા વિચારી, અંગોઅંગમાં લાગી ખુમારી. ૩
પછી પ્રભુપદ કરીને પ્રણામ, ગયા ખેતરે કરવાને કામ;
ત્યાં તો અવની થકી એક ઠાર, લાખો કીડિયો નિકળી બહાર. ૪
તેને દેખી દયા દિલે ધારી, કર્યો સંકલ્પ કૃષ્ણ સંભારી;
અહો ભક્તિતનુજ ભગવાન, દીનબંધુ દયાના નિધાન. ૫
આવા પ્રાણીની શી ગતિ થાશે ? વળી વૈકુંઠમાં ક્યારે જાશે ?
કશું સામર્થ્ય જો હોય મારું, બધિયોને વિમાને બેસારું. ૬
સૌને વૈકુંઠ માંહી વસાવું, એનું સંકટ સર્વ નસાવું;
એવો ચિત્તમાં કીધો વિચાર, ત્યાં તો આવ્યાં વિમાન અપાર. ૭
કીડિયોયે તજી નિજ કાયા, દિવ્યદેહ તે સૌના દેખાયા;
રુડાં દિસે ચતુર્ભુજ રૂપ, બેઠાં વિમાનમાં સુખરૂપ. ૮
વશ્યા જૈને તે વૈકુંઠ વાસ, ભીમભાઈ આવ્યા પ્રભુ પાસ;
બધી વાત કરી રૂડી રીતે, પૂછ્યાં પ્રશ્ન પછી પુરી પ્રીતે. ૯





કીડીયોનાં તે શાં હશે કર્મ ? મહારાજ કહો તેનો મર્મ;
દેવતા પણ દુર્લભ જાણે, ઠરી કેમ તે એવે ઠેકાણે ? ૧૦
સુણી બોલ્યા સદા સુખદાઈ, સુણો ભક્ત ભલા ભીમભાઈ;
થાય અંશ કળા અવતાર, ત્યારે ભક્ત પામે ભવપાર. ૧૧
પુરુષોત્તમ પોતે પધારે, તેની રીત જુદી હોય ત્યારે;
નહિ ભક્ત અભક્ત પ્રમાણ, કરે સંકલ્પથી જ કલ્યાણ. ૧૨
તેના સેવક સંકલ્પ કરે, એથી પણ બહુ જીવ ઉદ્ધરે;
અવતાર અને અવતારી, એની એટલી રીત છે ન્યારી. ૧૩
કીડીયો કેરા કલ્યાણ માટ, ઘડ્યો અંતરમાં તમે ઘાટ;
થયો તે થકી તેનો ઉદ્ધાર, પામી તે ભવસાગર પાર. ૧૪
એવી વાત સુણી નરનારી, જાણ્યા અવતારના અવતારી;
એવી લીલા ત્યાં કીધી અપાર, આ તો એમાં થકી કહ્યો સાર. ૧૫
તીર્થભૂમિ કરી અગત્રાઈ, પછી ત્યાંથી ચાલ્યા સુખદાઈ;
કાળવાણિયે કૃષ્ણ સિધાવ્યા, સતસંગી સઉ સામા આવ્યા. ૧૬

**પૂર્વછાયો :**

ગામથી પશ્ચિમ દિશ વિષે, એક બાગમાં જૈ મહારાજ;
એકાંત જોઈને ઉતર્યા, સાથે લઈને સંતસમાજ. ૧૭

**ચોપાઈ :**

હતા ત્યાં મુખ્ય આહીર ભક્ત, હરિપદમાં અધિક આસક્ત;
તેઓને કહે શ્રીઅવિનાશી, તમે છો સઘળા વ્રજવાસી. ૧૮
એમ કહિને આનંદ પમાડ્યા, સમાધિ વિષે ધામ દેખાડ્યા;
બેઠા સભા સજી ઘનશામ, બેઠા હરિજન સંત તમામ. ૧૯

વ્યાપકાનંદને કહે હરિ, ઈન્દ્રલોકમાં જૈ આવો ફરી;
સમાધિ વિષે તેહ સિધાવ્યા, ઈન્દ્રલોક નિહાળીને આવ્યા. ૨૦
પછી મોકલ્યા બ્રહ્માને ઘેર, ત્યાંજ જૈને આવ્યા રુડીપેર;
પછી મોકલ્યા ગોલોકધામ, સંત જૈને આવ્યા તેહ ઠામ. ૨૧
વળી આજ્ઞા કરી અવિનાશ, જાઓ ભૂમાપુરુષની પાસ;
સમાધિ કરી ત્યાંય સિધાવ્યા, થોડી વાર પછી પાછા આવ્યા. ૨૨
કહ્યું દૈત્ય છે રસ્તા મોઝાર, મોટી કાયા ને માથાં હજાર;
જવા દેતો નથી મને ત્યાંય, માટે શી રીતે મુજથી જવાય ? ૨૩
કહે કૃષ્ણ નહિ મન હારો, કાયા તેના થકી મોટી ધારો;
જુદ્ધે જીતીને રસ્તે સિધાવો, ભૂમાપુરુષ કને[1] જઇ આવો. ૨૪
સાધુ એવું સુણીને સિધાવ્યા, મોટા અસુરની આગળ આવ્યા;
દુષ્ટ તે બહુ લાગ્યો ડરાવા, કહે નહિ દઉં આગળ જાવા. ૨૫
સાધુયે ઘનશામ સંભારી, કાયા દૈત્યથી બમણી વધારી;
પછી યુદ્ધ કર્યું દૈત્યસંગ, માર મારી ભાંગ્યાં એનાં અંગ. ૨૬
પડ્યો પાપી તે પૃથ્વીમાં જ્યારે, સાધુ ચાલિયા આગળ ત્યારે;
બીજો દૈત્ય દીઠો તેહવાર, દીઠાં મસ્તક દશ હજાર. ૨૭
કરી ક્રોધ બોલ્યો બોલ આવા, વળ્ય પાછો નહી દઉં જાવા;
સાધુ પાછા વળ્યા સાક્ષાત, આવી શ્રીહરિને કહી વાત. ૨૮
બોલ્યા શ્રીહરિ આણીને સ્નેહ, ધરો દૈત્ય થકી ડોઢો દેહ;
એને જીતીને આગળ જાઓ, છતાં શક્તિ ન બીકણ થાઓ. ૨૯
સુણી સાધુ સમાધિમાં ગયા, દેહે દૈત્ય થકી ડોઢા થયા;
જીતી દૈત્યને ત્યાંથી સિધાવ્યા, ભૂમાપુરુષની આગળ આવ્યા. ૩૦



૧.પાસે



જૈને નેહે કર્યો નમસ્કાર, કહ્યા શ્રીહરિના સામાચાર;
ભૂમાપુરુષે પુરો પ્રેમ આણી, પૂજ્યા સાધુને મુક્ત પ્રમાણી. ૩૧
સારે સિંહાસને પધરાવ્યા, ચર્ચિ ચંદન હાર ચડાવ્યા;
વળી આપ્યો ભલો ફલાહાર,જમ્યા સંત ગણી સુખકાર. ૩૨
ત્યાંના વાસી હતા જન જેહ, જેના દિસે ચતુર્ભુજ દેહ;
આવી સાધુને તે પગે લાગ્યા, વાત સાંભળવા અનુરાગ્યા. ૩૩
પુરુષોત્તમનો મહિમાય, સંભળાવિયો તે સમે ત્યાંય;
વળી આશ્રય હરિનો કરાવ્યો, દઢ નિશ્ચય દિલમાં ઠરાવ્યો. ૩૪
લેતાં સ્વામિનારાયણ નામ, પહોંચાડિયા અક્ષરધામ;
કર્યું સાધુયે એટલું કામ, પછી આવ્યા જ્યાં છે ઘનશામ. ૩૫
સભા માંહી કહી બધી વાત, થયા સર્વ સુણી રળિયાત;
સુણી શ્રીહરિનો મહિમાય, જનને મન અચરજ થાય. ૩૬

**પૂર્વછાયો :**

એવે સમે હરિ આગળે, ભીમભાઇ ભલા ભક્તરાજ;
હાથ જોડી કહે હે હરિ, મારી અરજ સુણો એક આજ. ૩૭

**ચોપાઇ :**

રાજનીતિની છે એક રીત, કહું સાંભળો પરમ પુનીત;
જન્મ મરણ ને પટ્ટાભિષેક, જ્યારે પામે છે રાય હરેક. ૩૮
બંધિવાનની બંધી છોડાવે, એવી રીત સદા ચાલી આવે;
થયો આપને પટ્ટાભિષેક, સુણી હરખ્યા છે લોક અનેક. ૩૯
પણ નરકના કુંડમાં જે છે, તે તો પ્રાણી પીડાજ ખમે છે;
કોઇ સંતને મોકલો આપ, જૈને જીવ છોડાવે અમાપ. ૪૦

સુણી એટલી વાત તે ઠામ, સ્વરૂપાનંદને કહે શામ;
તમે યમપુર પ્રત્યે સિધાવો, કુંડ નરકના પ્રાણી છોડાવો. ૪૧
ભૂમાપુરુષ તણું જ્યાં છે ધામ, સૌને મોકલજો તેહ ઠામ;
સ્વરૂપાનંદે કીધી સમાધિ, ગયા યમપુર કૃષ્ણ આરાધિ. ૪૨
જોયા નરકમાં પીડાતા પ્રાણી, અતિ અંતરમાં દયા આણી;
લીધું સ્વામિનારાયણ નામ, નાઠા સાંભળી દૂત તમામ. ૪૩
પ્રાણી નીકળ્યા કુંડ બહાર, વંદ્યા સાધુને વારમવાર;
નારાયણ સ્વામિ ભજન કરાવ્યું, પાપ સંચિત સર્વે બળાવ્યું. ૪૪
થયા સર્વ ચતુર્ભુજરૂપ, દેહ દિવ્ય દેખાય અનૂપ;
ધામ ભૂમાપુરુષનું છે જ્યાંય, સંતે સર્વને મોકલ્યા ત્યાંય. ૪૫
સંતે શ્રીજીની આગળ આવી, વાત વિગત સહિત સુણાવી;
સુણી રાજી થયા શ્રીગોવિંદ, દીધાં છાતિમાં ચરણારવિંદ. ૪૬
વળી બોલિયા જગદાધાર, અમારે ધરી આ અવતાર;
જીવ ઉદ્ધારવા છે અનંત, હોય પાપી તથા પુણ્યવંત. ૪૭
મારે સંકલ્પે ઉદ્ધરે સહુ, કાયા ધરવાનું કારણ કહું;
ભક્તજનને ભલાં સુખ દેવા, ઈચ્છા કીધી મેં અવતાર લેવા. ૪૮
એવી વાત ઘણી ઘણી કરી, પછી તો ગયા પંચાળે હરિ;
પોશી પૂનમે સંતની સાથ, માંગરોળ ગયા મુનિનાથ. ૪૯

**પૂર્વછાયો :**

સામા આવ્યા સતસંગી સૌ, તેમાં મુખ્યનાં કહું છું નામ;
શેઠ ગોરધન સાથ છે, રામચંદ્ર સદ્‌ગુણધામ. ૫૦
સુંદરજી અને રતનજી, મુળચંદાદિ વણિકની જાત;





ભક્ત બીજા મંછારામ છે, અને આણંદજી વિખ્યાત. ૫૧

**ચોપાઈ :**

ભક્ત ધનજી ને ત્રીકમભાઇ, રાજુભાઇ આદિક બહુ બાઈ;
સામા આવી કર્યું સનમાન, ભાળી ભાવ રીઝ્યા ભગવાન. ૫૨
માંગરોળથી પશ્ચિમમાંય, રુડી વાડી છે ઉતર્યા ત્યાંય;
દેશપાળક વજરૂદીન, નેહ તેણે દેખાડ્યો નવીન. ૫૩
સજી સેવા તેણે પણ સારી, પગે લાગ્યા પેગંબર ધારી;
સભા શ્રીજી સમીપ ભરાય, બહુ જનને સમાધિ થાય. ૫૪
જ્યારે શ્રીહરિ પુરમાં પધારે, જેના સામું જુવે હરિ જ્યારે;
તેને સદ્ય સમાધિ તો થાય, ગોલોકાદિક ધામમાં જાય. ૫૫
કોઇ વેપાર કરતા વેપારી, કોઇ તોળતા ત્રાજવાં ધારી;
કોઇ નામું ઠામું લખનાર, થઇ જાય જોતાં શબાકાર. ૫૬
બીજા પરચા અનેક જણાય, જોઇ જન હરિ આશ્રિત થાય;
કરે દેવતા પુષ્પની વૃષ્ટિ, કોઇ કાળે દેખે જન દષ્ટિ. ૫૭
આવે દર્શને દેવ અલેખે, કોઇ જન નિજદષ્ટિયે દેખે;
આખા દેશમાં વિસ્તરી વાત, પ્રભુ પ્રગટ થયા સાક્ષાત. ૫૮
પરગામ થકી જન આવે, કરી દર્શન મનમુદ લાવે;
ભક્તિ જ્ઞાન વૈરાગ્યની વાત, ધર્મ સહિતની કરે ધર્મજાત[1]. ૫૯
મતવાદી વદે વાદ આવી, તેને શિષ્ય કરે સમજાવી;
હરિ સંશય સર્વના તોડે, અભિમાની જનો માન છોડે. ૬૦
કોઇ આવે છે શાસ્ત્ર ભણેલા, કોઇ સાધક સિદ્ધ બનેલા;
કોઇ જૈની ને કોઇ વેદાંતી, પ્રભુ ભાંગે છે સર્વેની ભ્રાંતિ. ૬૧



૧.ધર્મદેવના પુત્ર શ્રીહરિ

કહે કોઇ ભણ્યો છું પુરાણ, કહે કોઇ પઢ્યો છું કુરાન;
કૌળશાસ્ત્ર ભણ્યો કહે કોઇ, હારે સૌ હરિનું મુખ જોઇ. ૬૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

મુનિપતિ રહી માંગરોળ માંય, પરમ પ્રતાપ જણાવિયો તહાંય;
અહિપતિ ઉચરે મુખે હજાર, તદપિ પમાય નહી કદાપિ પાર. ૬૩

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે સૌરાષ્ટ્રદેશે અગત્રાઈગ્રામે શ્રીહરિપ્રતાપેન ભીમભાઈપિંપીલિકા[1] મોક્ષકરણનામા ષષ્ઠો વિશ્રામઃ॥૬॥***

**પૂર્વછાયો :**

મહાપ્રભુ માંગરોળમાં, વશી પૂરો કર્યો પોષ માસ;
વસંતપંચમીનો ભલો, ત્યાં તો દિવસ આવ્યો પાસ. ૧

**ચોપાઈ :**

માણાવદરના મેહેરબાન[2], ભલા ભૂપ ગજેફરખાન;
તેણે મોકલ્યા ભટ મયારામ, ગયા તે સાથે ગોવિંદરામ. ૨
ભક્ત પર્વત ને ભીમભાઇ, હરિભક્ત ચાલ્યા હરખાઇ;
સતસંગીનો થઇને સમાજ, ગયા કૃષ્ણને તેડવા કાજ. ૩
જૈને શ્રીજગજીવન પાસ, કરી પ્રેમથી વિનતિ પ્રકાશ;
માણાવદરમાં મહારાજ, કરો આવી વસંતનું કાજ. ૪
ત્યાંજ તેડી જવાને તમને, અવનીશ્વરે મોકલ્યા અમને;
સંત હરિજનને લઇ સાથ, નેહ લાવી પધારોને નાથ. ૫
માઘી પંચમીને દિન પ્રીતે, રંગખેલ કરો રુડી રીતે;
પછી લૈ સાથે સંતસમાજ, ગયા માણાવદર મહારાજ. ૬



૧.કીડી ૨.કૃપાળુ



ભટને ઘેર જૈ ભગવાને, કર્યો ઉતારો કરુણાનિધાને;
આવ્યો પંચમીનો દિન જ્યારે, થયો સારો સમૈયો તે ત્યારે. ૭
સારી અઠાવના તણી સાલે, કર્યો ઉત્સવ ત્યાં વૃષલાલે;
દેશદેશના હરિજન આવ્યા, ભલી ભેટ સામગરી લાવ્યા. ૮
પછી કેસર કેસુ પતંગ[1], રુડી રીતે રચાવિયા રંગ;
લાવ્યા ખૂબ અબીર ગુલાલ, પીચકારિયોનો તેવો તાલ. ૯
એક પાસે તો સંતસમાજ, બીજે પાર્ષદો ને મહારાજ;
મળી ખૂબ કર્યો રંગખેલ, ચારે પાસે ચાલી રંગરેલ. ૧૦
નાખ્યો ખૂબ ગુલાલ અબીર, પછી નાવા ગયા નરવીર;
નદી ક્ષારવતી લક્ષ્મીઆરે, કર્યું સ્નાન ત્યાં ધર્મદુલારે. ૧૧
ભટની વાડી માંહી પધારી, કરી જગ્યા પ્રસાદીની સારી;
માણાવદરના શાહુકાર, નામ જાદવજી નિરધાર. ૧૨
તેણે રેશમની કોરવાળો, ધોતી જોટો રુડો રુપાળો;
ધર્મપુત્રની આગળ ધર્યો, ભલા ભાવ થકી ભેટ કર્યો. ૧૩
તેને દેખીને રઘુનાથદાસ, લેવા અંતરમાં કરી આશ;
ધોતી હરિવરે હાથમાં લીધી, ભટ બેયને બે વેંચી દીધી. ૧૪
મયારામ ને ગોવિંદરામે, લીધી સ્નેહે દીધી ઘનશામે;
દાસ રઘુનાથે ઈરષા આણી, તે તો સર્વે જનોયે જાણી. ૧૫
વૃષપુત્રે વિચારિયું ઊર, આને મોકલિયે ક્યાંઇ દૂર;
ક્લેશ વારેવારે ઉપજાવે, જાય તો સુખ સર્વને આવે. ૧૬
પછી બોલાવીને નિજ પાસ, કહ્યું સાંભળો રઘુનાથદાસ;
રામાનંદનો વિરહ સમાવા, સતસંગીને શાંતિ કરાવા. ૧૭



૧.એક જાતનો કાચો રંગ

મુક્તાનંદ ગયા કચ્છ જેમ, તમે ગુજરાતમાં જાઓ તેમ;
હરિભક્તોને હરખ પમાડો, મોટું વિરહનું દુઃખ મટાડો. ૧૮
અતિ શ્રેષ્ઠ તે કામ ગણાય, તમ વગર બીજાથી ન થાય;
માટે અંતરે ઉત્સાહ લાવો, અમદાવાદ આપ સિધાવો. ૧૯
બોલ્યો રઘુનાથદાસ તે ઠામ, એવું હું જ કરી શકું કામ;
મુક્તાનંદ બિચારો શું કરશે ? કચ્છમાં જઇને પાછો ફરશે. ૨૦
હું તો જૈને કરું એવી વાત, કરું વશ્ય આખી ગુજરાત;
એમ કહીને તે ત્યાંથી સિધાવ્યો, અમદાવાદમાં એ તો આવ્યો. ૨૧
કહે વર્ણી સુણો હે રાજાન, અભિમાની ધરે અભિમાન;
પણ શ્રીહરિ સાંખી રહે છે, સમો આવ્યે તેનું ફળ દે છે. ૨૨

**હરિનું ધાર્યુ થાય તે વિષે : ઉપજાતિવૃત્ત :**

ધાર્યું બધું શ્રીહરિનું જ થાય,મનુષ્ય જાણે મુજથી કરાય;
ગાડાં તળે શ્વાન ગતિ કરે છે, તે માન મિથ્યા મનમાં ધરે છે. ૨૩
છે પ્રાણ નાડી પ્રભુને જ હાથ, સૌને નચાવે વળી વિશ્વનાથ;
અજ્ઞાની લોકો અભિમાન આણે, જથાર્થ શક્તિ હરિની ન જાણે. ૨૪
કરે અધર્મી અઘ જે અલેખે, શ્રીનાથ સાક્ષી થઇ સર્વ દેખે;
જ્યારે સમો તે ફળયોગ્ય આવે, ત્યારે જ તેનું ફળ તે અપાવે. ૨૫

**ચોપાઈ :**

હતા જે સમૈયે જન આવ્યા, આપ આપને ઘેર સિધાવ્યા;
માણાવદરથી મહારાજ, ચાલ્યા સંતનો લઈને સમાજ. ૨૬
પીપળાણે જવાને સિધાવ્યા, નદી ઓઝતને તટ આવ્યા;
સંત આગળ તહાં શ્રીહરિ, એક વાત એવી રીતે કરી. ૨૭





રામાનંદસ્વામી ઘણી વાર, નાહ્યા છે તે આ નદી મોઝાર;
અમે પણ ઘણી વાર ઉમંગે, કર્યું છે આમાં મજ્જન અંગે. ૨૮
રામાનંદને અમે આ ઠાર, પ્રશ્ન પૂછ્યો તેનો કહું સાર;
કાં તો સદ્‌ગુરુ કે ભગવાન, દે છે કલ્યાણદાન નિદાન. ૨૯
કહો તેમાં તમે છો જ કેવા ? જાણે સર્વ જથારથ જેવા;
સુણી બોલ્યા નહી કાંઇ સ્વામી, દષ્ટિ દઇ પરવતભાઇ સામી. ૩૦
વાણી મર્મમાં એવી ઉચ્ચારી, જ્યારે થાય ઉદય તિમિરારી[1];
પડે ચંદ્રનો ઓછો પ્રકાશ, સુણી સમજ્યા મરમ હરિદાસ. ૩૧
ચંદ્ર જેવા રામાનંદસ્વામી, સૂર્ય જેવા આ અક્ષરધામી;
જ્યાં સુધી રવિ ઉદય ન થાય, ચંદ્ર સર્વોપરી જ જણાય. ૩૨
રામાનંદ હતા ભગવાન, થયા સદ્‌ગુરુ શ્રેષ્ઠ સમાન;
એમ સમજીયા સૌ હરિદાસ, એવી વાત કરી અવિનાશ. ૩૩
પછી સંતસહિત સુખરાશી, નાયા ઓઝતમાં અવિનાશી;
કરી નિત્યક્રિયા સૌ સંતે, વળી પોતે કરી ભગવંતે. ૩૪
મે'તા નરસિંહને ઘેર જૈને, ઉતર્યા હરિ હર્ષિત થૈને;
સર્વ ભક્તને સુખ દઇ ભારી, માંગરોળ પધાર્યા મુરારી. ૩૫

**પૂર્વછાયો :**

હરિયે ત્યાંજ હુતાશનીનો, ઉત્સવ કીધો અનૂપ,
તેમજ ત્યાં રહીને કરી, રુડી રામનૌમી સુખરૂપ. ૩૬
અક્ષય તૃતીયા એ પછી, નરસિંહ ચતુર્દશી નામ;
ભીમએકાદશી પણ ભલી, જળજાત્રા ઉત્સવ અભિરામ. ૩૭



૧.સૂર્ય

**ચોપાઈ :**

એવા ઉત્સવ ઉપર ભાવે, દેશદેશના હરિજન આવે;
ઉષ્ણ કાળ તે આકરો બાણ, પડી પાણીની ત્યાં ઘણી તાણ. ૩૮
તપે સૂર્ય ઘણો તાપ પડે, પાણી પીવા પુરું નવ જડે;
દીઠી પાદર વાપિકા[૧] એક, બહુ જૂની પુરાયેલી છેક. ૩૯
તેહ ખોદાવવા ઉર ધારી, રાજા આગળ વાત ઉચ્ચારી;
કહે કૃષ્ણ ઘણા સંઘ આવે, જળ વગર કેમ અહીં ફાવે ? ૪૦
વારી વગર વિપત્તિ પડે છે, જળ તો ઘણું દૂર જડે છે;
માટે તરત રજા આપો તમે, તો આ વાવ્ય ખોદાવિયે અમે. ૪૧
સુણી બોલિયા વજરુદીન, હું છું આપ તણો જ આધીન;
કરો આજ્ઞા તો વાવ્ય ખોદાવું, કહો તો પાણી હું પોંચાડાવું. ૪૨
સુણી બોલિયા શ્રીભગવાન, અહીં કરવું છે તીરથ સ્થાન;
કરે શ્રમ સહુ સંતનો સાથ, ગાળ કાઢું વળી મારે હાથ. ૪૩
હરિભક્ત કરે કામ જ્યારે, તીર્થ થાય પવિત્ર તો ત્યારે;
મોટો આ ભૂમિનો મહિમાય, વધે તે કરવો છે ઉપાય. ૪૪
એવો કીધો છે સંકલ્પ અમે, માટે તરત રજા આપો તમે;
બોલ્યા ભૂપ સુણી તેહ ટાણે, કરો આપની ઈચ્છા પ્રમાણે. ૪૫
ધન્ય ધન્ય તમે મહારાજ, પ્રભુ પ્રગટ્યા અમારે કાજ;
મારી ભૂમિનાં ભાગ્ય અપાર, થશે વિખ્યાત વિશ્વ મોઝાર. ૪૬
થશે આ સ્થળે તીરથ સ્થાન, ભલો જાણીશ હું ભાગ્યવાન;
સારા શબ્દ સુણી હરિ આવા, વાવ્ય માંડી તે તરત ખોદાવા. ૪૭
સતસંગી કરે સઉ કામ, કરે કામ ત્યાં શ્રીઘનશામ;



૧.વાવ



ભક્ત દેશી તથા પરદેશી, બાઈ ભાઈ રહે નહીં બેસી. ૪૮
હરિભક્ત હજારો હજાર, ગાળ કાઢે કહે જેજેકાર;
સંતો અષ્ટક કીર્તન ગાય, જન જોવા હજારો ભરાય. ૪૯
સુખ પામ્યો સુણી શેષનાગ, ભલાં જાણ્યાં પોતા તણાં ભાગ્ય;
જેને સેવે છે સુરપતિ જેવા, પ્રભુ લાગ્યા તે ટોપલી લેવા. ૫૦
એવી લીલા જોવા તેહ સ્થાન, છાયાં વ્યોમમાં દેવવિમાન;
દશ દિવસ કર્યું કામ જ્યારે, વારી વાવ્યમાં આવ્યું તે વારે. ૫૧
મિષ્ટ જળ સુરસરિતા સમાન, કર્યું શ્રીહરિયે તેમાં સ્નાન;
વિપ્ર વેદિયા બોલાવી પ્રીતે, પૂર્તકર્મ કર્યું રુડી રીતે. ૫૨
દ્વિજને ત્યાં ચતુર્ભુજરૂપે, દીધું દર્શન વૃષકુળભૂપે;
કરી વેદના મંત્ર ઉચ્ચાર, પૂજ્યા વિપ્રોયે વિશ્વઆધાર. ૫૩
પછી બ્રાહ્મણોને રુડી રીત, દીધાં ભોજન ભાવ સહિત;
જમ્યા વિપ્ર હજારો હજાર, નાનાં મોટા પુરુષ અને નાર. ૫૪
ઘણા પર્ચા દેખાડીને આપ, કર્યો પ્રગટ તે પ્રૌઢ પ્રતાપ;
એવી અદ્ભુત વાત સાંભળી, જુદા મતના જનો આવ્યા મળી. ૫૫
કહે છો તમે સમરથ સારા, ઈષ્ટ દેખાડો અમને અમારા;
સુણી વિનતિ તે વૃષકુળભૂપે, દીધાં દર્શન ઈષ્ટસ્વરૂપે. ૫૬
વલ્લભી માધવી નિમાનંદી, સંપ્રદાયના જન જુવે વંદી;
જાણે સાક્ષાત છે ગોપીનાથ, હેતે વાંસળી લીધી છે હાથ. ૫૭
રામાનુજમતના હતા જેહ, દેખે લક્ષ્મીનારાયણ તેહ;
રામાનંદી હતા તેહ ઠામ, તેણે દીઠા સીતા સહ રામ. ૫૮
હતા વેદાંતી શંકરવાળા, તેણે બ્રહ્મજ્યોતીરૂપે ભાળ્યા;

જેને શિવની ઉપાસના હતી, તેણે તો દીઠા પાર્વતીપતી. ૫૯
ભાનુભક્તોયે ભાળ્યા દિનેશ, ગણનાથના ભક્તે ગણેશ;
દેવી દેખે દેવીભક્ત જેહ, જૈનિ તો તીરથંકર તેહ. ૬૦
હતા યવન જે સદગુણી શાણા, તેણે પ્રગટ પેગંબર જાણ્યા;
જોઇ નિજનિજ ઈષ્ટસ્વરૂપ, થયા સૌ સતસંગી હે ભૂપ. ૬૧
અવતાર તણા અવતારી, જાણ્યા તે શ્રીહરિ બ્રહ્મચારી;
પછી પોતે પોતા તણે ઘેર, ગયા સૌ જન તે શુભ પેર. ૬૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પુરપુર પ્રસરી સુવાસ એહ, પ્રગટ થયા પ્રભુ અક્ષરેશ જેહ;
સુણી જન શરણે અસંખ્ય આવે, દુરિત સમસ્ત દયાનિધિ શમાવે. ૬૩

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિમાંગરોળપુરે વાપિકાખનનનામા સપ્તમો વિશ્રામઃ ॥૭॥***

**પૂર્વછાયો :**

સંવત શુભ અષાઢાદિની, બેઠી ઓગણસાઠની સાલ;
મહાપ્રભુ માંગરોળમાં, વશી રહ્યા વરષા કાળ. ૧

**ચોપાઈ :**

શુદિ બીજ અષાઢી ગણાય, રથજાત્રાનો ઉત્સવ થાય;
પ્રભુ આજ્ઞાથી પૂરણ પ્રીતે, કર્યો ઉત્સવ તે રુડી રીતે. ૨
દેવપોઢણી એ પછી આવી, ભલી એકાદશી મન ભાવી;
સૌને નિયમ વિશેષ ધરાવ્યાં, ચાંદ્રાયણ આદિ વ્રત રખાવ્યાં. ૩
કરે ગર્જના મેઘ આકાશે, થાય વીજળી ત્યાં ચારે પાસે;





ક્યારે ઈન્દ્રધનુષ્ય દેખાય, વૃષ્ટિ વિશ્વ વિષે ઘણી થાય. ૪
કરે મોર અધિક ઉચ્ચાર, ગાય મુનિજન રાગ મલાર;
વદી અષાઢની દ્વિતીયાય, બેઠા હીંડોળે શ્રીહરિરાય. ૫
આવી શ્રાવણી પૂનમ સારી, કર્યો ઉત્સવ કુંજવિહારી;
જન્મઅષ્ટમીનો દિન આવ્યો, મોટો ઉત્સવ કૃષ્ણે કરાવ્યો. ૬
પરગામ તણા સતસંગી, આવ્યા અંતરે અધિક ઉમંગી;
અમદાવાદના જન આવ્યા, એ તો એવા સમાચાર લાવ્યા. ૭
માંડી રઘુનાથદાસે ઉપાધી, કૈંક સાધુને લીધા છે સાધી;
મહારાજની નિંદા કરે છે, સૌથી શ્રેષ્ઠ તો પોતે ઠરે છે. ૮
વાત શ્રીહરિને તે સુણાવી, ત્યાંનો પત્ર આપ્યો વળી લાવી;
હરિભક્તોયે તેમાં લખેલું, અમને દુઃખ છે ઉપજેલું. ૯
કોઈ સદ્ગુરુ મંડળ સાથ, અમદાવાદ મોકલો નાથ;
આંહી આવી ઉપાધિ શમાવે, દાસ રઘુનાથને સમજાવે. ૧૦
એવા સાંભળીને સમાચાર, વૃષનંદને કીધો વિચાર;
રામદાસજીને કહી વાત, ઝટ જાઓ તમે ગુજરાત. ૧૧
જૈને સર્વે ઉપાધિ શમાવો, દાસ રઘુનાથને સમજાવો;
જો તે સતસંગમાંથી નિસરશે, કૈંક જીવનું પણ ભૂંડુ કરશે. ૧૨
માટે રાખજો જેમ તેમ કરી, શબ્દ સ્નેહ સહિત ઉચ્ચરી;
એમ કહી મોકલ્યા રામદાસ, ગયા તે રઘુનાથની પાસ. ૧૩

**પૂર્વછાયો :**

એવે સમે માંગરોળમાં, ભક્ત માતાનો મગનીરામ;
આવી ચડ્યો અન્ય દેશથી, એનું આખ્યાન કહું આ ઠામ. ૧૪

**ચોપાઈ :**

સુણી બોલ્યા અભેસિંહરાય, કૃપાનાથ કહો તે કથાય;
હતો કોણ તે મગનીરામ ? ક્યાંથી આવી ચડ્યો એહ ઠામ ? ૧૫
કહે વર્ણી સુણો હે રાય, કહું છું હવે તેહ કથાય;
ઘણા જુગ કરતો તપ જોગી, જોગ ભ્રષ્ટ થઈ થયો ભોગી. ૧૬
ભલા દ્રાવીડ દેશમાં તેહ, પામ્યો પુણ્ય થકી નરદેહ;
ધર્યો દ્વિજકુળમાં અવતાર, રહ્યો ઈશ્વર મળવા વિચાર. ૧૭
નામ પામ્યો તે મગનીરામ, બાળાપણમાં હૈયે ઘણી હામ;
આઠ વર્ષે તો ઉપવીત દીધું, કાંઈ શાસ્ત્રાધ્યયન પછી કીધું. ૧૮
રાત દિવસ રહે એવું ધ્યાન, મને કેમ મળે ભગવાન ?
પછી ચાલ્યો તજી ઘરબાર, ગયો દેશ બંગાળા મોઝાર. ૧૯
ત્યાં તો વાત તેણે સુણી એવી, પ્રભુ મેળવે શારદા દેવી;
પીપા નામે હતો એક રાય, તેને ત્રૂઠી[1] હતી શારદાય. ૨૦
તેણે ભેટાડ્યા શ્રીભગવાન, એવું સાંભળ્યું શુભ આખ્યાન;
તેથી તેણે ઈચ્છા કરી એવી, કરું સાધ્ય હું શારદા દેવી. ૨૧
જેણે શારદા વશ કરી હોય, ક્યાંઈ શોધું એવો ગુરુ કોય;
એમ કરતાં ગયો એક ગામે, એક વિપ્ર વસે તેહ ઠામે. ૨૨
તેણે શારદા સાધ્ય કરેલી, એવી વાત બધે પ્રસરેલી;
હતો દ્રાવિડ દેશનો તેહ, પેટ અર્થે આવી વશ્યો એહ. ૨૩
કન્યા સોળ વરસની તેને, વર નાતનો નવ મળે એને;
ત્યાં તો શારદા સાધન કામ, મળ્યો આવીને મગનીરામ. ૨૪
તેને પોતાની નાતનો જાણ્યો, ત્યારે કન્યાપિતા હરખાયો;



૧.રીઝી, પ્રસન્ન



માગ્યો મંત્ર તે મગનીરામે, શારદા વશ્ય કરવાને કામે. ૨૫
દ્વિજે સાધન શીખવ્યું જ્યારે, સાધ્ય કીધી સરસ્વતી ત્યારે;
પછી માગી રજા ગુરુપાસ, કહ્યું કરવો છે મારે પ્રવાસ. ૨૬
કહે વિપ્ર આ કન્યાને વરો, મારી આશા તે પૂરણ કરો;
ત્યારે બોલ્યો તે મગનીરામ, બ્રહ્મચારી રહીશ હું આમ. ૨૭
દેશોદેશ ફરીને નિદાન, મારે ભેટવા છે ભગવાન;
ગુરુપુત્રી તે ભગિની પ્રમાણું, ખોટો સંકલ્પ ઉરમાં ન આણું. ૨૮
એમ કહીને તે ત્યાંથી વિચરિયો, પુરુષોત્તમપુરી જઈ ઠરિયો;
પૂર્વભવનું કરમ નડ્યું આવી, પ્રભુ મળવાની વાત ભૂલાવી. ૨૯
પામ્યો સાધનસિદ્ધિ તે કાળે, દેખાદેખી ચડ્યો બીજે ચાળે;
જાણે હું મોટો સિદ્ધ મનાઉં, પ્રભુની પેરે અધિક પૂજાઉ. ૩૦
સર્વ રાજા પ્રજા વશ કરું, થૈને ફક્કડ ફાવે ત્યાં ફરું;
કરી મંત્ર તણો ઉપચાર, કર્યા વેરાગી શિષ્ય હજાર. ૩૧
સાથે મોટી જમાત તે લૈને, કરે દંડ રાજાઓને જૈને;
વળી જ્યાં જ્યાં જુવે મઠધારી, તેને દંડે તે ચીપીયા મારી. ૩૨
તેનો વેશ દિસે વિકરાળ, કંઠે માળા જેવી રુંડમાળ[1];
બહુ મોટી જટા ધરી માથે, લીધું લોઢાનું ત્રિશૂળ હાથે. ૩૩
રાતી આંખ્યો તે અંગારા જેવી, દેખી બાળક બી મરે એવી;
કરે ચાંદલો સિંદુર કેરો, ભાસે ભારે ભયંકર ચેરો. ૩૪
નાકને મૂળે બંદગી કરે, કાંડે કેદારી કંકણ ધરે;
મોટો ચિપિયો હાથમાં રાખે, અભિમાન ભર્યા બોલ ભાખે. ૩૫
પોતે પાલખીમાં ચડી બેસે, ઝુંડ લૈ ફરે દેશ વિદેશે;



૧.ખોપરીઓનો બનાવેલો હાર

ચાલે સ્વાર પાળા એની આગે, ઊંટ ઉપર નોબત વાગે. ૩૬
મોટું ફરકે છે ભગવું નિશાન, ભાસે ફોજ તે જમની સમાન;
રણશિંગું વાગે તેની પાસ, સુણતાં લોકને લાગે ત્રાસ. ૩૭
કોઇ નાગડા ઊંટે ચડેલા, કોઇ છે મદ માંહી છકેલા;
લીધી કોઇયે તલવાર ઢાલ, જમદૂત જેવા વિકરાળ. ૩૮
બાંધ્યા મુંઝે[1] તણાં આડબંધ, ધરી પાવડી કોઇયે કંધ;
વાળ્યા કોઇયે વજર કછોટા, લીધા કોઇયે વાળી લંગોટા. ૩૯
ધર્યા કોઇયે ગોરખ[2] ધંધા, બહુ તો દિસે હથિયારબંધા;
દેશપાળ પાસે દંડ માગે, મંત્રજંત્રે ડરાવવા લાગે. ૪૦
કહે હું દિલમાં ક્રોધ લાવું, મેલી આગિયો પુર સળગાવું;
કાં તો પથ્થરની કરું વૃષ્ટિ, પળ એકમાં સંહારું સૃષ્ટિ. ૪૧
એવી ધાક સુણી જન ધ્રુજે, મુખે માંગે તે આપીને પૂજે;
જૈને કાશીની જાત્રા તે કીધી, પછી દ્વારિકાની વાટ લીધી. ૪૨
ઘણા દેશ થકી દંડ લાવ્યો, પછી પોરબંદરમાં આવ્યો;
હતો ગોસાંઇ ત્યાં મઠધારી, ભાળ્યો તેહનો વૈભવ ભારી. ૪૩
તેને ચીપીયાનો માર્યો માર, મંત્રજોર જણાવ્યું અપાર;
કર બાંધી વળી કેદ કીધો, ઘણો દંડ તે પાસેથી લીધો. ૪૪
મઠધારી બોલ્યો છેલીવારે, આવું જોર જણાવો છો જ્યારે;
જૈને જીવનમુક્તને જીતો, નથી માથાનો કોઇ અહીં તો. ૪૫
જેનું સ્વામિનારાયણ નામ, માંગરોળમાં આજ મુકામ;
નવો પંથ ચલાવે છે એહ, તમે જીતી શકો નહિ તેહ. ૪૬
તમ જેવાને ચેલા કરે છે, માનીનું અભિમાન હરે છે;



૧.ડાભડો ૨.એક યંત્ર(ગોરખપંથી રાખે છે)



જીતો તેને જો જીતી શકાય, આંહી દેડકાં ડાંભે શું થાય ? ૪૭
એવી વાત તે એણે ઉચ્ચારી, સુણી દાઝ્યો દિલે અહંકારી;
માંગરોળનો મારગ લીધો, આવી પાદરમાં ડંકો દીધો. ૪૮
ઘેરો ઘાલ્યો તે ગામને આવી, વળી વાત રાજાને કહાવી;
આપો રુપૈયાં પાંચ હજાર, નહિ તો કરું સૌનો સંહાર. ૪૯
વ્યોમથી પથરા વરસાવું, આખા શેહેરમાં આગ્ય ચલાવું;
જો આ પત્તર ઊંધું વળાય, તો આ પટ્ટણ ડટ્ટણ થાય. ૫૦
સુણી ભૂપ કહે સાક્ષાત, કાંઇ હોય એવી કરામાત;
જાઓ સ્વામિનારાયણ પાસ, કરો સિદ્ધાઇ સર્વ પ્રકાશ. ૫૧
એને જીતી આવો જેહ વાર, દેશું રૂપૈયા દશ હજાર;
એવું સાંભળીને અહંકારી, ચાલ્યો જીતવા શ્રીગિરિધારી. ૫૨
લીધા વેરાગી દશવીશ સાથે, ઝાલ્યા ચીપીયા ત્રિશૂળ હાથે;
એમ શ્રીજીની આગળ આવી, બોલ્યો બોલ મહા ગર્વ લાવી. ૫૩
તમે કેમ પાખંડ ચલાવો ? હોય સિદ્ધાઇ કાંઇ બતાવો;
શ્રીજી બોલ્યા ગંભીરાઇ ધરતા, અમે સિદ્ધાઇ તો નથી કરતા. ૫૪
અમે ઉપદેશ દૈયે સદાય, જેથી જીવનું કલ્યાણ થાય;
અમે આપીયે જ્ઞાન અખંડ, નથી કાંઇ ચલાવ્યો પાખંડ. ૫૫
એવું સાંભળી કીધો ઉચ્ચાર, આપો રૂપૈયા દસ હજાર;
નહિ તો બધું નગર ઉપાડું, મહાસાગર માંહી બુડાડું. ૫૬
તમે સાંભળ્યું છે મારું નામ ? દેવીવાળો હું મગનીરામ;
મારી પાસે મોટા સિદ્ધ નમે, મોટા રાજાને દંડિયે અમે. ૫૭
જાણું મારણ મોહન મંત્ર, વશીકરણ ઉચ્ચાટન તંત્ર;

જાણું સ્તંભન આકરષણ, જપ હોમ કર્યા તરપણ. ૫૮
મેં તો સાધી છે શારદા દેવી, કરે સૌનો પરાભવ એવી;
મારી ફુંકથી પરવત ફાટે, મારા ત્રાસથી ઈન્દ્ર ઉચાટે. ૫૯
વસ્ત્ર પાણી ઊપર પાથરું, એના ઊપર આસન કરું;
પેસું પાવક ઝાળ મોઝાર, પૂરો ઘરમાં ને નીસરું બા'ર. ૬૦
સુણી બોલિયા શ્રીઅવિનાશ, રુપૈયા તો નથી અમ પાસ;
કહો તો અન્ન આપિયે તમને, કાંઇ તમથી ન થૈ શકે અમને. ૬૧
અતિ સમરથ ઈષ્ટ અમારા, તેથી નિર્બળ મંત્ર તમારા;
થાય તમથી તે તો કરી લેજો, જાઓ દેવીને મોકલી દેજો. ૬૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણી અતિ ઉર માંહી ક્રોધ આણી, વૃષકુળભૂપ મનુષ્યરૂપ જાણી;
અધર ડશન[1] આપનો કરીને, ગતિ કરી ત્યાંથી ગયો વળી ફરીને. ૬૩

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દેવીભક્ત-મગનીરામઆખ્યાને અષ્ટમો વિશ્રામઃ ॥૮॥***

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, ભાવે સુણો અભેસિંહ ભ્રાત;
મગનીરામે શું કર્યું, હવે તે હું કહું છું વાત. ૧

**ચોપાઈ :**

ચાલ્યો શ્રીહરિ પાસેથી જ્યારે, ગયો તરત પોતાને ઉતારે;
શુદ્ધ વસ્ત્ર ધર્યાં કરી સ્નાન, બેઠો એકાંતે થૈ સાવધાન. ૨
ઘીના દીવા કરી મૌન લીધું, પછી કુંભનું સ્થાપન કીધું;



૧.હોઠ દબાવીને



આવાહન એમાં દેવીનું કરી, મંત્ર જપવાને માળીકા ધરી. ૩
કરી હોમ કર્યું તરપણ, ત્યાં તો આવી દેવી તતક્ષણ;
કેમ સમરી મને કહે દેવી, માગ્ય માગ્ય ઈચ્છા હોય જેવી. ૪
મુખે બોલિયો મગનીરામ, કહું છું તે કરો એક કામ;
માતા પામ્યો પ્રતાપ તમારો, તેથી જગમાં થયો જય મારો. ૫
મોટામોટા મેં સિદ્ધ નમાવ્યા, ઘણા જોગી ચેલા થવા આવ્યા;
મંત્રી તંત્રી ગમે તેવો હોય, મને જીતી શક્યો નહિ કોય. ૬
ફર્યો દક્ષિણ પૂરવ દેશ, કર્યો પશ્ચિમ દેશ પ્રવેશ;
ઘણા નરપતિના દંડ લીધા, અભિમાની ઘણા વશ કીધા. ૭
મહાસાગરનો પામી પાર, હવે ડૂંબું છું ખાડા મોઝાર;
માટે માતા સહાયતા કરો, મારા શત્રુ તણો મદ હરો. ૮
એક પુરુષ રહે છે આ ઠામ, તેનું સ્વામિનારાયણ નામ;
એણે કીધું મારું અપમાન, ધર્યું તે માટે મેં તારું ધ્યાન. ૯
મારો કોઈ પરાભવ કરે, તેની લાજ તો તુજને ઠરે;
માટે જાઓ માતા હાલહાલ, ધરો વેષ મહા વિકરાળ. ૧૦
એનાં સર્વ મનુષ્યો સહીત, નાંખો સાગર માંહી ખચીત;
ત્યારે જીત્યો હું જગમાં જણાઉં, નહિ તો નક્કી હાર્યો ગણાઉં. ૧૧
પછી માનશે નહિ કોઈ મને, તેનો બંટો[1] તો લાગશે તને;
એના મુખની વાણી સુણી એવી, બોલી તે સમે શારદા દેવી. ૧૨
સુણ સેવક મગનીરામ, તારી બુદ્ધિ ફરી કેમ આમ ?
જો તું પ્રથમની વાત વિચારી, રહ્યો શા માટે તું બ્રહ્મચારી ? ૧૩
મારી સાધના શા માટે કીધી ? કન્યા મળતી હતી તે ન લીધી;



૧.કલંક, લાંછન

ભગવાનને ભેટવા માટ, ઘણા ઘડતો હતો મન ઘાટ. ૧૪
પછી પાપ પૂરવ તણું નડિયું, તેથી ચિત્ત બીજે ચાળે ચડિયું;
તોય જાણજે છે ઘણું સારું, બીજબળ પૂર્વજન્મનું તારું. ૧૫
રાખી ભગવત ભેટવા બુદ્ધી, કર્યું છે તપ બહુ જુગ સુધી;
તે તો સંચિત છે ઘણાં સારાં, નથી તે કદી નાશ થનારાં. ૧૬
જોગભ્રષ્ટ થયો પછી જોગી, ભળ્યો સંસારમાં થયો ભોગી;
પેટ અર્થે કર્યાં કાંઇ પાપ, ફરી બુદ્ધિ તે પાપ પ્રતાપ. ૧૭
એમ કહી જાતિસ્મરણ કરાવ્યું, તેથી સર્વે તે સાંભરી આવ્યું;
પછી લાગ્યો તે પસ્તાવો કરવા, લાગ્યાં આંખેથી આંસુડાં ઝરવા. ૧૮
બોલ્યો દેવીને પ્રણમી પાય, મને ભગવાન ભેટાડો માય;
એ જ અર્થે મેં સાધના કીધી, પણ તે વાત વિસારી દીધી. ૧૯
પીપા ભૂપાળને તમે જેમ, ભગવાન ભેટાડિયા તેમ;
મને પણ ભલી ભાતે ભેટાડો, મારા ચિત્તની ચિંતા મટાડો. ૨૦
સુણી બોલિયાં શારદા દેવી, ઈચ્છા અંતરે જો હોય એવી;
વદું તે સત્ય માનજે વાત, ભ્રમે ભૂલીશમાં હવે ભ્રાત. ૨૧
જે છે અક્ષરધામના ધામી, પુરુષોત્તમ સર્વના સ્વામી;
બ્રહ્મા વિષ્ણુ ને રુદ્ર અનેક, એવા સર્વના ઈશ્વર એક. ૨૨
સર્વ અવતારના અવતારી, સૌના કારણ અતિ સુખકારી;
તેણે કળિજુગનો મળ હરવા, વેદધર્મનું સ્થાપન કરવા. ૨૩
દેહ ધાર્યો છે ધર્મને ધામ, શુભ નામ છે શ્રીઘનશામ;
એ જ સ્વામિનારાયણ આપ, જેનો પ્રગટ છે પ્રૌઢ પ્રતાપ. ૨૪
અતિ મોટો એનો મહિમાય, તે ન કોઇથી જીતી શકાય;





મારા જેવી તો દેવિયો ઘણી, સજે સેવા તેના પદ તણી. ૨૫
દીનતા ધરી થા તેનો દાસ, ત્યાગી થૈ રહેજે તેની પાસ;
ભક્તિપુત્ર જાણી ભગવાન, મુકી દેજે બધું અભિમાન. ૨૬
સેવા નીચામાં નીચીયે કરજે, મોટાં ભાગ્ય એવું મન ધરજે;
ઉર હોય કલ્યાણની આશ, થજે સ્વામીનો દાસાનુદાસ. ૨૭

**સાધુ પાસે નિર્માની રહેવા વિષે : ઉપજાતિવૃત્ત :**

અનન્ય જે ભક્ત મહાપ્રભુના, નવા જનો કે જન હોય જૂનાં;
ન રાખિયે મોટપ તેની પાસ, કલ્યાણની જો ઉર હોય આશ. ૨૮
જ્યાં ખાસડાં સંત તણાં પડે છે, ત્યાં બેસવા મારગ જો જડે છે;
માને મહાભાગ્ય તણો પ્રકાશ, કલ્યાણની જો ઉર હોય આશ. ૨૯
જો શૂળિયે સંત કદી સુવારે, તથાપિ સદ્‌ભાગ્ય સુજાણ ધારે;
લે સંત પાસે મુખ માંહી ઘાસ, કલ્યાણની જો ઉર હોય આશ. ૩૦
કરે તિરસ્કાર કદાપિ સંત, ન સંતનો દ્રોહ કરે ધીમંત;
કરે સદા સંતસમીપ વાસ, કલ્યાણની જો ઉર હોય આશ. ૩૧
કરે રસાસ્વાદ તણો નિષેધ, જો થાય તે વાક્યથી ચિત્તવેધ;
ન થાય તેથી દિલમાં ઉદાસ, કલ્યાણની જો ઉર હોય આશ. ૩૨
રજોતમોના ગુણ જો જણાય, તે ટાળવા સંત કરે ઉપાય;
તો તર્ત છોડે ન પડે પ્રયાસ, કલ્યાણની જો ઉર હોય આશ. ૩૩
વાંચે ભણે તે સતશાસ્ત્ર નિત્ય, સંસારમાં સ્વલ્પ ધરે ન ચિત્ત;
કરે નહિ ગ્રામ્યકથા વિલાસ, કલ્યાણની જો ઉર હોય આશ. ૩૪
તપે કરી દુર્બળ દેહ રાખે, સ્વાદિષ્ટ જાણી નહિ સ્વાદ ચાખે;
કરે વિશેષે વ્રત ઊપવાસ, કલ્યાણની જો ઉર હોય આશ. ૩૫

**ચોપાઇ :**

એવી દીધી શિખામણ સારી, પછી દેવી તો ત્યાંથી પધારી;
જે જે વચન કહ્યાં એહ ઠામે, સત્ય માન્યાં તે મગનીરામે. ૩૬
ઉંઘ આવી નહી આખી રાત, જાણે જો ઝટ થાય પ્રભાત;
તો હું પ્રગટ પ્રભુ પાસે જાઉં, સર્વ આ તજીને સાધુ થાઉં. ૩૭
રાત ચાર ઘડી રહી જ્યારે, સ્નાનઆદિ ક્રિયા કરી ત્યારે;
આવ્યો શ્રીહરિ આશ્રમ પાસ, જોયો સંતનો જૈને નિવાસ. ૩૮
બેઠા કોઇક ધરીને ધ્યાન, કરે કોઇ હરિગુણ ગાન;
કરે કોઇ પ્રભુનું પૂજન, કોઇ કરવા ગયા મજ્જન. ૩૯
સંતને કરી દંડ પ્રણામ, નમ્યો પ્રેમથી મગનીરામ;
પછી ચોકમાં જોયું નિહાળી, એઠાં વાસણ ત્યાં પડ્યાં ભાળી. ૪૦
તેને માંજવા મંડ્યો જઇને, અતિશે નિરમાની થઇને;
માંજી વાસણ વાશીદું વાળ્યું, પછી નાથને મળવા નિહાળ્યું. ૪૧
પૂછ્યું સાધુને ક્યાં છે શ્રીહરિ ? કહ્યું બેઠા છે તે સભા ભરી;
સભામાં ગયો મગનીરામ, પ્રભુને કર્યા દંડ પ્રણામ. ૪૨
હેતે વિનતિ કરી જોડી હાથ, કરો કોટિ કૃપા કૃપાનાથ;
તમ અર્થે મેં તપશ્રમ કર્યો, તમ અર્થે આ ઢોંગ આદર્યો. ૪૩
શારદા તણું સાધન સાધ્યું, તેથી પ્રૌઢ પરાક્રમ વાધ્યું;
જાણ્યું જીતશે મુજને જેહ, જગદીશ તો જાણીશ તેહ. ૪૪
તમ આગળ હું રહ્યો હારી, તમે નિશ્ચે છો દેવ મુરારી;
દેવી શારદાયે મને કહ્યું, તેથી મુજ મનમાં દઢ થયું. ૪૫
તમ શરણે હું આવ્યો છું આજ, મને સાધુ કરો મહારાજ;





સુણી બોલિયા જનસુખદાની,તમે છો અતિશે અભિમાની. ૪૬
મારા નિર્માની સંત જણાય, તેમાં કેમ તમે રહેવાય ?
એવું સાંભળી વાણી ઉચ્ચારી, મેં તો મેલ્યું છે માન વિસારી. ૪૭
પ્રભુ જેમ કહો તેમ કરું, અભિમાન ન અંતરે ધરું;
સુણી શ્રીહરિયે ધાર્યું આવું, એના શિરની જટા ઉતરાવું. ૪૮
મૂછ વહાલી ભૂપાળને જેવી, જટા સિદ્ધને તો પ્રિય એવી;
એમ જાણી મુખે બોલ્યા માવો, તમે શિરની જટા ઉતરાવો. ૪૯
સંતો જાયને આવે છે જ્યાંય, નાંખો રસ્તામાં તે જટા ત્યાંય;
પગે ખુંદીને સંત પધારે, નિરમાની તમે ખરા ત્યારે. ૫૦
સુણી તે કહે હે મહારાજ ! મારાં ભાગ્ય એવાં ક્યાંથી આજ ?
રજ સંતના ચરણની જેહ, મારી જટા ઉપર પડે તેહ. ૫૧
એમ કહીને જટા ઉતરાવી, સંત ચાલે તે રસ્તે નખાવી;
કરી સ્નાન આવ્યો પ્રભુ પાસ, કહ્યું સાધુ થવાની છે આશ. ૫૨
હરિભક્ત કહે કોઇ એમ, અભિમાન તે મુકશે કેમ ?
એ છે ઢોંગી તે ઢોંગ કરે છે, કાંઇ ધૂતવા ધર્મ ધરે છે. ૫૩
સુણી બોલિયા શ્રીઘનશામ, તમે સાંભળો મગનીરામ;
અભિમાન તજ્યું તમે આજ, કરે નિશ્ચય સર્વ સમાજ. ૫૪
જોડા સંતના એકઠા કરો, તેની ગાંસડી નિજ શિર ધરો;
સર્વ બેઠી છે સંત સભાય, તેને પાંચ પ્રદક્ષિણા થાય. ૫૫
ત્યારે પાપ તમારું તો જાય, ઘણા દંડ્યા છે રંક ને રાય;
એવું સાંભળી એ જ ઠેકાણે, કર્યું મગનીયે એ જ પ્રમાણે. ૫૬
કહે લોક કુસંગી તે ઠામ, આ શું કીધું તેં મગનીરામ;

ત્યારે કહી હરિશ્ચંદ્ર કથાય, ઘેર શ્વપચને વેચાણો રાય. ૫૭
એથી ઉત્તમ છે આતો કામ, હરિઆજ્ઞાયે કીધું મેં આમ;
પછી હરિને કહે જોડી હાથ, મને સાધુ કરો મુનિનાથ. ૫૮

**સમજીને સાધુ થવા વિષે : ઉપજાતિવૃત્ત :**

કહે હરિ જો દઢ હોય ચિત્ત, વૈરાગ્ય જો હોય ખરો ખચીત;
જાણી વિચારી પછી સાધુ થાવું, જાણ્યા વિના સાધુ થવા ન જાવું. ૫૯
સ્મશાન-વૈરાગ્ય ઘડી જણાય, એવે સમે જે જન સાધુ થાય;
વૈરાગ્ય તેનો પછી ઊડી જાશે, ધોબી તણા શ્વાન સમાન થાશે. ૬૦
ત્યાગી થવું તે તપને જ કાજે, ખાવા પિવા કે નહિ લોકલાજે;
જો તે પછી દૈહિક સુખ ઇચ્છે, પાખંડી છે એમ પ્રભુજી પ્રીછે. ૬૧
જે ભૂખના દુઃખથી સાધુ થાય, ખાવા મળે ત્યાં લગિ ખૂબ ખાય;
પછી ગુરૂ પાસ તજી નિવાસ, વસે જઇને વળી અન્યપાસ. ૬૨
નહીં મળે વસ્ત્ર વિશેષ અંગે, નહીં મળે પાથરવા પલંગે;
નહીં મળે સ્વાદ સહિત ખાવું, એવું વિચારી ઉર સાધુ થાવું. ૬૩
જો ઇચ્છવું માયિક સુખ કાંઇ, મુંડાવું બીજા મતપંથ માંઇ;
તપે કરી હું હરિને રીઝાવું, એવું ચહો તો અહિં સાધુ થાવું. ૬૪
જો હોય તૃણા જરિયે અધૂરી, કરો જઇને જગમાં મજૂરી;
જો ઘાણીમાં પંડ ધરી પિલાવો, તો સાધુ થાવા અમ પાસ આવો. ૬૫
માયિક જે જે સુખ નાશવંત, વિના તપે કોઇ નહીં લહંત;
તો લાડવા ખાઇ ફુલાવી દેહ, શું પામશે અક્ષરધામ એહ ? ૬૬

**ચોપાઈ :**

સુણી બોલિયો મગનીરામ, કર્યું સંસારસુખ મેં હરામ;





મારે કલ્યાણનું છે કાજ, મને સાધુ કરો મહારાજ. ૬૭
પછી સાધુ કર્યો ઘનશામે, અદ્વૈતાનંદજી એવે નામે;
દેવીવાળા તે મગનીરામ, રહ્યું નામ એવું સહુ ઠામ. ૬૮
ચેલા દૈવી હતા તે ઉમંગે, આવી સાધુ થયા તેને સંગે;
હતા આસુરી તે ગયા નાશી, થયા દિલમાં વિશેષ ઉદાસી. ૬૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કંઇ જન હરિને પ્રભુ પ્રમાણ્યા, કંઇ જન તો હરિ જાદુજાણ જાણ્યાં;
અસુરમતિ જનો પ્રતાપ દેખે, તદપિ કુતર્ક કરી મનુષ્ય લેખે. ૭૦

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દેવીભક્તમગનીરામ-આખ્યાનકથનનામા નવમો વિશ્રામઃ ॥૯॥***

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, તમે સુણો અભેસિંહ ભ્રાત;
લીલા કરી માંગરોળમાં, તેની કહું વિશેષે વાત. ૧

**ચોપાઈ :**

રામાનંદસ્વામી હતા જ્યારે, માંગરોળ વિષે તેહ વારે;
બાંધ્યું હતું સદાવ્રત એક, આવતા તીર્થવાસી અનેક. ૨
કર્યું'તું વેરાગીયે તોફાન, તેથી બંધ કર્યું અન્નદાન;
સહજાનંદ સ્વામીયે ધાર્યું, અહીં કરિયે સદાવ્રત સારું. ૩
આતમારામ નામે વેરાગી, તેની જગ્યા જથાજોગ્ય લાગી;
તેને બોલાવીને કહ્યું ત્યારે, અન્નસત્ર તો કરવું અમારે. ૪
તેને યોગ્ય છે જગ્યા તમારી, તમે કામ કરો મન ધારી;

ખર્ચ થાશે તે આપશું અમે, તેની ચિંતા ન રાખશો તમે. ૫
સાધુ રાખશું ચાર અમારા, બીજા રાખજો સાધુ તમારા;
એવી રીતે કહ્યું ઘનશામે, વાત માની તે આતમારામે. ૬
ચાર સાધુ મુક્યા એહ ઠામ, હવે હું કહું તેહનાં નામ;
મુક્યા આનંદસ્વામીની પાસ, એક તો રામસેવકદાસ. ૭
હરિદાસ અને દેવાદાસ, રાખ્યો ચારેનો ત્યાંજ નિવાસ;
પછી માંડ્યું સદાવ્રત દેવા, તીર્થવાસી આવે બહુ લેવા. ૮
કેંક માસ પછી તેહ કામે, કરી ગરબડ આતમારામે;
સંત સાથે તો ઈરષા વાધી, અતિ કરવાને માંડી ઉપાધી. ૯
આનંદાનંદને હરિદાસે, પછી જગ્યા કરી વાવ્ય પાસે;
સાધુ ચારે ગયા ત્યાં રહેવા, માંડ્યું ત્યાંજ સદાવ્રત દેવા. ૧૦
એ જ રીતે વળી બીજે ગામે, અન્નસત્ર કર્યા ઘનશામે;
સુણજો અભેસિંહ મહીશ, કથા તે તો પછીથી કહીશ. ૧૧
માંગરોળ તણી વળી વાત, કરું એહ પ્રસંગે પ્રખ્યાત;
એક દૂધતળાવડી નામ, તેમાં નાવા ગયા ઘનશામ. ૧૨
સાથે શેઠ હતા રામચંદ્ર, કર્યું સ્નાન ધરીને આનંદ;
નાવાનું હતું નિરમળ નીર, ધોવા પથ્થર નહિ તેને તીર. ૧૩
ત્યાંથી વેગળે પગલાં સાઠ, હતો પથ્થર મણ શત આઠ;
રામચંદ્રે ત્યાં દષ્ટિ ધરીને, હરિને કહ્યું હાસ્ય કરીને. ૧૪
તમે ઈશ્વરનો અવતાર, ગિરિ ગોવરધન ધરનાર;
આણો આ પથરો આ ઠેકાણે, ત્યારે જન ખરા ઈશ્વર જાણે. ૧૫
સુણી શ્રીહરિયે કહ્યું એને, લગાડો હાથ જૈ તમે તેને;





અહો ભક્ત તમારે પ્રતાપે, ઉડી પથ્થર આવશે આપે. ૧૬
પછી જૈ તેણે હાથ લગાવ્યો, ઉડી પથ્થર પાણીમાં આવ્યો;
તેના ઉપર અંચળ ધોયાં, તે તો નજરે ઘણા જને જોયાં. ૧૭
રામચંદ્ર કહે મહારાજ, આપે ઐશ્વર્ય દેખાડ્યું આજ;
આવ્યો પથ્થર આપ પ્રતાપે, સૌના ઈશ્વર છો તમે આપે. ૧૮
કહે શ્રીહરિ સાંભળો શા'ય, ગિરિ ઊપાડ્યે જો પ્રભુ થાય;
ગિરિ ઉપાડ્યો અંજનીતન, તેનો કાંકરો ગોવરધન. ૧૯
એટલાથી જો ઈશ્વર થાત, હનુમાન પ્રભુ કહેવાત;
પ્રભુ થાય જો પથ્થર તારે, નળનીલને સૌ પ્રભુ ધારે. ૨૦

**ઈશ્વરના કામ વિષે : ઉપજાતિવૃત્ત :**

સેજે કરાવે જનને સમાધિ, રહે નહી અલ્પ કશી ઉપાધિ;
જુવે જઇને જન વિષ્ણુધામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ. ૨૧
નાણા વડે તો જન વશ્ય થાય, કે શસ્ત્રથી રાજ્ય ઘણાં જીતાય;
વિના ધને જો વશ થાય આમ, એ તો ખરું ઈશ્વરનું જ કામ. ૨૨
લાખો જનો નામ ભજે જ જેનું, ખરા દિલે ધ્યાન ધરે જ તેનું;
તજે કહે તો ધન નારી ધામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ. ૨૩
પક્કા પુરા જે પરધર્મી હોય, જેને નહી જીતી શકે જ કોય;
તે શિષ્ય થૈ પાય કરે પ્રણામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ. ૨૪
જુદા જુદા પંથી જનો ઘણાય, તે સર્વના ઈષ્ટ થઈ જણાય;
જપે પછી તે જન તેનું નામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ. ૨૫
જે હિંસકો ચોર તથા લૂંટારા, તે ધર્મ પાળે થઈ શુદ્ધ સારા;
એની ધરે જે કરમાં લગામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ. ૨૬

મનુષ્યથી જેહ ક્રિયા કરાય, તેવી ક્રિયા તો કરશે બીજાય;
જે તુલ્ય બીજો નહિ કોઇ ઠામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ. ૨૭
ધીમે ધીમે તો પ્રસરાય પંથ, ધીમેધીમે શ્રેષ્ઠ રચાય ગ્રંથ;
લે અલ્પ કાળે કરીને વિરામ, એ તો ખરું ઈશ્વરનું જ કામ. ૨૮
જે કામ શીખ્યાથી કરી શકાય,તે કામ તો માણસનું ગણાય;
લાખો જનોનાં મન વશ્ય આણે, એ તો કળા ઈશ્વર એક જાણે. ૨૯

**ચોપાઈ :**

એવી વાત કરી બહુ સારી, પછી આવ્યા ઉતારે મુરારી;
વાત સર્વે થઇ તે વિખ્યાત, જને જાણ્યા પ્રભુ સાક્ષાત. ૩૦
એવાં ચરિત્ર હરિનાં અપાર, શેષ શારદા પામે ન પાર;
સુણતાં પ્રાણી પાવન થાય, કોટિ જન્મનાં પાતક જાય. ૩૧
વળી મેઘજીની કહું વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
માંગરોળમાં મેઘજી નામ, કરે સુખડિયા કેરું કામ. ૩૨
રામાનંદનો શિષ્ય વરિષ્ઠ, હતો તે તો સમાધિ નિષ્ઠ;
અભિમાન સમાધિનું આણે, પોતાને પ્રભુથી શ્રેષ્ઠ જાણે. ૩૩
જ્યારે વાત તે શ્રીજીયે જાણી, તેની લીધી સમાધિને તાણી;
ગર્વગંજન શ્રીભગવાન, હર્યું મેઘજીનું અભિમાન. ૩૪
મેઘજીગર્વગંજન નામ, પડ્યું શ્રીહરિનું તેહ ઠામ;
પછી ભાદરવો ભલો આવ્યો, વરસાદ ભલો વરસાવ્યો. ૩૫
આવ્યો હસ્તે[1] નિશાકર જ્યારે, કર્યું કૃષ્ણે ઉપાકર્મ[2] ત્યારે;
ગણનાથ ચતુર્થી આવી, લંબોદરને પૂજ્યા ભાવ લાવી. ૩૬
આવી જળઝીલણી એકાદશી, કર્યો ઉત્સવ તે તહાં વસી;



૧.નક્ષત્ર ૨.જનોઇ બદલવાની ક્રિયા



પછી ત્યાંથી ચાલ્યા ઘનશામ, કાળવાણિયે કીધો મુકામ. ૩૭
વિપ્ર ભક્ત ભલો જીવરામ, તેને ઘેર કર્યો વિશ્રામ;
સજે સેવા તે ગામના જન, કહું નામ પરમ પાવન. ૩૮
વિપ્ર મેઘજી ને જેરામ, ભીમ લક્ષ્મણ ને અંબારામ;
ભક્ત જાદવજી રઘુનાથ, એહ આદિક વિપ્રનો સાથ. ૩૯
ઘેલો રાજો તથા જીવરાજ, કરે પર્વત તો કૃષિકાજ[1];
જેઠાભાઇ બે વણિક નિવાસ, ખોડો મૂળજી ને હરદાસ. ૪૦
નરસિંહ ને વસતો જાણો, જેઠો જૂઠો બે ભાઇ પ્રમાણો;
આંબો કેશવ ને કરશનજી, ભક્ત લક્ષ્મણ ને માધવજી. ૪૧
ભલા ભક્ત અનન્ય જે એવા, સ્નેહે શ્રીહરિની સજે સેવા;
હરિભક્ત જે બાઇયો હતી, તેનાં નામ સુણો નરપતિ. ૪૨
મધુ તેજુ હિરુ જીવુ ફૂલી, ભજે ભગવાનને બીજું ભૂલી;
બીજા પણ હજારો જન આવે, શ્રીજી સૌને સમાધિ કરાવે. ૪૩
સાધી સાધન સિદ્ધ દેખાય, અનાયાસે એવા જન થાય;
જાણે અષ્ટાંગ જોગની જુક્તિ, જાણે જેવી રીતે મળે મુક્તિ. ૪૪
જાણે શાસ્ત્રનો સાર તે આપ, તે તો સત્સંગનો જ પ્રતાપ;
નહિ શાસ્ત્રીથી જીતી શકાય, તે તો શ્રીહરિનો મહિમાય. ૪૫
અણિમાદિક સિદ્ધિયો જેહ, આઠે પ્રાપ્ત કરી લીધી એહ;
જન બાળ જુવાન ને વૃદ્ધ, થયા કૈંક જેવા હોય સિદ્ધ. ૪૬
કાયા રાખવી કે તજી દેવી, પામ્યા સર્વે સ્વતંત્રતા એવી;
કરે પરતન માંહી પ્રવેશ, જાણે પરમન વાત વિશેષ. ૪૭
કોઇ પરને સમાધિ કરાવે, સમાધિમાંથી દેહમાં લાવે;



૧.ખેતીકામ

કૈંક પરજનના નાડી પ્રાણ, ખેંચી જાણે એવા તે સુજાણ. ૪૮
નિજમૂર્તિમાં શામ સુજાણ, ખેંચે દાસનાં મન અને પ્રાણ;
તેથી સર્વે સમાધિમાં જાય, એથી લોકને અચરજ થાય. ૪૯
જુદાં આસન ક્યારે વળાવે, પછી તેને સમાધિ કરાવે;
બેસે કોઈક તો સિદ્ધાસને, બેસે કોઈક પદમાસને. ૫૦
વળી કોઈ વીરાસન કરે, સ્વસ્તિકાસને કોઈક ઠરે;
સુવે કોઈ શબાસન કરી, તેને રાખે સમાધિમાં હરી. ૫૧
ગંજ કાષ્ટનો ખડકે જેમ, મૂકે ઉપરા ઉપરી તેમ;
કોઈને એક પ્રહરે ઉઠાડે, કોઈને જુગ પ્રહરે જગાડે. ૫૨
કોઈને રજની દિન જાતાં, કોઈને પખવાડિયું થાતાં;
કોઈને એક માસ બેમાસે, પ્રભુ ઉઠાડી બોલાવે પાસે. ૫૩
કોઈને દષ્ટિમાત્રે જગાડે, કાં તો સંકલ્પથી જ ઉઠાડે;
સમાધિને સુખે તે લોભાઈ, જેહ આવે નહિ દેહમાંઈ. ૫૪
તેને તદાત્મયોગે કરીને, પ્રભુ દેહમાં લાવે ફરીને;
જે જે ધામમાં તે જઈ આવે, ત્યાંની વાત સભામાં સુણાવે. ૫૫
કોઈ વૈકુંઠની કહે વાત, કોઈ ગોલોકની સાક્ષાત;
કોઈ અક્ષરમાં જઈ આવે, ત્યાંની વાત કહીં સંભળાવે. ૫૬
ત્રણલોક તણી કહે કોઈ, કોઈ તો કહે બ્રહ્માંડ જોઈ;
કોઈ તો ધામમાં જઈ આવે, ત્યાંની વસ્તુ અલૌકિક લાવે. ૫૭
ભુમાપુરુષ કે વદનહજાર, કોઈ લાવે તેના સમાચાર,
બદ્રિકાશ્રમ કે શ્વેતદ્વીપ, જોઈ વર્ણવે સર્વ સમીપ. ૫૮
કાળવાણીમાં શ્રીહરિ આપ, એવો પ્રૌઢ જણાવ્યો પ્રતાપ;





દસરાનો દિવસ ત્યાં આવ્યો, સારો ઉત્સવ કૃષ્ણે કરાવ્યો. ૫૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

શરદ પુનમ ત્યાંજ કીધી શામે, બહુ હરિભક્ત મળ્યા જ એહ ઠામે;
કરી દરશન ધર્મપુત્ર કેરાં, જનમન શાંત થયાં અતિ ઘણેરાં. ૬૦

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે કાળવાણીગ્રામે શ્રીહરિ-સમાધિપ્રતાપવર્ણનનામા દશમો વિશ્રામઃ ॥૧૦॥***

**પૂર્વછાયો :**

ઓગણસાઠની સાલની, આવી દિવાળી ઢુંકડી જ્યાંય;
લોજના હરિજન તેડવા, આવ્યા શ્રીહરિ આગળ ત્યાંય. ૧

**ચોપાઈ :**

કાળવાણીમાં કૃષ્ણ બિરાજે, આવ્યા હરિજન તેડવા કાજે;
કર જોડીને વાણી ઉચ્ચારી, સુણો અરજ અમારી મુરારી. ૨
આદિસ્થાન રામાનંદ કેરું, લોજધામ છે જૂનું ઘણેરું;
જેમાં પ્રથમ પધારીને આપ, મુનિ મુક્તનો કીધો મેળાપ. ૩
ગાદી પામ્યા પછી કોઈ વાર, તમે આવ્યા નથી એહ ઠાર;
અન્નકૂટ ત્યાં આવીને કરો, અરજી એટલી ઉર ધરો. ૪
સુણી બોલિયા શ્રીમહારાજ, સુણો સૌ સતસંગી સમાજ;
કાળવાણીના જે હરિજન, અમે આપ્યું છે તેને વચન. ૫
એક આવે પ્રબોધિની જેહ, અહીં કરશું સમૈયો તેહ;
માટે શી રીતે અહિંથી જવાય ? મારું વેણ મિથ્યા કેમ થાય ? ૬
સતસંગી બોલ્યા સુણી વાણી, પ્રભુ સાંભળો સારંગપાણી;

અન્નકૂટ કરો લોજ માંહી, પછી કરજો પ્રબોધિની આંહીં. ૭
વાત શ્રીહરિને લાગી સારી, મોકલ્યા સંત ને બ્રહ્મચારી;
હતા પ્રથમ રામાનંદ પાસ, સાધુ તે રામચરણદાસ. ૮
સાથે બ્રહ્મચારી જયરામ, બેને મોકલિયા લોજગામ;
કહ્યું જૈને તમે ત્યાં ઠરજો, અન્નકૂટનો સામાન કરજો. ૯
ધનતેરશ આવશે જ્યારે, અમે ત્યાં આવશું તેહ વારે;
સંત સાંભળી ચાલ્યા ઉમંગે, ત્યાંના સતસંગી પણ ગયા સંગે. ૧૦
જૈને સામાન સર્વ કરાવ્યો, ત્યાં તો દ્વાદશીનો દિન આવ્યો;
કર્યું પારણું શ્રીઘનશામે, પછી પરવરિયા લોજ ગામે. ૧૧
ધનતેરશ ત્યાં કરી ધીર, પૂજ્યા ચૌદશે હનુમંત વીર;
પૂરી દીપોત્સવે દીપમાળ, રીઝ્યા જનશિર દીનદયાળ. ૧૨
અન્નકૂટ તણો દિન આવ્યો, ભલો તે હરિજન મન ભાવ્યો;
કર્યો ગોમય[1] ગોવરધન, કર્યું પ્રેમથી તેનું પૂજન. ૧૩
પૂર્યા પાક શાક પકવાન, કરે મુનિજન હરિગુણ ગાન;
વાજે ભુંગળ તાળ મૃદંગ, સૌને આનંદ ઉપજ્યો અંગ. ૧૪
જમ્યા સંત ને શ્રીગિરધારી, પછી સાંજે સભા સજી સારી;
હતા પરદેશી સંઘ અપાર, બેઠા સર્વે સભાની મોઝાર. ૧૫

**પૂર્વછાયો :**

એવે સમે એક વાણિયો, જેનો દિવબંદરમાં વાસ;
આવ્યો પ્રભુની આગળે, હવે એનો કહું ઈતિહાસ. ૧૬

**ચોપાઈ :**

દિવબંદરનો રહેનાર, કરે વા'ણવટી[2]નો વેપાર;



૧.ગાયનું છાણ ૨.દેશ-પરદેશમાં વહાણ દ્વારા વેપાર કરનાર



એક અવસરે તેહનું વા'ણ, લાગ્યું ડૂબવા મધ્ય મે'રાણ[1]. ૧૭
ઘણો તેમાં ભર્યો હતો માલ, તેની ચિંતા થઈ તેહ કાળ;
વા'ણ બૂડશે તો માલ જાશે, મારા જીવનું જોખમ થાશે. ૧૮
એવું જાણીને જોડિયા હાથ, દિલે સંભાર્યા દ્વારિકાનાથ;
કહ્યું હે પ્રભુ ઊગારો અમને, અર્ધ ભાગ હું અર્પિશ તમને. ૧૯
કૃષ્ણની એવી માનતા કરી, તે તો વા'ણ આવ્યું તીરે તરી;
માલ વેચી તેનું નાણું કીધું, પોતે અર્ધ એમાં થકી લીધું. ૨૦
અર્ધ રણછોડજી આગે ધરવા, ચાલ્યો દ્વારકા તીરથ કરવા;
આવ્યો સોરઠ દેશમાં જ્યારે, તેણે વાત એવી સુણી ત્યારે. ૨૧
આજ છે ગામ લોજ મોઝાર, રામાનંદ પ્રભુ અવતાર;
ઈચ્છા અંતરમાં એવી થઈ, મળું તેને હું લોજમાં જઈ. ૨૨
પછી આવ્યો રામાનંદ ધામ, પદપદ્મને કીધો પ્રણામ;
શેઠ બેઠા સભામધ્ય જ્યારે, તર્ત બોલ્યા રામાનંદ ત્યારે. ૨૩
તમે વા'ણનો કીધો વેપાર, ડુબતા હતા દરિયા મોઝાર;
પછી કૃષ્ણની માનતા કરી, એથી આવ્યા છો આપ ઊગરી. ૨૪
એમ કહીને વળી સાક્ષાત, એના અંતરની કહી વાત;
સુણી નિશ્ચે થયો નિરધાર, આ તો ઈશ્વરનો અવતાર. ૨૫
જાણ્યું દ્વારિકાં છેજ આ ઠામ, દીધાં વાવરી સર્વે દામ;
જમાડ્યા દ્વિજ સંતસમાજ, કાંઈ આપ્યું સદાવ્રત કાજ. ૨૬
જાત્રા ત્યાં જ કરી રુડી પેર, ગયો પાછો તે પોતાને ઘેર;
રામાનંદ જાણી ભગવાન, ભજે તેને ધરે તેનું ધ્યાન. ૨૭
એમ કરતાં વરષ કાંઈ વીત્યાં, તજ્યો દેહ રામાનંદજી ત્યાં;



૧.સમુદ્ર

તેને પાટે બેઠા પ્રભુ જ્યારે, સુણી વારતા તે સાહુકારે. ૨૮
સુણ્યો શ્રીજીનો પરમ પ્રતાપ, રામાનંદથી અધિક અમાપ;
ધરી અંતરે દર્શન આશ, આવ્યો લોજમાં શ્રીપ્રભુ પાસ. ૨૯
જાણ્યું અંતરની કહે વાત, તો હું માનું પ્રભુ સાક્ષાત;
પગે લાગી બેઠો સભામાંય, હતો બાળક બેઠેલો ત્યાંય. ૩૦
વર્ષ પાંચની ઉમ્મર હતી, તેની પ્રત્યે બોલ્યા મુનિપતી;
કહો શેઠના મન તણી વાત, કેવા ઘાટ ઘડે છે તે ભ્રાત. ૩૧
પછી શેઠના મનમાં જે હતું, તે તો બાળકે ત્યાં કર્યું છતું;
વાત સરવ કહી વિસ્તારી, ભાસ્યું શેઠને અચરજ ભારી. ૩૨
હરિને કહ્યું જોડીને હાથ, સરવેશ તમે સત્ય નાથ;
રામાનંદ તો અન્તરજામી, હતા પોતે તેમાં નહિ ખામી. ૩૩
આપના શિષ્ય બાળક જેવા, દિસે અંતરજામી તો એવા;
તમે સરવોપરી પરમેશ, તેમાં સંશય નહીં લવલેશ. ૩૪
દીઠા બાળકમાં ગુણ એવા, હશે મોટા સમર્થ તો કેવા;
મોટા હરિજન ને મોટા સંત, હશે તેમાં તો શક્તિ અનંત. ૩૫
સુણી બોલ્યા શ્રીહરિ આપ, કહું મોટાનો કેવો પ્રતાપ;
જાણે ભૂત ભવિષ્યની વાત, કહે પર મનની સાક્ષાત. ૩૬
વળી પરને સમાધિ કરાવે, સમાધિમાંથી દેહમાં લાવે;
ભલાં દેખાડે ભગવતધામ, એવાં એવાં કરી શકે કામ. ૩૭
સુણી શેઠ તે આશ્રિત થયો, પછી ગામ પોતાતણે ગયો;
જપે સ્વામિનારાયણ નામ, ધરે ધ્યાન ઠરી એક ઠામ. ૩૮
એમ વર્ષ વિત્યાં ત્રણ્ય ચાર, પછી તેણે તજ્યો સંસાર;





દીધી દીક્ષા તેને સુખકંદ, પાડ્યું નામ ભલું પ્રભાનંદ. ૩૯
કરે શ્રીહરિ એવાં ચરિત્ર, સુણી પાપીયે થાય પવિત્ર;
માટે ગાતાં ને સુણતાં સદાય, મોટા મુક્ત તો તૃપ્ત ન થાય. ૪૦

**પૂર્વછાયો :**

એક સમે લોજ ગામમાં, એક વેરાગી શીતળદાસ;
આવ્યો તે શ્રીહરિ આગળે, હવે એનો કહું ઇતિહાસ. ૪૧

**ચોપાઈ :**

રામાનંદસ્વામી હતા જ્યારે, તીર્થવાસી બે વેરાગી ત્યારે;
આવ્યા રામાનંદસ્વામી પાસ, રહ્યા મંદિરમાં એક માસ. ૪૨
ગુરુ જાનકીદાસ છે બેમાં, શિષ્ય શીતળદાસ છે તેમાં;
એક પુસ્તક પોતાનું જેહ, સોપ્યું ત્યાંના કોઠારીને તેહ. ૪૩
કહ્યું તીરથ કરવાને જૈશું, પોથી વળતાં અમે પાછી લૈશું;
પછી દ્વારિકાની વાટે ચડિયા, ગુરુ મારગમાં માંદા પડિયા. ૪૪
એક નગરમાં કીધો નિવાસ, ગુરુ માંદા રહ્યા ઘણા માસ;
કાળ તેનો તે નગરમાં થયો, પછી શિષ્ય તે દ્વારકા ગયો. ૪૫
આવ્યો વળતાં ફરી લોજ ગામ, જહાં રાજે છે શ્રીઘનશામ;
નમી બેઠો સભામધ્ય આવી, ગુરુ મરણની વાત સુણાવી. ૪૬
માગ્યું પોતાનું પુસ્તક જ્યારે, આપ્યું કોઠારીએ લાવી ત્યારે;
છોડી પુસ્તક જોયું તપાશી, દીઠી ડાબલી મૂકેલી વાશી. ૪૭
સભા માંહી તે ઉઘાડી જ્યારે, દીઠું અદ્ભુત અચરજ ત્યારે;
માંહી અરધો રુપૈયો દેખાણો, કણો[૧] સાપનો તેને વીંટાણો. ૪૮
ગુરુની રહી વાસના એમાં, તેથી સર્પ થઇ બેઠો તેમાં;



૧.બચ્ચું

જળ છાંટ્યું તેને મુનિ ભૂપે, તજી દેહ થયો દિવ્યરૂપે. ૪૯
પ્રભુને પદ કીધો પ્રણામ, ઘણી વિનતિ કરી એહ ઠામ;
વળી ઉચાર્યું નિજ વૃત્તાંત, ભાંગી સર્વના મનની ભ્રાંત. ૫૦
એને આજ્ઞા કરી ઘનશામે, ગયો તેથી તે ગોલોક ધામે;
દીનબંધુ દયાસિંધુ એવા, કહો કોણ ધરમસુત જેવા ! ૫૧
એનું અધમઉદ્ધારણ નામ, નકી જાણ્યું જનોએ તે ઠામ;
પછી શ્રીહરિએ સઉ પાસ, કહ્યું વાસના કરજો વિનાશ. ૫૨

**વાસના તજવા વિષે : ઉપજાતિવૃત્ત :**

જ્યાં વાસના જેની જરી રહે છે, તે જન્મ તો ત્યાં જઇને લહે છે;
માટે થજો સૌ નિરવાસનીક, જો જન્મમૃત્યુ તણી હોય બીક. ૫૩
અર્ધો રુપૈયો અતિ તુચ્છ આતો, વૈરાગીની જો રહિ વાસના તો;
જે કોઇ પાસે ધન છે હજારો, એનો થશે કેમ કરી ઉગારો ? ૫૪
જે ભક્તને કારણ અંતકાળે, આવે પ્રભુ તે જન કૈંક ભાળે;
જો વાસના કોઇ વિષે વસાય, પ્રભુની સાથે પણ તે ન જાય. ૫૫
ગૃહસ્થ ને ત્યાગી સમસ્ત ભક્ત, થશો નહિ માયિકામાં પ્રસક્ત;
જો રાજ્ય છે બંધનકારી જેવું, છે તુંબડું બંધનકારી તેવું. ૫૬
રહે રસાસ્વાદની વાસનાય, તે તો કીડા તે રસના જ થાય;
નિઃસ્વાદી થાજો નર સર્વ નારી, ભવિષ્યનું દુઃખ દિલે વિચારી. ૫૭
અનંત કોટી જુગ સ્વાદ ચાખ્યો, નથી અબોટ્યો રસ કોઇ રાખ્યો;
તથાપિ જો તૃપ્તિ થઇ ન ભાસે, તો આ ભવે શું મન તૃપ્ત થાશે ? ૫૮
જો કામકેરી રહી વાસનાય, તો મૂત્રવિષ્ઠા કૃમિ દેહ થાય;
દુર્વાસના તો દિલમાંથી ત્યાગો, જો મુક્ત થઇ અક્ષરધામ માગો. ૫૯





મનુષ્યનું આયુષ્ય અલ્પ કાળ, કાપે સદા તે પણ કાળવ્યાળ;
ચેતી શકો તો ચિત માંહી ચેતો, થશે પછીથી નહિ તો ફજેતો. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિ અતિ શુભ વાત એવી કીધી, સુણી સતસંગી સમસ્ત ધારી લીધી;
તૃણવત સુખ સ્વર્ગનાય જાણે, નરસુખ કેમ કદાપિ ઊર આણે. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિલોજગ્રામે અન્નકૂટોત્સવકરણનામા એકાદશો વિશ્રામઃ ॥૧૧॥*

**પૂર્વછાયો :**

ઉત્સવ કરી અન્નકૂટનો, ચાલ્યા લોજ થકી વૃષલાલ;
વળી આવ્યા કાલવાણિયે, સંત સહિત દીનદયાળ. ૧

**ચોપાઈ :**

સમૈયો ત્યાં પ્રબોધિની કેરો, કરવાનો છે હરખ ઘણેરો;
ગામોગામમાં પત્ર લખાવ્યા, સંત હરિજન સર્વ તેડાવ્યા. ૨
આડો દિવસ રહ્યો જ્યારે એક, ત્યાં તો આવિયા સંઘ અનેક;
ભુજ થકી આવ્યા મુક્તાનંદ, સાથે સંત ને સત્સંગીવૃન્દ. ૩
કાઠિયાવાડ સોરઠકેરા, આવ્યા સંચરી સંઘ ઘણેરા;
ઝાલાવાડી તથા ગુજરાતી, આવ્યા તેની સંખ્યા નથી થાતી. ૪
દશમી દિને સૌ નરનારી, આવી નિરખિયા દેવ મુરારી;
પછી એકાદશીને પ્રભાતે, પ્રભુ નાવા ગયા ભલી ભાતે. ૫
સંત સત્સંગી સૌ લઈ સાથ, નાયા જૈ નદીમાં મુનિનાથ;
વાટે કીર્તન સંત ઉચારે, પાછા આવિયા એમ ઉતારે. ૬

પછી જ્યાં સભા શ્રેષ્ઠ ભરાઇ, આવ્યા હરબાઇ ને વાલબાઇ;
તેની પ્રથમ કહી છે મેં વાત, કરૂં વાત વિશેષ વિખ્યાત. ૭
આતમાનંદની બેય ચેલી, તજી સંસાર ત્યાગી થયેલી;
વાલબાઇ તે કણબી જાતે, હરબાઇ તો કુંભાર નાતે. ૮
ધારે અંચળ ભગવાં અંગે, રાખે શિષ્ય ઘણા નિજસંગે;
આત્માનંદે તજ્યો જ્યારે દેહ, રામાનંદને રહી મળી તેહ. ૯
તેનું જ્ઞાન દિલે લીધું ધારી, મત અદ્વૈત મેલ્યો વિસારી;
તોય જ્ઞાન તણું અભિમાન, રહે અંતર માંહી નિદાન. ૧૦
સાથે મંડળી લૈને તે ફરે, નર નારીને ઉપદેશ કરે;
પુરુષોની સભા માંહી પેસે, ગાદિ તકિયા નંખાવીને બેસે. ૧૧
હતા જ્યારે રામાનંદજી તે, ચાલ્યું ત્યાં સુધી તો એવી રીતે;
પછી કાળવાણીમાં તે બાઇ, આવી સંતસભા માંહી ધાઇ. ૧૨
ગયા સંત તો આસન છાંડી, હરિભક્તોયે વારવા માંડી;
તોય તે સભાસ્થાનમાં પેઠી, ગાદી સદ્‌ગુરુની જોઇ બેઠી. ૧૩
હતાં શિષ્ય તેનાં બાઇ ભાઇ, તે તો બેઠાં તેઓને વિંટાઇ;
બેય બાઇયોયે તેહ ઠામ, કર્યો કૃષ્ણને કાંઇ પ્રણામ. ૧૪
ત્યારે બોલિયા શ્રીહરિ એમ, તમે વર્તો છો આ રીતે કેમ ?
વેષ ત્યાગીનો ધારીને અંગ, કેમ રાખો છો નરનો પ્રસંગ ? ૧૫
ચાહો સત્સંગને જો ખચીત, રાખો સત્સંગની શુભ રીત;
નરને ન કરો ઉપદેશ, નવ અડકવું બોલવું લેશ. ૧૬
સુણી બાઈયો બોલી તે વાર, અમોને નરથી શું થનાર ?
નર નારીમાં ગણિયે ન ભેદ, અમે જાણિયે માંસ ને મેદ. ૧૭





બાળપણથી અમે ઊર્ધ્વરેતા, અમે છૈયે પુરાં બ્રહ્મવેત્તા;
જુવાનીમાં ધરમથી ન ચળિયાં, ડાચાં મળિયાં ને આવ્યાં છે પળિયાં[૧]. ૧૮
આતમાનંદે તો શુદ્ધ ધાર્યાં, રામાનંદે તો અમને ન વાર્યા;
આજ કાલના આવેલા તમે, નવી રીત ન માનિયે અમે. ૧૯
કાઢી મૂકશો તો દૂર થઇ, નવો પંથ ચલાવશું જઇ;
સુણી બોલ્યા મહાસુખદાઇ, સુણો વાલબાઇ હરખાઇ. ૨૦

**ત્યાગીના ધર્મ વિષે : ઉપજાતિવૃત્ત :**

ત્યાગી જનોનો શુભ ધર્મ જે છે, સચ્છાસ્ત્રમાં શુદ્ધ લખેલ તે છે;
જો વૃદ્ધ કે વ્યાધિત[૨] યોગધારી, ન જાય ત્યાં ચિત્રિત હોય નારી. ૨૧
બ્રહ્મા ભૂલ્યા નારદજી ભુલ્યા છે, સ્ત્રી દેખી સાક્ષાત શિવે ડુલ્યા છે;
મળી રહે જે નરનારી સંગ, કોઇ સમે તો વ્રત થાય ભંગ. ૨૨

**ચોપાઈ :**

જેવો પુરુષને નારીનો સંગ, એવો પ્રમદાને પુરુષપ્રસંગ;
એ તો છે ઘૃત અગ્નિ સમાન, એમાં કરવું નહીં અભિમાન. ૨૩
લીધી હોય જો ઇન્દ્રિયો જીતી, તોય સૌને શિખવવા સુરીતી;
મોટા મુક્ત રહે સ્ત્રીથી દૂર, એવી રીત ચલાવવા જરૂર. ૨૪
મુક્તાનંદ તથા રામદાસ, જેણે કીધા છે કામાદિ નાશ;
તોય માનીને આજ્ઞા અમારી, તજી છે અષ્ટ પ્રકારે નારી. ૨૫
મારી આજ્ઞા ધરો તમે ચિત્તે, તજો પુરુષપ્રસંગ એ રીતે;
એવી વાત કરી સુખદાની, પણ તે બાઇયોયે ન માની. ૨૬
મુક્તાનંદ ને ધર્મકુમાર, કીધો એકાંતે જૈને વિચાર;
મુનિમુક્ત બોલ્યા પ્રભુપાસ, એ બે બાઇ ને રઘુનાથદાસ. ૨૭



૧.સફેદ વાળ ૨.રોગી

નથી સત્સંગમાં રહેનાર, જાણું અંતે જરૂર જનાર;
આ બે બાઈયોને મહારાજ, સંપ્રદાયથી વિમુખ કરો આજ. ૨૮
એ તો છે અતિશે અભિમાની, રામાનંદ હતા તે સમાની;
વાતો કરશે જો આવીને આવી, કૈંક ભક્તને દેશે ભમાવી. ૨૯
પછી શ્રીહરિ આવ્યા સભામાં, સમજાવી બહુ તે સમામાં;
વાત જરિયે ન માની જ્યારે, કરી બેને બર્હિમુખ ત્યારે. ૩૦
ઉઠી નીસરી બેય રિસાઇ, તેનાં શિષ્ય હતાં બાઇ ભાઇ;
તેઓ પણ ઉઠી ત્યાં થકી ગયાં, ત્રંબા ગામ વિષે જઇ રહ્યા. ૩૧
નવો પંથ ચલાવ્યો ત્યાં જૈને, બેસે ગાદી ઊપર ગુરુ થૈને;
ત્યાંનો ભક્તસમાજ ભ્રમાવ્યો, નિજનો મહિમા સમજાવ્યો. ૩૨
કરવા જનને ઉપદેશ, ફરતી હતી સોરઠ દેશ;
તજ્યો દેહ તે ત્રંબામાં જ્યાંય, મોટો ઓટો ચણેલો છે ત્યાંય. ૩૩
કોઈક ગામ વિષે હે રાય, એના શિષ્ય અદ્યાપિ જણાય;
સુણી એવું કહે નરપાળ, અહો વર્ણીજી દીનદયાળ. ૩૪
ઉપજ્યો એમ સંશય મને, માટે પુછું છું પ્રશ્ન તમને;
તજી સંસારને ત્યાગી થઇ, કેમ સત્સંગમાંથી તે ગઇ ? ૩૫
કેમ કલ્યાણનો ખપ મટ્યો ? કેમ વૈરાગ્ય તેહનો ઘટ્યો ?
તેનું માથું ફરે કદી એમ, તેની વાત બીજા માને કેમ ? ૩૬
મુક્તાનંદ જેવા મોટા સંત, એક પક્ષમાં હોય અનંત;
તેની વાત તે કેમ તજાય ? નીકળેલાની કેમ મનાય ? ૩૭
એવા કોણ ભોળા જન થાય ? તજી ગંગાને ખાડામાં નાય;
કેમ દેખે નહીં ગુણ દોષ ? વણ સમજ્યા કરે કેમ રોષ ? ૩૮





એ જ સંશય મેં કર્યો મારો, વરણીદ્ર તમે તે નિવારો;
સુણો ભૂપ કહે બ્રહ્મચારી, કહું કારણ તેનું વિચારી. ૩૯

**માની શિષ્ય વિષે : ઉપજાતિવૃત્ત :**

જે શિષ્ય ઝાઝું અભિમાન ધારે, તે માનનું ખંડન થાય જ્યારે;
કરે ઘણો તે મન માંહી ક્રોધ, વળી કરે તે ગુરુથી વિરોધ. ૪૦
આવે ગુરુનો અવગુણ લેશ, વધી વધી થાય ઘણો વિશેષ;
છોટું પડ્યું ભૂતળ બીજ જેમ, તે થાય ઊગી વડવૃક્ષ તેમ. ૪૧
ભ્રમેલ ચેલો ગુરુભક્તિ ચૂકે, અનેક મિથ્યા અપવાદ મૂકે;
ગુરૂ વિષે દોષ સદૈવ દેખે, છતે ગુણે સદ્‌ગુણ તે ન લેખે. ૪૨
જૈ અન્ય પાસે અવગુણ ગાય, ભોળા જનો તે સુણીને ભ્રમાય;
જો માનવાને જનજૂથ આવે, ચેલો પછી પંથ જુદો ચલાવે. ૪૩
ગોસાંઇજીના મતમાંથી જેમ, જુદો પડ્યો પંથ પ્રણામી તેમ;
થયા ઘણા ને વળી થાય ભાઇ, તે વાતમાં કાંઇ નથી નવાઇ. ૪૪
જો વેદનો માર્ગ પડ્યો મુકાવે, વૃંદા તજીને ખિજડો પૂજાવે;
લોબાન[૧]નો ધૂપ કરો કહે છે, ભોળા જનો તે પણ માની લે છે. ૪૫
મનુષ્ય ભોળા મૃતિકા સમાન, પલાળતાં તે પલળે નિદાન;
ગંગાજળે તે ગળી જાય જેમ, સુરા પડે તો પલળે જ તેમ. ૪૬
મમત્વથી જે ગુરુ અન્ય માને, તેના કદી દોષ ધરે ન કાને;
જો ચોર કે ભ્રષ્ટ લબાડ હોય, પૂજે મમત્વે કરી પ્રેમે તોય. ૪૭
કરે મમત્વ નિજ ધર્મનાશ, કરે મમત્વે કુટિલ પ્રયાસ;
મમત્વથી વૈર કરી ઘણેરું, પોતે બગાડે પરલોક કેરું. ૪૮
માથું ફરે જે જનકેરું જ્યારે, સુઝે ન રસ્તો સવળો જ ત્યારે;



૧.ગુગળ, એક જાતના વૃક્ષનો ગુંદર

થાકે કહીને જન જ્ઞાનવાને, માથાફરેલો કદિયે ન માને. ૪૯
જ્યારે થયો જે નરકે જનાર, ત્યારે જ તેવી ભ્રમણા થનાર;
આવી નડે પાતક પૂર્વ કેરું, માને નહીં સંત કહે ઘણેરું. ૫૦
છૂટો પડ્યો સંત સમાજમાંથી, એને કશો અંકુશ હોય ક્યાંથી;
તે તો ચડે છે પછી પંથ આડે, પોતા તણું ને પરનું બગાડે. ૫૧
જે બ્રહ્મહત્યાદિક પંચ પાપી, કલ્યાણ પામે કુમતિ કદાપિ;
કરે ગુરુદ્રોહ કૃતઘ્નિ જેહ, કલ્યાણ પામે કદિયે ન તેહ. ૫૨
ચેતાય તો સૌ ચિત્ત ચેતિ લેજો, તે દુષ્ટની સંગત છોડી દેજો;
જે શ્વાન જ્યારે હડકાયું થાય, તે તુલ્ય તે લાળ થકી થવાય. ૫૩
જે સર્પ પાળ્યો બહુ દૂધ પાઈ, દબાય તો તેહ ડસે જ ભાઈ;
એવા ગુરુદ્રોહિ કૃતઘ્નિ હોય, વિશ્વાસ તેનો કરશો ન કોય. ૫૪
જેને પ્રતાપે બહુ માન પામ્યો, જેને પ્રતાપે જશ ખૂબ જામ્યો;
વિરુદ્ધ એવા ગુરુથી થનાર, ધિક્કાર ધિક્કાર હજાર વાર. ૫૫

**ચોપાઈ :**

બ્રહ્મચારી કહે સુણો રાય, કહું છું હવે કૃષ્ણકથાય;
કાળવાણીમાં કૃષ્ણ બિરાજે, તિથિ તે તો પ્રબોધિની છાજે. ૫૬
આવ્યું પૂરણમાસીનું પર્વ, રહ્યા ત્યાં સુધી સંઘ તે સર્વ;
પછી તે સતસંગી તમામ, ગયા પોતપોતા તણે ગામ. ૫૭
આખા ગામમાં જેનો નિવાસ, નારાયણદવે કૃષ્ણના દાસ;
તેના પુત્ર તે નરસિંહ નામ, પ્રેમે પ્રભુપદ કીધો પ્રણામ. ૫૮
પીપળાણાના નરસિંહ મહેતા, ત્રિજા તે પણ સંઘાતે હતા;
ત્રણે વિનતિ કરી એહ ટાણે, પ્રભુ આવો આખે પીપળાણે. ૫૯





**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વિનતિ અધિક એ સમે ઉચારી, સુણી મન માંહી કૃપા કરી મુરારી;
મુનિજનજુત ત્યાંથી તેજ ટાણે, પ્રભુ વિચર્યા વળી ગામ પીપળાણે. ૬૦

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકાળવાણીગ્રામે વાલબાઈહરબાઈવિમુખકરણનામા દ્વાદશો વિશ્રામઃ ॥૧૨॥***

**પૂર્વછાયો :**

ચાલ્યા પ્રભુ અગત્રાઈ થઈ, આખે પીપળાણે જવા માટ;
ઉભા રહ્યા બેય ગામની, તે જુદી પડી જ્યાં વાટ. ૧

**ચોપાઈ :**

બંને ગામના ભક્તસમાજ, સામા આવ્યા તે શ્રીજીને કાજ;
બંને મંડળિયો જુદી દિસે, સૌના હૈયામાં હરખ અતિશે. ૨
ઘણા તાળ મૃદંગ વગાડે, માંહો માંહી ગુલાલ ઉડાડે;
પ્રભુ પ્રથમ અમારે ગામ, આવશે એમ જાણે તમામ. ૩
નારાયણ દવે નરસિંહ મેતા, તેઓ પણ એમ જાણતા હતા;
સાધુ પાર્ષદ ને બ્રહ્મચારી, તેની સંખ્યા તો ત્રણસેં ધારી. ૪
બંને ગામમાં થાય રસોઈ, દાળ ચોખા ચડાવેલા ધોઈ;
મળી મંડળિયો જેહ ઠામ, પ્રભુ પૂજીને કીધા પ્રણામ. ૫
બંને ગામના એમ ઉચ્ચારે, પ્રભુ ગામ પધારો અમારે;
થવા આવી રસોઈ તૈયાર, ઝાઝી તેમાં નથી હવે વાર. ૬
સુણી બોલિયા વૃષકુળરાય, બેય ઠેકાણે કેમ અવાય ?
પાક કેમ કર્યો બેય ગામ ? તમે સમઝ્યા વગર કર્યું કામ. ૭

બેય ગામના બોલિયા ત્યારે, જાણ્યું આવશે ગામ અમારે;
એમ સમજી રસોઇ કરાવી, જમો સંતસહિત તમે આવી. ૮
પછી એકાંતે જૈ ઘનશામ, તેડ્યા મુક્તમુનિ મયારામ;
કહ્યું આ વાતનું કેમ કરવું ? કિયા ગામમાં પ્રથમ વિચરવું. ૯
બોલ્યા તે સમે બેય વિચારી, તમે સમરથ છો સુખકારી;
જ્યારે બ્રહ્માયે વાછરુ હર્યા, તમે સર્વે તણાં રૂપ ધર્યાં. ૧૦
વળી નવલખા પર્વતમાંય, નવ લાખ હતા સિદ્ધ જ્યાંય;
નવ લાખ ધરીને સ્વરૂપ, મળ્યા તેને તમે મુનિભૂપ. ૧૧
એવી રીતે કરો પ્રભુ આજ, ત્યારે થાય તે બેયનું કાજ;
પછી એવો ઠરાવ ઠરાવી, પીપળાણાના ભક્ત બોલાવી. ૧૨
કહ્યું ગામ લગી જાઓ તમે, તમ પાછળ આવશું અમે;
એમ કહી કરમાં કોલ દીધો, ત્યારે તેઓએ મારગ લીધો. ૧૩
સાધુસુધાં નવાં રૂપ ધરી, ગયા તેઓની પાછળ હરિ;
આખા ગામમાં સત્સંગી સાથ, ચાલ્યા સંતસહિત સંત નાથ. ૧૪
સર્વે અંતરે આનંદ આણે, ઉંડો મર્મ તો કોઇ ન જાણે;
એવી અકળિત ઈશ્વરી માયા, બ્રહ્મા ઈન્દ્ર જેવા ભરમાયા. ૧૫
ગામ આખામાં ગોવિંદ ગયા, નારાયણ દવેને ઘેર રહ્યા;
જમ્યા સંત ને શ્રીગિરધારી, પછી બેઠા સભા સજી સારી. ૧૬
પૂજા હરિજને હેતથી કીધી, પ્રભુયે હાર પ્રસાદી દીધી;
વાજતે ગાજતે રુડી પેર, કરી પધરામણી ઘેર ઘેર. ૧૭
ત્યાંથી હરિજન કોઇ તે ટાણે, કાંઇ કામે ગયા પીપળાણે;
મેતા નરસિંહને ઘેર ગયા, પ્રભુને જોઇ વિસ્મિત થયા. ૧૮





વિચારે વળી નિજ અંતર, આ તે સાચું કે સ્વપનાંતર;
આખા ગામમાં છે ઘનશામ, કેમ દેખાય છે તે આ ઠામ ? ૧૯
બેઠા પંગતે જમવાને સંત, ભાવથી પીરસે ભગવંત;
જમીને પછી શ્રીજગદીશે, સભા સારી સજી ચોક વિષે. ૨૦
પ્રેમે પૂજા કરી સઉ મળી, પધરાવ્યા ઘરોઘર વળી;
આખેથી આવેલા હરિદાસે, પીપળાણા તણા જન પાસે. ૨૧
કરી વાત એ અવસર આમ, આખા ગામમાં છે ઘનશામ;
લઈ સંતના મંડળ સાથ, ઘેરઘેર પધારે છે નાથ. ૨૨
અમે ત્યાં દરશન કરી આવ્યા, સાચેસાચા સમાચાર લાવ્યા;
સુણી અચરજ ઉપજે અમાપ, જાણે પ્રગટ પ્રભુનો પ્રતાપ. ૨૩
તેને નિશ્ચય કરવા કામે, ગયા બે જણ તો આખા ગામે;
જોયા શ્રીહરિ સંતો સહિત, ખરી જાણી તે વાત ખચીત. ૨૪
વળી વાત કરી એહ ઠામ, પ્રભુ છે પીપળાણે ગામ;
પધરાવિયા અમારે ઘેર, અમે પૂજા કરી રુડી પેર. ૨૫
ત્યાં તો ભક્ત બે આંહીથી આવ્યા, સમાચાર અહીંના સુણાવ્યા;
તેનો નિશ્ચય કરવાને કાજ, અહીં આવ્યા છૈયે અમે આજ. ૨૬
સુણી આખા તણા રહેનાર, સહુ અચરજ પામ્યા અપાર;
દીધાં બે સ્થળે દર્શનદાન, જાણ્યા ભક્તવત્સલ ભગવાન. ૨૭
પ્રભુ સૌના મનોરથ પૂર્યા, રહ્યા એકે તણા ન અધૂરા;
એવા સમરથ ધર્મકુમાર, કોટિ બ્રહ્માંડના કરતાર. ૨૮
એ છે સર્વના અંતરજામી, સચરાચર સર્વના સ્વામી;
જેના સંકલ્પમાત્રે સદાય, ઉતપત્તિ સ્થિતિ લય થાય. ૨૯

જે જે ધારે કરે ક્ષણમાંઇ, નથી એને તો દુષ્કર કાંઇ;
આવાં આવાં તો અદ્‌ભુત કામ, ઘણીવાર કર્યા ઘણે ઠામ. ૩૦

**પૂર્વછાયો :**

બેય રૂપે બેય ગામમાં, થોડા દિન દીધાં દરશન;
દર્શન કરવા આવિયા, પર ગામના બહુ જન. ૩૧

**ચોપાઇ :**

બેય ગામમાં કૃષ્ણને દેખે, અતિ અચરજ અંતરે લેખે;
ત્યાંના હરિજન નર અને નારી, સમાધિમાં ગતી કરે સારી. ૩૨
જોગસાધના કાંઇ ન કીધી, ઘનશામે સ્વતંત્રતા દીધી;
એક એક થકી એ તો વાત, થઇ દેશ વિદેશ વિખ્યાત. ૩૩
બેય ગામના હરિજન પાસ, પછી એમ બોલ્યા અવિનાશ;
અહીં જગ્યાની છે સંકડાશ, નદીને તટ કરશું નિવાસ. ૩૪
વળી કરવો છે વિષ્ણુયાગ, મળે માણસજૂથ અથાગ;
વિપ્ર આવે હજારો હજાર, કેમ માઇ શકે તે આ ઠાર ? ૩૫
નદી ઓઝતનો તટ સારો, જોઇ જગ્યા તે જૈને સુધારો;
તંબુ દેરા ચંદનિયો મંગાવો, નદીને તટ ઉભાં કરાવો. ૩૬
આજ્ઞા હરિજને અંતરે ધારી, નદીતટ જઇ જગ્યા સુધારી;
વડ આદિક વૃક્ષ છે જ્યાંય, સૌયે સારી જગ્યા ધારી ત્યાંય. ૩૭
તંબુ દેરા મોટા મોટા લાવ્યા, અતિ આનંદે ઉભા કરાવ્યા;
ચારુ ચંદનીયો મોટી લાવી, બહુ યુક્તિથી ઉંચી બંધાવી. ૩૮
નવી જાજમો સારી કરાવી, તે તો પૃથ્વી ઉપર પથરાવી;
બેય ગામથી શામ સિધાવ્યા, હરિભક્ત વળાવાને આવ્યા. ૩૯





વાજે ત્રાંસાં નગારાં ને ઢોલ, વાજે તાલ મૃદંગ અતોલ;
કરે કીર્તન સંત ઉચ્ચાર, બોલે ઉંચે સ્વરે છડીદાર. ૪૦
તંબુ પાસે આવ્યા એમ જ્યારે, રૂપેરૂપ મળી ગયાં ત્યારે;
બેઠા સંત સભામધ્ય શામ, સર્વે સત્સંગી બેઠા તે ઠામ. ૪૧
બેય ગામના જન એમ ધારે, આવ્યા એ જ આ સાથે અમારે;
એમ દિવસ ગયા કાંઇ વહી, પછી હરિજનને વાત કહી. ૪૨
ઘણા વેદિયા વિપ્ર તેડાવો, વિષ્ણુયાગનો સામાન લાવો;
ખટ માસ સુધી આ ઠાર, બ્રહ્મભોજન કરશું અપાર. ૪૩
હરિભક્ત કહે મહારાજ, ધન્ય ભાગ્ય અમારાં છે આજ;
એવો યજ્ઞ જો આ સ્થળ થાય, તીર્થક્ષેત્ર આ શ્રેષ્ઠ ગણાય. ૪૪
પછી તેઓએ વિપ્ર તેડાવ્યા, ચારે વેદના ભણનાર આવ્યા;
આવ્યા કૈંક તો જ્યોતિષજાણ, કૈંક જાણે છે શાસ્ત્ર પુરાણ. ૪૫
વિપ્ર આવ્યા હજારોહજાર, બીજા હરિજનનો નહિ પાર;
ખટ માસનું નોતરું દીધું, બ્રહ્મભોજન ચાલતું કીધું. ૪૬
કૈંક બેઠા કરે અનુષ્ઠાન, કૃષ્ણમંત્ર જપે ધરી ધ્યાન;
કરે કૈંક મુહૂરત આઠ, વિષ્ણુનામસહસ્ત્રના પાઠ. ૪૭
ભાગવત તણો દશમસ્કંધ, તેના પાઠ કરે વિપ્રવૃંદ;
ચારે વેદની સંહિતા જેહ, બેઠા પાઠ કરે કૈંક તેહ. ૪૮
કોઇ ગીતાનો પાઠ કરે છે, વ્યાસસૂત્ર કોઇ ઉચ્ચરે છે;
વાસુદેવમાહાત્મ્યને જોઇ, તેનો પાઠ કરે દ્વિજ કોઇ. ૪૯
યાજ્ઞવલ્ક્ય તણી સ્મૃતિ જે છે, કૈંક તેહના પાઠ કરે છે;
જમે ભોજન નિત્ય નવીન, વિપ્ર સંખ્યા વધે દિનદિન. ૫૦

ખાંડ સાકરના કર્યા ગંજ, થાય લાડુ જલેબી બિરંજ;
પીપળાણાના નરસિંહ મેતા, ખૂબ ખર્ચવાને દ્રવ્ય દેતા. ૫૧
સતસંગીયો સામાન લાવે, ભક્ત વિપ્રો રસોઇ બનાવે;
પ્રભુ દર્શન કરવાને ભાવે, દેશદેશના હરિજન આવે. ૫૨
માસ બે એવી રીત ચલાવી, પંચમી ત્યાં વસંતની આવી;
તેનો ઉત્સવ અદભુત કીધો, સૌયે લાવ અલૌકિક લીધો. ૫૩
ફુલડોળ તણો દિન આવ્યો, તેનો ઉત્સવ ત્યાંજ કરાવ્યો;
રામનૌમી નૃસિંહજયંતી, કરી તે પણ ત્યાંજ શોભંતી. ૫૪
જેષ્ઠ શુક્લ દશમી દિન જ્યારે, ગંગાજન્મનો ઉત્સવ ત્યારે;
ભીમ એકાદશી બીજે દાડે, વ્રત તેનું તો પાપ નસાડે. ૫૫
એટલા કર્યા ઉત્સવ ત્યાંય, સૌને હરખ વધ્યો મનમાંય;
પરિપૂર્ણ થયાં અનુષ્ઠાન, હોમ કરવાનું કીધું વિધાન. ૫૬
પદ્મકુંડ તે રુડો રચાવ્યો, હુતદ્રવ્યનો હોમ કરાવ્યો;
ત્યાં તો પૂર્ણાહૂતિ પછી કરી, રીતિ શાસ્ત્ર તણી અનુસરી. ૫૭
દીધાં વિપ્રોને દક્ષિણાદાન, રંકને કર્યા રાય સમાન;
જન સર્વ કહે એમ જોઇ, આવું તો ન કરી શકે કોઇ. ૫૮
વાત વિસ્તરી વિશ્વમોઝાર, થયો જગતમાં જયજયકાર;
વિષ્ણુયાગ ઉપર આવેલા, જન જે હતા ત્યાં જ રહેલા. ૫૯
કૃષ્ણે સર્વને કીધા વિદાય, ચાલ્યા સૌ પ્રભુને નમી પાય;
જે જે લીલા જોઇ નરનારે, અતિ સ્નેહથી નિત્ય સંભારે. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પુનિત લલિત કૃષ્ણકેરી લીલા, હૃદય ધરે હરિભક્ત જે રસીલા;





સુમતિ સુજન સર્વ સત્ય જાણે, કુમતિ જનો સુણીને કુતર્ક આણે. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિઓઝતસરિતાતટે ષણ્માસપર્યંતવિષ્ણુયાગકરણનામા ત્રયોદશો વિશ્રામઃ ॥૧૩॥*

**પૂર્વછાયો :**

અષાડ શુદિ એકમ થઇ, આવ્યો વર્ષાઋતુનો કાળ;
વિક્રમ વરસ અઢારસેં, પછી સાઠમી બેઠી સાલ. ૧

**ચોપાઈ :**

નદી ઓઝત તટથી નાથ, વિચર્યા લઇને સંતસાથ;
મેઘપર ગયા શ્રીમહારાજ, સામો આવ્યો તે ભક્તસમાજ. ૨
કહું તે હરિભક્તનાં નામ, જેને વા'લા ઘણા ઘનશામ;
ક્ષત્રિમુખ્ય અમરસિંહ એક, વસે જેહમાં પરમ વિવેક. ૩
વિપ્ર જેઠો તથા જીવરામ, સોની રણછોડ નારણ નામ;
માનજી રવજી ને સામત, શવદાસ ચોથા પ્રજાપત. ૪
બાઇ લાડકી ને નંદુ ભાટ, રાખે સત્સંગને શિરસાટ;
ઘણા પુરુષ અને ઘણી બાઇ, આવ્યાં શ્રીહરિ સન્મુખ ધાઇ. ૫
વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યાં, વાજતે ગાજતે પધરાવ્યા;
નારાયણ સોનીને ઘેર જઇ, ઉતર્યા પ્રભુ પ્રમુદિત થઇ. ૬
સદાવ્રતની હતી ધર્મશાળા, ઉતર્યા તહાં સંત ને પાળા;
નારાયણમેતાની સતિ નારી, રુકમાઇ જે સત્સંગી સારી. ૭
લાડકી તેની માતા પવિત્ર, કરી બેયે રસોઇ વિચિત્ર;
ભાવથી જમ્યા શ્રીભગવાન, દીધાં સંતોને ભોજનપાન. ૮

રહ્યા એમ દિવસ કાંઇ વશી, આવી પોઢણી ત્યાં એકાદશી;
હરિજન બહુ દર્શને આવ્યા, સમૈયો કરી ઘેર સિધાવ્યા. ૯
વળી હરિયે વિચારિયું આપે, મુનિ જે દુરવાસાને શાપે;
ધર્યા છે ધરા ઉપર દેહ, તીર્થ કરવાને આવશે તેહ. ૧૦
આંહી રસ્તો છે દ્વારિકા કેરો, માટે આવે છે સંઘ ઘણેરો;
સદાવ્રત કરિયે અન્ન દેવા, મુનિ આવી ચડે અન્ન લેવા. ૧૧
હતા સ્વામી રામાનંદ જ્યારે, આંહી દેતા સદાવ્રત ત્યારે;
સદાવ્રત હતાં બીજેય ગામ, તોડ્યાં વેરાગિયોયે તમામ. ૧૨
ફરીથી હવે સ્થાપવાં મારે, એવું ધર્મકુંવર મન ધારે;
મેઘપરમાં સદાવ્રત આપ્યું, ફણેણી ગામમાં પણ થાપ્યું. ૧૩
ગામ લોજ તથા સરધાર, અગત્રાઈમાં પણ એ જ વાર;
માણાવદર આદિક ગામ, સદાવ્રત થાપ્યાં ઘણે ઠામ. ૧૪
રાખ્યા સાધુ સદાવ્રત દેવા, તીર્થવાસી આવે ઘણા લેવા;
સંત કેરો સમાગમ થાય, દૈવી તો રહે સત્સંગમાંય. ૧૫
આવે ખાખી અતીત વૈરાગી, આવે મોટા મહાંત સુભાગી;
પૂછે કેનું સદાવ્રત આ છે, એના દેનાર ઉપરી ક્યાં છે ? ૧૬
સુણે સ્વામિનારાયણ નામ, તેને થાય સમાધિ તે ઠામ;
ધામમાં મૂરતી જોઇ આવે, પછી શ્રીજીને મળવા સિધાવે. ૧૭
હરિ જ્યાં હોય ત્યાં જઇ મળે, ત્યારે સંશય તેહના ટળે;
આ તો અક્ષરધામના રાય, એવો નિશ્ચળ નિશ્ચય થાય. ૧૮
પછી વૈષ્ણવી દીક્ષા તે લૈને, રહે શ્રીજીના આશ્રિત થૈને;
સાધુ થાય તજીને સંસાર, રહે કોઇ ગૃહસ્થ મોઝાર. ૧૯





કોઇ પંડિત કોઇ સંન્યાસી, કોઇ તપશી કે તીરથવાસી;
જેમ ચમકભણી લોહ ચળે, દૈવી આવીને શ્રીજીને મળે. ૨૦
અસુરે અવતાર ધરેલા, ઘણા વૈરાગી રુપે થયેલા;
વસતા હતા દેશાવરમાં, દાઝ લાગી એના અંતરમાં. ૨૧
કરે વાત પરસ્પર તેહ, એ જીવનમુક્તા છે જેહ;
ઈન્દ્રજાળનો ગોટકો એને, મળ્યો કોઇ ઠેકાણેથી તેને. ૨૨
ભણી મંત્ર ને ભૂરકી નાખે, વશ્ય માણસને કરી રાખે;
આપણા ઘણા શિષ્ય ભ્રમાવ્યા, નવે પંથે પોતાને ચલાવ્યા. ૨૩
પોતે પૂજાય થૈ ભગવાન, હવે આપણું ક્યાં રહ્યું માન;
ઠામઠામ સદાવ્રત દે છે, આપણા સાધુને ભોળવે છે. ૨૪
માટે આદરો એવો ઉપાય, એનાં બંધ સદાવ્રત થાય;
પછી હરકત માંડી અપાર, જાણ્યા શ્રીજીયે તે સમાચાર. ૨૫
પછી શ્રીજીયે પત્ર લખાવ્યા, જ્યાં સદાવ્રત ત્યાં મોકલાવ્યા;
અન્ન દેવા જે સાધુ રહેલા, તેને ધૈર્યના શબ્દ લખેલા. ૨૬

**ક્ષમા વિષે : ઉપજાતિવૃત્ત :**

કલ્યાણ માટે જન સાધુ થાય, તેનાં રુડાં લક્ષણ તો જણાય;
ક્ષમા દયા ધીરજ ચિત્ત ધારે, ન કામ કે ક્રોધ નડે જ ક્યારે. ૨૭
મારે લૂંટે દુર્જન ગાળ દેય, જે સાધુ સાચા સઉ સાંખી લેય;
કંઠી કદાપિ ખળ આવી તોડે, લડે ન સાધુ કદી તેની જોડે. ૨૮
જે પિંડબ્રહ્માંડથી નેહ ત્યાગે, શી વસ્તુ તેને પછી સારી લાગે?
જો તુંબડું પત્તર દુષ્ટ ફોડે, તથાપિ સાધુ સમતા ન છોડે. ૨૯
સ્ત્રીને નિહાળી મન થાય કામી, કે થાય ક્રોધી અપમાન પામી;

કે દ્રવ્ય માટે દિલ લોભી થાય, તે સંત તો સત્ય નહીં ગણાય. ૩૦
ક્ષમા થકી ઈશ્વર રાજી થાય, ક્ષમા થકી વિશ્વ બધું જીતાય;
સ્વધર્મ સચ્છાસ્ત્ર વિષે જ વાંચો, ક્ષમા તજે તે નહિ સાધુ સાચો. ૩૧
વિનાપરાધે ખળ દુઃખ દેય, તે દુઃખ જો સજ્જન સાંખી લેય;
સહાયતા કૃષ્ણ કરે જરૂર, ક્ષમા તજે તો પ્રભુ જાય દૂર. ૩૨
ભલા તણું ભૂષણ તો ક્ષમા છે, કલેશનું કારણ અક્ષમા છે;
ક્ષમા ધરે તે સુખિયા સદાય, ક્ષમા વિના પ્રાણી ઘણા પિડાય. ૩૩
જો ચંદને શીતળતા ન હોય, કહે નહીં ચંદન નામ કોય;
જો ન ક્ષમા સદ્‌ગુરુમાં જણાય, સાચા નહીં સદ્‌ગુરુ તે ગણાય. ૩૪
દ્વેષી જનોનું પણ સારું ઈચ્છે, એવી સદા સજ્જનની રીતિ છે;
જે શસ્ત્ર તો ચંદન વૃક્ષ કાપે, તે શસ્ત્રને તોય સુગંધ આપે. ૩૫
જો સંતને દુર્જન મારી નાંખે, તથાપિ તે સંતપણું જ રાખે;
બાળે કદી ચંદનકાષ્ઠ કોય, દે તેહને તેહ સુગંધ તોય. ૩૬
ન અન્નતુલ્યે જડીબુટ્ટી જોઈ, શ્રીકૃષ્ણ તુલ્યે નહિ દેવ કોઈ;
ક્ષમાની તુલ્યે નહિ કોઈ જાપ, નિંદાની તુલ્યે નહિ કોઈ પાપ. ૩૭
ક્ષમા સ્વરૂપી શુભ શસ્ત્ર જેને, રહે ન કોઈ પણ શત્રુ તેને;
વિદ્યા ક્ષમા તો વશિકારણી છે, ક્ષમા વિષે શક્તિ રહી ઘણીછે. ૩૮
જો સિંહણી દૂધ સુવર્ણપાત્રે, રહી શકે છે નહિ પાત્ર માત્રે;
સુપાત્રમાં તેમ ક્ષમા રહે છે, કુપાત્રથી દૂર જવા ચહે છે. ૩૯
છે બોબડો જે વર મૂળચંદ, બેઠો વિવાહે ધરી મૌન ફંદ;
બોલ્યો ખિજાવ્યા થકી કાંઈ બોલ, ત્યારે થયો તેહ તણો જ તોલ. ૪૦
સુવર્ણને તાપ વિષે તપાવે, ત્યારે પરીક્ષા જ જણાઈ આવે;





અસંત ને સંત સમાન લાગે, જણાય જ્યારે બહુ માન ભાંગે. ૪૧
કહે કવિ ધન્ય ફણીંદ્ર નાગ, ક્ષમા[૧] ધરી તેં નિજ શીશ ભાગ;
શેષે કહ્યું શું લવરી કરે છે, સાધુ ક્ષમા દુર્ધર[૨] તો ધરે છે. ૪૨
ઋષીશ બોલ્યા જમદગ્નિ ડાહ્યા, ક્ષમા વડે વિપ્ર અમે પૂજાયા;
ઐશ્વર્ય મોટું અતિ એવડું છે, ક્ષમા વડે તે અમને જડ્યું છે. ૪૩
શોભે પ્રભા સૂરજકેરી જેવી, વિદ્યા તથા લક્ષ્મી ક્ષમાથી તેવી;
ક્ષમા થકી શ્રીહરિ રાજી થાય, ક્ષમાનું સામર્થ્ય કહ્યું ન જાય. ૪૪
ક્ષમા વિષે વીર્ય ઘણું રહે છે, અશક્ત તેને અબુધો કહે છે;
ક્ષમા વડે વિશ્વ સુવશ્ય થાય, ક્ષમા વડે સ્વાર્થ બધા સધાય. ૪૫
રાખે નહીં જે મનમાં ક્ષમાને, તે પાપી થૈ પાપી કરે બીજાને;
સશક્તને ભૂષણ તો ક્ષમા છે, અશક્તને તે ગુણ શ્રેષ્ઠતા છે. ૪૬
ક્રોધે કરી જે જન ગાળ દે છે, સત્કર્મ તેનાં સઘળાં બળે છે;
જે ગાળ સાંખે અઘ તેનું જે છે, તે ગાળ દેનાર જ ભોગવે છે. ૪૭

**વૈતાલીયવૃત્ત :**

હળને ખળ વક્રતા ધરે, પરકેરી ખુબ ખોદણી કરે;
મુખથી દુઃખ આપતા રહે, પણ તે સર્વ સદા ક્ષમા સહે. ૪૮

**ચોપાઈ :**

ક્ષમા રાખજો ધીરજ ધારી, રક્ષા કરશે શ્રીકૃષ્ણ તમારી;
રાખજો પ્રભુનો વિશ્વાસ, કદી ઉરમાં ન થાશો ઉદાસ. ૪૯
મોકલ્યા એવા પત્ર લખાવી, વાંચી સંતોને ધીરજ આવી;
વળી સાંભળો ભૂપ પવિત્ર, કહું કૃષ્ણનું એક ચરિત્ર. ૫૦
એક વિપ્ર હતો દેણદાર, મુંઝવ્યો લેણદારે અપાર;



૧.ધરતી, પૃથ્વી ૨.ધારી ન શકાય તેવી

એથી અંતરમાં અકળાઈ, જાણ્યું જીવ કાઢું વિખ ખાઈ. ૫૧
વળી અંતરમાં ધરી આશ, આવ્યો શ્રીસહજાનંદ પાસ;
દુઃખ પોતા તણું કહી દીધું, સર્વ શ્રીહરિયે સુણી લીધું. ૫૨
આપ્યું એહને દ્રવ્ય અનંત, કર્યો કરજ મટાડી શ્રીમંત;
એ તો આશ્રિત કૃષ્ણનો થયો, ત્રાસ જન્મમરણ તણો ગયો. ૫૩
મેઘપુરમાં રહી મહારાજ, એવાં એવાં કર્યા ઘણાં કાજ;
માસ બે સુધી કીધો નિવાસ, ચાલ્યા ત્યાંથી પછી અવિનાશ. ૫૪
માણાવદરના જને આવી, શ્રીજીને બહુ વિનંતિ સુણાવી;
જન્મઅષ્ટમી ઉચ્છવ શામ, કરો આવીને અમારે ગામ. ૫૫
એવું સાંભળી શ્રીમહારાજ, ગયા ત્યાં લઈ સંતસમાજ;
કૃષ્ણજન્માષ્ટમી આવી જ્યારે, થયો સારો સમૈયો તે ત્યારે. ૫૬
સભામધ્યે બેઠા ઘનશામ, પૂછે પ્રશ્ન ત્યાં ભટ્ટ મયારામ;
કહો ધર્મ અધર્મના સર્ગ, કેવા હોય તે બેયના વર્ગ. ૫૭
સુણી શ્રીજીયે ઉત્તર કર્યા, સર્વ સંશય તેહના હર્યા;
કામ ક્રોધ લોભ મોહ માન, પાંચ શત્રુ મહા બળવાન. ૫૮
કીધા તેઓયે જેને હેરાન, કહ્યાં ઈન્દ્રાદિકનાં આખ્યાન;
જેને પ્રગટ પ્રભુ મળે જ્યારે, પાંચે શત્રુઓ જીતાય ત્યારે. ૫૯
એવા શ્રીહરિનાં સુણી વેણ, લાગ્યાં સર્વને તે સુખદેણ;
ગામ ભાડેરના ભૂપકેરા, સુત વાઘજીભાઈ ભલેરા. ૬૦
સમૈયામાં આવ્યા હતા જેહ, બોલ્યા શ્રીહરિ આગળ તેહ;
આવે છે કપીલા છઠ પર્વ, ચાલો ભાડેર લૈ સંત સર્વ. ૬૧
ત્યાંના હરિજન જુવે છે વાટ, ઘણી વિનતિ કરું છું તે માટ;





સુણી વિનતિ દિલ ધરી લીધી, કપિલાછઠ ત્યાં જઈ કીધી. ૬૨
શ્રાદ્ધ પક્ષમાં શ્રીમહારાજે, વેદધર્મ પ્રવર્તાવા કાજે;
માત તાત તણાં શ્રાદ્ધ કીધાં, ભલાં વિપ્રોને ભોજન દીધાં. ૬૩
જમ્યા વિપ્ર હજારો હજાર, થયો જગતમાં જયજયકાર;
અહિંસા ધર્મનો ઉપદેશ, વળી ત્યાં વશી કીધો વિશેષ. ૬૪
કોઈ પ્રાણીની હિંસા ન કરવી, એવી શાસ્ત્રરીતિ અનુસરવી;
અજ આદિ હિંસા થતી હોય, એવા યજ્ઞ ન કરશો કોય. ૬૫
દેવ હિંસા થકી રાજી થાય, એવી વાત તે કેમ મનાય ?
એ તો જાણો કસાઈનું કામ, મિથ્યા લે છે તે દેવનું નામ. ૬૬
વળી વિપ્રોની સમીપે વાત, કહી શ્રીહરિયે સાક્ષાત;
ભૂત આદિ ઉપદ્રવ થાય, ત્યારે અન્ય તજીને ઉપાય. ૬૭
નારાયણનું કવચ સંભારી, પાઠ કરવો ગણી સુખકારી;
કાં તો વિષ્ણુસહસ્ર છે નામ, તેના પાઠ કરો તેહ ઠામ. ૬૮
હનુમાન કવચનો મંત્ર, જપો અન્ય તજી મંત્ર જંત્ર;
ચંડીઆદિક પાઠ ન કરવા, પાપરૂપ ગણી પરહરવા. ૬૯
જેમાં માંસ સુરા બળિદાન, કરવાનું લખ્યું છે નિદાન;
કરે ધર્મી તો તેહનો ત્યાગ, એમાં અધરમ જાણી અથાગ. ૭૦
એવી વાત બહુવિધિ કરી, દૈવી વિપ્રોયે દિલ માંહી ધરી;
વળી દસરા ને આવી દિવાળી, કર્યા ઉત્સવ શ્રીવનમાળી. ૭૧
અન્નકૂટનો ઉત્સવ કર્યો, પૂજવાને ગોવર્ધન ધર્યો;
આવ્યા ભક્ત હજારો હજાર, જમ્યા સંતસહિત તે ઠાર. ૭૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કરી દરશન ધર્મપુત્ર કેરાં, સકળ મનુષ્ય પ્રસન્ન થૈ ઘણેરાં;
પ્રભુપદ પ્રણમી પછી સિધાવ્યાં, શુભ મતિરૂપી અલભ્ય લાભ લાવ્યા. ૭૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસવાદે શ્રીહરિભાડેરગ્રામે કપિલાષષ્ઠી-દીપોત્સવી-અન્નકૂટોત્સવકરણનામા ચતુર્દશો વિશ્રામઃ ॥૧૪॥*

**પૂર્વછાયો :**

ઉત્સવ કરી અન્નકૂટનો, ચાલ્યા ભાડેરથી ભલી ભાત;
કર્યુ જવા મન કચ્છમાં, જમનાવડે જૈ રહ્યા રાત. ૧

**ચોપાઈ :**

ભક્ત ત્યાં છે ભલા દાદાભાઈ, તેની બેન નામે મોટીબાઈ;
તેણે સેવા કરી સારી પેર, માવો ત્યાંથી ગયા ઝાંઝમેર. ૨
અંબારામ તહાં વિપ્ર રહે, કાંઈ સતસંગનો ગુણ લહે;
તેને ઘેર જમ્યા દુધપાક, પૂરી ભજિયાં ને સ્વાદિષ્ટ શાક. ૩
અંબારામે પૂછ્યું પછી એમ, હરિને જીવ ઓળખે કેમ ?
ત્યાંરે શ્રીહરિયે તેહ ઠામ, સમાધિમાં દેખાડિયું ધામ. ૪
દીઠાં ત્યાં એ જ ધર્મકુમાર, સેવે અક્ષર મુક્ત અપાર;
જોયા ચોવિશે ત્યાં અવતાર,તે તો હરિની સેવા સજનાર. ૫
પછી જાગ્યા સમાધિથી જ્યારે, પ્રભુને પ્રણમી કહ્યું ત્યારે;
તમે કોટિ જગત કરનાર, મને નિશ્ચે થયો નિરધાર. ૬
માવો ત્યાં થકી મુળીલે ગયા, બીજી રાત કાળાવડ રહ્યાં;
ખત્રી જાદવે ત્યાં સજી સેવ, ત્યાંથી વણથળીયે ગયા દેવ. ૭





ત્યાંથી મોડે ગયા મહારાજ, દેવા દાસને દર્શન કાજ;
સામા આવ્યા હરિજન જેહ, મુખ્ય નામ સુણાવું છું તેહ. ૮
દાજીભાઈ દિસે નિર્દ્વંદ[૧], અંતે જે થયા અક્ષરાનંદ;
બાપુભાઈ તથા રણમલજી, ક્ષત્રિ માનજી ને વળી ફલજી. ૯
સજુબા ને જીવુબા બેય, બીજી બાઈયો પણ બહુ છેય;
પ્રભુને ગામમાં પધરાવ્યા, વાજતે ગાજતે તેડી લાવ્યા. ૧૦
અતિ ઉત્તમ આપ્યો ઉતારો, સતકાર કર્યો બહુ સારો;
આવી પ્રબોધિની એકાદશી, કર્યો ત્યાંજ સમૈયો તે વશી. ૧૧
પૂર્વ માંહી કરમદીનો ઘુનો, જગ માંહી જણાય છે જૂનો;
નદીમાં કુંડી પશ્ચિમ માંય, નાહ્યા બેય સ્થળે હરિરાય. ૧૨
ગામ અલૈયાના હરિજન, આવ્યા ત્યાં કરવા દરશન;
ક્ષત્રિ માનજી ફલજી જાણો, અજો ગોબર સોની પ્રમાણો. ૧૩
નારાયણ મૂળજી નાનજી, વસતો લાધો તથા વીરજી;
સારા સત્સંગી તે તો સુતાર, લાડુબાઈ પ્રમુખ બહુ નાર. ૧૪
તેઓ સૌ મળી શ્રીહરિ પાસ, કરી વિનતિ ધરી ઉર આશ;
અલૈયામાં આવી અવિનાશી, કરો કાર્તિકી પૂરણમાસી. ૧૫
અમે સર્વ કર્યો છે સામાન, ચાલો સંત સહિત ભગવાન;
એવું સાંભળી શ્રીઘનશામ, ગયા ત્યાંથી અલૈયે ગામ. ૧૬
કરી કાર્તિકી પૂરણમાસી, સુખ પામિયા ત્યાંના નિવાસી;
અમદાવાદથી એહ ઠામ, આવ્યા હરિજન ગણપતરામ. ૧૭
રામદાસનો કાગળ લાવી, આપ્યો શ્રીજીને શીશ નમાવી;
પત્ર વાંચી હસ્યા હરિ જ્યારે, મુક્તાનંદે પૂછ્યું એમ ત્યારે. ૧૮



૧.સુખ-દુઃખ, માન-અપમાન, હર્ષ-શોક રહિત

એવો પત્રમાં મર્મ છે કેવો ? જેહ વાંચીને હસવા જેવો;
સુણી બોલિયા સુંદરશામ, ઉપાધિ ઉપજી બહુ ઠામ. ૧૯
સદાવ્રત ભાંગવાને અભાગી, આહીં મંડ્યા છે ખૂબ વેરાગી;
તે તો સાધુને મારે છે માર, બીજી પીડા કરે છે અપાર. ૨૦
ગુજરાતમાં રઘુનાથદાસ, ઉપાધિનો કરે છે પ્રયાસ;
આપણાથી થઈને વિરુદ્ધ, ઉંધો ઉપદેશ દે છે અબુદ્ધ. ૨૧
પુર વીસલનગર છે નામ, તે તો ફરતો ગયો તેહ ઠામ;
હરિભક્તોની આગળ ત્યાંય, કહ્યો પોતા તણો મહિમાય. ૨૨
જાણો સ્વામી રામાનંદ હું છું, તેની શક્તિ હું સર્વ ધરું છું;
માટે મારે વિષે ભાવ ધરવો, રામાનંદનો શોક ન કરવો. ૨૩
મુક્તાનંદને વર્ણી છે જેહ, બેય મુજ થકી છોટા છે તેહ;
રામાનંદને મેં બહુ સેવ્યા, બીજા કોઈયે સેવ્યા ન એવા. ૨૪
મારે માથે તેથી હાથ થાપ્યો, મને ગાદીનો વારસો આપ્યો;
બ્રહ્મવિદ્યા મને જ ભણાવી, તથા મોક્ષની રીત બતાવી. ૨૫
એમ પોતાનો મહિમા વખાણ્યો, હરિભક્તોયે વિમુખ પ્રમાણ્યો;
તેથી ત્યાં થકી કીધો વિદાય, આવ્યો છે અમદાવાદ માંય. ૨૬
આદરે છે અનેક ઉપાધી, લીધા સત્સંગી કૈંકને સાધી;
થોડાં નાગરના ફર્યા મન, થોડા જેતલપુર તણા જન. ૨૭
બીજા ગામના પણ કોઈ કોઈ, હરિભક્ત ભમ્યા એને જોઈ;
આંહી આવો તમે ભગવાન, તોજ થાય બધું સમાધાન. ૨૮
પત્ર એવો લખ્યો રામદાસે, કહ્યું શામે મુક્તાનંદ પાસે;
સુણી બોલિયા તે મુક્તાનંદ, સુણો શ્રીહરિ જનસુખકંદ. ૨૯





એ તો મૂળથી છે અભિમાની, પોતે જાણે છે હું જ છું જ્ઞાની;
જૈયે આપણે ગુર્જરદેશ, નૈતો કરશે ઉપાધિ વિશેષ. ૩૦
ગુજરાત માંહી શાંતિ કરી, કચ્છદેશ પધારજો હરિ;
એવી શ્રીહરિયે સુણી વાત, જવા નક્કી કર્યું ગુજરાત. ૩૧
સમૈયે જન આવેલા ત્યાંય, તે તો સર્વને કીધા વિદાય;
સંતમંડળને લઈ સાથ, અલૈયા થકી નિકળ્યા નાથ. ૩૨
તમાસણ થઈ જાળિયે રહ્યા, બપોરા ગામ ડાંગરે થયા;
વડે ખીમા પટેલને ઘેર, ઉતર્યા જઈને રુડીપેર. ૩૩
તેના ફળીયામાં પીપર સારી, ઝુલ્યા હિંડોળે ત્યાં ગિરિધારી;
ભલી લીલા કરી ભગવાન, નદીમાં જઈને કર્યા સ્નાન. ૩૪
ગયા ખીરસરે સાક્ષાત, દરબારમાં ત્યાં રહ્યા રાત;
ગામ ખાંભે ગયા કરી દયા, ત્યાંથી ગોવિંદ ગોંડળ ગયા. ૩૫
ભૂપ દેવાજીયે દીધું માન, આપ્યું ઉતરવા શુભ સ્થાન;
રત્ના કડિયાયે એ સમે આવી, ઘણા સ્નેહથી વિનતિ સુણાવી. ૩૬
પ્રભુ રાજ નિવાજ ગણાઓ, ત્યારે રાય ઉતારે ત્યાં જાઓ;
નામ રાખો ગરીબનિવાજ, આવી ઉતરો મુજ ઘેર આજ. ૩૭
ભાવ ભાળી આવો અતિ સારો, કર્યો કડિયાને ઘેર ઉતારો;
જમ્યા જેમ વિદુરની ભાજી, તેમ ત્યાંજ જમી થયા રાજી. ૩૮

**પૂર્વછાયો :**

ગોંડળથી ગુણના નિધિ, પછી ગયા રુપાવટી ગામ;
બેઠક છે શ્રીજી તણી, કર્યો ત્યાં જઈ તરત મુકામ. ૩૯

**ચોપાઈ :**

ગંગાજળિયો છે વોંકળો[૧] જ્યાંય, નાહ્યા ધર્મતનુજ જઇ ત્યાંય;
સંધ્યા આદિકનું કરી કામ, ગયા ગોવિંદ મૌવૈયે ગામ. ૪૦
ત્યાંના ભક્તોયે મનભાવ ધારી, દીધી સંતોને સુખડી સારી;
કરી ટીમણ ત્યાંથી સિધાવ્યા, ગામ બંધિયે ગુણનિધિ આવ્યા. ૪૧
સતસંગી પુરુષ ને રામા, આવ્યાં સ્નેહથી શ્રીહરિ સામાં;
મુળુભાઇ તથા જે તબોજી, ત્રીજા ક્ષત્રિમાં મુખ્ય સુરોજી. ૪૨
શેઠ ડોસો કરે રુડાં કાજ, શેઠ જુઠો તથા હંસરાજ;
આછુબા ને લખુબા બે બાઇ, તે તો બાઇમાં મુખ્ય ગણાઇ. ૪૩
પધરાવ્યા પ્રભુ રુડીપેર, ઉતર્યા મુળુભાઇને ઘેર;
મુળુભાઇયે રસોઇ દીધી, જમી શામે સભા શુભ કીધી. ૪૪
ભુજવાસી સુંદરજી સુતાર, આવ્યા તે તો સભાની મોઝાર;
સાથે સાત હતા અસવાર, બીજા પાળા હતા દસબાર. ૪૫
મહારાજનાં દર્શન માટે, આવ્યા કચ્છથી સોરઠ વાટે;
દીઠું મૂર્તિમાં તેજ અપાર, થયા સ્તબ્ધ સુંદરજી સુતાર. ૪૬
ઝાલ્યો કર હરિયે કરી હાસ, પછી બેસર્યા પોતાની પાસ;
ડોસાભાઇને પાસે બેસાર્યા, જૂના સત્સંગી બેયને ધાર્યા. ૪૭
સરબંદિ[૨]ને દીધો ઉતારો, કહ્યું તેઓને જમવા પધારો;
પ્રભુ સુંદરજીને તે વાર, પૂછ્યા સત્સંગીના સમાચાર. ૪૮
તે તો સર્વે કહી સંભળાવ્યા, કહ્યા જે વળી ત્યાંથી કહાવ્યા;
જુવે છે સહુ આપની વાટ, મહારાજ પધારો તે માટ. ૪૯
કહે કૃષ્ણ જઇ ગુજરાત, પછી કચ્છમાં આવશું ભ્રાત;



૧.પાણીનું નાનું વહેણ ૨.ખંડિયા રાજાનું લશ્કર



ઉચ્ચર્યા વળી શ્રીહરિ એમ, તમે છો સુખીયા કહો કેમ ? ૫૦
સુણી બોલ્યા સુંદરજી આપે, સુખી છું પ્રભુ આપ પ્રતાપે;
સદા જાણીને આપનો દાસ, દયા રાખજો શ્રી અવિનાશ. ૫૧
પછી તેની પરીક્ષા લેવા, શબ્દ શ્રીહરિયે કહ્યા એવા;
દાસ છું એમ સર્વ કહેય, દાસ થાવું તો દુર્લભ છેય. ૫૨
જ્યારે આજ્ઞા ન લેશ લોપાય, ત્યારે દાસ ખરા કહેવાય;
કહ્યું તેણે સુણો અવિનાશ, હું છું આપના દાસનો દાસ. ૫૩
પ્રભુ આજ્ઞા ન લોપું લગાર, કહો તો હું તજું સંસાર;
પ્રભુજી કહે મૂછો પડાવો, મોટા થોભા ને ડાઢી મુંડાવો. ૫૪
સુણી ઉભા થયા એ જ ઠામ, પછી તેડાવ્યો તરત હજામ;
જઇ એકાંતે વાળ મુંડાવ્યા, કરી સ્નાન પ્રભુ પાસ આવ્યા. ૫૫
કહ્યું હેતે જોડી બેઉ હાથ, કરો આજ્ઞા વળી કાંઇ નાથ;
નહી આપનું વેણ ઉથાપું, કહો તો તપ તીવ્ર હું તાપું. ૫૬
ત્યારે શામ બોલ્યા સુખદાઇ, તમે શેઠ સુણો ડોસાભાઇ;
નોતા આવ્યા આ દેશમાં અમે, ત્યારે એક સમે જઇ તમે. ૫૭
રામાનંદનું દર્શન કર્યું, હૃદયે રૂપ સ્વામીનું ધર્યું;
પછી સ્વામી બોલ્યા તેહ સમે, જઇ આવજો કાશિયે તમે. ૫૮
કહો વાત તો સાચી કે ખોટી, કેમ આજ્ઞા ઉલંઘી તે મોટી;
સુણી શેઠ બોલ્યા શિર નામી, આપ છો પ્રભુ અંતરજામી. ૫૯
તમે સમરથ છો સાક્ષાત, જાણો ભૂત ભવિષ્યની વાત;
હું તો ભૂલી ગયો એહ કાજ, આપે સંભારી આપિયું આજ. ૬૦
હવે જેમ કહો તેમ કરું, વેણ આપનું અંતરે ધરું;

સુણી શ્રીજી બોલ્યા તેહ સમે, ભાઈ સુંદરજી તથા તમે. ૬૧
બેઠા છો ત્યાં થકી ઉભા થાઓ, સીધા આંહીથી કાશિયે જાઓ;
ઘેર જાવું નહીં કાંઇ લેવા, રહેવું નહિ કોઇને કહેવા. ૬૨
કાંઇ વાહન ચડવા ન લેવું, મારું વેણ માનો તમે એવું;
કોટે કંઠી સોનાની છે જેહ, ખાજો વાટે વટાવીને તેહ. ૬૩
કહ્યું એમ બોલાવી એકાંત, જેમ જાણે નહીં કોઇ વાત;
મોટા મોટા હતા સંત જેહ, વાત જાણતા તો હતા તેહ. ૬૪
પછી શ્રીહરિને પગે લાગી, ચાલ્યા બેય જણા રજા માંગી;
સીધા કાશીને પંથે સિધાવ્યા, મનમાં કાંઇ શંકા ન લાવ્યા. ૬૫
ગયા બે ગાઉ તે બેય દાસ, કહ્યું સંતોયે શ્રીહરિ પાસ;
જ્યારે જાણશે આ વાત સહુ, ત્યારે થાશે ઉપાધિ તો બહું. ૬૬
સગાં વાલાંને ત્રાસ ઉપજશે, ભાવથી તમને કોણ ભજશે ?
એ છે ગૃહસ્થ બેય ધનાઢ્ય, કેમ વેઠશે તડકો ને ટાઢ્ય ? ૬૭
પછી વાલમે કીધો વિચાર, મુક્યા પાછળ બે અસવાર;
પ્રભુ આજ્ઞાથી વાળીને લાવ્યા, બેય ભક્ત પ્રભુપાસ આવ્યા. ૬૮
ધર્મપુત્રે પ્રશંસા કીધી, છાપ ચરણની છાતીમાં દીધી;
કહે કૃષ્ણ સુણો ડોસાભાઇ, જાત્રા કાશીની પૂર્ણ ગણાઇ. ૬૯
હવે બાકી રહી નહિ લેશ, ફળ પામ્યા છો તેથી વિશેષ;
મુક્યું બેય જણે તમે માન, તેથી જાણ્યા મેં સંત સમાન. ૭૦
દાસે આવી સુંદરજીને પૂછ્યું, ભાઇ કેમ પડાવી આ મૂછ્યું ?
પાપ નામે મુવો પિતરાઇ, તેનું સુતક ઉતાર્યું ભાઇ. ૭૧
એવો દાસને ઉત્તર દીધો, તેણે અર્થ વિચારી તે લીધો;





વાત જે જે જેનોયે તે જાણી, ધન્ય ધન્ય કહે તે વખાણી. ૭૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પછી હરિ ઉચર્યા પ્રસન્ન થૈને, મુજ વચનેથી રહો નિવાસ જૈને;
સુણી હરિમુખકેરી એવી વાણી, નિજનિજ ઘેર ગયા ઉમંગ આણી. ૭૩

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે બંધિયાગ્રામે હરિદર્શનાર્થ-સૂત્રધારસુન્દરજીઆગમનનામા પંચદશો વિશ્રામઃ ॥૧૫॥***

**પૂર્વછાયો :**

બહુ નામિયે બંધિયા થકી, લીધો પાંચતળાવનો પંથ;
તે પૃથવી પાવન કરી, જેના ગુણ ઉચરશે ગ્રંથ. ૧

**ચોપાઈ :**

પ્રભુ પાંચતળાવ તે થૈને, શુક્લ સાજડિયાળીયે જૈને;
ગયા સંતસહિત સરધાર, ત્યાં તો રાત ગઇ ઘડી ચાર. ૨
ભલું મોટું સરોવર ભાળી, ઉતર્યા તટમાં વનમાળી;
જન સામા આવ્યા તેહ ઠામ, તેમાં મુખ્યનાં હું કહું નામ. ૩
તોંગોભાઇ તથા વેરોભાઇ, સામા આવ્યા હકોભાઇ ધાઇ;
માનોભાઇ અને જેજોભાઇ, એ તો ક્ષત્રિની જાતિ ગણાઇ. ૪
શેઠ કમળશી ગોવર્ધન, ઈન્દ્રજી ને પ્રેમો હરિજન;
ભીમ વીરમ વસતો દરજી, ત્રણે સાચવે શામની મરજી. ૫
ખોજા હસન અને અભરામ, દેવરાજ રૈયો વશરામ;
બાઈ લાડકી આણદી બાઇ, વેરાગી રામદાસ તે ભાઇ. ૬
હતા સાધુ સદાવ્રત દેવા, સામા આવ્યા શ્રીહરિને લેવા;

વિનતિ સૌયે મળીને ઉચ્ચારી, ચાલો ગામ વિષે ગિરધારી. ૭
અમે રાખ્યો તૈયાર ઉતારો, ભલો સામાન કીધો છે સારો;
કહે કૃષ્ણ આ જગ્યા છે કેવી, જાણીયે નૈમિષારણ્ય જેવી. ૮
માટે આંહી રહેશું રાત, આવશું પ્રગટે પરભાત;
પછી ગામમાં હરિજન ગયા, શ્રીજી સંતસહિત ત્યાં રહ્યાં. ૯
કર્યા કીર્તન ને કથા વાત, એમ કરતાં તો પ્રગટ્યું પ્રભાત;
કહે મુક્તમુની મહારાજ, મારી અરજ સુણો એક આજ. ૧૦
મોટા આ સરોવર મોઝાર, રામાનંદ નાહ્યા બહુ વાર;
તમે નાઓ ધરમકૂળરાય, મોટો મહિમા આ તીર્થનો થાય. ૧૧
ઘણીવાર નાહ્યો છું હુંય, વળી આજ ફરી નાઉં છુંય;
રામાનંદનો જાણી પ્રતાપ, આંહી પ્રથમ કર્યો મેં મેળાપ. ૧૨
માટે તેહનો મહિમા વધારો, કરી મજ્જન પુરમાં પધારો;
પછી સંતસહિત ના’યા હરી, સંધ્યાવંદનાદિ ક્રિયા કરી. ૧૩
ત્યાં તો સત્સંગી સૌ સામા આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા;
તોંગાભાઇ તણે દરબાર, જઇ ઉતર્યા ધર્મકુમાર. ૧૪
સૌયે સારી રીતે કરી સેવા, મોટો લાભ અલૌકિક લેવા;
ત્યાં તો સાધુ બે ફરતા આવ્યા, એ તો એવા સમાચાર લાવ્યા. ૧૫
બહુ વિઘ્ન કરે છે વેરાગી, પાત્ર તુંબડાં નાંખે છે ભાંગી;
દેખે આપણા સંતને જ્યારે, તોડે કંઠી તથા માર મારે. ૧૬
સુણી સરધારમાં રહેનારા, બોલ્યા સાધુઓ બોલ બિચારા;
આવે ઝુંડ સદાવ્રત લેવા, મંડે છે અમને દુઃખ દેવા. ૧૭
લોટ દાળ કોઇ લૂંટી લે છે, માર મારે અને ગાળો દે છે;





સાથે રામકિયો વળી લાવે, અમને ઉપવાસ પડાવે. ૧૮
સદાવ્રતથી દીઠાં દુઃખ જ્યારે, રામાનંદે કર્યા બંધ ત્યારે;
કૃપા લાવી કહો મહારાજ, હવે શું કરિયે અમે આજ. ૧૯
કહે કૃષ્ણ ક્ષમા દિલ લાવો, ચાલે છે તેમ હમણાં ચલાવો;
વળી ઉપજશે સુખ જેમ, કામ કરશું વિચારીને તેમ. ૨૦
દેશમાં પછી ઉપદેશ કરવા, મેલ્યાં સંતના મંડળ ફરવા;
સ્વરૂપાનંદ વ્યાપકાનંદ, તેઓને કહે વૃષકુળચંદ. ૨૧
તમે સૂરત શહેર સિધાવો, જનને સતસંગ કરાવો;
દૈવી જીવ ઘણા ત્યાં રહે છે, સાચા સંતનો સંગ ચહે છે. ૨૨
કહી એમ વિદાય ત્યાં કરી, સરધારથી ચાલ્યા શ્રીહરિ;
ગામ કારિયાણી કેરા નાથ, માંચો ખાચર તે હતા સાથ. ૨૩
એણે અરજ કરી શિરનામી, મારે ગામ ચાલો બહુનામી;
કહે શ્રીહરિ આવશું અમે, સીધું સામાન જૈ કરો તમે. ૨૪
માંચો ખાચર ઘેર સિધાવ્યા, રાયપર મહારાજ તો આવ્યા;
સામા આવ્યા સહુ સતસંગી, અતિ અંતર માંહી ઉમંગી. ૨૫
સૌએ આદર આપીને સારો, આપ્યો ગામમાં સરસ ઉતારો;
મુખ્ય ભક્ત હતા કહું તેહ, રાજગર એક લક્ષ્મણ જેહ. ૨૬
તથા માવજી અર્જુન નામ, તેણે પ્રેમે પૂજ્યા ઘનશામ;
ત્યાંથી કૃષ્ણ ગયા કરિયાણે, ભૂપ દેહો ખાચર તે ઠેકાણે. ૨૭
પંચ પીરની જગ્યા જહાં છે, વડ સુંદર એક તહાં છે;
ભૂમિ ઉતરવા જોગ્ય ભાળી, વડ હેઠે રહ્યા વનમાળી. ૨૮
હતાં તે ગામમાં મીણબાઇ, સમાધિનિષ્ઠ સૌથી સવાઇ;

અયોધ્યાથી ચાલ્યા અવિનાશ, પછીથી કર્યો જ્યાં જ્યાં પ્રવાસ. ૨૯
મીણબાઈ તે સઘળું નિહાળે, ઘેર બેઠાં સમાધિમાં ભાળે;
પછી પોતાના સંબંધી પાસ, કરે વાત તે સરવ પ્રકાશ. ૩૦
કહે એક મહાબ્રહ્મચારી, વનમાં વિચરે વ્રતધારી;
ગયા પ્રથમ હિમાચળ ભણી, કરી જાત્રા તીરથની ઘણી. ૩૧
પછીથી તે જગન્નાથ જૈને, સેતુબંધ ગયા ખુશી થૈને;
પછીથી ફરી દક્ષિણ દેશ, ગુજરાતમાં કીધો પ્રવેશ. ૩૨
ગિરનારની છાયામાં આવ્યા, માંગરોળ ને લોજ સિધાવ્યા;
પીપળાણે ગયા બહુનામી, રહ્યા જયાં છે રામાનંદ સ્વામી. ૩૩
આવશે પ્રભુ આપણે ગામ, એમ કરતાં તે વાત તમામ;
પછી આવ્યાં તહાં પ્રભુ જ્યારે, તેણે દીઠા સમાધિમાં ત્યારે. ૩૪
સર્વ સંબંધીને કહી વાત, પ્રભુ આવ્યા અહી સાક્ષાત;
ઉતર્યા પંચ પીરની પાસ, તેડી લાવો તે આપણે વાસ. ૩૫
દેહો ખાચર આદિક જેહ, સુણી તેડવાને ગયા તેહ;
જોયાં ષોડશ ચિહ્ન ચરણમાં, શરીરે મેઘશામ વરણમાં. ૩૬
રુડી મૂર્તિ મનોહર ભાળી, જાણ્યા શ્રીહરિ સંશય ટાળી;
કર જોડીને અરજ ઉચારી, ચાલો વાસ અમારે મુરારી. ૩૭
પધાર્યા પ્રભુ દરબારમાંય, જમ્યા સંતસહિત હરિ ત્યાંય;
શ્રીજી બેઠા સભા સજી સારી, કરી વાત વિજ્ઞાનની ભારી. ૩૮
દિવ્ય ભાવ વિશેષ દેખાડ્યો, અતિ સૌને આનંદ પમાડ્યો;
દેહાખાચર આદિક સાથે, ધર્યા નિયમ હરિવર હાથે. ૩૯
થયા ભક્ત પ્રભુના અનન્ય, ક્યાંઈ આસ્થા રહી નહીં અન્ય;





સગાંવાલાં પોતાના જે અંગી, તેને કરવા ધાર્યા સતસંગી. ૪૦

**પૂર્વછાયો :**

મોકો ખાચર વાંકિયા તણા, તેને જાણ્યા પોતાના જન;
વળી ખંભાળા ગામના, નામે માણશિયો પાવન. ૪૧

**ચોપાઈ :**

પીઠાવાળાને ત્યાં તો તેડાવ્યા, એ તો કોટડા ગામથી આવ્યા;
આવ્યાં પ્રેમ ને પુતળીબાઇ, તેડાવ્યાં થકી ત્યાં હરખાઇ. ૪૨
મુળુખાચર શ્રીગુંદાળાના, તેને જાણ્યા સંબંધી પોતાના;
એહ આદિ સગાને તેડાવ્યા, તેથી તે સહુ તરત જ આવ્યા. ૪૩
પેખી મહાપ્રભુનો પ્રતાપ, સતસંગી થયા સહુ આપ;
ધન્ય તે મીણબાઈ સુજાણ, થયું જેનાથી સૌનું કલ્યાણ. ૪૪

**કુળમાં સારા નરસા પુત્ર વિષે : ઉપજાતિવૃત્ત :**

કુટુંબમાં હોય સુભક્ત એક, તારે કુટુંબો જન તે અનેક;
જો પાપી મોટો કુળ માંહી થાય, ઘણા જણા લૈ નરકે જ જાય. ૪૫
તારા ઘણા તો નભમાં રહે છે, શોભા નિશા તો શશિથી લહે છે;
ઘણા જનો જે કુળ માંહી હોય, શોભાવશે એક જ ભક્ત તોય. ૪૬
જે વંશમાં એક જ ભક્ત થાય, પવિત્ર તે વંશ બધો ગણાય;
જે જાણિયે ભક્તની જન્મવાળી, તે ધન્ય ભૂમિ ભલી ભાગ્યશાળી. ૪૭
કુંતા સીતા દ્રૌપદી ગોપિકાઓ, રાધા રમા કે શ્રુતિની રુચાઓ;
ઈત્યાદિ જે ઉત્તમ સૌ ગણાઇ, તે સર્વથી ઉત્તમ મીણબાઇ. ૪૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુરવર પણ વંદવા પધારે, ચરણ તણી રજ લૈ સ્વશીશ ધારે;

હરિજન મહિમા અપાર એવો, કહી ન શકાય જથાર્થ હોય જેવો. ૪૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકરિયાણા-ગ્રામવિચરણનામા ષોડશો વિશ્રામઃ ॥૧૬॥*

**પૂર્વછાયો :**

વાત કહી મીણબાઈની, બ્રહ્મચારીયે ભૂપતિ પાસ;
નૃપતિને ઈચ્છા થઈ, એનો સાંભળવા ઈતિહાસ. ૧

**ચોપાઈ :**

સારી સાંભળી વાત અનૂપ, બ્રહ્મચારીને પૂછે છે ભૂપ;
મીણબાઈ તણું આખ્યાન, સંભાળાવો મને જ્ઞાનવાન. ૨
મીણબાઈ મહા ભક્તરાજ, કુળ તારવા કેરું જહાજ;
એવા ભક્ત તણા ઈતિહાસ, સુણે સ્નેહથી કૃષ્ણના દાસ. ૩
જેના દિલમાં અદેખાઈ આવે, તેવાને તો તે વાત ન ભાવે;
ધ્રુવ પ્રહ્લાદ કેરાં ચરિત્ર, લખ્યાં શાસ્ત્રમાં જાણી પવિત્ર. ૪
મીણબાઈ તણો ઈતિહાસ, કૃપાનાથ કહો મુજ પાસ;
સુણી બોલિયા તે બ્રહ્મચારી, નૃપ ધન્ય છે શ્રદ્ધા તમારી. ૫
સુણાવા ચહો ભક્તચરિત્ર, કહું સાંભળો પરમ પવિત્ર;
મુક્ત અક્ષરધામનાં એહ, હરિ ઈચ્છા થકી ધર્યો દેહ. ૬
હાદો ધાધલ ક્ષત્રિનું નામ, જેનો વાસ દુરગપુર ધામ;
તેના વંશ તણો જ વિસ્તાર, પુત્ર એક ને પુત્રિઓ ચાર. ૭
ભલો પુત્ર નામે બાવો ભાઈ, મોટી પુત્રી નામે મીણબાઈ;
જન્મથીજ પવિત્ર જણાય, પ્રભુ ભક્તિમાં ભાવ દેખાય. ૮





જોઈ સર્વ કહે નરનારી, થાશે બે કુળને તારનારી;
જ્યારે થૈ દશ વર્ષ પ્રમાણે, પરણાવી તેને કરિયાણે. ૯
દેહા ખાચરનો સગો ભાઈ, નામે ઉન્નડ ભારે ભલાઈ;
તેને વેરે તેને પરણાવ્યાં, સતી શાણી તે સાસરે આવ્યાં. ૧૦
પ્રભુભક્તિ ઉપર ઘણો પ્યાર, તેને સંસાર ન ગમે લગાર;
કહે કોઈ આ તો મીરાંબાઈ, કહે કોઈ સમુદ્રની જાઈ[૧]. ૧૧
પછી ઈશ્વરની ઈચ્છાય, તેના કંથે તજી નિજકાય;
મીણબાઈયે ન કર્યો કલેશ, હરિનું કરે ભજન હમેશ. ૧૨

**મરનાર પાછળ ન રોવા વિષે : ઉપજાતિવૃત્ત :**

પ્રભુની ઈચ્છાથી થવાનું થાય, એનો નથી આ જગમાં ઉપાય;
જ્ઞાની જનો ધીરજ તો ધરે છે, અજ્ઞાની તો રોઈ કુટી મરે છે. ૧૩
રોવા થકી કાંઈ નથી થવાનું, મરી ગયું તે નથી આવવાનું;
રોવા થકી નેત્રનું તેજ જાય, કુટ્યાથી છાતી દરદે પિડાય. ૧૪
રુવે કૂટે જે મરનાર માટે, તે દુઃખ પામે મરનાર વાટે;
છે એમ ગરૂડ પુરાણમાંઈ, સ્નેહી જનોયે રડવું ન કાંઈ. ૧૫
જો શત્રુ જાણો જન મૃત્યુવાળો, તો રોઈ કુટિ વળી વેર વાળો;
જો પ્રીતિ તેના પર કાંઈ હોય, તો સ્નેહી તેના રડશો ન કોય. ૧૬
પ્રભુ ભજી જો પ્રભુ પાસ જાય, તો સ્નેહિયો સાંભળી રાજી થાય;
જો થાય જૈને નરકે નિવાસી, તો સાંભળી તેહ થવું ઉદાસી. ૧૭
પુત્રાદિ છે સૌ પ્રભુનો જ માલ, આપે અને લે વળી કોઈ કાળ;
ઉછીનું આપ્યું ધન પાછું લેશે, શા માટે તેનો કરિયે કલેશે? ૧૮



૧.દિકરી(લક્ષ્મી)

**ચોપાઈ :**

મહાજ્ઞાની સતી મીણબાઇ, સ્વામીનો શોક કીધો ન કાંઇ;
તેના મરણ સુધીની કથાય, કહું આજ પ્રસંગે હે રાય. ૧૯
જ્યારે આવીને શ્રીઅવિનાશ, કર્યો દુર્ગપુરીમાં નિવાસ;
મીણબાઇ દૂરગપુર ગયાં, જીવુબાઇની આગળ રહ્યાં. ૨૦
પાળ્યો સર્વવિધ્યે સાંખ્યયોગ, ભાશ્યો ઝેર બરાબર ભોગ;
રસ કસનો કર્યો તેણે ત્યાગ, જાણી સજ્યા તો સળગતી આગ. ૨૧
સૂવે પૃથ્વિયે કરીને પથારી, એકવાર જમે મિતાહારી;
સારું વસ્ત્ર આભ્રણ ન ધારે, કોઇ પુરુષથી બોલે ન ક્યારે. ૨૨
તપ કઠણ કરી દમે દેહ, રાખે શ્રીજીચરણ અતિસ્નેહ;
એના તપની કથા સુણી કાન, મોટા મુનિ તપસી તજે માન. ૨૩
ધન્ય ધન્ય તે રાજકુમારી, કહે એમ સહુ નરનારી;
આવા ઘોર કળીકાળ માંય, તપ એવું કોઇથી ન થાય. ૨૪
એ તો પ્રગટ પ્રભુનો પ્રતાપ, એમ ઉચ્ચરે ઘણા જન આપ;
એથી પરચો બીજો કિયો ભારે, એમ સમજુ તો સમજી વિચારે. ૨૫
એમ વીત્યાં વરસ દસબાર, તન તજવાનો કીધો વિચાર;
કહી કૃષ્ણની આગળ વાત, ત્યારે બોલ્યા હરિ સાક્ષાત. ૨૬
બાવો ધાધલ ગામ ગયા છે, તમ ઉપર તેની દયા છે;
જ્યારે ગામથી આવે તે ઘેર, તમે તન તજજો શુભપેર. ૨૭
પછી આવિયા તે ઘેર જ્યારે, બાઇને પ્રભુયે કહ્યું ત્યારે;
હવે સુખથી તમે તજો દેહ, થયાં તૈયાર તજવાને તેહ. ૨૮
એક વિપ્ર હતી રામબાઇ, તેની પ્રત્યે બોલ્યા સુખદાઇ;





તમે જાઓ સમાધિમાં આજ, કરો હું કહું એટલું કાજ. ૨૯
મીણબાઇ તજી નિજ દેહ, કેવી રીતે સિધાવે છે તેહ ?
કિયા ધામ વિષે વસે વાસ, જઇ જોઇ આવો અમ પાસ. ૩૦
રામબાઇ સમાધિમાં ગયાં, મીણબાઇ તણી કેડે થયાં;
આવ્યા મુક્ત વિમાન ત્યાં લૈને, મીણબાઇ બેઠા સજ્જ થઇને. ૩૧
જે જે ધામ ઉલંઘિને ગયાં, રામબાઇને દર્શન થયાં;
ગયાં અક્ષરધામ મોઝાર, ત્યાં તો તેજનો દીઠો અંબાર. ૩૨
સિંહાસનમાં શ્રીજીમહારાજ, દીઠો આગળ સંતસમાજ;
જેવા દિસે દુરગપુરમાંય, તેવા દીઠા મહાપ્રભુ ત્યાંય. ૩૩
મીણબાઇયે વંદન કીધું, ત્યારે શ્રીજીયે સન્માન દીધું;
મોટા મુક્તોયે કીધાં વખાણ, મીણબાઇ છે ભક્ત સુજાણ. ૩૪
એણે ભક્તિ ભલી કરી જેવી, આજ અન્યથી નવ થાય એવી;
સુણી રાજી થયા ઘનશામ, આપ્યું રહેવાને ઉત્તમ ધામ. ૩૫
રામબાઇ બધું જોઇ કરી, આવ્યાં ગઢપુરમાં પાછાં ફરી;
સભામાં સઘળી કહી વાત, સુણી સર્વે થયા રળિયાત. ૩૬
મીણબાઇનો ભૌતિક દેહ, કેવી રીત્યે દહન કર્યો તેહ ?
કહું સંક્ષેપમાં તેહ વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત. ૩૭
રુડું એક વિમાન કરાવ્યું, તેમાં તે શબને પધરાવ્યું;
ચાલ્યા લૈ સતસંગીનો સાથ, સાથ સંતસહિત સંતનાથ. ૩૮
જતાં રસ્તે ભેળી ચાલી ગાય, પાછી વાળતાં પાછી ન જાય;
જગજીવન બોલિયા જોઇ, એને પાછી ન વાળશો કોઇ. ૩૯
ગયા જે સ્થળમાં સમશાન, મહી ઊપર મૂક્યું વિમાન;

તેને ગાય ફેરા ફરી સાત, ગઇ ક્યાં તે જણાઇ ન વાત. ૪૦
ચિતા ઉત્તમ કાષ્ઠે રચાવી, તેમાં દહન કર્યું શબ લાવી;
સઉ સ્નાન કરી આવ્યા ઘેર, સજી સાંજે સભા શુભપેર. ૪૧
સંતે શ્રીજીને પૂછીયું ત્યાંય, કહો કોણ હતી એહ ગાય ?
કહે શ્રીજી હતી એ તો ગંગા, બની આવી હતી ગાયઅંગા. ૪૨
જાણી બાઇનો મહિમા અઘાત, કરી ગૈ તે પ્રદક્ષિણા સાત;
સુણી આશ્ચર્ય ઉપજ્યું અમાપ, જાણ્યો પ્રગટ પ્રભુનો પ્રતાપ. ૪૩
તેનું ખરચ કર્યું કરીયાણે, પ્રભુ ત્યાં વિચર્યા તેહ ટાણે;
ખર્ચ સાસરિયે કર્યું સારું, ધન્ય ભાગ્ય તેનાં પણ ધારું. ૪૪

**પૂર્વછાયો :**

આખ્યાન આ મીણબાઇનું, સ્નેહે સુણે સુણાવે કોય;
પાવન મન તેનું થશે, હેત હરિ વિષે દઢ હોય. ૪૫

**ચોપાઈ :**

બ્રહ્મચારી કહે સુણો ભ્રાત, હવે કહું કરીયાણાની વાત;
ભલી ત્યાં નદી છે કાળુભાર, કરી પાવન ધર્મકુમાર. ૪૬
સાથે લૈ સર્વ સંતનું વૃન્દ, ગયા વાવડીયે વૃષનંદ;
વાઘો ઉકો ખાચર ગુણવાન, તેની માતાજીયે દીધું માન. ૪૭
પાયું દૂધ ને સાકર સારી, ગયા માંડવધાર મુરારી;
મુનિમંડળ ને મુનિરાયા, નેહે ઉન્મતગંગામાં નાયા. ૪૮
સર્વ સંતને પાર્ષદ સાથે, કારીયાણીયે મોકલ્યા નાથે;
ગઢડે ગયા શ્રીગોવિંદ, સાથે સાધુ છે આનંદાનંદ. ૪૯
ભલો ગામથી પશ્ચિમ ભાગ, ગંગાકાંઠે દીઠો એક બાગ;





નામે મલેકશાહ ફકીર, તેનો બાગ હતો તે રુચિર. ૫૦
દીઠો ખીજડો એક તે ઠામ, બેઠા તે તળે સુંદર શામ;
એહ બાગથી દક્ષિણ દીશે, રુડી ઉન્મતગંગાને વિષે. ૫૧
ગયા નાવા આનંદાનંદ, પ્રભુ પાસે આવ્યું બાળવૃંદ;
બાળમંડળી પાસે બોલાવી, શામે સૌને સમાધિ કરાવી. ૫૨
હતા બાળક તે દશબાર, સુતા સર્વે થઇ શબાકાર;
ત્યાં તો આવી ચડ્યા બીજા જન, જોઇ અચરજ પામિયા મન. ૫૩
જાણ્યું બાવો આ જે ઉતર્યા છે, તેણે આ કાંઇ જાદુ કર્યો છે;
કહ્યું તેઓયે હે મહારાજા ! બધા બાળકોને કરો સાજા. ૫૪
સગાંવલાં જો જાણશે વાત, ત્યારે થાશે ઘણો ઉતપાત;
કહે કૃષ્ણ નથી કાંઇ વ્યાધિ, એ તો સૌને થઇ છે સમાધિ. ૫૫
મુકો ઉપરાઉપર ખડકી, ભય કાંઇ ન પામશો ભડકી;
પછી આવીને એ લોકો અડક્યા, સૌને ઉપરાઉપર ખડક્યા. ૫૬
આખા ગામમાં વિસ્તરી વાત, જોવા આવ્યા મળી જનવ્રાત;
જીવોખાચર જોવાને આવ્યા, મુળુખાચરને સાથે લાવ્યા. ૫૭
આવ્યા બાળકોના સગાવાલા, બહુ તેણે કર્યા કાલાવાલા;
મહારાજ દયા દિલે ધરો, બધા બાળક જીવતા કરો. ૫૮
સુણી શ્રીહરિ બોલિયા વાણી, સૌથી હેઠલાને કાઢો તાણી;
તેને કાઢી લીધો પછી જ્યારે, બીજા અધર રહ્યા સૌ ત્યારે. ૫૯
જેને કાઢ્યો તેને ભગવાને, કર્યો જાગ્રત નેણની સાને;
એકે એકે જગાડ્યાથી જાગ્યા, ઉઠી શ્રીપ્રભુને પગે લાગ્યા. ૬૦
પ્રભુયે બાળકોને બોલાવ્યા, કહો ક્યાં જઇને તમે આવ્યા ?

એકે એકે માંડી કહી વાત, પ્રભુ ધામ દીઠું સાક્ષાત. ૬૧
કહે જોયો મેં વૈકુંઠવાસ, કહે કોઇ મેં જોયો કૈલાસ;
દીઠો ગોલોક મેં કહે કોઇ, આવ્યો અક્ષરધામને જોઇ. ૬૨
સિંહાસન પર ત્યાં તમે હતા, ક્યારે આંહી આવ્યા તહાં છતા?
જે જે ત્યાં મારી નજરે પડતું, તે તો કહેતાં નથી જ આવડતું. ૬૩
જોયાં એમ જુદાં જુદાં ધામ, લીધાં બાળકે તેહનાં નામ;
એવી બાળકની સુણી વાત, થયા વિસ્મિત સૌ જનજાત. ૬૪
પછી બાળક ગામમાં ગયા, જીવોખાચર તો તહાં રહ્યાં;
મોટાપુરુષ પ્રભુને તે જાણી, કરી વંદન બોલિયા વાણી. ૬૫
દયાસિંધુ દયા દિલ ધારો, દરબાર અમારે પધારો;
સુણી બોલ્યા પ્રભુ સાક્ષાત, હમણાં તો જશું ગુજરાત. ૬૬
વળતાં આવશું કોઇ વાર, આ છે ભૂમિ પવિત્ર અપાર;
આંહી અમને રહેવું ગમે છે, પણ વાત સમાની સમે છે. ૬૭
જીવેખાચરે ત્યાં એક દાસ, મોકલ્યો લખુ કંદોઇ પાસ;
ત્યાંથી પેંડા ને બરફી મંગાવી, ધર્મપુત્રની પાસ ધરાવી. ૬૮
જમ્યા શ્રીજી ને આનંદાનંદ, પછી ત્યાંથી ચાલ્યા જગવંદ;
જીવાખાચર આદિક જેહ, પાછા પુરમાં પધારિયા તેહ. ૬૯
વાત એભલ ખાચરે જાણી, અતિ આતુરતા ઉર આણી;
ગયા બાગમાં દર્શન કાજ, મળ્યા ત્યાં તો નહીં મહારાજ. ૭૦
નવ જાણ્યું ગયા કઇ દશે, પૂછે મંત્રીને ક્યાં હરિ હશે ?
અતિ અંતરે થૈને ઉદાસ, નાખે ઉંડા ઉંડા નિઃશ્વાસ. ૭૧
આંસું આવ્યાં ને ભૂલિયા ભાન, ત્યારે બોલ્યા પ્રવીણ પ્રધાન;





ધરણીપતિ ધીરજ ધારો, ઘણો સાચો છે સ્નેહ તમારો. ૭૨
ભવ પૂર્વ તણાં પુણ્ય ફળશે, ત્યારે શ્રીહરિ આવીને મળશે;
તમે લોભ કરો નહીં ચિત્તે, મળશે પરમેશ્વર પ્રીતે. ૭૩

**અતિશે ઉતાવળિયા ન થવા વિષે : ઉપજાતિવૃત્ત :**

ઉતાવળે કાંઇ સરે ન અર્થ, કલેશ કીધે દુઃખ થાય વ્યર્થ;
માળી તરૂને બહુ પાણી પાશે, સમા વિના તો ફળ કેમ થાશે. ૭૪
નિશા સમે સારસ શોક ધારે, જાણે રવિ ઉદય થાય ક્યારે;
આદિત્ય એ માટ ઉદે ન થાય, પ્રભાત થાતાં પ્રગટે સદાય. ૭૫
જે કામ ઉતાવળથી કરાય, તે કામમાં કાંઇ બિગાડ થાય;
ઉતાવળો થૈ જન જે જનાર, પાછો વળે છે ફરી સાત વાર. ૭૬
ધીમે ધીમે કામ જ થાય સારું, ઉતાવળે એવું નથી થનારું;
ભલે કરે ક્રોધ કદાપિ રાય, ન એક ઘાયે કદી કૂપ થાય. ૭૭
જો કાશીનો મારગ કોઇ ઝાલે, એકે દિને ચોત્રિશ કોશ ચાલે;
બીજે દિને કાંઇ નહીં ચલાય, ધીમે ધીમે કોશ સહસ્ર જાય. ૭૮
ઉતાવળું જે ભણવા કરે છે, તેનું ભણેલું ઝટ વીસરે છે;
ઉતાવળે ગ્રંથ કદી રચાય, વખાણવા જોગ્ય નહીં જ થાય. ૭૯
રસોઇ ઊતાવળથી કરાય, કાચી રહે કે કદી દાઝી જાય;
ઉતાવળું જે જમવા ચહે છે, અજીર્ણ એને ઉદરે રહે છે. ૮૦
ન એક ફાળે શિખરે જવાય, અનુક્રમે તો ચઢતાં ચઢાય;
માટે વિચારી મન માંહી આવું, અત્યંત ઉતાવળિયા ન થાવું. ૮૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સરસ વચન એ રીતે સુણાવી, ધીરજ વિશેષ ધરેશને ધરાવી;

પછી પુરપતિ ગામમાં પધાર્યા, પ્રભુગુણ તો વિસરે નહીં વિસાર્યા. ૮૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિદુર્ગપુરે પ્રથમઆગમનનામા સપ્તદશો વિશ્રામઃ ॥૧૭॥*

**પૂર્વછાયો :**

ગોવિંદ ગઢપુરથી ગયા, કારિયાણીયે નિજજન કામ;
સામા આવ્યા સતસંગિયો, તેમાં મુખ્ય તણાં કહું નામ. ૧

**ચોપાઈ :**

માંચો ખાચર તો મહિનાથ, વસ્તોખાચર તેહની સાથ;
ધોળેરાના હતા તહાં જેહ, આવ્યા સામા બુટોભાઈ તેહ. ૨
તેના પુત્ર બે સદ્‌ગુણધામ, પુંજાજી ને બનેસિંહ નામ;
બનેસિંહના સુત ભોજોભાઈ, બુટાભાઈ સુતા અજુબાઈ. ૩
ફુલજીબા બાપજીની ભગની, જેને લાગી પ્રભુપદે લગની;
વેલાખાચરની જ્યાં પીંપર, હતાં ત્યાં ઉતર્યા હરિવર. ૪
આવ્યા ત્યાં સતસંગી તમામ, પ્રભુ પૂજીને કીધા પ્રણામ;
અતિ અંતરમાં પ્રેમ ધારી, માંચાખાચરે સ્તુતિ ઉચ્ચારી. ૫

**દોહરો :**

જય જય જગજનની જનક, જય શોભિત જન સાથ;
શુભ ઉપમાલાયક સદા, જય મુનિનાયક નાથ. ૬

**સવૈયો : ઇન્દ્રવિજય :**

જે મુનિનાયક જે સુખદાયક સંતસહાયક શ્રીગિરધારી,
જે જનરંજન નાથ નિરંજન ભૂધર ભીતિવિભંજન ભારી;





જે જગવંદન જે વૃષનંદન દોષનિકંદન દેવ મુરારી,
જે જનતારણ જે જગકારણ વિઘ્નનિવારણ વિશ્વવિહારી. ૭

**ચોપાઈ :**

સ્તુતિના એવા શબ્દ સુણાવ્યા, પછી પુરમાં પ્રભુ પધરાવ્યા;
માંચાખાચરને દરબાર, ઉતર્યા આવી ધર્મકુમાર. ૮
અજુબા અને ફુલીબા આવી, તેને શામે સમાધિ કરાવી;
જોઈ આવ્યાં તે અક્ષરધામ, ત્યાંની વાત કહી તેહ ઠામ. ૯
સુણી સૌ જન વિસ્મિત થાય, માન્યો શ્રીહરિનો મહિમાય;
થઈ ત્યાં તો રસોઈ તૈયાર, જમ્યા સંત ને જગદાધાર. ૧૦
ગામ કુંડળમાં થઈ વાત, કરિયાણીયે છે જગતાત;
તેના દર્શન કરવાને કાજ, ચાલ્યા ત્યાં થકી ભક્તસમાજ. ૧૧
રામાનંદનાં તે શિષ્ય જાણો, કહું નામ સુણી ઉર આણો;
ભાગ્યશાળી ભલાં રાઈબાઈ, તેના પુત્ર ભલા ત્રણ ભાઈ. ૧૨
એક મામૈયો હાથિયો રામ, આવ્યા પટગર અમરો નામ;
બીજા પણ આવ્યાં ઉમંગ ધારી, નેહે નિર્ખિયા દેવ મુરારી. ૧૩
કરી અરજ કરીને પ્રણામ, પ્રભુ આવો અમારે ગામ;
એમ કાલાવાલા બહુ કીધા,તે તો શામે બધા સુણી લીધા. ૧૪
પણ બોલ્યા નહીં કાંઈ જ્યારે, માંચોખાચર બોલિયા ત્યારે;
શ્રીજી સાંભળો હું કરું અરજી, પછી કરજો જેવી આપ મરજી. ૧૫
જુનાં સત્સંગી છે રાઈબાઈ, હરિભક્તમાં મુખ્ય ગણાઈ;
ગંગાબા છે જેતલપુર જેવાં, રાઈબાઈને જાણવાં એવાં. ૧૬
અતિ આગ્રહથી કરે અરજી, માટે સાચવવી તેની મરજી;

બીજે જાવા ઉતાવળ હોય, જવું જોઇયે કુંડળ તોય. ૧૭
સુણી બોલિયા સુંદર શામ, જાવો આવશું કુંડળ ગામ;
એમ કહિ જન કીધા વિદાય, રહ્યા થોડા દિવસ હરિ ત્યાંય. ૧૮
પછી સંત સહિત સુખધામ, ગયા ત્યાં થકી કુંડળ ગામ;
રાઈબાઇના ઓરડામાંય, ઉતર્યા ત્રિભુવનપતિ ત્યાંય. ૧૯
રાઈબાઈયે દીધી રસોઇ, સાધુ પાળા જમ્યા સહુ કોઈ;
મુકુંદાનંદે ત્યાં કર્યો થાળ, જમ્યા તે પછી દીનદયાળ. ૨૦
રહ્યા શ્રીહરિ ત્યાં એક રાત, ચાલ્યા ઉઠીને થાતાં પ્રભાત;
યાદ આવ્યું બોચાસણ ગામ, કાશિદાસનું કરવાને કામ. ૨૧
પૂર્વે થૈ હતી આકાશવાણી, મળશે આવી સારંગપાણી;
સત્ય કરવાને વાણી તે શામ, ત્યાંથી ચાલ્યા બોચાસણ ગામ. ૨૨
જે જે ગામમાં ભક્તસમાજ, રાતવાસો રહ્યા મહારાજ;
એવી રીતે બોચાસણ આવ્યા, સાથે સંતનું મંડળ લાવ્યા. ૨૩
કાશિદાસ તણે ઘેર ગયા, જઈ આંગણામાં ઉભા રહ્યા;
કાશિદાસ તથા તેની માત, નામે નાનીબાઈ વિખ્યાત. ૨૪
બેયે પૂછ્યું કરીને પ્રણામ, ક્યાંથી આવ્યા કહો નિજનામ ?
સુણી બોલ્યા પ્રભુ શુભ પેર, અમે આવ્યા હતા તમ ઘેર. ૨૫
હતો ત્યારે તપસ્વીનો વેષ, જટાજૂટ કર્યા હતા કેશ;
જમતાં પીરશું તમે દૂધ, સુણી આવી તે બેયને સુદ્ધ. ૨૬
સાંભરી આવી આકાશવાણી, મળશે ફરી સારંગપાણી;
સોળે ચિન્હ જોયાં પદમાંય, ત્યારે નિશ્ચે થયો તેને ત્યાંય. ૨૭
આપોઆપ આ તો ભગવાન, દેવા આવિયા દર્શનદાન;





કહી વિનતિનાં વચન અનેક, આપ્યું ઉતરવા ઘર એક. ૨૮
સારી સંતને દીધી રસોઇ, જગદીશ જમ્યા ભાવ જોઇ;
જન દર્શન કરવાને આવે, શ્રીજી તેને સમાધિ કરાવે. ૨૯
આસપાસ તણાં જેહ ગામ, ચાલી વાત તે તો ઠામોઠામ;
તેથી આવે ઘણા જન ત્યાંથી, ઉભરાય પ્રીતિ ઉરમાંથી. ૩૦

**પૂર્વછાયો :**

વાસ વસે વરતાલમાં, જન પવિત્ર પાટીદાર;
તેણે ઘણા જનને મુખે, સુણ્યો પ્રભુપ્રતાપ અપાર. ૩૧

**ચોપાઈ :**

બ્રહ્મચારી કહે સુણો ભૂપ, કહું આખ્યાન તેનું અનૂપ;
બદ્રિકાશ્રમના મુનિ એક, ચાલ્યા તીરથ કરવા અનેક. ૩૨
અંગે ધાર્યો સંન્યાસીનો વેષ, કર્યા તીર્થ ફર્યા બહુ દેશ;
એવી રીતે આવ્યા ગુજરાત, વરતાલ વિષે સાક્ષાત. ૩૩
ધરા દીઠી તે પુણ્યનિધાન, મુનિને છે ત્રિકાળનું જ્ઞાન;
ધારી અંતરમાં એવી આશ, થોડા દિન કરવો અહિં વાસ. ૩૪
ધર્મશાળા દિઠી એક એવી, વસે જેહમાં વડેઉ દેવી;
ત્યાંથી પશ્ચિમદિશ મોઝાર, રાજમારગ છે જેહ ઠાર. ૩૫
એક ખડકી હતી મેડીવાળી, તે તો ઉતરવા જોગ્ય ભાળી;
વળી લક્ષ્મીનારાયણ કેરું, આજ દિસે છે સુંદર દેરું. ૩૬
મોટી બોરડી ત્યાં હતી સારી, તે તો શોભતી તંબુઆકારી;
સંન્યાસીની નજર ત્યાં ગઇ, બદરી સ્થળની સ્મૃતિ થઇ. ૩૭

**હરિગીતછંદ :**

સ્મૃતિ થૈ વિશાળા સ્થળ તણી તે ભાળિને બદરી ભલી,
અતિ મિષ્ટ તેમ ગરિષ્ઠ સુંદર ફળવડે રહી છે ફળી;
સંન્યાસી જોઇ તપાશિ વાચ વિકાશિ ઉર અચરજ ધરી,
સંસાર સરજનહાર જગશણગારશું બદરી કરી. ૩૮
ચંદનતરુ નંદન તણા તે જેહને વંદન કરે,
સુરવૃક્ષ લક્ષસમક્ષ જઇ જન દક્ષ મહિમા ઉચ્ચરે;
શિવસર્ગથી કે સ્વર્ગથી અપ[1]વર્ગથી શું ઊતરી !
સંસાર સરજનહાર જગશણગારશું બદરી કરી. ૩૯
હિમવાન શિખરસમાન તેજનિધાન રમ્ય સુ[2]રંગ છે,
ઉતં[3]ગ અંગ અભંગ રંગ તરંગસંગ વિહં[4]ગ છે;
અવનીંદ્ર ઈંદ્ર મુનીંદ્ર ચંદ્ર નિવાસ જોગ ખરે ખરી,
સંસાર સરજનહાર જગશણગારશું બદરી કરી. ૪૦
નર નાગ વાગ સુભાગથી તજી રાગ રહી આ ભાગમાં,
વિખ્યાત વાત થશે ઘણી જનજાત વ્રાત અથાગમાં;
હરિધામ ગણિ આ ઠામ કરી આરામ આમ રહી ઠરી,
સંસાર સરજનહાર જગશરણગારશું બદરી કરી. ૪૧

**ચોપાઈ :**

બદરી બહુ એમ વખાણી, અતિ ઉત્તમ એ સ્થળ જાણી;
કીધો સંન્યાસીયે ત્યાં નિવાસ, પાટીદાર આવી બેઠા પાસ. ૪૨
બાપુજીસુત રણછોડદાસ, પ્રભુ મળવાની એ બેને આશ;
કરે જોગી જતિ તણી સેવા, પ્રભુ મેળવશે જાણે એવા. ૪૩



૧.મોક્ષસ્થાન ૨.ગુફા,ખાણ ૩.ઉંચું ૪.પક્ષી



મોટા સિદ્ધ સંન્યાસીને જાણી, પગે લાગ્યા વદી શુભ વાણી;
આપ્યો ખડકી ઉપર ઉતારો; કર્યો સ્નેહથી સતકારો સારો. ૪૪
જઇ વિપ્ર પવિત્રને ઘેર, સ્વામી ભિક્ષા કરે રુડીપેર;
બદરી તળે જૈ સભા સજે, કથા વાત કરે પ્રભુ ભજે. ૪૫
સુવે ખડકી ઉપર જૈ રાતે, નાય જૈને તળાવે પ્રભાતે;
કથા સાંભળવા સુખકાર, આવે ગામના સૌ પાટીદાર. ૪૬
આંધળો હતો ભગવાનદાસ, તેણે માગ્યું સંન્યાસીની પાસ;
ધર્મવંત દયા દિલ ધરો, મને દષ્ટિયે દેખતો કરો. ૪૭
સુણી એવું દયા દિલે આવી, તેની આંખ્યો આરોગ્ય બનાવી;
મોટો તેથી વધ્યો મહિમાય, પ્રભુની પેઠે સ્વામી પૂજાય. ૪૮
બાપુજી તથા રણછોડદાસ, રહે સેવામાં સ્વામીની પાસ;
નિત્ય સ્વામીનાં ચરણ તે ચાંપે, જોઇયે તે જણશ લાવી આપે. ૪૯
થયા સ્વામી તે પુરા પ્રસન્ન, કહ્યું માગો મુખેથી વચન;
ત્યારે બોલ્યા તનુજ ને તાત, પામ્યા છૈયે અમે સુખ સાત. ૫૦

**સંસારમાં સાત સુખ ને સાત દુઃખ વિષે : ઉપજાતિવૃત્ત :**

આરોગ્યતા ઉદ્યમ હોય સારો, સતી સુનારી સુત સેવનારો;
કુટુંબમાં સંપ સુમિત્ર ગેહ, સંસારમાં છે સુખ સાત તેહ. ૫૧
વ્યાધિ ઉપાધી ઋણ હોય માથે, કુભારજા ક્લેશ કુટુંબ સાથે;
કુપુત્ર કે હોય કુમિત્ર સંગ, તે દુઃખનાં સાત ગણાય અંગ. ૫૨

**ચોપાઈ :**

તમ જેવા તણી દયા પામી, નથી દુઃખ ને સુખ છે સ્વામી;
સ્થિતિ મધ્યમમાં સુખ જેવું, અતિ ઉત્તમમાં નથી એવું. ૫૩

નથી જોતું ઘણું ધન ધાન, નથી જોતું ઘણું મોટું માન;
નથી જોતા હવે ઘણા ઘાટ, નથી જોઈતું રાજ કે પાટ. ૫૪
ઈચ્છા એક રહે છે અપાર, મળે ક્યારે જગતકરતાર;
સુણી સ્વામી કહે ધન્ય ધન્ય, સમજુ તમ જેવા ન અન્ય. ૫૫
નથી માંગતા માયિક સુખ, પ્રભુ મળવાનું માંગો છો મુખ;
દીધું એમ કહી વરદાન, ભેટશે તમને ભગવાન. ૫૬
ત્યારે તેઓએ પૂછિયું આમ, ક્યારે મળશે અને કિયે ગામ ?
સ્વામી બોલ્યા પછી તેની પાસ, સ્નેહે સાંભળો રણછોડદાસ. ૫૭
કોટિ બ્રહ્માંડના કરનાર, તેણે લીધો છે નર અવતાર;
આજ સોરઠમાં વિચરે છે, કોટિ જનનાં કલ્યાણ કરે છે. ૫૮
થોડા માસમાં સુંદર શામ, આવશે તે બોચાસણ ગામ;
તેનો સાંભળી પ્રૌઢ પ્રતાપ, જજો દર્શન કરવાને આપ. ૫૯
સોળે ચિહ્ન ચરણમાં જણાય, તેથી જાણજો તે જગરાય;
એવાં સાંભળીને તે ઉચ્ચાર, માન્યો સ્વામીનો પાડ અપાર. ૬૦
રાતે સ્વામી નિદ્રાવશ થયા, પાટીદાર ત્યારે ઘેર ગયા;
આવી જોયું પ્રભાતમાં જ્યારે, ત્યાં તો સ્વામીને દીઠા ન ત્યારે. ૬૧
ઘણા જોઈ વળ્યા વાટ ઘાટ, ઉપજ્યો ઉર માંહી ઉચાટ;
કોઈ લોકે સમાચાર કહ્યા, બામણોલી ભણી સ્વામી ગયા. ૬૨
તેની પાછળ જૈ જોઈ વળ્યા, મહાપુરુષ તો ક્યાંઈ ન મળ્યા;
જાણ્યું ધારી સંન્યાસીનો વેષ, એ તો આવેલા કોઈ સિદ્ધેશ. ૬૩

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિજન જઈ જન્મ જ્યાં ધરે છે, મુનિજનદ્વાર દયાળુ શુદ્ધ લે છે;





કદી નિજજનને વિદેશ મુકે, ચિતવન ચિત્ત થકી પ્રભુ ન ચૂકે. ૬૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીવૃત્તાલયે સિદ્ધસંન્યાસીઆગમનનામા અષ્ટાદશો વિશ્રામઃ ॥૧૮॥*

**પૂર્વછાયો :**

થોડાક માસ ગયા પછી, આવ્યા બોચાસણે અવિનાશ;
વાત સુણી વરતાલમાં, બાપુભાઈ ને રણછોડદાસ. ૧

**ચોપાઈ :**

બાપુભાઈનું નામ પ્રકાશ, કહું જન્મનું કુબેરદાસ;
પિતા પુત્ર મળીને સિધાવ્યા, બેય ગામ બોચાસણે આવ્યા. ૨
કાશીદાસને ઘેર તે ગયા, પ્રભુ નિરખીને પાવન થયા;
પદમાં પડી કીધો પ્રણામ, પ્રભુયે પૂછ્યું ગામ ને નામ. ૩
સર્વ જાણે છે અંતરજામી, જનરીતિ કરી બહુનામી;
કાશિદાસે કહ્યાં નામ ઠામ, કહ્યું આવ્યા છે દર્શન કામ. ૪
પ્રભુપદતળ બેય નિહાળ્યાં, પિતા પુત્રે સોળે ચિહ્ન ભાળ્યાં;
રુડું દીઠું ચમત્કારી રૂપ, જાણ્યા કોટિ ભુવનના ભૂપ. ૫
નિજ ભાગ્ય તણો મહિમાય, જાણી હૈયામાં હરખ ન માય;
થયાં પુલકિત બેનાં શરીર, નેણે આવિયાં નેહમાં નીર. ૬
અમે ક્યાં અલ્પ જીવ ગમાર, અને ક્યાં કોટિ જગકરતાર;
એનાં દર્શન અમને ક્યાંથી, એવા તર્ક ઉઠે મનમાંથી. ૭
પણ મુખથી ન બોલાય બોલ, સ્નેહસાગર ઉલ્ટ્યો અતોલ;
કર્યો વર્ણી મુકુંદે થાળ, ઉઠ્યા જમવાને દીનદયાળ. ૮

બેઠા આરોગવા અવિનાશ, બેય જણને બોલાવિયા પાસ;
આપી શિષ્ટ પ્રસાદી મુરારી, જમ્યા બેય તે મહિમા વિચારી. ૯
કથા વાત સુણી રહ્યા રાત, પછી પ્રગટિયું જ્યારે પ્રભાત;
સ્નાનઆદિ ક્રિયા નિત્ય કરી, ચાલ્યા દર્શન કરવા ફરી. ૧૦
બેઠા સભા સજી સુખરાશી, બેઠા ત્યાં વરતાલ નિવાસી;
કાશિદાસ પિતા કાનદાસ, બેઠા તે પણ તેઓની પાસ. ૧૧
જુવે છે વરતાલ નિવાસી, તેજોમય પ્રભુની છબી ભાસી;
તેઓ બેયને થૈ ત્યાં સમાધિ, જેમ જોગકળા હોય સાધી. ૧૨
જૈને જોઇયું અક્ષરધામ, દીઠાં ત્યાં પણ શ્રીઘનશામ;
દીઠા ચિંતામણિમય મોલ, કલ્પવૃક્ષ તણી ઘણી ઓળ[૧]. ૧૩
નર અક્ષરસમ કોટિ દાસ, ઉભા સેવામાં શ્રીહરિપાસ;
બ્રહ્મા વિષ્ણ ને રુદ્ર ગણાય, એવાને તો ન દર્શન થાય. ૧૪
ગુણગાન કરે વેદ ચાર, એવું ઐશ્વર્ય દીઠું અપાર;
ત્યાં તો તેઓ સમાધિથી જાગ્યા, પ્રભુને પગે પ્રેમથી લાગ્યા. ૧૫
કરી અક્ષરધામની વાત, પામ્યા અચરજ સૌ જનજાત;
વળી વિનતિ કરી જોડી હાથ, વરતાલ ચાલો મુનિનાથ. ૧૬
અમે આવિયા તેડવા આજ, ઇચ્છા પૂર્ણ કરો મહારાજ;
સુણી એવું કહે કાનદાસ, ત્યાં છે ચોર ધારાળાનો ત્રાસ. ૧૭
પરદેશી આવી ઉતરે છે, તેનાં વસ્ત્ર વાહન ચોરી લે છે;
ત્યારે બોલિયા રણછોડદાસ, તેનો અમને નહીં કાંઇ ત્રાસ. ૧૮
આવી ઘેર અમારે ઉતરે, તેને હરકત કોઇ ન કરે;
ગામ માંહી અમારી આજ, કોઇ લોપી શકે નહિ લાજ. ૧૯



૧.લાઇન, હાર



સુણી બોલિયા સુંદર શામ, તમે જાઓ તમારે ગામ;
આવતી કાલે આવશું અમે, તેની ચિંતા ન રાખશો તમે. ૨૦
આપી વચન ને કીંધા વિદાય, ગયા તે પ્રણમી પ્રભુપાય;
રાત પાછલીયે બળવંત, કહે સાધુને સાંભળો સંત. ૨૧
સાધુ પાંચ રહો આ ઠામે, બીજા જાઓ જેતલપુર ગામે;
પણ સ્વામી આનંદાનંદ, સાથે લૈ એક સંતનું વૃંદ. ૨૨
એ તો આંહિથી ડાકોર થૈને, ફરે કાનમ પ્રાંતમાં જૈને;
એવી આજ્ઞા પ્રભુ તણી પામી, ચાલ્યા સંત તે સૌ શિર નામી. ૨૩
જવા શ્રીજી થયા તૈયાર, થયા ઘોડી ઉપર અસવાર;
ઉમોભાઇને ગોવિંદ સ્વામી, શ્રીજી સાથે ચાલ્યા મુદ પામી. ૨૪
બીજા સંત લઇ સંગ ચાર, વિચર્યા ત્યાંથી વિશ્વઆધાર;
છ ઘડી દિન ચડિયો જ્યારે, વરતાલે આવ્યા પ્રભુ ત્યારે. ૨૫
બદરીતરુ સુંદર ભાળી, જઇ ત્યાં ઊતર્યા વનમાળી;
દીઠો કૂપ તે પશ્ચિમ ઠામ, ગંગાજળિયો છે તેહનું નામ. ૨૬
સંતસહિત મહાપ્રભુ નાહ્યા, બેઠા જ્યાં શુભ બદરીની છાયા;
ત્યાંજ કર્મ સંધ્યાદિક કર્યાં, બદરીફળ દેવને ધર્યાં. ૨૭
જમ્યા તે ફળ સારંગપાણી, બદરીને બહુ જ વખાણી;
ત્યાં તો પુરજન આવ્યા અપાર, વાજે વાજિંત્ર વિવિધ પ્રકાર. ૨૮
કહે હે પ્રભુ પુરમાં પધારો, અમે આપિયે સારો ઉતારો;
સુણી બોલિયા શ્રીભગવાન, અતિવાલું લાગે છે આ સ્થાન. ૨૯
થોડી વાર તો બેશિયે આંહી, પછી ઉતરશું પુર માંહી;
આસપાસ પ્રભુજી નિહાળે, વારેવારે તે બદરીને ભાળે. ૩૦

બાપુભાઇયે વાત પ્રકાશી, એક આવ્યા હતા સંન્યાસી;
તેણેપણ આ જગ્યા વખાણી, બદરી સુરતરુ જેવી જાણી. ૩૧
કથા વારતા આ સ્થાન કરતા, મહિમા આ ભૂમિનો ઉચરતા;
એણે અમને દીધું વરદાન, ભેટશે તમને ભગવાન. ૩૨
એ તો સફળ થઇ એની વાણી, મળિયા તમે સારંગપાણી;
સુણી શ્રીજી હસ્યા મંદમંદ, પછી ત્યાંથી ઉઠ્યા જગવંદ. ૩૩
બાપુભાઇને આંગણે આવ્યા, ખડકીને મેડે પધરાવ્યા;
ઉતર્યા તહાં શ્રીજી ને સંત, આવે દર્શને લોક અનંત. ૩૪
શ્રીજી જ્ઞાનની વાત સુણાવે, કોઇને તો સમાધિ કરાવે;
એમ આપે અતિશે આનંદ, સુખદાયી શ્રીસહજાનંદ. ૩૫

**પૂર્વછાયો :**

આઠ તનુજ બાપુભાઇને, સેવે શ્રીજીને મળી સૌ સાથ;
ભલા તે આઠે ભાઇનાં, કહું નામ સુણો નરનાથ. ૩૬

**ચોપાઈ :**

દાસ રણછોડ બેચરદાસ, દાજીભાઇ તથા કાનદાસ;
ભાઇજી રાઇજી વ્રજભાઇ, મૂળજી પણ ત્યાં આવે ધાઇ. ૩૭
સતિ રણછોડદાસની નારી, રંગબાઇ તે સદ્‌ગુણી સારી;
કહ્યું તેહને રણછોડદાસે, શુદ્ધ રંધાવો ગોરની પાસે. ૩૮
પુરુષોત્તમ પરબ્રહ્મ જેહ, જમશે આપણે ઘેર એહ;
પછી તેણે રસોઇ કરાવી, જમ્યા નાથ નૈવેદ્ય ધરાવી. ૩૯
જમ્યા સંત ને પાર્ષદ આદી, પછી આપી તે સૌને પ્રસાદી;
ગાડું આંગણામાં હતું ત્યાંય, પ્રભુ પોઢિયાં માંચડા માંય. ૪૦





દાજીભાઇ તો વિચારે છાનું, સોળે ચિહ્ન દિઠે પ્રભુ માનું;
પગ લાંબા કર્યા પ્રભુ જ્યારે, સોળે ચિહ્ન તેણે દીઠાં ત્યારે. ૪૧
દાજીભાઇનો સંશય ગયો, ભગવાનનો નિશ્ચય થયો;
આઠે ભાઇ થયા સતસંગી, સેવે શ્રીજીને અંગે ઉમંગી. ૪૨
ઢાળ્યો ખડકીને મેડે પલંગ, પોઢે રાત્રિયે ત્યાંજ શ્રીરંગ;
કરે દિવસે તો જ્ઞાનની વાત, આવે સાંભળવા જનવ્રાત. ૪૩
સારા સુતાર વાસણ નામ, આવ્યા તે કથા સુણવા કામ;
દૈવી જીવ મુમુક્ષુ છે તેહ, થયા તરત જ આશ્રિત એહ. ૪૪
કર જોડીને વિનંતી કરી, મારે ઘેર પધારો શ્રીહરિ;
ત્યારે ભક્તવત્સલ ભગવાન, ગયા તેહ સુતારને સ્થાન. ૪૫
ઘર પાછળ કીધેલી વાડ્ય, હતું દાડમડીનું ત્યાં ઝાડ;
તળે તેને પલંગ બિછાવી, પૂજ્યા ત્યાં પ્રભુને પધરાવી. ૪૬
ચર્ચી ચંદન હાર ચડાવ્યા, તોરા પાગમાં સરસ ધરાવ્યા;
ધૂપ દીપને આરતી કરી, ભાવે ભેટ પ્રભુ પાસે ધરી. ૪૭
પછી પ્રેમથી કીધો પ્રણામ, પૂજ્યા સંતને પણ તેહ ઠામ;
મુખે માંગ્યું વળી વરદાન, પ્રભુ તવ પદનું રહે ધ્યાન. ૪૮
તથા અસ્તુ કહી મુનિનાથે, મુક્યો હાથ સુતારને માથે;
એનો અર્થ એ રીતે સુધારી, ગયા ઉતારે શ્રીગિરધારી. ૪૯
હવે પામી કથાનો પ્રસંગ, કહું એક કથાતણું અંગ;
રુડી રીતે સુણો રાજાન, પગી જોબનનું આખ્યાન. ૫૦
વસે જોબન વરતાલ વાસે, જેના ત્રાસે મોટા ભૂપ ત્રાસે;
ચોરી કરવા ચારે દિશ જાય, નહી કોય થકી પકડાય. ૫૧

મોટા મહિપતિના મો'લ ફાડે, લૂંટે વાટમાં ધોળે દહાડે;
સો સો ગાઉ સુધી જેનું નામ, જાણે રંક ને રાય તમામ. ૫૨
પગી સુંદર શકરો ને દલો, ચારે ભાઇ વિષે સંપ ભલો;
સગાવાલાનો જથો વિશેષ, તેથી કોઇથી નવ ડરે લેશ. ૫૩
ભાઇ સુંદરને જ બોલાવી, પગી જોબને વાત સુણાવી;
પાટીદારના ફળીયા માંહી, એક બાવો આવેલો છે આંહી. ૫૪
પાટીદાર મોટા જન જે છે, પરમેશ્વર તેને કહે છે;
માટે જોવી તેની પ્રભુતાઇ, એવો નિશ્ચે કર્યો છે મેં ભાઇ. ૫૫
રાતે સર્વ ઉંઘી જાય જ્યારે, તેની ઘોડી છોડી લેવી ત્યારે;
ક્યાંઇ કાઢવી દેશ વિદેશ, જોશું કેવા છે તે પરમેશ. ૫૬
મારું વચન તમે મન ધરો, કામ એટલું તો આજ કરો;
સુણી બોલ્યા પગી સુંદરજી, એવું કરવા નથી મારી મરજી. ૫૭
એનાં દર્શન કીધાં છે મેંય, મહામૂર્તિ ચમત્કારી છેય;
તેનું પોતાનું તેજ પ્રકાશે, ભાળતાં જ તે ભગવાન ભાસે. ૫૮
મોટાપુરુષની છેડ ન કરિયે, એવાથી તો અંતર માંહી ડરિયે;
એમ કહીને સુંદરજી ગયો, પગી જોબન શાંત ન થયો. ૫૯
રાત અરધ વીતી ગઇ જ્યારે, પગી જોબન ચાલિયો ત્યારે;
ઠેલી કૂબેરદાસની ખડકી, ભાઇ રાયજી ત્યાં ઉઠ્યા ભડકી. ૬૦
કુદ્યા લૈ હાથમાં તરવાર, ઝટ ઉઘાડિયું જઇ દ્વાર;
પગી જોબનને જોયો જ્યારે, કહે રાયજી ક્રોધથી ત્યારે. ૬૧
આવી રીતે છંછેડો છો અમને, તેથી લાભ થશે નહિ તમને;
જથાવાળા[1] અમે પણ છૈયે, અમે તમથી નહીં ડરી જૈયે. ૬૨



૧.મોટા કુટુંબવાળા



ભાખે તે સમે જોબનભાઇ, જોવી છે પ્રભુની પ્રભુતાઇ;
તમે આજ કદી આડા ફરશો, બીજે ગામ જશે ત્યાં શું કરશો? ૬૩
કહી એવું પગી ઘેર ગયા, પછી રાયજી તો પોઢી રહ્યા;
ત્રણ દિવસ રહ્યા પ્રભુ ત્યાંય, થયા ચોથે દિ જમી વિદાય. ૬૪
જતાં પણ પ્રભુ બદરીને ભાળે, આસપાસની જગ્યા નિહાળે;
વખાણી બદરી બહુ વાર, જાણે છે શ્રીહરિ તેનો સાર. ૬૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિજન વરતાલના નિવાસી, પ્રભુ વિચર્યાથી થયા દિલે ઉદાસી;
ફરી ફરી વિનવે કરી પ્રણામ, પ્રભુજી રહો અહિયાં કરી સ્વધામ. ૬૬

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેયસંહનૃપસંવાદે વૃત્તાલયે શ્રીહરિ-કુબેરદાસગૃહે આગમનનામા અકોનવિંશો વિશ્રામઃ ॥૧૯॥***

**પૂર્વછાયો :**

ભૂપ કહે બ્રહ્મચારીને, વરતાલમાં વિશ્વાધાર;
શા કારણ બદરી તરૂને, નિરખ્યું વારંવાર. ૧

**ચોપાઈ :**

શા માટે ફરી ભૂમિને ભાળી, કેમ ત્યાં ઉતર્યા વનમાળી;
સંન્યાસીયે વખાણી શા કાજ ? તેનો મર્મ કહો મહારાજ. ૨
ત્યારે વર્ણી કહે નૃપ પાસ, સુણો એ ભૂમિનો ઈતિહાસ;
પૂર્વકાળે ભૃગુ તણી નારી, પેટે પુત્રી થઇ એક સારી. ૩
નિરધારિયું લક્ષમી નામ, રૂપે રુડી ને સદ્‌ગુણધામ;
થઇ પરણવા લાયક બાળ, આવ્યા નારદજી એહ કાળ. ૪

ભૃગુયે એનું અર્ચન કીધું, ભલા ભાવથી ભોજન દીધું;
રમા નારદને પગે લાગી, વર જોડ પોતા તુલ્ય માગી. ૫
ત્યારે બોલ્યા નારદ ઋષિરાય, તુજ યોગ્ય તો વિષ્ણુ ગણાય;
તપ ઉગ્ર કર્યું હોય જ્યારે, તેને વિષ્ણુ મળે વર ત્યારે. ૬
કહે લક્ષ્મી કહ્યું તમે ખરું, કહો ક્યાં જઈને તપ કરું ?
કહે નારદ સાંભળ બાઈ, તપભૂમિ કહું સુખદાઈ. ૭
જપ તપ નિજઘેર કરાય, સાધારણ ફળ તેહનું થાય;
નદીતીરે કે દેવને ધામે, કરે તો ફળ શતગણું પામે. ૮
તેથી પણ જ્યાં પવિત્ર પ્રદેશ, જપ તપ કરે ત્યાં જઈ લેશ;
તેનું લક્ષગણું ફળ થાય, શ્રુતિશાસ્ત્ર કહે છે સદાય. ૯
ક્ષેત્ર સર્વોપરી જે ગણાય, ત્યાંના તપનું અક્ષય ફળ થાય;
કહે લક્ષ્મી દયા દિલ લાવો, અતિ ઉત્તમ ક્ષેત્ર બતાવો. ૧૦
કહે નારદ સાંભળ બાઈ, કહું ક્ષેત્ર અક્ષય ફળ દાઈ;
મહિસાગર ને વેત્રવતી[૧], ત્રીજી સાભ્રમતી[૨] કરે ગતિ. ૧૧
તેહ ત્રણેના મધ્યે પાવન, હિતકારી છે હેડંબા[૩] વન;
તરુ વેલી તણો નહીં પાર, બદરી એક તંબુ આકાર. ૧૨
તમે ત્યાં રહીને તપ કરો, હૈયે ધ્યાન શ્રીકૃષ્ણનું ધરો;
દ્વાદશાક્ષર મંત્રને જપો, પાંચ અગ્નિ તણા તાપ તપો. ૧૩
તેથી શ્રીપ્રભુ થાશે પ્રસન્ન, વરવાનું તે દેશે વચન;
બીજા જે જે મનોરથ હશે, સર્વ તે સ્થળે પૂરણ થશે. ૧૪
એમ કહી થયા અંતરધાન, ગયા નારદજી બ્રહ્મસ્થાન[૪];
લક્ષ્મી બદરીતળે ગયાં, તપ કરવાને તત્પર થયાં. ૧૫



૧.વાત્રક નદી ૨.સાબરમતી નદી ૩.ભીમની પત્નિ ૪.સત્યલોક



તેને કરવાને સ્નાન અનૂપ, ધર્યું ગંગાયે કૂપસ્વરૂપ;
ગંગાજળિયો પ્રસિદ્ધ છે નામ, જહાં સ્નાન કર્યુ ઘનશામ. ૧૬
અતિ ઉગ્ર કર્યું તપ એવું, નવ થાય તપસ્વીથી તેવું;
દીધું દર્શન શ્રીભગવાન, કહ્યું માગો મુખે વરદાન. ૧૭
સુણી બોલ્યા રમા શિર નામી, મને પરણો તમે બહુનામી;
મને સેવામાં રાખો સદાય, એ જ માગું છું વૈકુંઠરાય. ૧૮
તથા અસ્તુ કહ્યું ભગવાને, કહ્યું ત્યાં વળી કરુણાનિધાને;
બીજી હોય ઈચ્છા મન માંહી, મુખે માગો તે આપીશ આંહી. ૧૯
કમળા કહે કરુણાનિધાન, મને વાલું લાગે છે આ સ્થાન;
આંહી મંદિર મોટું રચાય, તેમાં આપણી મૂર્તિ થપાય. ૨૦
સર્વદા આંહી આપણે વસિયે, ક્ષણમાત્ર ન વેગળાં ખસિયે;
તીર્થ સર્વોપરી આ ગણાય, કરે પુણ્ય અક્ષયફળ થાય. ૨૧
કરે ઈચ્છાથી જો અનુષ્ઠાન, પામે તે ધન ધાન્ય સંતાન;
મુનિ મોટા આશ્રમ કરી રહે, તીર્થ કરવા બ્રહ્માદિક ચહે. ૨૨
કરે ભક્તિ ઠરીને આ ઠામે, મોક્ષાર્થી તે મોક્ષને પામે;
આપ આપનું દૈવત લાવી, સર્વ તીર્થ વસે અહીં આવી. ૨૩
રસકસ ઘણો આ સ્થળે રહે, લોકો પ્રાંત ચારુત્તર કહે;
ભલા રાજી થયા ભગવાન, તો તે આપો મને વરદાન. ૨૪
કહે વિષ્ણુ આ તીર્થ ગણાશે, તમે માગ્યું તે તો બધું થાશે;
કળિકાળ પ્રવર્તશે જ્યારે, અતિ વ્યાપશે અધરમ ત્યારે. ૨૫
આપે અક્ષરધામ નિવાસી, પુરુષોત્તમ પરમપ્રકાશી;
ધર્મસ્થાપન કરવાને કાજ, આવશે લઈ મુક્ત સમાજ. ૨૬

ધરણીપર નરતનું ધરશે, આવી આ સ્થળ માંહી વિચરશે;
અતિ જાણી પવિત્ર આ ઠામ, કરશે નિજનું મુખ્યધામ. ૨૭
છબી લક્ષ્મીનારાયણ તણી, પધરાવશે પ્રીતિથી ઘણી;
છબીમાં રહેશે બહુનામી, જેમ જીવમાં અંતરજામી. ૨૮
કહી એમ ગયા અવિનાશ, લક્ષમીજી ગયાં પિતા પાસ;
કહે વર્ણી સુણો વસુધેશ, પછી આવ્યા જ્યારે અક્ષરેશ. ૨૯
વારે વારે તે બદરી નિહાળી, ભલા ભાવથી ભૂમિને ભાળી;
તમે કારણ પૂછિયું રાય, કહી તે માટે એહ કથાય. ૩૦

**પૂર્વછાયો :**

વિચરીને વરતાલથી, ગયા જેતલપુર જગદીશ;
થાળ જમ્યા ગંગાબાઈનો, પ્રભુ અક્ષરધામ અધીશ. ૩૧

**ચોપાઈ :**

વરતાલમાં જે થઈ વાત, મુક્તાનંદને કહી સાક્ષાત;
વળી બોલ્યા જે તતપર થાઓ, વરતાલ વિષે તમે જાઓ. ૩૨
દૈવી જીવ ઘણાક છે ત્યાંય, તે તો આવશે સત્સંગમાંય;
કેટલાક અમે સમજાવ્યા, તેથી સત્સંગમાં તેઓ આવ્યા. ૩૩
તમે જૈને કરો ઉપદેશ, તેથી આવશે અન્ય વિશેષ;
અમદાવાદમાં અમે જાશું, પછી કચ્છને મારગે થાશું. ૩૪
સુણી મુક્તમુની તો સિધાવ્યા, લઈ મંડળ વરતાલ આવ્યા;
ભક્ત કુબેરદાસને ઘેર, આવી ઉતરિયા રુડીપેર. ૩૫
નારાયણગર નામ ગોસાંઇ, કથા સાંભળતા સભા માંઈ;
તેઓ તે થકી સત્સંગી થયા, સ્વામીને મઠમાં તેડી ગયા. ૩૬





હતો એકાંતનો જોગ સારો, તેથી ત્યાંજ રખાવ્યો ઉતારો;
કથા વારતા કીર્તન થાય, જન સારા સાંભળવાને જાય. ૩૭
દાસ કુબેર જે પાટીદાર, તેના પુત્ર તો આઠ ઉદાર;
સુત્રધાર તો વાસણ નામ, હરિભક્ત હતા એહ ઠામ. ૩૮
થયા સ્વામી તણે ઉપદેશે, તેનાં નામ સુણાવું વિશેષે;
પાટીદાર જાણો દાદાભાઇ, પ્રભુદાસ તથા વ્રજભાઈ. ૩૯
વળી વાસણ થોભણદાસ, વાલાભાઈને ભાઈજીદાસ;
દાસ વસન ને રાયજી દાજી, નારાયણદાસ પણ થયા રાજી. ૪૦
ગોર વનમાળી સત્સંગી થયા, તેના ભવના ફેરા મટી ગયા;
પગી જોબન તે ત્રણ ભાઈ, હરિભક્ત થયા હરખાઈ. ૪૧
બામણોલી તણા રહેનાર, સમજ્યા તે તખોપગી સાર;
તેથી સ્વામીને ત્યાં તેડી ગયા, સતસંગી તહાં ઘણા થયાં. ૪૨
આસપાસના ગામમાં જૈને, દૈવી જીવને ઉપદેશ દૈને;
સ્વામીયે સતસંગ કરાવ્યો, શ્રીજીનો મહિમા સમજાવ્યો. ૪૩
હવે શ્રીજી તણી કહું વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
સ્વયં સ્વામી રામાનંદ છતાં, ઘણા શિષ્ય જેતલપુર હતા. ૪૪
કાંઇ રઘુનાથદાસે ભમાવ્યા, અવળું કહીને સમજાવ્યા;
તેને હરિયે પ્રતાપ જણાવ્યો, નિજનો મહિમા સમજાવ્યો. ૪૫
એમ ત્યાંનો મટાડી વિષાદ, વિચર્યા પ્રભુ અમદાવાદ;
જઈ પાંચકુવા તણી પાસ, એક જગ્યામાં કીધો નિવાસ. ૪૬
રામદાસે આવીને એ ઠામ, પ્રેમે શ્રીજીને કીધા પ્રણામ;
સતસંગી મળી સૌ આવ્યા, સીધું સામાન સરવે લાવ્યા. ૪૭

સર્વ રઘુનાથદાસની વાત, રામદાસે કહી સાક્ષાત;
ઘણા ફેરવ્યા છે હરિજન, અભિમાન ધરે અતિ મન. ૪૮
કહે ગાદીનો વારસ હું છું, જ્ઞાન સાચું તો હું જ જાણું છું;
કહે શ્રીજી હરિઇચ્છા હશે, અંતે એ જ રીતે સર્વ થશે. ૪૯
પણ તેનું ભુંડું નવ થાય, એવો થાય તો કરવો ઉપાય;
કહે વર્ણી સુણો મહીપાળ, હરિકૃષ્ણ છે કેવા કૃપાળ. ૫૦
થોડા દિવસ રહ્યા હરિરાય, કથા વારતા ત્યાં નિત્ય થાય;
કોઇને તો સમાધિ કરાવે, કોઇને તો પ્રતાપ જણાવે. ૫૧
વધ્યો શ્રીપુરમાં સતસંગ, ચડ્યો જ્ઞાન વૈરાગ્યનો રંગ;
મત પંથ ઘણે દીધા ત્યાગી, તેથી દાઝિયા દિલમાં વેરાગી. ૫૨
હતા રઘુનાથદાસે ભમાવ્યા, તેમાંથી પણ બહુ પાછા આવ્યા;
એક અવસરે રઘુનાથદાસ, શિષ્યો સહિત આવ્યો પ્રભુ પાસ. ૫૩
ભક્તિપુત્રે તેનું ભલું કરવા, દીધું માન તેનું મન ઠરવા;
ગાદી તકિયો નખાવી બેસાર્યા, ઘણા સ્નેહના શબ્દ ઉચાર્યા. ૫૪
રામાનંદના શિષ્ય છો જુના, નથી સમઝણમાં કાંઇ ન્યુના;
માટે આજ્ઞા તે ગુરુની પાળો, બીજી તો બધી ખટપટ ટાળો. ૫૫
મુક્તાનંદ આદિક મુનિ જેમ, સારા સારા છે સદ્‌ગુરુ તેમ;
તમે પણ સારા સદ્‌ગુરુ થૈને, ફરો દેશમાં મંડળ લૈને. ૫૬
જોતી હોય જો મહાંતતાઇ, આપિયે અમદાવાદમાંઇ;
ગુરુઆજ્ઞાથી આડા ન જાવું, સંપ્રદાયથી વિરુદ્ધ ન થાવું. ૫૭
એવું સુણતાં બોલ્યો અભિમાની, એવા કેવા મોટા તમે જ્ઞાની ?
પ્રભુ થૈને પોતે જ ફરો છો, મિથ્યા મુજને શિખામણ ઘો છો. ૫૮





આજકાલના આવેલા તમે, કેમ માનીયે મોટેરા અમે ?
નિજનું હિત જો મન ધરો, મારી આજ્ઞા વિષે અનુસરો. ૫૯
પ્રભુને કહે છે એમ વાત, એવામાં તો થયો ઉતપાત;
મળ્યા વૈરાગી સૌ એક ઠાર, કરી સંપ ને કીધો વિચાર. ૬૦
આવ્યા જીવનમુક્તા જે છે, આપણા શિષ્ય ભોળવી લે છે;
આપણો પંથ જો તુટી જાશે, પેટ આપણું કેમ ભરાશે ? ૬૧
જૈયે ધોકા ને ચીપીયા લૈને, ખૂબ મારીયે તેહને જૈને;
એવું ધારીને વૈરાગી વીશ, આવ્યા ખૂબ ચડાવીને રીશ. ૬૨
કોઇયે વાળેલા વજકછોટા, કોઇયે વાળેલા તાણી લંગોટા;
કોઇ બોકાની વાળીને ચાલ્યા, જેમ રાક્ષસ જુદ્ધે મહાલ્યા. ૬૩
કોઇયે બાંધી લીધી જટા માથે, લીધા ધોકા ને ચીપીયા હાથે;
જાણી અંતરજામીયે વાત, આંહિ થાશે હવે ઉતપાત. ૬૪
રામદાસને સમશા કરી, તેને લૈને ઉઠી ગયા હરિ;
રહ્યા બેશી ત્યાં રઘુનાથદાસ, તેના મનમાં નથી કાંઇ ત્રાસ. ૬૫
નથી તેને ભવિષ્યનું જ્ઞાન, મન મિથ્યા ધરે અભિમાન;
જમદૂતની ત્યાં ધાડ આવી, મૂકયુ બહુ બૂમરાણ મચાવી. ૬૬
કહે જીવનમુક્તાને મારો, કેમ તોડે છે પંથ અમારો ?
જહાં રઘુનાથદાસ બેઠા છે, જાણ્યું જીવનમુક્તા તો આ છે. ૬૭
ધોકા ચીપીયાનો માર્યો માર, કરે રઘુનાથદાસ પોકાર;
ભાંગ્યો વાંસો ને ભાંગ્યા નિતંબ, ગયું તે પછી જમનું કુટુંબ. ૬૮
મહાદુઃખથી રઘુનાથદાસ, વશો જૈને પોતાને નિવાસ;
ધર્મપુત્ર જે કરવાનું ધારે, તેવું કામ કરે પરદ્વારે. ૬૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નહિ કદી કર માંહી શસ્ત્ર લીધું, પણ જગ સર્વ સ્વવશ્ય એમ કીધું;
પરજન મન પ્રેરણા કરીને, અખિલ વિનાશ કરાવિયા અરીને. ૭૦

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ શ્રીપુરે રઘુનાથદાસઅભિમાનખંડનનામા વિંશો વિશ્રામઃ ॥૨૦॥***

**પૂર્વછાયો :**

બીજે દિવસે રામદાસજી, કહે શ્રીપુરુષોત્તમ પાસ;
મનાવતાં નહિ માનશે, અભિમાની રઘુનાથદાસ. ૧

**ઉપજાતિવૃત્ત :**

આયુષ અંતે મરવા પડેલું, જેનું ઘણું અંતર તો સડેલું;
ધન્વંતરી આવી કરે ઉપાય, તથાપિ તેનો નહિ રોગ જાય. ૨
જેની થઇ જીવનનાડી નાશ, ન રાખવી ઊગરવાની આશ;
ખૂટી ગયું સુકૃત સર્વ જેનું, સુમારગે ચિત્ત ચડે ન તેનું. ૩
જો શૈલ જેવો તૃણગંજ હોય, બળે પડે જો લવ અગ્નિ તોય;
જો પુણ્યના ઓઘ કર્યા અપાર, બળે ગુરુદ્રોહ કરે લગાર. ૪
દ્રોહી થયો છે રઘુનાથદાસ, થયાં સુકર્મો સઘળાં વિનાશ;
સત્સંગથી તેહ થયો ટળેલ, નથી હવે તે તલ માંહિ તેલ. ૫
સત્સંગમાંથી જન કોઇ જાશે, સત્સંગને શું નુકશાન થાશે;
સમુદ્રથી જો મગરો રીસાય, સમુદ્રને ખામી કશી ન થાય. ૬
જો વાલબાઇ હરબાઇ જેવાં, ગયાં મનુષ્યો વળી અન્ય એવાં;
તથાપિ સત્સંગ ઘટ્યો ન લેશ, દિને દિને છે વધતો વિશેષ. ૭





કોટિ પ્રકારે પ્રભુ આપ પાસ, નહીં રહે તે રઘુનાથદાસ;
માટે કૃપાનાથ કરો વિમુખ, નહીં કરો તો નહિ થાય સુખ. ૮
જે અંગમાં ઉત્પન્ન કીડિયારું, તે તર્ત કાપ્યે તન થાય સારું;
જો લોભ તેનો લગિરે કરાય, બીજો બહુ તેથી બગાડ થાય. ૯
બોલ્યા સુણીને પ્રભુ નિર્વિનાશ[1], ખરું કહો છો મુનિ રામદાસ;
શત્રુ નડ્યો છે અભિમાન એને, તેણે કર્યો ખૂબ ખુવાર તેને. ૧૦

**અભિમાન વિષે : રથોદ્ધતાવૃત્ત**

ગર્વ સર્વ સુખ નાશકાર છે, ગર્વ માંહિ દુઃખ તો અપાર છે;
ગર્વવાન તૃણતુલ્ય થાય છે, ગર્વગંજન હરી ગણાય છે. ૧૧
જોગધારી અભિમાન જે ધરે, તો ભવાબ્ધિ કદીયે ન તે તરે;
માનથી જ સદબુદ્ધિ જાય છે, જાપ જજ્ઞ તપ નાશ થાય છે. ૧૨
કામ ક્રોધથકી માન નેષ્ટ[2] છે, માન સર્વથકી શત્રુ શ્રેષ્ઠ છે;
કામ ક્રોધ જીતતાં જીતાય છે, માનપાસ જન હારી જાય છે. ૧૩
રાવણાદિ જગ જીતી જામિયા, માનથી જ પણ મૃત્યુ પામિયા;
દેવ દૈત્ય નર નાગના મુખી, માનથી જ બહુ થાય છે દુઃખી. ૧૪
ભક્તિ સાધિ જન ધામમાં ચડે, માનશત્રુ જઇને તહાં નડે;
કામ લોભ નહિ ધામમાં નડ્યા, માનથી જ જય ને વિજે પડ્યા. ૧૫
જો પુરાણ શ્રુતિ શાસ્ત્રને ભણે, શ્રેષ્ઠ થાય કદી સદ્‌ગુણે ઘણે;
તોય હોય અભિમાન તો નડે, જેમ ઝેર પયમાં કદી પડે. ૧૬
જો અજાણી કશી વારતા રહી, માની માન તજીને પૂછે નહીં;
જેમ ઘેલી[3] રસ લોટમાં ધરી, આપબુદ્ધિ રસરોટલી કરી. ૧૭
કાંઇ હોય કદી પાત્રતાપણું, માનરૂપી પણ થાય ઢાંકણું;



૧.જેનો નાશ નથી એવા (ભગવાન) ૨.નઠારું,ખરાબ ૩.રસ રોટલી કરજો એમ કહ્યું એટલે લોટમાં પાણી નાંખી ભેગું કરી દીધું પણ પૂછ્યું નહિ કે કેવી રીતે કરાય ?

તો ન થાય ગુણ પ્રાપ્ત તે વિષે, હોય માંહિ ગુણ તે નહીં દિસે. ૧૮
મૂછ ડાઢી મુખથી મુંડાવિયાં, વસ્ત્ર અંગ ભગવાં ધરાવિયા;
નાતજાત તજી નીકળ્યો અરે, મૂર્ખ દેહઅભિમાન શું ધરે ? ૧૯
ત્યાગી માગી કર તુંબડું ગ્રહ્યું, રાખ ચોળી પછી માન ક્યાં રહ્યું;
ભીખ માંગી નિજ પેટ તો ભરે, મૂર્ખ વ્યર્થ અભિમાનને ધરે. ૨૦
એકએક થકી શ્રેષ્ઠ હોય છે, ક્યાં અનન્ય ગુણવાન કોય છે;
ચંદ્ર ઈન્દ્ર પણ અલ્પપાત્ર છે, તો મનુષ્ય જન કોણપાત્ર છે. ૨૧

**ઉપજાતિવૃત્ત :**

નિર્માની જેના હરિ ઈષ્ટ હોય, તે તો ન ઈચ્છે કદી માન કોય;
જે હોય છે રાવણપક્ષ કેરા, તે માન ઈચ્છે મનમાં ઘણેરા. ૨૨
તજે કદાપિ ગજ બાજે[1] રાજ, તજાય સર્વે સુખસાજ લાજ;
વને વશીને ફળ ફૂલ ખાય, બધું તજે માન નહીં તજાય. ૨૩
જ્યાં સુધી ધોળાં પટ હોય અંગે, સાધુનું માહાત્મ્ય ગણે ઉમંગે;
સાધુ થઈને ભગવાં કરાય, સાધુ તણો તે પિતરાઈ[2] થાય. ૨૪
જો ગાદિયે સદ્‌ગુરુ સંગ બેસે, સભા વિષે ગાદી વિના ન પેસે;
માને કરીને મન મોટું થાય, ગાડી વિના તેથી નહીં ચલાય. ૨૫
માની સજે કોઈ અમારી સેવા, ન ચાલતે થાય ચલાવી લેવા;
કુકાળમાં જેમ કુધાન્ય ખાય, એવી જ સેવા અમને જણાય. ૨૬
આજ્ઞા અમારી પ્રિય જાણી પાળો, તો સંત સર્વે અભિમાન ટાળો;
હું માનથી દૂર સદા ફરૂં છું, માની જનોથી દિલમાં ડરૂં છું. ૨૭
જે શિષ્ય તો માન ઘણું ધરે છે, ગુરૂજી આજ્ઞા કરતાં ડરે છે;
જાણે કહ્યાથી દિલ દુઃખ થાશે, સત્સંગમાંથી જ સમૂળ જાશે. ૨૮



૧.ઉત્તમ જાતિનો ઘોડો ૨.દાયભાગ સંબંધી હક્ક,એક પિતાપણાનો હક્કદાર



છે વ્યાળ વીંછી વિષવાન જેવા, ઝેરી જનો છે અભિમાની એવા;
ઉભા થવું સર્પ સમીપ પેખી, ઉભા થવું દૂરથી માની દેખી. ૨૯

**પૂર્વછાયો :**

ઈત્યાદિક અભિમાનના, અવગુણ કહ્યા હરિ આપ;
લેખણ ખડીયો કાગળો, વળી મંગાવી નિજ મોરછાપ. ૩૦
પત્ર લખાવી મોકલ્યા, સર્વ સંત ને હરિજન પાસ;
અમે વિમુખ કર્યો આજથી, સંપ્રદાયથી રઘુનાથદાસ. ૩૧
થયો વિમુખ સતસંગથી, તેનો જે જન કરશે સંગ;
તેની અસર તેને લાગશે, થાશે ભક્તપણાનો ભંગ. ૩૨
હડકવા થયો શ્વાનને, તેની લાળ જેવી વિખ્યાત;
સ્પર્શ થયે હરે પ્રાણને, એવી વિમુખ મુખની વાત. ૩૩
ભોરીંગ મોટો ભાળિને, જેમ ડરીને ખસિયે દૂર;
તેમજ ડરવું દિલ વિષે, જોઈ વિમુખ જનને જરૂર. ૩૪
એવી રીત્યે આજ્ઞા કરી, સતસંગીને શ્રીમહારાજ;
શ્રીપુરમાં રામદાસને, રાખ્યા મુમુક્ષુ જનને કાજ. ૩૫
પછી શ્રીપુરથી પરવર્યા, જવા ભુજ ભણી ભગવાન;
માવો ગયા મછીયાવમાં, દેવા જનને દર્શનદાન. ૩૬
ત્યાં ઉતર્યા દરબારમાં, ફૈબા રાણિયે કર્યો સતકાર;
ત્યાંથી ગયા મેથાણમાં, કોટિ બ્રહ્માંડના કરતાર. ૩૭
અજો પટેલ તહાં રહે, કાકોભાઈ ને પુંજોભાઈ;
ભાવિક ભક્ત ભલા ગણી, દીધાં દર્શન જઈ સુખદાઈ. ૩૮
ત્યાંથી હરિ હળવદ ગયા, જોશી નારાયણને ઘેર;

થાળ આરોગ્યા સ્થિતિ કરી, પરમેશ્વર રુડી પેર. ૩૯

**ચોપાઈ :**

જેને લક્ષ્મીજી થાળ ધરાવે, રાધાજી જળપાન કરાવે;
એવા ભગવાન ભક્તને ઘેર, જોઇ પ્રેમ જમે રુડી પેર. ૪૦
જેનું ધ્યાન મહાદેવ ધરે, વેદ તો જેનું વર્ણન કરે;
દેવ દર્શન દુર્લભ જાણે, થયા ભક્તોને સુગમ આ ટાણે. ૪૧
અહો આશ્ચર્ય અદભુત એહ, અક્ષરેશે ધર્યો નરદેહ;
જેણે નિરખિયા જગદાધાર, તેના પુણ્ય તણો નહિ પાર. ૪૨
હળવદથી સિધાવિયા હરિ, કૃપાનાથે કૃપા બહુ કરી;
પુર ગામ ને પાવન કીધાં, દૈવી જીવને દર્શન દીધાં. ૪૩
ગયા હાલારમાં હરિરાય, ભલું ભાદરા ગામ છે જ્યાંય;
વિપ્ર મૂળજી ત્યાં ગુણવૃંદ, થયા જેહ ગુણાતીતાનંદ. ૪૪
ઉતર્યા પ્રભુ તેને નિવાસ, તેના અંતરની પુરી આશ;
ભક્ત રત્નો અને ડોસોભાઇ, ભક્ત વિશ્રામ આવિયા ધાઇ. ૪૫
તેણે સેવા સજી ઘણી સારી, પછી ત્યાંથી ચાલ્યા અઘહારી;
શેખપાટ ગયા સુખકાર, ત્યાં તો લાલજી નામે સુતાર. ૪૬
થશે જે મુનિ નિષ્કુળાનંદ, તેને ઘેર રહ્યા સુખકંદ;
સાલ સાઠ્યની તે તો સુહાવી, માસ મહા શુદિ પંચમી આવી. ૪૭
તેડાવ્યા હરિભક્ત ને સંત, કર્યો ઉત્સવ ત્યાં તો વસંત;
લાલજી પ્રતિ નાથ ઉચ્ચારે, જવું છે કચ્છદેશ અમારે. ૪૮
સાથે ભોમીયો જન તમ જેવો, કોઇ ભક્ત ભલો શોધી દેવો;
એવી સાંભળીને શુભ વાણી, જવા લાલજીયે રુચિ આણી. ૪૯





સાથે લેવા ભાતું ભલું કીધું, એક બતક ભરી જળ લીધું;
સાથે કોરી લીધી દશબાર, ઘાલી જોડામાં ગુપ્ત પ્રકાર. ૫૦
ચાલ્યા લાલજીને ઘનશામ, જઇ રાત રહ્યા ભીલા ગામ;
ચાલ્યા વળતે દિવસ સુખકારી, મળ્યો વાટમાં ભૂખ્યો ભિખારી. ૫૧
અતિ કરગરીને માંગ્યું અન્ન, દયા આવી દયાળુને મન;
હતું ભાતું તે તેને અપાવ્યું, લવ લેશ ન શેષ રખાવ્યું. ૫૨
ત્યાંથી આગળ ચાલિયા જ્યારે, મળ્યા લોક લૂંટારા તો ત્યારે;
સારા સાધુ જાણ્યા ઘનશામ, માટે લીધું ન તેમનું નામ. ૫૩
લાલજી તણાં વસ્ત્ર તપાશ્યાં, તે તો માલ વગરનાં ભાશ્યાં;
તજી તેહને ચાલિયા જ્યારે, મહારાજે તેને કહ્યું ત્યારે. ૫૪
નથી લૂંટતાં તમને આવડતું, છતું નાણું છે તે નથી જડતું;
તેના જોડા તણો જુવો પાર, તેમાં કોરિયો છે દશબાર. ૫૫
પછી ચોરે તપાશી મોજડીયો, ત્યાં તો કોરિયો તેમાંથી જડીયો;
તે તો લૂંટનારા લઇ ગયા, ભક્ત લાલજી નિર્ધન થયા. ૫૬
જોવા ભક્તની ધીરજ માટ, ઘનશામે ઘડ્યો એવો ઘાટ;
હસી બોલિયા લાલજી વાણી, તમે સાંભળો સારંગપાણી. ૫૭
દિલના થયા આપ ઉદાર, આપ્યો રંકને સઘળો આહાર;
કોરીયો તસકરને અપાવી, ક્યાંથી જમશો હવે અન્ન લાવી ? ૫૮
હસી બોલિયા શ્રીહરિ ત્યારે, હતું વિઘ્ન થવાનું તમારે;
અમે તે પરબારું વટાડ્યું, તમ માથેથી કષ્ટ મટાડ્યું. ૫૯
થોડા દિન તેહ પંથે સિધાવ્યા, ગિરધર ગામ માળીયે આવ્યા;
સુખ સાગર સુંદરશામ, કર્યો તે ગામ માંહી વિરામ. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિવર હરિભક્ત લાલદાસ, જુગ મળી કચ્છપથે કર્યો પ્રવાસ;
પુનિત સરસ છે કથા પવિત્ર, વૃષસુતનાં સુચરિત્ર છે વિચિત્ર. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદેશ્રીહરિસૂત્રધાર-લાલજીસહકચ્છપ્રતિવિચરણનામાએકવિંશો વિશ્રામઃ ॥૨૧॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે અભેસિંહજી, સુણો પ્રગટ ચરિત્ર પવિત્ર;
આશ્ચર્યકારી અતિ ઘણાં, કરે કૃષ્ણ ચરિત્ર વિચિત્ર. ૧

**ચોપાઈ :**

ત્યાંથી ચાલવા કીધી તૈયારી, સાથે લીધું બતક[1] ભરી વારી;
કૃષ્ણ ચાલિયા કચ્છના રણમાં, નહિ રાખિયા જોડા ચરણમાં. ૨
ગયા વેગળે રણમાં જ્યારે, મહાપુરુષ મળ્યા એક ત્યારે;
અંતરિક્ષ જતા હતા તેહ, નમ્યા શ્રીહરિને ધરી નેહ. ૩
પ્રભુ પાસે માગ્યું પીવા પાણી, દીધું નીર તેને દયા આણી;
નવ રહ્યું બતક માંહિ નીર, બહુ તરશે પીડાયું શરીર. ૪
કહે લાલજી હે મુનિનાથ ! નહીં ચાલી શકુ તમ સાથ;
પાણી વગર જશે મારા પ્રાણ, હવે શું કરું શામ સુજાણ ? ૫
ધર્મનંદને ધીરજ દીધી, કૃપાનાથે પછી કૃપા કીધી;
માવો બોલ્યા ધરીને મહેર, ખારા સાગરમાં મીઠી સેર. ૬
એવી કેહેવત છે તેહ આવી, ભરી લ્યો જળ મીઠું હલાવી;
નીર લાલજીએ તેહ પીધું, લાગ્યું મીઠું બતક ભરી લીધું. ૭



૧.પાણી ભરવા માટેની ભંભલી



ફરી ચાખી જોયું તેહ ઠાર, ખૂબ લાગ્યું તે તો જળ ક્ષાર[1];
અતિ અચરજ અંતરે ભાસ્યું, પણ મુખથી ન પ્રગટ પ્રકાશ્યું. ૮
મહા સમરથ શ્રીહરિરાય, તે તો જેમ કરે તેમ થાય;
લોહીનું દૂધ માતાના સ્તનમાં, એની ઈચ્છાથી થાય ભુવનમાં. ૯
હરિ ઈચ્છા કરે મનમાંય, અતિ ઝેરનું અમૃત થાય;
એવી છે તેની ઈશ્વરતાઇ, નથી તે માંહિ કાંઇ નવાઇ. ૧૦
રણ ઉતરીને ગયા પાર, નાનું આવ્યું તળાવ તે ઠાર;
લીધો બાવળ હેઠ વિરામ, સોડ તાણી સુતા ઘનશામ. ૧૧
પ્રભુપદમાં કાંટા હતા વાગ્યા, ભક્ત લાલજી કાઢવા લાગ્યા;
સોળે ચિહ્ન ચરણમાં નિહાળી, સ્નેહે રાખ્યાં અંતરમાં સંભાળી. ૧૨
નિજ મસ્તકે ચરણ ચઢાવ્યાં, વળી છાતિની સાથ દબાવ્યા;
વધવા ઉદ્ધવી સંપ્રદાય, એવાં કષ્ટ સહે હરિરાય. ૧૩
શીત તાપ ને વર્ષા સહે છે, રાતે ઉજ્જડ વનમાં રહે છે;
સહે આસુરીના ઉપહાસ, તન દુઃખે ધરે નહિ ત્રાસ. ૧૪
સુખ ઈચ્છે ન આપને અંગ, ફરે વિસ્તારવા સતસંગ;
થાક કાંઇક ઉતર્યો જ્યારે, પૂછ્યું લાલજીયે તેહ વારે. ૧૫
મહાપુરુષ મળ્યા વાટે જેહ, કહો નાથ હતા કોણ એહ ?
ખારું કેમ થયું મીઠું પાણી ? સુણી બોલિયા શ્રીહરિ વાણી. ૧૬
મહાપુરુષ મળ્યા વાટ જેહ, રામાનંદસ્વામી હતા તેહ;
વળી પાણી મીઠું પીધું તમે, તે તો તમ અરથે કર્યું અમે. ૧૭
રાખે એક મારો વિશ્વાસ, તેનાં કષ્ટ કરુ છું હું નાશ;
બીજા દેવ કે દેવીને વળગે, ત્યારે તજું છું તેને અળગે. ૧૮



૧.ખારું

મારો નિશ્ચય મન માંહિ પેસે, એની આસ્તા બીજે નવ બેસે;
ભૂત પ્રેતનો ભય નવ આણે, જાદુ મંત્ર સાચા નવ જાણે. ૧૯
મારી મૂર્તિમાં મન અનુરાગે, તેને નજર કે ચોટ ન લાગે;
કાળ કર્મ કે માયા કદાપી, મારા જનને શકે ન સંતાપી. ૨૦
મારા હાથમાં છે બધી બાજી, એમ જાણી રહે જન રાજી;
એવી વાત બહુવિધ કીધી, લાલજીયે દિલે ધરી લીધી. ૨૧
પછી ત્યાં થકી ઉઠી સિધાવ્યા, ગામ આધોઇ આગળ આવ્યા;
કહે કૃષ્ણ આ પુરમાં સિધાવો, માગી ભિક્ષા તમે અન્ન લાવો. ૨૨
સુણી લાલજી બોલ્યા વચન, મને ઓળખે છે ત્યાંના જન;
માટે ભિક્ષા મેં કેમ મંગાય ? ઉપહાસ અતિ ઘણો થાય. ૨૩
ત્યારે શ્રીજી કહે કરું એમ, તમને ઓળખે નહી જેમ;
એમ કહી મુછ કાતરી નાંખી, માથે ચોટલી પણ નહિ રાખી. ૨૪
કાઢી વસ્ત્ર કોપીન ધરાવી, અંગ પર અલફી પહેરાવી;
ધાર્યું નામ તે નિષ્કુળાનંદ, ઉપજ્યો ઉર માંહિ આનંદ. ૨૫
ઝોળી આપીને ભિક્ષા મગાવી, જમ્યા બેય રસોઇ બનાવી;
ધન્ય ધન્ય તેનો વૈરાગ્ય, તર્ત કીધો સંસારનો ત્યાગ. ૨૬
કાચા તાંતણાને તોડે જેમ, તોડ્યું માયાનું બંધન તેમ;
મહામુક્ત સમર્થ ગણાય, બીજાથી એવું કામ ન થાય. ૨૭
જેમ થુંક તજે જીભ પરથી, તેમ સંસાર ત્યાગ્યો અંતરથી;
વળી બોલિયા દેવ મુરારી, હવે છે કાંઈ ઈચ્છા તમારી. ૨૮
રામાનંદે કહ્યું હતું જેહ, કહો સ્મરણમાં તમને છે તેહ ?
સાધુ કરવા ઈચ્છા થશે જ્યારે, લેશું તમને બોલાવી તે વારે. ૨૯





સુણી બોલ્યા મુનિ સાક્ષાત, મને સાંભરે છે તેહ વાત;
તમે સાધુની જે દીક્ષા દીધી, મારી આશા સંપૂરણ કીધી. ૩૦
હવે માંગું છું એક વચન, આપો ભક્તિ તમારી અનન્ય;
કોઇ દેવ દેવીનો લગાર, મારા મનમાં રહે નહિ ભાર. ૩૧
એવું સાંભળી દીનદયાળ, તથા અસ્તુ કહ્યું તેહ કાળ;
પછી ગામમાં જાવાને કાજે, ઉર ઇચ્છા કરી મહારાજે. ૩૨

**પૂર્વછાયો :**

ભલા લુવાણા ભક્તજન, તેનું ઠક્કર કચરો નામ;
એ તો વસે આધોઈમાં, તેને ઘેર ગયા ઘનશામ. ૩૩
તેહનો નેહ નિહાળીને, રહ્યા શ્રીહરિ ત્યાં બે રાત;
નિષ્કુળાનંદને રાખિયા, ત્યાં કરવા પ્રભુની વાત. ૩૪
વળી કહ્યું કરજો તમે, જમદંડ નામે ગ્રંથ;
પછી પ્રભુજી પધારિયા, ભુજનગર કેરે પંથ. ૩૫

**ચોપાઈ :**

ધર્મપુત્ર ધમડકે ગયા, રાયધણજી તણે ઘેર રહ્યા;
કંથકોટ ગયા કૃપા કરી, પછી અંજારમાં ગયા હરિ. ૩૬
ભુજનગર ગયા ભગવાન, દીધાં ભક્તોને દર્શનદાન;
સારા સુતાર હીરજી નામ, તેને ઘેર કર્યો વિશ્રામ. ૩૭
મલ્લ ગુણીયલ ગંગારામ, તેણે સ્નેહથી સેવીયા શામ;
ફુલડોળ ને રામજયંતી, તે તો ત્યાંજ કરી ગુણવંતી. ૩૮
હીરજીને સુંદરજીભાઇ, તેણે પૂજ્યા પ્રભુ સુખદાઇ;
એવામાં જગજીવન મહેતો, કારભારી જે ભુજમાં રહેતો. ૩૯

તેણે ચંડીનો યજ્ઞ આદર્યો, ઘણો સામાન એકઠો કર્યો;
બહુ વેદિયા વિપ્ર તેડાવ્યા, વરુણીમાં વિશેષ વરાવ્યા. ૪૦
નાત જાતના ડરથકી ડરે, તેથી હિંસિક યજ્ઞ ન કરે;
પણ એમ સભામાં ઉચ્ચારે, હિંસાયજ્ઞ કહે વેદ ચારે. ૪૧
શ્રીજીના ગુણ સુણવામાં આવ્યા, તેથી તેણે સભામાં તેડાવ્યા;
પ્રભુ વેદનાં વાક્ય ઉચારી, હિંસાયજ્ઞની વાત વિદારી. ૪૨
દૈવી વિપ્ર થયા રળિયાત, જગજીવને માની ન વાત;
ભૂજમાં કરી જયજયકાર, વિચર્યા ત્યાંથી વિશ્વઆધાર. ૪૩
હરિ આવ્યા ધમડકે ફરી, કર્ણિબાયે સેવા બહુ કરી;
કંથકોટ ગયા કરતાર, જોડીયે ઉતર્યા ખાડીપાર. ૪૪
ત્યાંથી હાલારમાં ગયા હરી, કરુણા નિજજન પર કરી;
ધ્રોળ થૈને સરપદડ ગયા, રાજકોટ ત્યાંથી જઇ રહ્યા. ૪૫
ગામથી અગની કોણ માંય, રામનાથ નદીમાં છે જ્યાંય;
વિપ્ર બહુ કરતા હતા સ્નાન, નાહ્યા ત્યાં જઇને ભગવાન. ૪૬
શિવ આગળ આસન કર્યું, સંધ્યાવંદન આદિ આચર્યું;
માહેશ્વર ભટ ભાવિક આવી, બહુ પ્રશ્ન પૂછ્યા મન લાવી. ૪૭
આપી ઉત્તર સંશે મટાડ્યો, દિવ્યભાવ વિશેષ દેખાડ્યો;
હતા દૈવી તેને થયો સ્નેહ, જાણ્યા જે અવતારી છે એહ. ૪૮
ક્ષત્રી રાઘવજીયે ત્યાં વળી, તથા ભટ માહેશ્વરે મળી;
ગામમાં પ્રભુને પધરાવ્યા, ઘણા આગ્રહથી હરિ આવ્યા. ૪૯
રોજા દાવલની આંબલિયો, ભાળતાં પ્રભુને ભાસી ભલીયો;
કૃષ્ણે તે તળે આસન કીધું, દ્વિજે ભોજન ત્યાં લાવી દીધું. ૫૦





જમી ત્યાંથી ચાલ્યા જગદીશ, મવા ગામે પધાર્યા મુનીશ;
કૃષ્ણ ક્રાંકશિયાળિયે ગયા, ખાંભા ગામે ગયા કરી દયા. ૫૧
માંખાવડ થઇને જગતાત, લોધીકામાં રહ્યા જઇ રાત;
ગયા મેંગણીયે મહારાજ, ગયા કંડોરડે જનકાજ. ૫૨
ડોસો બારોટ અને ગોપાળ, ઉતર્યા તેને ઘેર દયાળ;
નાવા નદીયે ગયા વૃષનંદ, કાંઠે દીઠું આંબલિયોનું વૃંદ. ૫૩
એક દ્વિજને કહે ગિરધારી, શોભા આ છે આંબલીયોની સારી;
વાણી વિપ્ર વદ્યો તેહ વાર, કરે કોઇ ચોરાશિ આ ઠાર. ૫૪
શોભા ત્યારે તો કહેવાય સારી, તે વિના તો શી સારી નઠારી;
સુણી એવું બોલ્યા મહારાજ, અમે કરશું ચોરાશી આજ. ૫૫
જાવો નોતરાં જૈ દેવરાવો, આ ઠેકાણે જ પાક કરાવો;
સુણી વિપ્ર હસ્યો મનમાંથી, સીધું તરત તે લાવશે ક્યાંથી. ૫૬
દઉં નોતરાં મારું શું જાશે, તેહની જ ફજેતી તો થાશે;
લૈને સ્વામિનારાયણ નામ, તેણે નોતર્યા વિપ્ર તમામ. ૫૭
ગયા નાહીને નાથ ઉતારે, કહી બારોટને વાત ત્યારે;
કહ્યું સીધું તો સદ્ય કરાવો, નદીતીર તરત પોંચડાવો. ૫૮
ત્યારે બારોટ બોલિયા વાણી, તમે સાંભળો સારંગપાણી;
જામ સાહેબની અસવારી, આવવાની હતી એવું ધારી. ૫૯
ઘણું સિધું પટેલે કરાવ્યું, પણ જામનું દળ નવ આવ્યું;
ભાદો પટેલ તો ગયા ગામ, પટલાણીને કેરે[1] ઘેર કામ. ૬૦
તમે જૈને કહો ભગવાન, તો તે આપશે સર્વ સામાન;
પછી જૈ સીધું વેચાતું માગ્યું, પટલાણીને પણ સારું લાગ્યું. ૬૧



૧.હાથમાં, જવાબદારી હેઠળ

અન્ન ઘી ગોળનાં ગાડાં ભરી, પહોંચાડ્યા ઉતાવળ કરી;
જમ્યા વિપ્ર કરીને રસોઇ, હરિભક્ત જમ્યા સૌ કોઇ. ૬૨
દીધાં વિપ્રને દક્ષિણાદાન, જેજેકાર કર્યો ભગવાન;
પામ્યા બહુ જન ભોજન પાન, વધ્યો તોય ઘણોક સામાન. ૬૩
પટલાણીને ત્યાં પાછો ગયો, તોળતાં હતો તેટલો થયો;
જાણ્યું બીજેથી માલ મંગાવ્યો, માટે આ તો પાછો મોકલાવ્યો. ૬૪
કહે બારોટને અવિનાશ, હોય કોરિયો જે તમપાસ;
પટલાણીને ચુકવી આપો, તેથી તેને રહે ન ઉતાપો. ૬૫
ગયા બારોટ કોરિયો દેવા, પટલાણી તો લાગિયાં કહેવા;
પાછો સામાન મોકલ્યો તમે, શાનિ કોરિયો રાખીયે અમે. ૬૬
બહુ તાણ તો બારોટે કીધી, પાંચ કોરી પ્રસાદીની લીધી;
માગ્યું એવું વળી મુખે કરી, અંતે તેડવા આવે શ્રીહરિ. ૬૭
બારોટે પ્રભુને કહી વાત, તથા અસ્તુ બોલ્યા સાક્ષાત;
પછી જ્યારે થયો અંતકાળ, આવ્યા તેડવા દીનદયાળ. ૬૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અતિ અચરજ જેવી વાત એહ, પ્રસરી ગઇ પુરમાં વિશેષ તેહ;
પ્રગટ પ્રભુ તણો પ્રતાપ જાણી, જન હરિભક્ત થયા ઉમંગ આણી. ૬૯

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકંડોરડાગ્રામે બ્રાહ્મણભોજનકરણનામા દ્વાવિંશો વિશ્રામઃ ॥૨૨॥***

**પૂર્વછાયો :**

કંડોરડામાં કૃપા કરી, ઘણી લીલા કરી ઘનશામ;





પાર ન કે'તાં પામીયે, કદી કલ્પ વિતે એહ ઠામ. ૧

**ચોપાઈ :**

ત્યાંથી નાથ ફણેણીયે ગયા, જમનાવડ જઇ રાત રહ્યા;
દાદાભાઇ તણો દરબાર, કર્યો પાવન ધર્મકુમાર. ૨
બીજે દિવસ વડાળ્યે થૈને, જુનાગઢમાં રહ્યા પ્રભુ જૈને;
દાદાભાઇ તણો મેડો સારો, કર્યો ત્યાં જઇ કૃષ્ણે ઉતારો. ૩
પાંચી બાઇયે મોકલ્યું અન્ન, રાંધ્યું વિપ્રે જમ્યા ભગવન;
બીજે દિન આસોપાલવ તળે, સભા ત્યાં સારી સજી શામળે. ૪
ત્યાંતો દુષ્ટોયે ઉપાધિ કરી, તેથી ત્યાંથી પધારિયા હરિ;
ગયા વણથળિયે રુડી પેર, રહ્યા પાંચા પટેલને ઘેર. ૫
પુંજીબાઇયે થાળ કરાવ્યો, એક વિપ્રે પ્રભુને ધરાવ્યો;
મેઘપુર ગયા મહારાજ, જસા સોનીનું કરવાને કાજ. ૬
સોની જેસિંગની ઘેર જઇ, ઉતર્યા પ્રભુ પ્રમુદિત થઇ;
મેતા નારણની ઘરનારી, રુકમાઇ હરિભક્ત સારી. ૭
તેણે સુંદર કીધી રસોઇ, ભક્તિપુત્ર જમ્યા ભાવ જોઇ;
પીપલાણે પછી પ્રભુ ગયા, મેતા નરસિંહને ઘેર રહ્યા. ૮
લાછુબાઇયે ત્યાં કર્યો થાળ, જમ્યા જુક્તિથી જનપ્રતિપાળ;
આખા ગામે ગયા અવિનાશ, નારાયણ દવે કેરે નિવાસ. ૯
નરસિંહ દવે તણી નારી, લાડુબાઇ હરિભક્ત સારી;
તેણે રાંધી ધરાવિયો થાળ, જમ્યા પ્રેમથી જનપ્રતિપાળ. ૧૦
પ્રભુ ત્યાંથી ગયા અગત્રાઇ, ત્યાં તો ભીમ ને પર્વતભાઇ;
તેને ઘેર રહ્યા ઘનશામ, ગયા ત્યાં થકી મઢડે ગામ. ૧૧

જેઠોમેર ત્યાં ભક્ત વિખ્યાત, તેને ઘેર રહ્યા હરિ રાત;
કૃષ્ણ ત્યાંથી ગયા કાલવાણી, ભીમ એકાદશી આવી જાણી. ૧૨
ગુજરાતથી સૌ સંત આવ્યા, સાથે સંઘ મોટા મોટા લાવ્યા;
કર્યો ઉત્સવ એકાદશીનો, રીઝ્યા પુત્ર તે પ્રેમવતીનો. ૧૩
જાગરણ કર્યુ સૌ જન મળી, આશા સૌના અંતરની ફળી;
બીજે દિન દ્વિજ સંત જમાડ્યા, વળી સંતોષ સૌને પમાડ્યા. ૧૪
કર્યો વર્ણી મુકુંદે ત્યાં થાળ, જમ્યા શ્રીહરિ દીનદયાળ;
ધન્ય ભાગ્ય જેણે હરિ જોયા, ઓળખ્યા ન તેણે ભવ ખોયા. ૧૫
દૈવી જન પર કરુણા કીધી, પરમહંસની દીક્ષા દીધી;
સભા સાંજે સજી મહારાજ, બેઠા હરિજન સંતસમાજ. ૧૬
પૂછ્યા શામે સમાચાર એવા, દેશમાં દેશકાળ છે કેવા;
ત્યારે બોલિયા સૌ મળી સંત, દુઃખ વેરાગી દે છે અત્યંત. ૧૭
નિરમાની થૈયે છૈયે જેમ, પીડા ઝાઝી કરે તેમ તેમ;
જોવા સંતની ધીરજ કાજ, બોલ્યા મર્મ વચન મહારાજ. ૧૮
દુઃખ દે છે વેરાગીયો જ્યારે, તેના સામા તમે થાઓ ત્યારે;
બોલ્યા સંત સુણો મહારાજ, કેમ કરિયે અમે એવું કાજ. ૧૯

**ટેક રાખવા વિષે : ઉપજાતિવૃત્ત :**

અધર્મી લોકો ન અધર્મ મૂકે, તો સંત તે કેમ સ્વધર્મ ચૂકે;
તજે નહીં પાવક ઉષ્ણતાને, તજે નહીં બર્ફ સુશીતતાને. ૨૦
જોગી શુકાદી ભરતાખ્ય જેવા, અમે ધર્યા છે દઢ ધર્મ એવા;
કરે મહાકાળ કદી પરીક્ષા, ન ચૂકિયે લેશ સ્વધર્મશિક્ષા. ૨૧
જો સર્પ લે જીવ કદી અમારો, તથાપિ તેને કહિયે ન મારો;





તો માનવીને કરવા પ્રહાર, સાધુ કરે કેમ કદી વિચાર? ૨૨
કામી થયો તે કહિયે ન સંત, ક્રોધી થયો તે પણ પાપવંત;
કલ્યાણ કાજે જન જોગ ધારે, તે તો ક્ષમા ધર્મ નહી વિસારે. ૨૩
નિર્વાહમાટે જન જોગી થાય, તેનાથકી કેમ ક્ષમા રખાય;
સંતસ્વરૂપે સુસમે જણાશે, કાળે પરીક્ષા કપટીની થાશે. ૨૪
અમે કલ્યાણ નિમિત્ત આવ્યા, ભૂખે મરી ભેખ નથી ધરાવ્યા;
તો કોઇ દેશે દુઃખ તેથી એમ, કદી ક્ષમા ધર્મ તજાય કેમ. ૨૫
રાજાતણું રાજ્ય સમસ્ત જાય, જોગી તણી તેમ ક્ષમા તજાય;
પછી રહ્યો શો કરમાંહિ અર્થ, થયું બધું જીવિત તેનું વ્યર્થ. ૨૬
ક્ષમા તજે તે જન જોગી ખોટો, ક્ષમા તજે તે જન પાપી મોટો;
આપ પ્રતાપે ઉર રાખી ધારી, ખસે નહી લેશ ક્ષમા અમારી. ૨૭

**ચોપાઈ :**

સુણી બોલિયા શામ વચન, અહો સંત તમે ધન્ય ધન્ય;
સાધુધર્મ તો સત્ય તમારા, કામી ક્રોધી ગુરુ છે ઠગારા. ૨૮
તમ જેવા જોઇ ગુરુ કરશે, તેતો નિશ્ચય ભવજળ તરશે;
કામી ક્રોધી ગુરુ જેને જડે, તે તો નરકના કુંડમાં પડે. ૨૯
કહો સંતો તમારી વાત, તમે ક્યાં ક્યાં ફર્યા ગુજરાત ?
વૈરાગીયે કેવી પીડા દીધી ? તમે કેવી સહન કરી લીધી ? ૩૦
સુણી બોલિયા આનંદસ્વામી, બળવંત સુણો બહુનામી;
બોચાસણથી તમે મહારાજ, દૈવી જીવને ઉપદેશ કાજ. ૩૧
દીધી આજ્ઞા કરીને દયા, અમે ડાકોરમાં તેથી ગયા;
વૈરાગીયોની પંગતિ થઇ, બેઠા જમવા અમે તેમાં જઇ. ૩૨

જય ચારે સંપ્રદાય તણી, મેં તો બોલાવી તે સમે ગણી;
ત્યારે બોલિયા એક વૈરાગી, આ છે જીવનમુક્તાના ત્યાગી. ૩૩
જય બોલવાનો અધિકાર, નથી તેહને કાંઇ લગાર;
માટે જો જય બોલાવે સહી, તે તો આપણે બોલવી નહીં. ૩૪
ત્યારે બોલિયા બીજા વેરાગી, નથી જીવનમુક્તાના ત્યાગી;
એમ વાદ વધ્યા માંહોમાંય, મારામારી થઇ પડી ત્યાંય. ૩૫
અમે તો જમી ચાલી નિસરિયા, એવી રીતે તહાંથી ઉગરિયા;
પછી તો ફરી કાનમપ્રદેશ, કર્યો વીસળનગર પ્રવેશ. ૩૬
ત્યાં તો આવી વેરાગીની ટોળી, જેવા નિર્દય જંગલી કોળી;
એણે આવી તુંબડીયો ફોડી, વળી કંઠિયો કંઠથી તોડી. ૩૭
કહે પાખંડ કેમ ચલાવો ? ગાંજો ભાગ્યને કેમ તજાવો ?
લઇ જાઓ છો ચેલા અમારા, તેને શિષ્ય કરો છો તમારા. ૩૮
વેર લેશું અમે તેહ માટે, બહુ મારશું વાટે ને ઘાટે;
એમ બોલિને અમને પ્રહાર્યા, અતિ અઘટિત શબ્દ ઉચ્ચર્યા. ૩૯
ધરાંગધરે ગયા અમે ત્યાંથી, જાણ્યું છૂટિયા તે દુઃખમાંથી;
રહ્યા ત્યાં જઇને પાંચ રાત, પછી ઊઠીને ચાલ્યા પ્રભાત. ૪૦
આવ્યા વનમાં વેરાગીયો ચાર, તેતો મારવા લાગિયા માર;
હતાં પુસ્તક તે લીધાં લુંટી, ક્ષમા તોય અમારી ન છૂટી. ૪૧
દેવીવાળા જે મગનીરામ, તેતો એમ બોલ્યા તેહ ઠામ;
આપો આજ્ઞા તો એને હટાવું, બેનાં માથાં ઝાલી ભટકાવું. ૪૨
ત્યારે તેને કહ્યું અમે એમ, ધર્મ સાધુનો છોડાય કેમ ?
તમે પણ જો તેના જેવા થાઓ, તજી સત્સંગ તે સાથે જાઓ. ૪૩





તમે કરશો સાધુતાનો ભંગ, અમે તજશું તમારો પ્રસંગ;
દોષવાળાની સંગે જો રહિયે, તેથી સંસર્ગ દુષિત થૈયે. ૪૪
એમ અમે શિખામણ દીધી, ત્યારે તેણે ક્ષમા ધરી લીધી;
એવી આનંદસ્વામીની વાત, સુણી શ્રીહરિયે સાક્ષાત. ૪૫
બીજા સંતોયે પણ તેહ ઠાર, કહ્યાં એવાંજ દુઃખ અપાર;
સદાવ્રત દેનારા જે સંત, કહે સાંભળો શ્રીભગવંત. ૪૬
અન્ન લેવા વેરાગી આવે છે, તે તો અમને ગાળો બહુ દે છે;
કાંતો માગે છે ગાંજો તમાકું, અન્ન લેતાં છતાં બોલે વાંકું. ૪૭
તમે બાંધ્યો સદાવ્રત ધારો, તેથી પ્રસરે છે પંથ તમારો;
તોડશું તે સદાવ્રત અમે, ત્યારે તો ઠરી બેસશો તમે. ૪૮
કીર્તિ કારણ આપો છો અન્ન, બીજું કાંઇ નથી પ્રયોજન;
એમ બોલે ભુંડા ભેખધારી, ઘણું શું દુઃખ કહિયે ઉચ્ચારી. ૪૯
સુણી બોલ્યા શ્રીજીમહારાજ, અન્ન દેતા નથી કીર્તિ કાજ;
દ્વારિકાં તીર્થનો પથ જાણી, આપીયે છૈયે અન્ન ને પાણી. ૫૦
ઘણા પામર જન સુખ પામે, દૈવી જીવ આવીને વિરામે;
એમ જાણીને આપીયે અન્ન, પણ નવ ગમ્યું ભેખને મન. ૫૧
ત્યારે બંધ સદાવ્રત કરવાં, તેનાં પાપ તેને શિર ધરવાં;
એજ દુઃખે રામાનંદ છતાં, સદાવ્રત બંધ સૌ કર્યાં હતાં. ૫૨
બોલ્યા શ્રીમુખે શ્રીહરિ એવું, સદાવ્રત હવે ક્યાંઇ ન દેવું;
પછી દર્શન દેવાને કાજ, માંગરોળ ગયા મહારાજ. ૫૩
ત્યાંથી લોજપુરે ગયા લાલ, કર્યા નિજજનને ત્યાં નિહાલ;
ગયા પંચાળે શ્રીહરિરાય, ઝીણાભાઇના દરબારમાંય. ૫૪

અદીબાયે ત્યાં થાળ કરાવ્યો, વિપ્ર લાડકી માયે ધરાવ્યો;
જમીને રહ્યા શ્રીહરિ રાત, માણાવદર પધાર્યા પ્રભાત. ૫૫
ત્યાંથી વેળવે ઝીંઝરી થૈને, રહ્યા રાત ગણોદમાં જૈને;
ક્ષત્રિ ખેંગાર મોડજી નામ, ત્રીજા ભગવાનજી ગુણધામ. ૫૬
ઉતર્યા તેના દરબારમાંય, સૌયે સારી સેવા સજી ત્યાંય;
વિપ્ર ભીમજી ને દેવરામ, તેણે રાંધ્યું જમ્યા ઘનશામ. ૫૭
સુત ભીમજીનો હરિરામ, તેણે સેવ્યું જુનાગઢ ધામ;
વર્ણી વાસુદેવાનંદ પાસ, રહ્યો સંસારથી થૈ ઉદાસ. ૫૮
સુણો ભૂપ અભેસિંહ ભ્રાત, વૃષનંદની કહું વાત;
સંતમંડળની સંગ રાસ, રમ્યા ભાદરતટ અવિનાશ. ૫૯
પ્રભુ પોઢ્યા હતા રુચિ લાવી, ત્યાં છે બેઠક રુડી બનાવી;
ભક્ત પ્રગટ પ્રભુના છે જેહ, તીર્થભૂમિ ગણે ભલી તેહ. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

ગિરિધર વિચરી ગણોદ ગામ, કૃત સુચરિત્ર વિચિત્ર તેહ ઠામ;
સુણી નૃપ ઉરમાં વધ્યો ઉમંગ, પુલકિત તર્ત થયું અખંડ અંગ. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિગણોદપુર-વિચરણનામા ત્રયોવિંશો વિશ્રામઃ ॥૨૩॥***

**પૂર્વછાયો :**

ગિરધર ચાલ્યા ગણોદથી, રહ્યા જઈને જાળિયે ગામ;
સાંગા બાબરિયાને ઘરે, કર્યો મહાપ્રભુયે મુકામ. ૧





**ચોપાઈ :**

રુડી પત્ની તેની રત્નબાઈ, સતસંગી તે સારી ગણાઈ;
તેણે ભાવ ભલો દિલ લાવી, વિપ્રપાસે રસોઈ કરાવી. ૨
જમ્યા ભાવ જોઈ જગદીશ, મહારાજાધિરાજ મુનીશ;
આવ્યા ભક્ત મળી એહ ઠામ, કહું નિર્મળ તેહનાં નામ. ૩
નાથો લુવાણો જ્ઞાનનિધાન, ખીમો હીરો મકન ભગવાન;
હતો પીપળો ત્યાં ફળિયામાં, બાંધ્યો હીંડોળો તેહ સમામાં. ૪
હીંડોળે હરિને પધરાવ્યા, ભલા ભક્તોયે ભાવે ઝુલાવ્યા;
દીઠું નાથનું દિવ્ય સ્વરુપ, થયું અચરજ સૌને અનૂપ. ૫
એમ આપીને સુખ અનંત, બીજે દિવસ ચાલ્યા બળવંત;
ઉપલેટે ગયા અવિનાશ, નદીતટ કર્યો વાડીમાં વાસ. ૬
મહારાજ કરી ઘણી મેહેર, જમ્યા કાનજી જોશીને ઘેર;
બીજા સતસંગીયે તેહ ગામ, સજી સેવા તેનાં કહું નામ. ૭
વિપ્ર શવજી ક્ષત્રી નથુભાઈ, પટેલ નારાયણ રૂપબાઈ;
કુરજી રતનો ભગવાન, કણબી કરશન ગુણવાન. ૮
બીજો આહીર કરશનદાસ, ગોકળ ને ગોવિંદ ખવાસ;
તેણે સારી રીતે સજી સેવા, મોટો લાભ અલૌકિક લેવા. ૯
પધરામણિયો રુડીપેર, હરિભક્તે કરી ઘેર ઘેર;
નિજજનનાં હૃદય કરી રાજી, ધર્મપુત્ર પધાર્યા ધોરાજી. ૧૦
ત્યાંના જન પર અઢળક ઢળી, પછી શામ પધાર્યા સાંકળી;
લુવાણા ભગવાનને ઘેર, પ્રભુ રાત રહ્યા રુડીપેર. ૧૧
ત્યાંથી નાથ ફણેણીયે ગયા, વેલા સોની તણે ઘેર રહ્યા;

ગયા ગિરિધર ત્યાંથી ગુંદાળે, જનો સામા આવ્યા એહ કાળે. ૧૨
સોની આનંદજી અને મીઠો, ત્રીજો સોની કરમશી દીઠો;
લાખો કુંભાર કેસરબાઇ, ધર્મપુત્રને નિરખિયા ધાઇ. ૧૩
પ્રભુને ગામમાં પધરાવ્યા, સજી સેવા હરખ ઉપજાવ્યા;
જેતપુરમાં ગયા જગરાય, ભટ વામનના ઘરમાંય. ૧૪
ત્યાંના ભૂપને દર્શન દીધું, હરિભક્તોનું કારજ સીધું;
વિરપર ગયા ત્યાંથી વિચરી, પછી ગોંડળમાં ગયા હરી. ૧૫
હઠીભાઇયે કર્યું સનમાન, રાખ્યા દરબારમાં ભગવાન;
રહ્યા ત્યાં પ્રભુ દિન ત્રણચાર, પછી પરવર્યા પ્રાણ આધાર. ૧૬
ગામ કોટડા ભાડવા થૈને, સરધાર રહ્યા હરિ જૈને;
વેરીભાઇને તોંગોજી ત્યાંય, ઉતર્યા તેના દરબાર માંય. ૧૭
પૂરી થઇ એમ સાઠ્યની સાલ, વરષા[1]ઋતુનો આવ્યો કાળ;
સર્વે સરધારના મળી દાસ, રાખ્યા શ્રીજીને ચાતુરમાસ. ૧૮
રથજાત્રાનો ઉત્સવ કીધો, હરિભક્તે ભલો લાવ લીધો;
દેવપોઢણી દિને જનેશ, વ્રત સૌને ધરાવ્યાં વિશેષ. ૧૯
જનમાષ્ટમી આવતી જાણી, કહી ભક્તોયે વિનયની વાણી;
સંતમંડળ સર્વ તેડાવો, હરિભક્તોને પત્ર લખાવો. ૨૦
ભલો આંહીજ સમૈયો ભરો, જન્મઅષ્ટમી ઉત્સવ કરો;
તેથી પૃથ્વી આ પાવન થાય, ગણતાં મોટું તીર્થ ગણાય. ૨૧
શબ્દ સાંભળી શામને ભાવ્યા, સતસંગી ને સંત તેડાવ્યા;
શિળ[2]સાતમ દિન એહ ઠાર, લોક આવ્યા હજારો હજાર. ૨૨
દેહોખાચર ને મીણબાઇ, કરિયાણેથી આવિયા ધાઇ;



૧.ચોમાસાનો સમય ૨.શીતળા સાતમ (શ્રાવણ વદ-૭)



બીજાપણ બહુ આવ્યા ગૃહસ્થ, વળી આવિયા સંત સમસ્ત. ૨૩
હરખ્યા ગામના હરિદાસ, સારી સૌની કરી બરદાસ;
કથા સાંભળીને સુતા રાતે, ઉઠ્યા અષ્ટમી દિવસ પ્રભાતે. ૨૪
ત્યાં છે સાગર જેવું તળાવ, તેમાં નાવાતણો ધરી ભાવ;
સંઘ સહિત સજી અસવારી, નેહે નાવા પધાર્યા મુરારી. ૨૫
સંતમંડળ કીર્તન ગાય, તેની શોભા વરણવી ન જાય;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, અવની અને આકાશ ગાજે. ૨૬
ચારુ ચમર હરિશિર ઢળે, મુખ ચંદ્રછબી ઝળમળે;
ઊંચે સ્વર ઉચરે છડીદાર, જન સૌ કહે જય જયકાર. ૨૭
નિરખે હરિને નરનારી, છબી અંતરમાં લે ઉતારી;
ગયા સર્વ સરોવર તીર, મુનિનાથે વખાણીયું નીર. ૨૮
સંઘસહિત કર્યું હરિ સ્નાન, જળક્રીડા કરી ભગવાન;
સહુ સાંભળતાં તેહ ઠામ, બોલ્યા શ્રીમુખે શ્રીઘનશામ. ૨૯
રામાનંદસ્વામી બહુવાર, નાહ્યા છે આ તળાવ મોઝાર;
આ છે તીરથ પરમ પવિત્ર, એનો મહિમા છે મોટો વિચિત્ર. ૩૦
જે જે જન્મે અહીં જળજંત, એનાં જાણવાં પુણ્ય અનંત;
પ્રાણી જે કરશે જળપાન, નિશ્ચે પામશે મોક્ષ નિદાન. ૩૧
એવી જ્યાં કરે છે હરિ વાત, થયું અચરજ એક અઘાત;
મત્સ્ય કચ્છ હતા માંહિ જેહ, તરી આવ્યા ઉપર સહુ તેહ. ૩૨
હાલે ચાલે નહીં સ્થિર થયા, સૌયે જાણ્યું એતો મરી ગયા;
નિસર્યા સહુ મજ્જન કરી, કોરાં વસ્ત્ર અંગે લીધાં ધરી. ૩૩
મત્સ્ય કચ્છ મૃતકસમ જોઇ, પ્રશ્ન કૃષ્ણને પૂછે છે કોઇ;

પ્રભુ આ તે શી ઉપજી ઉપાધિ ? કહે શામ તે થઇ છે સમાધિ. ૩૪

**પૂર્વછાયો :**

મુક્તાનંદ આદિક કહે, સુણો શ્રીહરિ સુંદર શામ;
બગ શીચાણા સમળિયો, એવા ઉડે છે બહુ આ ઠામ. ૩૫
મત્સ્ય આદિકને તે મારશે, માટે જગાડો જગદાધાર;
જેથી તે જળ અંતર જઇ, સુખે વિચરે સર મોઝાર. ૩૬

**ઉપજાતિવૃત્ત :**

બોલ્યા સુણી શ્રીહરિરાય ત્યાંય, છે સૌની દોરી મુજ હાથમાંય;
હું થાઉં રક્ષા કરનાર જેનો, ન કોઇથી પ્રાણ હણાય તેનો. ૩૭
જે જે થતું આ જગમાં જણાય, અમારી ઇચ્છાથીજ સર્વ થાય;
ઇચ્છા વિના તો કદી શુષ્ક પત્ર, ન જૈ શકે અત્રથકી પરત્ર[1]. ૩૮
અમારી ઇચ્છાથકી વાયુ વાય, અમારી ઇચ્છાથકી વૃષ્ટિ થાય;
અમારી ઇચ્છાથકી સૃષ્ટિ જામે, અમારી ઇચ્છાથી વિનાશ પામે. ૩૯
રવિ શશી જે નભમાં ફરે છે, ફણીંદ્ર જે શીશ ધરા ધરે છે;
સમુદ્ર મર્યાદવિષે વસાણો, અમારી ઇચ્છાથકી એહ જાણો. ૪૦
મત્સ્યાદિ આ રક્ષિત છે અમારા, બકાદિ શું મારી શકે બિચારા;
બોલ્યા સુણીને મુનિ શીશ નામી, સાચું કહો છો જગદાદિસ્વામી. ૪૧

**ચોપાઇ :**

પછી મત્સ્ય જગાડવા કાજે, મત્સ્ય સામું જોયું મહારાજે;
જળજંતુ તે જાગ્રત થયા, જળમાંહિ ગતિ કરી ગયા. ૪૨
સૌને અચરજ ઉપજ્યું અમાપ, જાણ્યો પ્રગટ પ્રભુનો પ્રતાપ;
એવાં ઐશ્વર્ય વારમવાર, પ્રભુ જનને દેખાડે અપાર. ૪૩



૧.બીજી જગ્યાએ



પછી સુંદર અસવારી સાથ, નિજ ઊતારે આવિયા નાથ;
સભા સજી વિરાજીયા શામ, મતવાદી આવ્યા એહ ઠામ. ૪૪
કોઇ વામી ને કોઇ વેદાંતી, ભાંગી શ્રીહરિયે સૌની ભ્રાંતી;
નિજ મત તણું થાપન કીધું, માન સર્વ તણું હરિ લીધું. ૪૫
કૃષ્ણજન્મ ઉત્સવ થયો રાતે, જોયું ત્યાં અચરજ જનજાતે;
રુડી રીતે રાધાકૃષ્ણરૂપે, દીધાં દર્શન વૃષકુળભૂપે. ૪૬
નેણે નિરખવા ઉત્સવ એવો, આવ્યા ઇન્દ્રઆદિક સહુ દેવો;
મળી સુરવધૂ સુમને વધાવે, ગુણી ગાંધર્વ હરિગુણ ગાવે. ૪૭
થયો નવમી તણો દિન જ્યારે, ત્યાંના ભૂપ તોંગાજીયે ત્યારે;
વિપ્રપાસે રસોઇ કરાવી, સંતને પીરશ્યું હરિ આવી. ૪૮
કર્યો વર્ણી મુકુંદે ત્યાં થાળ, જમ્યા શ્રીહરિ દીનદયાળ;
પછી એકાદશી આવી જ્યારે, બેઠા શ્રીજીસભા સજી ત્યારે. ૪૯
સંતે લૈને સરોદા સતાર, કર્યું ગાન અલૌકી પ્રકાર;
પ્રભુયે પછી વાત ઉચ્ચારી, કામ ક્રોધની ખંડનકારી. ૫૦
કહ્યા લોભના દોષ વિશેષ, લોભમાં છે અધર્મ અશેષ;
લોભ છે સર્વ પાપનું મૂળ, લોભ ધર્મથકી પ્રતિકૂળ. ૫૧

**લોભ વિષે ઉપજાતિવૃત્ત :**

પંચેન્દ્રિયોના વિષયો પ્રમાણો, તેની જ તૃષ્ણા જન લોભ જાણો;
તેને તજે તો ભવમુક્ત થાય, તજે નહીં તે નરકે જ જાય. ૫૨
અત્યંત જાગે ઉર લોભ જેને, સુપુણ્ય કે પાપ સુજે ન તેને;
લોભે કરીને ન રહે જ જ્ઞાન, લોભી દિસે પ્રૌઢ પશુ સમાન. ૫૩
વૈરાગ્ય પામી ઘરબાર ત્યાગે, જો તે પછી અંતર લોભ જાગે;

જો ચિત્ત દ્રવ્યાદિકમાં લગાડે, બહુ કરેલું તપ તે બગાડે. ૫૪
જો દેવઅર્થે પણ ધર્મ છોડી, કમાઇ આપે ધન એક કોડી;
તેને નહીં દેવ પ્રસન્ન થાય, તે પાપી પાપે નરકે જ જાય. ૫૫
જો માનનો અંતર લોભ ધારે, નિર્માનીતા સાધુ થઇ વિસારે;
એથી બીજો શ્રેષ્ઠ નહીં અધર્મ, તે લોભથી તે કરશે કુકર્મ. ૫૬
ન્યાયે મળ્યું તે ધન હાથ લેવું, પડ્યું જડ્યું તે પણ ત્યાગી દેવું;
ગૃહસ્થ તેનો મનલોભ રાખે, તે પાપનું તો ફળ તેહ ચાખે. ૫૭
લોભે કરે છે જન ચોર ચોરી, લૈ જાય છે લોભ કુમાર્ગ દોરી;
લોભે અધર્મી જન લાંચ ખાય, લોભે કરી પાપ બધાં કરાય. ૫૮
જેને દિલે લોભ ઘણો જણાય, આજ્ઞા પ્રભુકેરી નહીં પળાય;
જો લોભીને લાભ જડે જરૂર, દિલેથી મૂકે નિજધર્મ દૂર. ૫૯
લોભીષ્ટ ડાબે કર ચોરી લાવે, સાચો થવાને જમણો બતાવે;
આ હાથથી મેં કરી હોય ચોરી, શિક્ષા કરે દેવ મને સજોરી. ૬૦
લોભી પ્રભુને ઠગવા ઉપાય, કરે ભલે ઇશ્વર શું ઠગાય ?
ખોટું ખરું અંતરજામી જાણે, તે દંડશે કર્મ કર્યા પ્રમાણે. ૬૧
તે લોભનું ખંડન એમ કીધું, સર્વે જનોયે મન ધારી લીધું;
બીજે દિને પાક ભલા બનાવી, જમ્યા સહુ શ્રીહરિને ધરાવી. ૬૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિ નિજજનને કર્યા વિદાય, નિજ નિજ દેશ ગયા લઇ રજાય;
ચિત ધરી હરિનાં રુડાં ચરિત્ર, પ્રતિદિન પાઠ કરે ગણી પવિત્ર. ૬૩

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ સરધારપુરે***





***જન્માષ્ટમ્યુત્સવકરણનામા ચતુર્વિંશતિતમો વિશ્રામઃ ॥૨૪॥***

**પૂર્વછાયો :**

શિષ્ય રામાનંદ સ્વામીના, માંચોભક્ત મહાબુદ્ધિમંત;
વાસ વસે કારિયાણીમાં, જેને વાલા શ્રીહરિ સંત. ૧
મહાપ્રભુયે માંગરોળમાં, કૃષ્ણજન્મ ઉત્સવ કર્યો સાર;
એ અવસર માંચે ખાચરે, પેખ્યો પ્રભુપ્રતાપ અપાર. ૨
શિષ્ય થયા ત્યારે શ્રીજીના, જાણી સર્વોપરી અવતાર;
વળી સમૈયે આવિયા, અતિ સ્નેહે સહિત સરધાર. ૩

**ચોપાઈ :**

સરધારમાં શ્રીહરિકેરો, પૂરો પેખ્યો પ્રતાપ ઘણેરો;
દઢ નિશ્ચય તે થકી થયો, સર્વ સંશય તેહનો ગયો. ૪
પધરાવા પ્રભુ નિજગામ, ઉર ઇચ્છા થઇ એહ ઠામ;
અરજી કર જોડી ઉચ્ચારી, મારે ગામ પધારો મુરારી. ૫
સુણી બોલ્યા પ્રભુ બળવંત, તમે સાંભળો શુભ મતિમંત;
ભલા છોજી એકાંતિક ભક્ત, વ્રત નૈષ્ઠિકવંત વિરક્ત. ૬
રામાનંદજીના શિષ્ય પ્યારા, વળી સારા છો શિષ્ય અમારા;
રામાનંદજી તમારે ઘેર, પધાર્યા હતા ઉત્તમ પેર. ૭
અમે પણ આવીશું એ જ રીતે, તમે નિશ્ચય રાખજો ચિત્તે;
સરધારના ભક્તોને અમે, એવું વચન આપ્યું એક સમે. ૮
ચાલતે વર્ષ ચાતુરમાસ, વસશું સરધારમાં વાસ;
મારું વેણ મિથ્યા કેમ થાય ? ચોમાસામાં ન ક્યાંઇ જવાય. ૯
પ્રબોધિની કરીને આ ઠામ, પછી આવશું આપને ગામ;

કહી એવું ને કીધા વિદાય, સરધાર રહ્યા હરિરાય. ૧૦
માંચાભક્તના સંબંધી કેરુ, ગામ ગઢડું પવિત્ર ઘણેરું;
પાસે ઉન્મત્ત ગંગા વહે છે, અવનીપતિ અભય રહે છે. ૧૧
તેના ઉત્તમ પુત્ર ભલા છે, જીુગપુત્રી જયા લલિતા છે;
માંચોભક્ત રહ્યા તહાં રાત, કરી પ્રગટ પ્રભુ તણી વાત. ૧૨
કોટિ જગત તણા કરતાર, તેણે લીધો છે નર અવતાર;
શિવ બ્રહ્મા ધરે જેનું ધ્યાન, ભાળ્યા મનુષ્યરૂપે ભગવાન. ૧૩
મેં તો લીધો અલૌકિક લાવ, દેવને ન મળે આવો દાવ;
સુણી ભૂપ બોલ્યા તેહ સ્થાન, તમે શાથી જાણ્યા ભગવાન? ૧૪
માંચોભક્ત કહે હે મહીશ ! કહું જેથી જાણ્યા જગદીશ;
દીઠી મૂર્તિ મનોહર એવી, દૈવી જીવનાં દિલ હરે તેવી. ૧૫
સોળે ચિહ્ન ચરણમાં જણાય, જોતાં શ્રીહરિ નિશ્ચે મનાય;
એના મુખની જો વાત સુણાય, પાકો પથ્થર પીગળી જાય. ૧૬
નથી હુકમે મનાવતા બળથી, નથી આપતા નાણું આગળથી;
લાખો જન વશ વર્તે છે તોય, હરિ વગર એવું કેમ હોય ? ૧૭
ચોર જે નૃપથી નથી ડરતા, હરિવચને ચોરી નથી કરતા;
થયા આધિન લોક અપાર, તેને વચને તજે ઘરબાર. ૧૮
ઘણા વૈષ્ણવને શિવભક્ત, થયા શ્રીહરિ પદમાં આસક્ત;
ઘણા જૈન ને મુસલમાન, નિજ મતનું તજી અભિમાન. ૧૯
ભક્તિપુત્રનું ભજન કરે છે, સાચા ભાવથી ધ્યાન ધરે છે;
દેશો દેશ જનો સંભળાય, પણ આવું કોઈથી ન થાય. ૨૦
લાખો જનમન સાક્ષી પુરે છે, પરમેશ્વર પ્રત્યક્ષ એ છે;





કર્યું મુજ મને નક્કી કબૂલ, નથી ભોળપણે થઇ ભૂલ. ૨૧
તમે આપો એવા સમ ખાઉં, સાચા ઈશ્વર એને જ ગાઉં;
ઉચરું છું હું અર્થે તમારે, નથી સ્વાર્થ એમાં કાંઇ મારે. ૨૨
કહે ભૂપ એવું હોય જ્યારે, કેમ સૌ નથી માનતા ત્યારે ?
જુદા પંથ જણાય છે જેહ, કેમ એક થતા નથી તેહ ? ૨૩
માંચોખાચર બોલ્યા તે વારે, કહું કારણ તેનું અત્યારે;
બીજ ભૂમિમાં હોય અભંગ, ઉગી નીસરે વૃષ્ટિ પ્રસંગ. ૨૪
પુણ્ય પૂર્વનું સંચિત જેહ, ઉગે સંત પ્રસંગથી તેહ;
બીજા આસુરી ભાવથી ભમે, તેને પ્રગટની વાત ન ગમે. ૨૫
રામ કૃષ્ણ થયા પ્રભુ જ્યારે, ઝાઝા લોકે ન માનિયા ત્યારે;
તેહ ટાણે મોટા સંઘ મળી, આવ્યાની નથી વાત સાંભળી. ૨૬
આજ પ્રગટનાં દર્શન માટે, મોટા સંઘ આવે મળી વાટે;
પ્રતિપક્ષીયો પણ આજ ભાઇ, જાણે છે પ્રભુની પ્રભુતાઇ. ૨૭
મનમાં ગોટા વાળવા માટ, ઘડે છે પછી કુતરક ઘાટ;
કહે સાધ્યો છે બાબરોભૂત, તેથી દેખાડે છે અદભૂત. ૨૮
કાં તો જાદુનો ગોટકો જડ્યો, તેથી તેનો પાસો સમો પડ્યો;
એના કરની પ્રસાદી જે ખાય, જન તે તો ગાંડો થઇ જાય. ૨૯
જણ એકે પ્રસાદી ન ચાખી, લૈને ભેંસના ખાણમાં નાખી;
ભેંસ ખાણ ખાધે ગાંડી થઈ, સ્વામિનારાયણ પાસે ગઈ. ૩૦
પ્રતિપક્ષી કરે એવી વાત, એમાં મર્મ છે ઉંડો અઘાત;
કૃષ્ણમાં છે ચમત્કાર કાંઇ, એ તો નિશ્ચે થયું જગમાંઇ. ૩૧
હરિ જોતાં દિસે જન જેવા, પણ ક્યાંઇ નથી બીજા એવા;

એમાં સંશય કોઇ ન કરશે, તેથી નિશ્ચય તે પ્રભુ ઠરશે. ૩૨
એવો ભૂપને ભેદ સુણાવ્યો, હરિકૃષ્ણનો નિશ્ચે કરાવ્યો;
પછી બોલ્યા અભય તેહ વાર, મળશે ક્યારે અમને મુરાર. ૩૩
અહીં આવ્યા હતા એક વાર, ઉતર્યા હતા વાડી મોઝાર;
બાળકોને સમાધિ કરાવી, થોડીવાર રહ્યા હતા આવી. ૩૪
અમે ત્યાં ગયા દર્શનકાજ, ત્યાં તો ચાલી ગયા મહારાજ;
પ્રભુ એ જ હશે સાક્ષાત, માંચેભક્તે કહ્યું ખરી વાત. ૩૫

**પૂર્વછાયો :**

માંચોખાચર વળી બોલિયા, સરધારમાં છે સુખધામ;
પ્રબોધિની પછી આવશે, ગિરિધર અમારે ગામ. ૩૬

**ચોપાઇ :**

ત્યારે તમને તેડાવશું અમે, પ્રભુ ભેટવા આવજો તમે;
એવી ઉચ્ચારીને શુભ વાણી, માંચોભક્ત ગયા કારિયાણી. ૩૭
હવે શ્રીહરિની કહું વાત, રહ્યા સરધારમાં નરભ્રાત;
એકસઠ્યાની દસરા દીવાળી, કર્યા ઉત્સવ ત્યાં વનમાળી. ૩૮
અન્નકૂટ કર્યો મુદ લાવી, તિથિ ત્યાં તો પ્રબોધિની આવી;
ત્યારે સારો સમૈયો ભરાણો, તે તો વિશ્વ વિષે વખણાણો. ૩૯
પછી શ્રીહરિ ત્યાંથી સિધાવ્યા, હરિભક્ત વળાવવા આવ્યા;
પ્રભુ ગામ પીપરડીયે ગયા, વિપ્ર ભાણજીને ઘેર રહ્યા. ૪૦
પછી ચાલિયા પ્રાતસ્કાળ, કારિયાણીયે આવ્યા કૃપાળ;
હરિ આવશે એવું વિચારી, માંચાભક્તે કરેલી તૈયારી. ૪૧
સગા સંબંધીયોને તેડાવી, પરગામથી રાખેલા લાવી;





તેઓ સૌ મળીને સજી સ્વારી, હરિસામા આવ્યા હર્ષ ધારી. ૪૨
હવે તેહ તણાં કહું નામ, જેનાં સિદ્ધ થયાં સર્વ કામ;
માંચોખાચર મુખ્ય ગણાય, તેની પ્રીતિ ઘણી પ્રભુમાંય. ૪૩
રુડાખાચર વસ્તો ને રામ, વળી વેલો વિક્રમશી નામ;
કણબી કમો ને વીરદાસ, ત્રીજો રાઘવ ત્યાં વસે વાસ. ૪૪
શેઠ દેવો ને ગોવરધન, વિપ્ર વૈકુંઠ છે હરિજન;
સોની પૂંજો ભલો સતસંગી, સામા આવ્યા તે સર્વ ઉમંગી. ૪૫
બુટો કાંધો જેઠી માલૂભાઇ, ચારેને ભાઇની છે સગાઇ;
ધોળેરાના ગરાશિયા તેહ, ભલા ભક્ત એકાંતિક એહ. ૪૬
પૂંજોભાઇ બનેસિંહ જાણો, પુત્ર બુટાના બેય પ્રમાણો;
અજુબા નામે પુત્રી તો એક, જેના મનમાં વિશેષ વિવેક. ૪૭
જેઠીભાઇની પુત્રી પુનીત, ફુલજીબા ભજે પ્રભુ નિત્ય;
રહેનાર જે બોટાદ ગામ, સારા ખાચર સોમલો નામ. ૪૮
હતા ખાચર બીજા હમીર, ત્રીજા માતરોધાધલ ધીર;
ઝીંઝાવદરના રહેનાર, ભક્ત નામ અલૈયો ઉદાર. ૪૯
સુરોખાચર નાગડકાના, જેના જશ જગમાં નથી છાના;
જીવોખાચર સારંગપરના, એ તો ભક્ત ભલા હરિવરના. ૫૦
ખંભાળાના ભલા છે ખાચર, નામે માણશિયો નિરડર;
મોકોખાચર તો વાંકિયાના, નાજો ભક્ત તો લાખણકાના. ૫૧
કહે વર્ણી સુણો નૃપ ધીરે, નાજા જોગિયાને રઘુવીરે;
પછી સાધુ કરી રાખ્યા પાસ, નામ ધરાવી ઘનશામદાસ. ૫૨
એવા કાઠી થઇ અસવાર, શ્રીજી સામા આવ્યા તેહવાર;

બહુ ભાલાં તણાં ફળ ઝળકે, તરવાર તણી મુઠ્યો ચળકે. ૫૩
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, શબ્દ જયજયની ધ્વનિ ગાજે;
માંચાભક્તના દરબારમાંય, અક્ષરાધીશ ઉતર્યા ત્યાંય. ૫૪
મુક્તાનંદ આદિક મુનિ જેહ, જોગ્ય જગ્યામાં ઊતર્યા તેહ;
માંચોભક્ત તે નિર્માની એવા, કરે કિંકરની પેરે સેવા. ૫૫
પાંચો રત્નો રઘુ લાધો હરજી, સર્વે શ્રીજીની સાચવે મરજી;
લાલો ખોડો ધનો ભગવાન, માધો શામો તેજો બુદ્ધિમાન. ૫૬
હરિબા શીતબા ધનુબાઈ, દેવીબા દિલની ઘણી ડાઈ;
મળીને ઘણા હરિજન એવા, સજી શ્રીહરિની બહુ સેવા. ૫૭
થઈ ત્યાં તો રસોઈ તૈયાર, સંતને પિરસે સુખકાર;
કર્યો વર્ણીમુકુંદે ત્યાં થાળ, જમ્યા શ્રીહરિ દીનદયાળ. ૫૮
સભા ભરી સજી સાંજ ટાણે, બેઠા સૌ જન રીતિ પ્રમાણે;
બેઠી બાઈયો ત્યાં થકી દૂર, શ્રીહરિની છબી ધરી ઊર. ૫૯
મોટી કાર્તિકી પૂનમ જાણી, સૌયે અંતરે ઉમંગ આણી;
પ્રભુજીની મહાપૂજા કરી, ધ્યાનમાં તે છબી લીધી ધરી. ૬૦
માંચાભક્તે પૂજ્યા મહારાજ, સારો લાવીને પૂજાનો સાજ;
ભલાં ભૂષણ વસ્ત્ર ધરાવ્યાં, ચારુ ચંદન પુષ્પ ચડાવ્યાં. ૬૧
ધૂપ દીપ નૈવેદ્ય ધરી, અતિ ઉમંગે આરતી કરી;
બહુ બાઈયોયે પ્રેમ લાવી, કરી પૂજા પ્રભુજીની આવી. ૬૨
હાર તોરા ને ગજરા ધરાવ્યા, કડાં વેઢ વિંટી પહેરાવ્યાં;
અહો ભૂપ હું શી કહું વાત, સૌયે પૂજ્યા પ્રભુ સાક્ષાત. ૬૩
લીધો લાવ અલૌકિક એવો, અજ ઇન્દ્રને નવ જડે જેવો;





ધન્ય હરિજન તે નરનાર, જેણે સેવિયા જગકરતાર. ૬૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

શ્રુતિ ધરી સુણ હે રુડા નરેશ, અચરજ એક તહાં થયું વિશેષ;
ચિત્ત ધરી શુભ તે ચરિત્ર ગાઉં, હરિગુણ ગાઈ હમેશ રાજી થાઉં. ૬૫

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકારિયાણીપુરે વિચરણનામા પંચવિંશતિતમો વિશ્રામઃ ॥૨૫॥***

**પૂર્વછાયો :**

પૂજા કરી જને પ્રેમથી, સહુ બેઠા સભા મોઝાર;
મૂર્તિ મનોહર નિરખતાં, અતિ દીઠો તેજ અંબાર. ૧

**ચોપાઈ :**

કોટિ સૂર્ય શશાંક સમાન, દીઠું અદભુત તેજ તે સ્થાન;
દીઠું દિવ્ય સિંહાસન તેમાં, જડ્યા ચિંતામણી બહુ જેમાં. ૨
જોયા તે વિષે શ્રીઘનશામ, પુરુષોત્તમ પૂરણકામ;
ત્યાં તો અગણિત શક્તિયો યુક્ત, સ્તુતિ ઉચ્ચરે અક્ષરમુક્ત. ૩
દીઠા હરિના બધા અવતાર, કરે વર્ણન ત્યાં વેદ ચાર;
દીઠા પુરુષ પ્રધાન અનેક, ઉભા આજ્ઞામાં થૈ દીન છેક. ૪
જ્યાં સુધી એક મુહુરત ગયું, સભા સઘળીને દર્શન થયું;
હરિઈચ્છાથી એહ ઠેકાણે, પછી તો દીઠા પૂર્વપ્રમાણે. ૫
માંચાભક્ત આદિક હરિજન, અતિ અચરજ પામિયા મન;
જાણ્યા અવતારના અવતારી, ભક્તિ ધર્મતનુજ ભયહારી. ૬
નેણે આવિયાં પ્રેમનાં નીર, થયાં રોમાંચ સૌનાં શરીર;

મહિમા પ્રભુનો મન ધારી, સ્તુતિ ગદગદ કંઠે ઉચ્ચારી. ૭

**નારાચ છંદ :**

અહો કૃપાનિધાન કૃષ્ણ કોટી વિશ્વકારી છો,
સુધર્મ થાપનાર્થ ધર્મ ગેહ દેહ ધારી છો;
અખંડ ચિત્તવૃત્તિમાં અહો પ્રભુ રહો તમે,
પૂરો અમારી આશ દીનદાસ વંદિયે અમે. ૮
સુરેશ ને ગણેશ શેષ ભાવથી સદા ભજે,
મહેશ તો હમેશ ધ્યાન ચિત્તથી નહીં તજે;
અનંતમુક્ત આપ પાસ નેહથી સદા નમે,
પૂરો અમારી આશ દીનદાસ વંદિયે અમે. ૯
સમર્થમાં સમર્થ આપ સર્વથી વિશેષ છો,
સ્વતંત્ર સર્વના પતિ થયા મનુષ્યવેષ છો;
તમો વિના ન અન્ય વસ્તુ અલ્પ અંતરે ગમે,
પુરો અમારી આશ દીનદાસ વંદિયે અમે. ૧૦
અભીષ્ટ આપનાર ઈષ્ટ તો તમે વરિષ્ટ છો,
અનિષ્ટ નાશકારી સદ્‌ગુણી તમે ગરિષ્ઠ[1] છો;
સુદર્શકાજ યોગિરાજ પ્રાણ ઈન્દ્રિયો દમે,
પુરો અમારી આશ દીનદાસ વંદિયે અમે. ૧૧
સુભક્તપાળ હે કૃપાળ કાળનાય કાળ છો,
વિશાળ પુષ્પમાળ ધારી ધર્મભક્તિબાળ છો;
તમારી ભક્તિહીન હોય તે ભવાબ્ધિમાં ભમે,
પુરો અમારી આશ દીનદાસ વંદિયે અમે. ૧૨



૧.શ્રેષ્ઠ, ઉત્તમ



સમસ્ત રિદ્ધિ સિદ્ધિ કેરી વૃદ્ધિ થાય આપથી,
સમસ્ત કષ્ટ નષ્ટ થાય આપના પ્રતાપથી;
સજે ન ભક્તિ તે સદા અસંખ્ય સંકટો ખમે,
પુરો અમારી આશ દીનદાસ વંદિયે અમે. ૧૩
ધર્યો મનુષ્ય દેહ પ્રાણિયો અપાર તારવા,
અધર્મીયે કર્યો સુધર્મ લોપ તે ઉધારવા;
અહો કૃપાનિધિ કરી કૃપા અધિક આ સમે,
પુરો અમારી આશ દીનદાસ વંદિયે અમે. ૧૪
સુધરમના કુમાર ધર્મકેરી ધીંગી[1] ઢાલ છો,
સમસ્ત વિશ્વમાં વિભો તમે વિહારીલાલ છો;
અમારી ચિત્તવૃત્તિ આપ મૂરતિ વિષે રમે,
પૂરો અમારી આશ દીનદાસ વંદિયે અમે. ૧૫

**ચોપાઈ :**

ભાખે એવું સુણી ભગવાન, માંચાભક્ત માગો વરદાન;
તમે માગશો તે હું આપીશ, આશા પૂર્ણ તમારી કરીશ. ૧૬
માંચો બોલિયા મસ્તક નામી, સદા એટલું માગું છું સ્વામી;
મારા મનમાં તમે સ્થિર ઠરજો, કામ ક્રોધથી રક્ષણ કરજો. ૧૭
માયામાં મન નવ લોભાય, તવ દાસનો દ્રોહ ન થાય;
રહે આપનું સ્મરણ અખંડ, મિથ્યા ભાસે આ પિંડ બ્રહ્માંડ. ૧૮
આપો એ જ મને વરદાન, તથા અસ્તુ બોલ્યા ભગવાન;
માંચો ભક્ત વદ્યા વળી વેણ, તમે સાંભળો જન સુખદેણ. ૧૯
સરધારમાં હું જ્યારે આવ્યો, પાછો ત્યાં થકી ઘેર સિધાવ્યો;



૧.મજબૂત

આવ્યું રસ્તામાં ગઢપુર ગામ, હું તો રાત રહ્યો તેહ ઠામ. ૨૦
નૃપ અભય સગા છે અમારા, જન સર્વ પવિત્ર છે સારા;
ત્યાં તો મેં આપની કરી વાત, સૌયે જાણ્યા પ્રભુ સાક્ષાત. ૨૧
થયાં આતુર દર્શન કરવા, પછી લાગિયાં એમ ઉચરવા;
પ્રભુ આવે તમારે જ ગામ, ત્યારે કરજ્યો ખબર આ ઠામ. ૨૨
અમે આવશું દર્શન કાજ, નેણે નિરખશું શ્રીમહારાજ;
કહો તો તહાં ખબર કરાવું, સૌને દર્શન કાજ તેડાવું. ૨૩
સુણી બોલિયા સુંદર શામ, તે હું જાણું છું વાત તમામ;
એહ રાજા ને રાજકુમાર, રાજપુત્રિયો પરમ ઉદાર. ૨૪
એ છે સર્વે અનાદિનાં મુક્ત, ભલાં મારાં છે પૂર્વના ભક્ત;
સુખ આપવા એને અપાર, આજ લીધો છે મેં અવતાર. ૨૫
માત તાતે લીધું સુખલેશ, એને આપીશ એથી વિશેષ;
રાજા અભય અમારે કાજ, કરે છે તપ તજી સુખસાજ. ૨૬
તેનો પુત્ર ને પુત્રિયો જેહ, વ્રત તીવ્ર સદા કરે તેહ;
ઈચ્છા રાખે છે અમને મળવા, નથી ચા'તાં બીજું ફળ ફળવા. ૨૭
મોટી પુત્રી તેની જીવુબાઇ, તેની વાત કહું સુણો ભાઈ;
અમે ફરિયે ને કરિયે જે કામ, તે તો ત્યાં બેઠાં દેખે તમામ. ૨૮
મીણબાઇ જે કરિયાણાનાં, લાડકીબાઇ પીપળાણાનાં;
ફર્યા જ્યાં જ્યાં અમે જન્મ ધરી, વળી જે જે લીલા અમે કરી. ૨૯
તે બે બાઇયો દેખે છે જેમ, જીવુબાઇયે દેખે છે તેમ;
નૃપ ને નૃપનો પરિવાર, મુજ ભક્ત છે પ્રેમી અપાર. ૩૦
માટે માણસ ત્યાં મોકલાવો, લખી પત્રને અત્ર તેડાવો;





પછી તેણે લખી આપી પત્ર, વિપ્ર રાઘવ મોકલ્યો તત્ર. ૩૧

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
દુર્ગપુરીમાં શું થયું, કહું તે હવે તમને વાત. ૩૨

**ચોપાઈ :**

રાજા અભય સહિત પરિજન[1], રાતે સર્વેને લાગ્યું સ્વપન;
પૂર્વ દેશથી પૂર્ણ પ્રકાશ, દીઠો આવતો દરબાર પાસ. ૩૩
દીઠું તેજમાં દિવ્ય વિમાન, કોટિ સૂર્ય શશાંક સમાન;
દિસે દિવ્ય મણિમય સાર, તેમાં ચિંતામણિનો ન પાર. ૩૪
તેને ફરતું વિમાનનું વૃંદ, જેમ તારામંડળ મધ્ય ચંદ;
તેમાં બેઠેલા મુક્તો અનેક, વચલામાં મહાપ્રભુ એક. ૩૫
શોભે મૂર્તિ મનોહર શામ, કોણ માત્ર તે કોટિક કામ;
ધર્યા દિવ્ય આભૂષણ અંગે, માથે મુગટ જડેલો છે નંગે. ૩૬
તેહ મૂર્તિનું વરણન કરવા, જડતા નથી શબ્દ ઉચરવા;
જેમ મુંગાને સ્વપનું થાય, તે તો મનમાં જ સમજી રખાય. ૩૭
બીજા જે હરિના અવતાર, દીઠા અન્ય વિમાન મોઝાર;
તહાં મુક્ત બોલ્યા તતકાળ, સાંભળો ભાગ્યશાળી ભૂપાળ. ૩૮
ઘણા જન્મનું પુણ્ય તમારું, આજ ઉદય થયું અતિ સારું;
સર્વ અવતારના અવતારી, સરવોપરી જે સુખકારી. ૩૯
સૌના ઈશ્વર સૌના નિયંતા, જે છે અતિશય ઐશ્વર્યવંતા;
જેનું ધ્યાન શિવાદિક ધારે, તે તો ઘેર પધાર્યા તમારે. ૪૦
દયા આણીને દર્શન દીધાં, કાજ સરવે તમારાં સીધાં;



૧.સંબંધીઓ, કુટુંબીઓ

ભલા છોજી એકાંતિક ભક્ત, મનમાં છો માયાથી વિરક્ત. ૪૧
માટે મોટી કરી પ્રભુ મેહેર, સદા રહેશે તમારે જ ઘેર;
ઘણા અક્ષરમુક્ત સહિત, તમ પાસે રહેશે ખચીત. ૪૨
ગુણવંતુ આ ગઢપુર ગામ, કરશે જેવું અક્ષરધામ;
તમારો સહુનો જોઈ સ્નેહ, નહીં દૂર રહે ક્ષણ તેહ. ૪૩
ભાગ્યશાળી તમારા સમાન, નથી સાંભળ્યો કોઈયે કાન;
રાખે ઘેર હરિને સદાય, એવા નથી થયા નહી થાય. ૪૪
જેના ચરણની રજને કાજ, તપ શ્રેષ્ઠ કરે જોગીરાજ;
કરે વેદ જેનાં ગુણગાન, જે છે કોટી બ્રહ્માંડ નિદાન. ૪૫
પ્રભુ તે ગઢપુરમાં વિચરશે, સર્વ ઠામ ચરણરજ કરશે;
નિત્ય ઉન્મત્તગંગામાં જૈને, સ્નાન કરશે સખા સંગ લૈને. ૪૬
મોટું તીર્થ ગણાશે તે એવું, બીજું જગમાં નહીં તેના જેવું;
અહો ભૂપતિ ભાગ્ય તમારું, સુર મુનિયો વખાણશે સારું. ૪૭
કીર્તિ અચળ તમારી તો થાશે, મોટા ગ્રંથોમાં વાતો લખાશે;
અંતે બ્રહ્માંડનો નાશ થાય, હરિલીલાના ગ્રંથ ન જાય. ૪૮
જ્યારે બ્રહ્માંડ આ પ્રલે પામે, રહે ગ્રંથ તે અક્ષરધામે;
એવું સાંભળતાં નૃપ જાગ્યા, ચિત્તે વાત વિચારવા લાગ્યા. ૪૯
અચરજ ઉપજ્યું છે અંતર, આ તે સત્ય કે સ્વપનાંતર;
શ્રીહરિ મળિયા સાક્ષાત, નથી સંશય જેવી તે વાત. ૫૦
પુત્ર પુત્રિયોને કહ્યું જ્યારે, તેઓએ કહ્યું તેમજ ત્યારે;
સૌને એવું જ લાગ્યું સ્વપન, થયાં શ્રીહરિનાં દરશન. ૫૧
પ્રભાતે જન સૌ જ્યારે જાગ્યાં, સારાં શુકન ત્યારે થવા લાગ્યા;





ફરક્યાં વામ અંગ સ્ત્રીયોનાં, જમણાં ફરક્યાં પુરુષોનાં. ૫૨
થયાં શાંત સરવ તણાં મન, દિસે નિર્મળ સર્વ ગગન;
શુક સારિકા[૧] શબ્દઉચારે, એવા શબ્દ સુણ્યા નહિ ક્યારે. ૫૩
વજાવ્યા વિના દુંદભિ વાજે, જાણે આનંદનો ઘન ગાજે;
હતા શત્રુ તે થૈ ગયા મિત્ર, બોલ્યા પ્રીતિનાં વચન વિચિત્ર. ૫૪
જે જે ધારેલાં દુષ્કર કામ, અનાયાસે થયાં એહ ઠામ;
ત્યારે સૌ મળી કીધો વિચાર, આજ સારા મળે સમાચાર. ૫૫
એવાં ચિહ્ન જણાય છે આજ, કાં તો આવી મળે મહારાજ;
કાં તો આપણને ત્યાં તેડાવે, એવી કોઈ વધામણી લાવે. ૫૬

**ચેતના વિષે ઉપજાતિવૃત્ત :**

વર્ણી કહે સાંભળ સુજ્ઞ રાય, જ્યારે બહુ ચિહ્ન ભલાં જણાય;
ત્યારે જે જે કામ કર્યાનું ધારે, મનોરથો તે જન સર્વ સારે. ૫૭
જ્યારે પડે સૌ અવળા જ પાસા, જ્યાં ત્યાં અકીર્તિ જ અને નિરાશા;
ચતુર ચેતે ચિત માંહિ ત્યારે, મમત્વ ને માન બધું વિસારે. ૫૮
ન જુદ્ધ કીજે પડતી દશામાં, નમી જવું નિશ્ચય તે સમામાં;
શત્રુની સાથે પણ સ્નેહ થાય, એવા જ ત્યારે કરવા ઉપાય. ૫૯
અશુભ ચિહ્નો અગણીત હોય, ચેત્યો નહીં રાવણ રાય તોય;
મમત્વ તેણે મનનો ન મૂક્યો, ચતુર શેનો ચતુરાઈ ચૂક્યો. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

શુકન સરસ જાણી જાણ્યું રાય, જરુર મનોરથ આજ સિદ્ધ થાય;
દ્વિજવર શુભ પત્ર તત્ર લાવ્યો, મહિપતિ લૈ નિજ મસ્તકે ચડાવ્યો. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે***



૧.મેના

*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે અભયનરપતિસ્વપ્ને શ્રીહરિદર્શનનામા ષડ્વિંશતિતમો વિશ્રામઃ ॥૨૬॥*

**પૂર્વછાયો :**

પત્ર વાંચ્યો ઘણા પ્રેમથી, તેમાં શામના સુણી સમાચાર;
અભયનૃપ સકુટુંબને, વધ્યો ઉર ઉમંગ અપાર. ૧
ભૂપતિ બ્રાહ્મણને કહે, તમે મોટો કર્યો ઉપકાર;
પ્રાપ્તિ થવા પરમેશની, લાવ્યા વધામણી એહ વાર. ૨
આપું છું તમને આ સમે, અહો સુણો રુડા દ્વિજરાય;
રાજ બધું જો આપિયે, આજ એ પણ અલ્પ ગણાય. ૩
એમ કહીને આપિયાં, ભલાં ભૂષણ વસ્ત્ર અમૂલ્ય;
મસ્તક ચરણે નમાવિયું, જાણ્યું તે પણ નથી તે તુલ્ય. ૪
ભાવે દીધું ભોજન ભલું, બીજા જમાડિયા દ્વિજ સંત;
સ્નેહી સગાંને જમાડિયાં, જાણી હર્ષનો દિવસ અત્યંત. ૫
પછી જવા કારિયાણીયે, નરનાથ થયા તૈયાર;
પુત્ર તથા નિજપુત્રિયો, સહુ સાથે લીધો પરિવાર. ૬
એક રથે બે રાણિયો, બેઠી પ્રભુને કરીને પ્રણામ;
જેહ તણાં રુડાં જાણિયે, સોમાદેવી ને સુરપ્રભા નામ. ૭

**ચોપાઇ :**

જીવુબાઇ અને લાડુબાઇ, એ બે પુત્રિયો મોટી ગણાઇ;
બીજા રથમાં બિરાજીયાં તેહ, જેનો શ્રીહરિ પર બહુ સ્નેહ. ૮
પાંચુબાઇ તથા નાનબાઇ, નૃપપુત્રિયો વય લઘુતાઇ;
ત્રીજા રથમાં તે બેઠિયો જૈને, મુખે શ્રીહરિનું નામ લૈને. ૯





ચોથા રથમાં બેઠા સગા સ્નેહી, એકમાં નૃપ અભય વિદેહી;
દાદો નામે કુંવર નિજ સાથે, બેસાર્યો રથમાં નરનાથે. ૧૦
સુરબાઇનો તે સુત સારો, ભાવથી પ્રભુને ભજનારો;
નૃપનો જમાઇ નાંગમાલો, ઘેલો ધાધલ ભૂપનો સાળો. ૧૧
એ બે અશ્વે થયા અસવાર, બીજા અસવારનો નહિ પાર;
સાથે દાસિયો ને બહુ દાસ, ખીજમતદાર[1] ઝાઝા ખવાસ[2]. ૧૨
શૂરવીર લીધા ઘણા સંગે, અસ્ત્ર શસ્ત્ર ધરી લીધાં અંગે;
મળી શુકને સવત્સી ગાય, આવી જળ ભરી સામી કન્યાય. ૧૩
મળ્યા વિપ્ર તે વેદ ભણેલા, તેણે કેસર તિલક કરેલાં;
નરનાથે નમસ્કાર કીધો, ત્યારે તેણે આશીર્વાદ દીધો. ૧૪
સામો માળી મળ્યો છાબ ભરી, તેણે હાર તોરા ભેટ ધરી;
લૈને મહોર એને આપી રાજ, હારતોરા રાખ્યા હરિ કાજ. ૧૫
પછી પંથમાં કીધું પ્રયાણ, ધરી શ્રીહરિમાં મન પ્રાણ;
ઘનશામનુંનામ ઉચ્ચારે, વળી ચિત્તમાં એમ વિચારે. ૧૬
મને આજ મહાપ્રભુ મળશે, ઘણા દિનના મનોરથ ફળશે;
મારાં સિદ્ધ થશે સર્વ કાજ, મને બોલાવશે મહારાજ. ૧૭
વાટે જાય વિચારતા આમ, ત્યાં તો આવ્યું ઉગામેડી ગામ;
પછી આવિયું ગામ નિંગાળું, ઝીંણાવદર ઝડપથી ભાળ્યું. ૧૮
એમ આઠ ગાઊ ગયા છેક, કારિયાણી રહી ગાઉ એક;
ધરી ઉર હરિનો મહિમાય, તજી વાહન ચાલિયા પાય. ૧૯
પુર પાસે આવે જેમ જેમ, અંગે ઉપજે હરખ તેમ તેમ;
જાણે જો પાખવાળો હું થાઉં, ઉડી તરત પ્રભુ પાસે જાઉં. ૨૦



૧.સેવક,ચાકર,ગુલામ ૨.હજુરી નોકર,રાણીવાસનો નોકર

ગયો આગળ એક સવાર, તેણે જૈને કહ્યા સમાચાર;
ત્યારે સંબંધી જન સંગ લૈને, માંચોભક્ત મળ્યા સામા જૈને. ૨૧
સારી રીતે કરી સનમાન, લાવ્યા સ્નેહસહિત સ્વસ્થાન;
આપ્યો ઉત્તમ ભુવને ઉતારો, શણગારી તે રાખેલો સારો. ૨૨
ક્યાં છે કૃષ્ણ ક્યાં છે હરિકૃષ્ણ ? એમ પૂછે વારે વારે પ્રશ્ન;
અતિ આતુર મળવાને કાજ, થયા ઘેલા તે ગઢપુરરાજ. ૨૩
ગયા સૌ મળી શ્રીહરિપાસ, પેખ્યો ત્યાં પણ પૂર્ણ પ્રકાશ;
માંચાભક્તે કહ્યા હતા જેવા, સ્વપ્નામાં દીઠા હતા તેવા. ૨૪
જોયા મુક્તો વિષે મહારાજ, દીઠો ત્યાં બધો દિવ્ય સમાજ;
દંડવત કરીને નિજ દેહ, નમ્યા કુંવર સહિત નૃપ તેહ. ૨૫
વદતાં મુખે ગદગદ વાણી, આવ્યાં પ્રેમનાં નેણમાં પાણી;
અહો નાથ! અહો નાથ! કહી, શીશ ચરણે નમાવિયું સહી. ૨૬
મહારાજે મુક્યો શિર હાથ, ઉઠી ભૂપને ભેટિયા નાથ;
પછી આસને સારે બેસાર્યા, પ્રભુ સ્નેહના શબ્દ ઉચ્ચાર્યા. ૨૭
કર્યા બાઈયોયે તેહ ઠામ, પ્રભુજીને પંચાંગ પ્રણામ;
પછી ચંદન આદિ મંગાવી, ભૂપે પૂજા કરી પ્રેમ લાવી. ૨૮
ભૂપે ભાવ ભલો મન ધારી, સ્તુતિ જુગ કર જોડી ઉચ્ચારી;
જય જય પ્રભુ પ્રાણજીવન, જય જય ભક્તિધર્મના તન. ૨૯

**હરિગીત છંદ :**

જય ધર્મબાળ વિશાળ જશ જનપાળ દીનદયાળ છો,
ઉર કુસુમમાળ વિશાળ ધર પ્રભુ કાળના પણ કાળ છો;
કલિકાળ અતિ વિકરાળમાં કરુણાનિધિ કરુણા કરી,





મહારાજ આજ સમાજ લૈ અમ કાજ પ્રગટ થયા હરી. ૩૦
બહુનામી સૌના સ્વામી અંતરજામી અક્ષરધામી છો,
નથી ખામી રિપુ છો વામિના ખ[1]ગગામી નર નિષકામી છો;
ગુણ ગાય નારદ શેષ શારદ અંત ન શકે ઉચ્ચરી,
મહારાજ આજ સમાજ લૈ અમ કાજ પ્રગટ થયા હરી. ૩૧
જય જય મુરારી અભયકારી ધર્મ ધીરજધારી છો,
અસુરારી ધર્મોદ્ધારી સદઆચારી અચળ વિચારી છો;
મુનિ તપ કરે મખ[2] આદરે છબી મન ધરે વનમાં ઠરી,
મહારાજ આજ સમાજ લૈ અમ કાજ પ્રગટ થયા હરી. ૩૨
વ્રત દાન તીર્થસ્નાન સર્વ નિદાન તમને પામવા,
શ્રુતિ વરણ શ્રવણે ધરણ તે તવ ચરણમાં ચિત જામવા;
મહાકાળ જે વિકરાળ તે તવ હુકમમાં ચાલે ડરી,
મહારાજ આજ સમાજ લૈ અમ કાજ પ્રગટ થયા હરી. ૩૩
અણમાપ આપ પ્રતાપ છે પરિતાપ હર નિષ્પાપ છો,
છે ચિહ્ન ચરણે ચાપ[3]નું ધરી છાપ ઈશ્વર આપ છો;
તવ દાસ થાય સદાય તે જન જાય ભવસાગર તરી,
મહારાજ આજ સમાજ લૈ અમ કાજ પ્રગટ થયા હરી. ૩૪
તવ ભક્ત વિષય વિરક્ત થૈ આસક્ત તવ પદમાં થશે,
તે મુક્ત થૈ સુખયુક્ત અક્ષરમુક્ત માંહિ સદા વસે;
તે મરણ કે અવતરણ ભવમાં ફરણે[4] નવ પામે ફરી,
મહારાજ આજ સમાજ લૈ અમ કાજ પ્રગટ થયા હરી. ૩૫
ધરી પ્યાર વારમવાર જગદાધાર ચરણે લાગીયે,



૧.આકાશમાં ફરનાર(ભગવાન) ૨.યજ્ઞ ૩.ધનુષ્યનું ચિહ્ન ૩.ફેરો,ધક્કો

ઘો જ્ઞાનદાન કૃપાનિધાન અમે મુખે એ માંગીયે;
મુજવાસ વાસ વસો સદા ગણી દાસ ખાસ દયા ધરી,
મહારાજ આજ સમાજ લૈ અમ કાજ પ્રગટ થયા હરી. ૩૬

**ચોપાઈ :**

મારે વાસ વસો મહારાજ, અમે તેડવા આવિયા આજ;
સ્તુતિ સાંભળીને એવી કાને, તથા અસ્તુ કહ્યું ભગવાને. ૩૭
વળી બોલિયા સુંદર શામ, અમે આવ્યા હતા તવ ગામ;
ત્યારે નવ થયો જોગ અમારો, પણ જાણ્યો મેં પ્રેમ તમારો. ૩૮
માટે ગામ તમારે આવીશ, તહાં દર્શન સૌને દઈશ;
રુડી ઉન્મત્તગંગા વહે છે, અતિવાલું મને સ્થાન એ છે. ૩૯
ત્યારે ઉભા થઈ જોડી હાથ, માંચોખાચર બોલ્યા હે નાથ!
ઘણે કાળે કરી કાંઇ મેહેર, ઘનશામ આવ્યા મુજ ઘેર. ૪૦
માટે હમણાં વસો આંહી વાસ, કરો પૂરી અમારી આશ;
સગા જાણી તેડાવ્યા મેં જ્યારે, ભૂપ અભય પધાર્યા છે ત્યારે. ૪૧
તે તો અક્રુરના જેવું કામ, કરવાને બેઠા છે આ ઠામ;
પ્રાણનાથને ત્યાં તેડી જાવા, આદરે છે ઉપાય તે આવા. ૪૨
પછી બોલ્યા પોતે પરમેશ, તમે ચિંતા ન રાખશો લેશ;
પંચમી તો વસંતની કરશું, પછી અત્રથી તત્ર વિચરશું. ૪૩
ભૂપ અભય પ્રત્યે ભગવાન, કહે સાંભળો નૃપ ગુણવાન;
હું તો જાણું છું પ્રેમ તમારો, પણ એવો વિચાર છે મારો. ૪૪
મેળો આંહિ વસંતનો ભરવો, અતિ ઉત્તમ ઉત્સવ કરવો;
પછી આવશું ગામ તમારે, નથી સંશય એમાં લગારે. ૪૫





કહે ભૂપ સુણો પ્રભુ તમે, રહેશું આંહિ ત્યાં સુધી અમે;
દયાસિંધુનાં દરશન કરશું, સાથે લૈને સ્વગેહ વિચરશું. ૪૬
સુણી હરખ્યા હરિ તેહ વાર, નૃપતિનો કર્યો સતકાર;
પછી લૈ પ્રભુનો અભિપ્રાય, બંદોબસ્ત કર્યો નિજરાય. ૪૭
ઘેલો ધાધલ ને નાંગમાલો, કહ્યું તેને તમે આજ ચાલો;
ગઢપુરમાં જઈ સ્થિર ઠરજો, મુજ રાજ્યનું રક્ષણ કરજો. ૪૮
એવું સાંભળીને એ તો ગયા, પરિવારસહિત નૃપ રહ્યા;
કરે નાથનાં દર્શન નિત્ય, કથા વાત સુણે ધરી ચિત્ત. ૪૯
માંચે ખાચરે મન ધરી પ્યાર, આપ્યું નાણું શ્રીજીને અપાર;
એનું ઉપયોગ કરવાનું ધારી, વૃષવંશીયે વાત વિચારી. ૫૦
અસુરે અવતાર ધર્યા છે, વિષ્ણુયાગ તો બંધ કર્યા છે;
જેમાં હિંસા કર્યાનું બતાવે, એવા ચંડિના યજ્ઞ કરાવે. ૫૧
માટે તે મત ખંડન કરૂં, વિષ્ણુયાગ વિમળ[૧] આદરૂં;
લોક યજ્ઞમાં લાખો ભરાય, તેને પાણી પુરું નવ થાય. ૫૨
માટે મોટું તળાવ ખોદાવું, તેમાં નીર સજીવન લાવું;
વારી વાવરે લોક અપાર, તોય તાણ પડે ન લગાર. ૫૩
પછી સારો દિવસ જોવરાવ્યો, ખોદવાનો સામાન મંગાવ્યો;
ગામથી દિશા ઉત્તરમાંય, સર ખોદાવા માંડિયું ત્યાંય. ૫૪
પ્રાતઃકાળમાં ભોજન કરી, થાય તૈયાર ત્યાં જવા હરી;
સારી ઘોડી સજીત શણગાર, પ્રભુ થાય તે પર અસવાર. ૫૫
સખામંડળ સંચરે સાથ, સુણો નામ તેનાં નરનાથ;
મહીનાથ અભય ને માંચો, જેનો સ્નેહ સંપૂરણ સાચો. ૫૬



૧.શુદ્ધ

મોકોખાચર સોમલો સુરો, અલૈયો ને જીવો પ્રેમી પૂરો;
બીજા હરિજનનો નહિ પાર, કરે કીર્તન વાટે ઉચ્ચાર. ૫૭
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, છડીદાર તણા શબ્દ છાજે;
ખીજડો સારો સરવર પાળે, તેની છાયામાં ઢોલિયો ઢાળે. ૫૮
બેસે તે પર શ્રીઘનશામ, કરે હરિજન ખોદ્યાનું કામ;
સહુ જયજય શબ્દ ઉચ્ચારે, કામ કરતાં તે કોઇ ન હારે. ૫૯
સાંજ સુધી કરે એમ કામ, પછી સૌને ભેટે ઘનશામ;
કચરાળાં થયાં વસ્ત્ર હોય, હરિ હેતે મળે તેને તોય. ૬૦
આપે પુષ્પ પ્રસાદિના હાર, આપે ચરણ તે છાતિ મોઝાર;
માથે કોઇને મુકે છે હાથ, દેખાડે છે પ્રસન્નતા નાથ. ૬૧
તપ કરતા મોટા ઋષિરાય, તન પર રાફડા વળી જાય;
તોય દર્શન દેતા ન જેહ, આજ રીઝ્યા સહજમાં તેહ. ૬૨
અહો ભાગ્ય અહો મહાભાગ્ય, જે જે આવ્યા જનો એહ જાગ્ય;
તેના પુણ્ય તણો નહિ પાર, શું વખાણિયે વારમવાર! ૬૩
પછી પુરમાં પધારે મોરારી, ગાજતે વાજતે ગિરધારી;
વાત દેશમાં વિસ્તરી જ્યારે, હજારો જન આવિયા ત્યારે. ૬૪
નિત્યનિત્ય લીલા નવી થાય, જોવા દેવ આવે નભમાંય;
બ્રહ્મા આદિ ધરી સંત વેષ, કરે જૂથમાં આવી પ્રવેશ. ૬૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

જન કૃત હરિ જોઇ રાજી થાય, જન મન તેમ ઉમંગ તો ન માય;
પરમ પુનિત તે ચરિત્ર જેણે, નજર નિહાળ્યું લીધો સુલાવ તેણે. ૬૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે*





*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે કારિયાણીપુરે શ્રીહરિ-અભયનૃપમિલનનામા સપ્તવિંશતિતમો વિશ્રામઃ ॥૨૭॥*

**પૂર્વછાયો :**

લીલા શ્રીહરિની નિરખવા, સતસંગીનો આવે સમાજ;
જીવોખાચર ગઢપુર થકી, ત્યારે આવિયા દર્શન કાજ. ૧

**ચોપાઈ :**

સાથે પુત્રી છે અમૂલાંબાઇ, બીજી અમરબાઇ ગણાઇ;
મુળુખાચર આવિયા સાથ, નેહે નિરખિયા નટવર નાથ. ૨
ખાસી રીતે તળાવ ખોદાય, સહુ ત્યાં મળી દર્શને જાય;
ભૂખ્યા થાય જનો તેને કાજ, કરે એવું શ્રીજીમહારાજ. ૩
આગલે દિવસ સંધ્યાકાળે, બાજરો ડોઢ કળશી[1] પલાળે;
બીજે દિવસ બપોરને ટાણે, કામ ચાલતું હોય ત્યાં આણે. ૪
પ્રભુ પોષ ભરી ભરી દેય, સહુને તે પહોંચી રહેય;
જ્યારે આવ્યું સજીવન નીર, નાહ્યા તે વિષે શામશરીર. ૫
પ્રેમથી પ્રભુયે જળ પીધું, ચરણામૃત સૌ જને લીધું;
ત્રણ માસ લગી તેહ ઠામ, રાખ્યું ખોદ્યાનું ચાલતું કામ. ૬
વળી તેહ તળાવ મોઝાર, દિશા પશ્ચિમમાં તેહ ઠાર;
પૂર્વ પશ્ચિમ કુંડ કરાવ્યા, રામ ને ભીમ કુંડ ઠરાવ્યા. ૭
તેમાં નાહ્યા મોટા મોટા સંત, ઘણી વાર નાહ્યા ભગવંત;
તેથી તીર્થ મોટું એહ આજ, કોણમાત્ર તે પુષ્કરરાજ. ૮
સર્વ તીરથ વસે ત્યાં કણે, ગંગા ગોમતીને કોણ ગણે;
પાણી પુષ્કળ ત્યાં થયું જ્યારે, વિષ્ણુયાગ આરંભિયો ત્યારે. ૯



૧.એક કળશી=૨૦ મણ

શ્રૌત સ્માર્ત ક્રિયા જાણકાર, ત્યાં તો તેડાવ્યા વિપ્ર અપાર;
પૂર્ત્તકર્મ તળાવનું કર્યું, પછી યજ્ઞનું કામ આદર્યું. ૧૦
ઘણા વિપ્ર વરૂણીમાં વર્યા, પાઠ વિષ્ણુસહસ્રના કર્યા;
નિત્ય બ્રાહ્મણ ભોજન થાય, તે તો ગણતાં નહીં જ ગણાય. ૧૧
દિશા પશ્ચિમે સરોવર પાળે, ચોકા ચાળીશ કીધા તે કાળે;
સવા માસ સુધી તેહ ઠાર, જમ્યા વિપ્ર હજારો હજાર. ૧૨
મોટો મંડપ કુંડ કરાવ્યો, પૂરણાહુતિનો દિન આવ્યો;
કર્યો હોમ ભલો એહ કાળે, ઘૃત હોમ્યું ઘણું પરનાળે. ૧૩
વિષ્ણુયાગ પૂરો એમ કર્યો, અતિરુદ્ર પછીથી આદર્યો;
એક અવસરે જમવાને ટાણે, ઘૃત ખૂટી પડ્યું તે ઠેકાણે. ૧૪
પ્રભુ અશ્વે થઇ અસવાર, વિચર્યા ઘૃત લેવા તે વાર;
તલબાવળાં છે ત્યાંથી પાસ, ગયા ત્યાં સુધી શ્રીઅવિનાશ. ૧૫
ઘીનાં કુલ્લાનું ચોકિયું ગાડું, આડે રસ્તે જતું હતું આડું;
હરિ તે તો હંકાવીને લાવ્યા, ઘીનાં કુલ્લાં તે ખાલી કરાવ્યા. ૧૬
પછી ગાડું તે કઇ દશે ગયું, તે તો કોઈની નજરે ન થયું;
સૌને અચરજ ઉપજ્યું અમાપ, જાણ્યો પ્રૌઢ પ્રભુનો પ્રતાપ. ૧૭
એવાં ઐશ્વર્ય અપરમપાર, પ્રભુ દેખાડે વારમવાર;
અતિરુદ્ર કર્યો એવી રીતે, અક્ષરાધીશ અક્ષરાતીતે. ૧૮
દીધાં દ્વિજને નાનાવિધિ દાન, જેજેકાર કર્યો ભગવાન;
વળી આશ્ચર્યની એક વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત. ૧૯
જેકુંવર એક ઉંઝાની બાઈ, તે તો એક જ શિંઘોડું[1] ખાઈ;
નિત્યનિત્ય કરે ઉપવાસ, એમ વીતિ ગયા ઘણા માસ. ૨૦



૧.શિંગોડું(પાણીમાં થતી વેલનું ફળ જે ફળાહારમાં વપરાય છે)



પ્રતિદિવસ દાણા મણ દળે, લોટ સંઘના લોકને મળે;
એવો ભક્તિમાં તેહનો ભાવ, કામ કરવાનો અંગે ઉત્સાવ. ૨૧

**ઉત્સાહ વિષે : ઉપજાતિવૃત્ત :**

ઉત્સાહથી કામ ઘણું કરાય, આલસ્ય એમાં જરિયે ન થાય;
ઉત્સાહવાળો જન હોય જેહ, ક્ષુધા તૃષાને ન ગણે જ તેહ. ૨૨
જો માનવી નિર્બળ હોય અંગે, બળિષ્ઠ થૈ કામ કરે ઉમંગે;
જોરાવરે જે ન કરી શકાય, તે કામ ઉત્સાહ થકી કરાય. ૨૩
ઉત્સાહથી જે રણમાં ચડે છે, માથું પડે તો ધડ ત્યાં લડે છે;
સતી કરે પાવકમાં પ્રવેશ, ઉત્સાહથી કષ્ટ ગણે ન લેશ. ૨૪
કષ્ટે કરી જે જન મૂડી જોડે, ન પ્રાણ જાતાં પણ પાઇ તોડે;
ઉત્સાહ એનાં ઉર માંહિ આવે, તો દ્રવ્ય તે એક દિને ઉડાવે. ૨૫
ઉત્સાહથી જાય ઉપાડી ભાર, ઉત્સાહથી જાય સમુદ્ર પાર;
ઉત્સાહ જો અંતરમાં ન હોય, કરી શકે કામ કશું ન કોય. ૨૬
ઉત્સાહવાળું મન હોય જેવું, તેના થકી કામ કરાય તેવું;
જે કામ ઉત્સાહ વિના કરાય, તે વેઠિયું કામ નજીવું થાય. ૨૭
એકાદશીનો ઉપવાસ હોય, સંતો કરે કામ તળાવ તોય;
ઉત્સાહ જેના મનમાં અમાપ, ગણે ન વૃષ્ટિ તન ટાઢ તાપ. ૨૮
મહાપ્રભુનો મહિમા વિચારે, તે પ્રાપ્તિ જો જીવ અમૂલ્ય ધારે;
ઉત્સાહ તેના ઉરમાં ન માય, તેના થકી શું ન કરી શકાય. ૨૯

**ચોપાઈ :**

કરે ઉત્સાહથી સહુ કામ, રાજી થાય જોઈ ઘનશામ;
પંચમી ત્યાં વસંતની આવી, ભક્તિનંદનને મન ભાવી. ૩૦

મણ ઝાઝા ગુલાલ મંગાવ્યો, રંગ વિવિધ પ્રકાર રચાવ્યો;
પ્રભુ સંતને હરિજન સંગે, રમ્યા રંગે ઉમંગથી અંગે. ૩૧
એમ ઉત્સવ અદભુત કર્યો, તે તો ધ્યાનમાં મુનિજને ધર્યો;
સમૈયા પછી શ્રીહરિરાય, સંઘ સર્વને કીધા વિદાય. ૩૨
પણ વાત તો એવી વિસ્તરી, દુર્ગપુરમાં પધારશે હરિ;
ફુલડોળ ઉત્સવ તહાં કરશે, અતિ અદભુત લીલા આદરશે. ૩૩
માટે દૂરદેશી જન જેહ, રહ્યા શ્રીહરિની સાથે તેહ;
ગામ બોટાદના દઢ ધીર, સાખે ખાચરનામ હમીર. ૩૪
ભગોદોશી ને સોમલો ભક્ત, જેનાં મન હરિચરણ આસક્ત;
સૌયે વિનતિ કરી શિર નામી, આવો બોટાદમાં બહુનામી. ૩૫
દીનબંધુ દયા દિલ ધરો, અમારાં ઘર પાવન કરો;
એવી વિનતિ સુણીને તે ઠામ, ગિરિધર ગયા બોટાદ ગામ. ૩૬
ભક્ત હમીરને દરબાર, ઉતર્યા જૈ જગત આધાર;
વશ્યા બે દિન ત્યાં પ્રભુ વાસ, દિલે રાજી થયા સહુ દાસ. ૩૭
કારિયાણીયે પાછા પધાર્યા, ત્યાંના ભક્તોના હરખ વધાર્યા;
માઘકૃષ્ણ એકાદશી આવી, ભૂપ અભયે ત્યાં વિનતિ સુણાવી. ૩૮
પંચમી તો વસંતની ગઇ, પ્રભુ આજ એકાદશી થઇ;
ચાલો ગઢપુર શ્રીગિરિધારી, કરો પૂરણ આશા અમારી. ૩૯
સુણી બોલ્યા શ્રીજીમહારાજ, ચાલો આવશું આજ ને આજ;
માંચાખાચરની રજા લૈને, ત્યાંથી ચાલિયા તૈયાર થૈને. ૪૦
માંચોખાચર આવ્યા વળાવા, મનવૃતિ પ્રભુમાં ઠરાવા;
સોમલો તથા ખાચર સુરો, જેનો પ્રેમ પ્રભુ વિષે પૂરો. ૪૧





કારિયાણીને સીમાડે આવ્યા, માંચા ભક્તને પાછા વળાવ્યા;
સોમ સુરને કહે ઘનશામ, તમે જાઓજી તમારે ગામ. ૪૨
ત્યારે તે બોલ્યા જોડીને હાથ, અમને તો રાખો આપ સાથ;
જુદા તમ થકી નહી રહેવાય, પળ એક તે જુગ જેવી જાય. ૪૩
વાત શી કહીયે મુખે ઘણી, તમે જાણો છો અંતર તણી;
એવું સાંભળીને મુનિનાથે, રાખ્યા તેઓને પોતાની સાથે. ૪૪
અભેખાચર સહ પરિવાર, જીવોખાચર પણ ધરી પ્યાર;
ચાલ્યા શ્રીઘનશામને સંગ, તેના મનમાં છે મોટો ઉમંગ. ૪૫
બીજા પણ મહારાજના મિત્ર, ઘણા ક્ષત્રિ છે પરમ પવિત્ર;
વર્ણી મુખ્ય છે મુકુંદાનંદ, મુક્તાનંદ પ્રમુખ મુનિવૃંદ. ૪૬
મયારામ ભટાદિ ગૃહસ્થ, શ્રીજી સંગ ચાલે થઇ સ્વસ્થ;
પ્રભુ આવ્યા દુરગપુર પાસ, થઇ પુરમાં તે વાત પ્રકાશ. ૪૭
ભોકોખાચર જીવાખાચરના, રામોખાચર મુળૂખાચરના;
પ્રભુ ભક્તિમાં તે અનુરાગ્યા, નગરી શણગારવા લાગ્યા. ૪૮
ઘેલો ધાધલ ને નાંગમાલે, શણગાર્યું શહેર તે કાળે;
છંટકાવિયા રસ્તા વળાવી, બાંધ્યા તોરણો દરવાજે આવી. ૪૯
વાવટા પચરંગી ચડાવ્યા, ચારુ ચૌટા ને ચોક શોભાવ્યા;
પ્રભુ આવવાની જાણી પેર, ઘણો હરખ વધ્યો ઘેર ઘેર. ૫૦
શ્રીજી સાથે હતો સંઘ જેહ, કેવું દેખે દુરગપુર તેહ;
ગામથી દિશા દક્ષિણમાંય, વહે ઉન્મત્તગંગા તે ત્યાંય. ૫૧
તેનાં નીર પ્રવાહનો ઘોષ, સુણતાં થઇયે નિરદોષ;
તેનું નીર કદાપિ ન ખૂટે, બારે માસ પ્રવાહ ન તૂટે. ૫૨

દિશા ઉત્તરમાં બહુ બાગ, એની શોભા તો દિસે અથાગ;
આંબા આંબલિયો ને અનાર, પુષ્પજાતિ તણો નહીં પાર. ૫૩
ખૂબ છે નાળિયેરી ખજૂરી, કદળી પણ પેખિયે પૂરી;
આસોપાલવ વૃક્ષ અનેક, દિસે સરસ તે એકથી એક. ૫૪
કોકિલા બોલે મધુરા બોલ, કરે પક્ષીનાં વૃંદ કલ્લોલ;
કળા પૂરી કળાધર[1] નાચે, જાણે શ્રીહરિને જોઇ રાચે. ૫૫
કુવા વાવ્ય શોભે તેહ સ્થાન, પાણી મીઠાં પીયૂષ સમાન;
તેહ નીરનું જે કરે પાન, બહુ થાય તે તો બળવાન. ૫૬
સુણો રુડા અભેસિંહ રાજ, રાધાવાવ્ય છે જે સ્થળ આજ;
સારો બાગ હતો તેહ ઠામ, આવી ઊતર્યા ત્યાં ઘનશામ. ૫૭
નેણે નિરખવા ધર્મકુમાર, પુરના જન ઉલટ્યા અપાર;
તેણે નીરખીને હરખે છે સર્વ, જાણે આવ્યું અનુપમ પર્વ. ૫૮
કરી નિત્યક્રિયા પરમેશે, પેંડા બરફી મંગાવ્યાં નરેશે;
ભાવ જોઇ જમ્યા ભગવાન, પછી આરોગિયા બીડિપાન. ૫૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પરમપુરુષ અક્ષરાધિનાથ, નરતનુ ધારી અનેક મુક્તસાથ;
પ્રભુ ગઢપુર તે સ્વયં પધાર્યા, જનમન મોદ અનેકધા વધાર્યા. ૬૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે પંચમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીકારિયાણીપુરાત્ દુર્ગપુરઆગમનનામા અષ્ટાવિંશતિતમો વિશ્રામઃ ॥૨૮॥*

**ઈતિ શ્રીહરિલીલામૃત સૌરાષ્ટ્રનામ પંચમકલશઃ સંપૂર્ણઃ ૫**



[1] ૧.મોર

श्री स्वामिनारायणो विजयतेतराम्

# ॥ श्रीहरिलीलामृतम् ॥

## दुर्गपुराख्यषष्ठकलशप्रारंभः ॥

**શાર્દૂલવિક્રીડિતવૃત્તમ્ :**

વંદૂ જે હરિ દુર્ગપત્તન રહી ત્યાં ભૂપના ધામમાં,
સ્થાપી ઉત્તમ વાસુદેવપ્રતિમા રંગે રુડા શામમાં;
સૌરાષ્ટ્રાદિ વિશેષ દેશ ફરીને દુર્ગાખ્ય પૂરે રહ્યા,
જેને આ જગ માંહિ દુર્ગપુરના વાસી વિશેષે કહ્યા. ૧

**પૂર્વછાયો :**

સજી સામૈયું લાવિયા, નાંગમાલો જેહનું નામ;
ઘેલો ધાધલ ઘણા હરખથી, હરિ સામા આવ્યા તેહ ઠામ. ૨
ભોકો ખાચર ભલા ભાવથી, રામો ખાચર પણ રુડી રીત;
સામા આવ્યા ઘનશામની, પુરી ધારી પ્રભુપદ પ્રીત. ૩

**ચોપાઈ :**

ઘણાં ઢોલ નગારાં તો વાજે, શરણાઈયોના સ્વર ગાજે;
ઘણા પાળા ઘણા અસવાર, હાથ માંહિ ધર્યા હથિયાર. ૪

રથ ચાલે ને ધરણી ધમકે, ઘણા બળદના ઘૂઘરા ઘમકે;
થાય બંદૂક કેરા બહાર[1], બોલે જન સહુ જયજયકાર. ૫
હારતોરાને ગજરા બનાવી, મુકી માળિયે છાબ ત્યાં લાવી;
ભલાં ભૂષણ વસ્ત્ર ભૂપાળે, કર્યા અર્પણ લાવી તે કાળે. ૬
પ્રભુની કરી વિનતિ અપાર, સજાવ્યાં વસ્ત્રભૂષણ સાર;
હાર તોરા ને ગજરા ધરાવ્યા, એવા અંતર માંહી ઠરાવ્યા. ૭
હરિ અશ્વે થયા અસવાર, મુનિયો બેઠા રથ મોઝાર;
પચરંગી ઉડે છે નિશાન[2], ગાય ગુણીજન હરિગુણગાન. ૮
કેવી રીતે સજી અસવારી, અનુક્રમથી કહું તે ઉચ્ચારી;
થયા વાજાવાળા આગેવાન, તેની પાછળ ડંકો[3] નિશાન[4]. ૯
તેની પાછળ કુંતલ[5] ઘોડા, શણગારેલા સારા સજોડા;
હરિભક્તો ધરીને ઉમંગ, બજાવે બહુ તાલ મૃદંગ. ૧૦
ભલાં વાજે છે ભુંગળ ભેર, જોવા ઉલટ્યું ત્યાં આખું શહેર;
પછી મુનિજન કીર્તન ગાય, તેની શોભા વરણવી ન જાય. ૧૧
પછી પાળા ચાલે શસ્ત્ર ધારી, ભલા છોડતા બંદુક ભારી;
અશ્વ ઉપર શ્રીમહારાજ, તેને વિંટેલો વર્ણિસમાજ. ૧૨
ભક્ત કુબેરજી છડિદાર, કરે આગળ જયજયકાર;
એક વર્ણી શ્રીમુકુંદાનંદ, બીજા જેરામ વર્ણી સ્વચ્છંદ. ૧૩
ચારુ ચમર કરે તે તો બેય, તેની દાંડિયો સોનાની છેય;
ઉમાભાઈયે તો ધર્યું છત્ર, ઈંડું સોનાનું ઝળકે છે તત્ર. ૧૪
વેરાજીયે ધર્યો છે વીંઝણો, શોભે રત્ન જડિત તે ઘણો;
સાથે ચાલે સખા અસવાર, તેનો ગણતાં ન પામિયે પાર. ૧૫



૧.અવાજ,ભડાકો ૨.ધજા,વાવટો ૩.ઘંટ ૪.નગારું ૫.કુંતલ દેશના ઘોડા



તેની પાછળ રથનો ન અંત, તેમાં બેઠા મોટા મોટા સંત;
ઊંટે નોબત છે સહુ છેલી, ઝુલ પાંચ પટાની કરેલી. ૧૬
એમ અસ્વારી પુરમાં પધારી, થયાં દર્શનાતુર નરનારી;
તજ્યાં કામનીયે ઘરકામ, ચાલી નિરખવા શ્રીઘનશામ. ૧૭
મેલ્યાં કોઈયે તો રોતાં બાળ, ચાલી નિરખવા જનપ્રતિપાળ;
ધર્યા વસ્ત્ર ઉતાવળે અવળાં, ધર્યા ભૂષણ અવળાં ને સવળાં. ૧૮
જોવા કોઈ અગાશિયે ચડી, ચડી છાપરે કોઈ તે ઘડી;
ટોળે ટોળાં મળી સ્ત્રીયો આવે, પ્રભુને બહુ પુષ્પે વધાવે. ૧૯
સુણો ભૂપ કહે બ્રહ્મચારી, શોભા ગઢપુરની દિસે સારી;
ચારું ચોવટા બવળી[1] બજાર, બન્ને બાજુએ હાટની હાર. ૨૦
કરે વેપાર રુડા વેપારી, ઘણી વસ્તુઓ વેચાય સારી;
નાણાવટી નાણાવટાં કરે, હુંડી તેની પાછી નવ ફરે. ૨૧
દીપે દેવનાં મંદિર સારાં, લાગે પેખતાં[2] મનને પ્યારાં;
સારા ચારે વરણનો છે વાસ, કરે વિપ્ર તે વેદ અભ્યાસ. ૨૨
શોભે દેવ ને દેવીયો જેવાં, નરનારિયો શોભે છે એવાં;
દિસે રાજા તણા દરબાર, તેની શોભા તણો નહી પાર. ૨૩
ઘેર ઘેર હરિગુણ ગાય, અતિ આનંદ ઉત્સવ થાય;
વિ'વા જેવું દિસે ઠાર ઠાર, રુડાં તોરણ બાંધિયાં બાર. ૨૪
શોભે નર ને નારિયોનાં વૃંદ, જ્યાં ત્યાં દિસે આનંદ આનંદ;
જોઈ પુર મુનિયે મન ધર્યું, જાણે અક્ષરધામ ઉતર્યું. ૨૫
વશ્યા જે પુરમાં ભગવાન, અન્ય પુર નહિ એહ સમાન;
ભૂપ અભયના દરબારમાંય, રુડી રીતે આવ્યા હરિરાય. ૨૬



૧.પહોળી ૨.દેખતા,જોતા

એકસઠ્યની સાલ તે ખાસી, શુક્લ એકાદશી માઘમાસી;
નૃપ અભય તણે દરબાર, પધાર્યા પ્રભુ પરમ ઉદાર. ૨૭
સંત ને સતસંગીને સારો, આપ્યો અભય નરેશે ઉતારો;
હરિને મુનિને તેહવાર, આપ્યો હેત ધરી ફળાહાર. ૨૮
એમ કરતાં હુતાશની આવી, રમ્યા રંગે હરિ હર્ષ લાવી;
સખા સહિત સજી અસવારી, ઘેલે નાવા પધાર્યા મુરારી. ૨૯
આવ્યો વાટે જતાં તેહવાર, જીવાખાચરનો દરબાર;
જીવાખાચરે ત્યાં સ્તુતિ કરી, ક્હ્યું આંહિ પધારો શ્રીહરિ. ૩૦
ગયા હરિ દરબાર મોઝાર, હતો ત્યાં પણ રંગ તૈયાર;
સંતો સંગે રમ્યા હરિ રંગે, નિરખે જન અધિક ઉમંગે. ૩૧
ત્યાંથી ઉન્મત્તગંગાને તીર, ગયા નાવાને શામ શરીર;
જળ ક્રીડા સખા સંગે કરી, પછી પુરમાં પધારિયા હરિ. ૩૨
નૃપ અભયના દરબારમાંય, પ્રભુ આવી બિરાજીયા ત્યાંય;
બીજે દિન ડોળે[1] ઉત્સવ કીધો, લાવ ભક્તજને ભલો લીધો. ૩૩
રામનૌમી આવી રુડી રીતે, પ્રભુયે સમૈયો ભર્યો પ્રીતે;
આવ્યા જે જે જનો એહ કાળે, બરદાસ કરી નરપાળે. ૩૪
દેહોખાચર ને મીણબાઇ, કરિયાણેથી આવેલાં ચાઇ;
તેણે વિનંતિ કરી જોડી હાથ, કરિયાણે ચાલો મુનિનાથ. ૩૫
પ્રભુયે ક્હ્યું તેહની પાસે, જ્યારે આ સંઘ સર્વ વેરાશે;
લઇ સંતનું મંડળ ત્યારે, અમે આવશું ગામ તમારે. ૩૬

**પૂર્વછાયો :**

સંઘના જન સહુ સંચરી, ગયા પોતપોતાને દેશ;



૧.ફૂલ તથા પાનનો હિંડોળો



કરિયાણે કરુણા કરી, ત્યારે પોતે ગયા પરમેશ. ૩૭
સંત સહિત હરિ ઊતર્યા, દેહાખાચરને દરબાર;
બહુવિધે મીણબાઇયે, પૂજ્યા પ્રેમથી પ્રાણઆધાર. ૩૮

**ચોપાઈ :**

સુણો ભૂપ અભેસિંહભાઇ, મહા સમરથ તે મીણબાઇ;
જન્મથી હરિ જે લીલા કરે, ઘેર બેઠાં તે દેખે નજરે. ૩૯
એ તો અક્ષરના રહેનાર, આવી લીધો મનુષ્ય અવતાર;
પ્રભુ પ્રત્યક્ષને તેથી પેખે, બીજા દેવ દેવી નવ દેખે. ૪૦
હવે શ્રીહરિની સુણો વાત, પ્રભુ નિત્ય ઉઠીને પ્રભાત;
કાળુભાર નદી તણે તીરે, જાય નાવાને નિર્મળ નીરે. ૪૧
કરાવે સંતને જોગાભ્યાસ, અક્ષરાધીશ શ્રીઅવિનાશ;
દેહાખાચરને કહે માવો, એક કોઠો[1] આ ઠામ કરાવો. ૪૨
અહી એકાંતમાં વશી વાસ, સંતને શીખવું જોગાભ્યાસ;
નદીથી દક્ષિણે મન ભાવ્યો, દેહાખાચરે કોઠો કરાવ્યો. ૪૩
પછી ત્યાં કેટલાએક માસ, વૃષનંદને કીધો નિવાસ;
આવી ભીમ એકાદશી જ્યારે, ગયા ગઢપુર શ્રીહરિ ત્યારે. ૪૪
થયો ઉત્સવ ત્યાં અતિ સારો, નિરખ્યા સૌયે ધર્મદુલારો;
પછી બેઠી બાસઠ્યની સાલ, રથજાત્રા આવી એહ કાળ. ૪૫
તેનો ઉત્સવ ઉત્તમ કીધો, ભલો લાવ તે ભક્તોયે લીધો;
નૃપ અભય તથા પરિવાર, સૌને જેને જેવો અધિકાર. ૪૬
સ્નેહે શ્રીહરિની સજે સેવા, વૃષપુત્રને વસ કરી લેવા;
જીવોખાચર ભક્ત સુજાણ, સેવે શ્રીજીને ઇષ્ટ પ્રમાણ. ૪૭



૧.ઓરડો,કિલ્લાનો બુરજ

તેની પુત્રિયો બે બહુ ડાહી, અમુલાં બીજી અમરબાઇ;
તેઓ પણ ભક્તિપુત્રને ભજે, ક્ષણ માત્ર ન મન થકી તજે. ૪૮
જીવાખાચરને દરબાર, પ્રભુ બેસે સભા સજી સાર;
કથા વારતા કીર્તન થાય, અતિ આનંદમાં દિન જાય. ૪૯
જીવાખાચરે જોડીને હાથ, કહ્યું હે હરિ હે મુનિનાથ!
મારા દરબારમાં મહારાજ, એક રાખવો સંતસમાજ. ૫૦
સેવા જેવી થશે તેવી કરશું, તેની વાત સુણી મન ધરશું;
એવી અરજ સુણી ઉર ધારી, કહે મુક્તમુનિને મુરારી. ૫૧
જીવાખાચરને દરબાર, રહો સંત લઈ દશબાર;
સુણી આજ્ઞા ધરીને આનંદ, રહ્યા ત્યાં જઈને મુક્તાનંદ. ૫૨
ઓરડા થકી પાછળ જ્યાંય, એક લીંબડો છે આજ ત્યાંય;
જગ્યા સાધુને રહેવા માટે, કરાવી હતી સુંદર ઘાટે. ૫૩
મુક્તાનંદ રહ્યા તેમાં જઈ, સંતનું મોટું મંડળ લઈ;
કથા વાત કરે નિત્યનિત્યે, પ્રેમી ભક્તો સુણે મળી પ્રીત્યે. ૫૪
નૃપ અભયતણે દરબાર, રહ્યા શ્રીહરિ ધર્મકુમાર;
જન્મઅષ્ટમીનો દિન આવ્યો, ભૂપે ઉત્સવ ભારે કરાવ્યો. ૫૫
આવ્યા દસરા ને આવી દીવાળી, અન્નકૂટ કરી હદ વાળી;
મોટા મોટા સમૈયા ભરાય, સંત સતસંગી એકઠા થાય. ૫૬
મળે લોક હજારો હજાર, દિવ્યભાવ તે દેખે અપાર;
વાત વિસ્તરી તે ઠામોઠામ, સતસંગ વધ્યો ગામોગામ. ૫૭
ગઢપુરમાં લીલા કરી ઘણી, ગણતાં તે શકાય ન ગણી;
ઘણાં ગ્રથોમાં તેહ લખાણી, દેશોદેશ વિષે તે વંચાણી. ૫૮





માટે તે વાતનો વિસ્તાર, જાણવો અન્ય ગ્રંથ મોઝાર;
કહું સંક્ષેપમાં કાંઇ વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત. ૫૯
એમ કરતાં પ્રબોધિની આવી, હરિભક્તોને અંતરે ભાવી;
ત્યાં તો સંત સમસ્ત તેડાવ્યા, દેશોદેશના હરિજન આવ્યા. ૬૦
કર્યો ઉત્સવ તે રૂડી રીતે, પૂજ્યા સૌયે પ્રભુજીને પ્રીતે;
છેલ્લે દિવસ સભા સજી જ્યારે, જવા સૌને રજા આપી ત્યારે. ૬૧
હરિભક્તો બોલ્યા તેહ ઠામ, પ્રભુજી આવો અમારે ગામ;
જે જે વૃદ્ધ ને અંગે અશક્ત, ઈચ્છે દર્શન આપના ભક્ત. ૬૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વિચરણ કરશો વિશેષ દેશ, જન સતસંગી થશે ઘણા જનેશ;
સુણી શુભ વિનતિ ધરી સ્વઉર, વચન કહ્યું પ્રભુ આવશું જરૂર. ૬૩

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપુરે અભયનૃપતિસૌધે શ્રીહરિસ્થિતિકરણનામા પ્રથમો વિશ્રામઃ ॥૧॥***

**પૂર્વછાયો :**

હરિજનો ગામો ગામના, તેની પૂરણ કરવા આશ;
ધર્મસુતે ઈચ્છા ધરી, કરવા જવાને પ્રવાસ. ૧

**ચોપાઈ :**

પ્રભુ કરવા પ્રવાસનું ધારી, જ્યારે કરવાને માંડી તૈયારી;
થયા અભય ઉદાસી તે વાર, તથા ઉત્તમ નામ કુમાર. ૨
સોમાદેવી સુરપ્રભા રાણી, તેની આંખ્યોમાં આવિયાં પાણી;
સુમાબાઇ ભૂપાળની ભગની, જેને લાગી પ્રભુપદે લગની. ૩

લલિતા જયા રાજકુમારી, જેને વાલાં છે વિશ્વવિહારી;
પાંચુબાઇ તથા નાનબાઇ, ચારે પુત્રિયો ભૂપની ડાઇ. ૪
થયા અંતરે એ સૌ ઉદાસ, પાણિ જોડી બોલ્યાં પ્રભુ પાસ;
પ્રભુ આજ સુધી સુખ દૈને, જવા બેઠા છો તૈયાર થૈને. ૫
પણ તમ વિના શામ સુજાણ, અમે રાખશું શી રીતે પ્રાણ?
એનો અમને ઉપાય બતાવો, સુખેથી પછી શામ સિધાવો. ૬
સુણી બોલિયા શ્રીપરમેશ, તમે સાંભળો અભય નરેશ;
તમો સર્વેના પ્રેમથી હુંય, વશ થૈને બંધાયેલો છુંય. ૭
સદા વાસ તમારે વસીશ, બીજે તો મિજમાન[૧] રહીશ;
જેમ જન કોઇ પરગામ જાય, નિજ ઘેર આવી સ્થિર થાય. ૮
તેમ હું વિચરું પરગામ, પણ જાણિશ આ મુજ ધામ;
મારું ગઢડું ને હું ગઢડાનો, તે તો કદિયે નથી મટવાનો. ૯
સદા સંત સમાજ સહિત, ગઢડામાં રહીશ ખચીત;
ધર્મ થાપવા ધરણી મોઝાર, આજ લીધો છે મેં અવતાર. ૧૦
ગામો ગામ કરીને પ્રવાસ, કરવો છે અધર્મનો નાશ;
કહ્યું છે મેં હરિજન પાસ, તહાં આવીને પૂરિશ આશ. ૧૧
માટે આવીશ જૈને વહેલો, મનમાંથી ફિકર તમે મેલો;
બોલ્યા અભય અભય પરિવાર, પ્રભુ સાંભળો પ્રાણ આધાર. ૧૨
અમે દઢ વ્રત ધાર્યું છે આવું, વિના દર્શન અન્ન ન ખાવું;
માટે તમથી કદી ન જવાય, જતાં અન્ન અમે ન ખવાય. ૧૩
કહે ભૂપ હેતે જોડી હાથ, અહો નાથ અહો પ્રાણનાથ!
મને મેલીને ક્યાંઇ ન જાશો, મુજથી ક્ષણ દૂર ન થાશો. ૧૪



૧.મહેમાન



કહેતાં એમ મૂર્છિત થયા, દીનબંધુને ઉપજી દયા;
ભૂપને કર ઝાલી ઉઠાડ્યા, નિજ છાતિની સાથે લગાડ્યા. ૧૫
કહે કૃષ્ણ હું તો નહીં જાઉં, તમથી નહીં વેગળો થાઉં;
એવું સાંભળી ધીરજ ધારી, મેલી વિરહની પીડા વિસારી. ૧૬
પછી શ્રીહરિ સ્થિરતા કરી, રહ્યા દુર્ગપુરી માંહિ ઠરી;
દૈવી જીવને ઉપદેશ કરવા, સંતમંડળ મોકલ્યાં ફરવા. ૧૭
જ્યારે વસંતપંચમી આવી, કર્યો ઉત્સવ સૌને તેડાવી;
પરગામના ભક્તોની પાસ, એમ બોલ્યા હતા અવિનાશ. ૧૮
તમારે ગામ હું વિચરીશ, આશા પૂર્ણ તમારી કરીશ;
પાળવાને પોતાનું વચન, મહારાજે વિચારિયું મન. ૧૯
ધાર્યું નિશ્ચે એવું મન માંહી, મારી મૂર્તિ થાપું એક આંહી;
વાસુદેવ તે નામ ધરાવું, એમાં સર્વની આસ્તા કરાવું. ૨૦
પરગામ વિચરિયે જો અમે, તેનાં દર્શન કરી કહું જમે;
એવો ચિત્તમાં કીધો વિચાર, સત્યસંકલ્પ સર્વ આધાર. ૨૧
એક દિવસ પ્રભાતને ટાણે, કર્યું સંધ્યાદિ શામ સુજાણે;
બેઠા સિંહાસને અવિનાશ, ભલા અક્ષર ભુવનની પાસ. ૨૨
આવ્યા સાધુ પાળા બ્રહ્મચારી, હરિજનની સભા થઇ સારી;
ત્યાં તો આવ્યા અભય નરપાળ, પ્રભુને નમી બેઠા તે કાળ. ૨૩
કરિયાણા વિષે વસે જેહ, દેહોખાચર આવિયા એહ;
કરે શ્રીહરિ ધર્મની વાત, સુણી થાય તે સહુ રળિયાત. ૨૪
હરિ ઈચ્છા થકી એહ ટાણે, બીજી વાત બની તે ઠેકાણે;
પરદેશી શલાટ તે આવ્યો, શામ મૂર્તિ શિલાની બે લાવ્યો. ૨૫

એક મૂર્તિ ચતુર્ભુજ મોટી, બીજી શેષશાયી તણી છોટી;
બોલ્યો હેતે જોડી હાથ બેય, વેચવાની આ મૂર્તિયો છેય. ૨૬
હમણાં આંહી મૂકી જઇશ, પછી આવીને મૂલ કહીશ.
કરું ગંગા વિષે જઇ સ્નાન, વેલો આવીશ હે ભગવાન! ૨૭
મૂર્તિ મૂકીને ચાલ્યો શલાટ, કોણ જાણે ગયો કઇ વાટ;
ગયો પાછળ ખોળવા પાળો, પણ તેને તો ક્યાંઇ ન ભાળ્યો. ૨૮
ફરી આવ્યો નહીં એહ ઠામ, પામ્યા અચરજ ભક્ત તમામ;
બેય મૂર્તિ મનોહર ભાળી, બોલ્યા સૌ જન છે તો રૂપાળી. ૨૯
પછી હેતે જોડી બેઊ હાથ, નૃપ ઉનડ કહે હે નાથ!
આ તે મૂર્તિ મુકી કોણ ગયું ? અમને અતિ અચરજ થયું. ૩૦
સુણી શામ હસ્યા મંદ મંદ, પછી બોલ્યા સકળ સુખકંદ;
મોટી મૂર્તિ છે આ તો અમારી, વાસુદેવ એવું નામ ધારી. ૩૧
જોઇને પ્રેમ તમારો આજ, નિત્ય દર્શન કરવાને કાજ;
મુક્ત અક્ષરધામના આવી, મૂર્તિ મુકી ગયા ત્યાંથી લાવી. ૩૨
અમારૂં તેણે દર્શન કીધું, ઉનમત્તગંગા જળ પીધું;
મહિમા જાણીને કર્યું સ્નાન, પછી પોતે ગયા સ્વસ્થાન. ૩૩
એવી સાંભળી શ્રીમુખ વાત, જાણ્યું ઐશ્વર્ય હરિનું અઘાત;
કહે અભય નરેશને શ્રીજી, હવે વાત સુણો એક બીજી. ૩૪
ઉત્તરાભિમુખે એક સારો, ઓરડો આંહી છે જે તમારો;
તેમાં મૂર્તિ આ થાપિયે એક, એથી અર્થ તો સરશે અનેક. ૩૫
સુણી નૃપ કહે મહારાજ, કરો જેમ ગમે તેમ કાજ;
પછી મુહુર્ત શુભ જોવરાવા, રામચંદ્ર જોશીને બોલાવ્યા. ૩૬





**પૂર્વછાયો :**

પૂછ્યો પ્રભુજીયે જોશીને, મૂર્તિ થાપવાનો દિન શુદ્ધ;
બોલ્યા વળી બહુનામી તે, તમે સાંભળો વિપ્રપ્રબુદ્ધ. ૩૭

**ચોપાઈ :**

ફુલડોળનો ઉત્સવ થાશે, ત્યારે સારો સમૈયો ભરાશે;
માટે એવામાં મુહુરત આવે, ત્યારે તો ભક્ત સર્વને ભાવે. ૩૮
જોશિયે ત્યાં મુહૂરત તપાશ્યું, પછી સર્વ સભામાં પ્રકાશ્યું;
હતી વિક્રમી બાસઠિ સાલ, વદી ફાગણી ત્રીજ તે કાળ. ૩૯
વાર શુક્ર તણો દિન સારો, ધર્મપુત્ર તે મહુરત ધારો;
એવી સાંભળી જોશીની વાત, રુદે સર્વે થયા રળિયાત. ૪૦
કૃષ્ણે કંકોતરીયો લખાવી, દેશોદેશ વિષે મોકલાવી;
વિપ્ર બેચર લક્ષમીરામ, દવેજી હરજીવન નામ. ૪૧
દવે ડોસો ને લાલજી ગોર, કંકોતરિયા ગયા ચારે કોર;
સતસંગી સહુને તેડાવ્યા, વળી સંત સમસ્ત ત્યાં આવ્યા. ૪૨
તેડાવ્યા વિપ્ર વેદીયા ઘણા, જેની વિદ્યા વિષે નહિ મણા;
જોઇ ગ્રંથ પ્રતિષ્ઠામયૂખ, ભૂપના ઓરડા સનમૂખ. ૪૩
પ્રેમજી ખીમજી સૂત્રધાર, રૂડા મંડપના રચનાર;
દિશા ચારે વિષે ચાર દ્વાર, માથે ધ્વજા પતાકાની હાર. ૪૪
આસોપાલવ તોરણ છાજે, રુડા રંભાના થંભ બિરાજે;
અધિવાસન કારણ ધારી, મધ્યે વેદી રચી બહુ સારી. ૪૫
હોમ કરવા પ્રતિષ્ઠાને અંગે, પદ્મકુંડ કરાવ્યો ઉમંગે;
ભલો વેદીથી ઉત્તર ભાગે, કુંડ જોતાં દિલે પ્રિય લાગે. ૪૬

વદી બીજ અને ગુરુવારે, નિત્યકર્મ કરીને સવારે;
પ્રતિષ્ઠામખ આદર કીધો, સામવેદ તણો મત લીધો. ૪૭
ભટ્ટ શીયાણીના શિવરામ, કરે તે તો આચાર્યનું કામ;
રામચંદ્ર જોશી થયા બ્રહ્મા, સભાસદ તો દીનાનાથ ગમ્યા. ૪૮
ભટ્ટ બેચર સતસંગી સત્ય, ગુણી તે તો થયા ગાણપત્ય;
વિપ્ર રગનાથ ને જીવરામ, લાલજી તથા લક્ષ્મીરામ. ૪૯
હરજીવન ને જાગેશ્વર, દુર્ગપુરમાં તે દ્વિજના ઘર;
રોઈશાળાના લક્ષ્મીરામ, ઘણા વાલા તેને ઘનશામ. ૫૦
કહું પીઠવડી તણા હવે, જીવો જોશી ને મોનજી દવે;
વીરપરના રાઘવજી નામ, ભેંસજાળના તો અંબારામ. ૫૧
ગામ બોટાદ માંહિ રહેતા, જોશી નરસિંહ નરસિંહ મહેતા;
મોનો જોશી તથા મોનો પંડ્યો, ત્રવાડી જેઠો ભક્તિમાં મંડ્યો. ૫૨
એહ આદિક વિપ્ર અપાર, થયા ઋત્વિજ યજ્ઞ મોઝાર;
સૌનાં વરુણ કરી ભગવાન, દીધાં વસ્ત્ર આભૂષણ દાન. ૫૩
સ્વસ્તિવાચન વિપ્રોયે કીધું, અક્ષરાધીશે સાંભળી લીધું;
પછી કીધી કુશાંડિ[1]ની રીત, ગ્રહયજ્ઞ કર્યો ધરી પ્રીત. ૫૪
તેહ યજ્ઞના દેવ પ્રધાન, તેને દીધાં આહુતિનાં દાન;
પછી હોમિયાં પૃથક સમિધ, હવે તેની સુણો કહું વિધ. ૫૫
સૂર્યને આકડાનાં સમિધ, સોમને ખાખરાનાં પ્રસિદ્ધ;
ક્ષિતિપુત્ર[2]ને તો ગમે ખેર, બુધને તો અંઘેડો એ પેર. ૫૬
ગુરુને ભલો પીપળો ભાવે, ઉમરો શુક્રને તો સુહાવે;
શનિને ખીજડાનાં સમિધ, રાહુને દુરવા દીધે સિદ્ધ. ૫૭



૧.હોમનું એક પ્રકારનું કર્મ ૨.મંગળ નામનો ગ્રહ



કેતુને કુશ[1] હોમવો તેહ, કહુ ફળ ગ્રહને ગમે જેહ;
દ્રાક્ષ શેલડી અને સોપારી, નારંગી ને લીબું સુખકારી. ૫૮
બીજોરું ને કમળફળ જાણો, ટોપરું ને અનાર પ્રમાણો;
એમ હોમ્યાં હુતદ્રવ્ય ઘણાં, ઘૃત હોમ્યામાં રાખી ન મણા. ૫૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

શ્રુતિમત મન માંહિ ધારી લીધો, ગ્રહમખ એમ કૃપનિધાન કીધો;
વરણન કરતાં ન પાર આવે, કદી શત કલ્પ સુધી સુશેષ ગાવે. ૬૦

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપુરે શ્રીવાસુદેવ-નારાયણપ્રતિષ્ઠાંગગ્રહયજ્ઞકરણનામા દ્વિતીયો વિશ્રામઃ ॥૨॥***

**પૂર્વછાયો :**

ફાગણ વદી તૃતીયા થઈ, કરી નિત્યક્રિયાનું કામ;
મૂર્તિપ્રતિષ્ઠા કામમાં, તતપર થયા ઘનશામ. ૧

**ચોપાઈ :**

સૂર્ય ઉદયસમો હતો જ્યારે, હતો હસ્તનો ચંદ્રમાં ત્યારે;
બ્રહ્માચાર્ય ને ઋત્વિજે મળી, વિધિપૂર્વક પ્રીતથી વળી. ૨
ભટ્ટ ત્યાં તો હતા મયારામ, મુક્તાનંદમુની તેહ ઠામ;
હતા વર્ણી ત્યાં મુકુંદાનંદ, મળી સૌયે સહિત આનંદ. ૩
ઉત્તરાભિમુખે ઓરડામાં, ઉત્તરાભિમુખે એ સમામાં;
વાસુદેવનારાયણ કેરી, સ્થાપી મૂર્તિ તે સરસ ઘણેરી. ૪
વેદમંત્રે ષોડશ ઉપચારે, પૂજી મૂર્તિને શ્રીજીયે ત્યારે;
ધૂપ દીપ ને નૈવેદ્ય ધારી, આરતિ અતિ હેતે ઉતારી. ૫



૧.ડાભડો

સૌયે દીઠું તે મૂરતિમાંય, અતિ તેજ અલૌકિક ત્યાંય;
તેહ મૂર્તિમાં શ્રીજીનું રૂપ, જોયું સર્વે જનોયે અનૂપ. ૬
એથી અચરજ અંતરે આણી, મૂરતિ તે તો શ્રીજીની જાણી;
દેશ દેશના જન સહુ આવી, વાસુદેવને ભેટ ધરાવી. ૭
કોઈયે વસ્ત્ર ભૂષણ અરપ્યાં, કોઈયે બહુ દ્રવ્ય સમર્પ્યા;
પ્રભુયે પુરણાહુતિ કીધી, દ્વિજને દક્ષિણા બહુ દીધી. ૮
ઘણા વિપ્રને સંત જમાડ્યા, શામે સંતોષ સૌને પમાડ્યા;
સજી સભા મંડપ મોઝાર, મંચ ઉપર બેઠા મુરાર. ૯
મુક્તાનંદ પ્રમુખ ઘણા સંત, મુકુંદાદિક વરણી અનંત;
નૃપ અભય સહિત પરિવાર, બેઠા જેમ જેને અધિકાર. ૧૦
જીવોખાચર મુળુખાચર, જેના પુણ્યના પ્રગટિયા થર;
દેહોખાચર કરિયાણાના, મોકોખાચર તે વાંકિયાના. ૧૧
કારિયાણીના ખાચર વસ્તો, જડ્યો જેહને મોક્ષનો રસ્તો;
માંચોખાચર વિષયવિરક્ત, સોમલો ને સુરો ભલા ભક્ત. ૧૨
અલૈયો ગામ ઝીંઝાવદરના, ભલા ભક્ત તે તો હરિવરના;
માતરો તથા ભક્ત હમીર, બેય બોટાદના શૂરવીર. ૧૩
બીજા હરિજનનો નહિ પાર, મળી બેઠા મંડપ મોઝાર;
પ્રભુ ચરણમાં સૌનાં છે ચિત્ત, તે તો ચંદ્ર ચકોરની રીત. ૧૪
કરુણા કરીને કૃપાનાથ, બોલ્યા હેતે ઉપાડીને હાથ;
વાસુદેવની મૂર્તિ આ જેહ, મારી મૂર્તિ જ જાણવી તેહ. ૧૫
એમાં સાક્ષાત હું જ રહીશ, આશા પૂર્ણ તમારી કરીશ;
પૂજજો મનમાં પ્રેમ ધરી, જમજો એનાં દર્શન કરી. ૧૬





વળી વર્ણી મુકુંદની પાસ, આપે એમ બોલ્યા અવિનાશ;
તમે તો સદા સેવો છો અમને, તેથી અવકાશ નહિ મળે તમને. ૧૭
વાસુદેવની પૂજા હંમેશ, ભટ્ટ બેચર કરશે વિશેષ;
દૌછું તમને ભલામણ તેની, સદા સંભાળ રાખજો એની. ૧૮
ઉદ્ધવી સંપ્રદાય પ્રમાણે, કરવા બધા ઉત્સવ ટાણે;
શુદ્ધ થૈને પૂજે દેવ જેવા, તો જ દેવ માની લે છે સેવા. ૧૯
દૃઢ જો બ્રહ્મચર્ય રખાય, દેવ પૂજવા યોગ્ય તે થાય;
કરે સ્પર્શ અશુદ્ધ થૈ આપ, તેને તો દેવતા દે છે શાપ. ૨૦
દેવસેવા વિષે અપરાધ, કરવા થકી લાગે છે બાધ;
તે હું તમને હવે સંભળાવું, સારી રીતે કહી સમઝાવું. ૨૧

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

જાશે દેવસમીપ ચાખડિ ચડી કે વાહને જો ચડી,
તો જાણો અપરાધ એ જ સુરનો તેણે કર્યો તે ઘડી;
જો જન્મોત્સવ દેવના ન કરશે તે દોષ બીજો ગણો,
પેખી મૂર્તિ પ્રણામ જે નહિ કરે તે દોષ ત્રીજો ઘણો. ૨૨
બેસે મંદિરમાં મનુષ્ય જઇને જે કોઇ ઉચ્ચાસને,
એકાંતે નરનારી ત્યાં સ્થિતિ કરે કાં તો કરે હાસ્યને;
કે ઉચ્છિષ્ટ અશૌચ આપ તનથી જૈ દેવને જો અડે,
કાં તો થાય પ્રણામ એક કરથી તે પ્રૌઢ પાપે પડે. ૨૩
કાં તો એક પ્રદક્ષિણા જ કરશે દુઃશબ્દ ઉચ્ચારશે,
કે બેસી પ્રભુમૂર્તિ પાસ નિજના લાંબા પગો ધારશે;
બેસે ઢીંચણ બાંધી વસ્ત્રે કરીને કાં તો સુવે ત્યાં કણે,

કે કાંઇ પણ ખાય મંદિર વિષે જૂઠું જીભે જે ભણે. ૨૪
ઉંચા શબ્દ થકી મુખેથી ઉચરે કે કાંઇ કષ્ટે રુવે,
સ્ત્રીનો સ્પર્શ કરે સ્ત્રીયો પુરષનો કે ખોટી દષ્ટે જુવે;
મોટાઇ ધરી કોઇને વચન ત્યાં આપે કદી રીઝીને,
કે કોઇ જનને પ્રભુસદનમાં શિક્ષા કરે ખીજીને. ૨૫
ટંટો કાંઇ કરે નિવેદિત વિના જે કાંઇ વસ્તુ જમે,
બોલે ગ્રામ્ય કથા તથા રમત તે ત્યાં કોઇ રીતે રમે;
દેવસ્થાન વિષે અધોપવનનો સંચાર કોઇ કરે,
બેસે પુંઠ કરી તથા નિજ તણી કીર્તિ કદી ઉચ્ચરે. ૨૬
જંઘા જાનું ઉરૂપરી પગ ધરે તે થાય પ્રૌઢાસન,
બેસે મંદિર માંહિ મૂર્ખ જન જે એવું કરી આસન;
વાણી ક્રૂર વદે તથા પર તણી નિંદા સ્તુતિ ઉચ્ચરે,
બોલે બોલ કઠોર લોભી થઇને સેવા ન સારી કરે. ૨૭
જે પોતે કરી માનતા પણ પછી પૂરી કરે તે નહીં,
ઊછીનું લઇ દેવનું પછી થકી પાછું કદી દે નહીં;
જે અર્પે ન ફળો રતેરત[1] તણાં વંદે બીજાને તહીં,
જે ભાવે બહુ આપને સુરસ તે નૈવેદ્ય ધારે નહીં. ૨૮
ઇત્યાદિ અપરાધ તે ન કરવા ભક્તિ ભલી ચાય તો,
પ્રાયશ્ચિત કરે કદી અસમઝે એવું થઇ જાય તો;
ઊભા એક થળે રહી હરિ તણી સૌ આરતી કીજિયે,
બીજી વાત બધી તજી પ્રભુપદે વૃત્તિ તદા દીજિયે. ૨૯
પોઢે દેવ પ્રદક્ષિણા ન કરવી મર્યાદ ના મૂકિયે,



૧.વર્તમાનમાં ચાલી રહેલ ઋતુ



જે જે સેવનનો સમો સુસજીયે ટાણું નહીં ચૂકિયે;
વારાહાખ્ય પુરાણમાં વચન છે દેવે વરાહે ભણ્યાં,
પૃથ્વી પાસ પ્રસિદ્ધ છે ઉચરિયાં સર્વોપયોગી ઘણા. ૩૦
મૂર્તિનો અપરાધ જે જન કરે શું તેહને થાય છે,
તે હું આજ તમો સમીપ ઉચરું સચ્છાસ્ત્રનો ન્યાય છે;
જે પૂજે જમિને પ્રભુની પ્રતિમા તે કુંભિપાકે પડે,
નાહ્યો તોય ન દંતધાવન કર્યું જૈ મૂર્તિને જે અડે. ૩૧
તેનાં સુકૃત નાશ થાય સઘળાં સંદેહ તેમાં નહી,
માટે સર્વ પવિત્ર થૈ મૂરતિને સ્નેહેથી સેવો સહી;
સ્ત્રીસંભોગ કરી નિમજ્જન વિના મૂર્તિસમીપે ધસે,
તે તો ચૌદ હજાર વર્ષલગી જૈ વીર્યે જ વાસો વસે. ૩૨
જોઇને શબ જે ન નાય અથવા સચ્છાસ્ત્ર નિંદા સુણે,
તે જો સ્પર્શ કરે પ્રભુની છબીને બંધાય પાપે ઘણે;
પોતે પૂર્વજ સૌ સમેત વનમાં જાંબૂકે[1] થૈને રહે,
જૈને નિત્ય મસાણમાં જ શબનું તે માંસ ખાવા ચહે. ૩૩
કામે મોહિત થૈ રજોવતિ તણો જે સ્પર્શ ક્યારે કરે,
તે જો સ્પર્શ કરે પ્રભુની છબીને તે પાપી પૂરો ઠરે;
જૈ સંપૂર્ણ સહસ્ર વર્ષ સુધિ તે સ્ત્રીપુષ્પ[2] પાપી પિયે,
જન્મે ત્યાં જડબુદ્ધિ થાય જન તે દારિદ્ર મોટું લિયે. ૩૪
જો પોતે શબને કદાપિ અડીને દેવાલયે જે જશે,
તેને ગર્ભ થકી જ જન્મ મરવું તે લક્ષ વારે થશે;
તે ચાંડાળપણું પછીથી ધરશે સો સૈંકડાં વર્ષનાં,



૧.શિયાળ ૨.સ્ત્રી રજ

જ્યાં ત્યાં શોક કલેશ કષ્ટ નડશે સ્વપ્નાં નહીં હર્ષનાં. ૩૫
મૂર્તિ સ્પર્શ મનુષ્ય કોઇ કરતાં વાયુ અધો સંચરે,
તે સંવત્સરે[1] સપ્ત ઉંદર તણો જૈ દેહ નિશ્ચે ધરે;
ત્યાંથી તે ત્રણ વર્ષ શ્વાન થઇને પંચાબ્દે[2] માંખી હશે,
ને વર્ષો નવ કાચબો પછી થઇ દુર્ગંધ ભક્ષી થશે. ૩૬
જો સેવા કરતાં પુરીષ તજશે તે રૌરવે જૈ પડે,
દેવોના દશ સોય વર્ષ વસીને જીવે જ વિષ્ઠા વડે;
સચ્છાસ્ત્રોથી વિરુદ્ધ શાસ્ત્ર મતનો જો પક્ષ લૈ મંદિરે,
તે તો સાત ભવો સુધી વિચરશે થૈ કાચબો ને નીરે. ૩૭
જૈ અત્યંત મલીન વસ્ત્ર ધરિને મૂર્તિની પૂજા કરે,
તે સંવત્સર પાંચશે સુધી સદા કીડાની કાયા ધરે;
મૂર્તિને અડવા જ જોગ્ય નહિ જે તે જો જઇને અડે,
તે પાપી મતિમંદ તો નરકના જૈ કુંડ માંહી પડે. ૩૮
મારા પૂજનમધ્ય અન્ય સુરની પૂજા કદી આદરે,
તે વર્ષો સત સો સુધી મરી મરી કીડાની કાયા ધરે;
ક્રોધી ચંચળચિત્તવંત જન જે જો મૂર્તિ પાસે જશે,
તો તે ઉંદરના જ દેહ ધરીને સો વર્ષ સુધી વસે. ૩૯
સો વર્ષો વળી સર્પ થૈ પછી વસે તેના પછી દેડકો,
થાશે વત્સર ત્રીશ તે પછી થશે જાંબૂક જાતે પકો;
વિષ્ણુપૂજનમાં નિષેધ કુસુમો જે જે કહેવાય છે,
તે પુષ્પે હરિપૂજનાર નરકે તે રૌરવે જાય છે. ૪૦
સુકા પુષ્પ તથા પડ્યાં અવનિમાં નિર્ગંધ કાં તો હશે,



૧.વર્ષ ૨.પાંચવર્ષ



કે દુર્ગંધ દિસે સ્મશાન સમિપે કે ઊગિયાં જે હશે;
સુંઘેલા જન કોઇયે સૂર શિરે જે એક વારે ચડ્યાં,
બોટેલા કદી વસ્ત્રમાં જન ધરે કે લીટ થુંકે અડ્યા. ૪૧
પુષ્પો અર્ક[1] કણેર શીમળ તણાં ભોરીંગણીનાં તથા,
કે વાશી કુસુમોથી વિષ્ણુ અરચે પૂજા બધી તે વૃથા;
માળાકાર[2] ગૃહે રહે સુકુસુમો વાશી ન તે થાય છે,
સ્થાપેલી છબીને કણેર કુસુમે પ્રીતિથી પૂજાય છે. ૪૨
અંધારે વણદીપકે પ્રભુ તણી જે મૂર્તિ પાસે જશે,
તો આખો ભવ આંધળો રહી અને તે સર્વભક્ષી થશે;
કાકાદી[3] અપવિત્ર પ્રાણી અડકે તે વસ્ત્ર અંગે ધરી,
પૂજે જો પ્રભુને જરૂર જનમે તે કાગડામાં મરી. ૪૩
શ્વાનોચ્છિષ્ટ[4] ધરે નિવેદ હરિને તે જન્મશે શ્વાનમાં,
વર્ષો સાત પછી વળી શસક થૈ વાસો વસે રાનમાં[5];
સંકોરી કદી દીપ હસ્ત ન ધુવે ને મૂર્તિને જૈ અડે,
સાઠે વર્ષ સુધી શરીર ગળતે તે કોઢિયો થૈ પડે. ૪૪
જૈને કોઇ મશાણ સ્નાન કરીને પંડે છતાં સૂતકી,
મૂર્તિ સ્પર્શિ શિયાળ થાય વર્ષો એકોનષષ્ટિ[6] નકી;
પક્ષી ગીધ પછી થઇ વરસ તો તે સાત સુધી રહે,
માટે સૂતક કેટલું સ્વજનનું તે ભક્ત જાણી લહે. ૪૫
મદ્યસ્પર્શ કરી પછી પ્રભુ તણા જો મંદિરે જાય છે,
તો તે સો શત વર્ષ સુધી દુઃખીયો દારિદ્રથી થાય છે;
ધારેલું જન કોઇયે વસન કે મેલું ચડાવે મને,



૧.આકડાના ફુલ ૨.માળી ૩.કાગડા આદિ ૪.કૂતરાએ અભડાવેલ ૫.વનમાં ૬.ઓગણસાંઠ(૫૯)

તે તો થૈ મૃગ એકવીશ વરસો વાસો વસે છે વને. ૪૬
પાકે અન્ન નવીન તે પ્રભુજીને અર્પ્યા વિના ખાય છે,
તેના પૂર્વજ વર્ષ પંદરસુધી આશા તજી જાય છે;
પૂર્વે ચંદન પુષ્પ પૂજન વિના જે ધૂપ લાવી ધરે,
તો તે રાક્ષસ થાય અન્ય જનમે જ્યારે અહીંથી મરે. ૪૭
પેસે મંદિરમાં ઉપાન[૧] ધરીને તે ચર્મકારી બને,
વર્ષો તેર પછી જ સુકર થઇ વાસો વસે છે વને;
ઘંટા ભેરી બજાવવા વીણ મને આવી જગાડે સહી,
તે આખો ભવ ભોગવે બધિરતા[૨] તે માંહિ સંશે નહીં. ૪૮
ઝાઝુ ખાઇ અજીર્ણ અંગ ધરિને ઉદ્ગાર[૩] ખાતાં ખરો,
મૂર્તિ પાસ જનાર શ્વાન જનમી ને જન્મશે વાંદરો;
જે કાંઇ કરી માનતા મુજ તણી તે પૂરી પાડે નહીં,
ઉછીતું લઇ દેવનું વળતી તે પાછું ન આપે સહી. ૪૯
તેને કષ્ટ અનેક છેક પડશે ખાવાનું તો ખૂટશે,
જ્યાં જ્યાં જન્મ ધરે મરે કરજથી ત્યાં ત્યાં નહીં છૂટશે;
જો કાંઇ અપરાધ થાય સુરનો દેહે અવશ્યે કરી,
કે અજ્ઞાનપણાથી થાય કદી તો જાણ્યા પછીથી ડરી. ૫૦
પ્રાયશ્ચિત નિવારણાર્થે કરવું સચ્છાસ્ત્રમાં શોધીને,
પાપીને જમ પીડશે નરકના કુંડો વિષે રોધીને;
તે માટે અપરાધ કોઇ વખતે ક્યારે ન થાયે જરી,
એવી રીતે ખચીત ચિત્ત ધરીને રેજો દિલે સૌ ડરી. ૫૧



૧.પગરખાં ૨.બહેરાપણું ૩.ઓડકાર



**પુષ્પિતાગ્રાવૃત્ત :**

તજી હરિઅપરાધ એવી રીતે, પ્રભુપ્રતિમા નિત પૂજવી સપ્રીતે,
મુજસમ મુજ મૂર્તિ સત્ય જાણી, સ્તુતિ કરવી વદિને મહાત્મ્યવાણી. ૫૨

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપુરેશ્રીવાસુદેવનારાયણ-પ્રતિષ્ઠા તથા દેવ અપરાધનિવારણનામા તૃતીયો વિશ્રામઃ ॥૩॥***

**શિખરિણીવૃત્ત :**

કહે શ્રીજી સ્વામી સકળ સતસંગી શ્રુતિ ધરો,
પ્રભુની સેવા તો સમય અનુસારે શુભ કરો;
ઋતુ ટાણું જેવું સકળ ઉપચારો સુકરીયે,
ઘરાણાં ને વસ્ત્રો ઋતુઋતુ તણાં ભિન્ન ધરિયે. ૧
પ્રભુની મૂર્તિ તે પ્રગટ પ્રભુ સાક્ષાત ગણીને,
ન મર્યાદા તૂટે પ્રભુસમિપ એવા જ બણીયે;
જુદાઇ જે જાણે પ્રભુમૂરતિમાં ને પ્રભુ વિષે,
મહા પાપી તે તો દુરમતિ અતિ દાનવ દિસે. ૨
નકી વાસો લેશે કલપ શતકોટી નરક જૈ,
મુંઝાશે ને રોશે કુમતિ અતિકષ્ટે ગરક થૈ;
તમે સૌ તે માટે પ્રભુમૂરતિમાં પ્રીતિ ધરજો,
ભલા ભાવે ભાઈ ખટ રસ તણા થાળ કરજો. ૩
રસોઈમાં કયારે નિજમુખ થકી થૂંક ન પડે,
રસોઈને જોઈ મન અશનના ઘાટ ન ઘડે;
સ્વહસ્તો બે જોડી વિનતિ કરીને થાળ ધરવો,

જમે છે શ્રીસ્વામી સ્વમન શુભ સંકલ્પ કરવો. ૪
પ્રભુને પોઢાડે વિનતી કરીને સેવક સદા,
જગાડે તે જ્યારે વિનતી મુખથી ઉચ્ચરી મુદા;
ધીમેધીમે દ્વારો હરિજન ઉઘાડે હરિ તણાં,
શિખી રાખે ગાવા સમય સમયોનાં પદ ઘણાં. ૫
પ્રિતે પાંચે ટાણે છબી નિરખતાં આરતિ કરે,
ત્રી આંટા અંઘ્રીને જુગલ ગણિ નાભી મન ધરે;
પછી આંટે એકે વદન હરિ કેરું નિરખતાં,
બીજા સાતે આંટે નખશિખ નિહાળે હરખતાં. ૬

**વૈતાલીયવૃત્ત :**

વરણી પ્રભુ પાસ જે રહે, વિષયોનો બહુ યોગ તે લહે;
મન જો વિષયે તણાય છે, મરીને તે જમપુર જાય છે. ૭
હરિમંદિરમાં મહાંતને, વળી ભંડારી થયેલ સંતને;
વિષયાદિક જોગ થાય છે, ચિત્તમાં ચેતિ રહ્યે બચાય છે. ૮
ઉગરે વળી એ જ રીતથી, જન કોઠારી ખરો ખચીતથી;
નહિ તો અતિ પાપમાં પડે, અઘ તે કલ્પ ઘણા સુધી નડે. ૯

**કોઠારીના ગુણ વિષે : ઉપજાતિવૃત્ત :**

જો વસ્તુનો લેશ બગાડ થાય, કે વાવરેલું કદી વ્યર્થ જાય;
કોઠારીના તો પ્રજળે જ પ્રાણ, કોઠારી તે તો કહિયે સુજાણ. ૧૦
ઘણી ઘણું ખર્ચ કરે કદાપિ, કોઠારી સંકોચ કરે તથાપિ;
પૈસો ગણે કાંચનને પ્રમાણ, કોઠારી તે તો કહિયે સુજાણ. ૧૧
વિશ્વાસને યોગ્ય ઘણો જણાય, તેને જ કોઠારિપણું અપાય;





થવા ન દે જે દમડીની હાણ, કોઠારી તે તો કહિયે સુજાણ. ૧૨
ઘણા જનો વસ્તુ અનેક માંગે, ના પાડતાં તો દિલ દુઃખ લાગે;
ગણે ન નિંદા ન ગણે વખાણ, કોઠારી તે તો કહિયે સુજાસ. ૧૩
સાદું જમે અંચળ જીર્ણ ધારે, ન ખાય હાથે લઇ વસ્તુ ક્યારે;
ધર્મે જ ચાલે જેમ રામબાણ, કોઠારી તે તો કહિયે સુજાણ. ૧૪

**વૈતાલીયવૃત્ત :**

કરશે છળ કે કશો દગો, નથી તે કોઇ તણો દગો સગો;
જમના પુરમાં જ લૈ જશે, અતિશે તેની ફજેતી તો થશે. ૧૫
અતિ ઉત્તમ વસ્તુ હોય તે, દઇ દેવી પ્રભુ અર્થ તોય તે;
ઘૃત આદિક કોઇ કાળમાં, બગડેલું નવ દેવું થાળમાં. ૧૬
પ્રભુજીની પ્રસાદી લીજિયે, સહુને તેહ વહેંચી દીજિયે;
કરશે કદી પક્ષપાત તો, અઘ લાગે બહુ બ્રહ્મઘાત તો. ૧૭
કદી કાંઇક ચોરી ખાય છે, અતિ પાપી જન એહ થાય છે;
ધન ધર્મ તણું પ્રમાણવું, ઉપરીયે જીવ તુલ્ય જાણવું. ૧૮
દમડી નહિ વ્યર્થ વાવરે, પરમાર્થે પ્રભુ માલ સંઘરે;
પણ પાપ થકી દિલે ડરે, પ્રભુ અર્થે પણ પાપ ના કરે. ૧૯
પર થાપણ તો ન રાખવી, નહિ કોઇની જમાની[૧] દાખવી;
ઋણ દેવશિરે ન કીજિયે, નહિ વ્યાજે સુરદ્રવ્ય દીજિયે. ૨૦
સુરમાલ અયોગ્ય ખાય છે, મરીને તે જન ભૂત થાય છે;
નરસિંહમુની કહી હતી, પ્રભુયે તેહ કથા કરી છતી. ૨૧

**ઉપજાતિવૃત્ત :**

કહે પ્રભુનાથ પ્રભુ પ્રમાણ, અહો નૃસિંહાખ્યમુની સુજાણ;



૧.જામીન, સાક્ષી થવું

જોયેલું વૃન્દાવન માંહિ જેહ, તમે કહો વાત સમગ્ર તેહ. ૨૨
બોલ્યા સુણી વાત નૃસિંહ સંત, સુણો સભાના જન બુદ્ધિમંત;
જ્યાં હું જગન્નાથપુરી ગયો તો, દીક્ષા લઇ દેવળમાં રહ્યો તો. ૨૩
સેવા જગન્નાથ તણી સજું હું, ને શુદ્ધભાવે પ્રભુને ભજું છું;
વેરાગી જે ત્યાં થકી એક ચાલ્યો, દ્વારામતી તીર્થ વિષે મહાલ્યો. ૨૪
ત્યાંથી ગયોતે સરધાર ગામ, જોયા તહાં શ્રીહરિ મેઘશામ;
આવ્યો જગન્નાથ સમીપ એહ, મને મળ્યો મંદિર માંહિ તેહ. ૨૫
તેણે કહ્યું જે સરધાર જ્યાં છે, શ્રીસ્વામિનારાયણ દેવ ત્યાં છે;
કર્યા જઇ દર્શન એહ ઠાર, પ્રતાપ તેનો નિરખ્યો અપાર. ૨૬
તીર્થે જતાં રાત્રી જહાં વિરામ્યો, ત્યાં સ્વામિનારાયણ દર્શ પામ્યો;
તે કાકતાળીય[1] બન્યો બનાવ, કર્યો નહોતો મનમાં ઠરાવ. ૨૭
છે સ્વામિનારાયણ દેવ કેવા, તે એ જ છે ઈશ્વર એહ જેવા;
આકાશ આકાશ સમાન ભાઇ, સિંધુસમી સિંધુ તણી વડાઇ. ૨૮
એવી કહી જ્યાં મુજ પાસ વાત, ત્યાં તેહના આનનથી[2] અઘાત;
કોટી રવી તુલ્ય થયો પ્રકાશ, જોયો જગન્નાથ તણે નિવાસ. ૨૯
ત્યાં તો કર્યો મેં મનમાં વિચાર, તે નામમાં શક્તિ દિસે અપાર;
જે નામ લીધે પ્રગટ્યો પ્રકાશ, જઇ કરું દર્શન તેની પાસ. ૩૦
પછી જગન્નાથ થકી સિધાવ્યો, કાશી ફરી તીર્થ પ્રયાગ આવ્યો;
ત્યાંથી અયોધ્યાપુરમાં ગયો હું, પછીથી વૃંદાવનમાં રહ્યો હું. ૩૧
વશ્યો તહાં હું વડ હેઠ વાસો, દીઠો તહાં એક ભલો તમાસો;
જતી રહી જામની અર્ધ જ્યારે, આવ્યા અજાણ્યા જણ ચાર ત્યારે. ૩૨
વાશીદું વાળી અવની સુધારી, તે તો ગયા તે કરી ભૂમિ સારી;



૧.અણધાર્યું ૨.મુખથી



વેરાગી આવ્યા વળી અન્ય ચાર, છાંટી ગયા તે જળ તેહ ઠાર. ૩૩
વેરાગી બીજા વળી ચાર આવ્યા, તે ઢોલિયા જાજમ ગાદી લાગ્યા;
તેણે કર્યું રૂડી રીતે બિછાનું, જાણે રચ્યું રૂડું કચેરીખાનું. ૩૪
મેં જાણિયું તીરથ આ કહાવે,માટે અહીં કોઇ મહાંત આવે;
ત્યાં તો મળી મંડળ શ્રેષ્ઠ આવ્યું, સાથે મશાલો છડિદાર લાવ્યું. ૩૫
મેના વિષે કોઇ હતા મહાંત, કોઇ હતા પાલખી માંહિ સંત;
કોઇ બિરાજ્યા પછી તો પલંગે, બેઠા બીજા ગાદિ વિષે ઉમંગે. ૩૬
ઘણાંક તો જાજમ માંહિ બેઠા, કોઇ રસોઇ કરવા જ પેઠા;
કોઇ કરે પૂજન નિત્યપાઠ, જોગીંન્દ્ર જેવો જ જણાય ઠાઠ. ૩૭

**રથોદ્ધતાવૃત્ત :**

જ્યાં પછીથી જમવા સમો થયો, એક સાધુ તહિં તેડવા ગયો;
સર્વ સંતતણી પંગતિ થઇ, પાંચ સાત પીરસે લઇ લઇ. ૩૮
એક આવી મુજને કહે તમે, સાધુરામ જમવા ઉઠો સમે;
તે સુણી હું જમવા તહાં ગયો, ભક્ષ ભોજ્ય નિરખી ખુશી થયો. ૩૯
લાડુ ઘેબર જલેબી દૈથરાં, શાક પાક ભજિયાં ભલાં કર્યા;
સર્વ વસ્તુ પીરસાઇ જ્યાં રહે, એક સાધુ મુજ કાનમાં કહે. ૪૦
તે દયાળુ દિલનો હતો સહી, તેથી વાત મુજને ખરી કહી;
એક વાત કરવા ચિતે ચહું, તેથી ત્રાસ ઉપજે ન તો કહું. ૪૧
મેં કહ્યું હું દિલમાં નહીં ડરું, સાધુ તેહ સુણી બોલિયો ખરું;
સાધુરામ જમશો નહી તમે, ભૂતજાતિ સઘળાં છિયે અમે. ૪૨
પાત્ર માંહિ પકવાન જેહ છે, હાડ માંસ રુધિરાદિ તેહ છે;
તે સુણી વચન મેં કહ્યું તહાં, સંતરૂપ સઘળા દિસે ઇહાં. ૪૩

ભૂત કેમ સહુ સંત તે થયા, તે કહોજી કરીને તમે દયા;
સાધુ એમ સુણતાં જ બોલિયો, સત્ય ભેદ સઘળોય ખોલિયો. ૪૪

**ઉપજાતિવૃત્ત :**

સુણો કહું તે શુચિ સાધુરામ, અમે હતા એક પવિત્ર ધામ;
તેમાં હતા શ્રેષ્ઠ મહાંત કોઇ, ભંડારી થૈ કોઇ કરે રસોઇ. ૪૫
કોઠારી કોઠાર તપાશી રાખે, તથાપિ ચોરી લઇ ચીજ ચાખે;
સીધું સમર્પે જન દેવતાર્થે, અમે કર્યો તે ઉપયોગ સ્વાર્થે. ૪૬
જાણ્યા અમે સેવક મિત્ર જેને, ખાધું અમે ને ખવરાવ્યું તેને;
નિષ્પક્ષપાતે નહિ ધર્મ ધાર્યો, સાધુ તણો ધર્મ સદા વિસાર્યો. ૪૭
ન દેવતાની મરજાદ રાખી, જાણ્યા નહી અંતરજામી સાખી;
દેવાલયે કાંઇ કર્યાં કુકર્મ, પાળ્યો પળાવ્યો નહિ શુદ્ધ ધર્મ. ૪૮
પૂજારી થૈને બહુ પાપ કીધાં, ખાવા પદાર્થો બહુ ચોરી લીધાં;
કુદષ્ટિયે કામનિયો નિહાળી, તે પાપ તો કેમ શકાય ટાળી. ૪૯
સાધુ થઇને તજી સાધુતાઇ, અમે થયા તે થકી ભૂત ભાઇ;
અભક્ષ્યનું ભક્ષણ તો મળે છે, બહુ બહુ અંતર તો બળે છે. ૫૦
ઇચ્છું દયાથી હિત હું તમારું, ખાશો નહીં ભોજન આ અમારું;
એવું સુણી લાડુ જલેબી જેહ, ખાધાં નહીં મેં તિલમાત્ર તેહ. ૫૧
લૈ એક વસ્ત્રે ધરી ગાંઠ વાળી, ભૂતો ગયાં મેં તહિં રાત ગાળી;
જોયું પ્રભાતે પછી જાગી જ્યારે, અસ્થી તથા માંસ દિઠાં જ ત્યારે. ૫૨
હતા વળી ગર્ધભનાં જ લીંડાં, તથા હતાં કુર્કટ[1]જાતિ ઈંડા;
તે તો પછી મેં દૂર નાંખી દીધું, વસ્ત્રો પખાળ્યાં વળી સ્નાન કીધું. ૫૩
ત્યાંથી પછી હું કરતો પ્રવાસ, આવી રહ્યો શ્રીહરિકૃષ્ણપાસ;



૧.મરઘીના



જોતાં જ તેને જગદીશ જાણ્યા, પ્રત્યક્ષ સર્વોપરી તે પ્રમાણ્યા. ૫૪
દીધી મને ભાગવતી સુદીક્ષા, તથા સુણાવી શુભ ધર્મશિક્ષા;
નૃસિંહઆનંદ સુનામ આપ્યું, કૃપાનિધાને સહું કષ્ટ કાપ્યું. ૫૫
શ્રીજી કહે સૌ સુજાણે વિચારી, મહાંત કોઠારી તથા પુજારી;
કોઇ પ્રકારે કપટી જણાશો, જરૂર તો તે મરી ભૂત થાશો. ૫૬
સુણો ગૃહસ્થી સહુ બાઇ ભાઇ, જે મુજ હસ્તે મૂરતિ થપાઇ;
પ્રત્યક્ષ તે મુજ સ્વરૂપ જાણી, પૂજો સદા અંતર પ્રેમ આણી. ૫૭
જે ઉદ્યમે દ્રવ્ય કમાઇ લેજો, દેવાર્થ વીશાંશ દશાંશ દેજો;
ન દેવ નાણું કરજેથી લેવું, ન પાપ મોટું સુરઋણ જેવું. ૫૮
દષ્ટાંત ગોવર્ધનની ફઇનું, દીધું પ્રભુયે નરકે ગઇનું;
જો દેવતાનું ઋણના વળાય, તો ભાઇ અંતે ગતિ એવી થાય. ૫૯
તે દેવનાં વાહન વસ્ત્ર કાંઇ, ન પાત્ર લેવાં વ્યવહાર માંઇ;
નિષ્કામભાવે સજવી જ સેવા, અંતે થવા અક્ષરમુક્ત જેવા. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજજન પ્રતિ ઝાઝી એવી વાત, કરી હરિયે કરુણા કરી અઘાત;
સુણ નૃપ લવમાત્ર મેં કહી છે, પણ બહુ શેષ વિશેષ તો રહી છે. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે નૃસિંહાનંદ-આખ્યાનકથનનામા ચતુર્થો વિશ્રામઃ ॥૪॥***

**ઉપજાતિવૃત્ત :**

બોલ્યા વળી સુંદર શામરંગી, સુણો સહુ સંત તથા સુસંગી;
જન્માદિ જે ઉત્સવ કાંઇ આવે, તે કૃષ્ણના દાસ કરે કરાવે. ૧

કહું હવે નિર્ણય આજ એનો, રહે નહીં સંશય કાંઇ તેનો;
સચ્છાસ્ત્રમાં વૈષ્ણવનો સુધર્મ, છે તેહનો સૌ સુણજો સુમર્મ. ૨
ચૈત્ર શુદી જે નવમી ગણાય, હરિજયંતિ જન સર્વ ગાય;
તેનું વળી છે હરિનૌમી નામ, તેનો કહું નિર્ણય એહ ઠામ. ૩
જેને સદા આશ્રય છે અમારો, તેને જ આ નિર્ણય રૂચનારો;
રાત્રી ઘટીકા દશ જાય જ્યારે, નૌમી શશીવાસર પુષ્ય ત્યારે. ૪
જો એટલા જોગ બધાય હોય, તે કીજીયે અષ્ટમી વેધ તોય;
જો તેહમાં ન્યૂન કશું જણાય, તો અષ્ટમી વેધ તજો સદાય. ૫
જો કૃષ્ણ નૌમી દિન બેય આવે, તો પૂર્વ વારે વ્રત તે સુહાવે;
નૌમી તિથિનો ક્ષયકાળ ભાળી, લીજે સદા અષ્ટમી વેધવાળી. ૬
તે તો વિના અષ્ટમી વેધ એવી, તિથિ તજીને ઉદયાત[૧] લેવી;
મધ્યાહ્ન કાળે પણ ચિત્ત દીજે, શ્રીરામજન્મોત્સવ તેહ કીજે. ૭
વૈશાખ શુક્લા ઉદયાત લેવી, પ્રતીપદા કૂર્મજયંતિ એવી;
તેથી પછી જે તિથિ ત્રીજ નામ, તે દિન જન્મ્યા પ્રભુ પરશુરામ. ૮
ઉગ્યાથી મધ્યાહ્ન વિષે સુહાવે, ત્યારે તિથિ તે વ્રતની કહાવે;
ચતુર્દશી તે પછી જેહ આવે, નૃસિંહની જન્મતિથિ કહાવે. ૯
ચતુર્દશીનો ક્ષય હોય જ્યારે, ત્રયોદશીવેધ ગણો ન ત્યારે;
જે જેઠ માસે તિથિ પૂર્ણમાસી, છે સ્નાનયાત્રોત્સવ કેરી ખાસી. ૧૦
જો હોય જેષ્ઠા ઉદયાત કાળે, તે વાર તો ઉત્સવનો નિહાળે;
આષાઢ શુક્લે તિથિ બીજ ત્રીજે, જો પુષ્ય ભાનુ ઉદયાત લીજે. ૧૧
તે વાસરે છે રથકેરી જાત્ર, સુણો તમે સૌ સતસંગીમાત્ર;
વદી અષાઢી પડવે સુબીજે, વૃષાખ્ય રાશી બળ ચંદ્ર લીજે. ૧૨



૧.સૂર્યોદય વખતે જે તિથિ હોય તે ઉદયાત કહેવાય



ત્યારે હિંડોળે હરિને ધરીજે, ઉતારવા શ્રાવણકૃષ્ણ ત્રીજે;
જો ચંદ્રમાં મક્કર કુંભ કેરો, બળિષ્ઠ રાશી વૃષને ઘણેરો. ૧૩
શુદી ચતુર્થી તિથિ શ્રાવણી છે, જયંતિ વારાહ તણી ગણી છે;
મધ્યાહ્ન વ્યાપે તિથિ લેવી તેહ, બે હોય તો લે તિથિ બીજી જેહ. ૧૪
જન્માષ્ટમી શ્રાવણ કૃષ્ણ પક્ષે, તેનો કહું ભેદ તમો સમક્ષે;
જો અષ્ટમી રોહિણી વાર બુધ, અર્ધી નિશાયે તિથિ તેહ શુદ્ધ. ૧૫
તે ચારનો જો કદિ યોગ લાધે, તો સપ્તમી વેધ તણો ન બાધે;
જો ચારમાં ન્યૂન કશું જણાય, તો સપ્તમી વેધ તજો સદાય. ૧૬
પૂર્વે દિને યોગ બધા કહ્યા તે, બીજે દિને અષ્ટમી અર્ધ રાતે;
ત્યારે સમર્થે ઉપવાસ બેય, અશક્ત બીજે દિન તે કરેય. ૧૭
ન હોય જો મેં કહિ રીત તેવી, તો અષ્ટમી તે ઉદયાત લેવી;
શ્રીકૃષ્ણજન્માષ્ટમીનો વિચારી, નિશ્ચે કર્યો નિર્ણય પુણ્યકારી. ૧૮

**શાલિનીવૃત્ત :**

પ્રાતઃકાળે તે તિથિમાં પ્રમાણો, રામાનંદસ્વામીનો જન્મ જાણો;
તે તો કાંઇ ભુલી જાવું ન ભાઇ, છૈયે સર્વે તેમના સંપ્રદાયી. ૧૯

**ઉપજાતિવૃત્ત :**

તિથિ કહું અર્જુન જન્મ જેહ, છે ભાદ્રવાની શુદિ બીજ તેહ;
જો ઉત્તરા ફાલ્ગુની બીજ સાથે, મધ્યાહ્નકાળે રવિ હોય માથે. ૨૦
જાણો તિથિ ઉત્તમ હોય એવી, ન ઉત્તરા તો ઉદયાત લેવી;
જે એ જ માસે શુદિ ચોથ જાણો, ગણેશની જન્મતિથિ પ્રમાણો. ૨૧
મધ્યાહ્ન ટાણે તિથિ તેહ લેવી, માનો સુઆજ્ઞા મુજ કેરી એવી;
જે ભાદ્રવાની શુદિ અષ્ટમી છે, રાધાજીની જન્મતિથિ કહી છે. ૨૨

તે સપ્તમી વેધ જણાય એવી, જો અષ્ટમીનો ક્ષય તો જ લેવી;
તિથિ શુદી દ્વાદશી ભાદ્રમાસી, જન્મ્યા પ્રભુ વામન સુખરાશી. ૨૩
મધ્યાહ્ન વ્યાપી શુભ સાંભળેલી, તે ઉત્તમા જો શ્રવણે મળેલી;
આસો શુદી જે દશમી ગણાય, સંયુક્ત લેવી શ્રવણે સદાય. ૨૪
નક્ષત્ર જો તે તિથિમાં ન હોય, સંધ્યા સમાની તિથિ લેવી તોય;
રાસોત્સવી આશ્વિન પૂર્ણમાસી, સંધ્યા સમાની તિથિ તેહ ખાસી. ૨૫
સૂર્યોદયે દ્રવ્ય ત્રયોદશી તો, જો હોય તેનો ક્ષય દ્વાદશી તો;
ચતુર્દશી આશ્વિન કેરી કાળી, તે લીજીયે સંગવ કાળવાળી. ૨૬
પૂજા કરી જે હનુમાન કેરી, પીડા ટળે તે થકી તો ઘણેરી;
પ્રાતઃ પછી સંગવ કાળ સોય, મધ્યાહ્ન કેડે અપરાહ્ન હોય. ૨૭
સાયંસમો તેહ પછી પ્રમાણો, તે પાંચ ભાગે દિન એક જાણો;
સાયંસમે એ જ અમાસ આવે, દીપોત્સવી તેહ દિને સુહાવે. ૨૮
સાયંસમે જો પડવે ગણાય, તો અન્નકૂટોત્સવ તેદિ થાય;
ચતુર્દશી કાળિ દિવાળી જેહ, ને અન્નકૂટોત્સવ ત્રણ્ય તેહ. ૨૯
જોડે જ આવે જન સર્વ જાણો, એકે દિનો અંતર તો ન આણો;
ગોપાષ્ટમી કાર્તિક શુક્લ પક્ષે, તે લેવી સૂર્યોદયની સમક્ષે. ૩૦
એકાદશી કાર્તિક શુક્લ જાણો, પ્રબોધિની નામ ભલું પ્રમાણો;
તેનો કહું નિર્ણય આજ સારો, તે સાંભળી અંતરમાં ઉતારો. ૩૧

**વૈતાલીયવૃત્ત :**

સુણજો સતસંગિયો સહુ, વ્રત એકાદશી સર્વનું કહું;
દશમી તિથિ વેધ જે દિને, વ્રત તેનું કરવું ન તે દિને. ૩૨
દશમી તિથિ વેધ જાણિયે, ઘડિ પંચાવન જ્યાં પ્રમાણિયે;





દશમી પળ એક જો ઘટે, દશમીનો પછી વેધ તો મટે. ૩૩
દિન બે તિથિ તેહ થાય છે, વ્રત બીજે દિન તો કરાય છે;
દશમી ક્ષય જે દિને દિસે, વ્રત કીજે તિથિ દ્વાદશી વિષે. ૩૪
કદી દ્વાદશી બે દિને થશે, વ્રત આદ્યા તિથિ દ્વાદશી વિષે;
કરવું મુજના કહ્યા થકી, નરનારી સહુ જાણજો નકી. ૩૫
તિથિ જેહ પ્રબોધિની કહી, દિનમધ્યે વૃષજન્મ છે સહી;
તિથિ કાર્તિકી પૂર્ણિમા છતાં, પ્રગટ્યાં ભક્તિ દિનાસ્ત તે થયાં. ૩૬
તિથિ જેહ વસંતપંચમી, મુજને તો ઉદયાત તે ગમી;
વદિ ચૌદશ માઘની ગમે, શિવરાત્રી નિશિ અર્ધને સમે. ૩૭
વદિ ફાલ્ગુનની પ્રતિપદા, ફુલડોળોત્સવ જાણિયે તદા;
ઉગતાં રવિ હોય ઉત્તરા, કરિયે તો ફુલડોળ સૌ ખરાં. ૩૮
વળી એ જ સમે સુણો સહુ, નરનારાયણ જન્મ છે કહું;
શુભ ઉત્સવ આદરીજીયે, પ્રભુને તેથી પ્રસન્ન કીજીયે. ૩૯
તૃતિયા ઉદયાત દિનની, શુદિ ચૈત્રી સુજયંતિ મીનની;
સહુ ઉત્સવ એ રિતે કરો, મુજ દાસો સુણીને દિલે ધરો. ૪૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજજન હિતકાજ રાજરાજે, સુણતાં ભક્ત વિરક્તનો સમાજે;
નિજમત વ્રત ઉત્સવો બતાવ્યા, સુણી સહુના મનમાં ભલા જ ભાવ્યા. ૪૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવ્રતોત્સવ-નિરૂપણનામા પંચમો વિશ્રામઃ ॥૫॥*

**ઉપજાતિવૃત્ત :**

શ્રીજી કહે સાંભળજો સમસ્ત, મેં સ્થાપિ છે આ મૂરતિ સ્વહસ્ત;
સર્વે થકી આદિ સુમૂર્તિ જાણો, મેં સ્થાપિ માટે મહિમા પ્રમાણો. ૧
આ સંપ્રદાના શુભ આદિદેવ, સર્વોપરી છે જન સર્વ સેવ્ય;
એનું થશે મંદિર આંહિ મોટું, માહાત્મ્ય તેનું નહિ કાંઇ છોટું. ૨
પૂજા કરો સૌ ઉર પ્રેમ આણી, વદો સ્તુતિની વળી શુદ્ધ વાણી;
મારી જ પૂજા કરી માની લૈશ, જે ઇચ્છશો તે ફળ હું જ દૈશ. ૩
એવું સુણી સૌ સતસંગી સંત, પૂજ્યા પ્રભુને થઇ પ્રેમવંત;
સ્તુતિ કરી ત્યાં સહું તર્તખેવ, અહો દયાળુ પ્રભુ વાસુદેવ. ૪

**ચામરવૃત્ત :**

વાસુદેવ દેવદેવ વિશ્વના નિવાસ છો,
શંભુ શેષ ઈન્દ્ર ચંદ્ર સર્વને ઉપાસ્ય છો;
જે પરેશ અક્ષરેશ એ જ આપ છો તમે,
આદિદેવ જાણી વાસુદેવ વંદિયે અમે. ૫
જ્ઞાનદાન દ્યો દયાનિધાન આણિને દયા,
આશ્રિતો અનન્ય એક આપના અમે થયા;
મૂર્તિ આપની જ અંતરે ઉતારવી ગમે,
આદિદેવ જાણી વાસુદેવ વંદિયે અમે. ૬
મુક્તનાથ મુક્તસાથ પૃથ્વિમાં પધારિયા,
ટેક ધારીને અનેક જીવને ઉધારિયા;
જે ભજે ન આપને અનંત દુઃખ તે ખમે,
આદિ દેવ જાણી વાસુદેવ વંદિયે અમે. ૭





હે કૃપાળુ ધર્મપાળ ભક્તિબાળ ભૂધરા,
આપને સુસંગથી કુસંગી કૈક સૂધર્યા;
જે નમે ન કોઇને તમારી પાસ તે નમે,
આદિદેવ જાણી વાસુદેવ વંદિયે અમે. ૮
આપને પ્રસન્ન કાજ યજ્ઞ યાગ આદરે,
આપને પ્રસન્ન કાજ ધ્યાન ધારણા કરે;
આપને પ્રસન્ન કાજ જોગી દેહને દમે,
આદિદેવ જાણી વાસુદેવ વંદિયે અમે. ૯
હે પ્રભો ભલે અમારી પાસ આપ આવિયા,
અંગમાં ઉમંગ તો અભંગ ઊપજાવિયા;
ભૃંગ થૈ અમારું ચિત્ત પાદપદ્મમાં ભમે,
આદિદેવ જાણી વાસુદેવ વંદિયે અમે. ૧૦
નિત્ય આપની છબી અહો અમે નિહાળિયે,
તેથી પાપ ને તથા ઉતાપ[૧] સર્વ ટાળિયે;
કોણ ભાગ્યશાળી છે અમારી તુલ્ય આ સમે,
આદિદેવ જાણી વાસુદેવ વંદિયે અમે. ૧૧
હાથ જોડિ નાથ એટલું જ માગિયે અહો,
દુર્ગપત્તને દયા કરી હરિ સદા રહો;
મૂર્તિ આપની અમારી આંખ્યમાં રહી રમે,
આદિદેવ જાણી વાસુદેવ વંદિયે અમે. ૧૨

**ઉપજાતિવૃત્ત :**

સ્તુતિ કરી સૌ મળી એમ જ્યારે, સુણ્યો સહુયે ભણકાર ત્યારે;



૧.દુઃખ, ચિંતા

અહીં થકી ક્યાંઇ નહીં જઇશ, સદૈવ હું દુર્ગપુરે રહીશ. ૧૩
સુણી સહુ પૂરણ હર્ષ પામ્યા, ઉઠી સભા જૈ જન તો વિરામ્યા;
બીજે દિને સંઘ ગયા સ્વદેશ, લીલા હરિની ઉચરે હમેશ. ૧૪
રાજા કહે હે મુનિ બ્રહ્મચારી, કથા તમે આજ સુણાવી સારી;
પૂછું હવે ઉત્તર એહ આપો, કૃપા કરી સંશય સર્વ કાપો. ૧૫
તમે કહી જે પ્રતિમા પ્રભુની, તે આજ ક્યાં છે છબી સૌથી જુની?
બોલ્યા સુણી તત્ક્ષણ વર્ણીરાય, સુણો કહું તેની બીજી કથાય. ૧૬

**વૈતાલીયવૃત્ત :**

શુભ દુર્ગપુરી વિષે વળી, વરસો કાંઇ ગયાં જ નીકળી;
શુભ મંદિર ગોપીનાથનું, રચિયું શ્રેષ્ઠ ઘણાક હાથનું. ૧૭
રચિયા ત્રણ ખંડ તેહમાં, પ્રતિમાઓ પધરાવી જેહમાં;
વચલે પ્રભુ ગોપીનાથ છે, સતિ રાધા પણ તેની સાથ છે. ૧૮
પછી પશ્ચિમ ખંડને વિષે, વૃષ ભક્તિ તણી મૂર્તિયો દિસે;
વૃષની જમણી ભુજા ભણી, છબી આદીશ્વર[1]ની લસે[2] ઘણી. ૧૯
વળી જે દિશિ પૂર્વખંડ છે, શુભ તેમાં છબી મા[3]રતંડ છે;
સુણ હે નૃપ તેં પૂછ્યું સહી, છબી ક્યાં છે શુભ તે કથા કહી. ૨૦
મૂરતિ સહુ મોર જાહરે, હતી થાપી ઘર માંહિ તાહરે;
મખકુંડ કર્યો હતો તહાં, હરિહસ્તે ઘૃત હોમિયું જહાં. ૨૧
મહિમા મન માંહિ ધારીને, નૃપતિ ઉત્તમ તે વિચારીને;
મખકુંડ અખંડ રાખિયો, મહિમા શ્રેષ્ઠ મુનીંદ્ર ભાખિયો. ૨૨

**ઉપજાતિવૃત્ત :**

કહે ભૂમાનંદ કૃપા કરીને, વિવેકી સારા જન વાઘજીને;



૧.વાસુદેવ નારાયણ ૨.શોભે ૩.સૂર્ય



સુણો કથા સ્નેહ સહિત સારી, પછી થયું તેહ કહું વિચારી. ૨૩

**વૈતાલીયવૃત્ત :**

નૃપ ઉત્તમ પુત્ર જે થયા, શુભ નામે અમરીષ સૌ કહ્યા;
કર્યું રક્ષણ યજ્ઞકુંડનું, કરવા ધ્યાન સદા અખંડનું. ૨૪
વૃષવંશિ વિહારીલાલજી, પદ આચાર્ય લીધું વિશાળજી;
મહિમા મખકુંડનો ધરી, તહિં રાખ્યો દઢ કુંડ તે કરી. ૨૫
જન દર્શન સર્વ જૈ કરે, ધરણીનો મહિમા દિલે ધરે;
કૃતિ જાણિ વિહારીલાલની, સ્તુતિ બોલે જન ધર્મપાળની. ૨૬
નહિ મંદિર જે નવું કરે, નહિ જે ગ્રંથ નવીન આદરે;
નહિ કારજ શ્રેષ્ઠ જો કર્યું, પદ આચાર્ય ધર્યું નહીં ધર્યું. ૨૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

સુણી બટુ[1]મુખથી કથાપ્રસંગ, પુલકિત પુષ્ટ થયું નરેશ અંગ;
પ્રણમી ચરણકંજ વારવારે, મુખ થકી ધન્ય સુધન્ય તે ઉચારે. ૨૮

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીવાસુદેવનારાયણ-મૂર્તિમાહિમાનિરૂપણનામા ષષ્ઠો વિશ્રામઃ ॥૬॥***

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો અભયસિંહ અવનીશ;
બાસઠ્યા તણી સાલમાં, રહ્યા દુર્ગપુરે જગદીશ. ૧
ઓરડામાં વાસુદેવની, પ્રભુ કરી પ્રતિષ્ઠા જેહ;
તે તો કથા તમને કહી, ધરી નિશ્ચળ મનમાં નેહ. ૨
આવ્યો ઉત્સવ હરિનૌમીનો, પક્ષ શુક્લમાં ચૈત્ર મોઝાર;



૧.અચિંત્યાનંદ બ્રહ્મચારી

તે ઉત્સવ પણ ત્યાં કર્યો, મળ્યા લોક હજારો હજાર. ૩
આવ્યા તહાં ચરોતર થકી, સદગુરુ અનંતાનંદ;
કર જોડી તેણે કહ્યું, સુણો શ્રીહરિ આનંદકંદ. ૪
દેશ ચરોતરમાં હવે, સારો ઘણો વધ્યો સતસંગ;
દર્શન કરવા આપનાં, ઘણા જન ધરે છે ઉમંગ. ૫
કૃપાનિધિ કરીને કૃપા, આપ પધારો ત્યાં એક વાર;
ભાવથી તમને ભેટવા, અતિ આતુર છે નરનાર. ૬
એવું સુણી હરિ બોલિયા, અમે આવશું ત્યાં તો જરૂર;
વચન સુણી વાલા તણું, અનંતાનંદ હરખ્યા ઉર. ૭

**ચોપાઈ :**

ચરોતરમાં જવા સાક્ષાત, કહી ભૂપ અભયને તે વાત;
કર જોડી કહે ત્યારે રાય, કેમ તમ વિયોગે રહેવાય ? ૮
તમારું કર્યા વિણ દરશન, કેમ જમિયે અમે પ્રભુ અન્ન ?
બોલ્યા શ્રીહરિ ધીરજ ધરજો, વાસુદેવનાં દર્શન કરજો. ૯
વાસુદેવની મૂરતિ દ્વારે, સુખ આપીશ સર્વ પ્રકારે;
ઘણા જીવ મુમુક્ષુને કાજ, લૈને જૈશ હું સંતસમાજ. ૧૦
સુણી ભૂપ બોલ્યા તેહ ટાણે, કરો આપની ઈચ્છા પ્રમાણે;
પછી કીધી જવાની તૈયારી, લીધા સાધુ પાળા બ્રહ્મચારી. ૧૧
સખા ખાચર સોમલો સૂરો, જેનો પ્રેમ ન કાંઈ અધૂરો;
સાથે લૈને ચાલ્યા ઘનશામ, કારિયાણીયે કીધો મુકામ. ૧૨
ગામ ખરડ ગયા ગિરધારી, કૃતકૃત્ય કર્યા નરનારી;
ગામોગામ કરીને નિવાસ, કર્યો આપ પ્રતાપ પ્રકાશ. ૧૩





ગયા ધોળેરે ધર્મકુમાર, પુંજાભાઈ તણે દરબાર;
અજુબા ફુલજીબાયે જોઈ, કરાવી વિપ્ર પાસે રસોઈ. ૧૪
ભાવ ભાળી જમ્યા ભગવાન, દીધાં દૈવીને દર્શન દાન;
રહ્યા શ્રીહરિ ત્યાં એક રાત, પછી ઉઠીને ચાલ્યા પ્રભાત. ૧૫
આવ્યા સાભ્રમતીને કિનારે, ઉતર્યા શિકોતરતણે આરે;
ઉલંઘીને ખંભાતનું બારું, કાશીદાસને ભેટવા સારુ. ૧૬
બોચાસણમાં ગયા બળવંત, હરખ્યા કાશીદાસ અત્યંત;
કાશીદાસે સેવા સજી સારી, છબી અંતરમાં લીધી ધારી. ૧૭
તેની માયે પૂછ્યું પ્રભુ પાસે, કહોજી મારું કલ્યાણ થાશે ?
સુણી બોલ્યા સદા સુખદાઈ, તમારું થાય તે શી નવાઈ. ૧૮
સગા સંબંધી જે છે તમારા, જશે તે પણ ધામમાં મારા;
તમો હાથના રોટલા ખાશે, નકી તેનુંયે કલ્યાણ થાશે. ૧૯
કાશીદાસે વિચારિયું મન, કરું મારા સગાને પાવન;
જાઉં લૈ પ્રભુને તેને ઘેર, કરે દર્શન સૌ રુડી પેર. ૨૦
વેલમાં બેસાર્યા ઘનશામ, પછી લૈ ગયા દાવોલ ગામ;
સગાને કરાવ્યાં દરશન, વળી ત્યાંથી ગયા ગામ અન્ય. ૨૧
ફરતા કેટલેક દહાડે, ઘનશામ ગયા સીંજીવાડે;
સાયંકાળે જઈ ગામ પાસ, કર્યો ગામને ગોંદરે વાસ. ૨૨
પાંચ અસ્વાર લૈ ઘનશામ, રાયધણજી ને ભટ મયારામ;
ગયા જગરૂપ બારોટ ઘેર, નામ પૂછતા ઉત્તમ પેર. ૨૩
જોઈ બોલિયા જગરૂપભાઈ, કહો ક્યાંના છે આ ઠકરાઈ[1];
રાયધણજી બોલ્યા રુડી રીતે, કહું તે તમે સાંભળો પ્રીતે. ૨૪



૧.રજવાડાનો ગરાસદાર

**ઉપજાતિવૃત્ત :**

જેને શ્રુતી બ્રહ્મપુરી કહે છે, નિવાસી સૌ નિર્ભય જ્યાં રહે છે;
સમૃદ્ધિ જ્યાં સર્વ પ્રકાર નાના, તમે પૂછ્યું તે ઠકરાઇ ત્યાંના. ૨૫
નથી જહાં કોઈ તણો જ ત્રાસ, અખંડ છે જ્યાં સુખનો જ વાસ;
જ્યાંના નિવાસી નથી છેક છાના, તમે પૂછ્યું તે ઠકરાઇ ત્યાંના. ૨૬
ચિંતામણીના બહુ ચોક જ્યાં છે, સુકલ્પ-વૃક્ષો અગણીત ત્યાં છે;
મરે ન જન્મે ન નિવાસી જ્યાંના, તમે પૂછ્યું તે ઠકરાઇ ત્યાંના. ૨૭
જ્યાં કાળશત્રુ કદીયે ન ફાવે, જ્યાં રોગ કે શોક કશું ન આવે;
અખૂટ જ્યાં છે ધનના ખજાના, તમે પૂછ્યું તે ઠકરાઇ ત્યાંના. ૨૮
જહાં વસે શેઠ ધનાઢ્ય કેવા, ન જાણવા ઈન્દ્ર કુબેર એવા;
છે કૈંક તો વાસી સદા તહાંના, તમે પૂછ્યું તે ઠકારાઇ ત્યાંના. ૨૯
જહાંની હુંડી સરવત્ર ચાલે, ક્યાંઈથી પાછી કદીયે ન વાળે;
જ્યાં ઉપરી છે જગતો બધાના,તમે પૂછ્યું તે ઠકરાઇ ત્યાંના. ૩૦
જ્યાં કાળ માયા ન કરે પ્રવેશ, જ્યાં દુઃખ દારિદ્ર દિસે ન લેશ;
દિસે જહાં સાગર તો દયાના, તમે પૂછ્યું તે ઠકરાઇ ત્યાંના. ૩૧
જ્યાં ક્લેશ કંકાસણ તણો ન વાસ, દિસે ન કોઈ કદીયે ઉદાસ;
ત્યાં જાય તે મુક્ત સહુ થવાના, તમે પૂછ્યું તે ઠકરાઇ ત્યાંના. ૩૨

**ચોપાઈ :**

રાયધણજી કહે જગરૂપ, આ છે અક્ષરધામના ભૂપ;
એનું સ્વામિનારાયણ નામ, દયા લાવી આવ્યા તવ ધામ. ૩૩
અનંતાનંદ સ્વામીયે તમને, કરી વાત ધરાવ્યા નિયમને;
જેહ પ્રગટ પ્રભુ ઓળખાવ્યા, એ જ આ પ્રભુ તમ ઘેર આવ્યા. ૩૪





એવું સુણતાં રહખ થયો જેવો, કવિથી ન વરણવાય તેવો;
દંડવત કરીને લાગ્યા પાય, નેણે પ્રેમનાં જળ વહ્યાં જાય. ૩૫
અહો નાથ અહો પ્રાણનાથ! ભલે આવ્યા સખા લઈ સાથ;
એમ બોલે કાલા ઘેલા થાય, ઉઠી લાગે વારેવારે પાય. ૩૬
માથે હાથ મુક્યા મહારાજે, આપી આશિષ કલ્યાણ કાજે;
ઢાળી ઢોલિયો દીધો બિછાવી, બેઠા તે પર શ્રીહરિ આવી. ૩૭
બાપુભાઇ પટેલ તે વાત, જાણી આવિયા થૈ રળિયાત;
પ્રભુને કર્યા દંડ પ્રણામ, બીજા ભક્ત આવ્યા એહ ઠામ. ૩૮
અતિ સ્નેહથી દર્શન કીધાં, નિજ ભાગ્ય ભલાં ગણી લીધાં;
નારી બારોટની સજુબાઈ, સારી કરવા રસોઈમાં ડાઈ. ૩૯
હતો જે કોઇ ક્ષત્રિસમાજ, કર્યું ભોજન તેહને કાજ;
મયારામ ભટે રાંધ્યું જેહ, જમ્યા શ્રીજગજીવન તેહ. ૪૦
હતા પાદરમાં કાશીદાસ, તેને તેડાવ્યા પોતાની પાસ;
જથા જોગ્ય સહુને જમાડ્યા, અતિ આનંદ અંગે પમાડ્યા. ૪૧
જમીને પ્રભુ ઢોલિયે બેઠા, પુરવાસી આવી બેઠા હેઠા;
ધર્મ જ્ઞાન વૈરાગ્યની વાત, કરી શ્રીહરિયે સાક્ષાત. ૪૨
જગરૂપની પરસાળ[૧]માંય, ઢાળ્યો ઢોલિયો પોઢવા ત્યાંય;
તેની ઉપર મશરુ તળાઈ, સારો ઓછાડ પણ સુખદાઈ. ૪૩
કર્યું ઓશિકું પૂર્વ દિશાય, પોઢ્યા તે પર શ્રીહરિરાય;
જગરૂપ બાપુભાઇ બેય, પ્રભુની પદસેવા કરેય. ૪૪
શ્રીજી પૂછે રુડા સમાચાર, પૂછે શ્રીજીને તેહ તે ઠાર;
એમ કરતાં પરસ્પર વાત, ડોઢ પોર વીતી ગઈ રાત. ૪૫



૧.ઓસરી

બોલ્યા શામ બન્ને પ્રતિ ત્યારે, અમે ચાલશું કાલ સવારે;
બાપુભાઇ કહે ધીરા થાજો, મારે ઘેર જમ્યા પછી જાજો. ૪૬
ઘણી તાણ કરી ક્હ્યું જ્યારે, તથા અસ્તુ કહ્યું પ્રભુ ત્યારે;
સુણી એવું રુદે રાજી થૈને, સૂતા સૌ સઉને સ્થળ જૈને. ૪૭
પછી ઊઠિયા કૃષ્ણ પ્રભાતે, કરી નિત્યક્રિયા ભલી ભાતે;
બાપુભાઇયે રસોઇ કરાવી, જમ્યા શામ સાથે સહુ આવી. ૪૮
રુડી રીતે રહ્યા તહાં રાત, વીતી રાત ને પ્રગટ્યું પ્રભાત;
પછી ઘોડે મંડાવ્યા પલાણ, થયા તૈયાર શામ સુજાણ. ૪૯
કહે જગરૂપને જગનાથ, કોઇ ભોમિયો મોકલો સાથ;
જગરૂપ કહે જગદીશ, આપની સાથે હું જ આવીશ. ૫૦
કાકો લખમણ બારોટ નામે, માગી તેની ઘોડી જવા કામે;
ઘોડી લૈને ચાલ્યા જગરૂપ, જ્યારે ચાલ્યા તે ભૂપના ભૂપ. ૫૧
જગરૂપ તણી વૃદ્ધ માયે, જાણ્યું મુજ સુતને લઇ જાયે;
લાગી કકળાટ કરવાને જ્યારે, રાયધણજી તેને કહે ત્યારે. ૫૨
પ્રભુ-ખોળે છે પુત્ર તમારો, તેની ચિત્તથી ચિંતા વિસારો;
ઘણી એ રીતે ધીરજ દીધી, પછી વાટ બાળંટાની લીધી. ૫૩
પ્રભુ અશ્વે થયા અસવાર, સાથે સ્વાર હતા ત્રણ ચાર;
કાશીદાસની વેલ તે વાંસે, ચાલે સંતમંડળ તેહ પાસે. ૫૪
બાળંટે થઈને મગરોળ, ગયા સર્વે તે કરતા કલ્લોલ;
ગામ દેવાની પૂર્વ દિશાયે, કુવો દેખીને ઊતર્યા ત્યાંયે. ૫૫
દંતધાવન આદિક કીધું, સર્વ નિત્યકરમ કરી લીધું;
બેઠા વેલમાં વિશ્વવિહારી, વસો પુરમાં જવાનું વિચારી. ૫૬





ગયા ત્યાંથી ગાઉ એક જ્યારે, ભટ્ટ પાછળ રહી ગયા ત્યારે;
પડ્યા ઘોડી ઉપર થકી ભટ્ટ, જાણ્યું અંતરજામીયે ઝટ. ૫૭
વેલ પોતાની ઉભી રખાવી, રાયધણજીની ઘોડી મંગાવી;
પોતે તે પર અસ્વાર થૈને, ભટ્ટજીની દશા જોઇ જૈને. ૫૮
ભટ્ટ ભૂમિ ઉપર હતા ફરતા, ઘોડી ઝાલવાનો શ્રમ કરતા;
ઘોડી તો દૂર નાસતી જાય, ભટ્ટને મુખ શ્વાસ ન માય. ૫૯
ઘનશામે તે ઘોડીને ઝાલી, આવ્યા ત્યાં તો મયારામ ચાલી;
પડેલો ભોંએ ભટ્ટનો ખડિયો, જતાં તે જગદીશને જડિયો. ૬૦
નાથે ખડિયો ઉપાડિયો જ્યારે, થયા ખડખડ વાસણ ત્યારે;
નાખી દીધો તે ખડિયો રિસાઇ, કહ્યું ઘોડીનો વાંક શો ભાઇ ? ૬૧
વિપ્ર વાસણ રાખે ઘણાંય, તેથી ખડખડ ભડભડ થાય;
ઘોડું ભડકીને ભાગે જરૂર, કરે અસ્વારને ચકચૂર. ૬૨
ભટ્ટની ઘોડિયે ભગવાન, થયા અસ્વાર થૈ સાવધાન;
ભટ્ટ ખડિયો પોતા તણો લૈને, બીજી ઘોડી ઉપર બેઠા જૈને. ૬૩
ભાભારામની ભાગોળે આવ્યા, જનના મનમાં પ્રભુ ભાવ્યા;
નાખી ઘોડીને કૃષ્ણે કુંડાળે, આંટા સો ફેરવી એહ કાળે. ૬૪
એવી લીલા શ્રીજી તણી જેહ, ધરે ધ્યાનમાં મુનિજન તેહ;
આપે દાસને આનંદ ભારી, એવા શ્રીહરિ વિશ્વવિહારી. ૬૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રગટ હરિ તણાં ચરિત્ર જેહ, શુક સનકાદિક નિત્ય ગાય તેહ;
અધમ પતિત પાપીને ન ભાવે, સુણી સુણી કોટિ કુતર્ક ચિત્ત લાવે. ૬૬

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે***

***અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિચારુતર-પ્રાંતવિચરણનામા સપ્તમો વિશ્રામઃ ॥૭॥***

**પૂર્વછાયો :**

વસો ભણી પ્રભુ વિચર્યા, દેવા ગામથી દીનદયાળ;
સામા આવ્યા સતસંગીયો, સમાચાર સુણી તતકાળ. ૧

**ચોપાઈ :**

સામા આવિયા ત્યાં વાલાભાઈ, તેની પત્નિ તે અવલબાઈ;
તુલસીભાઈ પણ ત્યાં વિચરિયા, જેણે અંતરમાં હરિ ધરિયા. ૨
દવે દાદા આદિક સતસંગી, આવ્યા દર્શન કાજ ઉમંગી;
આવ્યા કાનજી ઠક્કર લુવાણા, સત્સંગમાં જે વખણાણા. ૩
લાવ્યા માટલી બરફીની ભરી, ધર્મનંદન આગળ ધરી;
જમ્યા શ્રીજગજીવન તેહ, આપી સૌને પ્રસાદી તો એહ. ૪
હતા બારોટ જે જગરૂપ, કહે તેહને વૃષકુળભૂપ;
જાઓ ઘેર હવે તમે ભ્રાત, કરે છે ચિંતા તમારી માત. ૫
ઘણું કરતાં હશે કલપાંત, તમે જૈ પમાડો મન શાંત;
હેત માતાનું હોય અપાર, રાખે પુત્ર ઉપર બહુ પ્યાર. ૬

**માતાના પ્રેમ વિષે : ઉપજાતિવૃત્ત :**

માતા તણો પ્રેમ અપૂર્વ હોય, તે તુલ્ય સ્નેહી નહિ અન્ય કોય;
સંસારમાં અન્ય ઘણી સગાઈ, માતાની તુલ્યે નહિ કોઈ ભાઈ. ૭
જે આપનું સત્વ શરીર કેરું, તે પુત્રને પાય અહો ઘણેરું;
એવી રીતે પોષણકારી કોય, માતાની તુલ્યે જગમાં ન હોય. ૮
જુઓ તપાસી પશું પક્ષીમાંય, માતા તણો સ્નેહ ઘણો જણાય;





પોતે સહે સંકટ કોઈ કાળે, તથાપિ સ્નેહે સુતને જ પાળે. ૯
ભાઈ તથા મિત્ર કળત્ર[૧] પુત્ર, જે જે સગાં સ્નેહિ જણાય અત્ર;
તે સર્વ છે સ્વારથની સગાઈ, નિઃસ્વાર્થ માતાની સગાઈ ભાઈ. ૧૦
કરે તિરસ્કાર કુપુત્ર માઁનો, માઁનો ખરો સ્નેહ નહીં જવાનો;
જો પુત્ર ગાંડો નબળો નઠારો, તથાપિ માઁને મન હોય પ્યારો. ૧૧
ચકોરને છે પ્રિય ચંદ્ર જેવો, ભુજંગને તો મણિ હોય એવો;
દૃષ્ટાંત મિત્રાદિક એહ દેય, માતાની પ્રીતિ ખરી એવી છેય. ૧૨
માતાની પ્રીતિ પ્રભુયે રચેલી, બીજાની તો કર્ત્રિમ છે કરેલી;
પ્રત્યક્ષ ને ચિત્રિત હોય જેવું, માઁનું તથા અન્યનું હેત એવું. ૧૩
પ્રવાસથી પુરુષ ઘેર આવે, માતા તથા પત્નિ પ્રહર્ષ લાવે;
માતા કહે પુત્ર ભલે જ આવ્યા, પત્ની પૂછે શુંય કમાઈ લાવ્યા ? ૧૪

**ચોપાઈ :**

સ્નેહસાગર માતા તમારી, વાટ જોતાં હશે દૃષ્ટિ ધારી;
માટે જૈ તેને સુખ સંપડાવો, મારી આજ્ઞા આ માથે ચડાવો. ૧૫
એવી આજ્ઞા કરી મુનિભૂપ, તેથી ઘેર ગયા જગરૂપ;
કાશીદાસને પણ કહ્યું ત્યારે, તમે ઘેર સિધાવો તમારે. ૧૬
કર જોડી કહે કાશીદાસ, તમે સાંભળો શ્રીઅવિનાશ;
મારા સંબંધી માતરમાં છે, માટે તમને તેડી જવા ત્યાં છે. ૧૭
સુણી શ્રીહરિ તૈયાર થયા, મનમોહન માતર ગયા;
એક બાવાને ઈરષા વાધી, તેણે કરવાને માંડી ઉપાધી. ૧૮
ત્યાંના બારોટ બહુ હતા સારા, તેણે ચોરામાં હરિને ઉતાર્યા;
બહુ બાવાને તેણે ડરાવ્યો, તેથી ઉપાધિ કરવા ન ફાવ્યો. ૧૯



૧.સ્ત્રી

કાશીદાસના સંબંધી ઘેર, જમી આવ્યા પ્રભુ રુડીપેર;
ત્યાંથી ફરતા બીજાં ઘણાં ગામ, ગયા ઉત્તરસંડે તે શામ. ૨૦
ત્યાં તો નરહરદાસ પટેલ, મહિમા પ્રભુનો સમજેલ;
તેણે ઉતાર્યા પોતાને ઘેર, સ્નેહે સેવા સજી શુભ પેર. ૨૧
ત્યાંથી પીજ ગયા પરમેશ, દેવા દૈવીને શુભ ઉપદેશ;
બચ્ચાભાઈની ખડકી છે જ્યાંય, ઉતર્યા ત્રિભુવનપતિ ત્યાંય. ૨૨
ભાઈજીભાઈ ઝવેરદાસ, કાનદાસ આવ્યા પ્રભુપાસ;
મળી સૌએ સજી સારી સેવા, લાભ અચળ અલૌકિક લેવા. ૨૩
વાત ચાલી ડભાણે ઘણી જ, મહાપુરુષ પધાર્યા છે પીજ;
તેમાં ભારે ચમત્કાર ભાસે, કીધે દર્શન પાપ પ્રનાશે[૧]. ૨૪
વિષ્ણુદાસના રઘુનાથદાસ, તેનો ગામ ડભાણમાં વાસ;
પુત્રી પાવન અવલબાઈ, ભલાં દૈવી તે ભગની ને ભાઈ. ૨૫
કરી તાતને વિનતિ ઘણીજ, આપો આજ્ઞા અમે જૈયે પીજ;
મહાપુરુષને આપણે ઘેર, તેડી લાવિયે ઉત્તમ પેર. ૨૬
વિષ્ણુદાસે કહ્યું ભલે જાઓ, પદ પરશીને પાવન થાઓ;
પછી પીજ ગયાં બેન-ભાઈ, કર્યા દરશન અતિ સુખદાઈ. ૨૭
ઘણી વિનતિ સુણાવી સુજાણ, પ્રભુ લૈ ગયાં ગામ ડભાણ;
ઉતર્યા વિષ્ણુદાસ નિવાસ, શામે સૌની પુરી કરી આશ. ૨૮
એક ગોવિંદભાઈ પટેલ, જેના મનમાં નહીં લેશ મેલ;
નામે રાયજી તે જણ બેય, એક વિપ્ર પ્રભુરામ છેય. ૨૯
વિપ્ર કુબેરજી મયારામ, વળી નાગજી ગોવિંદરામ;
પ્રભુરામના સુત જગન્નાથ, એહ આદિક સત્સંગી સાથ. ૩૦



૧.નાશ પામે



સર્વ શ્રીહરિની સેવા કરે, ઉપદેશ સુણી ઉર ધરે;
પછી ત્યાંથી ગયા જગતાત, ગામ ટુંડેલ થૈ પીપળાત. ૩૧
બામણોલી ગયા બહુનામી, નિજજન હિત અંતરજામી;
તહાં ભક્ત તખોપગી નામ, તેને વાલા ઘણા ઘનશામ. ૩૨
મુક્તાનંદ તણે ઉપદેશે, તેને જ્ઞાન મળેલું વિશેષે;
સુણ્યા તેણે સારા સમાચાર, આંહિ આવે છે ધર્મકુમાર. ૩૩
સામા જૈને કર્યું સનમાન, ભાવે ભેટિયા શ્રીભગવાન;
રુડી રાયણ છે એક જ્યાંય, ઢાળ્યો ઢોલિયો લાવીને ત્યાંય. ૩૪
બિરાજ્યા ઢોલિયે મહારાજ, બેઠો આગળ સંતસમાજ;
કૂવો ત્યાંથી ઈશાનમાં ભાળી, તહાં નાવા ચાલ્યા વનમાળી. ૩૫
દંતધાવન આદિક કીધું, નિત્યકર્મ તહાં કરી લીધું;
હરિમજ્જનનું નીર રાખ્યું, તખાભક્તે કૂવા માંહિ નાંખ્યું. ૩૬
સર્વે લોકની બુદ્ધિ સુધરવા, કૂવો તેહ પ્રસાદીનો કરવા;
એક જાજમ પાથરી હતી, બેઠા ત્યાં પછી સંતના પતિ. ૩૭
મુક્તાનંદ આદિક સહુ સંત, બેઠા નિર્ખવા શ્રીભગવંત;
ધર્મ ભક્તિ ધરી દિવ્ય દેહ, હતાં શ્રીજીની સેવામાં તેહ. ૩૮
તખાભક્તે કહ્યું જમવાનું, પણ શ્રીહરિયે નહિ માન્યું;
જતાં વરતાલ વિલંબ થાય, માટે જમવા નહી રહેવાય. ૩૯
એવાં વચન બોલ્યા હરિ જ્યારે, મુકી કેરિયો લાવીને ત્યારે;
સંતને હરિયે વેંચી દીધી, સંતે જાણી પ્રસાદી તે લીધી. ૪૦
જમ્યા કેરિયો શ્રીજી ને સંત, હરખ્યા તખોભક્ત અત્યંત;
બ્રહ્મા ઈન્દ્ર મહેશ ગણેશ, આવ્યા ગાંધર્વ શારદા શેષ. ૪૧

પ્રભુ દર્શનની કરી આશ, બેઠા સર્વ તે રાયણ પાસ;
વાત વરતાલ માંહિ વિસ્તરી, બામણોલી પધાર્યા છે હરી. ૪૨
પડ્યાં મેલી બીજાં બધાં કાજ, સામો ચાલિયો સર્વ સમાજ;
પ્રેમી ભક્ત મહુડિયા પરાના, પગી જાલમ ચાલિયા ત્યાંના. ૪૩
જન સામો મળ્યો નર કોઇ, તેને પૂછ્યું તેના સામું જોઇ;
ભાઇ સ્વામિનારાયણ ક્યા છે ? તેની સાથે બીજા કોણ ત્યાં છે ? ૪૪

**ઉપજાતિવૃત્ત :**

બોલ્યો સુણીને નર તેહ ઠામ, છે બામણોલી શુભ ગામ નામ;
કૂવા તહાં રાયણથી ઈશાને, છે સ્વામિનારાયણ તેહ સ્થાને. ૪૫
આવ્યા સુરો દર્શનકેરી આશ, બેઠા મળી રાયણ વૃક્ષ પાસ;
સંતો તથા ભક્ત ગૃહસ્થ જે છે, શ્રીસ્વામિનારાયણ પાસે તે છે. ૪૬
સભા વિલોકી સુર રાજી થાય, ઉત્સાહ એનો વરણ્યો ન જાય;
ગાંધર્વ સર્વ ગુણ ઉચ્ચરે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે. ૪૭
જે મુખ્ય તો મુક્ત મુની ગણાય, વૈરાગ્ય જેનો વધતો જણાય;
વાર્તા કથા શ્રીહરિની કરે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે. ૪૮
મહેશ સાથે સુત છે ગણેશ, સુરોની સાથે વળી છે સુરેશ;
શેષાદિ સર્વે સુજશો કહે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે. ૪૯
મુકુંદ જે નૈષ્ઠિક વર્ણીરાજ, પૂજા તણો તે લઇ સર્વ સાજ;
ઉભા ઉભા અર્ચન આચરે છે, શ્રી સ્વામિનારાયણ પાસ તે છે. ૫૦
તહાં વળી નારદ શારદાદિ, કવિત્વકારી કવિ વાલ્મિકાદિ;
ચરિત્રના ગ્રંથ રુડા રચે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે. ૫૧
શ્રીધર્મ ભક્તિ ધરી દિવ્ય દેહ, સદા સજી શ્રીહરિમાં સનેહ;





સેવા ભલી સજ્જ થઇ સજે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે. ૫૨
પ્રત્યેક બ્રહ્માંડ તણા અધીશ, બ્રહ્મા ભવાનીપતિ લક્ષ્મીશ;
સમીપના દાસ થવા ચાહે છે, શ્રીસ્વામિનારાયણ પાસ તે છે. ૫૩

**ચોપાઈ :**

સુણીને સહુ હરખિત થયા, બામણોલિયે તે સહુ ગયા;
કુવા પાસે દીઠા અવિનાશ, દીઠા દેવ સૌ રાયણ પાસ. ૫૪
કર્યા પ્રેમે જઇને પ્રણામ, દીધી આશિષ સુંદર શામ;
પછી સજ્જ થઇ હરિરાય, થયા વરતાલ પંથ વિદાય. ૫૫
દેવો સૌ ગયા દર્શન કરી, મહુડીયે પરે આવ્યા હરી;
પગી જાલમજી તણે ઘેર, પધાર્યા પ્રભુજી રુડી પેર. ૫૬
વરતાલ આવ્યા વનમાળી, પામ્યા આનંદ સૌ જન ભાળી;
તહાં વાસણ સુતાર ઘેર, ઉતર્યા ધરિને ઉર મહેર. ૫૭
ધર્મશાળા વડેઉની જ્યાંય, સહુ ઊતર્યા અસ્વાર ત્યાંય;
રહ્યા દશ દિન દેવ મુરારી, સેવા સત્સંગીયે સજી સારી. ૫૮
તહાં પ્રૌઢ પ્રતાપ જણાવ્યો, તેથી જશ ઠામ ઠામ ફેલાવ્યો;
કહે ભૂપ અહો બ્રહ્મચારી, એ તો વાત કહો વિસ્તારી. ૫૯
કેવી રીતે જણાવ્યો પ્રતાપ, વરતાલમાં શ્રીહરિ આપ;
હરિ જશ રસ કરવાને પાન, અતિ આતુર છે મુજ કાન. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિ જશ રસની ન ચાહ જેને, અસુર અધર્મી કહે જ શાસ્ત્ર તેને;
વળી જડ જન એ જ આત્મઘાતી, ધિક ધિક જન્મ ધર્યો મનુષ્ય જાતી. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે*

*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે શ્રીહરિઆગમનામા અષ્ટમો વિશ્રામઃ ॥૮॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે વરતાલમાં, ભક્તિનંદન શ્રીભગવાન;
દિવ્યસ્વરૂપે કૈંકને, દીધું પોતાનું દર્શનદાન. ૧

**ચોપાઈ :**

ગામોગામ તે વિસ્તરી વાત, પ્રભુ પ્રગટ થયા સાક્ષાત;
ધરી આવ્યા મનુષ્ય આકાર, વરતાલમાં વિશ્વઆધાર. ૨
ખોડોભાઈ તથા હઠીભાઈ, ગામ બુધેજના ઠકરાઈ;
તેણે સાંભળ્યો પ્રૌઢ પ્રતાપ, ધરી દર્શનની રુચિ આપ. ૩
થયું સ્વપ્નમાં દર્શન રાતે, કહી વાત મળી તે પ્રભાતે;
દીઠા બે જણ એક જ રીતે, કહ્યું તેહ પરસ્પર પ્રીતે. ૪
વરતાલે વડેઉ છે માતા, તેની જગ્યામાં જનસુખદાતા;
ઉત્તરાભિમુખે અવિનાશી, દિઠા પાટ ઉપર સુખરાશી. ૫
હતું પુસ્તક પાસે પડેલું, કાળા કાંબળા ઉપર ધરેલું;
પછી બેયે કર્યો નિરધાર, વરતાલ જૈયે એક વાર. ૬
સ્વપનામાં દીઠા હરિ જેવા, ત્યાં જો દેખિયે એવા ને એવા;
નકી જાણશું તે જગપાળ, નહિ તો બધું આળપંપાળ[1]. ૭
વરતાલ આવ્યા એવું ધારી, દીઠા એવે જ રૂપે મુરારી;
ધર્મશાળા વડેઉની જ્યાંય, હતા શ્રીસહજાનંદ ત્યાંય. ૮
ઉત્તરાભિમુખે એ જ વેશ, પેખ્યા પાટ ઉપર પરમેશ;
પાસે પુસ્તક દીઠું પડેલું, કાળા કાંબળા ઉપર ધરેલું. ૯



૧.મિથ્યા પ્રયત્ન, ફાંફાં મારવા



નિશ્ચે જાણ્યા તે સુંદરશામ, કર્યા પ્રેમથી દંડપ્રણામ;
બેના હૈયામાં હરખ ન માય, અતિ આશ્ચર્ય એને જણાય. ૧૦
મળ્યા અંગદ આદિને જેહ, મળ્યા ગોપી ગોવાળને તેહ;
કળિકાળમાં તે મળે ક્યાંથી, એમ ફૂલાય છે મનમાંથી. ૧૧
શ્રીજીયે બેયને સતકાર્યા, બોલાવીને સમીપ બેસાર્યા;
જ્ઞાનવાત કરી સમજાવ્યા, સતસંગના નિયમ ધરાવ્યા. ૧૨
માગ્યું બેય જણે વરદાન, આવો બુધેજ શ્રીભગવાન;
દીનબંધુ દયા દિલ ધારી, આશા એટલી પૂરો અમારી. ૧૩
સુણી બોલિયા શ્રી ઘનશામ, નકી આવશું બુધેજ ગામ;
ગુજરાતમાં બીજે વિચરતા, આવશું તહાં ફરતા ફરતા. ૧૪
સુણી રાજી થયા જન બેય, રહી રાત ગયા ઘેર તેય;
કાશીદાસને કરુણાનિધાન, કહે જાઓ તમે નિજ સ્થાન. ૧૫
ઘણા દિવસ થયા મુક્યું ગામ, માટે જાઓ કરો ઘરકામ;
કાશિદાસ કહે જોડી હાથ, મહારાજ સુણો મુનિનાથ. ૧૬
મારા સંબંધી છે ચાંગા ગામે, તમને લઈ જૈશ તે ઠામે;
સગા સહુને તમારું જ્ઞાન, દેવાનું ધાર્યું છે ભગવાન. ૧૭
સુણી રાજી થયા ઘનશામ, તેની સાથે ગયા ચાંગા ગામ;
એક વાસર ત્યાં વશી વાસ, કર્યો કૈંકને જ્ઞાનપ્રકાશ. ૧૮
આવ્યા સંજાયે શ્રીઅવિનાશ, રહે ભક્ત ત્યાં ગરીબદાસ;
તેને ઘેર જૈ જમ્યા જીવન, વિપ્ર અંબારામે રાંધ્યું અન્ન. ૧૯
ત્યાંથી આવ્યા પ્રભુ વરતાલ, પરમેશ્વર જગપ્રતિપાળ;
કાશિદાસને ઘેર વળાવ્યા, શ્રીજી તો ઉમરેઠ સિધાવ્યા. ૨૦

ઊતર્યા રૂપરામને ઘેર, તેણે સેવા સજી સારી પેર;
બીજે દિન રાખ્યા નરભેરામે, રહ્યા ચાર દિવસ એક ઠામે. ૨૧
કહ્યું તે બેયને ઘનશામે, અમે આવ્યા હતા એહ ઠામે;
નાગનાથમાં કીધો ઉતારો, ફળાહાર આપ્યો તમે સારો. ૨૨
બોલ્યા તે બેય કરીને પ્રણામ, રૂપરામ ને નરભેરામ;
એહ અવસરે હે મહારાજ, નોતા જાણ્યા રાજા અધિરાજ. ૨૩
સુણો ભૂપ કહે બ્રહ્મચારી, ઉમરેઠમાં શ્રીગિરિધારી;
કર્યો ઉદ્ધવ મતનો પ્રકાશ, કર્યો વેદવિરુદ્ધનો નાશ. ૨૪
જ્યાં જ્યાં જાય ત્યાં જણવે પ્રતાપ, સતસંગ વધારે અમાપ;
મતવાદીયોના અભિમાન, કરે ભંજન શ્રીભગવાન. ૨૫
કૃષ્ણે જન્મ ધર્યો જેહ કામે, એ જ કામ કર્યું ઠામોઠામે;
દિન પ્રત્યેકની કથા કહિયે, લક્ષ વર્ષમાં પાર ન લહીયે. ૨૬
માટે સંક્ષેપમાં જાણી લેવું, પ્રતિદિવસ કર્યું કામ એવું;
ઉમરેઠમાં નિજજય કરી, ગયા ગામ ઘોડેસર હરિ. ૨૭
ત્યાંથી જેતલપુર મછિયાવ, વિચર્યા મનમોહન માવ;
બહુનામી બુધેજ સીધાવ્યા, ખોડાભાઇ ત્યાં તો સામા આવ્યા. ૨૮
હઠિભાઇ આદિક હરિભક્ત, આવ્યા જે હરિચરણ આસક્ત;
સારી રીતે કર્યું સનમાન, પુરમાં પધાર્યા ભગવાન. ૨૯
ખોડાભાઇ તણે દરબાર, ઉતર્યા જઇ વિશ્વ આધાર;
પશ્ચિમાભિમુખે ઓરડા છે, ઓટો લિંબડા આગળ ત્યાં છે. ૩૦
ભલો તે પર ઢોલિયો ભાળી, બેઠા તેના ઉપર વનમાળી;
બેઠા આગળ ભક્ત ને સંત, ખોડાભાઇને કહે ભગવંત. ૩૧





ભલા ભક્ત તમે તો ગણાઓ, ગમે તે એક કીર્તન ગાઓ;
ખોડાભાઇયે રાગ સુણાવ્યો, તેમાં ભાવ ભલો દરશાવ્યો. ૩૨
કેટલેક દાડે બેની કાન, બેઠા મુજ આંગણે ભગવાન;
મર્મ સમજીને બોલિયા શામ, અમે આવ્યા હતા એહ ઠામ. ૩૩

**પૂર્વછાયો :**

ઉત્તરમુખ છે ઓરડા, તહાં લેવા સદાવ્રત કામ;
આવ્યા હતા અમે એમ કહી, બધી વાત કરી ઘનશામ. ૩૪

**ચોપાઈ :**

ખોડોભાઈ બોલ્યા શિર નામી, અહો ઈશ્વર અંતરજામી;
મહા દુસ્તર માયા તમારી, અવરાયેલી બુદ્ધિ અમારી. ૩૫
તેથી તમને ન ઓળખ્યા ત્યારે, અતિ ભૂલ થઈ એ તો ભારે;
ક્ષમા કીધો એવો અપરાધ, આપ ગંભીર છોજી અગાધ. ૩૬

**મોટાના અનુગ્રહ વિષે : ઉપજાતિવૃત્ત :**

અજાણતાં જે અપરાધ થાય, મોટા જનો માફ કરે સદાય;
અજ્ઞાની જો બાળ કુવાક્ય ભાખે, માતા પિતા ક્રોધ કદી ન રાખે. ૩૭
રાજા ઝીણા દોષ જુવે પ્રજાના, જનો ગુનેગાર સહુ થવાના;
રાખે જ મોટા જન ગંભીરાઇ, ત્યારે જ સંસાર નભે સદાઇ. ૩૮
ગાળો કઇ ઈશ્વરનેય દે છે, તથાપિ વૃષ્ટિ પ્રભુ તો કરે છે;
જુવે જનોના અપરાધ જોય, તો વિશ્વમાં જીવ જીવે ન કોય. ૩૯
ધણી જુવે ચાકર કેરી ચૂક, અપાર ચૂકો જડશે અચૂક;
ધણી ચુકો માફ ધણી કરે છે, ત્યારે જ તે ચાકર તો નભે છે. ૪૦
સદા કરે જે ઘરકામ નારી, તેની જુવે ચૂક સદા વિચારી;

તો પેખતાં પાર કદી ન આવે, શી રીતે નારી ઘર તે ચલાવે. ૪૧
જો કાષ્ઠ પાણી શિરે[૧] વાટ[૨] પાડે, તથાપિ તે પાણી નહીં બુડાડે;
જેનું કરે  પોષણ જે ખચીત, તેને નિભાવે જ વડાની રીત. ૪૨
જેને વડા આશ્રય માંહિ લેય, તેને કદી તે નહિ ત્યાગી દેય;
જો શંભુયે ઝેર સ્વહસ્ત લીધું, તેને પછીથી નહિ ત્યાગ કીધું. ૪૩
મોટા તણાં તો મન હોય મોટાં, છોટા તણાં તો મન છેક છોટાં;
તળાવ છે તે છલકાઇ જાય, સમુદ્રને ક્ષોભ કદી ન થાય. ૪૪
માતા પિતા કે પ્રતિપાળનાર, એ હોય છે ગંભિર ને ઉદાર;
છોરૂ કછોરૂ જગમાં જણાય, માતા કુમાતા કદીયે ન થાય. ૪૫
અહો પ્રભુ બાળ અમે તમારાં, માતા પિતા સત્ય તમે અમારાં;
ક્ષમા કરો છો અપરાધ જોઇ, એવા દયાળુ નહિ દેવ કોઇ. ૪૬

**ચોપાઈ :**

સુણી રાજી થયા મહારાજ, ગુણસાગર ગરીબનિવાજ;
ખોડાભાઈની ભારજા ડાઇ, રુડું નામ જેનું નાનબાઇ. ૪૭
તેણે થાળ પવિત્ર કરાવ્યો, વિપ્ર પાસે પ્રભુને ધરાવ્યો;
જમ્યા કૃષ્ણ જમ્યા સહુ સંત, હરખ્યા ખોડાભાઇ અત્યંત. ૪૮
બીજે દિન હઠીભાઇને ઘેર, જમ્યા સંત હરિ રુડી પેર;
રાજુબાઇ તેને ઘેર નારી, પ્રેમે પૂજ્યા તેણે ગિરધારી. ૪૯
તેજાભાઇ તેના સુત શાણા, તેણે શ્રીપુરુષોત્તમ જાણ્યા;
અતિ પ્રેમથી કીધા પ્રણામ, શિર હાથ મુક્યો ઘનશામ. ૫૦
ત્રીજે દિન કલભા તણે ઘેર, જમવા નોતર્યા શુભ પેર;
ઉત્તરાભિમુખે ઓરડા છે, જગજીવન ત્યાં જ જમ્યા છે. ૫૧



૧.માથે ૨.લીટો પાડે



કંકુબાઇ તેની ઠકરાણી, તેણે સેવિયા સારંગપાણી;
પછી જીભાઇયે જમવાને, તેડ્યા રાજાધિરાજ રાજાને. ૫૨
પશ્ચિમાભિમુખે ઓરડામાં, જમ્યા શ્રીહરિ તેહ સમામાં;
એક દિન હઠિભાઇને ઘેર, સભા શામે સજી સારી પેર. ૫૩
ત્યારે તે અવસર તેહ ઠામ, હઠીભાઇયે બોલાવ્યું ગામ;
પ્રજા સૌને કહે હઠીભાઇ, આ છે સર્વોપરી સુખદાઇ. ૫૪
રુચે તો તેનો આશ્રય કરો, તેના ધર્મના નિયમ ધરો;
સુણી સૌ જન આશ્રિત થયા, આપ્યા નિયમ હરિ કરી દયા. ૫૫
હઠીભાઇ પ્રત્યે બોલ્યા હરી, વરદાન માગો મુખે કરી;
ભાવ ભાળી થયો છું પ્રસન્ન, માટે માગો જે ચાહના મન. ૫૬
હઠીભાઇ બોલ્યા જોડી હાથ, માગું એટલું હે મુનિનાથ!
નથી તીરથ અમારે ગામ, એક તીર્થ કરો એહ ઠામ. ૫૭
જેથી ઉદ્ધરે જીવ અનેક, એ જ માગું છું વરદાન એક;
એવું સાંભળી બોલ્યા મુરારી, ધન્ય છો તમે પરઉપકારી. ૫૮
નથી માંગી લેતા ધન ધામ, નવ માગ્યો ગરાસ કે ગામ;
થવા જીવ અનેક ઉદ્ધાર, માગ્યું તીરથ એક આ ઠાર. ૫૯
ગામથી દક્ષિણે છે તળાવ, પછી ત્યાં ગયા નટવર નાવ;
ઉષ્ણ કાળ હતો એહ ટાણે, લોકો પાણી તો સીંચીને આણે. ૬૦
મોટો વીરડો હરિયે ખોદાવ્યો, પૂર્તકર્મ[૧] કરીને શોભાવ્યો;
કામે વળગીયા ભક્ત અપાર, થોડા દિવસમાં કીધો તૈયાર. ૬૧
તેમાં નાયા જઇ મુનિનાથ, નાહ્યો સર્વે તે સંતનો સાથ;
પછી બોલ્યા મનોહર માવ, આનું નામ તો હરિતળાવ. ૬૨



૧.કૂવો તથા તળાવ ખોદાવવું તથા બંધાવવાનું કામ

**ઉપજાતિવૃત્ત :**

હરિતળાવે જન જેહ નાશે, કલ્યાણ તો તેનું જરૂર થાશે;
આ માનવું તીરથરાજ મોટું, ખરૂં કહું છું નથી કાંઇ ખોટું. ૬૩
છે કારિયાણીનું તળાવ જેવું, આ તીર્થ જાણો અતિ શ્રેષ્ઠ એવું;
તે મેં કર્યું મારી પ્રસાદી કેરું, વાલું મને છે ઘટમાં ઘણેરું. ૬૪
કાશીની માશી મથુરાંની માય, ભાગીરથીની ભગિની ભણાય;
મહી નદીની વડી માવડી છે, તે આ હરિનામ તળાવડી છે. ૬૫
તીર્થો બધાનું શુભ આજ પાત્ર, કેદાર દ્વારામતિ કોણમાત્ર;
અવંતિ[1] કાંચીપુર ને પ્રયાગ, આ એ થકી ઉત્તમ ભૂમિભાગ. ૬૬
એવું સુણી તીર્થ માહાત્મ્ય ત્યાંય, રાજી થયા સૌ જન ચિત્તમાંય;
સુભક્ત પીતાંમર જે લુવાણા, બુધેજનાં વાસી સુશીલ શાણા. ૬૭
તેણે જમાડ્યા હરિ સર્વ સંત, પૂજ્યા પ્રભુ પ્રેમ ધરી અનંત;
પવિત્ર કીધું ઘર એમ એનું, સંતોષ પામ્યું મન તેથી તેનું. ૬૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વૃષસુત હરિયે બુધેજમાંય, પરમ વિચિત્ર ચરિત્ર કીધું ત્યાંય;
શ્રવણ જ કરશે સનેહ આણી, પ્રિય પરમેશ્વરને થશે સુપ્રાણી. ૬૯

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે શ્રીહરિબુધેજગ્રામે હરિતડાગમહિમાકથનનામા નવમો વિશ્રામઃ ॥૯॥***

**પૂર્વછાયો :**

બુધેજમાં બહુનામીયે, ઘણી લીલા કરી ઘનશામ;
માહાત્મ્ય તેનું વધારિયું, જેવું ગણાય ગોકુળ ગામ. ૧



૧.ઉજ્જૈન



**ચોપાઈ :**

ત્યાંથી ચાલવાની રુચિ કીધી, ઘોડી ગોકળ ગઢવીની લીધી;
તેની ઉપર થઇ અસવાર, ગયા ગોરાડ ગામ મુરાર. ૨
રહે છે ત્યાં કાંધોજી ઠાકોર, તેને ઘેર ગયા ચિત્તચોર;
પટેલ શામજી ને પ્રભુદાસ, રહ્યા સેવામાં શ્રીહરિ પાસ. ૩
કહે તેઓને ધર્મકુમાર, અમે આવ્યા હતા એક વાર;
એમ કહી કાંઇ ચિહ્ન બતાવ્યું, ત્યારે ત્રણેને સાંભરી આવ્યું. ૪
કર જોડીને કહે કાંધોજી, તમે સમરથ શ્રીહરિછોજી;
અહીં આવ્યા હતા આપ જ્યારે, નીર ઊંડું હતું કુવે ત્યારે. ૫
તમે ઊંચું આણી ભરી લીધું, એવું અદ્‌ભુત કારજ કીધું;
અમે એ વાત સાંભળી જ્યારે, ત્રણે અસવાર થૈ આવ્યા ત્યારે. ૬
જણ એકે સમાચાર કહ્યા, જોગિ અંતરિક્ષે જાય વહ્યા;
અમે પાછા વળ્યા થૈ નિરાશ, આજ પૂરી તમે આવી આશ. ૭
રહ્યા ગોરાડમાં હરિ રાત, પછી ઊઠીને ચાલ્યા પ્રભાત;
ગયા કુંડળ ને કારિયાણી, પછી ગઢપુર સારંગપાણી. ૮
સામા આવિયા સૌ હરિભક્ત, સામા આવિયા સંત વિરક્ત;
વાજતે ગાજતે પધરાવ્યા, કહે સર્વે ભલે પ્રભુ આવ્યા. ૯
નૃપ અભય તણે દરબાર, બિરાજ્યા ભક્તિધર્મકુમાર;
સમાચાર બધા રુડી રીતે, પછી પૂછ્યા પરસ્પર પ્રીતે. ૧૦
કરે સંત પરસ્પર વાત, અઢિ માસ ફર્યા ગુજરાત;
ચૈત્ર વદમાં અહીંથી સિધાવ્યા, જેઠ માસ ઉતરતાં આવ્યા. ૧૧
થઇ બાસઠની પુરી સાલ, સાલ ત્રેસઠી બેસશે કાલ;

એમ કરતાં પરસ્પર વાત, થયો ભોજનનો સમો ભ્રાત. ૧૨
જમ્યા શ્રીહરિ ને જમ્યા સંત, સજી સાંજે સભા ભગવંત;
યથાયોગ્ય બેઠાં બાઇ ભાઇ, જેથી બાધ આવે નહિ કાંઇ. ૧૩
મુક્તાનંદ આદિક સઉ સંત, મુકુંદાદિક વર્ણી અનંત;
ભગુજી આદિ સહુ ભલા પાળા, ગૃહસ્થો બેઠા સૌ ધર્મવાળા. ૧૪
નૃપ અભય પ્રેમીજન પૂરા, ભક્ત ખાચર સોમલા સૂરા;
એહ આદિક દેખી સમાજ, મોટે સાદે બોલ્યા મહારાજ. ૧૫
સર્વે સાંભળો દષ્ટાંત એક, સુણી કરજો વિચાર વિવેક;
ચક્રવર્તિ હતો એક રાય, તેણે એમ ધાર્યું મનમાંય. ૧૬
ધરું અંગે ફકીરનો વેશ, જાઉ ચર્ચા કરું મુજ દેશ;
કોણ છે કેવી રીતથી દુઃખિયા, કોણ છે કેવી રીતથી સુખિયા. ૧૭
દુઃખિયા તણાં દુઃખ મટાડું, થતો હોય તે જુલમ નસાડું;
જાઉં રાજાને વેષે જો આપ, કરે કેમ ગરીબ મેળાપ. ૧૮

**સ્વજાતિમાં મન મળવા વિષે : ઉપજાતિવૃત્ત :**

સમાન સાથે સુખથી મળાય, મોટા થકી તો ડરી દૂર જાય;
કીડી મળે કુંજર સાથ કેમ, મળે ન ભૂપાળ ગરીબ તેમ. ૧૯
મૈત્રી કરે બાળક સાથ બાળ, વિશાળ સાથે જન જે વિશાળ;
પશુ પશુ સાથ વિનોદ પામે, માટે મળે છે જઇ એક ઠામે. ૨૦
સ્વજાતિ સાથે સુખ થાય જેવું, વિજાતિ સાથે નવ થાય એવું;
પાણી તણો જે જડ છે પ્રવાહ, સ્વજાતિ સાથે જ મળે અથાહ. ૨૧
જો દેવ કોઇ દરશાય સામે, તો ભૂત જાણી જન ભીતિ પામે;
મનુષ્યની સાથ મનુષ્ય થાય, ત્યારે મનુષ્યે સુખ તો પમાય. ૨૨





**ચોપાઇ :**

એમ વાત ભુપાળે વિચારી, લીધો વેષ ફકીરનો ધારી;
મોટા મંત્રીયોને સાથે લીધા, તેના વેષ ફકીરના કીધા. ૨૩
ઉતર્યા ગામડે જઇ ચોરે, લોકો જોવા મળ્યા ચારે કોરે;
ત્યારે બોલિયો મંત્રી સમાજ, આ છે પ્રત્યક્ષ રાજાધિરાજ. ૨૪
સુણશે અરજી નિજ કાન, પછી જાશે પોતા તણે સ્થાન;
એની આજ્ઞાને જે અનુસરશે, તેને જાગિરે[૧] બક્ષિસ કરશે. ૨૫
નહિ માને હુકમ તેનો જેહ, ગુનેગાર તો ઠરશે તેહ;
એવી મંત્રિયોની મુખ વાણી, કેટલાક જને સત્ય જાણી. ૨૬
નૃપઆજ્ઞા તેણે માની લીધી, સેવા ચાકરી પણ સારી કીધી;
કોઇકે તો તે બોલ ન ધર્યો, કોઇકે તો ઉપદ્રવ કર્યો. ૨૭
ભૂપે ત્યાં તો કશું નવ ભાખ્યું, પણ પોતે બધું લખી રાખ્યું;
લખ્યું નામ ઠામ તથા ગામ, લખ્યું જેણે કર્યું જેવું કામ. ૨૮
એવી રીતે વિશેષ વિચરી, આવ્યા રાજધાની વિષે ફરી;
પછી સૌ જનને ત્યાં તેડાવ્યાં, તે તો ભૂપના હુકમથી આવ્યા. ૨૯
જેણે માન્યો હુકમ સેવા કીધી, તેને તો સારી જાગિર દીધી;
જેણે કીધો હતો તિરસ્કાર, ગયાતે કારાગૃહ મોઝાર. ૩૦
એ તો એક જ કહ્યું દષ્ટાંત, હવે કહું તેહનો સિદ્ધાંત;
કોટિ બ્રહ્માંડનો પતિ હુંય, મુક્ત સાથે લઇ આવ્યો છુંય. ૩૧
ગામોગામ જઉં છું વિચરવા, કોટિ જીવનાં કલ્યાણ કરવા;
મુક્ત સૌને મનાવે છે વાત, આ છે પુરુષોત્તમ સાક્ષાત. ૩૨
સુણી આજ્ઞા જે માનશે મારી, તેને આપીશ હું સુખ ભારી;



૧.પૂજા તથા લશ્કરના ખર્ચ માટે જુદી કાઢેલી જમીન

મારો કે સંતનો દ્રોહ કરશે, તે તો નરકની વાટે વિચરશે. ૩૩
જેહ અવસર ચૂકશે આવો, તેને થાશે પછીથી પસ્તાવો;
સુણી વાત આ અંતરે આણો, એમાં સંશય લેશ ન જાણો. ૩૪
વળી વાત ઉચ્ચારવા બીજી, સભામાં એમ બોલિયા શ્રીજી;
સ્નેહે સાંભળો સૌ નરનાર, સુણી સમજજો વાતનો સાર. ૩૫
જનથી ક્રિયા જે જે કરાય, પગલે પગલે પાપ થાય;
કરે કેવળ પુરુષપ્રયત્ન, તેથી નવ મળે કલ્યાણ રત્ન. ૩૬
જ્યારે ઈશ્વરની કૃપા થાય, મોક્ષપ્રાપ્તિ તો ત્યારે પમાય;
નથી હું કરતો કાંઈ પાપ, એવો ગર્વ ન ધારશો આપ. ૩૭
કહું એ વિષે એક દૃષ્ટાંત, સુણી ભાંગજો મન તણી ભ્રાંત;
એક અવસરે એક રાજાયે, સર્વ લોક તેડ્યા સભામાંયે. ૩૮
આવ્યા પુરજન આજ્ઞાને ધારી, આવ્યા નાના મોટા કારભારી;
બેઠા સરવે સભા મોઝાર, ત્યારે રાજાયે કીધો ઉચ્ચાર. ૩૯
આમાં જે જે ગુનેગાર હોય, ઉભા થાઓ તે તો સહુ કોય;
એવી સાંભળી રાજાની હાક, ત્યાં તો ઉભા થયા કેટલાક. ૪૦
ફરી ભૂપ કહે સુણો ભાઈ, ગુનો જેણે કર્યો હોય કાંઈ;
એ તો આ અવસર ઉભા થાઓ, માફી માંગીને નિજ ઘેર જાઓ. ૪૧
વળી કૈંક ઉભા થયા ત્યારે, માફી માંગી ગયા તેહ વારે;
વળિ રાજાયે કીધો ઉચ્ચાર, જેનામાં હોય વાંક લગાર. ૪૨
ઉભા થાઓ હુકમ મુજ માની, કશી વાત નહીં રહે છાની;
સુણી સર્વે જનો ઉભા થયા, કારભારીઓ સૌ બેસી રહ્યા. ૪૩
બોલ્યા રાજાજી ચિત્ત વિચારી, તમે સાંભળો સૌ કારભારી;





તમે છો જ મહા ગુનેગાર, બીજા તો મુજથી ડરનાર. ૪૪
તમે છો અતિશે અભિમાની, વાંકની વાત રાખો છો છાની;
પછી સર્વેનો કીધો તપાસ, થયો સૌના ગુનાનો પ્રકાશ. ૪૫
જાણી લીધી કસુર જેની જેવી, રાયે શિક્ષા કરી તેને તેવી;
સુણો તે વાતનો હવે સાર, જેને છે અભિમાન અપાર. ૪૬
તે તો જાણે છે તપ જપ કરી, ભવસાગર હું જૈશ તરી;
નથી કરતો હું પાપ લગારે, પ્રભુ શું કરશે મને ત્યારે. ૪૭
જેવું કરીયે તેવું જ પમાય, ત્યારે પ્રભુની ગરજથી શું થાય ?
એમ સમજે છે મૂઢ અજ્ઞાની, પ્રભુ ન ભજે અહં બ્રહ્મમાની. ૪૮
મારા આશ્રિત છો જન જેહ, તેવા કોઈ થશો નહિ તેહ;
સુણી બોલ્યા સહુ શિર નામી, એવા નહીં થૈયે અહો સ્વામી. ૪૯
પગલે પગલે ગુનેગાર, અમે છૈયે હે જગદાધાર!
રચ્યું પદ પ્રેમાનંદે તે વેરા, પ્રભુ મેં તો ગુનેગાર તેરા. ૫૦
એવી વાત કરે નિત્ય નિત્ય, ચોરે દૈવીજનો તણાં ચિત્ત;
રથજાત્રા તણો દિન આવ્યો, ત્યારે ઉત્સવ સારો કરાવ્યો. ૫૧
દેવપોઢણી દિવસે જનેશ, સૌને નિયમ ધરાવ્યા વિશેષ;
જપ તપના નિયમ કોઈ ધારે, કોઈ પાઠ કે પૂજા વધારે. ૫૨
જન્મ અષ્ટમી ઉપર નાથ, જવા ચાલ્યા લઈ સહુ સાથ;
ગામ નામ રુડું અગત્રાઈ, ભક્ત જ્યાં વસે પર્વતભાઈ. ૫૩
જૈને ઉત્સવ અષ્ટમી કેરો, કર્યો તે સ્થળ સરસ ઘણેરો;
દેશદેશના હરિજન આવ્યા, સર્વ સંતને પણ ત્યાં તેડાવ્યા. ૫૪
સમૈયો તે તો સર્વ વખાણે, થયો એવો સરસ એહ ટાણે;

પૂજા પર્વતભાઈયે કીધી, બીજા ભક્તોયે પણ ભલી વિધી. ૫૫  
કરીને તહાં જયજયકાર, ચાલ્યા ત્યાં થકી થૈને તૈયાર;  
આવ્યા ગઢપુર શ્રીઅવિનાશી, અતિરાજી થયા પુરવાસી. ૫૬  
જળઝીલણી ત્યાં કરી શામે, કરી શરદપુનમ એહ ઠામે;  
દીપઉત્સવી ઉત્સવ કર્યો, અન્નકૂટ ભલી વિધિ ભર્યો. ૫૭  
ધન્ય ધન્ય દુરગપુરવાસી, જેની પાસે વસ્યા અવિનાશી;  
ધન્ય ધન્ય અભય દરબાર, સદા જ્યાં રહ્યા ધર્મકુમાર. ૫૮  
ધન્ય ધન્ય તે ઉન્મત્તગંગા, એ તો ગંગાથી ઉત્તમ અંગા;  
જેમાં નાહ્યા મહાપ્રભુ નિત્ય, એ તો પરમ ગણાય પુનીત. ૫૯

**પ્રમિતાક્ષરાવૃત્ત :**

અતિ ધન્ય ધન્ય શુભ તે ધરણી, મહિમા સમગ્ર ન શકું વરણી;  
વૃષવંશ હંસ હરિ જ્યાં વિચર્યા, પ્રગટી પ્રતાપ જનતાપ હર્યા. ૬૦  
ભવપાર કોટિ જનને કરવા, વળી ભૂમિભાર સઘળો હરવા;  
વૃષવંશ માંહિ અવતાર ધર્યો, કળિકાળ ટાળી કૃતયુગ કર્યો. ૬૧  
અજ ઈશ તીર્થ કરવા વિચારે, રજ લૈ તહાંની નિજશીશ ધરે;  
સહુથી જ એહ થળ જાણી શુચિ, ધરી તીર્થ સર્વ વસવાની રુચિ. ૬૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પુનિતકરણ પુરી સાત જોઈ, નહિ નહિ દુર્ગપુરી સમાન કોઈ;  
સુખનિધિ હરિ જ્યાં વસ્યા સદાય, પુરી ગણતાં પુર મુખ્ય તે ગણાય. ૬૩

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અયસિંહનૃપસંવાદે દુર્ગપુરેશ્રીહરિ-યુગ્મનૃપદષ્ટાંતોચ્ચારણનામા દશમો વિશ્રામઃ ॥૧૦॥***





**પૂર્વછાયો :**

મંડળ ફરતાં સંતના, દેવા દૈવી જનને ઉપદેશ;  
પ્રૌઢ પ્રતાપ જણાવવા, પ્રભુ પણ જતા પરદેશ. ૧

**ચોપાઈ :**

ઉપદેશનાં વચન અપાર, લખી મોકલતા ઠારોઠાર;  
કૈંક વાંચીને અંતરે ધરતા, આવી શ્રીજીનો આશ્રય કરતા. ૨  
એક અવસર પત્ર લખાવ્યો, એમાં એવો તો મર્મ જણાવ્યો;  
ભરતખંડમાં માનુષ્ય દેહ, ફરી મળવાનો દુર્લભ તેહ. ૩  
ભલાં ભાગવતાદિ પુરાણ, કરે તે સર્વ શાસ્ત્ર પ્રમાણ;  
આખા બ્રહ્માંડની મોઝાર, ભરતખંડ હશે કિયે ઠાર. ૪  
તેનું જાણવા સ્થળ પાવન, કર્યું બ્રહ્માંડનું વરણન;  
લખાવે જેમ અંતરજામી, લખનાર શુકાનંદ સ્વામી. ૫  
ભક્તિબાગે રહી ભક્તિપુત્ર, પ્રભુ પોતે લખાવ્યો આ પત્ર;  
હરમાના[૧] તરુ તળે બેશી, લખાવી વાત આ ઉપદેશી. ૬  
ભરતખંડમાં માનવ દેહ, મળવો અતિ દુર્લભ તેહ;  
દેહ ચિંતામણીસમ એ છે, ઈન્દ્ર આદિક એને ઈચ્છે છે. ૭  
સુખ જે પંચવિષયો તણાં, તે તો સ્વર્ગ આદિકમાં છે ઘણાં;  
વળી આયુષ્ય તો દેવતાનું, ઘણું લાબું છે તે નથી છાનું. ૮  
પણ મોક્ષ મળ્યાનો ઉપાય, ભરતખંડમાં જન તને થાય;  
બીજે દેહે કે બીજે ઠેકાણે, નથી થાતો તે તો સહું જાણે. ૯  
નહિ દેહ મનુષ્ય સમાન, ભરતખંડ સમું નહિ સ્થાન;  
ચૌદ લોક વિષે ધરી ચિત્ત, ભલે જૈ જુવે કોઈ ખચીત. ૧૦



૧.એક પ્રકારનું વૃક્ષ

ચૌદ લોક તણાં સુણો નામ, કહું તેમાં છે જેહનાં ધામ;
નરનારીયો જેમાં રહે છે, ભૂર્લોક તો તેને કહે છે. ૧૧
તેથી ઉંચે છ લોક છે ભાઇ, તેનાં નામ કહું હરખાઇ;
તેમાં પ્રથમ ભુવર્લોક જે છે, તેમાં દેવ મલીન રહે છે. ૧૨
એથી ઉંચો સ્વર્ગર્લોક જાણો, તેમાં ઇન્દ્રાદિ દેવ પ્રમાણો;
એથી ઉંચે મહર્લોક માન, પિતૃ અર્યમા આદિનું સ્થાન. ૧૩
પછી જનલોક ને તપલોક, ઋષિ ભૃગ્વાદિ વાસ અશોક[1];
સત્યલોક તે સાતમો જાણો, તે તો બ્રહ્માનું સ્થાન પ્રમાણો. ૧૪
ભૂર્લોકથી સાત છે હેઠા, તેના નામ સુણો તમે બેઠા;
એક અતળ બીજો વિતળ, ત્રીજો તેથી નીચે છે સુતળ. ૧૫
એહ ત્રણ્યમાં દૈત્ય રહે છે, તેથી નીચે તળાતળ તે છે;
રસાતળની નીચે મહાતળ, નિશાચર[2]નું છે તે માંહી બળ. ૧૬
પછી સાતમો લોક પાતાળ, તેમાં તો વસે છે બધા વ્યાળ[3];
ચૌદ લોક એવી રીતે ધારો, તેમાં સૌથી છે ભૂર્લોક સારો. ૧૭
ભૂરલોકના છે દ્વિપ સાત, તે છે ચક્ર આકાર પ્રખ્યાત;
જાંબુદ્વીપ છે મધ્ય મોઝાર, લક્ષ યોજનનું વિસ્તાર. ૧૮
ખારો સાગર છે તેને ફરતો, લક્ષ યોજનનું માપ ધરતો;
પ્લક્ષ દ્વીપે આંટો લીધો એને, ઇક્ષુરસનો સમુદ્ર છે તેને. ૧૯
બબે લક્ષ યોજનના છે તેહ, લખી છે વાત શાસ્ત્રમાં એહ;
ત્રીજો શાલ્મલી દ્વીપ છે તેમ, સુરોદક[4] નિધિ ફરતો છે એમ. ૨૦
લક્ષ ચાર યોજન તેનું માપ, વેદવ્યાસ કહે એમ આપ;
તેથી બમણો કુશદ્વીપ જાણો, નિધિ તેવો ઘૃતોદ પ્રમાણો. ૨૧



૧.આનંદ, શોક રહિત ૨.ભૂત-પિશાચ ૩.સર્પ ૪.મદિરા



સોળ લાખનો છે ક્રૌંચ દ્વીપ, તેવો ક્ષીરોદ[1]ધીતે સમીપ;
શાકદ્વીપ છે બમણો તેથી, દધિમંડોદ[2] ફરતો છે એથી. ૨૨
સાતમો દ્વીપ છે પુષ્કર, તેને ફરતો મીઠો છે સાગર;
લક્ષ ચોસઠ યોજન દ્વીપ, તેવો સાગર તેની સમીપ. ૨૩
સાત દ્વીપ છે એવા વિચિત્ર, જાબુદ્વીપ છે સૌથી પવિત્ર;
જાંબુદ્વીપના છે નવ ખંડ, દ્વીપમધ્ય છે મેરુ અખંડ. ૨૪
શોભે તેવો સુવર્ણનો તે છે, નદી જ્યાંથી ગંગાજી વહે છે;
એક શિખરનું નામ કૈલાસ, તેમાં શંકરનો છે નિવાસ. ૨૫
મેરુ ફરતો તળાટીને ઠામ, એક ખંડ ઇલાર્વત નામ;
ત્યાં તો ભક્તિ સંકર્ષણની છે, મુખ્ય ભક્ત મહાદેવજી છે. ૨૬
મેરુથી તો પશ્ચિમમાં વિશાળ, ખંડનું નામ છે કેતુમાળ;
શુભગણ તેનું બીજું છે નામ, ભક્તિ પ્રદ્યુમ્નની તેહ ઠામ. ૨૭
જેનું નામ છે લક્ષ્મીજી દેવી, મુખ્ય ભક્ત તે ત્યાં ગણી લેવી;
મેરુથી ઉત્તારે ત્રણ ખંડ, એક રમ્યક નામ અખંડ. ૨૮
મત્સ્ય દેવને ત્યાં સૌ ઉપાસે, મુખ્ય તો મનુ સાવર્ણિ ભાસે;
ઉત્તારે છે હિરણમય ખંડ, કૂર્મદેવની ભક્તિ અખંડ. ૨૯
અર્યમાં મુખ્ય ભક્ત છે તેમાં, લેશ સંશય તો નથી તેમાં;
કૂરુ ખંડ છે ત્યાંથી ઉત્તરમાં, ભક્તિ વારાહની નારી નરમાં. ૩૦
મુખ્ય ભક્ત ત્યાં પૃથ્વી પ્રમાણો, એવો ભેદ જથારથ જાણો;
મેરુથી પૂર્વમાં ખંડ જે છે, તેનું ભદ્રાશ્વ નામ કહે છે. ૩૧
હયગ્રીવને ત્યાં તો ઉપાસે, ભક્ત મુખ્ય ભદ્રશ્રવા ભાસે;
ત્રણ ખંડ મેરુથી દક્ષિણમાં, એક તો હરિવર્ષ તે ત્રણમાં. ૩૨



૧.દૂધનો સમુદ્ર ૨.દહીંના ઘોળવા જેવો

ત્યાંના દેવ તો નરસિંહજી છે, મુખ્ય ભક્ત ત્યાં પ્રહ્લાદજી છે;
ત્યાંથી દક્ષિણમાં ખંડ જેહ, કિંપુરુષ નામે કહે તેહ. ૩૩
રામચંદ્ર પ્રભુ તેહ સ્થાન, મુખ્ય ભક્ત તહાં હનુમાન;
ભરતખંડ છે દક્ષિણે ત્યાંથી, જડે સાર એવો શાસ્ત્રમાંથી. ૩૪
નરનારાયણ ત્યાંના દેવ, મુખ્ય નારદજી કરે સેવ;
નવ ખંડ એ રીતે પ્રમાણો, સૌથી શ્રેષ્ઠ ભરતખંડ જાણો. ૩૫
બીજે છે બહુ ભોગવિલાસ, પણ કલ્યાણની નહિ આશ;
મોક્ષ થાય ભરતખંડ માંય, માટે સૌથી તે શ્રેષ્ઠ ગણાય. ૩૬

**પૂર્વછાયો :**

ભરતખંડમાં દેશ છે, તેની સંખ્યા સાડીપચ્ચીસ;
તેર તો તેમાં અનાર્ય છે, વળી એ છે કઠોર અતીશ. ૩૭

**ચોપાઈ :**

એક બંગાળ બીજો નેપાળ, ત્રીજો ભૂતાન દેશ કરાળ;
ચોથો કામાક્ષિ પાંચમો સિંધ, છઠ્ઠો કાબુલ પણ એવી વિધ. ૩૮
પછી લાહોર ને મુલતાન, એમ જાણવો નવમો ઈરાન;
અસ્તંબોલ ને અર્બસ્થાન, સ્વાલ ને પીલપીલામ સ્થાન. ૩૯
તે તો તેર મલીન છે દેશ, તહાં દુર્લભ સદઉપદેશ;
ગુરુ દેવ કલ્યાણના દાતા, નથી તે દેશ માંહિ જણાતા. ૪૦
મોક્ષ મારગનું જેહ જ્ઞાન, થવું દુર્લભ છે તેહ સ્થાન;
આર્ય દેશ જે છે સાડા બાર, તેનાં નામ કહું નિરધાર. ૪૧
એક પૂર્વ બીજો વ્રજ દેશ, માળવો મરુદેશ વિશેષ;
પછી પંજાબ ને ગુજરાત, દેશ દક્ષિણ સુદ્ધાં તે સાત. ૪૨





પછી તીલંગ ને મલબાર, દેશ દ્રાવિડ બાર મલાર;
આખો સોરઠ અરધો કચ્છ, સાડા બાર તે દેશ છે સ્વચ્છ. ૪૩
બ્રહ્મવેત્તા જે સંત કહાવે, તે તો તે દેશમાં મળી આવે;
તેમાં ભગવાનના જન્મ થાય, દેશ ઉત્તમ એથી ગણાય. ૪૪
પામે તેમાં મનુષ્ય અવતાર, પામી જ્ઞાન પામે ભવપાર;
ભરતખંડ આખા વિષે ક્યાંય, કરે જો મોક્ષ મળવા ઉપાય. ૪૫
મોક્ષપ્રાપ્તિ તો તેહને થાય, નવ પામે જો ન કરે ઉપાય;
માટે જે જન છે બુદ્ધિમાન, તેણે મેળવવું પ્રભુજ્ઞાન. ૪૬
સદશાસ્ત્રનો સાર સાંભળી, હિંસા દોષ રહિત ધર્મ પાળી;
સ્નેહે સેવવા સદગુરુ સંત, ભાવે ભજવા સદા ભગવંત. ૪૭
એવા સદગુરુનાં જે લક્ષણ, શાસ્ત્રથી સમઝે વિચક્ષણ;
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિ, તેની જાણે જથારથ જુક્તિ. ૪૮
પોતે પાળે બીજાને પળાવે, ભજે પોતે બીજાને ભજાવે;
કામ ક્રોધ નહીં લોભ મોહ, ન કરે કોઈ પ્રાણીનો દ્રોહ. ૪૯
તજે કામિની અષ્ટ પ્રકારે, ધનસંગ્રહ ન કરે લગારે;
એ સંત તણો કરી સંગ, કરે વશ મન ઈંદ્રિય અંગ. ૫૦
મોહ માયા કપટ છળ તજે, ભગવાનને ભાવથી ભજે;
ત્યારે જન્મ-મરણથી છૂટાય, તજી તન હરિધામમાં જાય. ૫૧
ભૂતકાળે ભજન જેણે કર્યું, આજ પણ એમ જેણે આદર્યું;
આવતા કાળમાં જેહ કરશે, જન્મ સાર્થક તેનો જ ઠરશે. ૫૨
સતસંગ જેને નહિ થાશે, જનદેહ તેનો વ્યર્થ જાશે;
પછી નરકના કુંડમાં જૈને, પીડા ભોગવશે દુઃખી થૈને. ૫૩

ઘણા કલ્પ જતાં આવે પાર, પછી જાય ચોરાશી મોઝાર;
ઘણે કાળે મનુષ્યભવ મળે, ત્યારે પણ ભજને ભવ ટળે. ૫૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

દુરલભ નરદેહ દેવ જાણે, તનુ મળવા અતિ આશ ઉર આણે;
જનમ મરણ દુઃખ અંત જેહ, નરતનથી જ પમાય સદ્ય તેહ. ૫૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપુરે ભક્તિબાગે શ્રીહરિભૂદ્વીપખંડાદિનિરૂપણનામા એકાદશો વિશ્રામઃ ॥૧૧॥*

**પૂર્વછાયો :**

શ્રીજી કહે શુકાનંદને, જન જન્મ પામીને જેહ;
ઉપાય ન કરે મોક્ષનો, મોટો મૂરખ ગણવો તેહ. ૧

**ચોપાઈ :**

વ્યવહારિક કામમાં ડાહ્યો, ભલે લોકમાં ચતુર ગણાયો;
ધરે બુદ્ધિનું બહુ અભિમાન, પણ જો ન ભજે ભગવાન. ૨
સતપુરુષ ને સચ્છાસ્ત્ર જે છે,તે તો તેવાને મૂરખ ગણે છે;
ભલે હોય તે માણસ મોટો, પણ તરખલાથી છેક છોટો. ૩
સુખ વિષયનાં સ્વપ્નસમાન, સ્વપ્ન જેવાં જ મોટપ માન;
ખોઈ આવરદા એવા માટે, જેમ રાખ લે સુવરણ સાટે. ૪
તેથી મોટી તે શી મૂરખાઈ, ધિકધિક તેની ચતુરાઈ;
વલોવ્યું લેવા માખણ વારી, પીધું ઝેરને અમૃત ધારી. ૫
સત્ય પોતાનો અર્થ ન સાર્યો, તે તો જાણવો આત્મહત્યારો;





મોક્ષક્ષેત્રમાં જન અવતાર, ઘણે કાળે મળે બીજીવાર. ૬
એના અવધિનો જેહ પ્રકાર, કહું શાસ્ત્ર તણે અનુસાર;
આપણાં વર્ષ તો એક પાસ, છસેં છાસઠ ને આઠ માસ. ૭
બ્રહ્માના એક લવ સમ થાય, સાઠ લવનું તો નિમિષ ગણાય;
આપણાં વર્ષ ચાળી હજાર, બ્રહ્માનું તે નિમિષ નિરધાર. ૮
એક આંખ તણો મિચકારો, તેનું નામ નિમિષ તમે ધારો;
એનું નામ જ ક્ષણ પણ જાણો, એનું નામ જ વિપળ પ્રમાણો. ૯
સાઠ નિમિષ તણું પળ એક, હવે સાંભળો તેનો વિવેક;
આપણાં વર્ષ ચોવિશ લાખ, તે તો બ્રહ્માનું પળ એક દાખ્ય. ૧૦
સાઠ પળની ઘડી એક થાય, વર્ષ આપણાં તો બહુ જાય;
કોટિ ચૌદ ને લાખ ચાળીશ, ઘડી એક બ્રહ્માની કહીશ. ૧૧
ઘડી ત્રીશ તણું દિનમાન, સુણો વર્ષ તેમાં રાખી ધ્યાન;
ચાર અબજ ને બત્રી કરોડે, વર્ષ બ્રહ્માના દિવસમાં દોડે. ૧૨
જુગ ચારની ચોકડી એક, કહું સાંભળો તેનો વિવેક;
લાખ સતર અઠ્યાવિ હજાર, વર્ષ સતયુગનાં નિરધાર. ૧૩
ત્રેતાયુગનાં વરસનો સુમાર, બાર લાખ ને છનું હજાર;
જુગ દ્વાપરનો નિરધાર, આઠ લાખ ચોસઠ હજાર. ૧૪
ચાર લાખ હજાર બત્રીશ, કળિયુગનું પ્રમાણ કહીશ;
ચાર જુગનાં મળી વર્ષ જેહ, થાય લાખ ત્રેંતાળીશ તેહ. ૧૫
વળી ઉપર વીશ હજાર, નથી સંશય એમાં લગાર;
એવી હજાર ચોકડી જાય, ત્યારે બ્રહ્માનો દિન એક થાય. ૧૬
ચૌદ ઈંદ્ર વીતે એટલામાં, મનુ ચૌદ વીતે તેટલામાં;

તેની આયુષ્ય કેરું પ્રમાણ, તમે સાંભળો સંત સુજાણ. ૧૭
આપણાં વર્ષ તો ત્રીશ ક્રોડ, પંચાશી લાખ તે સાથે જોડ;
ઉપરે એકોતેર હજાર, તેની ઉપર તો શત ચાર. ૧૮
અઠ્યાવીશ વરસ ખટ માસ, તેથી અધિક કહું તમ પાસ;
વળી વાસર તો પંચવીશ, ઉપરાંત ઘડી બેંતાળીશ. ૧૯
એકાવન પળ વિપળ પચીસ, લવ તે પર તો બેંતાળીશ;
બાર લવ તણો ચૌદમો ભાગ, પછી ઈંદ્ર કરે તનત્યાગ. ૨૦
મનુ પણ એક ઈંદ્રને સંગ, એટલું જીવીને તજે અંગ;
ચૌદ ઈંદ્ર મનુ થઈ જાય, ત્યારે બ્રહ્માનો એક દિન થાય. ૨૧
તેમાં બહુ ઉપજે બહુ જાય, તે તો નિત્ય પ્રલય કહેવાય;
થાય બ્રહ્માનો સાયંકાળ, નાસે સ્વર્ગ મૃત્યુ ને પાતાળ. ૨૨
તે તો નિમિત્ત પ્રલય કહેવાય, ગણતાં પ્રલે બીજો ગણાય;
રાતે બ્રહ્મા સુવે સાક્ષાત, જેવડો દિન તેવડી રાત. ૨૩
આઠ અબજ ને ચોસઠ કોટી, સંખ્યા આપણાં વર્ષની મોટી;
એટલો અવસર જ્યારે જાય, બ્રહ્માનું અહોરાત્ર ગણાય. ૨૪
વળી થાય પ્રભાત તે જ્યારે, ત્રિલોકી ઉપજાવે તે ત્યારે;
અહોરાત્ર વિતી જાય ત્રીશ, બ્રહ્માનો માસ એક કહીશ. ૨૫
માસ બાર તણું વર્ષ થાય, શત વર્ષ જીવે તે બ્રહ્માય;
ચૌદ લોક સહીત બ્રહ્માંડ, નાસ થાય તજે બ્રહ્મા પંડ. ૨૬
અંડ પ્રકૃતિ માંહિથી થાય, પાછું પ્રકૃતિ માંહિ સમાય;
એ તો પ્રાકૃતપ્રલય લખાય, સંખ્યા ગણતાં તે ત્રીજો ગણાય. ૨૭
ચોથો પ્રલય આત્યંતિક જેહ, કેવી રીતથી થાય છે તેહ;





મૂળપ્રકૃતિથી જે પ્રધાન, તથા પુરુષ થયેલા નિદાન. ૨૮
તેઓ સહિત બ્રહ્માંડ અનેક, થાય નાશ તેનો જ્યારે છેક;
પ્રકૃતિનું કારજ કહેવાય, પ્રકૃતિમાં પ્રતિલોમ થાય. ૨૯
પછી પ્રકૃતિ પુરુષ જેહ, કહું તેની ગતિ થાય તેહ;
મહાઅક્ષરપુરુષનું તેજ, લીન થાય તેમાં બેય એ જ. ૩૦
આત્યંતિક પ્રલય તેનું નામ, લખ્યું છે શતશાસ્ત્રમાં આમ;
જ્યારે ઉત્પત્તિકાળ આવે છે, અનુક્રમથી ત્યારે ઉપજે છે. ૩૧
થાય છે પ્રતિલોમ તે જેમ, અનુલોમથી ઉપજે છે એમ;
એ તો પ્રલય કહ્યા અમે ચાર, હવે સાંભળો બીજો વિચાર. ૩૨
જયારે બ્રહ્માનો અંત જણાય, ત્રીજો પ્રાકૃત પ્રલય તે થાય;
સાડી ત્રણ કોટી થાય તેહ, ફરી આવે ત્યારે નરદેહ. ૩૩
કાં તો અસદગુરૂથી બંધાઈ, કાં તો વિષયના સુખમાં લોભાઈ;
વ્યર્થ કાઢે છે જન અવતાર, તે તો જાય છે નરક મોઝાર. ૩૪
ઘણા કાળ સુધી નર્ક કુંડે, મહા પીડા પામે છે તે પંડે;
પછી ભોગવે લક્ષ ચોરાશી, તેનાં દુઃખ જુવોને તપાશી. ૩૫
જાતિ ઉદ્ભિજે[૧] અને અંડજે[૨], વળી સ્વદેજે[૩] ને જરાયુજે[૪];
એકવીશ લક્ષ જાતિ જાણો, સંખ્યા પ્રત્યેકની તે પ્રમાણો. ૩૬
ભરતખંડમાં માનુષ્ય દેહ, છેલી વારે પામે જીવ તેહ;
સાડી ત્રણ કોટી બ્રહ્મા જાય, ફરી આવે ત્યારે નર કાય. ૩૭
ત્યારે પણ સંતસંગ જો કરે, પ્રભુ ભજી ભવસાગર તરે;
નહિ તો પાછો નરકમાં જાય, વળી ગોથાં ચોરાશીમાં ખાય. ૩૮
માટે ચેતજો ચિત્તમાં ભાઈ, આવ્યો અવસર છે સુખદાઈ;



૧.ઉગીને જન્મેલ ૨.ઈંડામાંથી જન્મેલ ૩.પરસેવામાંથી ઉત્પન થયેલ ૪.જર સાથે જન્મેલ

સતશાસ્ત્ર વિચારો વિશેષ, માનો સદગુરુનો ઉપદેશ. ૩૯
કરો સાધન મોક્ષ જવાનું, નહિ તો મહાકષ્ટ થવાનું;
આ છે શાસ્ત્રનો સત્ય સિદ્ધાંત, ભાઇ એમાં નથી કાંઇ ભ્રાંત. ૪૦
સમજુ જન સમજી વિચારે, મૂર્ખ તો મનમાં નવ ધારે;
સદગુરુનો કે શાસ્ત્રોપદેશ, નહિ મૂર્ખને અંકુશ લેશ. ૪૧
પત્ર વાંચીને ધરજો આનંદ, કહો જય જય સચ્ચિદાનંદ;
એવા પત્ર અનેક લખાવ્યા, ગામોગામ વિષે મોકલાવ્યા. ૪૨
વાંચી કૈંક થયા સંતસંગી, આવ્યા શ્રીપ્રભુ પાસ ઉમંગી;
અવિનાશીનો આશ્રય લીધો, અંગિકાર ઉદ્ધવમત કીધો. ૪૩
એવી રીતથી શામ સુજાણ, કર્યાં કોટિક જનનાં કલ્યાણ;
કળિકાળમાં સતજુગ થાપ્યો, કષ્ટકારી કુમારગ કાપ્યો. ૪૪
પ્રભુ પ્રગટને ઓળખ્યા નહીં, મોટા મૂરખ તે જન સહી;
અતિ પ્રૌઢ પ્રતાપ જણાવ્યો, તોય જડને વિચાર ન આવ્યો. ૪૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અગણિત જનકેરી ભ્રાંતી ભાંગી, જડમતિ તોય જુવે ન કાંઇ જાગી;
દિનકર કૃત તેજ તો અલેખે, પણ દગ ખોલી ઉલૂક[1] તો ન દેખે. ૪૬

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપુરે શ્રીહરિલવનિમેષાદિ-બ્રહ્મદેવઆયુષ્યમાનનિરૂપણનામા દ્વાદશો વિશ્રામઃ ॥૧૨॥***

**પૂર્વછાયો :**

આવી પવિત્ર પ્રબોધિની, આવ્યા દર્શને દાસ અનંત;
ફરતા દેશ વિદેશથી, આવ્યા ગઢપુરમાં સહુ સંત. ૧



૧.ઘૂવડ



**ચોપાઈ:**

નેણે નિરખિયા ધર્મકુમાર, એથી આનંદ ઉપજ્યો અપાર;
સુધા સમ મીઠાં વચન ઉચ્ચારી, સૌને સુખિયા કર્યા સુખકારી. ૨
સ્નેહે પૂછ્યા પછી સમાચાર, સંતો વિચર્યા તમે જેહ ઠાર;
કહો કેવા તહાં દેશ કાળ ? કેવી રૈયત કેવા ભૂપાળ ? ૩
કેવા ભાવથી માનિયા તમને, કહો સર્વ સમાચાર અમને;
બોલ્યા સંત હેતે જોડી હાથ, નમી કહિયે સુણો કૃપાનાથ. ૪
એક આપના ચરણની પાસ, સદા છે સર્વ સુખનો નિવાસ;
બીજે દુઃખ દરિયાવ દેખાય, તે તો સ્વલ્પ સહન નવ થાય. ૫
ભેખધારી અસુરના જે અંશ, જેવા કાળનેમી અને કંસ;
અમો ઊપર રાખે છે વેર, પાપી પીડે છે તે બહુ પેર. ૬
આવી કંઠની કંઠિયો તોડે, ભુંશી તિલક ને તુંબડા ફોડે;
બ્રહ્મચર્ય જે અષ્ટ પ્રકારે, અમે પાળિયે વચને તમારે. ૭
અમે નારીને અડિયે ન અંગ, ભેખધારી કરે વ્રતભંગ;
નીચ નારિયોને ઉશકેરે, સ્પર્શ કરવાને જોરથી પ્રેરે. ૮
ભેખ જુલમ કરે એવા ભારી, રાય રક્ષા કરે ન અમારી;
ઝાલાવાડે ધરાંગધરા છે, તહાં દ્વેષિ વૈરાગી ઘણા છે. ૯
ગયું ત્યાં સંતમંડળ ફરવા, દૈવી જીવને ઉપદેશ કરવા;
મુખ્ય તે માંહિ જાનકીદાસ, સિંહાસન હતું તેહની પાસ. ૧૦
હતા તે માંહિ બાળમુકંદ, એવે આવ્યું વૈરાગીનું વૃંદ;
કરી મૂરતિ ખંડિત એણે, ભાંગી નાંખ્યું સિંહાસન તેણે. ૧૧
કંઠ માંહિથી કંઠિયો તોડી, તુંબિપાત્ર નાખ્યા વળી ફોડી;

વળી પાપીયે કીધો પ્રહાર, દીધી નિર્લજ ગાળો અપાર. ૧૨
સંતે જઈને કહ્યું જ્યાં રાય, રાયે કાંઈ કર્યો નહિ ન્યાય;
કહ્યું ગાયો સાથે ગાયો લડી, તેમાં શું કરિયે વચ્ચે પડી ? ૧૩
કહે સંત સુણો ધર્મલાલ, આજ એવો દિસે દેશકાળ;
પીડે નિર્બળને બળવાન, રાજા કાંઈ ધરે નહિ કાન. ૧૪
એમ રાજનીતિ રાયે મેલી, ત્યારે કોણ ગરીબનો બેલી ?
આપ છો જગના પ્રતિપાળ, માટે લ્યો સર્વ કેરી સંભાળ. ૧૫
સુણી બોલિયા શ્રીમહારાજ, ધરો ધીરજ સંતસમાજ;
વાયુ દિશમાંથી આવશે રાય, તે તો સંતની કરશે સહાય. ૧૬
રાજા સર્વ સ્વતંત્ર થયા છે, રાજનીતિ તજીને રહ્યા છે;
નથી અંકુશ કોઈ આ ટાણે, માટે વરતે છે મરજી પ્રમાણે. ૧૭
એક આવશે સમરથ રાય, તેને વશ થશે ભૂપ બધાય;
નથી સંતનો સુણતા પોકાર, કેમ સાંખશે જગ કરતાર. ૧૮

**અન્યાયી રાજા વિષે : ઉપજાતિવૃત્ત :**

સર્વેની રક્ષા કરવા જ કાજ, આપ્યું પ્રભુયે નરનાથ રાજ;
કરે નહીં સંત તણી સહાય, તે રાયનું રાજ જરૂર જાય. ૧૯
જો ભાવ ભૂંડો ઉર ભૂપ આણે, સ્વપુત્ર પુત્રીસમ તે ન જાણે;
કે લોભ લાવી લવ લાંચ ખાય, તે રાયનું રાજ જરૂર જાય. ૨૦
જાણે નહીં જે નૃપ રાજનીતિ, કે પાપકારી જનસાથ પ્રીતિ;
અન્યાયથી દીન પ્રજા પિડાય, તે રાયનું રાજ જરૂર જાય. ૨૧
જેને ઘણા મૂર્ખ મળે પ્રધાન, વિદ્વાનનું જ્યાં નહિ લેશ માન;
બળિષ્ઠ તો જ્યાં અબળા ગણાય, તે રાયનું રાજ જરૂર જાય. ૨૨





નરેશ દિસે વ્યસની વિશેષ, વસે નહીં ચિત્ત વિવેક લેશ;
કુટુંબમાં નિત્ય કુસંપ થાય, તે રાયનું રાજ જરૂર જાય. ૨૩
દિલે પ્રભુનો ડર જે ન રાખે, સ્વેચ્છા પ્રમાણે મુખશબ્દ ભાખે;
સ્વચ્છંદ રીતે વરતે સદાય, તે રાયનું રાજ જરૂર જાય. ૨૪
સદૈવ જ્યાં નીચ સલાહકાર, અકૃત્ય કે કૃત્ય નહીં વિચાર;
ન દીર્ઘદૃષ્ટિ કરી નીરખાય, તે રાયનું રાજ જરૂર જાય. ૨૫
જાણે નહીં જે ધન કેટલું છે, જાણે નહીં જે બળ જેટલું છે;
મિથ્યાભિમાની મનમાં સદાય, તે રાયનું રાજ જરૂર જાય. ૨૬

**ચોપાઈ:**

એવા ભાસે છે આજ ભૂપાળ, નથી રાખતા સૌની સંભાળ;
નવું રાજ્ય જોરદાર થાશે, તેથી તેહ પીડા ટળી જાશે. ૨૭
સંતો ત્યાં સુધી ધીરજ ધરો, જોઈ સમય તમે અનુસરો;
કંઠી તિલક તણો કરો ત્યાગ, શિખા સૂત્ર તજો બડભાગ. ૨૮
પરમહંસ દશા તમે રાખો, પ્રતિમાની પૂજા કાઢી નાંખો;
માનસિક કરો જપ ધ્યાન, કરો હરિ ગુણ કીર્તન ગાન. ૨૯
માંગી મધુકરી ભીક્ષા જમો, તીવ્ર તપ કરી દેહને દમો;
એવી આજ્ઞા કરી અવિનાશ, રાખ્યા સંતોને પોતાની પાસ. ૩૦
દિવસ જાણી પ્રબોધિની કેરો, કર્યો ઉત્સવ સરસ ઘણેરો;
રહ્યા ગઢપુરમાં હરિ સંત, આવ્યો પંચમી દિવસ વસંત. ૩૧
દેશોદેશથી આવિયા દાસ, કર્યો ઉત્સવ શ્રી અવિનાશ;
પછી જનને દેવા ઉપદેશ, ગયા પીપરડી પરમેશ. ૩૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નરતનું ધરી ધર્મના કુમાર, પુનિત ચરિત્ર કરે ભલાં અપાર;
ગણિગણિ ગુણ શેષનાગ ગાય, સુણીસુણી સંત મહાંત રાજી થાય. ૩૩

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભેસિંહનૃપસંવાદે દુર્જનકૃતસંતાપ-ઉપદ્રવનિવારણનામા ત્રયોદશો વિશ્રામઃ ॥૧૩॥***

**પૂર્વછાયો :**

કહે અચિંતાનંદજી, સુણો ભૂપ અભેસિંહ ભાઇ;
પીપરડીમાં પધારિયા, સર્વ સંત સહિત સુખદાઈ. ૧

**ચોપાઇ:**

તહાં બ્રાહ્મણ ભાણજી ઘેર, પધાર્યા પ્રભુજી રુડી પેર;
તેણે થાળ કરીને જમાડ્યા, સજી સેવા સંતોષ પમાડ્યા. ૨
કરી સુતાર કસળાયે સેવા, રહ્યા બે દિન હરિ સુખ દેવા;
ગયા ત્યાં થકી નડાળે નાથ, સર્વે સંત મંડળ લઈ સાથ. ૩
હતો ત્યાં એક વિપ્ર ગંગેવ, તેને ઘેર રહ્યા દેવદેવ;
સારી રીતે સેવા તેણે કરી, ત્યારે તે પ્રત્યે બોલિયા હરિ. ૪
અમે આ સ્થળ માંહિ રહ્યા’તા, મરચાં મીંઢીઆવળ ખાતા;
તને સાંભરે છે ભાઇ તેહ! સુણી એવું બોલ્યો દ્વિજ એહ. ૫
સુખ આપ્યું છે આપે અનંત, કેમ વીસરે તે ભગવંત ?
એવી વાતો કરી ત્યાં અપાર, શ્રીજી ત્યાંથી ગયા સરધાર. ૬
ક્ષત્રિ તોંગોજી ને વેરીભાઇ, એ તો આવિયા સનમુખ ધાઈ;
ગોવર્ધન ને કમળશી વણિક, બીજા વિપ્ર ને વૈશ્ય અધિક. ૭





સામૈયું સજીને સામા આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા;
સારી રીતે કરી સનમાન, પધરાવ્યા પ્રિતે ભગવાન. ૮
તોંગેજીયે કરી ઘણી તાણ, આવો અમ ઘેર શ્યામ સુજાણ;
સુણી બોલ્યા વણિક બેય વાણી, ભક્તરાજ સુણો સ્નેહ આણી. ૯
ઘણી વાર તમારે તો ઘેર, ઊતર્યા છે પ્રભુ રુડી પેર;
લેવા દ્યો અમને આજ લાવો, રુડો અવસર આવ્યો છે આવો. ૧૦
અમે ગરીબ વણિક બે છૈયે, આવો લાભ ફરી ક્યારે લૈયે?
સુણી બોલ્યા શ્રીજીમહારાજ, અમે આવશું તમ ઘેર આજ. ૧૧
પ્રભુજી તેને ઘેર પધાર્યા, સંતોને પણ ત્યાં જ ઉતાર્યા;
સૌની સેવા સજી શુભ પેર, ધર્મલાલે કરી લીલાલેર. ૧૨
કર્યો વર્ણી મુકુંદે ત્યાં થાળ, જમ્યા સ્નેહથી જનપ્રતિપાળ;
કહ્યું વાણિયે નિજ વૃદ્ધ માને, મારે જાવું છે તરત દુકાને. ૧૩
માટે પોઢવા પ્રભુને અભંગ, સારો પાથરી દેજો પલંગ;
ભળામણ એવી ડોશીને દીધી, પછી વાટ દુકાનની લીધી. ૧૪
ડોશી ઢુંઢિયાનો ધર્મ પાળે, જુંઓ[1] માંકડનેય સંભાળે;
એક ખાટલામાં ભેળા કરે, આવે મેમાન ત્યારે પાથરે. ૧૫
ઢાળ્યો તે હરિકૃષ્ણને કાજ, કહ્યું પોઢો તમે મહારાજ;
સૂતા જૈ જગદીશ્વર જ્યારે, આવ્યાં માંકડ ને જુઓ ત્યારે. ૧૬
જેમ કીડીનું દર ઉભરાય, જેમ રાફડે ટીડ ન માય;
જેમ ઉધેઇ નિકળે અપાર, આવ્યા માંકડ એમ એ ઠાર. ૧૭
હરિકૃષ્ણને કરડવા લાગ્યા, ત્યારે ઝબકીને શ્રીહરિ જાગ્યા;
બેઠા ભૂમિયે શ્રીભગવાન, નિજરૂપ તણું ધરિ ધ્યાન. ૧૮



૧.ગરમીથી થતી જીવાંત

**માંકડ વિષે :ઉપજાતિવૃત્ત :**

વર્ણી કહે છે સુણ ભૂપ વાત, મહા બૂરી માંકડ કેરી જાત;
ઉત્પત્તિ એની અતિ થાય જ્યારે, અત્યંત લોકો અકળાય ત્યારે. ૧૯
સૂર્યાદિ આકાશ વિષે ફરે છે, સ્મશાનમાં શંકર જૈ ઠરે છે;
વિષ્ણુ સુએ શેષ શરીર ખાટે, કલ્પે કવિ માંકડ દુઃખ માટે. ૨૦

**ચોપાઈ :**

કહે વર્ણી સુણો રુડા રાય, કહું ચાલતી તેહ કથાય;
આવ્યા બે ભાઈ ઘેર ફરીને, હેઠા બેઠેલા દીઠા હરિને. ૨૧
કર્યા પ્રેમે કરીને પ્રણામ, પોઢો એહ પલંગમાં શામ;
કહે કૃષ્ણ સૂવાય ન એમાં, જુઓ માંકડ છે બહુ તેમાં. ૨૨
શેઠે સાંભળીને મર્મ જાણ્યો, દિલે ડોસી ઉપર ક્રોધ આણ્યો;
જૈને લાગ્યા તે ડોસીને લડવા, ત્યારે ડોસી લાગી બડબડવા. ૨૩
તારા સ્વામિજી છે ભગવાન, દેશે માંકડને મોક્ષદાન;
એવું જાણીને એહ પલંગ, મેં તો પાથરી આપ્યો અભંગ. ૨૪
એવો શબ્દ સુણ્યો ઘનશામે, ત્યારે બોલાવ્યાં તેને તે ઠામે;
ડોસી સામી નજર જ્યારે સાંધી, ત્યારે ડોસીને થૈ ત્યાં સમાધી. ૨૫
દિવ્ય દષ્ટિયે ડોશી તે કાળે, મહા મોક્ષનો માર્ગ નિહાળે;
જુઓ માંકડના જીવ જેહ, એકે એકે તજી તન તેહ. ૨૬
વિમાને ચડી વૈકુંઠ જાય, બધું તે તો ડોશીને દેખાય;
ડોશી જ્યારે સમાધિથી જાગી, પ્રેમે શ્રીપ્રભુને પગે લાગી. ૨૭
કર્યું સ્તવન કર્યા ગુણગાન, તમે સમરથ શ્રીભગવાન;
હવે જાણ્યા જથારથ તમને, આવ્યા પાવન કરવાને અમને. ૨૮





મોટો અપરાધ કીધો મેં આજ, માફ કરજો તમે મહારાજ;
પછી ડોસી થઈ સતસંગી, પામી અવિચળ ભક્તિ અભંગી. ૨૯
કહે વર્ણી કહું બીજી વાત, ભલો જાણી પ્રસંગ આ ભ્રાત;
નામે બોદો જે કમાનગર, સરધાર વિષે તેનું ઘર. ૩૦
રામાનંદસ્વામી તણો દાસ, ઘણું રહેતો તે સ્વામીની પાસ;
એવામાં એહ ગામ મોઝાર, કોઈ જનને થયો અતિસાર[1]. ૩૧
ત્યારે બોલ્યા રામાનંદ વાણી, પાઓ પાશેર મીઠાનું પાણી;
ગુરુવચને પાયું લુણ નીર, થયું તેથી નિરોગી શરીર. ૩૨
બોદા ભક્તે દેખી શિખી રાખ્યું, એ જ ઓસડ અન્યને ભાખ્યું;
તેથી થૈ એક જન તણી ઘાત, ફિટકાર કરે જનજાત. ૩૩
બોદે સ્વામીનો અવગુણ લીધો, સતસંગ તેથી તજી દીધો;
સૌની આગળ બોલે સદાય, જૂઠા સ્વામી ને જૂઠો ઉપાય. ૩૪

**દેખાદેખી ન કરવા વિષે : ઉપજાતિવૃત્ત :**

જ્ઞાની તણો વાદ અજાણ લે છે, અજાણીતું ઓસડ કાંઈ દે છે;
એ ઊંટવૈદું ગણતાં ગણાય, એમાંથી અંતે ઉલટું જ થાય. ૩૫
જાણ્યા વિના જોગ સમાધિ સાધે, કાં તો મરે કાં તનરોગ વાધે;
એ તો મહા કષ્ટ તણો ઉપાય, એમાંથી અંતે ઉલટું જ થાય. ૩૬
તારો[2] નહીં ને તરવા કરે છે, તે નીરમાં બૂડી જઈ મરે છે;
વાદે નહીં વારી વિષે તરાય, એમાંથી અંતે ઉલટું જ થાય. ૩૭
ઉમાવરે ઝેર અસહ્ય પીધું, સદૈવ કંઠે નિજ ધારી લીધું;
બીજા થકી એમ નહીં રખાય, એમાંથી અંતે ઉલટું જ થાય. ૩૮
જણાય છે ઈશ્વરમૂર્તિ જેહ, ઈચ્છા પ્રમાણે વરતે જ એહ;



૧.લોહીવાળા ઝાડા ૨.તરવૈયો

જો અન્ય એવું કરવા ચહાય, એમાંથી અંતે ઉલટું જ થાય. ૩૯
બીજા તણા દોષ જ મૂર્ખ જાણે, પોતા તણા દોષ નહીં પ્રમાણે;
બીજાની વાંકાઇ જ ઊંટ દેખે, પોતાની વાંકાઇ જરી ન લેખે. ૪૦
મોટા કહે તેમ સદા કરીજે, મોટા કરે તેમ કદી ન કીજે;
મોટા કરે તે કરવા ચહાય, નહીં જ હળાહળ જીરવાય. ૪૧
મોટા તણો દોષ દિલે ધરે છે, પોતા તણું તે નરસું કરે છે;
જે મત્સ્ય ગંગાજળથી રિસાય, પોતે જ પીડા થકી તે પીડાય. ૪૨

**ચોપાઈ:**

ગંગાતુલ્ય છે આ સતસંગ, તજી જાશે જે તેના તરંગ;
તે તો પ્રાણી જ પોતે પીડાશે, સતસંગમાં ભંગ ન થાશે. ૪૩
ગયાં હરબાઇ ને વાલબાઇ, ગયા રઘુનાથદાસ રિસાઇ;
એવા કૈંક ગયા અને જાશે, સતસંગમાં ઓછું ન થાશે. ૪૪
જ્યારે લાગે છે માયાનો ધક્કો,ત્યારે હાલી પડે થંભ પક્કો;
ગયા કૈંક તો વિદ્યાના પાત્ર, ત્યારે બોદો બિચારો શા માત્ર. ૪૫
જ્યારે મોટાનો અવગુણ આવે, ત્યારે માયા તણું જોર ફાવે;
ભલા ભક્તોયે રાખવું ભાન, કહ્યું એ માટે આ આખ્યાન. ૪૬
સુણ્યો બોદે શ્રીજીનો પ્રતાપ, નમ્યો જૈને તેથી ટળ્યું પાપ;
બુદ્ધિ નિર્મળ થૈ તેની જ્યારે, સતસંગી સારો થયો ત્યારે. ૪૭
હવે શ્રીહરિની કહું વાત, ચાલ્યા સરધારથી સાક્ષાત;
ગામ રામોદમાં જઇ રહ્યા, બંધિયે ત્યાંથી બળવંત ગયા. ૪૮
ડોસા વાણિયાના ઘર પાસ, કરતા રામાનંદ નિવાસ;
એ જ ઓરડીમાં અવિનાશી, ઉતર્યા સુખથી સુખરાશી. ૪૯





ઢાળ્યો ઢોલિયો તે ફળિયામાં, બેઠા શ્રીહરિ ઉત્તર સામા;
બેઠા આગળ હરિજન સંત, ભાગવત લીધું શ્રીભગવંત. ૫૦
વાંચી વેદસ્તુતિ સંભળાવી, વળી વાત બોલ્યા મુખે આવી;
ભાગવત સુણે છે જન જેહ, એમ અંતરે સમજે છે એહ. ૫૧
એ તો ભૂપ પરીક્ષિત કાજ, કહી છે કથા શુક ઋષિરાજ;
પણ સુણનાર એમ ન જાણે, આપણે પરીક્ષિતને ઠેકાણે. ૫૨
કથા કરનાર શુકજી સમાન, લેવું આપણે એમાંથી જ્ઞાન;
એમ જાણી કહે સુણે જેહ, ધન્ય વક્તા તથા શ્રોતા તેહ. ૫૩
બોલ્યા ભાઇ ત્યાં આતમાનંદ, એક પ્રશ્ન સુણો સુખકંદ;
જેણે હરિને જાણ્યા ભગવાન, જાણ્યા સંતને મુક્ત સમાન. ૫૪
પછી જાણ્યે અજાણ્યે ભુલાય, સતસંગ થકી પડી જાય;
એની અંત્યે કેવી ગતિ થાય ? કહો કૃષ્ણ કરીને કૃપાય. ૫૫
સુણી ઉચ્ચર્યા અંતરજામી, મોટા સંત સુણો નિષકામી;
જાણતાં કે અજાણે ભુલાય, જીભ દાંત તળે કચરાય. ૫૬
તેની પીડા ભોગવવી તો પડે, જ્ઞાની અજ્ઞાનીને પણ નડે;
જાણો ઈંદ્રિયો દાંત સમાન, જીભ જાણો નિયમ વર્તમાન. ૫૭
ભૂલે ચૂકે કરે તેનો ભંગ, તેની પીડા તેને થાય અંગ;
પ્રભુ કેરો જો નિશ્ચે ન જાય, કોઇ કાળે તો કલ્યાણ થાય. ૫૮
એવી વાતો બહુ જ પ્રકારે, કરી ધર્મની ધર્મકુમારે;
સંતે અંતરમાં ધરી લીધી, કરી મનન મહા દૃઢ કીધી. ૫૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વૃષસુત ઉચરે મુખેથી વાણી, કદી ઉચરે મુખ એ જ અન્ય પ્રાણી;

પણ ન મધુર વાક્ય તેહ દીઠું, અવનીતણું જળ ઈક્ષુમાં જ મીઠું. ૬૦
શુકમુખ ઉચરે સુશબ્દ જેહ, કદી ઉચરે મુખ અન્ય પ્રાણી એહ;
સુણી સ્વર કહિયે ન હર્ષકારી, શુકમુખ કેરી સરસ્વતી જ ન્યારી. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિબંધિયાગ્રામે વિચરણનામા ચતુર્દશો વિશ્રામઃ ॥૧૪॥*

**પૂર્વછાયો :**

સંતો સહિત પછી સંચર્યા, ગામ બંધિયેથી બળવંત;
ગોંડળમાં ગિરિધર ગયા, થયાં જન મન મુદિત અનંત. ૧

**ચોપાઇ:**

ચાલ્યા ગોંડળથી જગદીશ, રહ્યા મેવાસે જૈને મુનીશ;
નદી ચાંપરવાડી છે નામ, બેઠા ત્યાં જઇ શ્રીઘનશામ. ૨
કર્યું સંતસહિત તેમાં સ્નાન, કરી નિત્યક્રિયા ભગવાન;
વીરેશ્વર ઈંદ્રજી અને કડવા, આવ્યા વિપ્ર પ્રભુપાય પડવા. ૩
કહ્યું પ્રેમે કરીને પ્રણામ, પ્રભુજી કરો પાવન ગામ;
સુણી બોલ્યા શ્રીજી થઇ રાજી, ઉતાવળથી જવું છે ધોરાજી. ૪
રસોઇ જમવા નહિ રહિયે, તમે સમજુ છો ઝાઝું શું કહિયે;
હતો વીવા વીરેશ્વર ઘેર, લાવ્યા પકવાન તે રુડીપેર. ૫
પીરશ્યું સંતને પ્રભુ પ્રીતે, પોતે પેંડા જમ્યા રુડી રીતે;
એક વૃક્ષ તળે સભા સજી, બેઠા સંતમંડળ મધ્યે શ્રીજી. ૬
સમૈયો થવાની સુણી ગાથ, આવ્યા બ્રહ્મમુનિ સંત સાથ;
પદ વંદી બેઠા તેહ ઠાર, ત્યારે શ્યામે પૂછયા સમાચાર. ૭





તમે જૈ ફર્યા જે દેશમાંય, કહો કેવો છે સત્સંગ ત્યાંય ?
બોલ્યા બ્રહ્મમુનિ શીર નામી, વધ્યો છે ઘણો સતસંગ સ્વામી. ૮
વળી બોલિયા માવ ઉમંગી, તમે કેવા થયા સતસંગી ?
બ્રહ્માનંદ કહે ભગવાન, કર્યું તન મન ધન કુરબાન. ૯
પામ્યા ભક્તિ તમારી અભંગી, અમે સાચા થયા સતસંગી;
કહે શ્રીજી અમે ક્યાં ફરતા ? કહો કેવી ક્રિયા અમે કરતા ? ૧૦
કહો તો જાણું સત્સંગી સાચા, નહિ તો કહું સત્સંગી કાચા;
એવા સત્સંગી પર્વતભાઇ, મીણબાઇ તથા જીવુબાઇ. ૧૧
એવા ભટ્ટ ભલા મયારામ, તથા શેઠ ગોવર્ધન નામ;
અમે જે જે જગ્યામાં વિચરિયે, તથા જે જે ક્રિયા અમે કરિયે. ૧૨
તે તો ત્રણે અવસ્થાની માંય, ભક્તો ભાળે છે નજરે સદાય;
કહે બ્રહ્મમુનિ અહો દેવા, સતસંગી નથી અમે એવા. ૧૩
અમે તો છૈયે દાસના દાસ, જેવી દૂધની આગળ છાશ;
મેરુ આગળ ટેકરા જેવા, મોટા ભક્ત આગળ અમે એવા. ૧૪
સુણી બોલ્યા મુક્તાનંદ સ્વામી, અહો સમરથ અંતરજામી;
એવા સત્સંગી કેમ થવાય ? કહો જે હોય એનો ઉપાય. ૧૫
સુણી ઉચર્યા અંતરજામી, સાંભળો મુક્તાનંદ સ્વામી;
કરે આગ્રહથી જે અભ્યાસ, પોતે ટાળે માયા તણો પાસ. ૧૬
માને આત્માને અક્ષરરૂપ, મને જાણે અક્ષર તણો ભૂપ;
ધરે અંતરમાં મારું ધ્યાન, થાય સત્સંગી શ્રેષ્ઠ સમાન. ૧૭
બોલ્યા બ્રહ્મમુનિ શિર નામી, સુણો શ્રીસહજાનંદ સ્વામી;
કૃપાનાથ કૃપા કરો જ્યારે, એવા થૈયે સત્સંગી તો ત્યારે. ૧૮

સુણી બોલ્યા શ્રીજીમહારાજ, કહું સાંભળો કવિ શિરતાજ;
ચૌદ લોકનું બ્રહ્માંડ એક, એવાં મોટાં બ્રહ્માંડ અનેક. ૧૯
એક અક્ષરના રોમકૂપે, રહ્યાં છે થઈને અણુરૂપે;
એવો અક્ષરનો મહીમાય, જેનું વરણન શેષે ન થાય. ૨૦
એવા અક્ષરધામનો ધામી, હું છું શ્રીપુરુષોત્તમ નામી;
કોટિમુક્ત તણો પતિ જેહ, તમ અર્થે ધર્યો નરદેહ. ૨૧
તમ અર્થે આવ્યો એહ ઠાર, ન રહ્યો અન્ય ધામ મોઝાર;
તજ્યું પ્રકૃતિ પુરુષનું ધામ, તજ્યાં વૈકુંઠ આદિ તમામ. ૨૨
બીજાં ધામ ને સ્થાન અનંત, જેનો આવે ન ગણતાં અંત;
કર્યો ક્યાંઈ જઈ નહિ વાસ, પ્રેમે આવી વશ્યો તમ પાસ. ૨૩
નિત્ય દર્શન દૈ સાક્ષાત, કરું છું તમ આગળ વાત;
જુગતી થકી પિરશી જમાડું, રંગ ઉત્સવે રંગે રમાડું. ૨૪
બહુ હેતે હું તમને બોલાવું, લૈને છાતિની સાથે લગાવું;
હેતે આપું પ્રસાદિના હાર, વળી લાડ લડાવું અપાર. ૨૫
કાંઈ આજ્ઞા કરો ઉલંઘન, સગાતુલ્ય કરું છું સહન;
તમે તોય એવું ઉચ્ચરો, સતસંગી થૈયે કૃપા કરો. ૨૬
તમે જ્યાં ફરો ત્યાં સાથે ફરિયે, હવે એથી કૃપા કેવી કરિયે ?
સુણી બોલ્યા બ્રહ્માનંદ સ્વામી, અહો ઈશ્વર અક્ષરધામી. ૨૭
કૃપા બહુ કીધી અશરણશરણ, પણ માયાનું છે આવરણ;
નથી એ થકી સમજાતું અમને, જાણિયે ન જથારથ તમને. ૨૮
એવું સાંભળીને શ્રીરંગે, ઉપવસ્ત્ર જે ઓઢ્યું'તું અંગે;
તજી દૂર બોલ્યા મનહરણ, જુઓ છે હવે કાંઈ આવરણ. ૨૯





ઉંડો મર્મ એમાં હતો જેહ, બ્રહ્માનંદે જાણી લીધો તેહ;
કરતા વાત પરોક્ષ સદાય, આજ સ્પષ્ટ કહ્યો મહિમાય. ૩૦
એમાં અંતર કાંઇ ન રાખ્યો, ભેદ સર્વે જથારથ ભાખ્યો;
મને એમ શ્રીજીયે જણાવ્યું, બ્રહ્માનંદને અંતરે આવ્યું. ૩૧
ત્યારે હેતે બોલ્યા જોડી હાથ, અતિ આજે કૃપા કરી નાથ;
આજ ભેદ જથારથ ભાખ્યો, પડદો રંચમાત્ર ન રાખ્યો. ૩૨
તમે અક્ષરધામના ધામી, સર્વોપરી સર્વના સ્વામી;
સર્વ અવતારના અવતારી, સૌથી સમરથ છો સુખકારી. ૩૩
એમ બોલિયા બ્રહ્મમુનિજી, એવા માંહિ બની વાત બીજી;
જેતપુરમાં રહે એક જોશી, સતસંગી સુપાત્ર સંતોષી. ૩૪
એણે સાંભળી વાત જે આજ, આવ્યા મેવાસે શ્રીમહારાજ;
જોશી દર્શન કરવાને આવ્યા, પુત્ર બેને સાથે તેડી લાવ્યા. ૩૫
નામ એકનું તો શિવરામ, બીજો પુત્ર ગોવર્ધન નામ;
પ્રણમી પ્રભુપદ અનુરાગ્યા, પુત્ર બે પ્રભુને પ્રિય લાગ્યા. ૩૬
ત્યારે પૂછ્યું જોશી સામું જોઇ, આને દીધી છે નહિ કે જનોઇ;
જોશીજી બોલ્યા જોડીને હાથ, નથી દીધી જનોઇ હે નાથ. ૩૭
કહે કૃષ્ણ જો તમને ગમે, આને દૈયે જનોઇ તો અમે;
સુણી બોલ્યા તે સુતના પિતાજી, પ્રભુ રાજી તમે તો હું રાજી. ૩૮
મારું સર્વસ્વ તમને મેં દીધું, તન મન ધન અર્પણ કીધું;
પ્રભુ બેય છે પુત્ર તમારા, કહેવા માત્ર માનું છું મારા. ૩૯
માવે મુહુરત ત્યાં જોવરાવ્યું, ફાગણે શુક્લપક્ષમાં આવ્યું;
ગયા ત્યાંથી પ્રભુ રુડિ પેર, દુધિવદર ને ઝાંઝમેર. ૪૦

જેતપુર ગયા અવસર જોઇ, બાળ બેયને દીધિ જનોઇ;
વિપ્ર જ્ઞાતિને નોતરાં દીધાં, ભલાં ભોજન તૈયાર કીધાં. ૪૧
કેટલાક હતા દ્વિજ દ્વેષી, હતા કૈંક સ્વભાવે કલેશી;
સર્વે વિપ્રોને તેણે ભમાવ્યા, તેથી બ્રાહ્મણો જમવા ન આવ્યા. ૪૨
ત્યારે શ્રીજીયે સંઘ જમાડ્યો, અનાર્થીને આનંદ પમાડ્યો;
બીજે દિન દ્વિજ સૌને બોલાવ્યા, પૂછ્યું કેમ ન જમવાને આવ્યા? ૪૩
બોલ્યો બ્રાહ્મણ એક વિચારી, જેષ્ઠપુત્ર છે શ્રાદ્ધાધિકારી;
તેને તાતે જનોઇ દેવાય, બીજાથી ક્રિયા તે ન કરાય. ૪૪
બીજો કોઇ જનોઇ દે એને, કરે શ્રાદ્ધ પહોંચે તે તેને;
તેના તાતને નહિ પોંચશેય, વિધિશાસ્ત્ર વિરુદ્ધ થશેય. ૪૫
એવો બાધ ગણ્યો નહિ તમે, એથી જમવા ન આવિયા અમે;
તાતનું શ્રાદ્ધ કરશે જે એહ, શ્રાદ્ધ તમને પહોંચશે તેહ. ૪૬
કહે શ્રીજી પોહોંચશે મને, તે તો પહોંચશે પિત્રિ સરવને;
માટે અમને પહોંચશે શ્રાદ્ધ, તેનો કાંઇ ન જાણવો બાધ. ૪૭
એવું જાણી જમો સહુ તમે, હજી આજ જમાડીયે અમે;
વિપ્રે માની ન વાત તપાશી, કરી ધોરાજી જૈને ચોરાશી. ૪૮
જેતપરથી ચાલ્યા ઘનશામ, ગયા સાંકળિયે સુખધામ;
ગયા ધોરાજી ધર્મકુમાર, સામા સત્સંગી આવ્યા અપાર. ૪૯
હઠીભાઇ તથા અજુભાઇ, ભક્ત ભોજોજી આવિયા ધાઇ;
બકાભાઇ જે ક્ષત્રિ ખિમાણી, જેની ભક્તિ ભલી વખણાણી. ૫૦
બાજીબા મેરામણજીએ આવ્યા, સાથે સ્નેહિ સગા જન લાવ્યા;
વિપ્ર માવજી પુત્ર રાઘવજી, વાલજી તથા વિપ્ર કેશવજી. ૫૧





વાજે વાજિંત્ર ડંકા નિશાન, કર્યું શ્રીહરિનું સનમાન;
લાલવડ એક છે પુરપાસ, આવી ઊતર્યા ત્યાં અવિનાશ. ૫૨
મોટું ત્યાં દિઠું સારું મેદાન, સૌને ઊતરવા જોગ્ય સ્થાન;
માટે ત્યાં રહેવાનું જ કીધું, હરિભક્તોયે ભોજન કીધું. ૫૩
સૌની સારી કરી બરદાસ, કોઇ વાતે ન રાખી કચાશ;
ફુલડોળ ઉપર સંઘ આવ્યા, ભેટ સામગરી ભલી લાવ્યા. ૫૪
ફુલડોળ દિવસ બહુ રંગે, રમ્યા શ્રીહરિ સંતોને સંગે;
અતિ ઊડે અબીર ગુલાલ, પીચકારી છોડે વૃષલાલ. ૫૫
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, દેખી દેવનાં દુંદુભિ લાજે;
કર્યો ઉત્સવ શુભ એવી રીતે, લીળા સંતે ધરી લીધી ચિત્તે. ૫૬
પછી સંત સહિત કર્યું સ્નાન, ભાવે થાળ જમ્યા ભગવાન;
વડ હેઠે સભા સજી સારી, યથાયોગ્ય બેઠાં નરનારી. ૫૭
હતા સુરતના જન આવ્યા, જરિયાનનો પોશાક લાવ્યા;
વસ્ત્ર પૂજા કરી પહેરાવ્યાં, ભાળી ભક્તજનો મન ભાવ્યાં. ૫૮
માવને શિર મુગટ ધરાવ્યો, હતો સુરતના સંઘે કરાવ્યો;
પેલવેલો એવો શણગાર, ધર્યો તે દિન ધર્મકુમાર. ૫૯
અતિ શોભ્યો સમૈયો તે સારો, મળ્યા હરિજન સંત હજારો. ૬૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અતિ સુખ હરિ નિત્ય એમ આપે, નિજજનનાં પ્રભુ પાપ તાપ કાપે;
દિન નિશ દિલમાં રહે ખુમારી, પરમ પવિત્ર ચરિત્ર ચિત્ત ધારી. ૬૧

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે***
***અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિધોરાજીપુરે***

*પુષ્પદોલોત્સવકરણનામા પંચદશો વિશ્રામઃ ॥૧૫॥*

**પૂર્વછાયો :**

આવેલા ઉત્સવ ઊપરે, જૂનાગઢના ઘણા હરિજન;
કર જોડી પ્રભુને કહ્યું, જૂનેગઢ ચાલો જીવન. ૧

**ચોપાઇઃ**

હરિનવમીનો ઉત્સવ જેહ, કરો ત્યાં કરુણાનિધિ તેહ;
ઘણા દિનની છે ઈચ્છા અમારી, પૂરો આશા પ્રભુ ત્યાં પધારી. ૨
દીનનાથે દિલે દયા આણી, કહી આનંદાનંદને વાણી;
વિચરો જૂનેગઢ જ્ઞાનવાન, સમૈયાનો કરાવો સામાન. ૩
થોડા દિવસ પછી રુડી રીત, અમે આવશું સંતો સહિત;
સુણી સ્વામી આનંદ ત્યાં ગયા, ધર્મપુત્ર ધોરાજીમાં રહ્યા. ૪
થોડા દિવસ પછી સુખકારી, જૂનેગઢ જવા કીધી તૈયારી;
સાથે લીધા કાઠી અસવાર, સંત સત્સંગીનો નહિ પાર. ૫
જૂનેગઢ ગયા શ્રીજગદીશ, જે છે અક્ષરકેરા અધીશ;
પુરથી દિશા ઉત્તરમાંય, સોનરખ સરિતા વહે જ્યાંય. ૬
તેને તટ છે આંમલિયોનું વૃંદ, જઇ ઉતર્યા ત્યાં જગવંદ;
હરિભક્ત જુનાગઢવાસી, તેણે જાણ્યું આવ્યા અવિનાશી. ૭
ભક્ત નાગર રામજીભાઇ, ઝીણાભાઇ હૈયે હરખાઇ;
ગયા બે મળી પૂરણ પ્રીતે, રાજદ્વાર વિષે રુડી રીતે. ૮
હતા હામદખાન નવાબ, જેના ઉત્તમ છે ઈલકાબ[1];
તેને જૈ સમાચાર સુણાવ્યા, આંહિ સ્વામિનારાયણ આવ્યા. ૯
રાજી થૈને રજા આપો તમે, પુરમાં પધરાવિયે અમે;



૧.માન ભરેલી પદવી,ખિતાબ



ત્યારે બોલ્યા મંગળજી દિવાન, થાય એમાં તો કાંઇ તોફાન. ૧૦
ઘણા કાઠી છે સાથે આવેલ, કરે રાજને કાંઇ ખલેલ;
સુણી ખાન બોલ્યા તતક્ષણ, કોણ છે તે સ્વામિનારાયણ. ૧૧
બોલ્યા રામજી ત્યાં ધરી ધીર, મોટા એ છે અમારા ફકીર;
સુણી ઉચ્ચર્યા પુરપતિ આપે, કરું રાજ્ય ફકીર પ્રતાપે. ૧૨
અમારા પુરમાં ભલે આવે, એને કોઇ નહીં અટકાવે;
ભક્ત ચાલ્યા કરીને સલામ, મળ્યા ત્યાં સતસંગી તમામ. ૧૩
દાદોભાઇ તથા ગગોભાઇ, આવ્યા ઉમેદસિંહજી ધાઇ;
આવ્યા ભક્ત નવલસિંહ નામ, મેતા માણકલાલ તે ઠામ. ૧૪
કાનજીભાઇ ભીમજીભાઇ, અંબારામ આવ્યા હરખાઇ;
રૂપશંકર પ્રેમી પ્રમાણ, જટાશંકર ભક્ત સુજાણ. ૧૫
શિવશંકર હરિગુણ ગાય, મોટા ભક્ત છે માધવરાવ;
હરિભક્ત છે હીમતરામ, ભક્ત રંગીલદાસજી નામ. ૧૬
વૃંદાવનદાસ ભૂખણદાસ, દુર્ગાદાસ ને દયાળદાસ;
શેઠ ચાંપશી અને ભીમજી, શેઠ મંગળજીને વીરજી. ૧૭
ઘડીયાળી ભલા દેવરામ, નારાયણજી બીજા ભાઇ નામ;
ભક્ત ભાટિયા ગોકળદાસ, દામોદર આવ્યા દર્શન આશ. ૧૮
લખમણ તથા હીરો લુહાર, રામજી મૂળજી સોત ચાર;
ઘનો પાંચમો ને છઠો ભગો, માનસિંહ બારોટ અડગો. ૧૯
એહ આદિ ઘણા નર રામા, આવ્યા સામૈયું લૈ હરિ સામા;
વાજાં વાજે ત્યાં વિવિધ પ્રકાર,સૌને અંગ ઉમંગ અપાર. ૨૦
પ્રેમે કૃષ્ણને કીધા પ્રણામ, આપે આશિષ સુંદર શામ;

વાલે વસ્ત્ર ધર્યા જરિયાની, ધર્યાં ભૂષણ કરુણાનિધાની. ૨૧
કરી માણકી પર અસવારી, સખા સંગે શોભે સુખકારી;
વર્ણી ચમર કરે તેની વાર, છડિદાર બોલે જેજેકાર. ૨૨
થાય બંદુક કેરા ભડાકા, કોઇ જાણે કે મેઘ કડાકા;
ધીમે ધીમે ચાલે અસવારી, નિરખે પુરનાં નરનારી. ૨૩
વાજે ભુંગળ તાલ મૃદંગ, ગાય કીર્તન મુનિજન સંગ;
દરવાજે મજેવડી કેરે, હરિ પેઠા તે જન સહુ હેરે. ૨૪
દૈવી જીવ દેખી હરખાય, દીલ દુષ્ટનાં તો બળિ જાય;
અસવારી સહિત અવિનાશ, આવ્યા ભૂપના દરબાર પાસ. ૨૫
એક ભાવિક ભક્ત ત્યાં આવ્યો, ભેટ કરવાને કાકડી લાવ્યો;
હેતે આપી તે હરિ કેરે હાથે, માંડી આરોગવા કૃપાનાથે. ૨૬
જેરુખે[૧] હતા હામદખાન, તેણે કેવા ભાળ્યા ભગવાન;
અસવારી સારી સજી જાતા, સર્વ દેખતાં કાકડી ખાતા. ૨૭
હતી ભૂપમાં બુદ્ધિ અપાર, તેણે ચિત્તમાં કીધો વિચાર;
જનને હોય જનકેરી શર્મ, એવો છે આખી દુનિયાનો ધર્મ. ૨૮
પશુઆદિ જોઇ જુદી જાતી, નથી માણસને લાજ થાતી;
અલમસ્ત દિસે આ તો કોઇ, નથી લાજતા જનને જોઇ. ૨૯
હતો ભૂપની પાસે ફકીર, વદ્યો તે વળી વાણી ગંભીર;
મારા દિલમાં તો એમ દિસે છે, અતિ મોટા પેગાંબર એ છે. ૩૦
કરી વાત પરસ્પર આમ, કરી શામને સ્નેહે સલામ;
ઝીણાભાઇ તણે દરબાર, જઇ ઊતર્યા ધર્મકુમાર. ૩૧



૧.અટારી



**પૂર્વછાયો :**

દિવાનખાને[૧] દયાનિધિ, પોતે ઉતર્યા શ્રીપરમેશ;
પાર્ષદ હરિજન સંતને, બીજા આપ્યા ઉતારા બેશ[૨]. ૩૨

**ચોપાઈ :**

સૌને આપિયાં આદરમાન, પ્રીતે આપ્યાં ભલાં ખાનપાન;
પાંચીબા હતાં નાગર નાતે, તેણે થાળ કર્યો ભલી ભાતે. ૩૩
ભાળી ભાવ જમ્યા ભગવાન, પછી આરોગ્યા સોપારી પાન;
હરિનૌમી દિવસ આવ્યો જ્યારે, થયો સારો સમૈયો તે વારે. ૩૪
દેશદેશના હરિજન આવ્યા, કરી ઉત્સવ હરિને રીઝાવ્યા;
કહે વર્ણી અભેસિંહ રાય, આજ દેરી છે જે સ્થળમાંય. ૩૫
આસોપાલવનું ઝાડ હતું, અતિ સુંદર તેહ શોભતું;
સભા ત્યાં સજી સુંદર શામે, જોતાં જનમન આનંદ પામે. ૩૬
મળી મોટા મોટા સતસંગી, આવ્યા પૂજવા હરિને ઉમંગી;
ઝીણોભાઇ તથા દાદોભાઇ, અંબાશંકર નાગરમાંઇ. ૩૭
પીપળાણાના નરસી મેહેતા, અગત્રાઇમાં પર્વત રહેતા;
માણાવદરમાં મયારામ, માંગરોળે ગોવર્ધન નામ. ૩૮
એહ આદિક સોરઠમાંય, મોટા મોટા જે ભક્ત ગણાય;
મળીને પ્રભુની પૂજા કરી, છબી અંતરમાં લીધી ધરી. ૩૯
ચારુ ચંદન પુષ્પ ચડાવ્યાં, ભારે ભૂષણ વસ્ત્ર ધરાવ્યાં;
ધૂપ દીપને નૈવેદ્ય ધરી, અતિ આનંદે આરતી કરી. ૪૦
કરી સ્તવન ને કીધા પ્રણામ, માંગી ભક્તિ ભલી આઠે જામ;
એવામાં જૂનાગઢના નિવાસી, આવ્યા ગાંધર્વ ગાન વિલાસી. ૪૧



૧.સભાખંડ,મળવા માટેનો જુદો ઓરડો ૨.ઉત્તમ, માફક આવતું

કર્યું સપ્ત સ્વરે શુભ ગાન, રીઝયા તે સુણી શ્રીભગવાન;
ભેદ ગાનના જાણે અનેક, એવો એ મંડળી મધ્ય એક. ૪૨
જાણ્યો તેહને મુમુક્ષુ સારો, બોલ્યા તે પ્રત્યે ધર્મદુલારો;
તમે સંસાર માંહિ રહ્યા છો, તોય દૃઢ નિષકામી થયા છો. ૪૩
પણ ઈશ્વરનું નથી જ્ઞાન, માટે તે સર્વ વ્યર્થ સમાન;
જાણો જીવ વિના વપુ જેવું, પ્રભુજ્ઞાન વિના વ્રત એવું. ૪૪

**પ્રભુના જ્ઞાન વિના મોક્ષ ન થાય તે વિષે : ઉપજાતિવૃત્ત :**

જથાર્થ જાણે હરિને ન જેહ, કરે ઘણેરાં વ્રત દાન તેહ;
તથાપિ તેનું ફળ અલ્પ થાય, પ્રભુ વિના મોક્ષ નહીં પમાય. ૪૫
વૃક્ષો ઉભાં જે વનમાં રહે છે, તે તાપ વૃષ્ટિ સઘળું સહે છે;
તપસ્વી તુલ્યે તપ તે જણાય, પ્રભુ વિના મોક્ષ નહીં પમાય. ૪૬
જો સ્નાનથી મોક્ષ મળે નિદાન, સદા કરે છે જળજંતુ સ્નાન;
તથાપિ તેના નહિ પાપ જાય, પ્રભુ વિના મોક્ષ નહીં પમાય. ૪૭
જો મોક્ષ પામે વનવાસ લીધે, કે નિત્ય પત્રો ફળ ભક્ષ કીધે;
વનેચરો તો ફળ પત્ર ખાય, પ્રભુ વિના મોક્ષ નહીં પમાય. ૪૮
પઢે જુઓ પોપટ રામનામ, જાણે ન જે કોણ હશે જ રામ;
તેનાથી સંસાર નહીં તરાય, પ્રભુ વિના મોક્ષ નહીં પમાય. ૪૯
નિષ્કામી તો સૌ બળદો રહે છે, પરાર્થ તે સંકટ તો સહે છે;
તેનાથી વૈકુંઠ નહીં વસાય, પ્રભુ વિના મોક્ષ નહીં પમાય. ૫૦
વડો તણાં વૃક્ષ જટા વધારે, વાગોળ ઊંધે શિર માસ બારે;
બહુ ધરે ધ્યાન બગો બધાય, પ્રભુ વિના મોક્ષ નહીં પમાય. ૫૧
નોળીક્રિયા કુંજરે[1] તો કરે છે, નિર્માની થૈ ધૂળ શિરે ધરે છે;



૧.હાથી



જાણ્યા વિના વ્યર્થ બધા ઉપાય, પ્રભુ વિના મોક્ષ નહીં પમાય. ૫૨

**ચોપાઈ :**

જ્યારે ઈશ્વરનું જ્ઞાન થાય, થાય સુફળ તો સર્વ ઉપાય;
જળ સીંચે ને બીજ ન હોય, કાંઇ ફળ તેથી પામે ન કોય. ૫૩
શામે એમ કહી દૃષ્ટિ સાંધી, થઇ ગાંધર્વને ત્યાં સમાધી;
જોયું જૈ તેણે અક્ષરધામ, દીઠા ત્યાં એ જ સુંદરશામ. ૫૪
પછી જાગ્યો સમાધિથી જ્યારે, પાયે લાગ્યો પ્રભુજીને ત્યારે;
અહો અક્ષરધામ અધીશ, જાણ્યા મેં તમને જગદીશ. ૫૫
કૃપાદૃષ્ટિ કૃપાનાથ ધારો, મુજને કરો સાધુ તમારો;
મારું માયાનું બંધન કાપો, ભક્તિ આપની ઉત્તમ આપો. ૫૬
શામે કીધો પછી સાધુ એને, દીધું નામ દેવાનંદ તેને;
જડ મૂળથી વાસના ટાળે, એવું કોણ કરે કળિકાળે. ૫૭
એ તો શ્રીપ્રભુની પ્રભુતાઇ, પણ જડમતિ જાણે ન ભાઇ;
એવા કીધા હજારો હજાર, તોય મૂર્ખ ન માને લગાર. ૫૮
શામે કૈને કરાવી સમાધિ, આપી જ્ઞાન તજાવી ઉપાધિ;
શક્તિ વાવરી આ અવતારે, એવી તો નથી વાવરી ક્યારે. ૫૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નરતનું ધરી ધર્મરક્ષ કાજ, અધિક પ્રતાપ જણાવિયો જ આજ;
જગપતિ બહુ જન્મ અન્ય લીધા, નથી નથી આજ સમાન કાજ કીધાં. ૬૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિજીર્ણદુર્ગે શ્રીહરિનવમીઉત્સવકરણનામા ષોડશો વિશ્રામઃ ॥૧૬॥*

**પૂર્વછાયો :**

ભૂપ સુણો અભેસિંહજી, કહે વર્ણી અચિંત્યાનંદ;
અતિ લલિત લીલા કરી, જૂનાગઢ વિષે જગવંદ. ૧

**ચોપાઈ :**

હરિનૌમી તણી વીતી રાત, દશમી દિન પ્રગટ્યું પ્રભાત;
કરી નિત્ય ક્રિયા મુનિનાથે, સભા સારી સજી સંત સાથે. ૨
ભલો આજ જહાં છે ભંડાર, હતો પીપળો એક એ ઠાર;
સભા ત્યાં સજી સુંદર શામ, બેઠા હરિજન સંત તમામ. ૩
સંતે કીર્તન ગાયાં તે ઠામે, ઘણી વાતો કરી ઘનશામે;
દીધો એવો ભલો ઉપદેશ, ન રહે સુણી સંશય લેશ. ૪
એવે અવસરે હામદખાને, સુણી કીર્તિ પ્રભુ તણી કાને;
ઝીણાભાઈ ને તરત તેડાવ્યા, દરબારમાં તે તો સિધાવ્યા. ૫
ઘડિયાળી રુડા દેવરામ, તેડાવ્યા તેને પણ તેહ ઠામ;
ભાખ્યું તેની પાસે શુદ્ધ ભાવે, આંહિ સ્વામિનારાયણ આવે. ૬
એવી વિનતિ જઈને ઉચારો, કરે પાવન દરબાર મારો;
મારે દર્શનની ઘણી આશ, તમે જાઓ કહો સ્વામી પાસ. ૭
પછી બેયે પ્રભુ પાસે આવી, બધી વાત કહી સંભાળાવી;
ભૂપતિ ઘણો રાખે છે ભાવ, માટે તમને તેડાવ્યા છે માવ. ૮
એવાં સાંભળી વિનય વચન, જવા ઊઠિયા પ્રાણજીવન;
મુક્તાનંદ બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદાદિક નિષ્કામી. ૯
સાથે લીધા મોટા મોટા સંત, બહુ સ્વાર પાળા બળવંત;
કાઠી ખાચર સોમલો સૂરો, પ્રેમભક્તિમાં જે બહુ પૂરો. ૧૦





ઝિણાભાઈ આદિક હરિજન, જેણે અરપ્યાં છે તન મન ધન;
એવા એવા જનો લઈ સાથ, ચાલ્યા દરબારમાં મુનિનાથ. ૧૧
અશ્વ ઉપર શ્રીજી બિરાજે, વાજાં વિવિધ પ્રકારનાં વાજે;
ભૂપભવને ગયા ભગવાન, સામા આવિયા હામદખાન. ૧૨
કચેરીમાં પ્રીતે પધરાવ્યા, કારભારિયો પણ સઉ આવ્યા;
પૂજી અર્ચિને કીધા પ્રણામ, સારો પોશાક આપ્યો એ ઠામ. ૧૩
ભલે આવ્યા કહ્યું મહારાજ, મને કીધો કૃતારથ આજ;
શામે આપીયો આશીરવાદ, પૂરી થઈ તેના મનની મુરાદ. ૧૪
કેટલાએક નાગરો ત્યાંય, રાખતા દ્વેષ અંતરમાંય;
તેઓને ઉર ઊપજી ઝાળ, જાણે શું કરિયે એહ કાળ. ૧૫
આપ્યું ભૂપે એને મોટું માન, કેમ કરિયે એનું અપમાન;
કર્યો સૌએ વિચાર તે ત્યાંહી, એક નરસિંહ પંડ્યો છે આંહી. ૧૬
શાસ્ત્ર અભ્યાસમાં છે અધૂરો, પણ વાચાળ છે વિપ્ર પૂરો;
તેની સાથે જો ચર્ચા કરાય, સ્વામી હારે ને અપમાન થાય. ૧૭
શ્રીજી કરતા હતા જ્ઞાનવાત, દ્વેષી બોલિયા ભૂપ સંઘાત;
પંડ્યો નરસિંહ છે વિપ્ર એક, ભણ્યો છે તે તો શાસ્ત્ર અનેક. ૧૮
ઘણા દિનથી તે ધારે છે આવું, સ્વામી સાથે હું ચર્ચા ચલાવું;
રજા દ્યો તો તેડાવિયે રાય, થાય ચર્ચા તો આનંદ થાય. ૧૯
સુણી બોલિયા હામદખાન, પંડ્યો આવે ભલે એહ સ્થાન;
પછી દ્વેષિયે તેને તેડાવ્યો, એ તો ઊતાવળો ચાલી આવ્યો. ૨૦
જોતાં દિસે કેવું તેનું તેજ, જાણે દારિદ્ર પ્રત્યક્ષ એ જ;
પાઘડી માંહિ પંચાગ કેવું, દિસે છાપરાના મોભ જેવું. ૨૧

કપાળે ભભૂતી કરી કેવી, કંટેવાળો કર્યો હોય એવી;
નાક તો જાણે દેડકું ધરિયું, તે તો તાજી તમાકુયે ભરિયું. ૨૨
લીંટ તો લુગડે લુતો જાય, તેના ડાઘ ઘણા જ દેખાય;
ખૂબ મૂખમાં તમાકું તે ખાય, મુખ તે થકી તેનું ગંધાય. ૨૩
હાથ ટુંકટા ને લાંબા કાન, આંખ્યો ઉંડી તે ખાડા સમાન;
દાંત બે તો દેખાય બહાર, ભાગ્યા ખોખરા થાય ઉચ્ચાર. ૨૪
આવી બોલ્યો અહો અન્નદાતા, સદા જીવો રહો સુખશાતા;
ગઊ બ્રાહ્મણના પ્રતિપાળ, મારા જેવાની રાખો સંભાળ. ૨૫
એનો દેખીને એવો આકાર, ભૂપે ચિત્તમાં કીધો વિચાર;
ક્યાંથી દારિદ્ર આ ચાલી આવ્યું? એને દરબારમાં કોણ લાવ્યું? ૨૬
એની આકૃતિ મૂર્ખમાં ઠરશે, એ તે શાસ્ત્રની ચર્ચા શી કરશે?
ભૂપે આપ્યું ન આદરમાન, તોય આવી બેઠો તેહ સ્થાન. ૨૭
શ્રીજીયે કહ્યું ભૂપને ત્યારે, અમે તો હવે જાશું ઉતારે;
સાધુઓ થોડીવાર રહેશે, પૂછશે તેને ઉત્તર દેશે. ૨૮
એમ કહીને ઉતારે તે ગયા, નિત્યાનંદ આદિક મુનિ રહ્યા;
સતસંગના દ્વેષિયો જેહ, બોલ્યા ભૂપની આગળ તેહ. ૨૯
પંડ્યો નરસિંહ પંડિત જેવો, સો સો ગાઉ વિષે નથી એવો;
તેની સાથે જો ચર્ચા કરાય, નિત્યાનંદજી તો વખણાય. ૩૦
કહે નરપતિ ચર્ચા ચલાવો, ક્યાંથી અવસર આવશે આવો?
કેટલાએકે ધારિયું ત્યારે, પંડ્યો પ્રશ્ન તો પૂછશે ભારે. ૩૧
ન્યાયનો કે વેદાંતનો લક્ષ, લૈને કરશે તે તો પૂર્વપક્ષ;
કહે પંડ્યો હું પૂછિશ વાત, ભાખે ઉત્તર એનો જે ભ્રાત. ૩૨





કોઈ શાસ્ત્રી સુણ્યો નથી એવો, અતિ કઠણ છે ઉત્તર દેવો;
એક પ્રશ્ન પુછું છું હું એમ, પ્રભુપદને નમે સહુ કેમ? ૩૩
હાથ મુખને કે માથાને જોઈ, નમું કેમ કહે નહિ કોઈ?
ખરો ઉત્તર એનો ઉચ્ચારે, નિત્યાનંદ ખરા કહું ત્યારે. ૩૪
નિત્યાનંદ બોલ્યા મુનિરાય, વંદે પદ સરવાંગ વંદાય;
માટે મહિપતિને કહે દાસ, રહું આપના કદમની પાસ. ૩૫
રહું કોઈ કહે નહિ માથે, રહું કોઈ કહે નહિ હાથે;
નમે ચરણારવિંદને જેહ, ખરો દાસનો ધર્મ છે તેહ. ૩૬
કહે પંડયો એ તો વાળ્યો ગોટો, આપ્યો ઉત્તર તે બધો ખોટો;
સભા જીત્યો છું હું દેશ દેશ, કહ્યું તે મેં તો માન્યું ન લેશ. ૩૭
વશિને મેં તો કાશીમાં વાસ, કર્યો છે ઘણો શાસ્ત્ર અભ્યાસ;
મારા પ્રશ્નનો ઉત્તર જાણે, એવો કોઈ નથી એહ ટાણે. ૩૮
કહે સ્વામી મને સુજ્યો જેવો, આપ્યો મેં એનો ઉત્તર એવો;
બીજો ઉત્તર આપ બતાવો, સભાસદ સઉને સમજાવો. ૩૯
કહે પંડયો જો શીખવું તમને, પછી કોણ પુછે આવી અમને;
ખરો અર્થ ગુરૂની કૃપાથી, એક હું જ શિખ્યો છું શિખ્યાથી. ૪૦
બોલ્યા નાગરો દિલ દયા લાવો, સાચો અર્થ પંડ્યાજી સુણાવો;
બોલ્યા પંડ્યો મુંછે ઘરી હાથ, સાચો અર્થ સુણો સઉ સાથ. ૪૧
પ્રભુના પગમાં નથી માયા, બીજા અંગમાં માયાની છાયા;
માટે પદને પવિત્ર પ્રમાણી, વંદુ પદને વદે સઉ વાણી. ૪૨
ભાંગ્યું ખોખરું પંડ્યે બોલાય, તેથી સમજી શક્યા નહિં રાય;
મુનિને પૂછયું મસ્તક નામી, કહો શી ચરચા થઈ સ્વામી? ૪૩

કહે સ્વામી સુણો નરપાળ, પંડ્યો એમ કહે છે આ કાળ;
ખુદાનાં તો કદમ છે જ પાક, બીજું છે આખું અંગ નાપાક. ૪૪
કહે ભૂપ એ તો ભૂલ મોટી, પંડ્યે જે કહી તે વાત ખોટી;
ખુદા તો પૂરેપુરા છે પાક, કોણ એને કહે જ નાપાક. ૪૫
એવું સાંભળી નરસિંહ પંડ્યો, બીજું પ્રશ્ન તે પૂછવા મંડ્યો;
સ્વામીને કહો છો ભગવાન, કેમ માને તે સૌ મતિમાન. ૪૬
સ્વામી જો એક ગ્રંથ બનાવે, પછી કાશિયે તે મોકલાવે;
કરે માન્ય તે સૌ વિદ્વાન, ત્યારે સ્વામી ખરા ભગવાન. ૪૭
સુણી સંતને પૂછ્યું રાજાયે, કહો શું કહ્યું તેહ પંડ્યાયે ?
નિત્યાનંદ કહે સુણો રાય, એ તો એમ કહે છે પંડ્યાય. ૪૮
ખરો સૂર્ય તો કહેવાય ક્યારે, તેને દુનિયાં બધી માને ત્યારે;
નહીં તો નહીં સૂરજ તેહ, એમ બોલે છે પંડ્યાજી એહ. ૪૯
એવું સાંભળી બોલ્યા નવાબ, એ તો પંડ્યાનો જુઠો જવાબ;
બધી દુનિયા કહે નહીં તોય, જે છે સૂર્ય તે સૂરજ હોય. ૫૦
સુણી પંડ્યો પડ્યો બહુ ભોંઠો, તેથી મોઢું ચડાવીને ઉઠ્યો;
પંડ્યાજી તો પોતે ઘેર ગયા, દ્વેષીયો પણ દાઝીને રહ્યા. ૫૧
મુનિને દીધું રાજાયે માન, ગયા તે પણ જ્યાં ભગવાન;
શ્રીજીયે બધી સાંભળી વાત, ત્યારે તેહ થયા રળીયાત. ૫૨
હતા કંઠમાં પુષ્પના હાર, નિત્યાનંદને આપ્યા તે વાર;
નિત્યાનંદ જીત્યા સભા જેહ, પ્રભુ પ્રગટ પ્રતાપથી તેહ. ૫૩

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

મુનિવર વિદવાન નંદ નિત્યા, જીરણગઢે કરતાં વિવાદ જીત્યા;





પણ લવ ન ધરે અમર્ષ આપ, મન સમજે સઉ શ્રીજીનો પ્રતાપ. ૫૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીજીર્ણદુર્ગેનિત્યાનંદ-મુનિકૃતવાદિપરાજયનામા સપ્તદશો વિશ્રામઃ ॥૧૭॥*

**પૂર્વછાયો :**

ભાઈ ઝીણાના ભવનમાં, સતસંગી તથા સઉ સંત;
સભા ભરી બેઠા હતા, બેઠા ત્યાં હતા હરિ બળવંત. ૧

**ચોપાઈ**

રસોઈ ઝીણાભાઈની હતી, કરી તેમણે આવી વિનંતી;
થયો છે પ્રભુ તૈયાર થાળ, આવો જમવાને જનપ્રતિપાળ. ૨
સુણી બોલ્યા શ્રીજી સાક્ષાત, ઝીણાભાઈ સુણો એક વાત;
અંબાશંકર છે ભક્ત ભાઈ, તેની પત્નિ ભલી બાઉબાઈ. ૩
એણે સંકલ્પ કીધો છે આજ, આવે વણનોતરે મહારાજ;
કરે મુજ ઘેર ભોજન પાન, તો હું નિશ્ચે જાણું ભગવાન. ૪
એવું ધારી કરી છે રસોઈ, બાઈ બેઠાં છે તે વાટ જોઈ;
માટે ત્યાં મારે જમવાને જાવું, મારો નિશ્ચય તેને કરાવું. ૫
એમ ઉચ્ચરી અંતરજામી, ઊઠી ચાલ્યા તેને ઘેર સ્વામી;
ભગુજી મૂળજી બ્રહ્મચારી, ભેગા લૈ ગયા ભવભયહારી. ૬
માવે ભોજન ત્યાં માંગી લીધું, બાઉબાઈયે ભાવથી દીધું;
આપ્યું નાવા પ્રથમ ઉનું નીર, નાયા સુંદર શામ શરીર. ૭
આપ્યું આસન બેસવા કાજ, રુડી રીતે બેઠા મહારાજ;
બાઉબાઈયે પ્રેમ અપારે, કર્યું પૂજન સોળ પ્રકારે. ૮

ચારુ ચંદન પુષ્પ ચડાવ્યાં, વસ્ત્ર ને ઉપવીત ધરાવ્યાં;
ભાત ભાતના ધૂપ ત્યાં ધર્યા, ઘૃતના ઘણા દીપક કર્યા. ૯
પ્રભુને પીરસ્યાં પકવાન, ભાળી ભાવ જમ્યા ભગવાન;
વાળી બીડી આપ્યો મુખવાસ, સ્નેહે આરોગ્યા શ્રીઅવિનાશ. ૧૦
પછી પાટ ઉપર પધરાવ્યા, હતા ત્યાં ગાદિ તકિયા બિછાવ્યા;
આરતી અતિ હેતે ઉતારી, સ્તુતિ ઉત્તમ રીતે ઉચ્ચારી. ૧૧
મારો સંકલ્પ જાણિયો સ્વામી, નિશ્ચે જાણ્યા મેં અંતરજામી;
તમે અક્ષર પર અક્ષરેશ, ન રહ્યો એમાં સંશય લેશ. ૧૨
હું છું દાસી અનન્ય તમારી, કરુણા કરો કરુણાકારી;
ભાળી ભક્તિ બોલ્યા ભગવાન, બાઈ માગો તમે વરદાન. ૧૩
ભાળી ભાવ રાજી થયો છુંય, મુખે માગો તે આપીશ હુંય;
બાઉબાઈ બોલ્યાં તેણી વાર, પ્રભુજી મારે પુત્ર છે ચાર. ૧૪
રૂપશંકર શિવશંકર, જટાશંકર ત્રીજા કુંવર;
પુત્ર ચોથા છે માધવરાય, એહ ચારેનું કલ્યાણ થાય. ૧૫
બીજા બે પુત્ર સ્વર્ગે ગયા છે, નથી જાણતી ક્યાં તે રહ્યા છે ?
પામે એ પણ અવિચળ સ્થાન, દેવદેવ[1] દ્યો એ વરદાન. ૧૬
સુણી બોલિયા શ્રીગિરધારી, પેઢિયો એકવીશ તમારી;
એ તો પામશે અવિચળ સ્થાન, આજ આપું છું એ વરદાન. ૧૭
બાઈ આનંદ પામી અપાર, કર્યું વંદન વારમવાર;
અંબાશંકરે પણ એહ ઠામ, પ્રભુને કર્યા દંડપ્રણામ. ૧૮
ગયા ત્યાં થકી ધર્મકુમાર, ઝીણાભાઈ તણે દરબાર;
આજ દેરી છે મંદિર પાસ, સભા ત્યાં કરતા અવિનાશ. ૧૯



૧.બધાજ દેવોના ઈષ્ટદેવ



આસોપાલવ ને જાંબુકેરું, હતું ઝાડ શોભિત ઘણેરું;
કરી સંતે પંગત તે સ્થાન, પ્રભુયે પીરસ્યાં પકવાન. ૨૦
સંધ્યાકાળે સભા સજી ત્યાંય, જોઈ જન હરખે મનમાંય;
વાદ વદવા માટે ઉનમાદી[1], આવ્યા મોટા મોટા મતવાદી. ૨૧
કૈંકે વેદાંતવાદ વિસ્તાર્યો, કૈંકે નાસ્તિકનો મત ધાર્યો;
કૈંક તો વામમાર્ગના વાદી, કરે કોઈક મંત્ર તંત્રાદી. ૨૨
શ્યામે સૌનો પરાજય કીધો, ડંકો આપની જીતનો દીધો;
કેટલાક હતા અભિમાની, તેણે તો કાંઈ વાત ન માની. ૨૩
પણ દૈવી હતા જન જેહ, હરિના થયા આશ્રિત એહ;
એવા માંહિ બની બીજી વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત. ૨૪
જીવો જોશી આવ્યા જેતપરથી, ઉચર્યા મુખ ગદગદ સ્વરથી;
અહો કૃષ્ણ કૃપાના નિધાન, ભક્તિનંદન શ્રીભગવાન. ૨૫
પીડા વિપ્રો કરે છે અપાર, મૂક્યું મુજ ઘરને નાતબાર;
રૂઠ્યો છે વળી મુજ પર રાય, ગામ માંહિ નહી રહેવાય. ૨૬
કૃપાનાથ કહો તેમ કરું, કહો તો ભગવો ભેખ ધરું;
કહો તો લડું નાતની સાથે, હથિયાર ધરું નિજ હાથે. ૨૭
કહે વર્ણી સુણો નરનાથ, કેટલોએક વિપ્રોનો સાથ;
રાખે શ્રીહરિ ઉપર દ્વેષ, નડે હરિજનને તે વિશેષ. ૨૮

**ઉપજાતિવૃત્ત :**

વિપ્રો તણું માન વધારવાને, કાયા ધરી છે કરુણાનિધાને;
તેને દ્વિજો શત્રુ સમાન દેખે, અહો જુઓ કૌતુક આ અલેખે. ૨૯



૧.ઉન્મત

**ચોપાઈ**

જીવા જોશિની સાંભળી વાણી, બોલ્યા સ્નેહથી સારગંપાણી;
ક્ષમા રાખવી ભક્તે સદાય, સૌથી સારો છે એ જ ઉપાય. ૩૦
દ્વેષી આપણા હોય વિશેષ, તજી તે સ્થળ વસવું વિદેશ;
માટે ત્યાગ કરો તેહ ગામ, તમે જૈને વસો બીજે ઠામ. ૩૧
કહી એમ શ્રીધર્મકુમારે, સભા સામું જોયું તેહ વારે;
ગામ ગોરવિયાળીના જેહ, હીરા આદિ પટેલિયા તેહ. ૩૨
તેને જોઇ બોલ્યા ઘનશામ, રાખો જોશીને આપને ગામ;
રાખજો સર્વદા બરદાશ, એ તો મારા અનન્ય છે દાસ. ૩૩
પછી જોશી કુટુંબ સહીત, રહ્યા ત્યાં જઇને રુડી રીત;
કથા શ્રીહરિની સંભળાવે, દૈવીને સતસંગ કરાવે. ૩૪
પટેલોયે પીઠવડી વસાવી, ત્યારે જોશીયે ત્યાં રહ્યા આવી;
સૌયે જોશીની રાખી સંભાળ, જાણી પરમ ધરમ પ્રતિપાળ. ૩૫
હવે શ્રીહરિની કહું વાત, સંધ્યાકાળ વિત્યો થઇ રાત;
સભા ત્યારે વિસર્જન કરી, ઝીણાભાઈ ભુવન ગયા હરિ. ૩૬
આદિબાયે તથા ગંગાબાયે, હતો થાળ કરાવિયો ત્યાંયે;
જમ્યા ત્યાં જઇને પ્રભુ થાળ, પોઢ્યા દીવાનખાને દયાળ. ૩૭
થયું વળતા દિવસનું પ્રભાત, હવે તે દિનની કહું વાત;
ઓટો છે હાથિખાનાની પાસ, બેઠા એ સ્થળમાં અવિનાશ. ૩૮
વત્તું કરશન વાળંદે કર્યું, પ્રભુયે પછી સ્નાન આદર્યું;
ગિરનારનો જેમલ મેર, જેની વાગતી હાક ચોફેર. ૩૯
આવ્યો દર્શન કરવાને કાજે, આપ્યો હાર એને મહારાજે;





અતિ ઐશ્વર્ય દેખાડયું એને, કર્યો આશ્રિત તે થકી તેને. ૪૦
પછી બોલિયા શ્રીહરિ પંડે, આજ જાશું દામોદર કુંડે;
અમ સાથે તમે જો અવાય, કશી હરકત અમને ન થાય. ૪૧
સુણી જેમલ મેર ઉચ્ચરે, તમને કોણ હરકત કરે;
તમે ઈશ્વરમૂર્તિ છો આપ, પ્રૌઢ દિસે તમારો પ્રતાપ. ૪૨
કાળ તમ થકી પામે છે ત્રાસ, કોણ માત્ર બીજા તમ પાસ;
કરો આજ્ઞા તે શીશ ધરીશ, પ્રભુ આપની સાથે આવીશ. ૪૩
પછી સારી સજી અસવારી, ગિરનાર ચાલ્યા ગિરધારી;
લીધો જેમલ મેરને સાથે, નિજદાસ ગણિ મુનિનાથે. ૪૪
જૈને નાહ્યા દામોદર કુંડે, નાહ્યા રેવતી કુંડે અખંડે;
દામોદરને નમ્યા જોડી હાથ, પછી નિર્ખિયા જૈ ભવનાથ. ૪૫
સભા ત્યાં સજી શ્રીઘનશામે, તીર્થવાસી ઘણા તેહ ઠામે;
ગિરનાર જતા હતા જેહ, આવી બેઠા સભા માંહિ તેહ. ૪૬
દેખી પ્રગટ પ્રભુનો પ્રતાપ, થયા આશ્રિત બહુ જન આપ;
પછી પુર ભણી શામ સિધાવ્યા, દામોદર કુંડ મુકીને આવ્યા. ૪૭
ભલી રસ્તાથી ઉત્તર ભણી, ભાળી રાયણ શોભિતી ઘણી;
જહાં ઉભા રહ્યા અવિનાશ, હતો જેમલ મેર તે પાસ. ૪૮
તેને કૃષ્ણે કહ્યું તેહ વાર, જાય સત્સંગી જે ગિરનાર;
તમે તેહનું રક્ષણ કરજો, ધર્મ ભાઈપણું ઉર ધરજો. ૪૯
કહે જેમલ આજ્ઞા ધરીશ, હરિજનને સહાય કરીશ;
કાળ માયા થકી પરમેશ, મારું રક્ષણ કરજો હંમેશ. ૫૦
આવજો તેડવા અંતકાળે, તથાઅસ્તુ કહ્યું ધર્મલાલે;

ઝીણાભાઇ તણે દરબાર, પછી આવિયા વિશ્વઆધાર. ૫૧
રામજીભાઇ નાગર ઘેર, પ્રભુ જૈને જમ્યા રુડી પેર;
ઝીણાભાઇને ત્યાં રહી રાત, ચાલવા માંડ્યું ઉઠી પ્રભાત. ૫૨
ત્યારે સોરઠના હરિજન, ઉદાસી અતિશે થયા મન;
કહ્યું જૈને પ્રભુજીની પાસ, વસો આંહિ મહાપ્રભુ વાસ. ૫૩

**હરિગીત છંદ :**

કરી વાસ પ્રભુ અમ પાસ ઉરની આશ પરિપૂરણ કરો,
તવ દાસ સકળ ઉદાસ છે અવિનાશ તે અંતર ધરો;
કરી પ્રીત ચોર્યાં ચિત નવી નવી નિત્ય વાતો ઉચ્ચરી,
નિજ જીત કરી આ રીતથી ભયભીત કરી ચાલ્યા હરિ. ૫૪
વ્રજદેશ તુલ્ય વિશેષ સોરઠ દેશમાં વસતા તમે,
પરદેશમાં પરમેશ જાશો લેશ નહિ જાણ્યું અમે;
મધુપુર[1] સમાન નિદાન ગઢપુર ગામ શામ સિધાવશો,
આ સ્થાન દર્શનદાન દેવા કાન ક્યારે આવશો. ૫૫
જળજંતુ જળ વિણ જેમ તમ વિણ તેમ તરફડિયે અમે,
કરી કેમ રહીયે ક્ષેમ અમને એમ તો શિખવો તમે;
તમ વિણ રહે નહિ પ્રાણ પ્રભુજી પ્રાણના પણ પ્રાણ છો,
શું જાણ કરિયે વાણીયે દિલ જાણ સર્વ સુજાણ છો. ૫૬
ઘનશામ નિર્મળ નામ પૂરણકામ સુખના ધામ છો,
ઠરવા તણું છો ઠામ જનવિશ્રામ આઠે જામ છો;
મહારાજ ગરીબનિવાજ સંતસમાજના શિરતાજ છો,
અમ કાજ તનું ધરી આજ સદૈય[2] જહાજ નિજજનના જ છો. ૫૭



૧.મથુરા ૨.દયા



**ચોપાઈ :**

નિજજનના દયાના જહાજ, રહો આંહિ સદા મહારાજ;
સુણી બોલિયા સુંદર શામ, જશું હમણાં તો ગઢપુર ગામ. ૫૮
મને વાલો છે સોરઠ દેશ, દિવ્યરૂપે રહીશ હંમેશ;
એવાં વચન વદીને તે વારે, દીધી ધીરજ ધર્મકુમારે. ૫૯
ત્યારે સોરઠના હરિજન, બોલ્યા વાલાની પાસ વચન;
જુદાં જુદાં અમારાં જે ગામ, આવી દર્શન દ્યો ઘનશામ. ૬૦
હરિજનને હરખ ઉપજાવો, સુખે ગઢપુર આપ સિધાવો;
કહે કૃષ્ણ તમારે જ ગામ, દેતાં દર્શન જાશું તે ઠામ. ૬૧

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

હરિજન સહુને કર્યા વિદાય, સુપથ જતાં ગુણ કૃષ્ણના જ ગાય;
દરશન થકી દુઃખ સૌ વિદાર્યું, સુખકૃત તે વિસરે નહીં વિસાર્યું. ૬૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિજીર્ણદુર્ગે હરિનવમીઉત્સવકરણનામા અષ્ટાદશો વિશ્રામઃ ॥૧૮॥*

**પૂર્વછાયો :**

જીરણગઢથી જગપતિ, થયા ચાલવાને તૈયાર;
જગ્યા મેતા નરસિંહની છે, આવ્યા પ્રભુ એ ઠાર. ૧

**ચોપાઈ :**

આવ્યું હરિજનવૃંદ વળાવા, તેને અંતરે સુખ ઉપજાવા;
જ્યાં છે આંમલિયો તણું વૃંદ, ઉતર્યા તહાં આનંદકંદ. ૨
વાતો કરતાં થઈ ઘણી વાર, ત્યાં તો દિવસ ચડ્યો ઘડી બાર;

ઉચર્યા હરિજન એવું જોઇ, પ્રભુ આંહિ કરાવો રસોઇ. ૩
કરે ભોજન સૌ સંત સાથ, પછી પંથે પધારજો નાથ;
ભક્તિપુત્રને તે વાત ભાવી, ત્યારે ખીચડી કરવા મંડાવી. ૪
પાસે જગ્યા મેતાજીની જાણી, પધાર્યા જોવા સારંગપાણી;
જોયો જૈ મેતા નરસીહનો ઓટો, વચ્ચે છે તુળસી ક્યારો મોટો. ૫
મે'તા નરસિનું આસન ભાળી, બેઠા તે પર શ્રીવનમાળી;
બોલ્યો બાવો બેસો તમે હેઠા, કેમ મે'તાને આસને બેઠા ? ૬
કહે કૃષ્ણ બાવા સુણી લૈયે, અમે મે'તાજીના ગુરુ છૈયે;
સુણી બાવો ગયો તે દબાઇ, બોલ બોલી શકયો નહિ કાંઇ. ૭
કૃષ્ણે તેને સમાધિ કરાવી, તેમાં એવી લીલા દેખડાવી;
સ્તુતિ સ્વામિનારાયણ કેરી, કરે નરસિંહ મે'તો ઘણેરી. ૮
રાધા લક્ષ્મી આદિ ઘણી શક્તિ, કરે ભાવથી શ્રીજીની ભક્તિ;
એવું જોઇ જાગ્યો બાવો જ્યારે, થયો શ્રીજી તણો શિષ્ય ત્યારે. ૯
સંતો પાસે ગયા ભગવંત, પોતે પીરસી જમાડિયા સંત;
જમી ત્યાં થકી આગળ ગયા, બિસારત બાગમાં રાત રહ્યા. ૧૦
બરફી ભરી માટલીમાંય, પાંચીબાઇયે મોકલી ત્યાંય;
જમ્યા શ્રીહરિ બરફી તે સ્વાદી, આપી સર્વને શિષ્ટ પ્રસાદી. ૧૧
જૈને વળતે દિવસ વણથળિયે, સૌને દર્શન દીધાં શામળિયે;
રહ્યા કલ્યાણભાઇને ઘેર, સૂર્યકુંડે નાહ્યા શુભપેર. ૧૨
મેઘપર ત્યાંથી માવ સિધાવ્યા, નાથ ત્યાં થકી નાવડે આવ્યા;
મહાદેવ ઓઝે મન ધારી, સેવા શ્રીહરિની કરી સારી. ૧૩
પ્રભુ ત્યાંથી ગયા પીપળાણે, ત્યાંના ભક્તોને તો સહુ જાણે;





આખા ગામ ને ટીકર તણો, જહાં મારગ એકઠો ગણો. ૧૪
ત્રણ નદિયો મળે છે તે ઠામ, કહું છું સુણો તેહનાં નામ;
સાબળી નદી ને ક્ષારવતી, નામ ત્રીજીનું તો મધુમતી. ૧૫
તેહ સંગમમાં ઘણી વાર, જઇ નાહ્યા છે ધર્મકુમાર;
આખે ગામ જઇ અવિનાશ, પછી ત્યાંથી ગયા મૂળિયાસ. ૧૬
હતો ત્યાં હરિજન હદો મેર, ઘનશામ ગયા તેને ઘેર;
મઢડે ગયા શ્રીમહારાજ, જેઠા મેરનું ત્યાં કર્યું કાજ. ૧૭
પ્રભુ ત્યાંથી ગયા અગત્રાઇ, ભેટ્યા ભીમને પરવતભાઇ;
આંબો ભક્ત ભજે ભગવાન, દીધાં તેહને દરશનદાન. ૧૮
નદી ત્યાં છે બડોદરી નામ, કર્યું સ્નાન તહાં ઘનશામ;
આંબો ધોળિયો છે વળી જ્યાંય, પ્રભુજીયે સભા સજી ત્યાંય. ૧૯
કાળવાણિયે કૃષ્ણ સિધાવ્યા, માવો ત્યાં થકી માળિયે આવ્યા;
મૂળજી નેણશી બે લુવાણા, ત્યાંના ભક્ત ભલા વખણાણા. ૨૦
મળી તેહને જનપ્રતિપાળ, ગયા લાઠોદરે ધર્મલાલ;
માંગરોળ થઇ ગયા લોજ, રહ્યા પંચાળે જૈ પંચ રોજ. ૨૧
ગામથી પશ્ચિમે અહો રાવ, ખોખરા નામનું છે તળાવ;
નાવા નિત્ય હરિ તહાં જાતા, જગ્યા જોઇને રંજન થાતા. ૨૨
એક સમય શિલા પર શામ, બેઠા વપન[1] કરાવા તે ઠામ;
એવી આજ્ઞા કરી હતી માવે, પૂછ્યા વગર ન જન કોઇ આવે. ૨૩
સુરોખાચર તો તેહ વારે, થયા દર્શને આતુર ભારે;
એથી આજ્ઞા તો વીસરી ગઇ, આવ્યા દર્શને સત્વર થઇ. ૨૪
હતા ભક્ત નવલસિંહ નામ, તેની પ્રત્યે બોલ્યા ઘનશામ;



૧.દાઢી-મુંડન કરાવવું

સુરાભક્તને જૈ કહો એમ, આજ્ઞા તોડીને આવો છો કેમ ? ૨૫
એમ કહીને એને અટકાવો, મારી આજ્ઞા તો પૂરી પળાવો;
સુણતાં ભક્ત તેહ સિધાવ્યા, સુરાભક્તને જૈ અટકાવ્યા. ૨૬
ત્યારે રોવા માંડયું તજી ધીર, નેણથી વરસ્યાં બહુ નીર;
રાગ તાણી રુદન બહુ કીધું, દયાવંત થયા દયાસિંધુ. ૨૭
ભક્તવત્સલ છે ભગવાન, પ્રેમથી થયા આતુરવાન;
સુરાભક્તનું સંકટ જાણી, પડ્યાં નાથના નેણથી પાણી. ૨૮
સુરાભક્તને પાસે બોલાવ્યા, દૈને દર્શન દિલ હરખાવ્યા;
વળી બોલિયા વૃષકુળ ઈંદુ, પડ્યાં આ સ્થળે આંસુનાં બિંદુ. ૨૯
માટે બિંદુ સરોવર નામ, ઠરશે સરનું એહ ઠામ;
આંસુ લક્ષ્મીપતિ તણાં જેમ, સિદ્ધપુરમાં પડ્યાં હતાં તેમ. ૩૦
બિંદુસર થયું છે તે ઠેકાણે, તે તો આ જગના જન જાણે;
મારી આંખ્યનાં આંસુ આ ઠાર, પડ્યાં તેથી છે મહિમા અપાર. ૩૧
શ્રાદ્ધ જે કોઈ આ સ્થળે કરશે, તેના પૂર્વજ સર્વે ઉદ્ધરશે;
સ્નાન દાન કરે જપજાપ, તેનું પુણ્ય તો થાશે અમાપ. ૩૨
એહ આદિક મહિમા અપાર, બોલ્યા શ્રીમુખે ધર્મકુમાર;
વળી ભક્તિતનુજ ભગવાન, ઘણીવાર કર્યું એમાં સ્નાન. ૩૩
સાબળી નદીમાં ઘણે ઠામ, જઈ નાહ્યા છે શ્રીઘનશામ;
ઘરો મગરિયો છે ગાઉ એક, તહાં નાહ્યા છે વાર અનેક. ૩૪
ગામથી વળી પૂર્વદિશાયે, ખારીવાવ્ય પ્રસિદ્ધ છે ત્યાંયે;
તેમાં સ્વામી રામાનંદ સાથ, ઘણી વાર નાહ્યા મુનિનાથ. ૩૫
ધન્ય ધન્ય તે પંચાળુ ગામ, મોટાં તીર્થ ઠર્યાં તેહ ઠામ;





એમ પંચાળુ પાવન કરી, પછી ત્યાંથી સિધાવિયા હરિ. ૩૬
સુતરેજ ગયા ભગવાન, તહાં વાવ્ય વિષે કર્યું સ્નાન;
દાદુ ઠક્કર અને જેરામ, સ્નેહે સેવ્યા તેણે ઘનશામ. ૩૭
બાલાગામે ગયા બહુનામી, નદી ઓઝતમાં નાહ્યા સ્વામી;
માણાવદર થૈને મુરારી, ગયા વેળવે ગામ વિચારી. ૩૮
ભક્ત ત્યાં વસે દાસો કુંભાર, મળ્યા તેહને ધર્મકુમાર;
ગયા ત્યાં થકી તમારે ગામ, ગુણવંતુ ગણોદ છે નામ. ૩૯
નદી ભાદરતટ ફુલબાગ, ઉતર્યા હરિ ત્યાં જોઈ લાગ;
હતા પૂર્વજ ત્યાં જે તમારા, સતસંગી હતા સઉ સારા. ૪૦
તેણે સેવા સજી ભલિ ભાત, ભાળી ભાવ રહ્યા પ્રભુ રાત;
જાળિયે ગયા જગજીવન, કર્યું વેણું નદીમાં મજ્જન. ૪૧
ગયા ભાયાવદર ભગવાન, દીધું દાસોને દર્શનદાન;
ભલા ભક્ત તહાં જુણોભાઈ, મયાશંકર પણ ગામમાંઈ. ૪૨
ભલા ભક્ત ભવાનીશંકર, જાણો નાત તો તેની નાગર;
સૌયે શ્રીહરિની સજી સેવા, મોટો લાભ અલૌકિક લેવા. ૪૩
હેતે થાળ કર્યો હરિરામે, કર્યું ભોજન સુંદર શામે;
જમીને સંત પાર્ષદ સાથ, ખાખીને જાળિયે ગયા નાથ. ૪૪
ભાવે સેવિયા રાવળ ભક્તે, કર્યું ભોજન હરિયે વિરક્તે;
ઉપળેટે ગયા જનકાજે, જોઈ મોજ નદી મહારાજે. ૪૫
ભાળ્યો ત્યાં થકી પૂરવ ભાગ, દીઠો ત્યાં દરબારનો બાગ;
સોમનાથ સદાશિવ ત્યાં છે, વડ ત્યાં થકી ઉત્તરમાં છે. ૪૬
ઊતર્યા જઈ ત્યાં અવિનાશી, આવ્યા દર્શને ગામ નિવાસી;

પ્રેમી ભક્ત નારણજી પટેલ, નથુ બારૈયો સાથે આવેલ. ૪૭
રૂપ ડોશી તથા મલુ ડોશી, આવ્યા વિપ્ર નારાયણ જોશી;
તપ્યો સૂરજનો અતિ તાપ, તેનું થાય ન કોઇથી માપ. ૪૮
ત્યારે કુંડી કુવા પાસે જોઇ, કૂપનીરે હરિજને ધોઇ;
પ્રભુને તે વિષે પધરાવ્યા, કાઢી કૂપજળે નવરાવ્યા. ૪૯
જળના ઘડા એક હજાર, વાલા ઊપર રેડ્યા તે વાર;
પછી વસ્ત્ર ધરી વૃષલાલ, ગયા બાગમાં જમવાને થાળ. ૫૦
હતું ઝાડ કદંબનું જ્યાંય, પાક કીધેલો જોશીયે ત્યાંય;
ભાળી ભાવ જમ્યા ભગવંત, જમ્યા પાર્ષદ ને જમ્યા સંત. ૫૧
દીનબંધુ તે ગયા ભાડેર, વિચર્યા ભોજા ભક્તને ઘેર;
ધોરાજી ગયા ધર્મકુમાર, ગયા ત્યાંથી ફણેણી મોઝાર. ૫૨
હતા સોની સારા સતસંગી, કરી માવની સેવા ઉમંગી;
ગયા ગુંદાળે સુંદર શામ, ગયા ત્યાં થકી ગાલોળ ગામ. ૫૩
માવો ભક્ત લખો રાજગર, કર્યાં પાવન તેહનાં ઘર;
તોરી ગામ ગયા તતખેવ, ત્યાંથી દેરડીયે ગયા દેવ. ૫૪
ભક્ત ત્યાં ભલા રૂપશીભાઇ, સ્નેહે સેવ્યા તેણે સુખદાઇ;
ઘૂઘરાળે ગયા ઘનશામ, લઘુ સુતાર ભક્ત તે ઠામ. ૫૫
ગયા કોટડે ત્યાંથી કૃપાળ, પીઠોવાળો તહાંનો ભૂપાળ;
તેના પાંચ પવિત્ર કુમાર, રાખે પ્રભુપદમાં બહુ પ્યાર. ૫૬
સુરો માતરો રાણિંગ જાણો, હાથિયો ને ગોલણ પણ શાણો;
સૌયે શ્રીહરિની કરી સેવા, અતિ ભાવિક ભક્ત તે એવા. ૫૭
ત્યાંથી વાંકિયે શામ સિધાવ્યા, મોકા ખાચરને મન ભાવ્યા;





તેનાં ઓઘડ ખાચર ભાઇ, રહે તે ગામ ખંભાળા માંઇ. ૫૮
તે તો પ્રભુને કરીને પ્રણામ, ત્યાંથી તેડી ગયા નિજ ગામ;
ત્યાંથી કૃષ્ણ ગયા કરિયાણે, હતા દેહોખાચર તે ઠેકાણે. ૫૯
પાંચ પુત્ર તેના ભલા જાણો, ઓઢો ઉન્નડ ને ત્રીજો રાણો;
ચોથો લુણો ને પાંચમો ભોજ, રાખે પ્રભુ પર પ્રેમ ઘણો જ. ૬૦
સૌયે સેવા સજી સારી રીતે, જમ્યા શ્રીહરિ સંત સહીતે;
ગયા વાવડીયે વિશ્વરાય, નાનબાઇયે સેવિયા ત્યાંય. ૬૧
એમ સોરઠમાં ઘનશામ, ફરી આવ્યા ઘણાં ઘણાં ગામ;
જૂનેગઢથી ચાલ્યા જગદીશ, વીત્યા વાટમાં વાસર વીશ. ૬૨
કોઇ ગામમાં ભોજન કીધું, ક્યાંઇ તો પય કે જળ પીધું;
ક્યાંઇ તો દીધું દર્શનમાત્ર, કોઇ ગામ વિષે રહ્યા રાત્ર. ૬૩
ચાલ્યા વાવડીથી પ્રભુ પ્યારા, આવ્યું તીર્થ ત્યાં સહસ્રધારા;
ભાળિ રીઝીયા શ્રીભગવાન, કર્યું સંત સહિત ત્યાં સ્નાન. ૬૪
આવી અક્ષય[૧]તૃતીયા જ્યારે, ગયા ગઢપુરમાં પ્રભુ ત્યારે;
સામા આવ્યા સહુ સતસંગી, વાય વાજાં વિશેષ ઉમંગી. ૬૫
નેણે નિરખિયા નટવર નાથ, અતિ હરખિયો હરિજન સાથ;
પ્રેમે પુલકિત થાય શરીર, આવ્યાં નેણમાં નેહનાં નીર. ૬૬
આવે આંધળાને જેમ આંખ્ય, ફરી પક્ષી પામે જેમ પાંખ;
ગયાં પ્રાણ આવે ફરી જેમ, હૈયે હરિજન હરખિયા તેમ. ૬૭
એહ સમયનો આનંદ રાય, શેષનાગે વરણવ્યો ન જાય;
પેઠા ગઢપુરમાં પરમેશ, ત્યારે પુરજન હરખ્યા વિશેષ. ૬૮
દાદાખાચરને દરબાર, આવી ઉતર્યા વિશ્વઆધાર;



૧.અખાત્રીજ, વૈશાખ સુદ-૩

જેમ કોઇ કરીને પ્રવાસ, પાછો આવે પોતાને નિવાસ. ૬૯
ત્યારે હરખ હૈયામાં થાય, એમ હરખ્યા હૈયે હરિરાય;
વાલું અક્ષરધામથી આજ, ગઢપુરને ગણે મહારાજ. ૭૦
પછી અક્ષય તૃતીયા કેરો, કર્યો ઉત્સવ સરસ ઘણેરો;
નરસિંહ ચતુર્દશી આવી, કર્યો ઉત્સવ જનમન ભાવી. ૭૧
ભીમએકાદશી દિન ભાળી, એના ઉત્સવની હદ વાળી;
સાલ ત્રેસઠની ગઇ સારી, એની લીલા સંક્ષેપે ઉચ્ચારી. ૭૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રતિદિન તણું જો ચરિત્ર ધારી, વરણન કોઇ કરે કવિ વિચારી;
બહુ જુગ વદતાં જ વીતિ જાય, પણ પ્રભુનું ન ચરિત્ર પૂર્ણ થાય. ૭૩

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિસૌરાષ્ટ્રદેશ-વિચરણનામા એકોનવિંશો વિશ્રામઃ ॥૧૯॥***

**પૂર્વછાયો :**

ભૂપ સુણો અભેસિંહજી, પછી આવી ચોસઠની સાલ;
રથજાત્રા રુડી રીતથી, કરી ગઢપુરમાં વૃષલાલ. ૧

**ચોપાઈ :**

દૈવી જીવને ઉપદેશ કરવા, ગઢપુરથી ગયા પ્રભુ ફરવા;
ગયા રામપરે તેહ ટાણે, પછી ત્યાંથી ગયા કરિયાણે. ૨
દેહાખાચરને દરબાર, ઉતર્યા જઇ વિશ્વ આધાર;
તેણે ભાવ ભલો ઉર ધારી, સેવ્યા સ્નેહ સહિત સુખકારી. ૩
સતસંગી તે ગામના જાણો, જેનું નામ કાળો મકવાણો;





તેણે આવીને અરજ ઉચારી, મારે ઘેર પધારો મુરારી. ૪
ભક્તવત્સલ છો ભગવાન, આપો સર્વને દર્શનદાન;
એવી વિનતિ સુણી એહ ઠામ, તેને ઘેર ગયા ઘનશામ. ૫
તન મન હરખી તેહ ટાણે, કરી પૂજા કાળે મકવાણે;
બીજા સત્સંગીયોનો સમાજ, આવી બેઠો ત્યાં દર્શનકાજ. ૬
જીવો ધાધલ પણ હતો ત્યાંય, તેણે ઈચ્છા કરી ઉરમાંય;
કળા કાંઇ કરીને દેખાડું, મહારાજને હરખ પમાડું. ૭
ભક્ત વાંસળી સારી બજાવે, એવી કોઇ બીજાને ન ફાવે;
મહારાજને શીશ નમાવી, તેણે વાંસળી સરસ બજાવી. ૮
જેમ ડોલે મણિધર વ્યાળ, તેમ ડોલવા લાગ્યા દયાળ;
નવ રાખી બજાવતાં ખામી, બોલ્યા રીઝીને અંતરજામી. ૯
ધન્ય ધન્ય તમે ગુણવાન, આપું માગો તેવું વરદાન;
જીવો ધાધલ બોલિયા વાણી, સુણો શ્રીહરિ સારંગપાણી. ૧૦
રાજી જો થયા છો મહારાજ, એક ઈચ્છા છે તે પુરો આજ;
કૃષ્ણ અવતારમાં તમે નાથ, વનમાં ધરી વાંસળી હાથ. ૧૧
રુડી રીતે વજાડીતી જેવી, લીલા અમને દેખાડોજી એવી;
એ જ માગું છું હું વરદાન, બીજી ઈચ્છા નથી ભગવાન. ૧૨
એમ કહી એક વાંસળી તાજી, કરી ભેટ રુદે થઇ રાજી;
કરુણા કરી કરુણાનિધાન, દીધું માગ્યું એવું વરદાન. ૧૩
સંધ્યાકાળ સમો થયો જ્યારે, કરી આરતી ને ધુન્ય ત્યારે;
જીવો ધાધલ બોલિયા વાણી, સુણો શ્રીહરિ સારંગપાણી. ૧૪
ગામ બહાર વાંસાવડી ધાર, નદી જ્યાં વહે છે કાળુભાર;

તહાં આપ પધારો અત્યારે, એવી ઈચ્છા છે ઉરમાં અમારે. ૧૫
તહાં વાંસળી આપ વજાડો, લીલા ગોકુળકેરી દેખાડો;
સુણી બોલિયા નવઘન દેહ, ઝીણો ઝીણો આ વરસે છે મેહ. ૧૬
માટે શી રીતે સૌયે જવાશે ? અંગે ધારેલાં વસ્ત્ર ભીજાશે;
જીવોભક્ત કહે તે પ્રસંગે, અમે ધાબળા ઓઢશું અંગે. ૧૭
સારો ધાબળો લાવી દેખાડ્યો, મહારાજને અંગે ઓઢાડ્યો;
સહુ ધાબળા ઓઢીને ત્યારે, વિચર્યા વાંસાવડ કેરી ધારે. ૧૮
તહાં મેઘ તો ઊતરી ગયો, ચંદ્ર પૂનમનો ઉદય થયો;
ઘણી વાર કરી જ્ઞાનવાત, દોઢ પોર ઉપર ગઈ રાત. ૧૯
ધાબળો ઓઢી શોભે છે કેવા, ગોપમંડળમાં કૃષ્ણ જેવા;
ભક્તે વાંસળી આગળ ધરી, કરી વિનતિ બજાવો શ્રીહરિ. ૨૦
પગે આંટી ભરાવીને શામ, આપે ઉભા રહ્યા એહ ઠામ;
ત્રિભંગી છબી તે સમે કીધી, પછી વાંસળી હાથમાં લીધી. ૨૧
સખામંડળી તો ઉભી ફરતી, અતિ અંતરે આનંદ ધરતી;
પુરમાં પ્રભુ નિદ્રાને પ્રેરી, ઉંઘે જઈ જન સૌ લીધા ઘેરી. ૨૨
પછી વાંસળી વાલે બજાવી, તેમાં ઢાળા અલૌકિક લાવી;
તે વિષે લઈ અદ્‌ભુત તાન, સામવેદ તણું કર્યું ગાન. ૨૩
ગાયાં બૃહદરથંતર સામ, ગાયું મહાવૈશ્વાનર નામ;
અતિ ઉત્તમ રાગ આળાપ્યો, તેનો ત્રિભુવનમાં સ્વર વ્યાપ્યો. ૨૪
તેથી ધૂર્જટિ[૧]નું છુટ્યું ધ્યાન, આવ્યા દેવો ચડીને વિમાન;
રહ્યાં થંભી નદી તણાં નીર, રહ્યો થંભી વહેતો સમીર. ૨૫
ડોલ્યા દિગ્ગજ[૨] ને દિગપાળ, વસુધાધર[૩] ડોલિયો વ્યાળ;



૧.શંકર ૨.દિશાઓના રક્ષણ માટે રહેલા હાથી ૩.શેષ નારાયણ



થંભ્યાં તારામંડળ તણાં વૃંદ, થંભ્યો આકાશમાં જોવા ચંદ. ૨૬
ભરવાડ તણા વાડામાંથી, સુણી નાદ ગાયો દોડી ત્યાંથી;
આવી શ્રીહરિને વિંટી વળી, પશુ પક્ષીની સુધ બુધ ટળી. ૨૭
એમ વીતિયો કાળ અપાર, જન જાણે વિતી ઘડી ચાર;
સખા સર્વને થૈ ત્યાં સમાધિ, મટી માયાની સર્વ ઉપાધિ. ૨૮
સૌયે દીઠું સમાધિમાં વીર, જાણ્યું છૈયે કાલિંદીને તીર;
વંસી વાય વાલો વૃંદાવનમાં, વચ્ચે ઊભા રહી ગોપજનમાં. ૨૯
પછી જાગિને જોયું અનૂપ, દીઠું પ્રત્યક્ષ એ જ સ્વરૂપ;
દેવતાઓયે પુષ્પે વધાવ્યા, પછી શ્રીહરિ ઊતારે આવ્યા. ૩૦
આપ આપને જૈને ભવન, સુખથી કર્યું સૌયે શયન;
બીજે દિન તેનાં કીર્તન ચાર, કર્યાં બ્રહ્મમુનીયે તૈયાર. ૩૧
વાંસળી વજાડી બળવીર, સખી આજ કાલંદીને તીર;
કાળુભાર નદીને કિનારે, કરી એવી લીલા કરતારે. ૩૨
વળી તે મકવાણાને ઘેર, કર્યું બીજું ચરિત્ર સુપેર;
સંભાળાવું હવે તેહ ગાઈ, સુણો ભૂપ અભેસિંહ ભાઈ. ૩૩
એક દિન મકવાણાને ધામ, વિચર્યા હતા સુંદરશામ;
પૂર્વદ્વારનો ઓરડો જેહ, દીઠો બંધ નિરંતર તેહ. ૩૪
પ્રભુજીયે પૂછ્યું આમાં શું છે ? કેમ એ ઘર બંધ રહ્યું છે ?
કાળો ભક્ત બોલ્યા તતખેવ, પ્રભુ એમાં છે પૂર્વજ દેવ. ૩૫
પીતરાઈ અમારા છે જેહ, તેમાં અવગતિયા થાય તેહ;
ફળાં કાષ્ઠનાં તેનાં બનાવી, મુકી જાય છે આ ઠામ આવી. ૩૬
નડે છે કોઈને તેહ જ્યારે, આંહિ આવીને ધૂણે છે ત્યારે;

ભૂવા ધૂણે ને ડાકલાં વાગે, વંશવૃદ્ધિ તેની પાસે માંગે. ૩૭
બાધા રાખીને દર્શને આવે, ઘીનો દીવો ને શ્રીફળ લાવે;
ઘણા લોકો તો એવું કહે છે, દેવ હાજરાહજુર એ છે. ૩૮
માન્યાથી મંદવાડ મટાડે, કરે નિંદા તો પીડા પમાડે;
અમને ગમતું નથી એહ, કેમ જાય જુનો ચાલ તેહ ? ૩૯
આપ આંહિ બિરાજો છો જ્યારે, નથી ધૂણતા જન આવી ત્યારે;
તમે જાઓ જ્યારે અન્ય સ્થાન, બહુ ત્યારે કરે છે તોફાન. ૪૦
પ્રભુયે પછી ઘર ઊઘડાવ્યું, ત્યાં તો તે સર્વ જોવામાં આવ્યું;
ફળાં જોયાં મોટા અને નાનાં, એકને હતાં નેણ રુપાનાં. ૪૧
પૂછ્યું કૃષ્ણે કહો કોણ આ છે ? કહ્યું પૂર્વજ એ તો વડા છે;
ફળાં સર્વ તે ભેળાં કરાવી, એક ગાંસડી એની બંધાવી. ૪૨
કહે કૃષ્ણ નાવા જશું નીરે, ત્યારે લાવજો ત્યાં નદી તીરે;
એવી વાત કરે છે મુરારી, આવ્યાં ત્યાં કાળા ભક્તની નારી. ૪૩
જેનું વીજલ બાઇ છે નામ, તેહ બોલ્યાં કરીને પ્રણામ;
તમ અર્થે અહો પ્રભુ પ્યારા, ડોડા શેક્યા મકાઇના સારા. ૪૪
દાણા કાઢી ચડાવ્યો મસાલો, જગજીવન જમવાને ચાલો;
સુણી બેય તે નીકળ્યા બહાર, કર્યું બંધ તે ઘર તણું દ્વાર. ૪૫

**પૂર્વછાયો :**

ઓસરીમાં ઢાળ્યો હતો, જહાં સુંદર એક પલંગ;
તેના ઉપર બેઠા પ્રભુ, જોતાં ઉપજે હરખ અભંગ. ૪૬

**ચોપાઈ :**

હેઠા બેઠા કાળો મકવાણો, પ્રભુના ભક્ત પરમ પ્રમાણો;





બાઇ વીજલ લાવ્યાં મકાઇ, અરપ્યા હરિને હરખાઇ. ૪૭
જમ્યા જીવન ઈશ અનાદી, કાળા ભક્તને આપી પ્રસાદી;
દેહોખાચર એ સમે આવ્યા, તેને આપી પ્રસાદી રીઝાવ્યા. ૪૮
કર્યો વરણીયે થાળ તૈયાર, જમ્યા જીવન જગત આધાર;
પછી પોઢી રહ્યા થોડી વાર, ઉઠી જ્ઞાનકથા કરી સાર. ૪૯
જ્યારે દિવસ રહ્યો ઘડી ચાર, કર્યો નાવા જવા નિરધાર;
કાળા ભક્ત પ્રત્યે કહે માવો, ફળાં ગાંસડી લૈને સિધાવો. ૫૦
નદીને તટ જૈ રહો તમે, પછવાડેથી આવશું અમે;
એવું સાંભળી તત્પર થયા, નદીયે ગાંસડી લઇ ગયા. ૫૧
રુડી જ્યાં છે વાંસાવડી ધાર, ધરો ત્યાં છે નદીની મોઝાર;
પંચપિરથી ઉત્તરમાંય, કાળુભાર નદી વહે જ્યાંય. ૫૨
વોકળો જ્યાં રાવતિયો મળે છે, ત્યાં થકી પૂર્વમાં ધરો તે છે;
લાંબો કદમ પંચાવન સુધી, ફળાં ત્યાં નાંખવા કરી બુદ્ધિ. ૫૩
જઇ ગાંસડી ત્યાં જ ઉતારી, ગયા પાછળથી ગિરધારી;
હામો ભરવાડ ને દેહોભાઇ, ગયા ધર્મતનુજ સંગે ધાઇ. ૫૪
પછી છોડાવી ગાંસડી શામે, વળી વચન કહ્યું સુખધામે;
કાળાભક્ત ધરી મુજ ધ્યાન, કરો આ તીર્થમાં તમે સ્નાન. ૫૫
ફળાં સર્વને સ્નાન કરાવો, પછી મુજ પદને સ્પરશાવો;
મકવાણે વચન મન ધારી, ફળાં લઇ જઇ ડૂબકી મારી. ૫૬
જોયા પૂર્વજ પ્રત્યક્ષ જળમાં, પાણી પાણી પોકારતા પળમાં;
મોટો પૂર્વજ જે રુક્મનેણ[૧], ઉચર્યો એ સમે એવું વેણ. ૫૭
પ્રભુ પ્રગટ વિરાજે છે આંહિ, માટે ધીરજ ધરો મન માંહિ;



૧.રૂપાની કે ચાંદીની આંખોવાળો

હવે આપણી સદગતિ થાશે, ઘણા કાળનાં સંકટ જાશે. ૫૮
કાળો મકવાણો ઝબકીને જાગ્યા, પ્રભુને આવી પૂછવા લાગ્યાં;
ફળાં પાણી વિષે ધર્યાં આણી, તોય કેમ બોલ્યાં પાણી પાણી ? ૫૯
એ તો અચરજ વાત અઘાત, સમજાવો મને સાક્ષાત;
એવું સાંભળી કૃષ્ણ કહે છે, ચોકી જળમાં વરુણની રહે છે. ૬૦
ભૂત-પ્રેતનાં જેનાં શરીર, તેને પીવા દેતા નથી નીર;
તેને તરશ તો જળ બેડાં બાર, કરે પાણી પાણીનો પોકાર. ૬૧
હવે એ ફળાંને આંહી લાવો, મારા ચર્ણનો સ્પર્શ કરાવો;
એવાં વેણ કરીને ઉચ્ચાર, થયા નાવાને નાથ તૈયાર. ૬૨
બીજા બે જણને લઈ સંગ, નાયા જૈ નદીમાં શામરંગ;
કાળોભક્ત ફળાં લઇ આવ્યા, જેને પદ પ્રભુના પરસાવ્યા. ૬૩
સ્પર્શ થાતાં તજ્યો પ્રેતદેહ, થયાં કોઇ ચતુર્ભુજ તેહ;
આવ્યાં તેડવા તેને વિમાન, તેમાં બેશી ગયા સુખસ્થાન. ૬૪
કોઈ વૈકુંઠવાટે સિધાવ્યા, કોઇ ગોલોકમાં જતા ફાવ્યા;
હતા જે સુખભોગના આશી, થયા સ્વર્ગના તે તો નિવાસી. ૬૫
ભક્તિ કરવાની ઈચ્છા અપાર, ધર્યા તેણે મનુષ્ય અવતાર;
ત્રણ ભક્ત હતા હરિ સાથે, દિવ્ય દૃષ્ટિ દીધી તેને નાથે. ૬૬
તેથી તે સર્વ તેમણે ભાળ્યું, જે રીતે હરિયે કષ્ટ ટાળ્યું;
ત્યાંનું નામ પડ્યું તેહ માટ, કહે છે પૂરવજ કેરો ઘાટ. ૬૭
કાળુભાર તણો મહીમાય, કહ્યો શ્રીમુખથી હરિરાય;
કાલિંદી થકી કોટિક ગણું, કહ્યું માહાત્મ્ય તે તીરથ તણું. ૬૮





**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અમરસરિતથી વિશેષ આ છે, તિરથ સમસ્ત વશી અહીં રહ્યાં છે;
જનતન ધરી જે અહીં નહાશે, ગત અઘ થૈ મુજ ધામ માંહિ જાશે. ૬૯
કદી જન કરશે સુશ્રાદ્ધ આંહિ, સુગતિ થવા નિજ પૂર્વજોની ચાહી;
તરપણ પણ આંહિ જો કરાશે, સદગતિ સંતત[1] પૂર્વજોની થાશે. ૭૦
જપ તપ વ્રત દાન આંહિ થાય, ફળ શુભ લક્ષગણું પુરું પમાય;
પ્રિય મુજ અતિ શ્રેષ્ઠ તીર્થ આ છે, પરમ પવિત્ર ભલી જ ભૂમિકા છે. ૭૧
નિજજન હિત વાંસળી બજાવી, પૂરવજ દાસ તણા દીધા મુકાવી;
કૃત પુનિત ચરિત્ર ભક્ત સારુ, ભગવત તેહ કરો ભલું અમારું. ૭૨

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકરિયાણાગ્રામે વંસીવાદનાદિલીલાનિરૂપણનામા વિંશતિતમો વિશ્રામઃ ॥૨૦॥***

**પૂર્વછાયો :**

કરિયાણા માંહી કરી, પ્રભુ લીલા અનેક પ્રકાર;
પછી ખંભાળે થઇ ગયા, ગામ વાંકિયે વિશ્વાધાર. ૧
રાત રહ્યા રુડી રીતથી, મોકાખાચરને દરબાર;
પ્રાતઃસમે ઉઠી પરવર્યા, ગયા શ્રીહરિ શેદુભાર. ૨
દયાળુ દેવળિયે થઇ, રહ્યા આંકડિયે જઇ રાત;
કુંકાવાવ્ય વડિયે થઈ, ગયા ગાલોળ પ્રભુ પ્રખ્યાત. ૩
જેતપુરે જઇને પછી, ગયા ધોરાજી ધર્મકુમાર;
જમનાંવડ ભાડેર થઈ, અગત્રાઈયે અખિલાધાર. ૪
કાળવાણીયે જઇ કર્યો, જનમાષ્ટમી ઉત્સવ જેહ;



૧.કાયમ માટે, સદા સર્વદા

સારો સમૈયો ત્યાં થયો, સંત સર્વ વખાણે તેહ. ૫
મંડળ મુનિ પાંચના, કરી મોકલ્યાં ફરવા કાજ;
પીપળાણે થાનિયાણે થઇ, રહ્યા ગણોદ જઇ મહારાજ. ૬
જાળિયે જગજીવન ગયા, ભાયાવદર ભગવાન;
વડાળે થૈ હરમાણે ગયા, ગયા માટલિયે ગુણવાન. ૭
પ્રીત સહિત પધારિયા, મનમોહન મોડાગામ;
છે તહાં કરમદિયો ધુંનો[1], નાથ નાહ્યા તેહ ઠામ. ૮

**શાર્દૂલવિક્રીડિતવૃત્ત :**

નાહ્યા શ્રીહરિ જે સમે સુહૃદમાં મત્સો મળ્યાં ધાઇને,
આવે ચુંબક પાસ જેમ ઉછળી ખીલા જ ખેંચાઇને;
તે સૌને થઈ ત્યાં સમાધિ જળમાં થંભી ઠર્યા તેહથી,
એવાં ચારુ ચરિત્રકારી હરિને વંદુ સદા સ્નેહથી. ૯

**ચોપાઈ :**

ગામ અલયે શામ સિધાવ્યા, શેખપાટ થૈ ભાદરે આવ્યા;
વસે ત્યાં વશરામ સુતાર, ઉતર્યા તેને ઘેર મુરાર. ૧૦
મૂળજી વિપ્રે કીધી રસોઇ, ભગવાન જમ્યા ભાવ જોઇ;
એક છે રુડું બંધિયા ગામ, તહાં પ્રથમ ગયા હતા શામ. ૧૧
તહાં સુંદરજી સૂત્રધાર, ભુજનગર તણા રહેનાર;
હરિઆજ્ઞા થકી સાધુ થયા, પાછા આજ્ઞા થકી ઘેર ગયા. ૧૨
તેને ત્યાગ તણું કાંઇ માન, આવ્યું તે જાણ્યું શ્રીભગવાન;
તેને દેખાડવાને જ કાજે, એક લીલા કરી મહારાજે. ૧૩
કાઠિયાવાડને ઝાલાવાડે, લખ્યા પત્ર ત્યાં એક દહાડે;



૧.નદીમાં રહેલ ઉંડા પાણીનો ધરો



કોઇ શેઠ કોઇ સરદાર, કોઇ રાજ્ય તણા કરનાર. ૧૪
સતસંગમાં દઢમતિ જેને, મહારાજે લખાવિયું તેને;
અમ પર પ્રીતિ હોય તમારે, તો આ તમને મળે પત્ર જ્યારે. ૧૫
ત્યાંથી તરત જેતલપુર જાવું, પળમાત્ર ન ઘેર રોકાવું;
રહે જેતલપુર રામદાસ, જજો પાંશરા તેહની પાસ. ૧૬
ભગવાં ધરી ત્યાં સાધુ થાવું, ત્યાંથી ચાલીને કાશીયે જાવું;
વળી જેતલપુર મોઝાર, હતા ગોવિંદ સ્વામી તે ઠાર. ૧૭
તેને પત્ર લખ્યો પરમેશ, નાનાભાઇ છે ગુર્જરદેશ;
વસે છે કરજીસણ ગામ, તેને તેડાવજો તેહ ઠામ. ૧૮
તેના હથ્થુ જગન કરો તમે, અવાશે તો ત્યાં આવશું અમે;
એવા પત્ર લખી મોકલાવ્યા, પછી ગામ પિપળિયે સિધાવ્યા. ૧૯
ત્યાંથી રણ ઉતર્યા અવિનાશ, કર્યો વાંઢિયામાં જઇ વાસ;
તહાં દેવજી ભક્તને ઘેર, પ્રભુજી ઉતર્યા રુડીપેર. ૨૦
ગયા લાકડીયે ધર્મલાલ, ત્યાંથી આધોઇ દીનદયાળ;
લાધાજી તણા દરબારમાંય, જૈને જીવન ઊતર્યા ત્યાંય. ૨૧
માળા ફેરવતા હતા માવ, પૂછ્યું લાધાજીયે ધરી ભાવ;
અમે કરિયે તમારું ભજન, તમે કેને ભજો છો જીવન? ૨૨
સુણી બોલ્યા શ્રીજી સાક્ષાત, લાધાભાઇ સુણો એહ વાત;
મારા ભક્ત મને ભજે જેમ, ભજું હું પણ ભક્તને તેમ. ૨૩
મારા ભક્ત મને ન વિસારે, નવ ભૂલું હું ભક્તને ક્યારે;
લાધોભાઇ તો વિસ્મિત થયા, દીઠી શ્રીજીની અદભુત દયા. ૨૪
ચાલ્યા આધોઇથી અવિનાશ, વશ્યા જૈને ભચ્ચાઉમાં વાસ;

ફરતા ફરતા બહુ સ્થાન, ભૂજનગર ગયા ભગવાન. ૨૫
કરી ત્યાં લીલા અમિત પ્રકાર, નવ આવે ઉચ્ચારતાં પાર;
પ્રભુ પત્ર લખ્યા હતા જેહ, ગયા જેતલપુર જન તેહ. ૨૬
રામદાસજી આગળ જૈને, ભગવાં ધરિયાં સાધુ થૈને;
મોટા થોભા અને મુછો જેહ, નાંખી તરત મુંડાવીને તેહ. ૨૭
કોઈનાં હતા બાળક છોટાં, કોઈનાં વરાવા જોગ મોટાં;
કોઈ મોલ ચણાવતા હતા, ત્યાંથી ચાલી ગયા અણછતા[1]. ૨૮
પડ્યા મુક્યા લેણા દેણા દામ, પડ્યાં મુક્યાં જરૂરનાં કામ;
કોઈને ઘેર મેમાન હતા, તેને મળવા થયા નહિ છતા. ૨૯
કોઈ એજ વરસ પરણેલા, કોઈ પરણવા જોગ થયેલા;
હયે[2] રથ પર બેસવાવાળા, તે તો ચાલી ગયા પગપાળા. ૩૦
સુવા સારા પલંગ તળાઈ[3], ભૂમિ ઊપર સૂતા તે ભાઈ;
ઓઢ્યા શાલ દૂશાલા અંગે, ઓઢી ચાદર ભગવે રંગે. ૩૧
માથે મંડિલ બાંધવા જેહ, ધર્યાં ટોપી ને રૂમાલ તેહ;
જમતા જેહ થાળ સોનાને, તેણે પાત્ર લીધાં જમવાને. ૩૨
પીતા હેમના પ્યાલાયે પાણી, તેણે તુંબડામાં શોભા જાણી;
ભાવતાં જમતા જે ભોજન, જમ્યા તે જળમિશ્રિત અન્ન. ૩૩
તેનો ત્યાગ વૈરાગ્ય તે ટાણે, શુકજી સરખાય વખાણે;
શુકજી ન હતા રાજ્યધારી, પરણ્યા ન હતા પોતે નારી. ૩૪
ન છતાં તજવું તે સહેલ, હોય તે તજવું મુશકેલ;
હોય દારિદ્ર કે ક્રોધ થાય, ત્યારે તો ઘરબાર તજાય. ૩૫
ભર્થરીને મળી ભૂંડી નારી, ત્યારે ત્યાગી થવા ભેખ ધારી;



૧.છાના અથવા કોઈને જણાવ્યા વગર ૨.ઘોડા ૩.ખૂબ રૂ ભરી બનાવેલ ગાદલું



આજ જેવી રીતે ત્યાગી થાય, તેમ તો કોઈયે ન કરાય. ૩૬
કળિયુગમાં તજે ઘર આપ, તે તો પ્રગટ પ્રભુનો પ્રતાપ;
સાધુ થૈને તે સૌ સરદાર, થયા કાશિયે જાવા તૈયાર. ૩૭
રામદાસજીને સ્વપ્નમાંય, કૃપાનાથે કહ્યું જઈ ત્યાંય;
કાશિયે ન જાવા દેશો કેને, સાથે લૈ આંહી આવજો એને. ૩૮
પછી તે સહુને રાખી પાસ, ભુજનગર ગયા રામદાસ;
કર્યા શ્રીજીને સૌયે પ્રણામ, સાધુ સૌને મળ્યા ઘનશામ. ૩૯
ધર્મપુત્રે કહ્યું ધન્ય ધન્ય, તમે સૌ મારા ભક્ત અનન્ય;
ધન નારીનું બંધન કેવું, વજ્રપાશનું બંધન જેવું. ૪૦
તે તો તરત તમે તોડ્યું એમ, તોડે હાથી કમળનાળ જેમ;
સુણી એવું બોલ્યા સહુ સાથી, અમે છૂટ્યા તમારી કૃપાથી. ૪૧
હતા ત્યાં જ સુંદરજી સુતાર, એ તો અચરજ પામ્યા અપાર;
અહો એહનો ધન્ય વૈરાગ્ય, કર્યો રાજ્ય તણો જેણે ત્યાગ. ૪૨
એવી રીતે અંતરમાં વિચારી, મેલ્યું માન તો મનથી ઉતારી;
થોડા દિવસ ગયા એમ જ્યારે, બોલ્યા સંત પ્રત્યે પ્રભુ ત્યારે. ૪૩
સાધુ થૈ નવા આવ્યા છો જેહ, જાઓ ઘેર તજી ભેખ તેહ;
બોલ્યા સંત તે દિલગીર થૈને, દુઃખ દ્યો ન હવે સુખ દૈને. ૪૪
મહા બંધનમાંથી છોડાવ્યા, દુઃખસાગરમાંથી બચાવ્યા;
તેમાં નાંખવા ઈચ્છો છો ફરી, ન ઘટે તમને એવું હરી. ૪૫
રાખો નિજ પદપદ્મની પાસ, ન કરો નાથ અમને નિરાશ;
ત્યારે બોલિયા ધર્મદુલારો, તમે મારું વચન ઉર ધારો. ૪૬
તમ હસ્તક તો હજી કામ, કરવાં છે ઘણાં ઘણે ઠામ;

તમે જૈને ગૃહસ્થ થવાશે, તો જ તે કામ પૂરણ થાશે. ૪૭
તમે આજ્ઞા ધરો ઉર મારી, મનના મત મેલો વિસારી;
પ્રભુયે કહીને એવિ પેર, કેટલાયેને મોકલ્યા ઘેર. ૪૮
કેટલાએકને પરમેશે, સદા રાખિયા સાધુના વેશે;
એવા ત્યાગ વૈરાગ્યની વાત, થઇ વિશ્વ વિષે વિખ્યાત. ૪૯

**સંસારત્યાગ દુષ્કર વિષે : ઉપજાતિવૃત્ત :**

આકાશમાર્ગે વિચરી શકાય, કદાપિ પાતાળ વિષે જવાય;
સંસાર સાચા મનથી તજાય, તે કામ તો દુષ્કર છે સદાય. ૫૦
પાસે જઇ પર્વતને ઉપાડે, કે સિંહને પૂંચ્છ ગ્રહી પછાડે;
દશેંદ્રિયોને વશ જે કરાય, તે કામ તો દુષ્કર છે સદાય. ૫૧
જીતે જઇને રણ માંહિ શૂર, કરે રિપૂનું દળ સર્વ ચૂર;
તથાપિ કામાદિકને જીતાય, તે કામ તો દુષ્કર છે સદાય. ૫૨
ઘણા દ્વિજોને જુગતે જમાડે, સંતોષ પ્રાણી સહુને પમાડે;
તથાપિ સંસાર વિરક્ત થાય, તે કામ તો દુષ્કર છે સદાય. ૫૩
યજ્ઞો કરે ને બહુ દાન દેય, પૃથ્વી વિષે તીર્થ બધાં ફરેય;
તથાપિ તૃષ્ણા મનથી મુકાય, તે કામ તો દુષ્કર છે સદાય. ૫૪
પંચાગ્નિ તાપે બહુ જાપ જાપે, પોતા તણા પ્રાણ પરાર્થ આપે;
તથાપિ જે નૈષ્ઠિકતા ધરાય, તે કામ તો દુષ્કર છે સદાય. ૫૫
જો વેદ કે શાસ્ત્ર ભણે વિશેષ, જ્ઞાની થઇ જ્ઞાન કથે હંમેશ;
તથાપિ પાંચે વિષયો જીતાય, તે કામ તો દુષ્કર છે સદાય. ૫૬
સભા જીતે વાદ વિવાદકારી, ભૂમધ્ય વિદ્વાન ગણાય ભારી;
ત્યાગી તણે શુદ્ધ પથે ચલાય, તે કામ તો દુષ્કર છે સદાય. ૫૭





**પુષ્પિતાગ્રાવૃત્ત :**

તન મન વિષયાદિને જીતાય, પ્રગટ પ્રભુની કૃપાથી તેહ થાય;
ઘરી નિજ ઉર માંહિ એ વિચાર, પ્રગટ પ્રભુપદ વંદુ વારવાર. ૫૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિભુજનગરે કંકદેશીય-શ્રીમંતસાધુકરણનામૈકવિંશતિતમો વિશ્રામઃ ॥૨૧॥*

**પૂર્વછાયો :**

ચારુ ચરિત્ર કર્યાં ઘણાં, ભુજનગરમાં ભગવાન;
પછી પધાર્યા ત્યાં થકી, દેવા દાસોને દર્શનદાન. ૧

**ચોપાઈ :**

ગયા માનકુવે મહારાજ, ત્યાંથી તેરે ગયા જનકાજ;
સજીવન જળના કુંડમાંય, નાહ્યા શ્રીપુરુષોત્તમ ત્યાંય. ૨
જમ્યા જૈને સદાબાને ઘેર, મનમાં ધરી તે પર મહેર;
ગયા ત્યાં થકી બળદિયે ગામ, ઉતર્યા ગંગદાસને ધામ. ૩
ગજોડે ગયા શ્રીઅવિનાશ, વશ્યા ધનજી સુતારને વાસ;
ગયા માંડવી બંદર માવ, ત્યાંના ભક્તોનો ભાળીને ભાવ. ૪
લક્ષ્મીભટ પાસે કથા વંચાવી, સુણી કૃષ્ણલીલા મુદ લાવી;
કહે શ્રીજી રામાનુજભાષ્ય, તેનો સંતોયે કરવો અભ્યાસ. ૫

**પૂર્વછાયો :**

વળી વચન વરણી કહે, સુણો અભયસિંહ અવનીશ;
આખ્યાન ખૈયા ખત્રીનું, કથા તેની હવે હું કહીશ. ૬

**ચોપાઈ :**

ખૈયો ખત્રી હતો માંડવીમાં, ઘણો પ્રખ્યાત તે પૃથવીમાં;
વળી તે હતો વેદાંતિ એવો, ઉપદેશક આચાર્ય જેવો. ૭
ભલા વેદાંત ગ્રંથ ભણેલો, પ્રેમે શિષ્ય ઘણાએ પૂજેલો;
ઘણા શાસ્ત્રીયોને શિષ્ય કીધા, કૈંક ભાટીયા વશ કરી લીધા. ૮
ગામડાઓમાં ફરવાને જાય, વધ્યો તેથી તેનો સંપ્રદાય;
રામકૃષ્ણાદિ હરિ અવતાર, તેનું ખંડન તે કરનાર. ૯
દેવમૂર્તિને તે નવ માને, નવ માને તે તીરથ સ્નાને;
સર્વ સ્થાવર જંગમ જેહ, એક બ્રહ્મ કહે બધું એહ. ૧૦
અર્થ ગીતાના પણ ઉલટાવે, એક બ્રહ્મ એથી સમજાવે;
ગીતા સાક્ષાત હરિનાં વચન, સુણે ભક્ત ભલા અરજુન. ૧૧
જન્મ કર્મ કહ્યાં દિવ્ય મારાં, ન કહ્યું તેને દિવ્ય છે તારાં;
કહ્યું જે દિવ્ય ધામ છે મારું, ન કહ્યું દિવ્ય ધામ છે તારું. ૧૨
એક સર્વજ્ઞ અલ્પજ્ઞ[1] એક, એવાં વાક્ય છે એનાં અનેક;
બ્રહ્મને તે કહે અવિકારી, ચડી માયાની તેને ખુમારી. ૧૩
બ્રહ્મે બ્રહ્મ તે વાદ વદે છે, બ્રહ્મે બ્રહ્મ લડીને મરે છે;
એવી અણમળતી વાત ગાય, તોય ભોળા જનો ભરમાય. ૧૪
ખૈયા ખત્રીને ગર્વ અપાર, મને કોઈ નથી જીતનાર;
તેને કોઈ જને કહ્યું એમ, અભિમાન ધરે છે તું કેમ ? ૧૫
કર્યો હોય વેદાંત અભ્યાસ, જા તું સ્વામિનારાયણ પાસ;
તેને જીતે ત્યારે તો તું સાચો, નહિ તો તું વેદાંતી છે કાચો. ૧૬
એવું સાંભળીને ગર્વ આવ્યો, સંદેશો શ્રીહરિને કહાવ્યો;



૧.થોડું જાણનાર



તમો પાસે હું આવીશ આજ, જ્ઞાનનો વાદ વદવાને કાજ. ૧૭
તમે ભોળા જનોને ભમાવો, ઉલટું સુલટું સમજાવો;
પણ જીતો મને તમે જ્યારે, માનું ઈશ્વર તમને હું ત્યારે. ૧૮
એવું સાંભળીને કહે માવો, કહો ખૈયાજીને ભલે આવો;
બ્રહ્માનંદને કહે ભગવાન, તમે બેસો અમારે જ સ્થાન. ૧૯
તમ આગળ હું બેસું હેઠો, જેમ શિષ્ય કોઈ હોય બેઠો;
પૂછે પ્રશ્ન તે આવીને જ્યારે, તમે એટલું બોલજો ત્યારે. ૨૦
એવા પ્રશ્નના ઉત્તર જેહ, કરશે આ નાના સાધુ તેહ;
તેનાથી જે ઉત્તર નહિ થાય, સમજાવીશ હું તે બધાય. ૨૧
સુણી બોલ્યા બ્રહ્માનંદ સ્વામી, એમ કેમ કરું બહુનામી ?
બેસું આપને આસને હુંય, તેથી પાપમાં હું તો પડુંય. ૨૨
કહે કૃષ્ણ જે આજ્ઞા અમારી, જાણો તે હિતકારી તમારી;
તોડે આજ્ઞા તેથી થાય પાપ, એમ જાણજો નિશ્ચય આપ. ૨૩
માટે મારી ગાદી પર બેસો, બીજા સંશયમાં નવ પેસો;
હસી બોલ્યા બ્રહ્માનંદ વાણી, અહો સાંભળો સારંગપાણી. ૨૪
આજ હું પરમેશ્વર થૈશ, લાવ બે ઘડીનો ભલો લૈશ;
એમ કહી ગાદિ ઉપર બેઠા, બેઠા આગળ શ્રીહરિ હેઠા. ૨૫
ખૈયો એ અવસર માંહી આવ્યો, સાથે શિષ્ય ઘણા નિજ લાવ્યો;
બ્રહ્માનંદે કર્યું સનમાન, બેઠો તે થઈને સાવધાન. ૨૬
બ્રહ્માનંદને પૂછવા લાગ્યો, જાણે વેદાંતિ આચાર્ય જાગ્યો;
કહો વેદાંત માનો કે નહીં, વ્યાસસૂત્ર શું જાણો છો સહી ? ૨૭
બ્રહ્માનંદ કહે પ્રશ્ન એવાં, નાના સાધુને પૂછવા જેવાં;

માટે આ સાધુ ઉત્તર દેશે, અમે દેશું જો બાકી રહેશે. ૨૮
કહે શ્રીહરિ ઉત્તર દૈએ, અમે વેદાંત માનીએ છૈયે;
રામાનુજના ભાષ્ય સહિત, વ્યાસસૂત્રને માનિયે નિત્ય. ૨૯
ખૈયે પ્રશ્ન પૂછ્યા ઘણા ઘણા, આપ્યા ઉત્તર ત્યાં તેહ તણા;
શતપ્રશ્ની ને સહસ્રપ્રશ્ની, ખૈયો તેહનો તો હતો અશની[1]. ૩૦
પણ દૈવી હતો જીવ એ તો, થાય ઉત્તર તે ધારી લેતો;
આડું બોલીને વાદ ન કરતો, થયો ઉત્તર એમ ઉચ્ચરતો. ૩૧

**મિથ્યાવાદી વિષે : વસંતતિલકાવૃત્ત :**

મિથ્યા વિવાદિ જન જેહ વિવાદ તાણે,
આડું જ બોલી જીતવા ઉર આશ આણે;
જો સાંભળે સરસ ઉત્તર સાનુકુળ,
જીભે તથાપિ ન કરે કદીએ કબુલ. ૩૨
જો ભૂલથી દિવસ ને રજની કહે છે,
તો તેહ સત્ય કરવા બહુ વાદ લે છે;
સાક્ષાત સૂર્ય નિરખી શશિ તે ઠરાવે,
જૂઠો પડે તદપિ લાજ નહીં જ આવે. ૩૩
બોલે મુખે મહત પંડિતને હું જીત્યો,
મેં તેનું કાંઇ જ કબૂલ કર્યું નહીં તો;
મેં તેહના સુણી ઉત્તર ના જ પાડી,
એવી રીતે જ હું જીત્યો સઉની અગાડી. ૩૪
મિથ્યાવિવાદિ મનમાં અભિમાન રાખે,
બંધાય તોય નિજની નહિ ભૂલ ભાખે;



૧.ઈન્દ્રના વજ્ર જેમ પાછો ન પડે તેવો



શોધે સદૈવ નિજ માન રહ્યાની કુંચી,
ભોંઇ પડ્યો પણ કહે મુજ ટાંગ ઉંચી. ૩૫
જૈ દૈવી જીવ નિજ સંશય ટાળવાને,
પૂછે સુપ્રશ્ન સમજી શુભ ચાલવાને;
તે તો વિવાદ ન કરે જ વકીલ તુલ્ય,
જો સત્ય વાત સમજાય કરે કબુલ. ૩૬
પૂછે અજાણ જન તો સુણી જાણ થાય,
જાણી વિવાદ કરનાર નહીં જીતાય;
જાગે ઉંઘેલ જન તેહ જગાડવાથી,
જાગ્યો ઉંઘે જરુર જાગ્રત થાય શાથી. ૩૭
શું સત્ય છે જગત માંહિ અસત્ય શું છે,
તે જાણવા સ્વમન તત્પર જો રહ્યું છે;
મિથ્યા વિવાદ ન વદે નહિ પક્ષ તાણે,
તે સત્ય શોધક ભલો સહુ કો વખાણે. ૩૮
છે આ મનુષ્યતણું જીવન મૂલ્યવાન,
જે જાય એક પળ લક્ષ[1] વસુ[2] સમાન;
એવો વિચાર ઉરમાં જન જેહ લાવે,
મિથ્યા વિવાદ કરી કાળ નહીં ગુમાવે. ૩૯

**ચોપાઈ :**

ખૈયો દૈવી ખરેખરો એવો, મિથ્યાવાદ વદે નહિ તેવો;
સાચો ઉત્તર જે સમજાય, તે તો જીવ વિષે ઠશિ જાય. ૪૦
વાગ્યાં શ્રીહરિનાં વાક્યબાણ, ભેદ્યું અંતર ને ભેદ્યાં પ્રાણ;



૧.લાખ ૨.આઠ(૮)

મુનિ બ્રહ્મ બોલ્યાં વચમાંઇ, ખૈયો તે સમજ્યો નહિ કાંઇ. ૪૧
ખૈયો બોલ્યો જે આ તો મિથ્યા છે, સહજાનંદ તો સ્વયં આ છે;
એમ કહી પ્રભુને લાગ્યો પાય, એવામાં એક અચરજ થાય. ૪૨
પૂછ્યું શ્રીહરિયે સાક્ષાત, તમે કોણ છો તે કહો વાત?
બોલ્યો ખૈયો હું સત્ય કહું છું, સચ્ચિદાનંદ બ્રહ્મ તે હું છું. ૪૩
કહે શ્રીજી તે તો નહિ તમે, સચ્ચિદાનંદ બ્રહ્મ તો અમે;
કહે ખૈયો તમે હશો એ જ, ત્યારે મુજને દેખાડો તે તેજ. ૪૪
એવામાં પ્રભુપદથી પ્રકાશ, પ્રગટી પ્રસર્યો ચારે પાસ;
ખૈયાને તે તો તીવ્ર જણાયો, તેથી તેણે દેખી ન ખમાયો. ૪૫
કહે ખૈયૌ દિલે દયા લાવો, મહારાજ આ તેજ શમાવો;
ત્યારે બોલ્યા શ્રીત્રિભુવનરાય, અમોથી નહિ તેજ શમાય. ૪૬
તમે ને તમારા શિષ્યવૃંદ, ઉચ્ચરો રામ કૃષ્ણ ગોવિંદ;
તાળી પાડીને ધુન્ય કરાશે, ત્યારે તેજ તે સઘળું સમાશે. ૪૭
સૌએ ધુન્ય કરી પછી જ્યારે, તેજ શ્રીહરિમાં શમ્યું ત્યારે;
પછી શ્રીજી તે ગાદીએ બેઠા, બેઠા બ્રહ્મમુની તહાં હેઠા. ૪૮
ખૈયે જાણ્યા જગત કરતાર, કર્યું વંદન ત્યાં બહું વાર;
પ્રેમે નેત્રમાં આવીયાં પાણી, બોલ્યા ગદગદ કંઠથી વાણી. ૪૯
સચ્ચિદાનંદ આપ સ્વતંત્ર, હું આત્મા તથા પરતંત્ર;
તમે સૌને કરમ ફળદાતા, અમે કર્મને વશ અથડાતા. ૫૦
નટ પૂતળાં જેમ નચાવે, જેમ પોતાની ઇચ્છામાં આવે;
તેમ જીવને ઇશ્વર જે છે, તમારા જ ભમાવ્યા ભમે છે. ૫૧
તમે સૌના નિયંતા છો સ્વામી, અક્ષરાતીત અક્ષરધામી;





ધર્મ થાપવા ભૂમિ મોઝાર, આપે લીધો મનુષ્ય અવતાર. ૫૨
કરુણા મુજ ઊપર કરી, આંહી આપ પધારિયા હરી;
મને આપ્યું આપનું જ્ઞાન, કાપ્યા સંશય કરુણાનિધાન. ૫૩
હવે હું થયો શિષ્ય તમારો, હેતે હાથ ગ્રહો હરિ મારો;
મારું કલ્યાણ જે રીતે થાય, મને એ જ બતાવો ઉપાય. ૫૪
સુણી બોલિયા શ્રીહરિ એમ, તમે કલ્યાણ પામશો કેમ ?
તમે જીવ ઘણાને ભમાવ્યા, રખડે તેવે રસ્તે ચડાવ્યા. ૫૫

**ભમેલો ઠેકાણે ન આવે તે વિષે : ઉપજાતિવૃત્ત :**

ઢોંગી ગુરૂ જે જનને ભમાવે, તેમાંથી પાછો નહિ ઠામ આવે;
ફેંક્યો કમાને શર[1] જેહ હોય, કમાન વાળે ન વળે જ તોય. ૫૬
આ જીવનો છે જ સ્વભાવ એવો, નીચો દિસે મારગ એ જ લેવો;
નેવે[2] સદા મોભનું નીર જાશે, ન નેવનું નીર ઉંચે ચડાશે. ૫૭
માયા તણા જીવ પ્રસંગી જે છે, તેને સદા જ્ઞાન ઉંધું ગમે છે;
કુજ્ઞાનની વાત ધરે જ કાને, સુજ્ઞાનનો બોધ કદી ન માને. ૫૮
જો શ્વાનજાતિ કદી ખીર ખાય, તો ઊલટી થૈ નિકળી જ જાય;
શ્રીકૃષ્ણલીલામૃત જે ગણાય, ટકે નહીં આસુર પેટમાંય. ૫૯
છે જીવજાતિ મૃત્તિકાસમાન, પ્રવાહિથી તે પલળે નિદાન;
જે વારુણીથી પલળી જ જાય, તે શુદ્ધ કીધો થકી કેમ થાય. ૬૦
છે સત્યનો દુર્ગમ પંથ ભાઇ, અસત્યનો પંથ ગમે સદાઇ;
જો વામમાર્ગે સહજે ચલાય, નિષ્કામ નિઃસ્વાદ નહીં પળાય. ૬૧
જેણે પટોળા પર ભાત પાડી, તેનાથી તે નૈ ઉખડે ઉખાડી;
તમે ચડાવ્યા જનને કુરંગ, તમોથી તે શુદ્ધ થશે ન અંગ. ૬૨



૧.તીર ૨.છાપરાના છેડા પાસેના નળિયા

તથાપિ જૈને કરજો પ્રયાસ, જેને હશે મોક્ષ જવાની આશ;
દૈવી હશે તેહ તમારી વાત, ભલી રીતે સાંભળશે જ ભ્રાત. ૬૩

**ચોપાઈ :**

જેવો જાણ્યો છે મુજ મહિમાય, તેવો શિષ્યોની પાસ સદાય;
કહેજો મુજ ભક્ત પ્રમાણ, તેથી થાશે તમારું કલ્યાણ. ૬૪
ભાવે ભજન મારું સદા કરજો, ધર્મ ઉદ્ધવી મતનો જ ધરજો;
એમ કહી તેને નિયમ ધરાવ્યાં, આપી કંઠી ને તિલક કરાવ્યાં. ૬૫
તેના શિષ્ય હતા દૈવી જેહ, થયા શ્રીજીના આશ્રિત એહ;
ખૈયો ચાલ્યો પોતાને આગાર[1], ઘણા શિષ્ય ઉભા હતા દ્વાર. ૬૬
કહેતા હતા તે એહ સ્થાન, ખૈયો છે દઢ મેરુ સમાન;
શત સ્વામિનારાયણ આવે, તોય ખૈયાને તે શું ડગાવે ? ૬૭
ખૈયે સાંભળ્યા શબ્દ તે એવા, ત્યારે લાગ્યો તે ઉત્તર દેવા;
ભાઇ મેરુ અડગ તે તો ડગિયો, બ્રહ્મજ્ઞાનના ફંદથી ફગિયો. ૬૮
થયો સ્વામીનો શિષ્ય હું ખરો, તમે તમને ગમે તેમ કરો;
સમ ખાઇ કહું સાચી વાત, સ્વામી છે પરબ્રહ્મ સાક્ષાત. ૬૯
એ છે કોટિ ભુવન કરતાર, સકળેશ્વર સર્વઆધાર;
નકી કલ્યાણની હોય આશ, તમે થાઓ એના સઉ દાસ. ૭૦
એવી સાંભળીને એની વાણી, દૈવી જીવોએ દિલ માંહિ આણી;
સતસંગી થયા તે તો સારા, ન થયા જન જેહ નઠારા. ૭૧
તે તો નિંદા કરે એવું ભાખી, વશ કીધો એને ભૂતી નાંખી;
માટે વાત ન માનવી એની, બધી બુદ્ધિ ફરી ગઇ તેની. ૭૨
ખૈયો કેવો થયો ભલો ભક્ત, જેવો અક્ષરધામનો મુક્ત;



[1] ૧.ઘર, સ્થાન



કર્યો પ્રેમ પ્રભુપદે કેવો, મુખે માગે મહામુનિ જેવો. ૭૩
જીત્યો શ્રીહરિયે ખૈયો વંકો[1], તેથી દેશમાં વાગિયો ડંકો;
એનું આખ્યાન સુણશે કે ગાશે, તેને શ્રીહરિમાં સ્નેહ થાશે. ૭૪

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

વિધવિધ વ્રત તીર્થમાં કરાય, ફળ શુભ જેટલું તે થકી પમાય;
હરિ હરિજનનાં ચરિત્ર જે છે, ફળ સુણનાર વિશેષ તેથી લે છે. ૭૫

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ટકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે ખૈયાખતરીઆખ્યાન-કથનનામા દ્વાવિંશતિતમો વિશ્રામઃ ॥૨૨॥***

**પૂર્વછાયો :**

માંડવી બંદરમાં રહી, ખૈયા ખત્રીને કરી નિજદાસ;
શ્રીહરિ સૌ સંતને કહે, જઇ રહો શ્રીપુરની પાસ. ૧

**ચોપાઈ :**

તમે જઇને શ્રીનગર સમક્ષ, જ્યાં છે આંમલીનાં ઘણાં વૃક્ષ;
રહો તે સ્થળમાં કરી વાસ, સતશાસ્ત્રનો કરજો અભ્યાસ. ૨
જન દૈવીને ઉપદેશ દેજો, સદા આનંદ માંહિ રહેજો;
ભિક્ષા માગવા પુર માંહી જાજો, નદી તીરે ગોળા વાળી ખાજો. ૩
કોઇ દે માન કે અપમાન, સદા ગણજો તે બેય સમાન;
ભિક્ષા માગવા જાઓ જે ઠાર, કાઢી મુકે કરી તિરસ્કાર. ૪
તોય ત્યાં ભિક્ષા માગવા જાવું, તિરસ્કારથી નહિ શરમાવું;
શિર કાંકરા કે નાખે ધૂળ, તે તો જાણજો પુષ્પની માળ. ૫
કરે તુંકારા ગાળ ઉચારે, તેથી રીસ ન કરશો લગારે;



[1] ૧.બળવાન, પરાક્રમી

ચિત્તમાં સૌનું હિત ચહાજો, તમે નમ્ર ને નિર્માની થાજો. ૬
એક દરવાજે પેસતાં વારે, બીજે ત્રીજેથી પેસવું ત્યારે;
નિરમાનીપણું અતિ જેહ, જાણો સંતનું ભૂષણ તેહ. ૭
સદાકાળ રહી સાવધાન, ધરજો મારી મૂર્તિનું ધ્યાન;
કરજો સદા બ્રહ્મકલ્લોલ, મુખે બોલશો નહિ બીજો બોલ. ૮
વળી સદગુરુ ગોવિંદ સ્વામી, રહ્યા જેતલપુરમાં વિરામી;
મારી આજ્ઞાથી યજ્ઞ તે કરશે, ઘણા વિપ્રો વરુણીમાં વરશે. ૯
કરજીસણના નાનાભાઈ, યજમાન થશે તેહ માંઇ;
તેડાવે તો તમે તહીં જાજો, કામકાજમાં સામેલ થાજો. ૧૦
કર્યા એમ કહીને વિદાય, ગયો શ્રીપુર તે સમુદાય;
રહ્યા આંમલીયો માંહી જઇ, કરે ભજન સદા સ્વસ્થ થઇ. ૧૧
એવે અવસરે જેતલપુરમાં, અતિ આનંદ લાવીને ઉરમાં;
કર્યો ગોવિંદ સ્વામીએ જજ્ઞ, યજનાર[1] નાનાભાઇ સુજ્ઞ. ૧૨
ત્યારે શ્રીપુરથી સર્વ સંત, તેણે તેડાવિયા મતિમંત;
તેથી ત્યાં સર્વ સંત તે ગયા, યજ્ઞકામમાં સામેલ થયા. ૧૩
દેશદેશથી હરિજન આવ્યા, ઘણી સામગ્રી યજ્ઞની લાવ્યા;
થયું આજ્ઞાથી યજ્ઞનું કામ, કચ્છમાંથી ન આવિયા શામ. ૧૪

**વસંતતિલકાવૃત્ત :**

આજ્ઞાથી જેની અતિ અદ્‌ભુત કામ થાય,
ઉત્પત્તિ ને સ્થિતિ તથા પ્રલયે જણાય;
બ્રહ્મા રમેશ ગિરિજેશ કરે છે કામ,
આજ્ઞા થકી જગતકામ નભે તમામ. ૧૫



૧.યજમાન,સૌજન્ય



**ચોપાઈ :**

થયો આજ્ઞા થકી યજ્ઞ એમ, થાય ઉત્પત્તિ સ્થિતિ લય જેમ;
થયો જગતમાં જયજયકાર, થયાં આશ્રિત બહુ નરનાર. ૧૬
પછી કચ્છથી શામ સંચરિયા, પ્રભુ હાલારમાં પરવરિયા;
જામનગર ગયા જગદીશ, અતિ હરખિયો ત્યાંનો અધીશ. ૧૭
તેણે સારું કર્યું સનમાન, ભાવે આપિયું ભોજન પાન;
બહુ વેદાંતિયોને બોલાવ્યા, સભામાં શ્રીહરિને તેડાવ્યા. ૧૮
તેમાં શ્રીજીયે ચર્ચા ચલાવી, સત્યતા નિજમતની ઠરાવી;
પછી ચાલ્યા પ્રભુ સંત જોડે, ગામ અલૈયે થૈ ગયા મોડે. ૧૯
વણથળિયે કાળા વડે ગયા, ટોડા ગામે ગયા કરી દયા;
ગયા કંડોરડે કૃપાનાથ, ઝાંઝમેર ગયા જનસાથ. ૨૦
ઉપલેટે ને જાળિયે થૈને, રહ્યા રાત ગણોદમાં જૈને;
ગયા માણાવદર મહારાજ, ત્યાંથી પંચાળે સહિત સમાજ. ૨૧
ઝીણાભાઇને દરબારમાંય, મેડી ઉપર ઉતર્યા ત્યાંય;
અદીબાઇ તથા ગગાભાઇ, તેણે સેવ્યા મહાસુખદાઇ. ૨૨
તેઓનો ઘણો નેહ નીહાળી, માસ બે રહ્યા ત્યાં વનમાળી;
દિવ્ય લીલા કરી ચમત્કારી, પામ્યાં અચરજ બહુ નરનારી. ૨૩
વળી માનુષી પણ લીલા કરી, મંદવાડતણું મિષ ધરી;
શામ સાજા થયા વળી જ્યારે, ઝીણાભાઇ પ્રત્યે કહ્યું ત્યારે. ૨૪
નોતરો આખું ગામ તમારું, દેવું ભોજન સારામાં સારું;
કાં તો બરફી ને પેંડા મંગાવો, કાં તો લાડુ જલેબી કરાવો. ૨૫
ઝીણાભાઇ બોલ્યા જોડી હાથ, પૂછો ગામના લોકને નાથ;

જેવા ભોજનથી રીઝે એહ, પકવાન પડાવિયે તેહ. ૨૬
મુખ્ય લોકોને પૂછિયું માવે, કહો ભોજન તમને શું ભાવે ?
અમારે છે જમાડવું ગામ, ભાવે તમને કહો તે આ ઠામ. ૨૭
લાડુ લાખણશાઇ કરાવું, કોતો સારી જલેબી પડાવું;
કોતો બાસુંદી કોતો શ્રીખંડ, કો'તો પિરસીયે ખાજાં અખંડ. ૨૮
સુણી લોક બોલ્યા મુખે આવું, લાડવા જલેબીમાં શું ખાવું ?
એ તો ભોજનમાં ન ગણાય, પુરું પેટ ભરી ન ખવાય. ૨૯
લાગે શ્રીખંડ બાસુંદી કેવી, ઘેંશ[૧] ખાટી અને ગળી જેવી;
હોય ત્રેવડ જમાડવાની, કરાવો રસોઇ મનમાની. ૩૦
ચોખા ગોળ ને ઘી પીરસાય, ત્યારે તો ડંકો દેશમાં થાય;
પછી શ્રીહરિયે તેવી રીતે, આખું ગામ જમાડિયું પ્રીતે. ૩૧
સૂણો ભૂપ અભેસિંહ ભ્રાત, રાંક તો કુશકે[૨] રળિયાત;
ખાખરાતણી ખીસ્કોલી જેહ, સારી સાકર શું જાણે તેહ. ૩૨

**અપરિક્ષક વિષે : ઉપજાતિવૃત્ત**

જેની નહીં કીંમત હોય જેને, તે વસ્તુ તો તુચ્છ જણાય તેને;
તુવેરનો જે નહિ સ્વાદ જાણે, તે કોદરા કે કળથી વખાણે. ૩૩
અભ્યાસ જેને નિત્ય હોય જેવો, તેને સદા સ્વાદ ગમે જ તેવો;
જેને સદા ખીચડી ખૂબ ભાવે, બિરંજ ખાતાં જ બકારી આવે. ૩૪
જેઓ વસે છે જન ભાલ દેશે, મેવા તણો સ્વાદ શું જાણી લેશે;
જે સ્વાદ તો રાયણનો ન જાણે, પાકી લિંબોળી જ ચુશી વખાણે. ૩૫
જે પાઘડી પેઠણ[૩]ની ન પ્રીછે, ખાદી તણો ખેશ વિશેષ ઇચ્છે;
ભોળા ભલા ગામડિયા બિચારા, ઘી ગોળ ચોખા જમી રીઝનારા. ૩૬



૧.છાશ અથવા પાણીમાં મીઠું નાંખી બનાવેલ બાજરી કે બાવટો વગેરેનું રાબડું ૨.ફોતરાં
૩.મહારાષ્ટ્રના પેઠણગામની પ્રખ્યાત પાઘડી



તેઓ વિષે ઉત્તમ ગુણ એ છે, ભક્તિ ભલી તે પ્રભુની કરે છે;
સ્વરૂપની નિશ્ચળ ગાંઠ વાળે, છૂટે નહી તે પછી કોઇ કાળે. ૩૭
ખેડૂ ખરા પ્રેમી સુભક્ત પૂરા, વેપારિયો એહ થકી અધૂરા;
વિપ્રો વિષે ઉત્તમ ભક્ત અર્ધ, કોઇ ભલા ચારણ ભાટ વૃદ્ધ. ૩૮

**ચોપાઇ :**

પંચાળામાં રહી પરમેશે, લીલા કીધી વિચિત્ર વિશેષે;
પછી ત્યાંથી ગયા પીપલાણે, જૂનેગઢ ગયા તે સહુ જાણે. ૩૯
પુર પાસે અવેડાની વાવ્ય, તહાં ઉતર્યા મનોહર માવ;
રામજીભાઇ નાગર નાતે, આવ્યા સામૈયું લૈ ભલી ભાંતે. ૪૦
વાજતે ગાજતે પધરાવ્યા, ભાળી સૌ જનને મન ભાવ્યા;
ભીમજીભાઇ નાગર ઘેર, ઉતર્યા પ્રભુજી શુભપેર. ૪૧
જુનાગઢના મળી હરિજન, પૂજ્યા પ્રભુપદ પરમ પાવન;
ત્યાંના વાસી નાગર હરિરામ, કર્યા સંન્યાસી તેને તે ઠામ. ૪૨
બીજા નાગર રામજીભાઇ, કહ્યું તેણે અહો સુખદાઇ;
મને પણ પ્રભુ આપો સંન્યાસ, ભાંગો જન્મમરણ ભવત્રાસ. ૪૩
સુણી બોલ્યા શ્રીજી શુભપેર, મારી આજ્ઞા થકી રહો ઘેર;
નવ લેવો તમારે સંન્યાસ, સદા સંસારથી છો ઉદાસ. ૪૪
સેવા સંતની કરજો સુજાણ, તેથી થાશે તમારું કલ્યાણ;
સુણી આજ્ઞા હરિ તણી એવી, રહ્યા ઘરમાં રીતિ ત્યાગી જેવી. ૪૫
જળ ઉપર કમળ રહે જેમ, રહ્યા સંસારમાં પણ તેમ;
એક સમય શ્રીજીમહારાજ, કાળવા નદિયે નાવા કાજ. ૪૬
જૈને શ્વેત શિલા પર બેશી, નાહ્યા નિરખતાં દેશી વિદેશી;

શોભા એ અવસર બની કેવી, ક્ષીરસાગરને તટ જેવી. ૪૭
શેષનાગે શું કુંડળી વાળી, બેઠા તે પર શ્રીવનમાળી;
તેના ઉપર ઘન જેમ વરસે, સ્નાન કરતાં શ્રીજી એવા દરસે. ૪૮
યોગધારણા તે નદી તીરે, સંતને શીખવી નરવીરે;
દેખાડ્યો બહુ ચમતકાર, જને જાણ્યો પ્રતાપ અપાર. ૪૯
ભીમજીભાઇને ઘેર આવી, જમ્યા થાળ પ્રભુ રુચિ લાવી;
કેટલાક દિવસ તહાં ઠરિયા, જુનાગઢથી પછી પરવરિયા. ૫૦
થાણાગાલોળ ગામમાં ગયા, માવા પટેલને ઘેર રહ્યા;
રુડી પત્નિ તેની રૈયાંબાઇ, તેણે સેવ્યા સ્નેહે સુખદાઇ. ૫૧
ત્યાંથી સંચરિયા ઘનશામ, ગયા ગિરધર ડેરડી ગામ;
વાળા વાઘા મેરામનો જેહ, ઉત્તારાદો છે ઓરડો તેહ. ૫૨
તેમાં ઉતર્યા ત્રિભુવનનાથ, હતા સંત ને પાર્ષદ સાથ;
શેઠ રૂપશી પટેલ હીરો, એક આંબો અને એક વીરો. ૫૩
સેવા સૌયે મળી સજી સારી, ગયા કોટડે કુંજવિહારી;
વાંકિયે મોકાખાચર ઘેર, ઉતર્યા પ્રભુ જૈ રુડીપેર. ૫૪
ગયા ખંભાળે સુંદરશામ, રહ્યા ઓધડ ખાચર ધામ;
તેનો માણશિયો સુત સારો, તેણે સેવિયા ધર્મદુલારો. ૫૫
કરિયાણે ગયા કૃપાનાથ, ત્યાંથી વાવડિયે સંતસાથ;
ભલા ભક્ત તહાં નાનબાઇ, સ્નેહે સેવ્યા તેણે સુખદાઇ. ૫૬
એમ વિચરી ઘણેઘણે ઠામ, ગયા ગોવિંદ ગઢડે ગામ;
મહારાજ કરી ઘણી મહેર, દેતાં દર્શન જૈ ઘેરઘેર. ૫૭
દયા આજ દેખાડી દયાળ, એવી કીધી નથી કોઇ કાળ;





નિજજનને લડાવિયાં લાડ, માની શકિયે નહીં પૂરો પાડ. ૫૮

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નરતનું ધરી ધર્મભક્તિલાલે, કરી કરુણા કળિકાળમાં કૃપાળે;
અવર સમયમાં કદાપિ એવી, નથી નિરખી નથી સાંભળી જ તેવી. ૫૯

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકચ્છહાલાર-સૌરાષ્ટ્રદેશવિચરણનામા ત્રયોવિંશો વિશ્રામઃ ॥૨૩॥***

**પૂર્વછાયો :**

શ્રીગિરિધર બહુ ગામમાં, જઇ આવ્યા દુરગપુર ધામ;
આવી વસંતની પંચમી, આવ્યા હરિજન સંત તે ઠામ. ૧

**ચોપાઈ :**

થયો ત્યારે સમૈયો તે સારો, આવ્યા હરિજન લોક હજારો;
રુડી રીતથી રંગ રચાવ્યો, મણ ઝાઝા ગુલાલ મંગાવ્યો. ૨
કર્યો ઉત્સવ ઉત્તમ બેશ[૧], ગયા સત્સંગી સર્વ સ્વદેશ;
વળી સત્સંગની વૃદ્ધિ કરવા, સંતમંડળ મોકલ્યાં ફરવા. ૩
એવામાં રાજકોટના રાયે, સ્નેહે શ્રીજીને તેડાવ્યા ત્યાંયે;
તેડવા મોકલ્યા અસવાર, લખી પત્રમાં વિનતિ અપાર. ૪
સાથે લૈ થોડો સંતસમાજ,રાજકોટ ચાલ્યા મહારાજ;
વાટે હરિજનનાં ગામ આવે, સૌને આનંદ ત્યાં ઉપજાવે. ૫
રાજકોટ ગયા એવી રીતે, ત્યારે પુરપતિ પૂરણ પ્રીતે;
રાજા સુરોજી સામૈયે આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા. ૬
લાવ્યા અસવારી સંગે અનૂપ, ભલા શ્રીરાજકોટના ભૂપ;



૧.સૌને અનુકૂળ આવે એવો

લાગ્યા પ્રેમે પ્રભુજીને પાય, કરી દર્શન હરખ્યા તે રાય. ૭
ગાજતે વાજતે તેહ વાર, પ્રભુ પધાર્યા પૂર મોઝાર;
હાલ જ્યાં છતરી છે રૂપાળી, તહાં ઉતરિયા વનમાળી. ૮
તંબુ રાખેલા ઉભા કરાવી, પ્રભુ ઉતર્યા તે મધ્યે આવી;
રાયે તે દિન આપી રસોઇ, જમ્યા શ્રીહરિ ને સંત સોઇ. ૯
હરિભક્ત રહ્યા સહુ પાસ, કરે સેવા સહુ હરિદાસ;
પછી બોરડીનું જેહ વૃક્ષ, ત્યાં પધાર્યા પ્રભુજી પ્રત્યક્ષ. ૧૦
ભેટ ભક્તે બદ્રી ફળ ધર્યાં, હેતે હરિયે અંગિકાર કર્યાં;
હતાં તે ફળ ઉત્તમ સ્વાદી, જમીને સૌને આપી પ્રસાદી. ૧૧
લાવી ઉત્તમ સર્વ સામાન, બાંધ્યો હેતે હિંડોળો તે સ્થાન;
બાંધનારા છે પ્રેમી અપાર, કહું નામ તેનાં નીરધાર. ૧૨
પુરા પ્રેમ વિષે ભરપુર, અતિ ઉમંગ છે જેને ઉર;
ભટ માહેશ્વર મહાદેવ, રણછોડ કરે હરિસેવ. ૧૩
વ્યાસ ઈંદરજી અતિ ભાવે, હાસ્યરસે હરિને હસાવે;
જાણે હાસ્ય તણી વાતો ઝાઝી, કરે શ્રીહરિને બહુ રાજી. ૧૪
દેવકૃષ્ણ છે તેહના ભાઇ, જેને શ્રીહરિ સાથે સગાઇ;
શેઠ કરસનજી નિષ્કામ, ભક્ત કરશન ઠક્કર નામ. ૧૫
મિસ્ત્રી માંડણ વાલો ને ઉકો, હરિભક્તિ માંહિ જેહ પક્કો;
મિસ્ત્રી માવજી પાંચો ગોવિંદ, દેવરાજ જેરામ સ્વચ્છંદ. ૧૬
એહ આદિ સહુ હરિજન, ભલા આવે ઝુલાવે જીવન;
આપે દાસને દર્શનદાન, ભલી રીતથી શ્રીભગવાન. ૧૭
પ્રભુ પધાર્યા જાણી તે વાર, આસપાસ તણા દરબાર;





આવ્યા તે સહુ દર્શનકાજ, નેહે નિરખિયા મહારાજ. ૧૮
પાડાસણ ખાંભા ને વડાળી, લોધિકા અને ક્રાંકશિયાળી;
મેંગણી ને વાગોદડ કૈયે, માખાવડ આદિક ગામ લૈયે. ૧૯
ત્યાંના રાજાઓને બહુ સ્નેહ, આવ્યા દર્શન કરવાને તેહ;
તેને પ્રૌઢ પ્રતાપ જણાવ્યો, નિજ રૂપનો નિશ્ચે કરાવ્યો. ૨૦
થોડા દિવસ તહાં રહી નાથ, ચાલ્યા ગઢપુર સંતની સાથ;
આવી ત્યાં સારો સમૈયો ભર્યો, ફુલડોળનો ઉત્સવ કર્યો. ૨૧
મુક્તાનંદ આદિક મુનિજન, આવ્યા ત્યાં કરવા દરશન;
સતસંગીયે આવ્યા અપાર, નેણે નિર્ખવા ધર્મકુમાર. ૨૨
ગયો ઉત્સવનો દિન જ્યારે, ગયા સૌ નિજ નિજ ઘર ત્યારે;
જીવોખાચર સારંગપુરના, ભલા ભક્ત હરિની હજુરના. ૨૩
કહ્યું તેણે કરીને પ્રણામ, મારે ગામ ચાલો ઘનશામ;
સાથે લ્યો સહુ સંતસમાજ, મારો પુરો મનોરથ આજ. ૨૪
ભાખે એવું સુણી ભગવાન, તમે જૈને કરાવો સામાન;
કાલે આવશું સંત સહિત, તમે ચિંતા ન રાખશો ચિત્ત. ૨૫
કર્યા એમ કહીને વિદાય, પ્રભુ ચાલ્યા બીજે દિન ત્યાંય;
જતાં ગામ આવ્યું ધિકવાળી, વાડીમાં ઉતર્યા વનમાળી. ૨૬
હતા સોમલો ખાચર સાથે, તેણે ધાબળી પાથરી હાથે;
બેઠા તે પર શ્રીમહારાજ, બેઠો આગળ સંતસમાજ. ૨૭
પ્રભુયે પૂછ્યું માળીને ત્યાંય, શું શું પાકે છે આ વાડી માંય ?
કહે માળી પાકે ઘણાં શાક, પણ સર્વથી સરસ વૃંતાક. ૨૮
મીઠાં આંહીનાં વૃંતાક જેવાં, બીજે કાંઇ થતાં નથી તેવાં;

સુણી ધાર્યું દિલે મહારાજે, જમાડું શાક સંતોને આજે. ૨૯
મણ વૃંતાક માળીની પાસે, માગ્યાં એ અવસર અવિનાશે;
કહે માળી રુપૈયો લહીશ, તે હું પોંચાડવા ત્યાં આવીશ. ૩૦
કૃષ્ણે વાત કરી તે કબૂલ, તને આપિશ એટલું મૂલ;
મણ વૃંતાક તે માળી લાવ્યો, તેનો ગાંસડો એક બંધાવ્યો. ૩૧
હતો મૂરખ માળી તે કેવો, કોઇને નવ ઓળખે એવો;
માગ્યો તેણે ત્યાં રુપૈયો એહ, કોઇ પાસે હતો નહીં તેહ. ૩૨
કરી કૃષ્ણે જવાની તૈયારી, કરી ઘોડી ઉપર અસવારી;
મૂર્ખ માળી લાગ્યો અકળાવા, મૂલ લૈશ ત્યારે દૈશ જાવા. ૩૩
કહે સંતો હરિને તે ટાણે, શીદ શાક લીધું વિના નાણે;
કહે કૃષ્ણ ફિકરમાં ન પડિયે, નાણું ચાલ્યું આવે છે આ ઘડિયે. ૩૪
કહે વર્ણી સુણો વસુધેશ, સત્યસંકલ્પ શ્રીપરમેશ;
જેનો સંકલ્પમાત્ર જો થાય, કોટિ બ્રહ્માંડ ઉપજે ને જાય. ૩૫
જળસ્થાને કરે સ્થળ પળમાં, મેરુને તો ડુબાડીદે જળમાં;
તેના સંકલ્પથી શું ન થાય ? પણ મૂરખને ન મનાય. ૩૬
ભક્ત બોટાદના જણ બેય, મૂળચંદ કેશવજી તેય;
ઉઘરાણી તે ગામડે કરતા, હરિઇચ્છાયે ત્યાં આવ્યા ફરતા. ૩૭
જાણ્યું છે આંહી શ્રીમહારાજ, કોડે આવિયા દર્શનકાજ;
પ્રભુપદ પાંચ રુપૈયા ધરી, પગે લાગ્યા દંડવત કરી. ૩૮
પામ્યા અચરજ સૌ મનમાંય, કૃષ્ણમાયા કળી ન શકાય;
આપ્યો રૂપૈયો માળીને જ્યારે, તેણે ગાંસડી શિર લીધી ત્યારે. ૩૯
ગયા સારંગપુર સુખધામ, સામું આવ્યું સામૈયું તે ઠામ;





પુરમાં પધરાવિયા હરી, સેવા સર્વ પ્રકારથી કરી. ૪૦
માળીયે શાકનો ઢગ કીધો, જીવે ખાચરે રૂપૈયો દીધો;
પ્રભુનો તે તો પાછો અપાવ્યો, તેહ શાકનો પાક કરાવ્યો. ૪૧
સંતને પીરશું ભગવંતે, કર્યાં ભાવતાં ભોજન સંતે;
રહ્યા ત્યાં હરિ એક બે રાત, પછી ચાલવા માંડ્યું પ્રભાત. ૪૨
મુક્તાનંદજીને મહારાજ, કહે હું કહું તે કરો કાજ;
જાઓ મંડળ લૈ તમે ફરવા, હરિભક્તોને આનંદ કરવા. ૪૩
ઝાલાવાડ્યમાં દૈ ઉપદેશ, ફરજો પછી દંઢાવદેશ;
તમે ત્યાંથી જજો ચરોતરમાં, ફરો ગામડાંમાં ને નગરમાં. ૪૪
મુનિ છો તમે તો મુજ અંગ, આપે ઈશ્વરમૂર્તિ અભંગ;
મને પૂજે છે હરિજન જેમ, તમને પણ પૂજશે તેમ. ૪૫
મારા દર્શનથી સુખ જેવું, તમ દર્શનથી થશે તેવું;
માટે ઘો સહુને જઇ સુખ, મટે મારા વિજોગનું દુઃખ. ૪૬

**પૂર્વછાયો :**

ઉદ્ધવજી વ્રજમાં ગયા, જેમ આજ્ઞા ધરીને શીશ;
તેમ તમે ઝાલાવાડ થઇ, જજો દંઢાવ ચરોતર દીશ. ૪૭

**ચોપાઈ :**

મુક્તાનંદ કહે મહારાજ, આપ જે કહો તે કરું કાજ;
કરો આજ્ઞા જેને તમે કાંઇ, ધન્ય ભાગ્ય તેના જગમાંઇ. ૪૮
હું તો ઈચ્છું છું એમ હંમેશ, કાંઇ આજ્ઞા કરે પરમેશ;
અતિ હર્ખે કરું કામ તેહ, જાણું જન્મ સુફળ થયો એહ. ૪૯
સંતમંડળ લૈ મુજ સાથ, ઝાલાવાડમાં જૈશ હું નાથ;

એવાં વિનયનાં વચન ઉચ્ચારી, પદ પ્રણમીને કીધી તૈયારી. ૫૦
ત્યારે સંત તે લાગ્યા સિધાવા, વિચર્યા વાલો તેને વળાવા;
જીવોખાચર પણ હતા સાથ, ગયા ગામને પાદર નાથ. ૫૧
કહે છે જન જ્યાં હોળિધાર, સર્વ ઊભા રહ્યા એહ ઠાર;
મુક્તાનંદ ઉપર એહ ટાણે, સ્નેહ બહુ કર્યો શામ સુજાણે. ૫૨
પોતે પાંચ પ્રદક્ષિણા કરી, પછી ઘોડેથી ઊતર્યા હરી;
દંડવત કરવા લાગ્યા જ્યારે, મુક્તાનંદે ઝાલી રાખ્યા ત્યારે. ૫૩
કહે તે સમે ધર્મકુમાર, દંડવત્ કરવા દ્યોને ચાર;
તમે સંત મહાંત છો કેવા, નથી બ્રહ્માંડમાં તમ જેવા. ૫૪
મારો સંકલ્પ થાય છે જેમ, તમે સમજીને વરતો છો તેમ;
મારે અર્થે સંકષ્ટ સહો છો, દામ વામથી દૂર રહો છો. ૫૫
સહો છો ખળનો ઉપહાસ, સહો છો જન દુષ્ટનો ત્રાસ;
મારે અર્થે તજ્યું તમે માન, તજ્યાં સારાં સારાં ખાન પાન. ૫૬
તમે ત્યાગી તપસ્વી છો ભારે, માટે વંદનયોગ્ય છો મારે;
મુનિ બોલિયા સ્નેહસંયુક્ત, સેવે તમને તો અક્ષરમુક્ત. ૫૭
રહે આજ્ઞામાં તે દિનરાત્ર, એની આગળ હું કોણમાત્ર;
દયાસાગર છો તમે દેવા, માની લ્યો છો ઘણી અલ્પ સેવા. ૫૮
એવાં વચન અનેક ઉચ્ચારી, પ્રભુની છબી અંતર ધારી;
જોઈ મુક્ત મુનિનો સમાજ, મળ્યા સર્વને શ્રીમહારાજ. ૫૯
પ્રેમે પ્રણમીને પ્રભુપદદ્વંદ, મુનિ ચાલિયા શ્રીમુક્તાનંદ;
પછી કૃષ્ણને તેડવા કાજ, સતસંગીનો આવ્યો સમાજ. ૬૦
કારિયાણી ને કુંડળકેરા, ભક્ત આવ્યા મળીને ઘણેરા;





કરી વિનતિ કરીને પ્રણામ, ચાલો નાથ અમારે જ ગામ. ૬૧
સુણી શબ્દ અંતરમાં ઉતાર્યા, કારિયાણીયે કૃષ્ણ પધાર્યા;
સખા સહિત રહ્યા તહાં રાત, ગયા કુંડળ ઊઠી પ્રભાત. ૬૨
વસ્યા કાંઈ દિવસ તહાં વાસ, સ્નેહે સેવા સજે સહુ દાસ;
પટગર અમરો ને મામૈયો, હરિ પૂજીને હરખિત થૈયો. ૬૩
રુડાં ભક્ત વળી રાઈબાઈ, તેની સેવા તો સરસ ગણાઈ;
નદી ત્યાં છે ઉતાવળી નામ, તેમાં નાવા ગયા ઘનશામ. ૬૪
ગામથી તો પૂરવ દિશ ભાગ, બરવાળે જવાનો છે માગ;
વીશ હસ્ત ઉત્તર દિશે ત્યાંય,હ્રદ નીરનો છે નદીમાંય. ૬૫
સખા સહિત સજી અસવારી, તેમાં નાવા પધાર્યા મુરારી;
વસ્ત્ર નાવાનું ધારીને અંગે, પ્રભુ નાવા પેઠા જન સંગે. ૬૬

**ઉપજાતિવૃત્ત :**

પેઠા નદીમાં જળ શુદ્ધ ભાળી, બોલે જનો કીર્તન પાડી તાળી;
સંતો હતા શ્રીહરિની હજૂર, કાઠી ગયા કાંઈક ત્યાંથી દૂર. ૬૭
જુવાન કાઠી જળમધ્ય જૈને, કુદ્યા તર્યા ખૂબ પ્રમત્ત[1] થૈને;
પછીથી કોરાં ધરી વસ્ત્ર અંગે, આવ્યા પ્રભુ આગળ સૌ ઉમંગે. ૬૮
પગે પ્રભુને અડવાનું ધાર્યું, ત્યાં વેણ એવું હરિયે ઉચાર્યું;
અશુદ્ધ કાયા કરી છે જરૂર, માટે રહો સૌ અમથી જ દૂર. ૬૯
નાયા તમે ત્યાં નહિ શુદ્ધ નીર, ત્યાં તો હતું તે સઘળું રુધીર;
માટે કરો સ્નાન સહુ ફરીને, વાણી વદું તે મનમાં ધરીને. ૭૦

**પ્રભુની સ્મૃતિ વિના કર્યું તે વ્યર્થ તે વિષે :**

જેઓ પ્રભુ કેરી સ્મૃતિ વિસારી, ગંગા વિષે સ્નાન કરે પધારી;



૧.ઉન્મત, ગાંડા ઘેલા

તે સ્નાન તો શોણિત તુલ્ય જાણો, અશુદ્ધ એનું શરીર પ્રમાણો. ૭૧
પૂજા કરે ને મન હોય બીજે, પૂજા કરી તેહ નહીં કહીજે;
કરે જનો જે જપ હોમ દાન, સ્મૃતિ વિના તે ન કર્યા સમાન. ૭૨
સ્મૃતિ પ્રભુની કરીને સદાય, સુકર્મ કીધે સુફળિત થાય;
સ્મૃતિ વિના તો તપ કે વ્રતાદી, વદે બધું વ્યર્થ સુશાસ્ત્રવાદી. ૭૩
રટે સદા પોપટ રામ રામ, તેથી ન પામે ઝટ મોક્ષધામ;
સ્મૃતિ વિના કીર્તન નિત્ય ગાય, વેશ્યા ન વૈકુંઠ વિષે વસાય. ૭૪
એવું સુણીને મન ધારી લીધું, તે કાઠિયોયે ફરી સ્નાન કીધું;
પગે પ્રભુને પછી આવી લાગી, પ્રસન્નતા લીધી મુખેથી માગી. ૭૫

**ચોપાઈ :**

પછી રૂડી રીતે સુખરાશી, આવ્યા ઊતારે શ્રીઅવિનાશી;
કથા વારતા ત્યાં નિત્ય થાય, સૌને આનંદ ઉર ન સમાય. ૭૬
વૃષ્ટિ બ્રહ્મ આનંદની વરસે, સભા દિવ્ય અલૌકિક દરસે;
એક બે દિન ત્યાં હરિ રહ્યા, પછી ગિરિધર ગઢપુર ગયા. ૭૭
હરિનૌમી ઉપર તેહ ઠાર, આવ્યા સતસંગી સંત અપાર;
અતિ આનંદ ઉત્સવ કીધો, લાવ સૌયે અલૌકિક લીધો. ૭૮
સૌને સાથે લઈ હરિ ક્યારે, પુરુષોત્તમ ઘાટે પધારે;
જળકેળી કરે સખા સંગે, મુનિ કીર્તન ગાય ઉમંગે. ૭૯
માવો માણકિયે અસવાર, થૈને આવે તે પૂર મોઝાર;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, દરબારમાં આવી બિરાજે. ૮૦
સભા શ્રીહરિ આગળ થાય, જોતાં દૈવીને દિવ્ય દેખાય;
જન હોય હજારો જે ત્યાંય, સૌની દૃષ્ટિ તો શ્રીહરિમાંય. ૮૧





જાણે સૌને થઈ શું સમાધિ, અલ્પમાત્ર દિસે ન ઉપાધિ;
મહાજોગિયોની સ્થિતિ જેવી, નરનારિયોની દિસે એવી. ૮૨
દશ વર્ષનાં બાળક હોય, દિસે મૂર્તિ વિષે લીન તોય;
દૃષ્ટિ એકાગ્ર પ્રભુપદ ધારે, કોઈ આંખનું મટકું ન મારે. ૮૩
એ તો અદ્ભુત વાત જણાય, જોતાં સમજુને નિશ્ચય થાય;
માને મૂરખ તો ઈંદ્રજાળ, નવ જાણે જે આ જગપાળ. ૮૪
પૂર્વ પાપ આવી આડાં થાય, તેને શ્રીહરિ નવ ઓળખાય;
જેનાં સંચિત શુભ હોય કાંઈ, તે તો માને તરત મનમાંઈ. ૮૫
સમૈયો નિરખી શુભ પેર, ગયા હરિજન સૌ નિજ ઘેર;
ઝિંઝાવદર જેહનું ગામ, જેનું અલૈયો ખાચર નામ. ૮૬
એણે અરજ કરી એહ વારે, પ્રભુ ગામ પધારો અમારે;
એવું ઇચ્છે છે ગામના વાશી, ક્યારે આવે અહીં અવિનાશી. ૮૭
દીનબંધુનાં દર્શન કરિયે, ભવસાગર પાર ઉતરિયે;
એમ ઝંખે છે સર્વ સદાય, માટે કૃષ્ણ કરોને કૃપાય. ૮૮
સાથે લ્યો સહુ પાર્ષદ સંત, ભલી રીતે આવો ભગવંત;
સુણી બોલિયા સુંદરશામ, કાલે આવશું આપને ગામ. ૮૯
સુણી વાલાનાં એવાં વચન, અલૈયો પામ્યા આનંદ મન;
અહો કૃષ્ણ કૃપાળુ છે કેવા, જાય જનઘેર દર્શન દેવા. ૯૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અગણિત અજ ઈન્દ્ર ઈશ જેવા, દરશન લાભ ચહે અલભ્ય લેવા;
નરતનુ ધરી તેહ ધર્મલાલ, દરશન દે જનઘેર જૈ દયાળ. ૯૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે*

*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપુરે શ્રીહરિનૌમિ-ઉત્સવકરણનામા ચતુર્વિંશતિતમો વિશ્રામઃ ॥૨૪॥*

**પૂર્વછાયો :**

ઝીંઝાવદર જવા નીસર્યા, સંત પાર્ષદ લૈ સંતનાથ;
અલૈયો ખાચર એ સમે, હતા શ્રીઘનશામની સાથ. ૧

**ચોપાઈ :**

ગિરિધર ગઢપુરથી સિધાવ્યા, ઉગામેડીયે ઈશ્વર આવ્યા;
ગામથી દિશા પશ્ચિમમાંય, એક વાવ્ય છે સુંદર ત્યાંય. ૨
નાથે ત્યાં ઉતરી પીધું નીર, ગયા નિંગાળે શામ શરીર;
ગયા કેરિયે કરુણાનિધાન, દેવા દૈવીને દર્શનદાન. ૩
નારાયણજી પટેલની વાડી, દીઠી ગિરિધરે ગામ અગાડી;
દીઠો તે વિષે બાવળ સારો, કૃષ્ણે ત્યાં જઇ કીધો ઉતારો. ૪
ભક્ત ભગુ પટેલ ત્યાં આવ્યા, કાના સોળંકીને સાથે લાવ્યા;
મૂક્યું શ્રીફળ શ્રીહરિ પાસે, દંડવત કરીયા બેય દાસે. ૫
વાલે તે તો શ્રીફળ વધેરાવ્યું, ટોપરું તેહમાંથી કઢાવ્યું;
કટકા તો તેના ઘણા કીધા, દાસ સર્વને તે વેં'ચી દીધા. ૬
વેં'ચતાં વેં'ચતાં વધ્યા જેહ, ફેંકી દીધા ખેતર માંહી તેહ;
કહ્યું જે આ પ્રસાદીને ખાશે, તેહ પ્રાણીનું કલ્યાણ થાશે. ૭
ત્યાંથી ચાલિયા તે જ દહાડે, ગયા ઝીંઝાવદરને સિમાડે;
દીઠો બાવો દિગંબર એક, બેઠો ધ્યાન કરી ધરી ટેક. ૮
દિસે પગ પદમાસન વાળ્યું, પાસે વસ્ત્ર કે પાત્ર ન ભાળ્યું;
આંખ્યો મીંચીને બેઠેલો એહ, જટાધારી મહાજોગી તેહ. ૯





બીજા સૌ જોઇને ચાલ્યા ગયા, પણ અલૈયો પાછળ રહ્યા;
જોગી સત્ય છે કે ઢોંગધારી, તેની કરવા પરીક્ષા વિચારી. ૧૦
એક મિત્રને સંઘાતે લૈને, જોગીને પગે લાગિયા જૈને;
બાવો બોલાવતાં નવ બોલે, રહે અક્કડ આંખ્ય ન ખોલે. ૧૧
અલૈયે ત્યાં કહ્યું અહો મિત્ર, મોટા જોગી આ પરમ પવિત્ર;
નથી જોતા તે ધ્યાનથી જાગી, અવધૂત આ તો મહાત્યાગી. ૧૨
ભાઇ માનતા છે એક મારે, આવા જોગી મળે કોઇ જ્યારે;
રુપૈયા પાંચ તેહને દેવા, મળ્યા આજ મહાજોગી તેવા. ૧૩
હોય તુંબડી તો ધરું તેમાં, હોય અંચળો[૧] તો બાંધુ એમાં;
હોત ચેલો કે સેવક સાથે, તો હું સોંપત તેહને હાથે. ૧૪
મુકી આગળ કેમ જવાય, કોણ જાણે કોઇ લઇ જાય;
ખખડાવ્યા રુપૈયા તે જ્યારે, બાવે મુખ પોળું કર્યું ત્યારે. ૧૫
ત્યારે જોગીનો ઢોંગ તે જાણ્યો, પૂરો પાખંડી કપટી પ્રમાણ્યો;
ધૂળ લૈ તેના મુખ માંહી ધારી, વળી ગાલ ઊપર લાત મારી. ૧૬
પછી પંથે પોતે પરવરી, કૃષ્ણ આગળ જૈ વાત કરી;
ત્યારે બોલ્યા મહાપ્રભુ ત્યાંય, સાચા સંત છે સતસંગમાંય. ૧૭
બીજે પાખંડિનો પરિવાર, જુઓ શોધી સકળ સંસાર;
રહે નગ્ન ને ફળ પત્ર ખાય, તોય તૃષ્ણાને પૂરે તણાય. ૧૮

**તૃષ્ણા વિષે : ઉપજાતિવૃત્ત :**

તૃષ્ણાનદી નીર અગાધ દિસે, પ્રવાહ એનો પ્રબળો અતીશે;
જે તત્ત્વવેત્તા પણ તે તણાય, તૃષ્ણા તણું જોર કહ્યું ન જાય. ૧૯
સંસાર છોડી જન થાય ત્યાગી, રુડો દિસે કૃષ્ણપદાનુરાગી;



૧.વસ્ત્ર

તથાપિ તેને નડવા ચહાય, તૃષ્ણા તણું જોર કહ્યું ન જાય. ૨૦
મહાઋષી સૌભરી તેહ ભૂલ્યા, તૃષ્ણા વિષે નારદ તુલ્ય ડૂલ્યા;
તો જીવની શી ગણતી ગણાય, તૃષ્ણા તણું જોર કહ્યું ન જાય. ૨૧
પંચેન્દ્રિયોના વિષયો કહ્યા છે, તે સર્વ તો દ્રવ્ય વિષે રહ્યા છે;
તેથી જ તૃષ્ણા ધનની ધરાય, તૃષ્ણા તણું જોર કહ્યું ન જાય. ૨૨
જોગી જતિ પંડિત જે પ્રમાણો, વિશેષ જેને જગમાં વખાણો;
તૃષ્ણા થકી નિર્બળ છે બધાય, તૃષ્ણા તણું જોર કહ્યું ન જાય. ૨૩
બુઢાપણે નિર્બળ દેહ દિસે, આહાર ને જોર ઘટે અતીશે;
જો ચાવતાં અન્ન નહીં ચવાય, તૃષ્ણા તણું જોર કહ્યું ન જાય. ૨૪
ધનેશ તુલ્યે ધન કોઇ પામે, તથાપિ તૃષ્ણા નહિ રે વિરામે;
ઘણા ઘણાથી જ ઘણું ચહાય, તૃષ્ણા તણું જોર કહ્યું ન જાય. ૨૫
દેહાદિ જો સર્વ અસત્ય જાણે, આશા સુખો અક્ષયની જ આણે;
સંતો તણા સદ્‌ગુણ લૈ સદાય, પ્રભુ પ્રતાપે તૃષણા જીતાય. ૨૬

**ચોપાઈ :**

કહે શ્રીજી સુણો સહુ સંત, સતસંગી સુણો બુદ્ધિમંત;
મારી મૂર્તિમાં કરી અનુરાગ, કરજો તમે તૃષ્ણાનો ત્યાગ. ૨૭
એવી વાત કરી સહુ સાથ, ઝીંઝાવદરમાં ગયા નાથ;
અલૈયા તણા દરબારમાંય, બેઠા ઢોલિયા ઉપર ત્યાંય. ૨૮
સભા શામની પાસે ભરાઇ, યથાયોગ્ય બેઠાં બાઇ ભાઇ;
વાલે વાત કરી ભલી એવી, છેદે સંશય સર્વના તેવી. ૨૯
કર્યો વર્ણી મુકુંદે ત્યાં થાળ, જમ્યા જુક્તિથી જનપ્રતિપાળ;
પછી પોઢ્યા પ્રભુજી પલંગે, મુનિવર સેવે ચરણ ઉમંગે. ૩૦





એક દિલ્હીનો પઠાણ[1] હતો, આવ્યો ત્યાં તે જુનેગઢ જતો;
ઝીંઝાવદરની હદમાંય, પેસતાં પામ્યો આનંદ ત્યાંય. ૩૧
દીઠું તેજ અલૌકી અપાર, નોતું દીઠું એવું કોઇ ઠાર;
મટ્યા મનમાંથી સંકલ્પ ઘાટ, મટ્યા સર્વ પ્રકારે ઉચાટ. ૩૨
જોયું ચિત્તે વિચાર કરીને, જઇ આવ્યો હું મક્કે[2] મદીને;
પણ શાંતિ જેવી થઇ આંહી, એવી તો થઇ શાંતિ ન ક્યાંહી. ૩૩
એથી નિશ્ચય થાય છે આમ, કોઇ ઓલિયા છે એહ ઠામ;
મળ્યો એક પુરુષ એહ ટાણે, તેને પ્રીતથી પૂછ્યું પઠાણે. ૩૪
કોઇ ઓલિયા આ ગામમાં છે ? હોય તો કહો તે વળી ક્યાં છે ?
ત્યારે તે કહે ઓલિયા જેવો, એક બાવો ચોરામાં છે એવો. ૩૫
સુણી રાજી પઠાણ તે થયો, જોવા બાવાને ચોરામાં ગયો;
મળ્યા અલૈયો ત્યાં ચોરા બા'ર, તેને પૂછ્યું પઠાણે તે વાર. ૩૬
આંહી ઓલિયા છે એક બાવો, કહો ક્યાં છે તે મુજને બતાવો ?
અલૈયે તેની આગળ થૈને, ત્યાંનો બાવો બતાવિયો જૈને. ૩૭
બાવો બેઠો હોકો પીતો હતો, ભુંડા શબ્દ મુખેથી ભાખતો;
અલૈયાને કહ્યું તે પઠાણે, આને ઓલિયો કોણ પ્રમાણે. ૩૮
પછી અલૈયો આપ નિવાસ, તેને તેડી ગયા પ્રભુ પાસ;
ત્યાં તો તેહને સમાધિ થઇ, કેવું દીઠું સમાધિમાં જઇ. ૩૯
દીઠા ઓલિયા અગણિત એણે, ઘણા દીઠા પેગાંબર તેણે;
સર્વ શ્રીહરિની સ્તુતિ કરે, કરે આજ્ઞા તે અંતરે ધરે. ૪૦
જોઇ જાગ્યો સમાધિથી જ્યારે, કરી કૃષ્ણની બંદગી ત્યારે;
પેગંબર[3]ના પેગંબર આપ, એવો જાણ્યો મેં આપ પ્રતાપ. ૪૧



૧.મુસલમાનની જાત ૨.અરબસ્તાનમાં આવેલ મુસલમાનોનું તીર્થસ્થાન ૩.અવતારી પુરુષ

મારે એવી ઉમેદ છે ઊર, હમેશાં રહું આપ હજૂર;
સુણી બોલ્યા શ્રીજી સાક્ષાત, કરે હરકત તમને નાત્ય. ૪૨
જુનેગઢ જાઓ માની અમારું, અમે કલ્યાણ કરશું તમારું;
એવું સાંભળી તે રાજી થયો, પગે લાગી જુનેગઢ ગયો. ૪૩
સુણો ભૂપ કહે બ્રહ્મચારી, કરે એવાં ચરિત્ર મુરારી;
કરે ક્યારેક દિવ્ય ચરિત્ર, ક્યારે માનુષી લીળા વિચિત્ર. ૪૪
તે ચરિત્રના ગ્રંથ ગુંથાય, વૈકુંઠાદિક માંહી વંચાય;
મહા અક્ષરધામના મુક્ત, કહે સાંભળે સ્નેહસંયુક્ત. ૪૫
ઝીંઝાવદરમાં રહી હરી, લીળા માનુષી જે એક કરી;
તે હું તમને સુણાવું છું આજ, સુણો સ્નેહે અભેસિંહ રાજ. ૪૬
હતો એહ સમે ઉષ્ણ કાળ, તપે તાપ અતિ વિકરાળ;
ત્યારે સર્વે સખા લઈ સાથ, કૂવે નાવા પધારિયા નાથ. ૪૭
જાણો ખાચર જે જેઠસૂર, અતિ ભક્તિ ભલી એને ઊર;
ભલો ભક્ત અલૈયોયે એવો, ત્રીજો માંતરો ધાધલ તેવો. ૪૮
નાજો જોગિયો જોગિયો રામ, એક ખાચર અમરો નામ;
લાધો ટાંક ને સોલંકી બાવો, ભગા દોશિ ભલા ઉર લાવો. ૪૯
એહ આદિ ઘણા સખા સાથ, લૈને ચાલિયા નટવર નાથ;
ગયા ગામથી ઉત્તરમાંય, કુવો છે તેરકોશિયો ત્યાંય. ૫૦
મોટો વડ છે કુવાને કિનારે, ચડ્યા તે પર સૌ તેહ વારે;
ખેલ આંબળી પીંપળી કેરો, ઘનશામ રમ્યા તે ઘણેરો. ૫૧
વડ ડાળ ઝાલી બહુ વાર, માર્યા ધૂબકા કૂપ મોઝાર;
સખા સંગે રમે અવિનાશ, જુવે અમર રહીને આકાશ. ૫૨





કહે મુનિજન જયજયકાર, લીળા નિરખીને હરખે અપાર;
પછી વાજતે ગાજતે વાલો, ગયા ગામમાં ધર્મનો લાલો. ૫૩
કરે એવાં ચરિત્ર અથાગ, જેણે જોયાં તેનાં બડભાગ્ય;
ઝીંઝાવદરમાં અવિનાશ, કેટલાક દિવસ કર્યો વાસ. ૫૪
બીજા ગામોમાં ફરવાનું ધારી, ત્યાંથી ચાલવા કીધી તૈયારી;
તેડી લૈ જવા નિજ નિજ ગામ, ભક્તો તાણ કરે તેહ ઠામ. ૫૫
ભાળે જેહનો ભાવ વિશેષ, પ્રેમે ત્યાં પધારે પરમેશ;
માવનો નિરખી મહિમાય, સતસંગી ઘણા જન થાય. ૫૬

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજપદ રજ ધારી મેઘશામ, તિરથ અનેક કર્યા જ ઠામ ઠામ;
અધરમ તણું થાણું તે ઉઠાવ્યું, કળિજુગનું નહિ કાંઈ જોર ફાવ્યું. ૫૭

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિઝીંઝાવદર-વિચરણનામા પંચવિંશો વિશ્રામઃ ॥૨૫॥***

**પૂર્વછાયો :**

ઝીંઝાવદરથી ઝટ ગયા, કારિયાણીયે કરુણાનાથ;
સામા આવી સનમાન કીધું, સૌ સતસંગી સાથ. ૧

**ચોપાઈ :**

વસ્તાખાચરનો દરબાર, કર્યો પાવન પ્રાણઆધાર;
કહે વર્ણી સુણો રુડા રાજ, હરિમંદિર છે જહાં આજ. ૨
નામે અક્ષરઓરડી ત્યાંય, પ્રભુ ઉતર્યા એ સ્થળમાંય;
થોડા દિવસ નિવાસ ઠરાવ્યો, તહાં કૂપ નવીન કરાવ્યો. ૩

તેમાં પાણી પ્રથમ આવ્યું જ્યારે, મુકુંદાનંદ વર્ણીયે ત્યારે;
લૈને નિર્મળ તે ભલું નીર, નવરાવિયા શામ શરીર. ૪
ચુનાબંધ કુંડીમાં બિરાજી, નાયા શ્રીહરિ થૈ રુદે રાજી;
પ્રભુયે કૂપજળ કર્યું પાન, દીધું સૌને પાદોદક દાન. ૫
નીર વર્ણીયે કૂપમાં નાંખ્યું, ભગવાને ત્યારે એમ ભાખ્યું;
આનું પાણી પીધે મોક્ષ થાશે, મોક્ષકૂપ માટે કહેવાશે. ૬
પછી ગાયત્રીનું પૂરશ્ચરણ, કરાવાને ધાર્યું સુખકરણ;
ઘણા વેદિયા વિપ્ર તેડાવ્યા, માવે ગાયત્રીમંત્ર જપાવ્યા. ૭
વસ્તાખાચરના ઓરડા છે, સારા પૂર્વમુખે શોભિતા છે;
એની આગળ કુંડ રચાવ્યો, વેદમંત્રથી હોમ કરાવ્યો. ૮
વાલે ત્યાં ઘણા વિપ્ર જમાડ્યા, દાન દૈને સંતોષ પમાડ્યા;
લીંબડો ચોક મધ્યે છે જ્યાંય, સભા ભરતા મહાપ્રભુ ત્યાંય. ૯
ત્યાં છે ઓરડા આગળ ઓટો, એનો છે મહિમા બહુ મોટો;
બેસતા તે ઊપર બહુનામી, અક્ષરાધીશ અંતરજામી. ૧૦
રામાનંદ સ્વામી જ્યારે હતા, એ જ ઓટા ઊપર બેસતાં;
તહાં જાય છે સંઘ સમાજ, એહ ઓટાને પૂજે છે આજ. ૧૧
ઝાઝીવાર આવી એહ ગામ, ઘણી લીળા કરી ઘનશામ;
કૃપાનાથે વાતો કરી જેહ, લખ્યાં છે વચનામૃત તેહ. ૧૨
કર્યું ત્યાંથી પ્રયાણ કૃપાળ, લાઠીદડ ગયા ધર્મનો લાલ;
ગામથી પૂર્વ ખીજડો ખાસો, વશ્યા બે ઘડી ત્યાં હરિ વાસો. ૧૩
સૌને દર્શન દૈ તેહ ઠામ, ગયા સારંગપુર ઘનશામ;
જીવાખાચરને દરબાર, ઉતર્યા જઈ જગદાધાર. ૧૪





ઉત્તરાભિમુખે ઓરડો છે, ભગવાનને યોગ્ય ભલો છે;
સભા ત્યાં સજી શ્રીઘનશામે, કર્યા પ્રશ્ન ઉત્તર એહ ઠામે. ૧૫
જમ્યા સંત જમ્યા હરિ થાળ, એમ કરતાં થયો સંધ્યાકાળ;
સતસંગીયો સ્નેહ ધરીને, આવ્યા નોતરાં દેવા હરિને. ૧૬
વારા કેડે વારો જો ઠરાવે, માસ પાંચમાં પાર ન આવે;
ત્રિભુવનપતિ બોલિયા ત્યારે, ઉતાવળ છે જવાની અમારે. ૧૭
ઝાઝા દિવસ નહીં રહેવાય, કહું તે કરો એક ઉપાય;
કાલે વિપ્ર પવિત્ર બોલાવો, ઘેર ઘેર રસોઈ કરાવો. ૧૮
અમે આવશું સર્વને ઘેર, જમશું અતિ ઉત્તમપેર;
સુણી વાત તે સર્વને ભાવી, ઘેર ઘેર રસોઈ કરાવી. ૧૯
જમવાની વેળા થઈ જ્યારે, ઘેર ઘેર ગયા હરિ ત્યારે;
કર્યા કૃષ્ણે ત્યાં રૂપ અનંત, થયા પોતે જ સાથેના સંત. ૨૦
નિજ નિજ મન સૌ એમ જાણે, આવ્યા છે મુજ ઘેર આ ટાણે;
જીવાખાચર કેરે નિવાસ, જમ્યા એ જ રીતે અવિનાશ. ૨૧
વળી ખાચર મુળુ ને વસ્તો, જેણે જાણ્યો સુધર્મનો રસ્તો;
સુરોખાચર ને દેવદાસ, જમ્યા શ્રીહરિ સૌને નિવાસ. ૨૨
જમ્યા રાઠોડ ધાધલ ધામ, બીજા માંતરો ધાધલ નામ;
બોઘો શેઠ તથા શેઠ કમો, જીવરાજ શેઠે કહ્યું જમો. ૨૩
રાજગર લીલાધર સરિયાણ, રાજગર ત્રીજો ઘેલો સુજાણ;
નારાયણ નામે એક પટેલ, જેને વાલા છે છબીલો છેલ. ૨૪
ભગવાન ને હીરો મેરાઈ, ભલો સુતાર ગોપાળભાઈ;
ભરવાડ હરિભક્ત હાજો, જેનો પ્રેમ પ્રભુપદે ઝાઝો. ૨૫

એહ આદિક ભક્ત અનંત, સૌને ભવન જમ્યા ભગવંત;
કર્યું એવું ચરિત્ર પવિત્ર, કળિ કોય શકે ન વિચિત્ર. ૨૬
થઇ વાત પ્રસિદ્ધ તે જ્યારે, પામ્યા અચરજ પુરજન ત્યારે;
નિશ્ચે જાણિયા જગદાધાર, આવ્યા વંદન કરવા અપાર. ૨૭
ધર્મ ધારવાની રુચિ જાણી, પ્રભુયે ત્યાં મગાવિયું પાણી;
એકે એકે તો પાર ન આવે, માટે શી રીતે નિયમ ધરાવે. ૨૮
ત્યારે સર્વને છાંટિયું પાણી, નિજવદને વદ્યા એવી વાણી;
ઉડે આ જળનો છાંટો અંગ, જાણો તેણે લીધો સતસંગ. ૨૯
પ્રીતે પાળજો નિયમ અમારા, અમે ટાળશું દોષ તમારા;
સુખ પામશો સર્વ આ ઠામ, અંતે પામશો અક્ષરધામ. ૩૦
સુણી હરખ્યા તે લોક તમામ, પ્રેમે પ્રભુજીને કીધા પ્રણામ;
લખો નામે પટેલિયો એક, જેને ચિત્તે વિશેષ વિવેક. ૩૧
અતિ વૃદ્ધ હતી તેની માય, તેના ઉપર આવી દયાય;
જાણ્યું એનું કલ્યાણ કરાવું, પ્રભુની પાસે નિયમ ધરાવું. ૩૨
પછી તે પ્રભુ આગળ આવ્યો, કહ્યું ડોશીને નિયમ ધરાવો;
ત્યારે ડોશીને ઝાલીને હાથે, નિજ નિયમ ધરાવિયાં નાથે. ૩૩
ડોશી સમજી નહીં કાંઇ જ્યારે, શું કહો છો બોલી એમ ત્યારે;
સુણી બોલિયા શામ સુજાણ, ડોશી થાશે તમારું કલ્યાણ. ૩૪
સારું ભા કહી ગૈ ડોશી ઘેર, ત્રણ દિવસ ગયા એવી પેર;
દીધાં દર્શન શ્રીમહારાજે, કહ્યું તેડવા આવશું આજે. ૩૫
ડોશીયે સુતને કહી વાત, આજ ખેતર જૈશ ન ભ્રાત;
આજ ધામમાં જાવું છે મારે, પ્રભુ તેડવા આવશે ત્યારે. ૩૬





દિવ્યરૂપે આવ્યા વૃષલાલ, કૈંકે દૃષ્ટિયે દીઠા દયાળ;
ડોશીને ધામમાં લઇ ગયા, પુરવાસિયો વિસ્મિત થયા. ૩૭
એવાં કીધાં ચરિત્ર અનંત, ગાય સુવ્રત આદિક સંત;
આ સમે જે જણાવ્યો પ્રતાપ, એ તો અકળિત છે ને અમાપ. ૩૮

**પૂર્વછાયો :**

સારંગપુર થકી શ્રીહરિ, ચાલ્યા સંત સખા લઇ સાથ;
અળાઉ આદિક ગામ ફરતા, નાગડકે ગયા નાથ. ૩૯

**ચોપાઈ :**

સૂરાખાચરને દરબાર, ઉતર્યા જઇ પ્રાણ આધાર;
ભૂપપત્ની ભલી શાંતિબાઇ, ભલા નાયો ને હાથીયો ભાઇ. ૪૦
એક માણશિયો બીજો કાળો, ભલા નાયાના બે સુત ભાળો;
હાથિયા તણા ડોસો ને રાણો, સુરાનો સુત નાથો પ્રમાણો. ૪૧
એહ આદિક સૌ પરિવાર, સજી સેવા પુરો ધરી પ્યારા;
મહારાજ તહાં રહ્યા રાત, પછી પરવર્યા પ્રગટે પ્રભાત. ૪૨
ભેંસજાળ ગયા ભગવાન, દીધું દાસોને દર્શનદાન;
કાયોભાઇ ઝુણોભાઇ સજો, જેણે અધરમનો મત તજ્યો. ૪૩
સૌએ સેવા સજી શુભ રીતે, પૂજ્યા નાથને પૂરણ પ્રીતે;
ત્યાંથી લોયે ગયા ધર્મલાલ, જગદીશ્વર જનપ્રતિપાળ. ૪૪
સતસંગી ત્યાં સંઘો પટેલ, એહ આદિ સેવામાં આવેલ;
બહુ રાખી તેણે બરદાશ, તેમાં કાંઇ ન દિસે કચાશ. ૪૫
ત્યાંથી ફરતા બીજે ગામ સ્વામી, ગયા બોટાદમાં બહુનામી;
સામા સૌ સતસંગીયો આવ્યા, વાજતે ગાજતે પધરાવ્યા. ૪૬

દાહાખાચરને દરબાર, ઉતર્યા જઈ વિશ્વઆધાર;
ભગો દોશી તથા શેઠ હીરો, શેઠ વસ્તો ગણાય ગંભીરો. ૪૭
શેઠ કેશવજી મુળચંદ, તેને વાલા શ્રીસહજાનંદ;
ચકુ ને કરશન વડોદરિયા, જેણે ધર્મતનુજ ઉર ધરિયા. ૪૮
શીવો જોશી તથા મોનો જોશી, તેની બેન રાધાબાઈ ડોશી;
એહઆદિક સૌ સતસંગી, મળી માવને સેવ્યા ઉમંગી. ૪૯
એક અવસરે શામ સુજાણે, ઉષ્ણકાળ જાણી એહ ટાણે;
સંત પાર્ષદ સૌ સાથે લૈને, દાહાખાચરને બાગે જૈને. ૫૦
નાયા વડિયે કુવે અવિનાશ, જમ્યા તે સ્થળે પીપળા પાસ;
પોતે સંતને પિરસી જમાડ્યા, પાર્ષદને સંતોષ પમાડ્યા. ૫૧
બેઠા ઢોલિયે ધર્મકુમાર, મોનો પંડ્યો આવ્યા તેહ વાર;
વાલે કરવાને હાસ વિલાસ, ટીપણું જોવરાવ્યું તે પાસ. ૫૨
ગ્રહ સર્વ છે કિંકર જેના, જોયા જોષીજીએ ગ્રહ તેના;
થોડો દિવસ રહ્યો પછી જ્યારે, સખા અસ્વાર લૈ સાથે ત્યારે. ૫૩
શામ નીકળ્યા સીમમાં ફરવા, મિત્રતા કરીને મન હરવા;
હતા હમીરખાચર સાથ, તેના દરબારમાં ગયા નાથ. ૫૪
તેણે સેવા સજી સારી રીતે, પૂજ્યા શ્રીપરમેશ્વર પ્રીતે;
રહ્યા બોટાદમાં દિન બેય, ઘણે ઘેર ફર્યા હરિ છેય. ૫૫
કોઈયે પધરામણી કરી, કોઈયે જમવા તેડ્યા હરિ;
કર્યું એ રીતે પાવન ગામ, પછી ત્યાંથી ચાલ્યા ઘનશામ. ૫૬
સંગે લૈ સર્વ સંતનો સાથ, ગયા નાગલપર મુનિનાથ;
વસ્તા ધાધલને દરબાર, ઉતર્યા જઈ ધર્મકુમાર. ૫૭





હતો શેઠ શગાળશા નામે, આવ્યો શ્રીહરિ પાસ તે ઠામે;
તેને શ્રીહરિયે કરી વાત, તમે છો ભગા દોશીની નાત. ૫૮
તે તો શિષ્ય અમારા છે જ્યારે, તમે કેમ નથી થતા ત્યારે ?
કહે શેઠ અહો પ્રભુ પ્યારા, અમે પણ છૈયે શિષ્ય તમારા. ૫૯
ત્યાં તો આવ્યા વીરો રાજગર, કહ્યું પુનીત કરો મુજ ઘર;
સુણીને કહ્યું શામ સુજાણે, આવશું ફરીને કોઈ ટાણે. ૬૦
હમણાં તો છે તરત જવાનું, નથી આ સમે ખોટી થવાનું;
એમ કહીને જમ્યા તહાં થાળ, ગયા ઝોટીંગડે જનપાળ. ૬૧
ત્યાં છે પાદરમાં હનુમાન, પીંપર્યો ને કુવો તેહ સ્થાન;
રહીને ત્યાં કૂપોદક પીધું, શેષ નીર કુવે રેડી દીધું. ૬૨
કરી એક ઘડી ત્યાં વિરામ, ગયા નાથ ગોરડકે ગામ;
સર્વ સંતસહિત ભગવાન, કર્યું કેરી નદી માંહિ સ્નાન. ૬૩
ગયા ગઢપુરમાં ગિરિધારી, નિરખી હરખ્યાં નરનારી;
બ્રહ્મચારી કહે હે ભૂપાળ, થઈ ચોસઠની પુરી સાલ. ૬૪
કથા સંક્ષેપમાં તેની કહી, આવે વિસ્તારમાં પાર નહીં;
હવે પાંસઠ્યની સાલ તણી, લીળા સંક્ષેપથી કહું ગણી. ૬૫

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

રઘુવરપદ વાનરે જ સેવ્યા, વ્રજપતિ સેવક ગોપ ગોપી જેવા;
વૃષસુત પદહેતુ પૂર્ણ કીધું, અતિ સુખ કાઠીજને જ આજ લીધું. ૬૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકાઠિયાવાડ-વિચરણનામા ષડ્વિંશો વિશ્રામઃ ॥૨૬॥*

**પૂર્વછાયો :**

લીળા પાંસઠની સાલની, કહું સંક્ષેપથી સુણો રાય;
રથજાત્રા ગઢપુર રહી, કરી બેસતે વરષે ત્યાંય. ૧

**ચોપાઈ :**

દેવપોઢણીનો દિન આવ્યો, ત્યારે ઉત્સવ સરસ કરાવ્યો;
કૃષ્ણજન્માષ્ટમી આવી જ્યારે, થયો સારો સમૈયો તે વારે. ૨
હવે પામી કથાનો પ્રસંગ, કહું એક કથા તણું અંગ;
ગુણવંતુ પાડાસણ ગામ, સરતાનજી ભૂપ તે ઠામ. ૩
વડાળી ગામના મેઘોભાઇ, જેઠીભાઇ ખાંભા ગામ માંઇ;
કહું ગામ છે ક્રાંકશિયાળી, હકાભાઇની ત્યાં સ્થિતિ ભાળી. ૪
દૈવી જીવ સગા સ્નેહી ચારે, નિજ કલ્યાણ કરવાનું ધારે;
ક્યાંઇ સાંભળે સદ્‌ગુરુ વાસ, કરે ત્યાં જઇ તેનો તપાસ. ૫
સ્વરૂપાનંદ સદ્‌ગુરુ જેહ, પાડાસણમાં પધારિયા તેહ;
સરતાનજીયે સુણી વાત, કર્યાં દર્શન જઇ સાક્ષાત. ૬
દીઠા અદ્‌ભુત ત્યાગી વૈરાગી, અહોનિશ પ્રભુપદ અનુરાગી;
તજે નારીને અષ્ટ પ્રકારે, ધન ધૂળ બરાબર ધારે. ૭
અતિ નિઃસ્વાદી ને નિરમાની, ગુણવંત તપસ્વીને જ્ઞાની;
જાણ્યા શુક સનકાદિ જેવા, અન્ય ક્યાંઇ સુણ્યા નહીં એવા. ૮
પછી વિચારીને મનમાંય, ત્રણે મિત્રને તેડાવ્યા ત્યાંય;
મળી ચારે ગયા સંત પાસ, સાંભળ્યો શુભ જ્ઞાનવિલાસ. ૯
પછી પૂછ્યું પગે શિર નામી, ક્યાંથી આવ્યા છો સદ્‌ગુરુ સ્વામી ?
દિસો છો શુક નારદ જેવા, આવ્યા છો આંહી દર્શન દેવા. ૧૦





અમે જોયું ઘણા તીર્થમાંઇ, તમ જેવા દીઠા નહિ ક્યાંઇ;
સંપ્રદાય ચાર બાવન દ્વારા, તેમાં કોણ ગુરૂ છે તમારા ? ૧૧
સુણીને બોલ્યા સ્વરૂપાનંદ, સુણો શુભમતિ સદ્‌ગુણકંદ;
ભલા સર્વ મુમુક્ષુ છો ભ્રાત, માટે કહું છું જથારથ વાત. ૧૨
જે છે અક્ષરધામના ધામી, બળવંત પ્રભુ બહુનામી;
જે છે સર્વોપરી સુખકારી, સર્વ અવતારના અવતારી. ૧૩
તેણે કળિમળ કાપવા કાજ, અવતાર ધર્યો અહીં આજ;
તેનું સ્વામિનારાયણ નામ, એને ભજીયે અમે આઠે જામ. ૧૪
અમે શિષ્ય સાધુ એના છૈયે, દૈવી જીવને ઉપદેશ દૈયે;
સુણી સરતાનજી બોલ્યા ત્યાંય, તે છે સ્વામિનારાયણ ક્યાંય ? ૧૫
તેનું ઠામ ઠેકાણું બતાવો, દયાસિંધુ દયા દિલે લાવો;
જેના શિષ્ય જોગી તમ જેવા, હશે સ્વામિનારાયણ કેવા ! ૧૬
બોલ્યા સંત તે વાત વખાણું,કહું સ્વામીનું ઠામ ઠેકાણું;
થાય શાસ્ત્ર તણો શોધ જ્યાંય, વસે સ્વામિનારાયણ ત્યાંય. ૧૭

**સ્વામિનારાયણ ક્યાં રહે છે તે વિષે : ઉપજાતિવૃત્ત :**

જ્યાં શાસ્ત્રનો શોધ સદૈવ થાય, વેદાંતનાં ભાષ્ય ભલાં ભણાય;
સર્વે સુણી સદ્‌ગુણ સંગ્રહે છે, શ્રીસ્વામિનારાયણ ત્યાં રહે છે. ૧૮
જ્યાં જ્ઞાનનો થાય અખંડ યજ્ઞ, ધ્યાની રહે ધ્યાન વિષે નિમગ્ન;
જ્યાં દોષરૂપી સમિધો દહે છે, શ્રીસ્વામિનારાયણ ત્યાં રહે છે. ૧૯
સમાધિમાં લોક અસંખ્ય જાય, ને ઊપરાઊપર ગંજ થાય;
ગોલોકને તે નિરખી લહે છે, શ્રી સ્વામિનારાયણ ત્યાં રહે છે. ૨૦
સંસારથી નિત્ય ઉદાસી સંત, જ્યાં જ્ઞાનદાતા જનને અનંત;

માનાપમાનો સઘળાં સહે છે, શ્રીસ્વામિનારાયણ ત્યાં રહે છે. ૨૧
જ્યાં કોઇ કાળે વ્યસનો ન થાય, જ્યાં કામ કે ક્રોધ કદી ન જાય;
સદ્ધર્મને સૌ ચિતમાં ચહે છે, શ્રીસ્વામિનારાયણ ત્યાં રહે છે. ૨૨
જે પ્રાપ્તિ ઈન્દ્રાદિક દેવ ઈચ્છે, જે દુર્લભ પ્રાપ્તિ શિવે ગણી છે;
તે પ્રાપ્તિ લોકો સહેજે લહે છે, શ્રીસ્વામિનારાયણ ત્યાં રહે છે. ૨૩
જે જે દિસે સંશય શૈલ ભારી, તે સર્વને જ્યાં ઝટ તોડનારી;
ઉન્મત્તગંગા શ્રુતિની વહે છે, શ્રીસ્વામિનારાયણ ત્યાં રહે છે. ૨૪
નિર્ભાગી જે દુર્ગપુરે ન જાય, વસે જહાં નિર્ભય[1] નામ રાય;
ગોલોકતુલ્યે કવિયો કહે છે, શ્રીસ્વામિનારાયણ ત્યાં રહે છે. ૨૫

**ચોપાઇ :**

એવું ચાર જણે સુણી લીધું, સંતને પદે વંદન કીધું;
કરી ત્યાંથી પ્રયાણ સિધાવ્યા, ચારે મિત્ર દુરગપુર આવ્યા. ૨૬
ગંગા ઉન્મત્ત ત્યાં જોઇ કેવી, અવનીશ સુણો કહું એવી;
અતિ ઉત્તમ જળ જોયું એમાં, તત્ત્વ તીરથ સર્વેનું તેમાં. ૨૭

**ઇન્દ્રવંશાવૃત્ત :**

ઉન્મત્તગંગા પય શુદ્ધ પેખિયાં, તેને વિષે તીર્થ સમસ્ત લેખિયાં;
પ્રસિદ્ધ તે પૂર્વમુખે પ્રવાહ છે, અપૂર્વ એનો મહિમા અથાહ છે. ૨૮
ઉન્મત્તતાથી ધ્વનિ ધારતી રહે, જાણે જનોને સ્વરથી સદા કહે;
જો મોક્ષઈચ્છા મનમાં જનો ધરો, તો સ્નાન આવી મુજમાં તમે કરો. ૨૯
સંતો તહાં સ્નાન સુખે સદા કરે, સુવર્ણ કુંભે જળ જોષિતા[2] ભરે;
કલ્લોલ પક્ષી તટમાં કરે બહુ, જાણે પ્રભુના જશ ગાય છે સહુ. ૩૦
તેને તટે દુર્ગપુરી દીઠી ભલી, એના સમી તો પુરી એ જ એકલી;



૧.એભલ ખાચર ૨.સ્ત્રીઓ



છે કાશિ કાંચી[1] મથુરાં દુવારિકા, કોઇ ન એવી ઝટ મોક્ષકારિકા. ૩૧
દેવાલયોનાં શિખરો દિસે ઘણાં, તે જાણિયે છે શિખરો ગિરી તણાં;
તેને શિરે કાંચન કુંભ દેખિયા, સંપૂર્ણ તે શુદ્ધ શશાંક લેખિયા. ૩૨
શ્રીમંત લોકો સઘળા વસે તહાં, કુસંપ કે ક્લેશ દિસે નહીં જહાં;
વિચિત્ર છે વૈભવ તો વિશેષ ત્યાં, નિવાસ ઈચ્છે સુર ને સુરેશ જ્યાં. ૩૩
વિદ્વાન વિપ્રો અતિશે અગર્વ છે, ક્ષત્રિ તહાંના શૂરવીર સર્વ છે;
વેપારી મોટા બહુ વૈશ્ય ત્યાં રહે, સેવા સદા શુદ્ર ત્રિવર્ણની ચહે. ૩૪
ભલો દીઠો જૈ દરબાર ભૂપનો, સુરેશના સૌધ[2] સમ સ્વરૂપનો;
સંપૂર્ણ જ્યાં છે સુખભોગ સંપદા, શ્રીસ્વામિનારાયણ ત્યાં વસે સદા. ૩૫

**ચોપાઇ :**

પ્રભુને નિરખ્યા કરી પ્રીત, દીઠી સર્વ અલૌકિક રીત;
સ્વરૂપાનંદસ્વામી સમાન, દીઠા સંત અસંખ્ય તે સ્થાન. ૩૬
કોઇ શ્રીજી તણું ધરે ધ્યાન, કરે કોઇ તેના ગુણગાન;
કોઇ તો હરિરૂપ નિહાળે, જેમ ચંદ્રને ચકોર ભાળે. ૩૭
સભામાં પ્રશ્ન ઉત્તર થાય, સુણી સંશય સૌના છેદાય;
ઘણા જણને સમાધિ થયેલી, રાખ્યા ઉપરાઉપર મેલી. ૩૮
એવો પેખીને પ્રૌઢ પ્રતાપ, જાણ્યા ઈશ્વર છે આપોઆપ;
કરી વંદન વારમવાર, સતસંગી થયા મિત્ર ચાર. ૩૯
અહો ભૂપ એવાં આખ્યાન, કેટલાંક સુણાવું હું કાન;
પાર ઉચ્ચારતાં નવ આવે, જુગના જુગ જો વહી જાવે. ૪૦
કથા ચાલતી તે હવે કહું, સુણો ભૂપ ધરી ભાવ બહુ;
ગામ પિપળિયાના સુતાર, હતા આવ્યા સમૈયા મોઝાર. ૪૧



૧.શિવકાંચી-વિષ્ણુકાંચી, (હાલ કાંજીવરમ્) ૨.મહેલ

એક વીરો તથા બીજો વેલો, જેણે પ્રભુપદ પ્રેમ ધરેલો;
તેણે વિનતિ કરી તેહ ઠામ, પ્રભુ ચાલો પિંપળીયે ગામ. ૪૨
કહે કૃષ્ણ જજો આજ તમે, કાલે આવશું ત્યાં સહું અમે;
પછી પાત્ર રસોઇનાં લઇ, ગયા સુતાર હર્ષિત થઇ. ૪૩
સંત પાર્ષદ લૈ સંતસ્વામી, બીજે દિવસ ગયા બહુનામી;
હરિમંદિર છે જહાં આજ, ઉતર્યા તહાં જૈ મહારાજ. ૪૪
કર્યું ભોજન ત્યાં ભગવંત, જમ્યા ત્યાં સહુ પાર્ષદ સંત;
પછી સાંજ સમો થયો જ્યારે, ગયા ગામથી દક્ષિણે ત્યારે. ૪૫
મઢીના લિંબડા તે છે જ્યાંય, શામ બેઠા સભા સજી ત્યાંય;
પુંજો ખાચર આવિયા પાસ, બેઠા વંદિને પદ અવિનાશ. ૪૬
આવ્યા હળવદના વિપ્ર આઠ, જોયો ચરણમાં ચિહ્ન ઠાઠ;
તે તો શાસ્ત્ર સામુહિક જાણે, તેથી જાણ્યા પ્રભુ તે જ ટાણે. ૪૭
અવિનાશીના આશ્રિત થયા, પછી ગામ પોતાને ગયા;
એક રાત રહી એહ ગામ, ગયા સારંગપુર ઘનશામ. ૪૮
જીવાખાચરને દરબાર, રહ્યા જૈને જગત કરતાર;
કથા વારતા ત્યાં નિત્ય થાય, સંત હરિજન કીર્તન ગાય. ૪૯
વળી ત્યાં પ્રભુજી પ્રતિદિન, કરે લીળા નવીન નવીન;
ક્યારે ઐશ્વર્ય એવું દેખાડે, દીઠું સાંભળ્યું નહીં કોઇ દહાડે. ૫૦
ક્યારે મનુજચરિત્ર જણાય, દેખી બ્રહ્માદિને મોહ થાય;
દરબારનું જે તેહ સ્થાન, ભાસે અક્ષરધામ સમાન. ૫૧
પુરુષોત્તમ પ્રગટ બિરાજે, ભાસે અક્ષર સંત સમાજે;
ક્યારે દેવતા દર્શને આવે, પ્રભુને સારાં પુષ્પે વધાવે. ૫૨





પડે પુષ્પ તે તો સહુ પેખે, પણ દેવોને કોઇક દેખે;
ઉડે અબિર ગુલાલ કો ટાણે, ક્યાંથી આવ્યો તે કોઇ ન જાણે. ૫૩
ક્યારે કોઇને થાય સમાધિ, જાય ધામમાં છોડી ઉપાધિ;
જ્યારે જાગે ત્યારે સાક્ષાત, કરે અક્ષરધામની વાત. ૫૪
ક્યારે કોઇના મન તણી વાત, કહે અંતરજામી અઘાત;
કહે કોઇને ધર્મકુમાર, સાધુ થાઓ તજી ઘરબાર. ૫૫
તો તે તરત કરે ઘર ત્યાગ, જોતાં અચરજ લાગે અથાગ;
કાઠી જે હતા માંસ આહારી, કર્યા વિપ્ર જેવા સદાચારી. ૫૬
એવું ઈશ્વર વગર ન થાય, સમજુને તરત સમજાય;
વધ્યો સત્સંગ એમ અપાર, જપે નામ પ્રગટ નરનાર. ૫૭
જપે નામ મુસલમાન જાત, શૈવ વૈષ્ણવની તો શી વાત;
થયા શ્રાવક બહુ સતસંગી, પ્રભુ ભક્તિ કરે નવ અંગી. ૫૮
કરીને એમ જયજયકાર, થયા ત્યાંથી જવાને તૈયાર;
સંતમંડળને લઇ સાથ, ગયા કુંડળ શ્રીકૃપાનાથ. ૫૯

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

પ્રભુ જગપતિ કુંડળે પધાર્યા, જનમનમાં અતિ હર્ષને વધાર્યા;
બહુ દિન વસી ત્યાં ચરિત્ર કીધાં, નિજજનને સુખ વાંછિતાર્થ દીધાં. ૬૦

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકુંડળપ્રતિ-વિચરણનામા સપ્તવિંશો વિશ્રામઃ ॥૨૭॥***

**ચોપાઈ :**

મોકા પટગરને દરબાર, ઉતર્યા જઇ અખિલઆધાર;

લીલા કુંડલમાં કરી બહુ, સુણો કાંઇક સંક્ષેપે કહું. ૧
પત્ની પટગરની રાઈબાઇ, તે તો જાણિયે જનકની જોઇ[૧];
જોતાં તે મહા પ્રેમનિધાન, મટે ગોપીયોનું અભિમાન. ૨
તેણે વિપ્ર વિવેકી તેડાવી, શ્રીજી અર્થે રસોઇ કરાવી;
શાક પાક તથા પકવાન, કરાવ્યા સુર જમણ સમાન. ૩
લાડુ કરવા માંડ્યા સંત કાજ, ત્યારે બોલિયા શ્રીમહારાજ;
લાડુ નહિ જમે સંત અમારા, તે તો બગડશે સર્વ તમારા. ૪
રસકસ જમતા નથી સંત, એવાં નિયમ ધર્યા છે અત્યંત;
જૈને મધુકરી લાવે છે માંગી, ગોળા વાળી જમે છે તે ત્યાગી. ૫
કહે બાઈ સુણો મહારાજ, સંત જો ન જમે લાડુ આજ;
મારા ઘરમાં છે જેટલા જન, આજ કોઇ જમે નહિ અન્ન. ૬
એવો આગ્રહ બાઇનો જોઇ, આપી આજ્ઞા કરાવી રસોઇ;
પછી સંતોને પણ કહ્યું એવું, એક પાત્રમાં ભોજન લેવું. ૭
શાક દાળ લાડુ હોય ખીર, તેમાં મેળવવું પછી નીર;
એમ સ્વાદ વગર કરી જમવું, તમારે હોય અમને જો ગમવું. ૮
જમ્યા એવી રીતે સહુ સંત, ભાળી રાજી થયા ભગવંત;
જમ્યા પ્રથમ તો શ્રીપરમેશ, પકવાન્ન વિચિત્ર વિશેષ. ૯
મોકો પટગર પામ્યા પ્રસાદી, જેહ ઇચ્છે છે અજ ભવ આદી;
બીજી લીળા કહું છું કુંડળની, એ તો છે અવિનાશી અકળની. ૧૦
એક અવસરમાં રાઇબાઇ, કહે શામને હે સુખદાઇ !
તન દુર્બળ દિસે તમારું, માટે માનો પ્રભુ કહ્યું મારું. ૧૧
વસો આંહી ઘણા દિન વાસ, જમો સારું ભોજન અવિનાશ;



૧.પુત્રી(સીતા)



તેથી પુષ્ટ શરીર તો થાશે, બધી નિર્બળતા મટી જાશે. ૧૨
કર્યો આગ્રહ બહુ એહ સ્થાન, ભક્તઆધીન છે ભગવાન;
ઘણા દિવસ વશ્યા તહાં વાસ, ગુરુભાવે રાઇબાઇ પાસ. ૧૩
કઢેલાં દૂધ સાકર નિત્ય, પાય રાઇબાઇ કરી પ્રીત;
ચોખી તર દૂધ ને દહીં કેરી, પ્રભુજીને જમાડે ઘણેરી. ૧૪
નદી ત્યાં છે ઉતાવળી નામ, ધરો પીપળિયો તેહ ઠામ;
નદીનો વધ્યો મહિમા અપાર, નિત્ય નાય ત્યાં ધર્મકુમાર. ૧૫
એક દિન સખાજન લઇ સાથ, નાવા નદીયે ગયા મુનિનાથ;
પટગર અમરો મોકો નામ, તથા મામૈયો માંતરો રામ. ૧૬
નાજો દેહો ને ખાચર સૂરો, સોમલો અલૈયો બળ પૂરો;
ભક્ત માંતરો ધાધલ જેવો, તથા રાઠોડ ધાધલ તેવો. ૧૭
જીવોખાચર સારંગપુરના, સખા ઈત્યાદિ હરિના હજુરના;
લીધા પાર્ષદ પણ બહુ પાસ, ચડ્યા ઘોડીયે શ્રીઅવિનાશ. ૧૮
ભલા કાઠિયો પણ અસવાર, વાજાં આગળ વાજે અપાર;
તેહ ગામથી પશ્ચિમ પાસે, નદી માંહી ઉંડો હ્રદ ભાસે. ૧૯
ટીબલાનો ગણાય છે આરો, નાવા લાયક સૌ કહે સારો;
કર્યું સ્નાન તો ત્યાં જઇ નાથે, જળકેળી કરી સખા સાથે. ૨૦
કરી મજ્જન હરખિયા ઉરમાં, પેઠા વાજતે ગાજતે પુરમાં;
મોકા પટગરને દરબાર, ઓશરી છે ઉગમણે દુવાર. ૨૧
સભા ત્યાં સજતા ઘનશામ, સંત સત્સંગી સહિત તમામ;
દીધાં આ અવસર સુખ જેવાં, કોઇ અવતારમાં નહિ એવાં. ૨૨
વળી અન્ય લીળા કહું એક, સુણો રાખી વિશેષ વિવેક;

સખાભાવે ખેલે ઘનશામ, પૂરે ભક્તના હૈયાની હામ. ૨૩
અલૈયો ભક્ત અતિ બળવાન, ધરે અંતરમાં અભિમાન;
ધાર્યું તેણે જે હું મુજ અંગે, કરું કુસ્તી શ્રીકૃષ્ણની સંગે. ૨૪
શિર નામી કહ્યું અહો સ્વામી !, બલવંત છોજી બહુનામી;
કૃષ્ણઅવતારમાં તમે નાથ, જીત્યા મોટા મોટા મલ્લ સાથ. ૨૫
મુજ કરમાંથી કાંડુ છોડાવો, ત્યારે બળવંત નામ ધરાવો;
એવો સાંભળી એવો ઉચ્ચાર, બોલ્યા ભક્તઈચ્છા પુરનાર. ૨૬
આ લ્યો ઝાલો આ કાંડું અમારું, જોઉં કેવું છે જોર તમારું;
અલૈયે ધરી ઉર અભિમાન, કાડું પકડ્યું તે સિંહસમાન. ૨૭
જેમ બાળકના કરમાંથી, છોડાવે તેમ છોડાવ્યું ત્યાંથી;
અલૈયાને શરમ કાંઇ આવી, ધૂળ હાથેળી માંહી લગાવી. ૨૮
કાંડું પકડ્યું વળી બીજી વાર, તર્ત છોડાવિયું તેહ ઠાર;
ત્રીજી વાર કર્યું વળી તેમ, અભિમાની તજે માન કેમ ? ૨૯
કાડું છોડાવીને ફેંક્યો દૂર, પડ્યો તે જેમ આંકનું[1]તૂર;
ઉઠીને પ્રભુને લાગ્યો પાય, તમે સમરથ ત્રિભુવનરાય. ૩૦
આખી સૃષ્ટિ તમે સજનાર, પ્રભુશક્તિ તમારી અપાર;
જગમાં તમને કોણ જીતે, વઢતાં જો ઘણા દિન વીતે. ૩૧
મારી ઈચ્છા તમે કરી પૂરી, એમાં અલ્પે રહી ન અધૂરી;
આપ આવ્યા છો અક્ષરમાંથી, સ્પર્શ પદરજનો પણ ક્યાંથી. ૩૨
તેની સાથે લડ્યો કરી દાવ, મેં તો લીધો અલૌકિક લાવ;
મોટાં માનું છું ભાગ્ય હે નાથ ! સખાભાવ થયો તમ સાથ. ૩૩
કહે શ્રીજી તમે ધન્ય ધન્ય, તમે ભક્ત અમારા અનન્ય;



૧.આંકડાના ડોડામાંથી નિકળતા હલકા રેશમી જેવા તંતુઓ



એમ કહીને મુક્યા માથે હાથ, ચાંપ્યા ચરણકમળ છાતી સાથ. ૩૪
એમ કુંડળમાં કૃપાનાથ, નવી લીલા કરે સખા સાથ;
નાવા જોગ નદીના જે આરા, નાયા ત્યાં જઇ ધર્મદુલારા. ૩૫
ભલી બીજી લીળા કહું ભાઇ, શ્રોતા વક્તાને છે સુખદાઇ;
મામૈયા તણા દરબાર પાસે, ચોરો માળેલો સુંદર ભાસે. ૩૬
ઉત્તરાભિમુખે એ તો ધારો, એની આગળ લીંબડો સારો;
તેને ફરતો ચુનાબંધ ઓટો, પદસ્પર્શથી મહિમા છે મોટો. ૩૭
શિવલિંગ પડ્યું હતું ત્યાંય, ધાર્યું શ્રીહરિયે મનમાંય;
જેમ રામે સ્થાપ્યા રામનાથ, તેમ થાપું આ શિવ મુજ હાથ. ૩૮
એ જ ઓટા ઉપર જળાધારી[1], કરાવી પ્રભુએ કાંઇ સારી;
શુભ દિવસે તે શિવ પધરાવ્યા, કુંડળેશ્વર નામે ઠરાવ્યા. ૩૯
ગામના લોકને કહ્યું એમ, આના ઉપર રાખજો પ્રેમ;
વળી કહું એક દિવસની વાત, તમે ભાવ ધરી સુણો ભ્રાત. ૪૦
મામૈયાને લઇ નિજ સાથ, નદિયે ગયા નટવર નાથ;
ગામ રોઝીદનો પથ જ્યાં છે, તેથી પૂર્વે ઉંડો હ્રદ ત્યાં છે. ૪૧
ઉંચી ભેખડ છે એહ ઠામ, ચડ્યા તે પર મિત્ર ને શામ;
બેયે નાવાનાં વસ્ત્ર તો ધરિયાં, વાલે ત્યાં મુખવચન ઉચ્ચરિયાં. ૪૨
જાણ્યું ભક્તની પ્રીતિ છે કેવી, આજ એની પરીક્ષા તો લેવી;
કહ્યું આંહીથી કુદિ પડાય, તેમ તમથી ન થાય કે થાય. ૪૩
કહે મામૈયો જે મતિધીર, અતિ ઉંડું છે આ સ્થળે નીર;
પડે તેના નકી પ્રાણ જાય, માટે મુજથી પડી ન શકાય. ૪૪
કહે શ્રીહરિ હું તો પડીશ, જશે તન તો સ્વધામે જઇશ;



૧.શીવલીંગમાં બેસાડેલ થાળું

નથી આત્મા કદી મરનારો, એ છે અજર અમર ઠરનારો. ૪૫
મામૈયો કહે હે મહારાજ! એવું કરશો નહિ તમે કાજ;
તમે છો સર્વ વાત સુજાણ, સતસંગીના જીવનપ્રાણ. ૪૬
તમે જળ અમે મીન સમાન, જુદા પડિયે તો જીવનું જ્યાન;
કહ્યું એવી રીતે ઘણી વાર, ચાલી નેણથી નીરની ધાર. ૪૭
એવી લીળા જોવા તતખેવ, આવ્યા આકાશમાં ચડી દેવ;
દેવતા દિલમાં એમ ધારે, તન તજશે જો કૃષ્ણ અત્યારે. ૪૮
કામ કરવાનું રહેશે અધુરું, હજી કીધું નથી કામ પુરું;
નથી મોટાં મંદિર હજી કીધાં, નથી આચાર્યનાં પદ દીધાં. ૪૯
એવી ચિંતા કરે ચિત્તમાંય, પછી શું થયું તે કહું ત્યાંય;
પડવા ગયા જ્યાં મુનિનાથ, ભીડી મામૈયે બળ કરી બાથ. ૫૦
પડે જોર કરીને જો નાથ, પડે મામૈયો પણ તેહ સાથ;
પ્રભુ અર્થે કર્યા નિજપ્રાણ, એવો પ્રેમ દીઠો રામબાણ[૧]. ૫૧
રીઝ્યા તે જોઇને જગરાય, ત્યારે બોલ્યા વચન સુખદાય;
ધન્ય ધન્ય છે પ્રેમ તમારો, રાખ્યો પકડીને દેહ અમારો. ૫૨
મને પકડી રાખ્યો જેવી રીતે, અંતે તમને હું પકડીશ પ્રીતે;
ધામ અક્ષરમાં લઇ જૈશ, વાસ મારા સમીપમાં દૈશ. ૫૩
આ તો પ્રેમપરીક્ષા મેં કીધી, પુરી પ્રીતિ છે તે જાણી લીધી;
કહે મામૈયો કરીને પ્રણામ, કરશો ન પરીક્ષા જ આમ. ૫૪
એવું દેખી દીલે હર્ષ લાવી, દુંદુભી દેવતાએ બજાવી;
પુષ્પવૃષ્ટિ કરી તેહ ઠામ, સ્તુતિ કરીને ગયા નિજધામ. ૫૫
મામૈયો ને તથા મહારાજ, કિનારે ગયા મજ્જન કાજ;



૧.નિષ્ફળ ન જાય તેવો, અતૂટ



કર્યું મજ્જન જઇને ઉમંગે, કોરાં વસ્ત્ર ધર્યાં પછી અંગે. ૫૬
ઘણા હરખથી આવિયા ઘેર, પ્રભુ લીલા કરે એવી પેર;
કેટલીક કહું એહ ઠાર, શેષ શારદા પામે ન પાર. ૫૭

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

નિજજન સુખદેણ દેહ ધાર્યો, નિજજનમાં દૃઢ મર્મ તે વિચાર્યો;
જનમન તણી વાંછના જ જેવી, ધરી હરિયે રમણીય રીત તેવી. ૫૮

***ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકુંડળગ્રામે તીર્થે દિવ્યચરિત્રકરણનામા અષ્ટાવિંશતિતમો વિશ્રામઃ ॥૨૮॥***

**પૂર્વછાયો :**

જ્યારે હતા કુંડળ વિષે, અખિલેશ્વર અમર આરાધ્ય;
અમરા પટગરને થયો, કાંઇ શરીર રોગ અસાધ્ય. ૧

**ચોપાઈ :**

અમરા પટગરને નિવાસ, તેને જોવા ગયા અવિનાશ;
ભક્ત સુતા હતા જેહ ઠામે, સુખ શાતા પૂછી ઘનશામે. ૨
પછી ઓસરી માંહી પધારી, શ્રીજી બેઠા સભા સજી સારી;
એવામાં રામ પટગર આવ્યા, ચાલ્યા બળદોને પાણી તે પાવા. ૩
વસ્ત્ર બાંધેલાં બળદને મુખે, જોઇ શામે પૂછ્યું તેને સુખે;
કેમ બાંધ્યા બળદમુખ આમ, ત્યારે બોલ્યા તે પટગર રામ. ૪
વસ્ત્ર બળદને મોઢે બંધાય, તેથી પાણી ગળીને પીવાય;
બોલ્યા શ્રીજી તે સમજીને મર્મ, પશુ પક્ષીનો તે નહિ ધર્મ. ૫
જુદા માણસના ધર્મ જાણો, પશુ પક્ષીના જુદા પ્રમાણો;

માટે છોડી નાંખો પટ મુખથી, એને પાણી પીવા દેજો સુખથી. ૬
કહે પટગર અણગળ પીશે, તેનું કલ્યાણ શી રીતે દિસે ?
સુણી બોલિયા સંતના મિત્ર, દરબાર તમારો પવિત્ર. ૭
તેમાં જે પ્રાણી ત્યાગશે દેહ, તર્ત કલ્યાણ પામશે તેહ;
વરદાન એવું સુણી રામ, પટ છોડીને કીધા પ્રણામ. ૮
બ્રહ્મચારીયે ત્યાં કર્યો થાળ, જમ્યા જુક્તિથી જન પ્રતિપાળ;
જમ્યા પાર્ષદ ને જમ્યા સંત, પીરસ્યું પ્રીતથી ભગવંત. ૯
પછી આપે ગયા અવિનાશ, અમરા પટગર તણી પાસ;
પૂછી તેહને વાત વિચારી, કહો કેવી ઇચ્છા છે તમારી. ૧૦
જવું ધામે કે આંહી રહેવું, રુચે છે તમને કહો કેવું;
ભાખે ત્યાં મુખે અમરોભાઇ, દેહ ભૌતિક છે દુઃખદાઇ. ૧૧
માટે તે તો કૃપાથી તજાવો, મને આપ સમીપ રખાવો;
વસે જ્યાં મહામુક્ત તમારા, સદાકાળ સેવા સજનારા. ૧૨
મને તેમાં વસાવો સદાય, નિત્ય દર્શન આપનાં થાય;
એવું સાંભળીને દયા લાવી, તેની ભૌતિક કાયા તજાવી. ૧૩
દિવ્યદેહે રાખ્યા નિજ પાસ, એના અંતરની પુરી આશ;
પછી ચાલિયા પૂરણકામ, ગયા સારંગપુર ઘનશામ. ૧૪
જીવાખાચરને દરબાર, ઉતર્યા જઇ પ્રાણ આધાર;
સારી રીતથી સન્માન કીધું, ભલા ભાવથી ભોજન કીધું. ૧૫
ઓશરી માંહી ઢાળ્યો પલંગ, બેઠા તે પર રાખી ઉમંગ;
ભરવાડણિયો દશ બાર, આવી દર્શન કરવા તે વાર. ૧૬
ધર્યાં ભૂષણ રૂપાનાં અંગે, વસ્ત્ર ઊનનાં શામળ રંગે;





કરી પ્રેમે પ્રભુને પ્રણામ, બેઠી બાઇયો સૌ તેહ ઠામ. ૧૭
વાલે વાત વિચારી ત્યાં એવી, હશે આ સૌની સમજણ કેવી ?
નથી તે કોઇ શાસ્ત્ર ભણેલી, નથી સંતની વાતો સુણેલી. ૧૮
મારો મહિમા શું જાણતી હશે ? પરીક્ષા એની શી રીતે થશે ?
પછી બોલિયા ત્યાં નરભ્રાત, સર્વ સાંભળો બાઇયો બાત. ૧૯
યજ્ઞ કરવો છે એક અમારે, તેમાં નાણાંનો ખપ છે વધારે;
ઘરાણાં તમે સર્વ ઉતારો, આપો અમને ધરમ કાજ ધારો. ૨૦
એવું સાંભળીને સહુ નારી, રહી અંતર માંહી વિચારી;
હાજા ભક્તની ભારજા જેહ, અતિશે પામી ઉત્સાહ એહ. ૨૧
સાંકળી કોટમાંથી ઉતારી, સ્નેહે શ્રીજીની આગળ ધારી;
પગમાં હતી કાંબિયો[1] જેહ, કાઢી મુકી પ્રભુ કને તેહ. ૨૨
કાઢી નાકની વીંટિ તે કાળ, કાનના વેઢલા અને ઝાલે[2];
કાઢ્યો હારડો રૂપાનો હતો, નાકાં ચોડિ રૂપૈયાનો થતો[3]. ૨૩
પ્રભુપાસ મૂકી પગે લાગી, માની પોતાને બહુ બડભાગી;
કહે શ્રીજી આ અર્પો છો અમને, તમારો પતિ ખીજશે તમને. ૨૪
કહે બાઇ તે ચિંતા મ ધારો, મારો સ્વામી છે ભક્ત તમારો;
જ્યારે સાંભળશે તેહ વાત, અતિશે જ થશે રળિયાત. ૨૫
એવું સાંભળી શ્રીજી વિચારે, આની સમજણ છે કેવી ભારે !
મોક્ષપદથી અધિક કાંઇ હોય, આપું તે આને બક્ષિસ તોય. ૨૬
પછી બાઇયો સૌ પગે લાગી, ઘેર ગૈ હરિની રજા માંગી;
હાજે ભક્તે તે સાંભળી વાત, વધ્યો ઉરમાં આનંદ અઘાત. ૨૭
ગયા તે પ્રભુ આગળ જ્યારે, તેને શ્રીહરિયે કહ્યું ત્યારે;



૧.પગમાં પહેરવાની રૂપાની બેડી(ઘરેણું) ૨.કાનનું લટકણીયું ૩.બનાવેલો

ભક્ત લ્યો આ ઘરાણાં તમારાં, નથી કાંઇ તે ખપના અમારાં. ૨૮
હાજો ભક્ત કહે હરિરાય, આપ્યાં તે પાછાં કેમ લેવાય ?
થયાં તે તો ઘરાણાં તમારાં, ધન્ય ભાગ્ય ગણાય અમારાં. ૨૯
કહે કૃષ્ણ પ્રસાદી કરીને, આપું તે લેવી હરખ ધરીને;
અતિ એમ આગ્રહ કરી દીધાં, ત્યારે જાણી પ્રસાદી તે લીધાં. ૩૦
સભા માંહી બેઠા હતા શામ, આવ્યો સુરતી સંઘ તે ઠામ;
તેણે પૂજા પ્રભુજીની કીધી, પછી ભેટ ભલી ભલી દીધી. ૩૧
કીનખાબ તણો સુરવાળ, ધરાવી વળી ડગલી વિશાળ;
સારું મંડીલ માથે બંધાવ્યું, હેમ મુગટથી અધિક શોભાવ્યું. ૩૨
પછી આરતી કપૂર ઉતારી, સ્તુતિ પણ પ્રભુજીની ઉચ્ચારી;
પછી સંતોને પૂજીયા પ્રીતે, વસ્ત્ર ઓઢાડિયાં રુડી રીતે. ૩૩
એવામાં આવ્યાં ગંગામાં ત્યાંય, રહેતાં જે જેતલપુર માંય;
પાણકોરું કર્યું ભેટ આવી, લાંબું આઠ જ હાથનું લાવી. ૩૪
હરિયે ઘણા હેતથી લીધું, માથે મંડીલ પર વિંટી દીધું;
બોલ્યો જન જે પાસે રહેનારો, પાણકોરું પ્રભુજી ઉતારો. ૩૫
ઉચર્યા પછી શ્રીહરિ એમ, પાણકોરું ઉતારાય કેમ ?
સમજો છો તમે તેને સોંઘું, એ મંડીલથી બહુ મોંઘું. ૩૬
ગંગામા હરિજન નથી છાનાં, રામાનંદ સ્વામીનાં સમાનાં;
તેણે પ્રેમ કરી મુજ માટે, કાંત્યું સૂત્ર ઝીણું નિજહાથે. ૩૭
તેનું આ પાણકોરું કરાવ્યું, પૂરા પ્રેમથી મુજને ધરાવ્યું;
તેના પ્રેમનું મૂલ અપાર, કોણ માત્ર હિરા તણા હાર. ૩૮
એમ કહી હરિ નાવાને કાજ, ચાલ્યા લૈ સાથે સંતસમાજ;





થયા માણકીયે અસવાર, વાજાં વાજે ત્યાં વિવિધ પ્રકાર. ૩૯
ગામ બહાર ધોળો કુવો નામ, નાવા ત્યાં ગયા સુંદરશામ;
મહિમા તે કૂવાનો છે મોટો, ત્યાં તો હમણાં કરાવ્યો છે ઓટો. ૪૦
હતા પિંપળા બે તેહ ટાણે, પ્રભુ ઉતર્યા એહ ઠેકાણે;
ધાર્યું નાવાનું અંચળ અંગે, ચડ્યા પીપળે નિજસખા સંગે. ૪૧
કૂવામાં બહુ ધૂબકા માર્યા, સંતે જય જય શબ્દ ઉચ્ચાર્યા;
જળકેળી કરી ઘણીવાર, પછી વસ્ત્ર ધર્યા આવી બહાર. ૪૨
પેઠા વાજતે ગાજતે પુરમાં, ધારે હરિજન એ છબી ઉરમાં;
રહી સારંગપુરમાં શ્રીહરિ, એવી અદ્ભુત લીળાઓ કરી. ૪૩
પછી ત્યાંથી ચાલ્યા જગતાત, રહ્યા બોટાદમાં જઇ રાત;
પછી ગઢપુર શામ સિધાવ્યા, ત્યાંના હરિજનને હરખાવ્યા. ૪૪
સ્થિતિ આપે કરી એહ સ્થાને, ભાગવત સાંભળ્યું ભગવાને;
અન્નકોટ તણો દિન આવ્યો, કોડે ઉત્સવ સારો કરાવ્યો. ૪૫
એમ કરતાં પ્રબોધિની આવી, હરિભક્તતણે મન ભાવી;
સમૈયો થયો તે અતિ સારો, મળ્યા હરિજન સંત હજારો. ૪૬
ગઇ કાર્તિકી પૂનમ જ્યારે, ગયા સંઘ સ્વદેશમાં ત્યારે;
આસો પૂનમથી એક માસ, વશ્યા શ્રીહરિ ગઢપુર વાસ. ૪૭
ચોમાસાના નિયમોનો જેહ, છેલ્લો માસ ગણાય છે તેહ;
ભલા જેથી રીઝે ભગવંત, કામ જપ તપનું સાધે સંત. ૪૮
એક દિન નૃપ અભય વિચારી, મુક્તાનંદજી પાસે પધારી;
પૂછ્યો પ્રશ્ન કહો મુનિરાય, કેમ પૂર્વના ક્ષય પાપ થાય ? ૪૯

**ઉત્તર : ચોકીપ્રબંધ : ઇન્દ્રવજાવૃત્ત :**


જે આપ પાપી પથમાં જ લાજે, જે લાજ માને નહિ આ સમાજે;
જે માસ આમાં ઘનશામ કાજે, જે કામ સાથે ક્ષય પાપ આજે. ૫૦

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

અભય નૃપતિ મુક્ત છે જ આપ, નથી લવ પૂર્વભવો તણાં જ પાપ;
પણ પરઉપકાર અર્થ જાણી, કરી શુભ પ્રશ્ન સુણી મુનિની વાણી. ૫૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે ષષ્ઠકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિદુર્ગપુરે પ્રબોધિનીઉત્સવકરણનામા એકોનત્રિંશો વિશ્રામઃ ॥૨૯॥*

**ઈતિ શ્રીહરિલીલામૃતે દુર્ગપુરાખ્ય : ષષ્ઠકલશ : સમાપ્ત : ॥**


શ્રી સ્વામિનારાયણ ભગવાને કુંડળમાં સ્વહસ્તે પધરાવેલ શ્રી કુંડલેશ્વર મહાદેવ